
કર્મ લેખ

(મહોરમ કથા)



: પ્રકાશક :

ધી આઠીયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમીટી

ઈ. ૭૫૪-પીરાણા


તરફથી

કાકાશ્રી ગોરધનભાઈ નગીનદાસ

સતપંથધામ - પીરાણા

કર્મ લેખ

(મહોરમ કથા)



: પ્રકાશક :

ધી આઠીયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમીટી

ઈ. ૭૫૪-પીરાણા

તરફથી

કાકાશ્રી ગોરધનભાઈ નગીનદાસ

સતપંથધામ - પીરાણા

આ ધર્મ પુસ્તક ખૂબજ જુની પ્રત થઈગયેલ જેથી પરમાત્માની કૃપાથી તેને નવુ સ્વરૂપ આપી ભક્ત સમુદાય ને અર્પણ કરતા મને આનંદ થાય છે આ કર્મલેખનો સારી રીતે વાંચન-શ્રવણ અને મનન કરી સદ્‌ઉપયોગ થાય તેવી અંતર શુભેચ્છા સાથે.......

આપનો,

કાકાશ્રી ગોરધનભાઈ નગીનદાસ

શ્રી અંદર આવતા શબ્દોના ગુજરાતી અર્થ

વસીલો : મોટા સાથેનો સંબંધ, તેમની લાગવગ કે મદદ

સરિયત / સરેહ : કુરાનનું અનુસાસન

સીરતાજ : માથાનો મુગટ, વડીલ

અનસારી : મદદગાર (અરબી શબ્દ છે)

શુક્ર : આભાર, પાડ

શરા : મુસાફરખાનું, ધર્મશાળા

સાથવો : શેકેલા ચણા, અનાજ, લોટ વગેરે સાથે લઈ ખાવું તે.

સૂરા : કુરાનનો અધ્યાય

શુભાન અલ્લા : ભલા-ભગવાન જેવો એક ઈશ્વર્યનો ઉદ્ગાર (અરબીમાં શુબહાન અલ્લાહ)

હદીશ : પયગંબર સાહેબના પ્રસંગોપાત કહેલાં વચનો કે ફરમાનોનો સંગ્રહ, મુસલમાનોનો સ્મૃતી ગ્રંથ.

હરફ : શબ્દ

હાફીજ : આખુ કુરાન જેને મોંઢે હોય તેવો માણસ

હુસેન : ક્રાંતિ, સુરત, તેજ ખુબસુરતી

આખુનજી : ઉસ્તાદ, ગુરૂ, અરબીભાષાનો શિક્ષક

કુતુબ : ધ્રુવતારો

નાંના : માનોબાપ

દુલ્હા : વરરાજા

નવાસા : છોકરીના છોકરા

અનાર : દાડમ

કસબોઈ : ખસબોઈ સુગંધી દાર વસ્તુઓ

સુતર : ઊંટ

રસીયાં : દોરીયો

નેજો : ભાલો

હુરમત : મુરજાદા અદબ

ઝેબ : ખીસું ગજવું

સુરેઆશન અને સુરેતાજ : હજરત નબીસાહેબની બેઝુલ્ફાનાં નામ છે.

ઇરાખ : ઇરાક, અરબસ્તાનમાંનો પ્રદેશ

ઉંમત : જમાત, ધરમી

સોદાગર : વેપારી

રબ : ખુદા

જીન્નત : સ્વર્ગ

ભીસ્ત : બહિસ્ત ઉપરથી ભીસ્ત થયું છે ફારસી શબ્દ છે.

જહન્નમ : નર્ક, દોજગ, આઠ છે.

સરા : પોળ, ફળીયું, મહોલ્લો

વજુ : હાથપગ મોં ધોવું તે

સુભાં : સવાર

દુલદુલ : અલીશાહના ઘોડાનું નામ

દામાદ : જમાઈ

બુરાખ : નબીસાહેબના ઘોડાનું નામ

મધ	: ગર્વ, અહંકાર
પલીત	: ખરાબ
મુશ્ક	: કસ્તુરા
બરસ	: કપુર
શેખ	: સરદાર, ધર્મનો આગેવાન, ટોળાનો સરદાર
ખૈબર	: અરબસ્થાનમાં આવેલો એક કિલ્લો હતો, તે યહુદીઓને તાબે હતો વાંચો ખૈબરની લઢાઇનું શાસ્ત્ર, જેના કમાડે ૬૦ મણ લોઢું જડેલું હતું તેની હ. અલીશાહે ઢાલ કરી લશ્કર કિલ્લામાં લીધું હતું.
ખદ	: શરીર
હમજા	: હ.નબીના કાકા મોટા પહેલવાન, અરાઇલનો અવતાર
લબ	: હોઠ
બાંદી	: દાસી
અખત	: નીકાહ
ગઢ	: કિલ્લો
લબ	: ટેવ
ખ્વાબ	: સ્વપ્નુ
સેર	: વાઘ, સિંહ પ્રથમ નૃસિંહ અવતાર, બીજા શ્રી ફરસુરામ ત્રીજા હ. અલીશાહ ચોથા મહંમદહનીફા એમ રૂપ લીધાં
ખીતાબ	: ઇલ્કાબ
ઇસુફ	: સૂર્ય, આફતાબ
હજરત	: માનવાચક શબ્દ
નકીબ	: છડીદાર
તોફ	: ભેટ
મીસર	: ઇજીપ્ત
કંગાઇ	: માથુ ઓળવાની કાંસકી
દિદાર	: દર્શન
સોમ	: ઇરાકના એક ભાગને કહે છે તેનું મુખ્ય શહેર, દમાસ્કસ
મુરવત	: શરમ
દવાત	: કલમ
કરજ	: દેવું
યમન	: ઇરાકમાં શહેર છે
તગદીર	: નસીબ, કર્મ
તદબીર	: ઉપાય
ઉદીયાતળ	: સૂર્ય
હબસી	: આફ્રીકામાં હબસ મુલક છે તેના રહેનાર કાયા હબસી કહેવાય છે.
અતીમ	: ગરીબ
મીજલસ	: સભા
ખત	: કાગળ
ગોસ્ટી	: વાત
મુલાએક	: જેનું મુલ્યના થાય તેવા
ગુમદાર	: ઓછું લાવનાર
કબીલો	: હરમા સ્ત્રી
દાવન	: પહેરણ
અસ્તીના	: નવાઇની ચીજ

મુશ્ક-મુશક : કસ્તુરી

અબદાલી : ધર્મીપુરૂષ જગને ટકાવી રાખનાર ઋષિ

આમીન : આર્શીવચન, તથાસ્તુ

ઈલાહી : ખુદા, ઈશ્વર સબંધી

ઇમાંમ : માળાનોમેર, મુસલમાનોના ધર્મગુરૂ, નમાઝ પઠાવનાર

ખતીબ : ઉપદેશક

ખસમ : પતિ

ખાતર : સેવા, ચાકરી બરદાસ

ખુતબો (કુતબો) : તારીફ, પ્રસંસા જુમાને દિવસે પઠાતો ખાસ સ્તુતિનો પાઠ

હાફેજ : રક્ષણ કરનાર

ખુરસેદ : સુરજ

ખોફ : ગુસ્સો

જેવર : ઘરેણાં, અલંકાર, દાગીના

દવાદારૂ : ઓસડ વેસડ

કાફર : નાસ્તીકપણું

કુમુદ : ધોળું પોપણું, ધોળુકમળ

કુરનિશ : સલામ, જુકીને સલામ કરવી તે

ફરજ : કર્તવ્ય

ફતવો : મુસલમાની ધર્મશાસ્ત્રીનો હુકમ

ફાતુર : બળવો, ઢોંગ, તોફાન, દગો

ફીસાદ : હુલ્લડ, તોફાન, બળવો

બદફેલી : દુરાચારી ખરાબ વર્તન

બરકત : ફાયદો, લાભ, ફતેહ, સિધ્ધિ

બલીદાન : ત્યાગ, કુરબાની

બંદો : સેવક, દાસ

કાકા અરબી : શ્રી બાવાજીનો સેવક સેવા અર્થ થાય છે (ફારસી શબ્દ છે)

શેખ : ટોળાનો આગેવાન, ધર્મનો આગેવાન

બાંગ : નિમાજનો સમય સૂચવવા મૂલ્લાંએ કરેલો પોકાર

બીન : દિકરો, ફારસીમાં વપરાય છે અલીબીન.

બુજરગ : બુજરક, ઘરડો, વૃધ્ધ

બુત : મૂર્તિ, પ્રતિમા

મજલીસ : સભા

મજલ : એક દિવસની મુસાફરી જેટલું અંતર

મજહબ : પંથ

મીર : અમીર

મહેબુબ : વહાલા, પ્રિય

મુફ્તી : મુસલમાનનો પંચાતીયો

મુબારક : આબાદ, ભાગ્યશાળી

મૌલા : ધણી

રહીક : કૃપાળુ

રહીમ : કૃપા, દયા, મહેરબાની

મુસલ્લો (મસરલો) : નીમાજ બંદગી કરવા માટે બેસવાની સાદડી, પાથરણું, ઝાઝમ.

રોમ : ઇટાલીનું મુખ્ય શહેર

લાનત : શરમ, ધિક્કાર

વલી : પીર ઓલીયો

અલયહિસલામ : પેગંબર સાહેબના નામ સાથે વપરાતો માનવાચક શબ્દ

અનામત : થાપણ

ઉંમત : ધર્મમાં માનનારા ધર્મી

અસ્હાબ/અસાબા : પેંગાંબર સાહેબની પાસે બેસનાર મદદગાર

ઈમાંમ : ધર્મનો રસ્તો દેખાડનાર

આખરીત : મરણ પછીની સ્થિતી

આયાત : કુરાનનું એક વાક્ય

ઈમાન : આસ્થા અથવા શ્રધ્ધા

એરાફ : દોજગ અને સ્વર્ગ વચ્ચે આવેલું ઠેકાણું

અંબીયા : ધણાનબી

ઓલીયા : ધણાવલી

કલમ એતવહીત : પહેલોકલમો જેમાં ખુદાની ઐક્યતાને પેગાંબર સાહેબની રીસાલત છે.

પેગાંબર : સંદેશો લાવનાર

કીબલા : પશ્ચિમદિશા

નફલ : વધારાની નમાજ

કઝાલ : કાળીગો

તોબા : ગુનાથી પસ્તાવવું

દરૂદ : પેગંબર સાહેબનાં સ્તુતિનાં વચનો

તલાક : સ્ત્રીને ફારગતી આપવી તે

રજુઆત : તલાક આપેલી સ્ત્રી સાથે ફરી સંબંધ બાંધવો, પુર્નલગ્ન કરવું તે

તકવા : કરવું, પરેહજગારી કરવી

જહન્નમ : નર્ક, દોજગ

જીનંત : સ્વર્ગ

જનંતલામા : જીન્નત, આઠમા સ્વર્ગનું નામ

જકાત : દોલતનો ૧/૪૦ ભાગ ધર્માદા કરવો તે

ખલીફા : પાછળ ગાદીએ બેસનાર

ખીલાફત : ખલીફાપણું

નબી : પેગાંબર

નબુચત : પેગાંબરપણુંની ટીક્કો

રકાત : નમાજનો ભાગ

મીનાફક : જાહેરમાં મુસલીમ ધર્મ અને અંદરથી કાફર

અંગુર : લીલીદ્રાક્ષ

ગાજી : ધર્મયુદ્ધમાં જીતનાર

લકીરા : લીટી

પલીંત : ખરાબ

કિલી : ચાવી

જુનાગઢમાં હજરતપીર અલીશાહાની તોપ છે તેની નોંધ, આ તોપ ઉપર અરબીમાં, ''અલીબીન હમઝા લખેલું છે. આ તોપનું નામ "કડીનાળ" તોપ કહે છે એક કુવામાં અંદર છે. પ્રમાણ માટે જુઓ ''ગુજરાતના તીર્થ સ્થાનો'' નામનું પુસ્તક ગિરીનગર અને ગિરનાર પાન. ૧૯૯ લેખત દુર્ગા શંકર કેવળરામ શાસ્ત્રી, પ્રકટ કરનાર સ.સા.વ.કા. અમદાવાદ છે.

મદીના : અરબીમાં શહેરને મદીના કહે છે મદીનાનું મૂળ નામ "યસરબ" હતું અને હજરત નબી યસરબ પધાર્યા ત્યારથી યસરબનું નામ ''મદીનનુન્નબી'' એટલે નબીનું શહેર પડ્યું. પછી એકલા મદીનાથી ઓળખાયું. પહેલાં ગુજરાતમાં શહેર ને બદલે પટ્ટણ બોલાતું. પછી પાટણ થયું. દા. નુરસદ્ગોર બાવાના શાસનમાં જાબરા પાટણ આવા કેટલાક શહેરના નામ આગળ પાટણ શબ્દ લાગેલ છે.

નમાજ પ્રાર્થના વગેરે માટે એકઠા કરવા માટે હિંદુઓ શંખ, ઈસાઈઓ ખ્રિસ્તીઓ ઘંટ, યહુદીઓ કરના, મુસ્લીમો બાંગ અલ્લાહો અકબર કરી બુમ પાડે છે.

મુસલમાનો મક્કાને પવિત્ર માને છે તે પશ્ચિમ દીશાને નમતા નથી પણ હિંદમાંથી મક્કા પશ્ચિમે છે માટે તેઓ મક્કા તરફ મોઢું રાખે છે.

યહુદીઓ બયતુલમુક્કદસ જેરૂસલેમને પવિત્ર માને છે.

હુબત, લાત, મનાત વગેરે ૩૬૦ મૂર્તિ કાબાનીનાં નામ છે.

નમાજ :

ફજર : સવાર / જોહારે : બપોરે / અસર : ચાર વાગે / મગરેવ : સંધાકાળ / ઈસાક : રાત્રે નવ વાગે / તહજુદ : મધ્યે.

સાદવકાસ નબીસાહેબને મદદ કરનાર

↓

ઉમર

↓	↓
હુરેખાન	**જલ્લાદ**

હ.મહંમદ હનીફા
સાથે ન લડવાનું કહેનાર
ફરી સ્વર્ગ લીધું

મૌલાઅલીનાં નામ	શહેરમાં વપરાતું નામ
૧. હલઆતા	અરબસ્તાનમાં
૨. તહેમીત	જદમે, જેદામાં
૩. બાબલબીલાદ	મક્કામાંઅહદ આસ્માનપર
૪. ઓલીયા	તુર્કમાં, તુર્કસ્તાનમાં
૫. મોહાલીયા	હબસમે
૬. કીશન, કૃષ્ણ	હિંદમાં
૭. હામીઈસા	ફીરંગી, પોર્ટુગીઝ
૮. અબુતુરાબ	ખતનમે
૯. અમીરલ નેહલ	એરાખમેં, ઇરાકમાં
૧૦. હૈદર	ખોરાસાનમાં
૧૧. અબહુલહમીદ	પહેલા આસ્માનમાં સૂર્યમંડળ
૧૨. અબદુસમદ,	બીજા આસ્માનમાં ચંદ્રમંડળ
૧૩. અબદુમજીદ	ત્રીજા આસ્માનમાં તારામંડળ
૧૪. જુલઉલ્લા	ચોથા આસ્માનમાં ઇંદ્રમંડળ
૧૫. જક્રી	પાંચમા આસ્માનમાં ધ્રુવમંડળ
૧૬. અબબુ ઉલા	છઠ્ઠા આસ્માનમાં રૂદ્રમંડળ
૧૭. ઈયાઅલી	
૧૮. ઈરમાઅલા	સાતમાં આસ્માનમાં સ્વર્ગ
૧૯. અલાતાલા	
૨૦. અમીરૂમોમીન	
૨૧. અબુતુરાબ	
૨૨. અબુલહસન	
૨૩. અબુલઅસર	
૨૪. મૌલાઅલી	
૨૫. અસાદ	
૨૬. શેરેખુદા	
૨૭. હજરત શાહ મુરતુજાઅલી	
૨૮. ખુદનાવાધ	
૨૯. બડાબહાદુર	
૩૦. અલી	
૩૧. અલીઅસગર	
૩૨. અલીઅસાદ	
૩૩. અહદ	

હ. અલી સાહેબ તથા ઇમામ હસન કુફામાં ઉઠ્યા હતા.

ખૈબરના કિલાની ટુંક માહિતી : અરબસ્તાનમાં નજદ વાળા ભાગમાં આ કિલ્લો ખૈબરનામનું શહેર હતું. તેની ચારે બાજુ કોટ અને બહાર ચારેબાજુ પાણી વહે તેવી ખાઇ રાખેલી હતી. તેમાં યહુદીઓનો કબ્જો હતો હ.મુસાના કબીલાની બીબી આશા હતી તે માટે નબી સાહેબને લાવવા કહેવડાવ્યું. તેથી તેઓ એકલા લશ્કર લઇ ચઢ્યા પણ ન જીતાતાં પછી મૌલા અલીને યાદ કર્યા એટલે નાદ. અવાજથી બોલાવ્યા. તે ઉપરથી નાદેઅલી નો જાપ થયો. દરવાજાનું કમાડ લાંબુ ગજ-૯૦ પહોળુ ગજ-૩૦ અને સાઇઠમણ લોઢું જડેલુ હતું. આ કમાડને ૪૦ બળદ ખેંચે તો પણ એ ખેંચાય નહિં તેવું હતું તે કમાડ પોતાની ઢાલ કપાવવાથી આ કમાડની ઢાલ કરી હતી, હ.અલીશાહે આ કમાડ ખેંચી કાઢી ખાઇપર મૂકી એકબાજુ પકડી કિલ્લામાં લશ્કર દાખલ કર્યું હતું.

''આઇનમે હરમયન'' નામના પુસ્તક પરથી (૧૫-૨-૪૫ માં નોંધ કરી હતી) મુંબઇથી જેડા બંદર ૨૩૪૮ માઇલ જેડા (જીદા) થી મક્કા ૫૦ માઇલ મક્કાથી મદીના ૩૦૦ માઇલ, જેડામાં ગામ બહાર હ.દાદા હવાનો રોજો છે એક મોટા કબ્રસ્તાનમાં છે. તેને ફરતો કોટ છે હાલ દરવાજા બંધ રહે છે. કબર ૭૦ ગજલાંબી અને ૬ાા ગજ પહોળી છે.

કાબાતુલ્લાનો ઈતિહાસ : કાબાતુલ્લા મક્કાની ઇમારત કેવી રીતે બંધાઇ. પહેલી વખતે ફીરસ્તાઓએ, બીજી વખત હ.આદમે, ત્રીજી વખતે હ.શીશે બંધાવેલ છે. ઝમ ઝમ કુવો - કાબાની ઇમારતથી તેત્રીસ ગજ છાસઠ ફુટ દૂર છે સાડાચાર ગજ પહોળો છે. ઊંડો અગ્નોસીત્તેર ગજ છે.

કાબાનું પહેલું નામ બયતુલ્લાહ હતું, મક્કામાં ઝુબેદાનામની નહેરનું પાણી મળે છે, મક્કામાં જન્નતુલ મોહોલ્લામાં હ. બીબી ખદાજાની કબર છે. હ. નબીનાંમાજી અમીના, દાદા હ. અબ્દુલ મુતલિબ, પરદાદા હ. અબ્દુલ મનાફ, કાકા હ. અબુતાબીબના રોજા છે હાલ એ સર્વેનો નાશ વહાબીપંથી મુસ્લીમોએ કર્યો છે.

મક્કાથી ૫૦ માઇલ છેટે હિજાજમાં ''તાઇફ'' શહેર છે. ઘણું સુંદર શહેર છે. મેવો દરેક જાતનો થાય છે. તાપ ઓછો પડે છે. દશથી બાર હજારની વસ્તી છે મદીનામાં પ્રથમ હ.મુસા ઉંમત સાથે આવી વસ્યા હતા, મદીના શહેરને બાર દરવાજા છે, ફરતો કોટ છે, મદીનામાં ખજુર ઉંચી જાતનું થાય છે. સલેબી (ઊંચીજાત) સુખ્ખર (ઠળીયા વગરની) અજવા (કલ્માવાળી) અંબર (મોંઘી) બરની તીલસ્યા છેલ્લી ૩ જાત સસ્તી મળે છે. હ. નબી સાહેબ ॥ પીતા અબદુલ્લાહની દરગાહ મદીનામાં છે હાલ બંધ કરી છે.

બકડીકદ્રા કબ્રસ્તાનમાં હ.નબી સાહેબની નવધણીયાણીઓની કબર છે તેના નામો ૧. સૈયદતેના આયશા સિદ્દિકાર ૨. સૈ. સુફ્યા બિન્તેહમ. ૩. સૈસ્વદા ૪. સૈ ઝેનબ બિન્તે બઝીમા ૫. સૈ ઝેનબ બિન્તે હજશ ૬. સૈ. હબીબા બિન્તે અબુસુફ્યાન ૭. સૈ હફ્સા બિન્તે ઉમર. ૮. સૈ જવેરીયા બિન્તે હારિસ. ૯. સૈ ઉલ્મે સલ્માર.

આગળ ત્રણ પુત્રીઓની કબરો છે ૧. સૈ ઝેનબ ૨. સૈ. રૂકાઆ ૩. સૈ. ઉમ્મેકુલ્સુમ

અલહંમ્દો લિલ્લાહ : સારૂં છે / રૂબાત : ધર્મ શાળા ખાનું / કબીર : મોટો / ધોવુ : ગુસ્સલ / યાયજામા : સુરવાલ / ચંદ્ર : કમર / સુરજ : શમ્સ


રહેમત આલમ પ્રસિદ્ધ કરનાર (ગુજરાત વર્નાકૂલય સોસાયટી અમદાવાદ)

શજરા (વંશવૃક્ષ)

હજરત આદમ
↓
હજરત નુહ (નુર)
↓
હજરત ઈબ્રાહિમ
↓
હજરત ઈસહાક — હ. ઈસ્માઈલ
↓ (હ. ઈસ્માઈલ)
કબીલા કુરેશ
↓
હ. હાશિમ — બનીજોહરા
↓
હ. અબ્દુલમુત્તલીબ — આમેના
↓ (હ. અબ્દુલમુત્તલીબ)
હમજા — અબ્દુલ્લા — અબુતાલિબ — અબુલહબ

અબ્દુલ્લા, આમેના સાથે પરણ્યા
↓
હ. મહમદ નબી (સ.લ.અ.)

હઝરત મહમ્મદ (સ. વ. અ.) ના સમયનો અરબ પ્રદેશ



ખૈબર નો કિલ્લો અરબસ્તાનમાં આવેલો છે

પહેલો દિવસ

: શ્રી દરૂદ :

અલ્લાહોમે શ્રીઅલ્લા સૈયદના વલીઅલ્લા સૈયદના મહંમદદીન મુબારક નુરઅલી (દુવા પાંચ વખત ભણી ગાદીપર બેસવું : તથા દરેકે ભણી બેસવું :)

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - પહેલું

: શ્રી સતગોર સહદેવ વાચા :

પરથમ પહેલા સુણીએ મહારા : પુરવની એ વાત રે : સુરતા રાખીને સુણજો મારા મુનીવરોજી ॥૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : હસન મોટા ભાઈ રે : ફાતમા તોમાજી તેતો તેહુનાંજી ॥૨॥ નબીસાહેબતોનાંના કહીએ : સાહા અલીબાવા સોહી રે : પાંચેતન નો પરવેસ તે સહીજી ॥૩॥ તેમના તો એ વીચક સુણીએ : તેના કહું વીચાર રે : તેની સાંભળો તમે વારતાજી ॥૪॥ આદે તોનીપાવ્યા જ્યારે : નુરે નુર પઠાઆંરે : નુરમાંથી નુરએતો પરગટ્યાંજી ॥૫॥ જે દન નહોતા સ્વર્ગ પાતાળ : જે દન નહોતા તારારે : જે દન નહોતારે ચંદ્ર સુરજ સહીજી ॥૬॥ જે દન નહોતા પવન પાણી : જે દન નહોતો સંસાર રે : જે દન નોહોતારે પીર પેગાંબર ઓલીઆજી ॥૭॥ ત્યાર પહેલાં એ પાંચેતન કહીએ : સર્વે એનો આકાર રે : નુરથી નુર એતો પરવર્યાં જી ॥૮॥ સર્વે એથી રચના કીધી : પવન પાણી જહરે જમીન આસમાન સરજ્યાં એ થકી જી ॥૯॥ નવસો નવાણું નદીયો કીધીં : સાત સમુદ્ર જેહરે : સર્વે આવેરે એતો તીરથ જી ॥૧૦॥ મુલાએકના તો માફ઼ા આવે : કટમ પરીવાર રે : અસુરામાં આવી એતો સાંભળેજી ॥૧૧॥ માટે એતો તમને કહું છું : સર્વે દેવતા આવે રે : અત્તર કસબોઈફુલ લઈ આવે સહીજી ॥૧૨॥ ઈમામની એ માતમ માંહે : સર્વે મુલાએક આવે રે : દરૂદ પઢીને સર્વે

બેસતાજી ॥૧૩॥ પાંચેતનના વીચક સુણીએ : જ્ઞાને સર્વે ભેદરે : અરથ ગ્રંથના એતો સાંભળોજી ॥૧૪॥ હુસેન એતો વીશ્નું કહીએ : હસન શીવ અવતાર રે : નબીના નવાસા એતો જાણજો જી ॥૧૫॥ નબી સાહેબ તો બ્રહ્મા કહીએ : મહા વીષ્ણુ અલી પોતે રે : ફાતમાં તો શક્તી એતો જાણજો જી ॥૧૬॥ તેમના પુત્ર જાણો ભાઈ : તે સીર કહેર રચાઆ રે : આલમનો ભાર લઈ અવતર્યા જી ॥૧૭॥ હુસેનઅલી આલવંશી : તેમણે લીધા કસરે : ઉમતનાં દુઃખ સર્વે ઉઠાવીઆજી ॥૧૮॥ ભુખ્યા તરસ્યા કેવા રાખ્યા : તોયના આવી મહેરરે : એવી જમાત તેતો કાફર સહીજી ॥૧૯॥ એમ કરતાં સાતદિન વીત્યા : અન્ન પાણી નહી રે : જુલમ માડ્યો રે બહુ કાફરેજી ॥૨૦॥ એમ કરતાં દેહા મેલી : ઈમામ હુસેને પોતે રે : દુખડાં પડ્યાં રે ઉમત કારણે જી ॥૨૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : એક ચિત્તે નર નાર રે : તેના ગુના બકસુરે ઉઠ કરોડનાજી ॥૨૨॥ વળી બીજી તમે સાંભળો : સાંભળી દીલગીર થઈએ રે : ત્રણસેંને સાઈઠ દિન તેમાં સહીજી ॥૨૩॥ જેણે ગુનાકર્યા હસે : તેને બકસુ સહી રે : ઈમાંમ હુસેનની ગોસ્ટી સાંભળે જી ॥૨૪॥ અસુરામાં આંસુ પાડે : તેતો બકસ્યો જાય રે : ચિત્ત ધરીને સર્વે સાંભળોજી ॥૨૫॥ ગત ગંગાએ સર્વે સાંભળો : એ સર્વેને ફરમાન રે : લાલચ કાઢીને દસ દિન આવજોજી ॥૨૬॥ બોલ્યા રે ***બુદરદીન*** બાવા : ઈમાંમ હુસેનનાં મંડાણ રે : પરથમ બોલો ઈમાંમની વારતા જી ॥૨૭॥

ઈમામની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - બીજું

: શ્રી સતગોર સહદેવ વાચા :

(: કહે બુદરદીન સત્ય વાતો : તે વાંણ છે :)

પરથમ ઈમાંમની ગોસ્ટી સુણીએ : સાંભળોને દલ ધરી : સભા ભરીને બેસતાને : બેસોને તમે મન ગળી ॥૧॥ પીર પેગાંબર ઓલીઆ ને : તેતો આવે છે અરસથી :

ઈમાંમની એ મહાતમ માંહે : તેતો સુણે સુરતથી ॥૨॥ સર્વે તીરથ આવી પોહોચે : કરણ કલફ જુગ ચારના : અડસઠ તીરથ આવી બેસે : ઈમાંમની મહાતમ માંહાં ॥૩॥ તરેહ તરેહની કસબોઈ સારી : અત્તર ફુલ તે લાવતા : તબાકોની છાબો ભરીને : તે તો સર્વે જામતા ॥૪॥ દુમે દુમે માફા સર્વે : વખત વેળાએ આવતા : દેવ સભાની સભા ભરીને : વીચક સર્વે સાંભળતા ॥૫॥ આજના મુનિ સર્વે આવો : અસુરાના દિનમાં : આળપંપાળને કાઢી કરીને : તમે ભળો દેવ જનમાં ॥૬॥ નર નારી આવી સાંચરો : સભામાં આવી દાખસો : આંસુ પાડે ગોષ્ટિ સુણીને : તેના સાતે પરીયાં જાય બકસ્યાં ॥૭॥ આગેવાન થઈને તેને બકસાવે : સર્વે ઉપર હુકમ કરે : અસુરાંના આંસુ માટે : તેને બકસુ એ તરેહ ॥૮॥ બોલ્યા ***બાકરશાહ*** છેલ્લી વેળા :ચિત્ત ઠેકાણે રાખીએ : ઈમાંમના હવે સૈન્ય જાગે : લોભ લલુતા મહેલીએ ॥૯॥

* * *

: પહેલાં દિવસની કથા :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૧ લું :

(ઈમામની ગોસ્ટી લખી છે : ચોપાઈની વાંણ છે :)

સુણો મુનીવરો સારગીતા : વેદેતો વાણી કહી : સુરતા ધારી સુણો સાચા : આગળ વાતો કેમ થઈ ॥૧॥ હુસેન જનમ્યા હુઈ વધાઈ : લાવ્યા જબરાઈલ ફરમાન : સ્વર્ગ મૃત્યુ પાતાળમાં : ત્રણ ભુવન કીધી જાણ ॥૨॥ ખુદકાર બોલ્યા જાવો જબરાઈલ : નબી મહંમદ જ્યાં હે : તમારા સૌ ફીરસ્તા લેઈ : મુબારક દેજો ત્યાં હે ॥૩॥ સલાંમ મેરી જાકર કહીઓ : ભેજા હે ખુદકારને : હુસેન જનમે હુઈ બધાઈ : જો તુમ્હારે સીરદાર ને ॥૪॥ જબરાઈલ આએ અરસસેં : અને નબી મહંમદ જ્યાં હે : સૌ ફીરસ્તા સાથે આવ્યા : બેઠા પેગાંબર તાંહે ॥૫॥ જબરાઈલ બોલ્યા સુણો મહંમદ : સીરતાજ આલમકે દીન : તુમ્હારે ખુદકાર ને : કહા સલાંમ સો ધીર ॥૬॥ ઔર કહારે સુણો મહંમદ : ખુશી ઓર હમતમકુ : હુસેન જનમે હુઈ બધાઈ : આલમ સારી જાનકુ ॥૭॥ એસા કહા ખુદકાર ને : સો સુણા નબી રસુલને : બહોત ખુશી હુઈ પેગાંબરને : એ કહા નુર જાહુરને ॥૮॥ તબ જબરાઈલ કહે વાતો : નબી સુણે તે સુરત સું : પણ પાસે બેઠી બહોત આલમ : કોઈન જાણે નર તસું ॥૯॥ ઈયાર અસાબે સબી બેઠે : મીત્ર જબરાઈલ વાતો કરે : બોલ કાંને કોઈના સુણે : દેખે નહી સો ક્યા કરે ॥૧૦॥ જોહોવે પેગાંબર નબી સાચા : બાતો તોઓહી સુણે : ઓહી દેખે ઓહી પેખે : નબી સબકુ જાણ કરે ॥૧૧॥ આવે જબરાઈલ હજરત જાણે : અવર કોઈ જાણે નહી : ફરમાન લાવે અરસસે : નબી જાહેર કરે તહીં ॥૧૨॥ ત્યારે સબ આલમ જાણે : જબરાઈલ આએ અરસસે : ગેબી બાતો કહે મહંમદકુ : તબસુણે સબ સુરત સેહે ॥૧૩॥ એવી વાતો ગેબની તે : આલ મુરત જાણે સહી : વીસ્તારી કહે વેદ માંહે : એવી

વાતો ગતમાં કહી ॥૧૪॥ ભણે **બુદરદીન** ભ્રાંત ભાગી : જ્ઞાને વાંણી એ કથી : સુણો સુરતા જ્ઞાની વીગતા : વેદ શાસ્ત્ર સરસ્વતી ॥૧૫॥

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૨ જું :

જબરાઈલ સાથે સર્વે ફીરસ્તા જો આવ્યા : તેતો સુણોને વાત હમારી : *(આંચલી) એકતું દયાળજી*॥૧॥ ફીરસ્તામાંથી એક ફીરસ્તો જો દીઠો : તે નબી મહંમદની નજરે પડીઓ : *એક તું દયાળજી*॥૨॥ નબી પુછે છે ભાઈ જબરાઈલ સુણીએ : તો કોણ ફીરસ્તો એ છે એવો : *કહે છે દયાળજી*॥૩॥ પર બળીયાંને બાજુ તુટી જો ગઈ છે : તે વાત કહોને અમને સાચી : *કહે છે દયાળજી*॥૪॥ બોલ્યા જબરાઈલ મારા નબીજી સુણીએ : વાત કહીએરે એની સાચી, *કહે છે દયાળજી*॥૫॥ કહેર નજર ખુદકારે જો કીધી : પર બાજુરે તેનાં બળીઆં : *કહે છે દયાળજી*॥૬॥ એરે બોલ નબીએ શ્રવણે સુણીને : તો મનમાંતો મહેર એવી આવી : *કહે છે દયાળજી*॥૭॥ સુણીએ જબરાઈલ પુછુ તમને વાતો : માહારો સાહેબએને નવાજે : *કહે છે દયાળજી*॥૮॥ ત્યારે જબરાઈલ બોલ્યા એને સાહેબ નવાજે : પરબાજુરે એને આવે : *કહે છે દયાળજી*॥૯॥ ત્યારે નબી બોલ્યા જે કઈ પેરે જો આવે : તે વાત કહોને અમને સાચી : *કહે છે દયાળજી* ॥૧૦॥ બોલ્યા જબરાઈલ સુણજો નબીજી માહરા : ઈમાંમ હુસેનના હાથ એને અડકે : *કહે છે દયાળજી*॥૧૧॥ તે હાથ લઈને બધે અંગે ફેરવીએ : તો પર બાજુરે એનાં આવે : *કહે છે દયાળજી*॥૧૨॥ ત્યારે ઈમાંમ હુસેનને ઘરમાંથી લાવ્યા : તો નબીને ખોળે બેસાડ્યા : *કહે છે દયાળજી*॥૧૩॥ તે દિન છઠ્ઠી ઈમાંમ હુસેનની કહીએ : એવા તો બાળ પોતે : *કહે છે દયાળજી*॥૧૪॥ ફીરસ્તાને અંગે હાથ હુસેને ફેરવીઓ : તો પર બાજુરે તેનાં આવ્યાં : *કહે છે દયાળજી*॥૧૫॥ આગળ હતાં તેથી સારાં જો આવ્યાં : તો ઉડીગયોરે તે વેળા : *કહે છે દયાળજી*॥૧૬॥ કોઈથી ના બોલ્યો કોઈને

સલામ ના કીધી : તો ઉડીને ચાલ્યો તેની વેળા : *કહે છે દયાળજી* ॥૧૭॥ ત્યારે નબી બોલ્યારે સુણીએ જબરાઈલ ભાઈ : એ ફીરસ્તો ઉડ્યો શા માટે : *કહે છે દયાળજી* ॥૧૮॥ કોઈથી ના બોલ્યો કોઈને સલામ ના કીધી : તો સાંની દહેશત રે એવી એને : *કહે છે દયાળજી* ॥૧૯॥ જબરાઈલ બોલ્યા મારા નબીજીરે સાચા : એ ગુમદાર ફીરસ્તો છે એવો : *સુણીએ દયાળજી* ॥૨૦॥ સઉથી સરમાયો તેથી બોલ્યો જો નહી : તો ગુમ થાઈને ઉડી નાઠો : *સુણીએ દયાળજી* ॥૨૧॥ ત્યારે નબી બોલ્યા રે કહો જબરાઈલ સાચી : એની પુછું છું તમને વાતો : *કહે છે દયાળજી* ॥૨૨॥ એ ધરતી ઉપર રે કદી આવે કે નહીં : ત્યારે જબરાઈલ બોલ્યા આવે સહી : *સુણીએ દયાળજી* ॥૨૩॥ ત્યારે નબીજી બોલ્યા ફીરસ્તો કીએ દિન આવે : તે કહોને અમને વાત સાચી : *કહે છે દયાળજી* ॥૨૪॥ ત્યારે જબરાઈલ બોલ્યા વાત સાચી જો કહીએ : તો દીલગીર દીલ થકી થાસો : *સુણીએ દયાળજી* ॥૨૫॥ સુણો નબી રસુલ મહંમદ મારા : એક દીવસ રે એવો આવે : *સુણીએ દયાળજી* ॥૨૬॥ એક જંગલ રે કહીએ કરબલાનું : ત્યાં સૈયદ હોસે ઈમાંમ હુસેન : *સુણીએ દયાળજી* ॥૨૭॥ એ રે ફીરસ્તો તે દિન આવે ભાઈ : તો રોયા કરસે રે કયાંમત સુધી : *સુણીએ દયાળજી* ॥૨૮॥ એવું સુણીને મહંમદ બોલ્યા જો નહી : તો દીલગીર મનમાં થવા લાગ્યા : *કહે છે દયાળજી* ॥૨૯॥ સઉ ફીરસ્તા લઈ જબરાઈલ ચાલ્યા : તો પોત પોતાને થાંનક બેઠા : *કહે છે દયાળજી* ॥૩૦॥ સુણજો રે ગતલોકો વાતો એ સાચી : તો કેર નજરની એવી વાતો : *કહે છે દયાળજી* ॥૩૧॥ બોલ્યા **બુદરદીન** વાણી વેદે સંભળાવી : તો એવીતો વાતો હમારી : *કહે છે દયાળજી* ॥૩૨॥ કુલ પટોળાં ૪૭॥

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૩ જું :

નબીના દિલમાં હેત જો ઉપન્યું : તો હુસેન ઉપર બહુ પ્યાર રે : *સજની* ॥૧॥ તે

ત્તતબીર કરવા લાગ્યા ઘણેરી : તો લાડ ઘણું લડાવે રે : *સજની*॥૨॥ હજરત અલીની ખાલા રે બીબી : તો પારસાં બીબી તેનું નામ રે : *સજની*॥૩॥ હુસેન અલીને તેને જો સોંપ્યા : તો ખીજમત કરે તે ખાસી રે : *સજની*॥૪॥ દંન દંન વાધેને લાડલડાવે : તો બીબી ફાતમાં ખુસી થાવે રે : *સજની*॥૫॥ નબી સાહેબને હરખના માય : તો હેતે હરખે હુલાવે રે : *સજની*॥૬॥ ઈમાંમ હસનથી હુસેન બહુ વહાલા : તો છાતી ઉપર રમાડે રે : *સજની*॥૭॥ ખાવે ખવરાવે ને ખેલ કરાવે : તો ખોળેથી જરા ના ઉત્યારે રે : *સજની*॥૮॥ ખોળે બેસાડેને નબીજી ખવરાવે : હેત કરે બહુ ઝાઝાંરે : *સજની*॥૯॥ ખુદજી બોલ્યા સુણો રે જબરાઈલ : તો જઈ કહો મહંમદને રે : *સજની*॥૧૦॥ એવું હેત રે તમે કેમ રે કરો છો : તો જે રે દીવસે વકટી આવે રે : *સજની*॥૧૧॥ સાત દીવસના ભુખ્યા ને તરસ્યા : એમને આડા પાડીને ઝબે કરસે રે : *સજની*॥૧૨॥ તે દન હેત તમારૂં ક્યારે જાસે : તો એવું ફરમાન ખુદે કહાવ્યું રે : *સજની*॥૧૩॥ ફરમાન લઈ જબરાઈલ આવ્યા : તો કરી મહંમદને જાણ રે : *સજની*॥૧૪॥ નબી અંદેસા મનમાં કરે છે : તો બહુ પસ્તાવા પડીઆ રે : *સજની*॥૧૫॥ જબરાઈલ કહીને ચાલ્યા તે વેળા : તો નબી મહંમદ રોવા લાગ્યા રે : *સજની*॥૧૬॥ બીબી ફાતમાં આવીને બેઠાં : કેમ રોતે તુમ બાવા રે : *સજની*॥૧૭॥ નબી રસુલે કહી સર્વે વાતો : તો બીબી દલમાં કંપ્યારે : *સજની*॥૧૮॥ નબી સાહેબને ચૌદજો હરમાં : તેમાં ચાર બેટી પોતાની રે : *સજની*॥૧૯॥ તેમાં બીબી ફાતમાં વહાલાં ઘણેરાં : જે અરસનાં સરદાર રે : *સજની*॥૨૦॥ હજરત અલીને નવ ઘણીઆણી : તો બીબી ફાતમાં કહીએ ખાસાં રે : *સજની*॥૨૧॥ સાહા અલીને અઢાર બેટા : તો હસન હુસેન બહુ પ્યારા રે : *સજની*॥૨૨॥ આપે મહંમદ લાડ લડાવે : તો હુસનને બહુ ચહાવે રે : *સજની*॥૨૩॥ ગળે લગાવેને ખોળે બેસાડે : એવાં લાડ લડાવે રે : *સજની*॥૨૪॥ હુસેન અલીને ગળે એક કાપો : ત્યાં નબી બોસા બહુ દેવે રે : *સજની*॥૨૫॥ નબી બોલ્યા ગળે મેલ વળગ્યો છે

: તો પોતે ફરી ફરી ચોળે રે : *સજની*॥૨૬॥ જેમ જેમ ચોળે તેમ અદકુરે થાય : મેલ હોયતો જાયરે : *સજની*॥૨૭॥ એક દીવસ મહંમદને ખોળે : તો બેઠા ઈમાંમ હુસેન રે : *સજની*॥૨૮॥ એવે સમે જબરાઈલ આવ્યા : તો નબીજી તેહને પુછે રે : *સજની* ॥૨૯॥ ભાઈ જબરાઈલ તમનેરે પુછું : મારા નવાસાના ગળે શું છે રે : *સજની*॥૩૦॥ ગળે કે નીચે શાની નીસાની : સો બાત હમકુ કહીએ રે : *સજની*॥૩૧॥ સુણો મહંમદ તમે વાત ખુદા કી : ગળે કાપાની નીસાની રે : *સજની*॥૩૨॥ ઈસ ગળેકુ તલવાર ચલેંગી : સુણો મહંમદ એ એધાંણી રે : *સજની*॥૩૩॥ એવું કહી જબરાઈલ વાધ્યા : પછી મહંમદને મહેર આવી રે : *સજની*॥૩૪॥ ઈમાંમ હુસેનને ગળે વળગાડ્યા : તો રોવે નબીજી પોતે રે : *સજની*॥૩૫॥ હુસેન અલીને ગળે ચુંમારે દેવે : કુરબાન તે ઉપર જાવે રે : *સજની*॥૩૬॥ આ નાજુક ગળે તલવાર કેમ કરી સહેસે : એવું બોલ્યા નબીજી પોતે રે : *સજની*॥૩૭॥ એમ કરી કરી ગળે વળગાડે : તો કુરબાન પોતે જાવે રે : *સજની*॥૩૮॥ એમ કરતાં વરસ દસના રે થયા : હુસનઅલી ઈમાંમ રે : *સજની* ॥૩૯॥ એક દહાડાને સમે નબીજી રમાડે : તો છાતી ઉપર રમાડે રે : *સજની*॥૪૦॥ છાતીએ બેઠાં પેસાબ જો કીધી : તો પારસાં બીબીએ દીઠું રે : *સજની*॥૪૧॥ કહે નબીકે કપડે પલીંતજ કીધાં : તો પણ નબીજીના બોલે રે: *સજની*॥૪૨॥ લુંડીએ લઈને પકડી જો લીધા : ત્યારે ચીસ પાડી હુસેને રે : *સજની*॥૪૩॥ નબીકે કપડે નાપાકી કીતે : તો હુસેનને બહુ ગરકે રે : *સજની*॥૪૪॥ લુંડી ગરકે તેમ તેમ બહુજ રૂવે : તો નબીએ સીને લગાવ્યા રે : *સજની*॥૪૫॥ એવીતો માયા નબીજીની કહીએ : તો માયા વલુંધે માર દીધારે : *સજની*॥૪૬॥ આલમુરતથી અલખના ગુજરા : તો માંનવી કોણ ગુંજાસરે : *સજની*॥૪૭॥ ભણે ***બુદ્દરદીન*** માયા મરાવે : તો માયા કરસોતો માર ખાસો રે : *સજની*॥૪૮॥ કુલ પટોળા : ૯૫

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૪ થું :

સાચાતુ મેરા રે સોહી તેવાંણ છે :

નબીનાં કપડાં નાપાકી : પોતે વીસરી જો ગયા ॥૧॥ લુંડી ઉપર ખીજ્યા : નબીમહંમદ પોતે ॥૨॥ બાળક શું જાણે નાપાકી : પાક શાને રે કહે છે ॥૩॥ એવું બોલ્યારે પોતે : લુંડી ઉપર ખીજ્યા ॥૪॥ હુસેનને હેરાંનના કરીએ : જેમ એ કહે તેમ કરીએ ॥૫॥ કેમ રોવરાવેતું દારી : રજા નહીરે અમારી ॥૬॥ દાસી મીંતો જો કરે : નિસાસા પડીઆ એ દીલકું ॥૭॥ હુસેનકુ કુછ નહી કહું : ગુના બકસોને સહુ ॥૮॥ એમ કહી મીંતો જો કરે : દાસી દીલગીર હોવે ॥૯॥ હુસેનને ગળે વળગાડી : પોતે રોવે રે દાસી ॥૧૦॥ તો એ રોતા ના રહેવે : લુંડી આજીજી હોવે ॥૧૧॥ બહોત કલપે રે દાસી : રોતે રોતે વે હારી ॥૧૨॥ કોઈના ડરીયા ખુદાસે : ફરમાન હુવા અરસસે ॥૧૩॥ ખુદજી બોલ્યા ઈલાહી : જબરાઈલ દેખોને ભાઈ ॥૧૪॥ મહંમદ કરતે હે કેસા : નવસા ઉપર એસા ॥૧૫॥ હુસેનકા રોણા હે પ્યારા : જીસ દીન પાડુ રે આડા ॥૧૬॥ ઝબે કરાવું રે કેસા : ગાય બકરી કરે તેસા ॥૧૭॥ ઉસદીન પ્યાર ક્યાં જાવે : એસા ખુદજી રે કહાવે ॥૧૮॥ જરા સા રોણારે કહીએ : દારી ઉપર મુસીબત લહીએ ॥૧૯॥ બોલ્યા ***બુદરદીન*** બેલી : મહેર આંણીને છેલ્લી ॥૨૦॥ પટોળા : ૧૧૫ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૫ મું :

(ભમરા ભીતર ભેદ ભલકા તે વાંણ છે :)

ખુદજી બોલ્યા જાવો જબરાઈલ : તો નબી રસુલની પાસે રે : (આચલી) : *માયા મીઠી માર મરાવે* ॥૧॥ સલામ હમારો કહો કથીને : તો વાતો કહેજો સઉ મથીને રે : *માયા મીઠી માર મરાવે* ॥૨॥ આવ્યા જબરાઈલ નબીજીની પાસે : સલાંમ કહો સઉ સાચરે : *માયા મીઠી માર મરાવે* ॥૩॥ કહી હકીકત ખુદની સર્વે : તો મહંમદને સમજાવી રે :

માયા મીઠી માર મરાવે ॥૪॥ સુણી સંદેશો નબીજી રોયા : તો કલપ્યા મનમાં અપાર રે : *માયા મીઠી માર મરાવે* ॥૫॥ કહી ફરમાન જબરાઈલ ચાલ્યા : તો જ્યાં છે ખુદજી પોતે રે : *માયા મીઠી માર મરાવે* ॥૬॥ જેમ જેમ નબીજી રૂવે છે ઝાઝું : તો લુંડી કલપે અપાર રે : *માયા મીઠી માર મરાવે*॥૭॥ લુંડી હુસેનની મીંતો કરે છે : તો નબી મહંમદને અપાર રે: *માયા મીઠી માર મરાવે*॥૮॥ પગે પડી આજીજી કરતી : તો ગુના બકસો ખુદ મેરારે : *માયા મીઠી માર મરાવે*॥૯॥ મને નિસાશા પડ્યા છે રબકા : તો હુસેનકુ નહી રોલાવું રે : *માયા મીઠી માર મરાવે*॥૧૦॥ પછી નબીજી એ નમણી કીધી : લુંડી શું લરજી બોલ્યા રે : *માયા મીઠી માર મરાવે* ॥૧૧॥ માથું લઈ હૈયા થી ચાંપ્યું : મત રો બેની મારી રે : *માયા મીઠી માર મરાવે* ॥૧૨॥ તેરે ગુને મૈને સબી બક્સે : ખુદાકા એહી ફરમાન રે : *માયા મીઠી માર મરાવે*॥૧૩॥ મેરા રોણા તેરે પર નાહી : ખુદાકા કુછ ફરમાન રે : *માયા મીઠી માર મરાવે*॥૧૪॥ વે ફરમાન સે રોણા આયા : જેમાં આપણા ખુદ રાજી રે : *માયા મીઠી માર મરાવે* ॥૧૫॥ એક યાર નબીકા કહીએ : દેહકલબી તેનું નામ રે : *માયા મીઠી માર મરાવે*॥૧૬॥ તેને હવાલે નબીજીની વાડી : રખોપું તેહેનું કરતા રે : *માયા મીઠી માર મરાવે*॥૧૭॥ દેહકલબી આવે સલાંમને : તો નબીમહંમદને તાંહે રે : *માયા મીઠી માર મરાવે* ॥૧૮॥ ત્યારે હસન હુસેન કાજે : તો ફળ ફળાદી લાવે રે : *માયા મીઠી માર મરાવે* ॥૧૯॥ દેહકલબીની જેબો સોધે : હસન હુસેન બે ભાઈ રે : *માયા મીઠી માર મરાવે*॥૨૦॥ આવીને ખોળામાં બેસે : તો હાથ ઘાલે ઝેબોમાંહે રે : *માયા મીઠી માર મરાવે*॥૨૧॥ અનાર અંજીર લાવીને આપે : તો ખુસીથાય બે ભાઈ રે : *માયા મીઠી માર મરાવે* ॥૨૨॥ એકસમે જબરાઈલ આવ્યા : તો નબી મહંમદની પાસ રે : *માયા મીઠી માર મરાવે*॥૨૩॥ દેહ કલબીની સુરતે આવ્યા : તો મીત્ર જબરાઈલ પોતે રે: *માયા મીઠી માર મરાવે* ॥૨૪॥ હસન હુસેન બે ખોળે બેઠા : તો ઝેબો સોધવા માંડી રે : *માયા*

મીઠી માર મરાવે ॥૨૫॥ દેહકલબીની સુરતા એવી : સાહાજાદા જાણે જે તેછે રે : *માયા મીઠી માર મરાવે* ॥૨૬॥ નબીરસુલ જબરાઈલ પોતે : તો વાતો કરે અલાહી રે : *માયા મીઠી માર મરાવે* ॥૨૭॥ સાહાજાદા અસતીના સોધે : તો જબરાઈલ મનમાં લરજે રે : *માયા મીઠી માર મરાવે* ॥૨૮॥ નબી સાહેબતો હસવા લાગ્યા : તો જબરાઈલ મુખથી બોલ્યા રે : *માયા મીઠી માર મરાવે* ॥૨૯॥ સુણો નબી હું તમથી પુંછું : તો હસન હુસેન શું ઢુંઢે રે : *માયા મીઠી માર મરાવે* ॥૩૦॥ પછી નબીજી બોલ્યા પોતે : જબરાઈલ સુણજો સાચ રે : *માયા મીઠી માર મરાવે* ॥૩૧॥ દેહ કલબીની સુરત તમારી : તો સાહાજાદા જાણે સોહી રે : *માયા મીઠી માર મરાવે* ॥૩૨॥ દેહ કલબી સલાંમને આવે : તો ફળફરાળી લાવે રે : *માયા મીઠી માર મરાવે* ॥૩૩॥ સાહાજાદા જાણે દેહકલબી છે : કુછ નહી દેતે હમકુ રે : *માયા મીઠી માર મરાવે* ॥૩૪॥ ઉસ બતી તમારી ઝેબો : અસતીના એ ઢુંઢે રે : *માયા મીઠી માર મરાવે* ॥૩૫॥ જબરાઈલ કરે મનમાં અંદેસા : સાહેબ શરમ તમે રાખો રે : *માયા મીઠી માર મરાવે* ॥૩૬॥ કરે અરદાસ ખુદજી સાથે : સર ખરૂં રાખો મુજને રે : *માયા મીઠી માર મરાવે* ॥૩૭॥ મહંમદકે નવાસે દોનું : ક્યા દેઉ ઉનકે હાથ રે : *માયા મીઠી માર મરાવે* ॥૩૮॥ સુણી અરદાસ ખુદજી એ પોતે : તો અનાર ભીસ્તથી આવ્યું રે : *માયા મીઠી માર મરાવં* ॥૩૯॥ લેઈ અનાર હુસેનને આપ્યુ : તો ખુસી થયા બે ભાઈ રે : *માયા મીઠી માર મરાવે* ॥૪૦॥ નાચે કુદે ખુસી બહુથાય : તો રસુલ મનમાં હરખે રે : *માયા મીઠી માર મરાવે* ॥૪૧॥ બીબી ફાતમાં પાળે પોસે : તો મહંમદ લાડ લડાવે રે : *માયા મીઠી માર મરાવે* ॥૪૨॥ બોલ્યા ***બુદરદીન*** બાળ સ્વરૂપે : તો માયા જુગમાં ખોટી રે : *માયા મીઠી માર મરાવે* ॥૪૩॥ ફુલ પટોળાં : ૧૫૮

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૬ ઠ્ઠું :

(કહે ભાઈ સાધન તે શું કર્યું : તે વાંણ છે :)

એક દંન આવ્યો રે ઈદનો : સુણજો મુનીવરભાઈ : મદીના શહેરના પુંગડા : ત્યાં તે કરે સજાઈ : (આંચલી) : *માયા મીઠી મુશ્કેલ છે*॥૧॥ નાહી ધોઈને નીસર્યા : સારાં કપડાં સજાત : સર્વે પહેરીને નીસર્યા : માહે માંહે સગાં સુજાત : *માયા મીઠી મુશ્કેલ છે*॥૨॥ કરી અસવારી ઊંટની : ચાલ્યા સર્વે સંગાથ : હસન હુસેન તે જોઈને : ચાલ્યા બીબી જ્યાં માત : *માયા મીઠી મુશ્કેલ છે*॥૩॥ લાડ કરીને રે બોલીઆ : માજી અમારે સબ યાર : કપડે પહેને મુસતાદ હો : ઊંટ કર હોકર તૈયાર : *માયા મીઠી મુશ્કેલ છે*॥૪॥ સોતો ગએ ઈદગા માંહે : માજી કપડે હમકુ પહેરાવ : બીબી ફાતમાં બોલીઆં : અલીતો છે કલંદર સાહ : *માયા મીઠી મુશ્કેલ છે*॥૫॥ સબકુછ દીયા ફકીરકુ : રહ્યા નહીં ઘરમે રે કાંઈ : રોવા લાગ્યારે ફાતમા : રહ્યાં મનમાં સમજાઈ : *માયા મીઠી મુશ્કેલ છે*॥૬॥ બીબી બોલ્યાં રે ફાતમા : કહો તુમેરા બાવાકુ જઈ : સાહાજાદા દોડી રે ત્યાં ગયા : વળગ્યા બાપની બાંહે : *માયા મીઠી મુશ્કેલ છે*॥૭॥ બાવાજી કપડેદો હમકુ : જાવે ઈદગા માંહે : સારે શહેર કે પુંગડે : દેખણે ચાલે રે તાંહે : *માયા મીઠી મુશ્કેલ છે*॥૮॥ સાહાઅલી બોલ્યા તે સાંભળો : પુત્ર મેરે સુજાણ : તુમારે નાંના નબી કને : દેવે તમકુરે આંણ : *માયા મીઠી મુશ્કેલ છે*॥૯॥ પછી બે ભાઈ ચાલીઆ : પહોંચ્યા નાંનાને પાસ : રોવા લાગ્યારે ત્યાં જઈ : પછી કીધી અરદાસ : *માયા મીઠી મુશ્કેલ છે*॥૧૦॥ નાંના ઈદતો આજહે : પુંગડે સારે મુસ્તાદ : એતો નીકળે ઈદગામીને : અમે પણ જાવે સબ સાથ : *માયા મીઠી મુશ્કેલ છે*॥૧૧॥ નાંનાજી કપડેજો દીજીએ : હમતો પહેનેંગે આજ : રોણે લાગે દો પુંગડે : મહંમદ સબકે રે તાજ : *માયા મીઠી મુશ્કેલ છે*॥૧૨॥ મહંમદ કા શીના ભરાઈઆ : ખુદકુ કીધી અરદાસ : અરે તું

પરવરદીગાર હે : મેરા ફરમાંન આજ : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૧૩॥ તેરા ફરમાંન એ જહે : દીન દુનિયાંકા સુલતાન : મેરે બચડે દોનું ફીરે : સાજા કપડા નહી તન : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૧૪॥ બાત સુણી ખુદકારને : જબરાઈલ ભેજે સો પાસ : આયે નબી મહંમદ કને : સલાંમ કહા હે આજ : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૧૫॥ કપડે લાયે અરસસે : દોનું પુંગડે કે કાજ : લીજે સુલતાંન અંબીઆ : દો તમે પુંગડેકો આજ : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૧૬॥ કપડે દેખે સો ભીસ્ત કે : નબી ખુસી અપાર : દોનું પુંગડે બુલાકર : કપડે દીએ તૈયાર : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૧૭॥ તબ કેણે લાગેજે પુંગડે : સબને પૈહેને હે લાલ : લીલે લીંબાસ પહેનકર : સબ યાર ચાલે સો હાલ : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૧૮॥ સફેદ કપડે સો ભીસ્ત કે : દોનુંને દીએ સો ડાલ : મહંમદને કપડે ઉઠાલીએ : પુછણે લાગે ઉસ હાલ : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૧૯॥ નબી પુછે હસનકુ : તમકુ કેસા રંગ ભાવ : હસન બોલ્યા સુરતા કરી : લીલા દીજે મુજે ચાહવ : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૨૦॥ હુસેન બોલ્યા નાંના મીજે : લાલરંગ કાભાવ : સો સબ સુણા ખુદકાર ને : મનમેં રાખીઆ હે દાવ : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૨૧॥ નબીમહંમદે ક્યા કીયા : પાણી મંગવાયા પાક : કપડે દોનું જે ભાઈ કે : ડાલે પાણી મેસાય : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૨૨॥ બીસમીલ્લા બોલે રસુલનબી : કપડે રંગે સબ ભાત : લાલ લીલા રંગ ત્યાં થયા : પાક નબીકી સો જાત : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૨૩॥ લીલાં રંગ જેણે માગીયા : તેને આપ્યા રે તેહ : લાલ જેણે રે માગીયા : પેહેર્યાં સર્વે સ્નેહ : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૨૪॥ હસન હુસેન ખુસી થયા : નાચે કુદે અપાર : સાહાઅલી બેઠા જકર કરે : બીબી ફાતમા તૈયાર : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૨૫॥ બે જણ બોલ્યા તે સાંભળે : નબીજી ખુસી અપાર : લાડ પુરાપાડને : કહેતે કરેસો તૈયાર : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૨૬॥ દોનું પુગડે બોલીઆ : નાંના સબ સુતર અસવાર : હમે ઊંટ દીજીએ : મહંમદ બોલ્યાતે વાર : *માયા મીઠી મુશ્કેલ છે* ॥૨૭॥ પુત મેરે

મુસતાદ હો : મેં તુમારા સુતર : દોનું પુગડે બીઠાકર : દોનું ખભેપર તરત : *માયા મીઠી મુશ્કેલ છે*॥૨૮॥ ખભે ચઢાકર ફીરને લગે : તબ બોલે દોનું રે ભાઈ : ઊંટકે નાકમેં નાથ હે : આ ઊંટકુ રસીભી નહી : *માયા મીઠી મુશ્કેલ છે*॥૨૯॥ તબ નબીમહંમદ ક્યા કરે : અપણી જુલફા સો જે : દીતી હુસેનકે હાથમે : રસીઆં કરકર તે : *માયા મીઠી મુશ્કેલ છે*॥૩૦॥ બીજી જુલફાની રસી કરી : આપી હસનને હાથ : એવાં લાડ લડાવતા : એવી માયા અઘાત : *માયા મીઠી મુશ્કેલ છે*॥૩૧॥ નબીની જુલફાનું નામ છે : તેતો સુણજોરે ભાઈ : સુરેઆસીન સુરેતાજ છે : તેની મુરજાદા નહી : *માયા મીઠી મુશ્કેલ છે*॥૩૨॥ ફરી બે ભાઈ બોલીઆ : ઊંટ પોકારે સોકઉ : નબી બોલ્યા ઊંટની તરે : હસ્યા પુગડા બેઉ : *માયા મીઠી મુશ્કેલ છે*॥૩૩॥ તે સાહાઅલી ભાળે છે સુરતથી : બીબી દેખોને તમ : મહંમદ હુરમત રખતે નહી : નબુવત કેરી રે જમ : *માયા મીઠી મુશ્કેલ છે*॥૩૪॥ પીર **બુદરદીન** બોલીઆ : માયા મારે રે ભાઈ : બ્રહ્માજી સરખારે મોહીયા : એવી ના કીજે સગાઈ : *માયા મીઠી મુશ્કેલ છે*॥૩૫॥ કુલ પટોળાં ૧૯૩ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૭ મું :

(ખાવંદ ખોળી કાઢો રે : તે વાંસ છે :)

ખુદજી ખીજે અરસમાંથી : આપ નીરંજન પોતે : નબીજીએ નવાસા જાણી : હેત કરૂં છે દોટે : (આંચલી) : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧॥ ફરમાન હુવા જબરાઈલકુ : દેખોને તમે એસા : મેરા મહંમદ નવાસા કેરા : ઊંટ હવાહે કેસા : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨॥ નબુવતકી હુરમતના રાખી : કોણજાત સુરેતાજ : સુરેઆસનકી ખબરના રાખી : એસે પ્યારે નવાસે : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૩॥ જાવો જબરાઈલ

કહો મહંમદકુ : પ્યાર ધરો તમે એસા : નવાસે કે ઊંટ હુવાહો : પ્યાર ધરો એ કૈસા : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૪॥ સુરેઆસનકી નાથ બનાઈ : સુરેતાજકી રસીઆં : તેની તો તમે અદબના રાખી : કહો જબરાઈલ સચીઆં : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૫॥ મેરે મહંમદકુ જાકર કહીઓ : પ્યાર ધરો તમે એસા : ઊંટ હોતે હો બોલ્યો બરાડા : એ હેત હે કેસા : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૬॥ દેખો મહંમદ હસન હુસેન કુ : ઈનકે ઉપર ક્યા હોવે : કહેર ગજબ ખુદાકા પડીઆ : સો આલમ સારી જોવે : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૭॥ ભીસ્તકે કપડે ખુસના લાગે : લીલા રંગ જેણે માગ્યા : ઉસે નવટાંક ઝેર હળાહળ દેવું : કપડે જેસી જાતાં : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૮॥ કલેજેકે બોતેર ટુકડે : મોંથી બહાર નીકાલું : ઝેર ચઢે ઓર મહેરના આંણું : એ કહા સહી પાળું : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૯॥ હુસેનને તો લાલરંગ માગ્યા : કપડે ભીસ્તકે ના ભાવે : ઉસબતી તમે એસા દેખો : ક્યા હાલ ખુદ કરાવે : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧૦॥ કરબલા કા જંગલ દેખો : સાત દીવસના ભુખ્યા : સાત દીવસના પ્યાસા દેખો : એસા જંગલ સુકા : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧૧॥ આડા પાડી ઝભે કરાઉ : ઓઈ જગે ઈનકુ મારે : જેસા રંગ કપડે કા હોતા : એસા રંગ ઈસકા કાઢું : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧૨॥ ઉસદીન મહંમદ તેરી : મહેરબાની ક્યાં જાવેંગી સારી : નવાસેકા ઊંટ હુવાહે : એસી પ્રીત હમારી : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧૩॥ તુમ જાણો કોઈ નહી દેખતા : પરવરદીગારતો જાણે : ઈસબતી કા દેખ તમાસા : ઈન સર ઐસા આંણો : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧૪॥ જાવો જબરાઈલ કહો મહંમદકુ : જે ફરમાન હુવાહે હમારા : એ જબરાઈલે કહ્યા મહંમદકુ

: સબ ગુજરા એ સારા : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧૫॥ સુણા ફરમાન ખુદજી કેરા : નબી મહંમદે એસા : સુણકર નબીરોણે લાગે : એ ફરમાન સો કેસા : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧૬॥ સારે લોક મદીના કેરે : સબહી રોણે લાગે : લોક બોલે એ ક્યા હોવેગા : જકરે ફકરે સૌ જાગે : સુણકર નબીરોણે લાગે : એ ફરમાન સો કેસા : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧૭॥ આગળના જે નબી પેગાંબર : બે ફરમાની હોતા : તેની ઉમતપર કહેર ઉતરતા : સબકુ દેતે ગોથા : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧૮॥ તેથી હાક પડી સૌ શહેરે : જકરે ફકરે લાગ્યા : તોબા તોબા કરે સબ બંદગી : મહેર મહેરબાની માગ્યા : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૧૯॥ કહે છે મહંમદ કહો જબરાઈલ : બાત કહું સો સુણીએ : ખુદ મેરે નવાસે ઉપર : મહેર નજર અબ ગણીએ : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨૦॥ જબરાઈલ બોલ્યા પુછુ ખુદાકુ : સબએ બાતસો કહીએ : જબરાઈલકુ ફરમાન હુવાજે : સબુરી શીષ પર સહીએ : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨૧॥ સુણો મહંમદ નવાસે કેરા : કહેર સબ દુરજ હોવે : સો કેર ઉમત પર લેવે : તબ એ સુખસુ સોવે : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨૨॥ આબાદે આબાદ જલાઉ : ઉમત સારી એસી : એ બોલ સુણ્યા મહંમદને : અબ ક્યા કરના કૈસી : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨૩॥ અરે ખુદ સુણો તમે સાચી : મેરેનવાસે ઉમત પરવારી : એ કેરસો નવાસે ખમેંગે : ઉમત પર બલીહારી : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨૪॥ સુણો જબરાઈલ નબીજી પુછે : કરબલા સો કેસી : વે જંગલસો ક્યાંહે ભાઈ : સો બાત કહો સબ સાચી : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨૫॥ તબ મીત્ર જબરાઈલ ગયે જંગલમેં : કરબલાહે જયાંહે : વહાંકી મીટ્ટી લેકર આએ :

દીધી શીશામે ત્યાંહી : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨૬॥ સુણો નબીજી કહુ સમજાવી : જીસ દીન મીટી લીલી હોવે : ઉસ દીન મોત હસનઅલીકા : તબએ શીશા જોવે : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨૭॥ જીસદીન મીટ્ટી લાલ હોવેગી લોહી સરીખી હોજાવે : ઉસ દીન મોત હુસેનઅલીકા : સો જબરાઈલ સમજાવે : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨૮॥ વે શીશાકા મોં બંધ કીયારે : નબીજીએ રખવાઆ : બીબી ફાતમાકે ઘરમે ભેજા : કીસીકા ના પડે છાંયા : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી*॥૨૯॥ બોલ્યા ***બુદરદીન*** બાકી ના રાખી : માયા મુકે એવી : માયા આગળ કહેર ઘણેરા : આલમુરતના જેવી : *માયા મહેરના આંણે રે : આગળ વસમી છે રે ઘાંટી* ॥૩૦॥ કુલ પટોળા :૨૨૩:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૮ મું :

(દોટીયાની વાણ છે :)

માયા ખોટી જાણજોરે : સર્વે કરીએ ત્યાગ રે ॥૧॥ માયા ડુબાવે અતી ઘણીરે : માયાથી તરી જાયરે ॥૨॥ માયા મોટી પાપણીરે : તે લાલચ કેમ કરી જાય રે ॥૩॥ લાલચે લુંટાઈ ગયારે : જેવી મચ્છી આવી જાળરે ॥૪॥ એમ કરી જીવડા ઉડી ગયારે : કાંઈના આવ્યું હાથરે ॥૫॥ ખાલી આવ્યા ખાલી ગયારે : એ કહે છે ***બુદરદીન*** સત્યરે ॥૬॥ કુલ પટોળા :૨૨૯:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૯ મું :

(ચોપાઇની વાંણ છે :)

સુણો મુનીવરો સાર ગીતા : વેદે વાણી અવનવી : નબી મહંમદ બેઠા મીજલસમાં : ત્યાં તો અવનવું શું થયું ॥૧॥ શહેર મદીનાની વાત કહીએ : સુણોરે સુરતા ધરી : એક

દીવસ મહંમદ બેઠા : એવી વાતોં ત્યાં થઈ ॥૨॥ ચાંદ ચાંદરણી રાત ખીલી : પુનમની તે ત્યાં સહી : નબી મહંમદ આપે પેગાંબર : યાર બીજા ત્યાં સહી ॥૩॥ સુલતાન અંબીઆ આપે બેઠા : વાતો કરે અરસની : વળી બીજાં ફરમાન આવે : યાર સુણતા સબ સુરતથી ॥૪॥ યાર બેઠા શ્રવણે સુણતા : નબીજી વાતો કરે : એવા માંહે એક સોદાગર : તેતો દીલમાં એવું ધરે ॥૫॥ તેણે આવી કરી ફરીઆદ : પોકારવા લાગ્યો સહી : સુણો ખુદજી રસુલ સાચે : ફરીઆદ મેરી સુણો અહીં ॥૬॥ કહે સોદાગર સુણો નબીજી, જુલમ મુજપર બહોત હે : એસા હુવા જે કોઈ ના કરે : ઉસકા તરસ કોઈ ના ધરે ॥૭॥ ખુદકાર નબીને પુછીઆ : કહો સોદાગર હમકું : કયા ફરીઆદ કરો હમકું : કયા જુલમ હે તમકું ॥૮॥ કાસ મુલકમે જુલમ તમકું : સો કહીએ હમકું ખોલ કર : કહે સોદાગર સુણો નબીજી : બાત કહુસો ખોલકર ॥૯॥ જુલમ મુજપર રૂમકી : વીલાયતમે હુવા સહી : બાટપાડી માલ મેરા : લુંટકર લીયા તહીં ॥૧૦॥ માલલીયા ઓર બેટા માર્યા : સોદાગરને યું કહા : પછીતો એ રોણેલાગ્યા : કરે ફરીઆદી ત્યાં રહા ॥૧૧॥ ત્યારે નબી બોલ્યા સુણો સોદાગર : બેટા ગયાસો આવેં નહી : ખુદાકા વાયદાજો એસા : હુવાસો તો ત્યાં સહી ॥૧૨॥ તેરા માલ ગયા સો મેં દેઉ : ખુદાકી દોસ્તી તમજાવો : સહી સલામત ઘરકું પહોંચો : જો લીખા સો તો પાવો ॥૧૩॥ તબ સોદાગરને સલામ કર કર : નબીસું કહા સહી : ખુદાકે તમ રસુલ સાચે : બાત કહું માંનો અહીં ॥૧૪॥ બહોત માલ મેરે પાસ હે : સુમાર નહી એતા સહી : ખુદાને મીજે એતા દીયાહે : પારતો આવે નહી ॥૧૫॥ સુણો નબીજી રસુલ સાચે : મેરા બેટા ગયા આવે નહી : ઈસ બેટે બતીકા ખુન લેઉ : નબીજી સુણો સહી ॥૧૬॥ ઐસા ચાહાવા મુજકું : ઈયા નબીજી મેં કહું : નબી બોલ્યા સુણો સોદાગર : મદીનેમેં મેં રહું ॥૧૭॥ રોમકા જો પાદસાહા : ઉસથી મીલના મીજે નહી હુવા : ઉસ કાફીરસેં હમ નહી મીલતે : નબીજીને એસા કહા ॥૧૮॥ તબ સોદાગરતો પાઘડી પછાડે : રોણે લાગ્યા

જારજાર : ના ઉમેદમેં આંહાંસે હુવા : જ્યાં જાવું વહાં માર માર ॥૧૯॥ જે દીન દુનીયાંકા પાદશાહા : ના ઉમેદ ઉસસે હુવા : અબ ક્યાં જાવું ફરીઆદ કરને : સોદાગરને એસા કહા ॥૨૦॥ રોણે લાગ્યા જારજાર : સબહી બેઠે દેખા કરે : પછી તો સાહાઅલી બોલે : સલામ કર ઉઠે ખડે ॥૨૧॥ તબ નબીજીને પુછીયા : શાહાઅલીકુ તબસહી : ક્યા અલી તમ ઘર જાતે : તબ અલી બોલે તહી ॥૨૨॥ સુણો નબી સાચે પેગાંબર : તમ દીન દુનીયાકે પાદશાહા : સોદાગર વે સચ કહેતાહે : ફરીઆદ ઓર જાવે કહાં ॥૨૩॥ બે ઉમેદ તમસે હુવા : અબ ઉમેદ તમસેં ધરે : દો દીલાસા સોદાગરકું : કસરાંન રોમી ક્યા કરે ॥૨૪॥ કસરાંન રોમી જોરાવર હે : નવલાખ અસવાર સબહી : અલી બોલે સુણો નબીજી : ખુદા મેરા ગયા નહી ॥૨૫॥ જોર મેરા ખુદ રજાસેં : સુણો બાત સાચી કહું : સોદાગરકા બેટા માર્યા : ઉસકા લોહી પાડું હું ॥૨૬॥ યા અગરતો ઉસે મારૂં : ના મરેતો ક્યા કરૂં : મુસલમાન તો ઉસેમેં : લાવ કર જીવતા ધરૂં ॥૨૭॥ રોમકા જો સારા છેડા : ભાંગકર ટુકડે કરૂં : નહીતો જલાકર કરૂં ભસ્મ : કીસીસે મૈ ના ડરૂં ॥૨૮॥ રોમકા એક એક કાફીર : કીસીકુ છોડું નહી : કલમા કહે ઉસે છોડુ જીવતા : નહીતો સબ મારૂં તહી ॥૨૯॥ નબી મહંમદકા દીન સારા : સબમૈ જાહેર કરૂં : શાહાઅલીતો એસા બોલે : એસી બાતો દલ ધરૂં ॥૩૦॥ તબ સારે યાર અસાબે બોલે : શાહા સુણો એક બાત અહી : રોમકા બીડા તમહી ઝાલો : રોમ તુમને દેખી નહી ॥૩૧॥ પછી શાહાઅલી બોલીઆ : એ બીડાતો મૈને લીયા : નવલાખ અસવાર ક્યા કરે : એ કામ તો રબને કીયા ॥૩૨॥ પછી નબી બોલે સુણો શાહાઅલી : અગર જાતે હોતો ખુબહે : કુછ માગો તો નામ જાદી : લશ્કર માગો તૈયાર હે ॥૩૩॥ પછી શાહાને ઉઠ સલામ કીતી : સુણો નબીજી સાચ કહું : ખુદકાર મેરી નામ જાદી : મેં તો બાત ઈતની કહું ॥૩૪॥ દુવા માંગતે રહીઓ ખુદાસે : નબીકુ ઈતના કહા : પાઉ પડી ચલે શાહાઅલી : બહાર જાકર ડેરા દીયા ॥૩૫॥ ખીમર ગુલામકુ સાથ લીયા :

બહોત પ્યારા સબસે : નવ હરમા કા દુધ પીલાયા : બહોત પ્યારા તબહે ॥૩૬॥ વે ખીમરકુ શાહાને કહા : પુતતેં તૈયારહો : ઊંટ તેરા તુમ સમારો : સાહાકા ઐસા પ્યાર હે ॥૩૭॥ સુણો ખીમર દુલ દુલ મેરા : તૈયાર તમતો કીજીઓ : ઘોડે પરતો જીન ધરીઓ : ચલણેકા અબ કીજીએ ॥૩૮॥ શાહાકી સલે બક્તર લીધા : સલીંતા એક ઊંટકા : ઉસમે દેગ ચમચા ધરીઆ : પકાણેકુ સાથ લીયા ॥૩૯॥ કુછ એક ચાવલ કુછ એક મેદા : પકાણેકુ સાથ લીયો : પછી શાહા અસવાર હુએ : ખીમર દોનું આપહો ॥૪૦॥ નબીસાહેબ સબ અસાબે : પોચાણે આએ સબી : કબ્રસ્થાનમેં ફાતીઆ પડીઆ : ચલણેકા કીયા તબી ॥૪૧॥ તબ શાહઅલીતો યું બોલે : ઈસ જગા જબ આએંગે : તબ આકર પડું ફાતીઆ : નહીતો સફર ફેરા જાએગા ॥૪૨॥ ઈતના કહે કર ચલે બાટું : પછી બાટએ રોમકી : નવ ખાણા નવ પાણી : ચલે જાવે ધુમ સી ॥૪૩॥ કદમ પર કદમ ધરેને : ખુદાકી જકર કરે : જંગલકે તો મેવે ખાવે : ખુદકુ તો દલમેં ધરે ॥૪૪॥ સાતમા દીવસ હુવા : તબ એક કોટ દેખા અપને : બડાકોટ અજીમ દેખા : ખીમરને પુછા બાપને ॥૪૫॥ એ બાવા એકોટ કેસા : ઉસ નીચે નદી ચલે : શાહા કહે સુણો બેટા : અબ ચલો એકોટ તળે ॥૪૬॥ ચલતે તો ઘસીઆરા દેખે : ઘાસ કાટે વહાં સહી : કઠીઆરા તો કાઠી ચીરે : ખીમરકુ કહ્યા સહી ॥૪૭॥ ઘસીઆરેકુ પુછો ભાઈ : કોંણ શહેર એ નામહે : ખીમરને જઈ પુછી યારે ઘસીઆરે સેં કામહે ॥૪૮॥ કહો ઘસીઆરા કોણ શહેર હે : તબ ઘસીઆરા બોલીઆ : સુણો મુસાફર કહુ સાચી : શહેર તો એ રૂમીઆ ॥૪૯॥ તબ ખીમર બોલ્યા સુણોભાઈ : કોણ પાદશાહા હે શહેરકા : કોણ ઉસકા નામ કહીએ : શહેર બસ્તી લહેરકા ॥૫૦॥ તબ ઘસીઆરા બોલીઆ : પાદશાહા રૂમીકસરાંન હે : ખીમરને જઈ કહ્યા શાહાકું : શહેરતો રૂમસાંન હે ॥૫૧॥ તબ શાહાનેતો ઘોડા ચલાયા : શહેરમે તો આયા સહી : તબ સોદાગરકી શરા આવી : શાહાતો ઉતરે વાંહાં જઈ ॥૫૨॥ તબ શાહાને દેખીઆ : સબ કરે તૈયારીયાં

: માંહે માંહે કરે બાતાં : જીસકુ જેસી પાઈયાં ॥૫૩॥ સુભાકી રૂમકી શાહાજાદી : આવેંગી મેદાંનમે : સબકુ પુછેગી કેસી : બાતાં કરેએ સાંનમે ॥૫૪॥ ઓર કહેંગી ફલાંણા અમકડા : ક્યાંસે તું આયા સહી : એસી એસી કરે બાતો : શાહાને પુછ્યા તહી ॥૫૫॥ કહો ભાઈઓ ક્યાં તૈયારી : હોતીહે તમકી : ક્યાં ચલો તૈયાર હોકર : હમકું કહીએ અબહી ॥૫૬॥ કહે **બુદરદીન** સાચી વાતો : જ્ઞાને વાતો એ કથી : વળી કહીસું જ્ઞાને ભાંખી : સાંભળજો સર્વે સતી ॥૫૭॥ કુલ પટોરાં : ૨૮૬:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૧૦ મું :

(દસમા અવતારની વાંસ છે :)

સર્વે તૈયાર થયાછે જે : શાહા આદમીને પુછે છે તે ॥૧॥ તે આદમીએ બધી વાતજ કહી : સુણો ખુદકાર સંભળાવું સહી ॥૨॥ અહીંનો પાદશાહા કસરાંન રોમી સહી : ઉસકી બેટી હેંગી અહી ॥૩॥ તે તરકસ બંદીમાં બહુ બળવંત : તેના બળનો ના આવે અંત ॥૪॥ કોણ પહેલવાન કોણ લશ્કરી હારીઆ : ભલભલા શાહાજાદા એણે મારીઆ ॥૫॥ તે શાહાજાદા ઓરતને લોભે લલચાયા જે : સર્વે મારી લીધાતે ॥૬॥ સર્વેને પછાડી નાખ્યા સહી : જેમ ધોબી કપડાં ધોવે તહીં ॥૭॥ એવું જોર કહ્યું ના જાય : ભાલાની સાધના કેવી કહેવાય ॥૮॥ તલવારની સાધના ગુરજની સાધના જેહ : તરકસ તીરની સાધના કહીએ તેહ ॥૯॥ જે તરકસ બંદી સાહેબે એને આપી છે ખરી : તેથી ભલભલા મરદ જાય છે મરી ॥૧૦॥ તેવી તરકસ બંદી કોઈ મરદને સાહેબે આપી નહી : તે માટે એને કોણ જીતે અહીં ॥૧૧॥ ગળાનો શબ્દ કહીએ જે : વળી જોરાવર કહીએ તે ॥૧૨॥ ખુબ સુરત કહી ન્રા જાય : જેવી મોહપરી કહેવાય ॥૧૩॥ જેવી મુસ્તરી તારો હોય જેહ : હુરાંપરીથી અજબ તે ॥૧૪॥ હુરાંપરી ચંદ્રમા સુર : એવા મોકા કહીએ નુર ॥૧૫॥ જેમ મુસ્તરી તારો ફરે : એવી જ્યોત કળા ધરે ॥૧૬॥ એવી

સુરત સાહેબે આપી છે સહી : એવી ખુબસુરત દુનીયામાં નહી ॥૧૭॥ જે કોઈ દેખે તે અજબ થઈ રહે : પોતાની અક્કલ કરી દેખાડે તેહ ॥૧૮॥ જે કોઈ આવી મુજસેં લડે : વે ઓરત તો યુંકર કહે ॥૧૯॥ ઉસકી જયાફત મેં જોકરૂં : જે વે કહે સોસીર ધરૂં ॥૨૦॥ જે કોઈ તરકસ બંદીમે મીજે જીતે જે : ઉસ મરદકું કબુલ કરૂં તે ॥૨૧॥ મેરા મરદ સોહી આપ : અવર મરદ સો ભાઈ ઓર બાપ ॥૨૨॥ એ મરદે સઘળી વાત સાહાની આગળ કહી : શાહાતો સાંભળીને અજબ થયા તહી ॥૨૩॥ એ રબ સુભાન પરવરદીગાર : એ કેસી ઓરત કીતી રે સાર ॥૨૪॥ એવી ઓરત મરદાંની પેદા કરી : ત્યારે શાહે મનમાં લાલચ ધરી ॥૨૫॥ એ ઓરતને એક નજરે દેખું સહી : એ વાત સાંભળતાં રાતજ થઈ ॥૨૬॥ ત્યારે શાહા ખાણું ખાઈને તૈયાર થયા : ખીમરે ખાણું ખાઈને દુલ દુલ સમારીઆ ॥૨૭॥ ઘાસ દાંણો નાખી આસુદો કર્યો : રાત પડી મનસુબો ધર્યો ॥૨૮॥ રાત પડી સબ સુતે લોક : શાહા કરે જકરને મનમાં ધોક ॥૨૯॥ બધીરાત ઉભા બંદગી કરી : ચાર પહોર એવી બંદગી આદરી ॥૩૦॥ સવાર થઈ સૌ જાગ્યા જે : નીમાજ બંદગી કરે છે તે ॥૩૧॥ શાહે વજુ કરી સવારની નીમાજ જે કરી : વળી પાછી જકર આદરી ॥૩૨॥ ત્યાં સુંદર ખીમરે ખાંણું કર્યું તૈયાર : તે શાહે ખાંણું ખરચ કર્યું તેવાર ॥૩૩॥ એવામાં ઢોલ દદાંમો નફેરીઓ વાગવા લાગી સહી : શહેરમાં સોરપડો છે તહી ॥૩૪॥ શહેરના આદમી દોડી જાવા લાગ્યા તહી : ત્યારે એક આદમીને શાહે પુછ્યું સહી ॥૩૫॥ અરેભાઈઓ આદમી કહીં કહીં દોડી જાય : ત્યારે આદમીએ કહ્યો શાહને મહીમાય ॥૩૬॥ હમારે પાદશાહાકી બેટી મેદાનમેં નીકલીહે આજ : લડાઈ કરે ભલી શાબાશ ॥૩૭॥ મુલક મુલકકે શાહજાદે આયે સહી : તેસબકુ ઉઠા ઉઠા પછાડેંગી તહી ॥૩૮॥ ઐસા મરદ કોઈ નહી હે આજ : ઈસ ઓરતકુ જીતે શાબાશ ॥૩૯॥ ઈસકી સરીઅત હે સહી : તરકસ બંદીમાં મીજે જીતે અહીં ॥૪૦॥ ઉસે કબુલ કરૂં મેં આજ : સુણો સાહેબ એ ઓરત શાબાશ ॥૪૧॥ પછી સાહે કહ્યું

ખીમરને તહીં : સલેબકતર લાવોને અહીં ॥૪૨॥ યુકેકા તમાસા દેખો જઈ : શાહે સલેહાં પહેની તહીં ॥૪૩॥ તૈયાર હોકર ઘોડે ચઢે : સાહેબ ગુલાંમ દોનું નીકલે ॥૪૪॥ મેદાનમાં જાકર ખડે રહે આપ : જે કોઈ દેખે સુરજ જેસા તાપ ॥૪૫॥ તબ સાહાજાદીને ઘોડા મેંદાનમે નાખીઆ : સીરપરકા બુરખા ઉંચાલીયા ॥૪૬॥ તબ જૈસા બાદલમાંથી નીકલા ચાંદ ઓર સુર : એસા મોંકા કહીએ નુર ॥૪૭॥ બુરખો ઉંચો કરીને તલવારની સાધના કરે છે તે : તીર તલવાર ફેરવે છે એ ॥૪૮॥ પછી ભાલો ઓરતે લીધો હાથ : ઘણી વાર ફેરવ્યો તે સાથ ॥૪૯॥ પછી ગુરજની સાધના કરવામાંડી જે : ઘણીવાર ફેરવીઓ તે ॥૫૦॥ કંઈ કંઈ હંદર દેખાડે સહી : કંઈ કંઈના શાહાજાદા લરજ્યા તહી ॥૫૧॥ કંઈ કંઈ શહેરના ચાલી આવ્યાતા જે : ઓરતનો હંદર જોઈ મુસ્તાદ હુએતે ॥૫૨॥ અરે ભાઈઓ એ ઓરત મરદાની હાલે ઘડી છે ખરી : એની સુરત જોઈને ગયાછે મરી ॥૫૩॥ તે ઉભા ઉભા દેખ્યા કરે : શાહાજાદીના મેદાનમાં કોઈના નીકલે ॥૫૪॥ શાહાજાદી હાંકો મારવા લાગી સહી : મુખથી એવું બોલી તહી ॥૫૫॥ મુજ હનીફાસુ કોણ લડનેસે આયે આજ : ઉસકા મોં દેખું શાબાશ ॥૫૬॥ પણ શાહાજાદીસુ લડને કોઈના જાય : સર્વે જોઈને અથાક જ થાય ॥૫૭॥ ત્યારે શાહાઅલી બોલ્યા તે વાર : કોણ પહેલવાનથી લડીએ અપાર ॥૫૮॥ કોણ લશ્કરીથી લડીએ આજ : હમ કદી ઓરતથી લડીઆ નહી આજ ॥૫૯॥ પછી શાહને કહ્યા એ ઓરતકી મરદાની દેખુ સહી : શાહકી પાસ દો તલવારો તહી ॥૬૦॥ એક તલવારકા નામ જુલફોકાર : જીસે મારા ચહાવે ઉસકે ઉપર ડાલે વે તલવાર ॥૬૧॥ દુજી તલવારકા નામ સમસામાં સહી : જીસે ઉગારા ચાહાવે ઉસપર વે તલવાર નાખે તહી ॥૬૨॥ પછી ખુદાને વાધને ઘોડા મેદાનમેં નાખીઆ : ઘોડા નચાતે નચાતે શાહજાદી આગે ચાલીઆ ॥૬૩॥ શાહજાદી દેખી અજબ જો થાય : કોણ કોણ લશ્કરી મુજ સાંમી આએ ॥૬૪॥ ઉંચે એ લંબે ગજ તીસ : કોઈ લશ્કરી ગજ ચાલીસ ॥૬૫॥ કોઈ લશ્કરી પચાસ ગજ ઉચા

સહી : કોઈ લશ્કરી સાઠ ગજકા તહી ।।૬૬।। એસે એસે રાવત બડે હે જે : સો મેરે ડરકે વાસતે નહી આતે તે ।।૬૭।। અને એ આતાહે સો જીનમે બેઠા માલમ નહી પડતા : આતા હે પણ મુઝસે નહી ડરતા ।।૬૮।। સાડાસાત ગજકા રાવત હેંગા સહી : સો મુજને લડને આવતા હે અહીં ।।૬૯।। પણ શાહજાદી દીલમેં એસાધરે : કીસીકી બાત કરણેકુ આયા કરે ।।૭૦।। એતો ઠીંગણા રાવત પણ તરકસ બંદી સહી : એ ખુદાકા વાઘ મુસ્તફાકા દામાદ તહી ।।૭૧।। શાહે ઘોડો ચલાવ્યો સહી : શાહજાદીના સામા જઈ ઉભા રહ્યા તહી ।।૭૨।। કહે **બુદરદીન** દીનના દીન : અમે ઘોડે એમ કરીસું જીન ।।૭૩।। કુલ પટોરા ૩૫૯ :

: શ્રી સતગોર સહદેવ વાચા જ્ઞાન ૧૧ મું :

(બુધા અવતારની વાંણ છે :)

શાહે ઘોડો ચલાવ્યો સહી : શાહજાદી ઉભી છે તહી ।।૧।। ત્યારે શાહજાદી બોલીતે વાંણ : મદના બાંધ્યા કેમ આવ્યો અજાણ ।।૨।। દેખતા નહીંતું કોણ અસવાર : મીનારા જેવા ઉભા છે અપાર ।।૩।। તે ઉભા ઉભા જુવે છે સહી : કોઈની હાંમતો ચાલે નહી ।।૪।। મારે મેદાંનમાં આવે જે : હાર પાંમીને જાવે તે ।।૫।। સાચા કહે તું કોણ અસવાર : તું નહી જાણતા મેરા પાર ।।૬।। મેં હનીફા તરકસ બંદી સહી : મને કોઈ જીતે નહી ।।૭।। મારી સુરત જોઈ તું જીવ ક્યાં ખુવે : સર્વે લોક તુંજ સામું જુવે ।।૮।। અરે પરદેસી તું છે અજાણ : હજુ જીવતદાન આપું નીરવાણ ।।૯।। ત્યારે શાહા હસીને બોલ્યા તહી : અરે દીવાંની તું જાણે નહી ।।૧૦।। તને જીવતદાન આપું અજાણ : તને પકડી બાંધુ હુ સુંજાણ ।।૧૧।। તારાં બાપને મુસલમાન કરૂં : નવલાખ અસવાર એક હાથે ધરૂં ।।૧૨।। તે સૌને કરૂં મુસલમાન : તું મુજને ન જાણે અજાણ ।।૧૩।। શાહજાદીતો ખીજે અપાર : ત્યારે ત્યાંતો બોલીનાર ।।૧૪।। કોણ તમારૂ નામ અસવાર : વણ નામે કેમ મારૂં હુંનાર ।।૧૫।। ત્યારે હસી કરી શાહા બોલ્યા તહી : સૌને મારે જીવાડે સાહેબ સહી

॥૧૬॥ તું શું મારે ઘેલીનાર : કેવી મરદાંની છે અપાર ॥૧૭॥ એક હુમલો કર મુજપર આજ : તું કેવી મરદાંની છે શાબાશ ॥૧૮॥ ત્યારે હનીફા બોલી તહીં : પહેલો હુમલો હું કરૂં નહી ॥૧૯॥ ત્યારે શાહાઅલી બોલ્યા સુંજાણ : વરસ સુધી ઉભી રહે નીરવાંણ ॥૨૦॥ પહેલો હુમલો હમે ના કરૂં : એવી વાતો મનમાં ધરૂં ॥૨૧॥ ત્યારે શાહાજાદી ખીજી અપાર : તે ઘડી કાઢી તલવાર ॥૨૨॥ ફેરવે તલવાર મરદાની જે ભલાભલા રાવત શું ફેરવે તે ॥૨૩॥ સારી પેઠે ફેરવી જે : શાહાની ઉપર નાખી તે ॥૨૪॥ શાહે વંચાવી લીધી સહી : સહી સલામત રહ્યા તહીં ॥૨૫॥ ત્યારે શાહજાદીએ જાણુ તહીં : એ પણ મોટો રાવત સહી ॥૨૬॥ પછી શાહાઅલી બોલ્યા તેવાર : સુણો સાહજાદી કહું વીચાર ॥૨૭॥ જેવો હુમલો પહેલો કર્યો : તેતો અમે દલમાં ધર્યો ॥૨૮॥ એ બે હુમલા બીજા કરો : હું નહી હારૂં દીલમાં ધરો ॥૨૯॥ ત્યારે શાહજાદી પુછે તે વાત : તું કોણ લશ્કરી દાવેદાર ॥૩૦॥ સાચા કહે ક્યાં તેરા નામ : મીજે કહેતું તેરા ઠાંમ ॥૩૧॥ ત્યારે શાહાઅલી બોલ્યા સુજાણ : મેરા નામ ખુદાકા વાઘ તું જાણ ॥૩૨॥ શાહાઅલી મુરતુજા મેરા નામ : અબ તીજસે મીજે પડીયા હે કામ ॥૩૩॥ ત્યારે બીબી હનીફા બોલ્યા સહી : તું કોણ અલી તે કહીએ અહીં ॥૩૪॥ એક અલીતો કહીએ જે : ખૈબરના દરવાજા ઉપાડ્યા તે ॥૩૫॥ જે કમાડે સાઠમણ લોઢું જડ્યું : તે કમાડ અલીએ ઉપાડીયું ॥૩૬॥ એ દરવાજાનો એવો સમાર : કહેતાં ના આવે તેના પાર ॥૩૭॥ ત્યારે શાહાઅલી બોલ્યા જે : કમાડમેં ઉપાડ્યું તે ॥૩૮॥ વળી શાહજાદી બોલી જે : અલી સાંભળો કહીએ તેહ ॥૩૯॥ જેણે અબાબીલ ઉતાર્યા સહી : કુવામાં તે નર તહી ॥૪૦॥ એંસી હજાર દેવ તેણે મારીયા : એવાં કામતે અલી એ કીયાં ॥૪૧॥ ત્યારે શાહાઅલી બોલ્યા સુ જાણ : તેપણ માર્યા અમે નીરવાણ ॥૪૨॥ વળી શાહજાદી બોલી જે : જમલા જાંગીર માર્યા તે ॥૪૩॥ ત્યારે શાહે કહ્યું જે અમે મારીઆ : ભલભલા અમથી હારીઆ ॥૪૪॥ વળી સાહજાદીએ પુંછ્યુંતે વાર : સુણો અલી કહુવીચાર ॥૪૫॥ આ

સરસાલબેદ કોણે મારીઆ : શાહે કહ્યું હમે મારીઆ ॥૪૬॥ વળી શાહજાદી પુછે જે : એક લાખ ગઢ ફત્તેહ કીયા તે ॥૪૭॥ ત્યારે શાહાઅલી બોલ્યા તે અમે તે જાણ : એક લાખ ગઢ ફતેહ કર્યા નીરવાંણ ॥૪૮॥ ત્યારે શાહજાદી પુછે છે તહીં : સલેહનનો હંદર તુજમાં છે કે નહી ॥૪૯॥ ત્યારે શાહે કહ્યું તેવાર : ખુદાની નાલતી તુજપર અપાર ॥૫૦॥ સલેહંગરી શું તુજમાં સહી : બાકી બીજામાં હસે નહી ॥૫૧॥ ત્યારે શાહજાદી બોલી તેવાર : તમારૂં કદ ઊંચુ હું જાણતી અપાર ॥૫૨॥ એવાં કામ હુંતો અલી જાણતી : અલીનું કદ મોટું પીછાણતી ॥૫૩॥ અલીનું કદ હજારગજ હશે : તેથી ઓછું પાંચસે ગજ થસે ॥૫૪॥ ચારસે ત્રણસે બસેં ગજ હશે : તેથી ઓછું સોગજ થસે ॥૫૫॥ સાઠ પચાસ ચાલીસ ગજ જાણ : પણ અલીતો દીઠા સાડાસાત ગજ પરમાણ ॥૫૬॥ સાડાસાત ગજના અલી મને કેમ જીતસે : હું તો જાણતી એથી શું થસે ॥૫૭॥ એંસી નેવું ગજના રાવત ઉપાડી લીધા જે : જેમ પાણીના ઘડા ઉપાડ્યા તે ॥૫૮॥ એવી તરેહ ઉપાડ્યા મેં : શાહજાદીએ કહ્યું તે ॥૫૯॥ સુણો અલી તું તેરા જાણ : તેરી જાતકા ભરોસા હે નીરવાણ ॥૬૦॥ તોતું મુજ સાથે લડજો સહી : નહીતો મસ્તક કાપું અહીં ॥૬૧॥ ત્યારે શાહાઅલી બોલ્યા શું જાણ : તે એક હુમલો કર્યો પરમાણ ॥૬૨॥ તેતો તું જાણે છે સહી : હવે બે હુમલા તું કરને અહીં ॥૬૩॥ જેવું જોર તુંજમાં હોય : તેવું જોર તું કાઢી જોય ॥૬૪॥ પછી બીબી ખીજી જે : તલવારની સાધના કરીતે ॥૬૫॥ જેટલું જોર હતું તનની માંહે : તે જોર સર્વે કહાડ્યું ત્યાંય ॥૬૬॥ શાહા પર ઝટકો નાખ્યો તેવાર : બીબી જાણે મેં માર્યો ઠાર ॥૬૭॥ શાહા સહી સલામત ગયા નીસરી : બીબીતો સુધ બુધ સઉ ગઈ વીસરી ॥૬૮॥ વળી બીબી ખીજી અપાર : ત્રીજો ઝટકો નાખ્યો તેવાર ॥૬૯॥ બહુ જોરથી નાખ્યો સહી : ત્રણ હુમલા રદ કર્યા તહીં ॥૭૦॥ એ શાહજાદીનું એવું જોર : પહેલે હુમલે માર્યા સબ કોઈ ॥૭૧॥ બીબી દીલમાં કહે છે એવું : છે ઠીંગણો પણ જોર છે કેવું ॥૭૨॥ કહે ***બુદરદીન*** કહે છે એવું : આગળ જોર

કરીશું તેવું ॥૭૩॥ કુલ પટોરાં ૪૩૨ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૧૨ મું :

(સેદખાન સાહેબ આવોને ઘેર મારે : તે વાંણ છે :)

સુણીએ વાતો બીબી હનીફાની :ઢાળ: પછી શાહાઅલીએ પુછીયું રે : કહે હનીફા મુજકું : કેતેક હુમલે તુને કીએરે : પણ સાન ના આવે તુંજકું ॥૧॥ તીન હુમલે કીએ મૈંને : હનીફા કહે શાહોકું : અબ તીન હુમલે તુમ કરો રે : મૈં બી બુઝુ તમકું ॥૨॥ ત્યારે શાહાઅલી બોલીઆ રે : સુણો હનીફા બાત કહું : એક હુમલા મેરે ખુદાકી દોસ્તી : બકસીઆ મૈને સહુ ॥૩॥ દુજા હુમલા બકસીઆ મૈને : આખરીત જમાનેકે જે નબી : ઉસકી દોસ્તી બકસીઆ રે : એ બાત તો સુણો અબી ॥૪॥ કહે હનીફા બાત સાચી : એકતો મેરા ખુદા : દીન મેરા એક કહીએ : મેરા હુમલા એક સદા ॥૫॥ શાહેતો સમસાંમ કહાડી : તલવારનું જે નામ છે : શીર પર ફેરવી કરે હંદર : શાહાતો એવા પહેલવાન છે ॥૬॥ તરેહ તરેહના કરે હંદર : શાહા હમજાના સાગરીત છે : હમજા એવા પહેલવાંન કહીએ : દીલ ધરે તેને આખરીત છે ॥૭॥ હમજા સાગરીત કોના કહીએ : જબરાઈલ જેનું નામ છે : શાહા હંદરતો કરે એવા : બીબી જુવે જોર કેમ છે ॥૮॥ ત્યારે બીબી કહેવા લાગી : દાવેદારતો સબ હે : પણ મુજ ઉપરતો આએ સબી : એ દાવેદાર અબ હે ॥૯॥ નવલાખ અસવાર રોમના : સર્વે તે અચરત થયા : બીબી ગાભરી સરખી દીસે : પણ જીવ જાગે રાખીઆ ॥૧૦॥ શાહે હુમલો કર્યો એવો : સંભાળી સંમસાંમને : પણ શાહ જાણે જે એને રખે વાગે : શાહા કરે પોતાના નામને ॥૧૧॥ તેથી શાહે ઝટકો ના નાખ્યો : તલવાર રાખી હાથે સહી : શાહે દલમાં એવું ધાર્યું : એને ઉપાડી લેઉ તહી ॥૧૨॥ ત્યારે બીબી દલમાં સમજી : રખે ઉપાડી મુજને લે : શાહા જાણે એની કમર પકડું : બે જણ એવું જોર કરે ॥૧૩॥ પણ કોઈ કોઈને

ઉપાડી નવ શકે : જોરકરતાં બેજણ હાંફીઆં : પછી બે જણ અળગાં થયાં : પણ સર્વે દીલમાં કંપીઆ ॥૧૪॥ પછી શાહાતો ખીજીઆ : તલવાર બે કાઢી તહી : પણ હનીફા શું લડે કેવા : સર્વે સફાયત કરે તહી ॥૧૫॥ લડતાં લડતાં રાત થઈ છે : પછી બીબી બોલી સહી : શાબાશ અલી કાને સુણીઆ : સો નજરે દેખા અહી ॥૧૬॥ તેથી ચાર ચાસણી અદકી દીઠી : શાબાશ અલી ધન્ય તુજને : વિશ્રામ સાહેબે રાત સરજી : હવે રજા આલો મુજને ॥૧૭॥ જાવો અલી અપને ઠેકાંણે : આસુદે હો તમહો : બલકે આપણે કલ લડેંગે : સુબહ આએંગે હમ હરે ॥૧૮॥ ત્યારે શાહા બોલ્યા ખુબ શાહજાદી : બે જણતે પાછાં ફર્યા : શાહજાદી પોતે મહોલે ચાલી : શાહે શરા મધ્યે પ્રયાણ કર્યા ॥૧૯॥ લશ્કરી સર્વે કહેવા લાગ્યા : શાહાના આગળ વાત જે : એ ઓરતથી કોઈના પુગે : તમ પુગે અજબ તે ॥૨૦॥ જેતા લડે તમ દોનું : દસલાખ અસવાર ક્યા કરે : વેભી ઓરતને મારે હોવે : તુમ મરદ ભલા દલધરે ॥૨૧॥ પછી ખીમરને આપ શાહો : આએ અપને ઠાંમ પર : ખાણે પીણેકા કરે ખીમર : સબ શાબાશી દે નામ પર ॥૨૨॥ ખીમરને ખાંણા પકાયા : શાહા મોં હાથ ધોકર બેઠા સહી : વે ખાંણાતો ખરચ કીયા : પછી નીમાજ પડને બેઠે તહી ॥૨૩॥ અબ શાહાજાદીકી બાત સુણીએ : ચારસો બાંદી સહી : તે સાથે મહોલે સધારી : ઉતાર્યાં હથીઆર તહી ॥૨૪॥ માથે નાહીં કપડાં પહેર્યાં : ખાંણુંતો માગ્યું તહી : એવામાં શાહા યાદ આવ્યા : ખાંણું તૈયાર કીધુ તહી ॥૨૫॥ મેદા કેરા થેલા ભર્યા : ચોખા કેરા પોટલાં : ઘીના ઘડાતે બહુ ભર્યા રે : સાકરના વળી કોથળા ॥૨૬॥ કોથળા લઈ ગાડે ભર્યા : ઘી ઘડા ભોઈએ ઉપાડીઆ : ચાર ખવાસણી સાથે ચાલી : શાહા ભણીતે ચાલીઆં ॥૨૭॥ પાંનનીતો છાબો ભરી છે : ફુલની વળી ડાળીઓ : સર્વે સાથે લઈને ચાલી : સર્વે નજરે ભાળીએ ॥૨૮॥ પુછતી પુછતી ત્યાં જો ચાલી : શાહાઅલી ઉતર્યા ત્યાં સહી : ખવાસણી લઈને આવી : શાહા બેઠા હતા ત્યાં તહી ॥૨૯॥ શાહાઅલી બેઠા નીમાજ કરતા : બાંદીયો અજબ

થઈ : ખીમરે ત્યાં પૂછયું રે : બાઈ ઓરત તમ જાતે કહી ॥૩૦॥ હમ ખવાસણીઓ શાહજાદી કી : ખાંણા ભેજા તમકને : જે અલીને આજ ઝગડા કીતા : સારા દીવસ અમ કને ॥૩૧॥ ઉસે ખાંણા ભેજીઆ હે : શાહજાદીને તમકું : પછી શાહાતો બોલીઆ રે : એ ના ભાવે હમકું ॥૩૨॥ અરે બહેનો હમને ખાંણા ખાયા : એ ખાંણા પીછા લીજીએ : તબ શાહજાદીકી બાંદી બોલી : એ ખાંણા હમ ક્યા કીજીએ ॥૩૩॥ નારે ખુદકાર રખના ચાહીએ : શાહા બોલ્યા ક્યા કીજીએ : એ ખાંણા હંમ નહી રખેંગે : તમતો પીછા લીજીએ ॥૩૪॥ બાંદીએ એક નફર ભેજા : આપસકી બીબી કને : જવાબ કરાવ્યો શાહજાદીને : ખવાસણીએ તેસમે ॥૩૫॥ એ પરદેસી ખાંણા નહી રખતા : ત્યારે શાહાજાદીએ શું કર્યુ : ભલ ભલા આદમી સાથે કહાવ્યું : તોએ શાહે ના દીલ ધર્યું ॥૩૬॥ પછી શાહાઅલીતો બોલીઆ રે : તમ કાફીરનું કેમ લીજીએ : અમેતો મુસલમાન સાચા : એ ખાંણા શું કીજીએ ॥૩૭॥ જબ શાહજાદી મુસલમાન હોવે : તબ ખાણા એ ખાવે સહી : ત્યારે ખવાસણીઓ પાછી ફરીને : શાહજાદી પાસે ગઈ ॥૩૮॥ સુણો બીબી એ પરદેસી : બુરે બોલ બોલે સહી : કીસીકા કહ્યા ના માન્યા : ખાંણાતો રાખ્યા નહી ॥૩૯॥ તબ શાહાજાદીતો ખાંણે બેઠી : અંદેસવાન તે થઈ રહી : શાહજાદીના મા બાપ પુછે છે : આજ દીલ કેમ ઉંચા સહી ॥૪૦॥ રોજ ઝગડા કર કર આતી : તબ હસતી બોલતી હમસું : આજતું અનમાંની કાહે : હમ પુછે તમસું ॥૪૧॥ અરે બેટી અંદેસવાન ક્યુ હુઈરે : તબ શાહાજાદી બોલી તહી : કુછ નહી બાવા અંદેસા કૈસા : આજતો ઐસા સહી ॥૪૨॥ કસરાંન રોમી ક્યા કરે સો : બેટી પ્યારી બહોત હે : હજાર અસરફી રોજકી રે : બેટી ઉપર વારે તેહ ॥૪૩॥ બેટી હનીફા સુરત સારી : નજર કીસીકી ના લગે : તે ફકીરોને રોજ આપે : એવુંતો દીલમા ધરે ॥૪૪॥ એમ કરતાં રાત ગુજરી : વાંહાણું વાયું તે સમે : સુરજના પ્રકાસ પડીઆ : મુસલમાન બંદગી કરે ॥૪૫॥ શાહાઅલીતો વજુ કરી :

નીમાજ ગુજારી ત્યાં સહી : ખીમરે ખાણું પકાવ્યું : ખરચ કર્યું ત્યાં તહી ॥૪૬॥ ઘોડો સમારી જીન કીધું : લગામ ધાલી તૈયાર કર્યો : ત્યાં તૈયારી શાહજાદીની : એવો સંચકાર ત્યાં ધર્યો ॥૪૭॥ સલે બક્તર પહેરી શાહજાદી : ચારસો બાંદી સાથે ચડી : મેદાંનમાં તે આવી ઉભી : એક એકથી આલે ખડી ॥૪૮॥ બધા શહેરના લોક તમાસો : જોવાને ચાલ્યા સહી : તે સમયે તો શાહાઅલી આવ્યા : સલે બક્તર પહેરી તહી ॥૪૯॥ મેદાંનમાં તે આવીઆ ને : શાહજાદી સામું ઉભા રહ્યા : ત્યારે બીબી કહેવા લાગ્યાં : સુણો અલી મેને કહા ॥૫૦॥ કલ અપણે તલવારૂં લડે થે : આજ લડે ગુરજ સે : શાહાઅલી કહે ખુબ અચ્છા તમ કહો એ બાત બસે ॥૫૧॥ શાહજાદીએ ગુરજ લીધો : વળી અલીએ લીધો કર ધરી : બીબી ગુરજ જોરથી મારે : નસંખ ખેલે મન કરી ॥૫૨॥ શાહાઅલી એના અસક થી : હલકેથી મારે સહી : રખે એને ગુરજ વાગે : એવી રમત ત્યાં થઈ ॥૫૩॥ બધું લશ્કર ઉભું જુવે છે : શાબાશી ભલી થઈ : એવી રીતે લડે લડાઈઓ : બેમાં કોઈ હારે નહી ॥૫૪॥ લડતાં લડતાં રાત પડી : શાહજાદી મહેલે ગઈ : શાહા પોતાને ઠેકાંણે આવ્યા : શાબાશી સૌ માં થઈ ॥૫૫॥ ત્યારે બીજે દીવસે ખાંણું મોકલ્યું : તેપણ શાહે ના રાખીયું : તેતો સર્વે પાછું વાળ્યું : ખાંણા સામુ ના જાંખીયું ॥૫૬॥ કહે ***બદરદીન*** સાચી વાતો : વળી આગળ ભાંખીએ : આગળ લડાઈઓ એવી લડીએ : ખરા ખોટાને સાંખીએ ॥૫૭॥ કુલ પટોરાં :૪૮૯:

: ફાતીઆની દવા :

બરકત બીસમીલા હીર રહેમાન નરહીમ : હે જબરાઈલ : નજરેરૂ : કસીરલફતું : નેજને : આજે દવાદે : ઈમાંમ ચારદે માસુમ : પાંચેતન પાક : અલખસુરવાએલ : વ જબરાઈલ પાક ઈમાંમ

હુસેનકા ફાતહે કલમો : જેમના નામનો ફાતીઓ પડવો હોય તેમનું નામ લેવું : દવા પાંચવાર ભણવી :

: વિદાયગીરીનું જ્ઞાન પ્રથમ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

વીરા સર્વે એતો વાધીયારે : તેના સુણોરે વીચાર :(આંચલી): *વીરા વજરહૈયાં તમ તણાં* રે॥૧॥ વીરા દાદા આદમતો વાધીયા રે : દાદી હવાં કહીએ એ : *વીરા વજરહૈયા તમ તણાં* રે॥૨॥ વીરા બીજો માફો વાધીયો રે : તેના સુણોને વીચાર : *વીરા વજરહૈયા તમ તણાં* રે॥૩॥ તેમાં નોહનબીએ વાધીયા રે : આલે સલાંમાએ જે : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૪॥ હવે ત્રીજો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં* રે॥૫॥ હવે મુસાકરીમ આપે વાધીયા રે : બીબી સફુરાં વાધ્યાં જે : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૬॥ વળી ચોથો માફો હવે વાધીયો રે : મધ્યે બીબીમરીયમ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે॥૭॥ હવે મીત્ર રોહીલા વાધીયા રે : બીબી પારસાંએ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૯॥ તેમાં ઈભરાંમખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણા* રે॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૧॥ વીરા તરણસેંને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે॥૧૫॥

ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણા રે* ॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયા તમ તણાં રે* ॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે : કરણ કલફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૨॥ વીરા તીરથ સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને ફરમાંન : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૭॥ વીરા પીર **બુદરદીન** બોલીઆ રે : હવે સર્વે આવ્યો અંત : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૮॥

: વીદાયગીરીનું જ્ઞાન બીજુ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

(ઉઠબંદા ક્યા નીંદે સુતા તે વાંણ છે :)

ઈમાંમના એ માફા વાધ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાધ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યા સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વે બેઠા : તેને અંતે પડસે શોક ॥૨॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાની માંહે : આ

જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહોને અમને ॥૩॥ ત્યારે ઈમાંમની એ મીજલસ માંહે : ખુદાનું ફરમાંન આવ્યું : જબરાઈલને લઈ મોકલીઆ : સર્વે ઉપર કહાવ્યું ॥૪॥ આ દસુરાંના દસ દનમાં : જે કોઈ દીલગીર થાસે : નયણા માંથી આંસુ પાડસે : હીસાબ વેળા બકસ્યા જાસે ॥૫॥ વળી બીજાં ફરમાંન આવ્યાં : ખુદજીનાં તે લાવ્યા : જબરાઈલ તો કહેવા લાગ્યા : તે ઈમાંમને મન ભાવ્યા ॥૬॥ દુનીયાં વીસે લોક થયા છે : હીંદુને મુસલમાન : તેના ઘરમાં ક્રોધ વ્યાપે : વળી દુખ મોટુ અસમાંન ॥૭॥ તે દુખે વળી આંસુ પાડે : નરને વળી નારી : અસુરાનાં દસ દનમાં : તે બકસો સુધાંમ ॥૮॥ વળી ઈમામની એ માહાતમ માંહે : શોક ધરીને ચાલે : દસ દન સુધી ક્રીયા પાળે : સર્વે દેવતા તેને નીહાળે ॥૯॥ દસ દનનો છલ્લો કરીએ : અસુરાનો કરસે : સર્વે જનસથી મન મારીને ચાલે : તે ટોળી ઈમાંમનીમાં ભળસે ॥૧૦॥ બોલ્યારે બાકરશાહા બળીઆ : જે કોઈના થાસો ગળીઆ : કહેર ક્યામત આવી પહોંચી : વેળાને આવ્યાં પરીઆં ॥૧૧॥

***

બીજો દિવસ

: શ્રી દરૂદ :

અલ્લાહોમે શ્રીઅલ્લા સૈયદના વલીઅલ્લા સૈયદના મહંમદદીન મુબારક નુરઅલી (દુવા પાંચ વખત ભણી ગાદીપર બેસવું : તથા દરેકે ભણી બેસવું :)

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - પહેલું

: શ્રી સતગોર સહદેવ વાચા :

પરથમ પહેલા સુણીએ મહારા : પુરવની એ વાત રે : સુરતા રાખીને સુણજો મારા મુનીવરોજી ॥૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : હસન મોટા ભાઈ રે : ફાતમા તોમાજી તેતો તેહુનાંજી ॥૨॥ નબીસાહેબતોનાંના કહીએ : સાહા અલીબાવા સોહી રે : પાંચેતન નો પરવેસ તે સહીજી ॥૩॥ તેમના તો એ વીચક સુણીએ : તેના કહું વીચાર રે : તેની સાંભળો તમે વારતાજી ॥૪॥ આદે તોનીપાવ્યા જ્યારે : નુરે નુર પઠાઆંરે : નુરમાંથી નુરએતો પરગટ્યાંજી ॥૫॥ જે દન નહોતા સ્વર્ગ પાતાળ : જે દન નહોતા તારારે : જે દન નહોતારે ચંદ્ર સુરજ સહીજી ॥૬॥ જે દન નહોતા પવન પાણી : જે દન નહોતો સંસાર રે : જે દન નોહોતારે પીર પેગાંબર ઓલીઆજી ॥૭॥ ત્યાર પહેલાં એ પાંચેતન કહીએ : સર્વે એનો આકાર રે : નુરથી નુર એતો પરવર્યા જી ॥૮॥ સર્વે એથી રચના કીધી : પવન પાણી જહરે જમીન આસમાન સરજ્યાં એ થકી જી ॥૯॥ નવસો નવાણું નદીયો કીધીં : સાત સમુદ્ર જેહરે : સર્વે આવેરે એતો તીરથ જી ॥૧૦॥ મુલાએકના તો માફા આવે : કટમ પરીવાર રે : અસુરામાં આવી એતો સાંભળેજી ॥૧૧॥ માટે એતો તમને કહું છું : સર્વે દેવતા આવે રે : અત્તર કસબોઈફુલ લઈ આવે સહીજી ॥૧૨॥ ઈમામની એ માતમ માંહે : સર્વે મુલાએક આવે રે : દરૂદ પઢીને સર્વે

બેસતાજી ॥૧૩॥ પાંચેતનના વીચક સુણીએ : જ્ઞાને સર્વે ભેદરે : અરથ ગ્રંથના એતો સાંભળોજી ॥૧૪॥ હુસેન એતો વીશ્નું કહીએ : હસન શીવ અવતાર રે : નબીના નવાસા એતો જાણજો જી ॥૧૫॥ નબી સાહેબ તો બ્રહ્મા કહીએ : મહા વીષ્ણુ અલી પોતે રે : ફાતમાં તો શક્તી એતો જાણજો જી ॥૧૬॥ તેમના પુત્ર જાણો ભાઈ : તે સીર કહેર રચાઆ રે : આલમનો ભાર લઈ અવતર્યા જી ॥૧૭॥ હુસેનઅલી આલવંશી : તેમણે લીધા કસરે : ઉમતનાં દુઃખ સર્વે ઉઠાવીઆજી ॥૧૮॥ ભુખ્યા તરસ્યા કેવા રાખ્યા : તોયના આવી મહેરરે : એવી જમાત તેતો કાફર સહીજી ॥૧૯॥ એમ કરતાં સાતદિન વીત્યા : અન્ન પાણી નહી રે : જુલમ માડ્યો રે બહુ કાફરેજી ॥૨૦॥ એમ કરતાં દેહા મેલી : ઈમામ હુસેને પોતે રે : દુખડાં પડ્યાં રે ઉમત કારણે જી ॥૨૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : એક ચિત્તે નર નાર રે : તેના ગુના બકસુરે ઉઠ કરોડનાજી ॥૨૨॥ વળી બીજી તમે સાંભળો : સાંભળી દીલગીર થઈએ રે : ત્રણસેંને સાઈઠ દિન તેમાં સહીજી ॥૨૩॥ જેણે ગુનાકર્યા હસે : તેને બકસુ સહી રે : ઈમાંમ હુસેનની ગોસ્ટી સાંભળે જી ॥૨૪॥ અસુરામાં આંસુ પાડે : તેતો બકસ્યો જાય રે : ચિત્ત ધરીને સર્વે સાંભળોજી ॥૨૫॥ ગત ગંગાએ સર્વે સાંભળો : એ સર્વેને ફરમાન રે : લાલચ કાઢીને દસ દિન આવજોજી ॥૨૬॥ બોલ્યા રે *બુદરદીન* બાવા : ઈમાંમ હુસેનનાં મંડાણ રે : પરથમ બોલો ઈમાંમની વારતા જી ॥૨૭॥

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - બીજું

: શ્રી સતગોર સહદેવ વાચા :

(: કહે બુદરદીન સત્ય વાતો : તે વાંણ છે :)

પરથમ ઈમાંમની ગોસ્ટી સુણીએ : સાંભળોને દલ ધરી : સભા ભરીને બેસતાને : બેસોને તમે મન ગળી ॥૧॥ પીર પેગાંબર ઓલીઆ ને : તેતો આવે છે અરસથી :

ઈમાંમની એ મહાતમ માંહે : તેતો સુણે સુરતથી ॥૨॥ સર્વે તીરથ આવી પોહોચે : કરણ કલફ જુગ ચારના : અડસઠ તીરથ આવી બેસે : ઈમાંમની મહાતમ માંહાં ॥૩॥ તરેહ તરેહની કસબોઈ સારી : અત્તર ફુલ તે લાવતા : તબાકોની છાબો ભરીને : તે તો સર્વે જામતા ॥૪॥ દુમે દુમે માફા સર્વે : વખત વેળાએ આવતા : દેવ સભાની સભા ભરીને : વીચક સર્વે સાંભળતા ॥૫॥ આજના મુનિ સર્વે આવો : અસુરાના દિનમાં : આળપંપાળને કાઢી કરીને : તમે ભળો દેવ જનમાં ॥૬॥ નર નારી આવી સાંચરો : સભામાં આવી દાખસો : આંસુ પાડે ગોષ્ટિ સુણીને : તેના સાતે પરીયાં જાય બકસ્યાં ॥૭॥ આગેવાન થઈને તેને બકસાવે : સર્વે ઉપર હુકમ કરે : અસુરાંના આંસુ માટે : તેને બકસુ એ તરેહ ॥૮॥ બોલ્યા બાકરશાહા છેલ્લી વેળા :ચિત્ત ઠેકાણે રાખીએ : ઈમાંમના હવે સૈન્ય જાગે : લોભ લલુતા મહેલીએ ॥૯॥

* * *

: શ્રી સતગોર સહદેવ વાચા જ્ઞાન ૧૩ મું :

બાર દીવસ શાહા એવા લડ્યા : મેદાન અખંડ અપારજી રે ॥૧॥ અલી હલક તો બહુથયા : લડતાં લડતાં તે દંનજી રે ॥૨॥ ભલ ભલા રાવત કહીએ : ભલી તરકસ બંદીજી રે ॥૩॥ એ લડાઈ લખીતો નવજાએ : લખતાં પાર ના આવેજી રે ॥૪॥ માટે થોડામાં સંભળાવીએ : સુણીએ સાચા સચીઆરા જી રે ॥૫॥ શાહજાદી જોરાવર અતી ઘણી : જોર કહ્યું નવજાય જીરે ॥૬॥ એવું જોર કોઈ મરદને : નથી આપ્યું પોતે જીરે ॥૭॥ એવી તરીકે બીબી શાહજાદી : લડ્યાં બાર દીવસ જીરે ॥૮॥ ચોપટ ધારે બહુ લડ્યાં : ગુરજ મારે મેદાંન જીરે ॥૯॥ ભાલાને તલવારથી કટારીને તીર જીરે ॥૧૦॥ છરી ગુપતી કુસતી લડ્યાં : એવી લડાઈ અપાર જીરે ॥૧૧॥ શાહજાદી પકડવા બહુ કરે : શાહા હાથના આવે જીરે ॥૧૨॥ બહુ હંદર કરે શાહજાદી : શાહાને મારી ના શકે જીરે ॥૧૩॥ પકડી ના શકે શું કરે : લડતાં બેજણ થાક્યાં જીરે ॥૧૪॥ લડતાં લડતાં બેશુધ્ધ થયાં : ચાલ્યાં પોતે પોતાને ઠાંમ જીરે ॥૧૫॥ તેરમે દીવસ શાહા શું કરે : જોયું આસમાન સામું જીરે ॥૧૬॥ હાથ પસારી વીનતી કરે : ધામ સ્વરૂપને તાંહે જીરે ॥૧૭॥ તુમ મેરે પરવરદીગાર : તમેતો હો મહેરબાન જીરે ॥૧૮॥ મેરી તકસીરતો ક્યા હોગી : મેરે પર રાખો નીગાહ જી રે ॥૧૯॥ મેરે પરવરદીગાર મહેરબાન જી : મેરી ક્યા તકસીર જીરે ॥૨૦॥ એ ઓરત થકી હું હારીઓ : શું મને નીચું દેખાડો જીરે ॥૨૧॥ મગરેબી ક્યા મૈને કરી : હાર્યો એ ઓરતથી જીરે ॥૨૨॥ મેરે પરવરદીગાર મહેરબાન જી : ભેજો ઈજરાઈલ આજ જીરે ॥૨૩॥ રૂવાંની કબજ કરે માહેરી : ફરમાન દેજો દલદારી જીરે ॥૨૪॥ ભલ ભલા પહેલવાનથી હું લડ્યો : ભલા દાવેદાર જીરે ॥૨૫॥ તેથી મને જીતાડીઓ : આજ ઓરતથી હારૂં જીરે ॥૨૬॥ આજ માહારૂં

જીવવું તે દુનીયામાં હે : તે કામના આવે જીરે ॥૨૭॥ મેરે પરવર દીગાર મહેરબાન જી : ભેજો મોત સીતાબી જીરે ॥૨૮॥ નહીતો એ ઓરતથી : કરો સરખરૂં આજ જીરે ॥૨૯॥ એવી આજીજી અલ્લીએ કરી : ધાંમ સ્વરૂપને તાંહે જીરે ॥૩૦॥ એવે ફરમાન થયું ધાંમનું : એક ફીરસ્તાને તાંહે જીરે ॥૩૧॥ જઈને કહેજો અલીશાહોને : બહુ મને યાદ કરે છે જીરે ॥૩૨॥ શાહા જકર ફકર કરતા હતા : ફીરસ્તે દીધો અવાજ જીરે ॥૩૩॥ શેરખુદાકે તુમ સુણો : મુનાજાત એતી કાહેજીરે ॥૩૪॥ એ ઓરત રખીહે હંમને : સો તુમારે કાજ જીરે ॥૩૫॥ તુંમ ના જાણો હંમમે જોરહે : બળવંત અપાર જીરે ॥૩૬॥ હમારી બાંદી સોએ સહી : પેદા કીધી તુજ કાજ જીરે ॥૩૭॥ સુણીઓ અલીશાહા બાતડી : જબ તુમ લડનેકું જાવો જીરે ॥૩૮॥ મુખ પરસેં બુરખા દુરકરો : પછી લડનેકુ જાવો જીરે ॥૩૯॥ ખુદરત હમારી દેખીઓ : દેખો અલીશાહો જીરે ॥૪૦॥ એમ કરતાં રાત પુરી થઈ : વહાંણું વાયું સવાર જીરે ॥૪૧॥ સહુએ એતો જાગીઆ : વજુ કરે નીમાજ જીરે ॥૪૨॥ ખીમરે ખાણું તૈયાર કર્યું : ખરચ કર્યું શાહે જીરે ॥૪૩॥ દુલ દુલ સમાર્યાં જીનકરી : લગામ દીધી તાંહે જીરે ॥૪૪॥ બીબી મહોલેથી નીસર્યાં : તૈયાર થઈને તાંહે જીરે ॥૪૫॥ ચારસો બાંદી સાથે ચડી : આવ્યાં મેદાનમાંહે જીરે ॥૪૬॥ મેદાંને આવી ઉભાં રહ્યાં : શાહો આવ્યા તાંહે જીરે ॥૪૭॥ તે પણ મેદાંને ઉભા રહ્યા : સાંમ સાંમા તૈયારી જીરે ॥૪૮॥ પછી બેજણ લડવા લાગીઆં : લડાઈ લડીઆં અપાર જીરે ॥૪૯॥ શાહે મુખથી બુરખો દુર કર્યો : દીઠો તેજનો અંબાર જીરે ॥૫૦॥ બધું મેદાન તેજે જંપાયું : કાંઈ કહ્યુંના જાય જીરે ॥૫૧॥ બીબી હનીફા આસક થયાં : ચારસો બાંદીયો તાંહે જીરે ॥૫૨॥ બીબીની અક્કલ ગુમ થઈ : લડાઈ વીસરી ગઈ જીરે ॥૫૩॥ બીબી કહે અલીશાહોને : તમને પુછું છું વાત જીરે ॥૫૪॥ હું દીન તમારો કબુલ કર્યું : મને શું તમે આપો જીરે ॥૫૫॥ ત્યારે અલીશાહા બોલીઆ : જેવી રોમ છે તાહારી જીરે ॥૫૬॥ તેવો મુલક બીજો આપીએ : જો દીન કરો કબુલ જીરે

॥૫૭॥ ત્યારે બીબી બોલ્યાં સુણો શાહાઅલી : મુલક કામના આવે જીરે ॥૫૮॥ ત્યારે શાહાઅલી બોલ્યા બીબી ક્યા માગો : બીબી કહે અરદાસ જીરે ॥૫૯॥ મેંતો મુસલમાન તબહોંઉ : મીજે બાંદીકર રાખો જીરે ॥૬૦॥ ત્યારે શાહોજી બોલીઆ : એ ક્યા બોલ્યો તમજીરે ॥૬૧॥ બીબી કર કર મૈં રખું : દીન કરો કબુલ જીરે ॥૬૨॥ કહે **બુદરદીન** સાંભળો : અલી જીત્યા સરજોર જીરે ॥૬૩॥ એમ આજ જીતું અમે ચીનને : કાળીંગાને મારી જીરે ॥૬૪॥ તે અલીને **બુદરદીન** એક છે : હેઈએ જાસો નહી હારી જીરે ॥૬૫॥ કુલ પટોરાં ૫૫૪ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૧૪ મું :

(દસમા અવતારની વાંણ છે :)

ત્યારે બીબી બોલ્યાં સુણો શાહાઅલી : તમારા દીનમાં શું કહે છે વળી ॥૧॥ ત્યારે શાહાઅલી બોલ્યા સહી : અમારા દીનનો કલમો બોલો અહી ॥૨॥ લાહેલાહાઈલલીલાસો આપ : મહંમદ રસુલીલ્લા મા ઓર બાપ ॥૩॥ એ કલમો બીબીને કહેવરાવ્યો સહી : બીબી ચારસો બાંદી સાથે મુસલમાન થઈ ॥૪॥ પછી શાહાઅલી બોલ્યા શું જાણ : બીબી તારી રોમને ભાગું નીરવાણ ॥૫॥ તારા બાપને મુસલમાન કર્યું : એવુંતો હમે દીલમાં ધરૂં ॥૬॥ પછી બીબી બોલ્યાં સાખીઆત : સાંભળો અલીશાહ કહ્યું એક વાત ॥૭॥ મારૂં કહ્યું તમે એટલું કરો : અવર વાત તમે દીલના ધરો ॥૮॥ જેમ તમારા પગ અમે દીઠા જે : એમ ખુદાના રસુલને પગેપડાવો તે ॥૯॥ પછી આવીને રોમને ફતેહ કરો સહી : એવાત શાહે કબુલી તહીં ॥૧૦॥ પછી શાહાઅલીને ખીમર ગુલામ : પછી બીબી હનીફા ચારસો બાંદી તમામ ॥૧૧॥ તે સર્વેને લઈ મદીને ચાલ્યા જે વાર : શાહા ખુશી થયા અપાર ॥૧૨॥ પછી શાહા બોલ્યા બીબી શું સહી : સુણો હનીફા વાતજ કહી ॥૧૩॥ મારે ઘેર દીન દુનીયાનાં

બીબી છે સહી : તેનું નામતો બીબી ફાતમાં તહી ॥૧૪॥ અરે હનીફા તેથી શક્તી કરો : એવી વાત તમે દલમાં ધરો ॥૧૫॥ અરે ખુદકાર તે સાથે બે શક્તી કેમથાએ : બીબી હનીફા બોલ્યાં તાંહે ॥૧૬॥ અરે ખુદકાર તે બીબી હું બાંદી સહી : તમારી બાંદી ફીટી હું તેની થઈ ॥૧૭॥ અરે ખુદકાર તમે ને બીબી ફાતમાં તખતપર બેસો જઈ : હું ઉભી પંખો હલાવું તહી ॥૧૮॥ તમે ને બીબી ખાંણું ખાવો જે : હું પાનનાં બીડાં કરી આપું તે ॥૧૯॥ અરે ખુદકાર તમારી બાંદી સો ફોક : બીબી ફાતમાંની બાંદી તે રોક ॥૨૦॥ પછી કેટલાક દિન પછી મદીને આવ્યા સહી : મદીનામાં સોર પડ્યો છે તહી ॥૨૧॥ બધા શહેરમાં ખુશીઓ કરે છે ઘણી : ખુદાના શેર રોમ જીતી આવ્યા એ ધણી ॥૨૨॥ તે ફતેહ કરીને દામ લાવ્યા હસે સહી : સર્વે લશ્કરીને આપસે તહી ॥૨૩॥ લશ્કરી સર્વે કરે વીચાર : એવામાં શાહા આવ્યા મહંમદને દ્વાર ॥૨૪॥ સર્વે લોક અજબ થઈ રહ્યા : શાહા આવડી ઓરતો ક્યાંથી લાવીઆ ॥૨૫॥ તે સર્વે બાંદીયો રોમણીઓ ખરી : રૂપનો અંબાર માહાતેજે ભરી ॥૨૬॥ બધા લોક મદીનાના અચંબે થાય : આવી ઓરતો ક્યાંથી લાવ્યા શાહ ॥૨૭॥ બીબી ફાતમાંએ પાણી ગરમ મુકયું સહી : શાહાઅલીને નવરાવવા તહી ॥૨૮॥ બીબી હનીફા મહંમદને પગે જો પડ્યાં : નબીએ માથે હાથજો ધર્યા ॥૨૯॥ વળી બીબી આસાંને બધી હરમા જે : સર્વેને પગે પડ્યાં તે ॥૩૦॥ પછી શાહાઅલી નબીશું વાતો કરે : બીબી હનીફાની વાતો કહે ॥૩૧॥ અરે નબીજી એ ઓરત તરકસબંદી અપાર : ભલ ભલાએથી આવ્યા હાર ॥૩૨॥ પછી મહંમદ ખુસી થયા અપાર : આપે અખત પડ્યાંતે વાર ॥૩૩॥ પછી બીબી હનીફા આપે સહી : બીબી ફાતમાંને પગેપડ્યાં તહી ॥૩૪॥ બીબી ફાતમાંની બલઈઓ લીધી તેવાર : બીબી હનીફાએ તે સાર ॥૩૫॥ ત્યારે બીબી ફાતમાંએ શાહાને કહ્યું : હું તો એ ભેળી નહી રહું ॥૩૬॥ ત્યારે બીજા ઘરમાં બીબી હનીફાને રાખ્યાં જઈ : ઘર તૈયાર કરીને

આપ્યું તહી ॥૩૭॥ બીબી હનીફા ત્યાં રહ્યાંતે વાર : હવે ચારસો બાંદીયોનો કહ્યું વીચાર ॥૩૮॥ નબીના અસાબા હુતાજે : ચારસો બાંદીયોને અખત પડાવી આપ્યાં તે ॥૩૯॥ પછી કેટલાક માસ પછી બીબી હનીફાને ઉમેદ રહી : પુરે માસે પુરે દીને બાળક જન્મ્યા સહી ॥૪૦॥ તે બેટો જણ્યો હનીફાએ તેવાર : ત્યારે નબીરસુલે જાણ્યું તે વાર ॥૪૧॥ નબીજી આપે ચાલી આવ્યા તાંહે : તે પુંગડાની આપે ઝાલી બાંહે ॥૪૨॥ નબી રસુલે નવરાવ્યા જાણ : પોતાને હાથે નાળકાપ્યું નીરવાણ ॥૪૩॥ ત્યારે નબીએ અલીને કહ્યું જઈ : તુમારે ઘેર બેટા હુવા સહી ॥૪૪॥ સો બેટેકા નામ હમ ધરે કે તમ : ત્યારે અલી બોલ્યા મરમ ॥૪૫॥ ખુદાકે પછી નબીકુ ફરમાયા સહી : ઈસકા નામ ધરોને અહીં ॥૪૬॥ ત્યારે નબી સાહેબે ફરમાવ્યું એહ : હમારા નામ મહંમદ તે ॥૪૭॥ ઈસ પુંગડેકા નામ મહંમદ સહી : ત્યારે અલીશાહા બોલ્યા તહી ॥૪૮॥ ના રસુલીલા એસા કઉહોએ : કુછબી નામ ફીરાકર રખીઓ સોહે ॥૪૯॥ ત્યારે નબીજી બોલ્યા સહી : સુણો અલી મૈં કહ્યું સો અહીં ॥૫૦॥ ઓભી બંદા ખુદાકા જાણ : હુંભી બંદા ખુદાકા પરમાણ ॥૫૧॥ ઈસમેં ક્યા ફેર રખ્ખુંસો સહી : ત્યારે અલ્લીશાહ બોલ્યા તહીં ॥૫૨॥ યા રસુલીલ્લા ખુદાકી દોસ્તી એનામ : કુછબી ફીર કર કીજે કામ ॥૫૩॥ ત્યારે મહંમદ બોલ્યા તેવાર : સુણો અલી મેં કહુ વીચાર ॥૫૪॥ મેરા નામ મહંમદ મુસ્તફા : ઈસકા નામ મહંમદ હનીફા ॥૫૫॥ પછી મહંમદ હનીફાકે વધાવે બાજણે લાગે તહી : એમના નામની ખેરાદ વહેંચાઈ સહી ॥૫૬॥ ભાટ ભવૈયા ફકીર સો ગરીબ : સૌને વધાંમણી આપી ભાઈ ॥૫૭॥ ત્યારે બીબી ફાતમાંએ કોઈને કાંઈ નવ કહ્યું : પોતાનું હૈયું ભરાઈને રહ્યું ॥૫૮॥ બાપથી લડીને રૂવે છે અપાર : નબી રસુલતો બોલ્યા તે વાર ॥૫૯॥ અરે બેટી ફાતમાં કાયકુ રોતેહો તમ : ત્યારે બીબી બોલ્યાં એમ ॥૬૦॥ અરે બાવાજી મેરે બેટેકી નાલ તુમને હાથુ ના કાટી : એ કુછ ભલા નહી સુણો સતવાદી ॥૬૧॥ મેરે

સોકણકે બેટેકી નાલ તુમને હાથું કાટી સહી : પછી નબીજી બોલ્યા તહી ॥૬૨॥ અરે પુત તું નહી જાણતી એ બેટા કોણહે સહી : હમ તમ અલીહસન ના હોવે તહી ॥૬૩॥ તબ તેરે હુસેનકુ ગરીબ કરકર મારેંગે જાણ : તબએ બેટા હસન હુસેનકા ખુન લેવે પરમાણ ॥૬૪॥ તે વખત કોઈ અરે ના ખાઅ : એ બેટા ખુન લેણે જાય ॥૬૫॥ એ બોલ બીબીને સુણીઆ જબ : બીબી હનીફાકે ઘરમે આએ તબ ॥૬૬॥ હનીફાકે બેટેકું ગોદમેં લીઆ : હનીફા ડરે ઈને ક્યાકીયા ॥૬૭॥ રખે ઈસે પછાડે અહી : તો અહિતો મેરા કુછ ચલે નહી ॥૬૮॥ તબ બીબી ફાતમાંને પુગડેકું લેકર ક્યા કીયા : જેમ ગાય બછડેકું ચાટે યું ચાટીયા ॥૬૯॥ તે માથાથી તે પગના તળીયા સુધી તહી : એવી રીતે બીબી ફાતમાંએ ચાટ્યા તહી ॥૭૦॥ જ્યાં સુધી બીબીની જીભઅડી : ત્યાં સુધી દુનીયાનું લોઢું કટારી ના લાગે છરી ॥૭૧॥ ભાલા તલવાર ના લાગે તીર : એવું વજર કર્યું શરીર ॥૭૨॥ એક બાલ ના કટાવે જાણ : એવું ખુદાનુ થયું ફરમાન ॥૭૩॥ જો અગર સલેબક્તર પહેરી હોવે સહી : ના પહેરે તોય પણ વાગે નહી ॥૭૪॥ પછી બીબી ફાતમા બોલ્યાં તહી : અરે હનીફા તેરા બેટા મુજે દેતીહેં કે નહીં ॥૭૫॥ પછી બીબી હનીફા બોલ્યાં જાણ : અરે ખુદકારણી હું તમારી બાંદી પરમાણ ॥૭૬॥ હસન હુસેનકા ગુલામએ જાણ : ત્યારે બીબીફાતમાં ખુસી થયાં પરમાણ ॥૭૭॥ અરે હનીફા એ લડકેકું દુધ પીલાવે સહી : ત્યારે બીબીફાતમા પુંગડાને સાચવે સહી ॥૭૮॥ બીબીફાતમા એ લડકાને સીના ઉપરથી ના ઉતારે લગાર : એવોતે છોકરા ઉપર રાખ્યોતે પ્યાર ॥૭૯॥ એમ કરતાં મહંમદ હનીફા વરસ સાતના થયા : નાંના પાસે જાયને આસુદા થયા ॥૮૦॥ એવા મધ્યે શાહા ખવરાંન મુલક ઉપર ગયા છે જે : ત્યારે મહંમદ હનીફા વરસ સાતના થયાતે : કહે ***બુદરદીન*** આપ સવાઈ : એ વાત આગળ ભાંખીશું ભાઈ ॥૮૨॥ કુલ પટોરાં :૬૩૬:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૧૫ મું :

(ધોળની વાણ છે :)

શાહાઅલી ખઉરાન મુલકે : ગયા છે તે ભોમેરે : મહંમદ હનીફા વરસ સાતના જી ॥૧॥ નબી સાહેબને હેત પુરૂં : પાસે આવે જ્યારે રે : પુતહનીફા ઉપર વારણેજી ॥૨॥ પુત હનીફા તેરા બાવા : ખુદાકા કહીએ વાઘરે : હનીફાતું વાધ મેરાતું સહીજી ॥૩॥ એવી રીતે રોજ કહેતા : નબીસાહેબ પોતે રે : પછી મહંમદ હનીફા ડાહ્યા શાણા થયાજી ॥૪॥ નબી સાહેબને લબપડી : હનીફા મેરા શેર રે : જ્યારે દેખેરે ત્યારે એમ કહેજી ॥૫॥ પછીતો મહંમદ હનીફા : નાંનાજીથી બોલ્યા રે : બાપ મેરારે વાઘ ખુદકા જી ॥૬॥ તેને હાથે જોર ખુદાએ : બધી દુનીયાં કેરું રે : અઢાર હજાર આલમનું જોર આપીયુંજી ॥૭॥ મેરા બાપ એસા જોરાવર : પહોંચામાં એવું જોર રે : અઢાર હજાર આલમનું જોર હાથમાંજી ॥૮॥ સુણો નાંના નબીજી સાહેબ : હું તુમારા વાઘ રે : મેરે પાંચેમે જોર કુછ નહીજી ॥૯॥ એકભી આલમકા જોર : મેરેહાથમેં નહીરે : ત્યારે નબીજી બોલ્યારે પુત હનીફા સુણોજી ॥૧૦॥ તેરે બાપકુ એક જોર હે : એસે મીજે જોર ચાલીસરે : ખુદાને દીયાહે મીજે દીલશુંરે ॥૧૧॥ તે ચાલીસ જોર તમને આપ્યાં : વળી ખીતાબ આપું એકરે : તેરા બાપશેર અસકરઅલી સહીજી ॥૧૨॥ તું મેરા તો શેર અકબર : અસકર કહીએ નાના રે : અકબર કહીએ મોટા તેતો જાણજો જી ॥૧૩॥ એવો તો ખીતાબ આપ્યો : નબીજીએ તાંહે રે : મહંમદ હનીફાને તેસમેજી ॥૧૪॥ સુણો હનીફા બાપ તેરા : છોટા વાઘ ખુદકા રે : બડા વાઘ તું મેરા તું સહીજી ॥૧૫॥ મૈને તુજે ખીતાબ દીયારે : શેર અકબર નામ રે : હસન હુસેનથી પ્યાર ઘણો કરેજી ॥૧૬॥ એમ કરતાં મહંમદ હનીફા : અઢાર વરસના થયારે : એક દંન કપડાં ધોવા નદીએ ગયાજી ॥૧૭॥ તે નદીમાં પથર મોટા : શિલાયો મોટી જોરરે : દસબાર માણસ ધુવે એકઠાજી ॥૧૮॥ તે શિલા મોટી કેવી કહીએ : લાંબી ગજ પચાસરે : તેને બળદીયા

જોડે વળી ચારસેજી ॥૧૯॥ તે શિલાતો હાલે નહી : એવી શિલા મોટીરે : તે ઉપર તો સાતઆઠ માણસ ધુવેજી ॥૨૦॥ મહંમદ હનીફા પોતે : તે શિલાએ જઈ ધુવે રે : કપડાં ધોતાંરે છાંટા લાગીયાજી ॥૨૧॥ લોક ધુવેતે છાંટા આવ્યા : લોકોને હંકારે રે : તે સમેતો શાહાઅલી આવીયાજી ॥૨૨॥ ખવાર કેરો મુલક જીતી : ફતેહ કરીને આવ્યારે : શાહાઅલીતો આગળ આવ્યાતે સમેજી ॥૨૩॥ લોક ઊંટ અસ્તર ખજાંના : સર્વે પાછળ મુકીરે : શામાટે કપડાં મેલાં વાટનાં જી ॥૨૪॥ તે કપડાં ધોવા શાહાઅલી આવ્યા : તે શિલા ઉપર પોતે રે : મહંમદ હનીફા પોતે એકલા જી ॥૨૫॥ કોઈને ધોવા નથી દેતા : પીછાંણે નહી શાહા પોતે રે : બાળક મુકીને ગયા મુલક ગીરીજી ॥૨૬॥ વરસ અઢારના મહંમદ હનીફા : શાહે ઓળખ્યા નહીરે : ત્યાં ધોતાં ધોતાં છાંટા ઉડવા લાગીયાજી ॥૨૭॥ શાહા ખીજીને કહેવા લાગ્યા : સુણરે લડકે તુંહ રે : સારી શિલા કબજ કરકર કઉ રહાજી ॥૨૮॥ તુંમભી ધોને હમભી ધોવે : એ સબી ખોટી હોવે રે : ત્યારે મહંમદ હનીફા બોલ્યા તે સમેજી ॥૨૯॥ મેં ધોણે કોઈકું નાદેવું : ત્યારે શાહાઅલી ત્યાં બોલ્યારે : તું કઉ ધોવે લડકે એકલાજી ॥૩૦॥ બેજણ ઉભા બોસ કરે છે : મહંમદ હનીફા ખીજ્યારે : તે શિલા મોટીરે ઘાલી બગલમાં જી ॥૩૧॥ જેમ ફિરકી ફેરવે રે : તેમ શિલા ફેરવે તાંહે રે : એમ ફેરવીને ઘાલી બગલમાં જી ॥૩૨॥ તે શિલા લઈ ચાલ્યા હનીફા : બગલમાં જાએરે : તો શાહાઅલીતો થયા ગાભરા જી ॥૩૩॥ સર્વે લોક અચંબે પાંમ્યા : અને શાહા થયા અજબ રે : એ પરવરદીગાર તોફાન ક્યા હુવાજી ॥૩૪॥ ત્યારે શાહે દલમાં અંદેસો કરીઓ : દેખુ બેટા કીસકા રે : કીસકે ઘરમેં જાતા દેખીએ જી ॥૩૫॥ શાહાઅલીતો ઘોડે ચઢીને : તે પાછળ ચાલ્યા જાઅરે : તે શિલા નાખી હનીફાને આંગણે જી ॥૩૬॥ તે શિલા નાખી ઘરમાં ગયા : શાહા થયા અજબ રે : એતો લડકા હનીફાકા બેટા સહીજી ॥૩૭॥ શાહા ખુશી બહુ થયારે : હરખ થયો અપાર રે : ખુદાનો સુકરાનો કરવા લાગીયાજી ॥૩૮॥ ત્યાંથી ચાલ્યા

નબીજી પાસે : સાચા રસુલ જેહરે : તેહુને આવીને સલાંમ કરીજી ॥૩૯॥ પછી ઉઠી નબીજી મલીઆ : અસાબે સર્વે બેઠા રે : વાતો કરેછે ખઉરાંન મુલકની જી ॥૪૦॥ એવે શાહાને ઘેર ખબર જઈ પહોંચી : અઢાર બેટા જેહરે : તેહુની માએ તૈયાર કરી મોકલ્યાજી ॥૪૧॥ જાવો પુત બાપ તુમારા : બેઠે હે નબીજી પાસે રે : સર્વે બેટા આવી શાહાને સલાંમ કરીજી ॥૪૨॥ તેર બેટાતો સગા કહીએ : પાંચ બેટા પાલક રે : તે સર્વેથી નાના રે મહંમદ હનીફા કહીએ જી ॥૪૩॥ તે સર્વેના નામ સુણો રે : હસન હુસેન બેભાઈ રે : ત્રીજાતો અબાસઅલી તે કહીએજી ॥૪૪॥ ચોથા તો મહંમદ હનીફા : પાંચમા અસગર જેહ રે : છઠ્ઠાતો અબદુલ રહેમાંન તે સહીજી ॥૪૫॥ સાતમાં અબદુલા પોતે : આઠમા તો ઓન રે : નવમા તો અબાબકર તે કહીએજી ॥૪૬॥ દસમા તો ઉમર કહીએ : અગીઆરમા ઉસમાન રે : બારમા તો જાહેદ કહીએ તે સહીજી ॥૪૭॥ તેરમા તો તોહીરક કહીએ : ચઉદમા અકીલ રે : પંદરમા તાહેર તેતો સાંભળોજી ॥૪૮॥ સોલમાતો સાલે સાચા : સતરમા મહંમદઅલી રે : અઢારમા હનાંનમોસીન જાણજોજી ॥૪૯॥ વળી અઢાર બેટી શાહાઅલીને : છત્રીસ ફરજંદ રે : શાહા અલીને એટલાં ફરજંદ શોભતાંજી ॥૫૦॥ તેર ભાઈ આગળ આવ્યા છે : પાંચ પાળક પછવાડે રે : સર્વે આવીને નબીસાહેબને સલામ કહીજી ॥૫૧॥ બીજા બેટા પીછાંણે શાહાને : હનીફા નાના પોતેરે : છ મહીનાના મુકી સફરે ચાલીયાજી ॥૫૨॥ બાપનેં તે શુ પીછાંણે : મહંમદ હનીફા જેહ રે : નબીને આવીને સલાંમ કરીજી ॥૫૩॥ નબીની ગોદમાં બેઠા : ત્યારે નબી બોલ્યા તાંહેરે : બાવાકુ સલામ જાકર કીજીએ જી ॥૫૪॥ પછી શાહાઅલીને સલામ કરીને : શાહાએ સીને લગાવ્યારે : પછી નબી બોલ્યારે સુણો શાહાઅલી જી ॥૫૫॥ તમારા બેટાને અમે : ખીતાબ એક આપ્યો રે : તમે તો શેરખુદાના આપે સહીજી ॥૫૬॥ મહંમદ હનીફા કહીએ : રસુલ કેરા બાઘરે : વાઘ અલી શેર અસકર તમ સહીજી ॥૫૭॥ મહંમદ હનીફા શેર અકબર : એ

ખીતાબ અમે આલ્યો રે : શાહાઅલીતો હસવા લાગ્યા તે સમેજી ॥૫૮॥ નબીસાહેબને સલામ કરીને : ઘેર શાહો ચાલ્યા રે : આસપાસ અઢાર બેટા સાથ શું જી ॥૫૯॥ એવે તરીકે ઘેર આવ્યા : સલે બકતર ઉતારી રે : વાટનાં લુગડાં ઉતારીને નાહ્યા પોતે જી ॥૬૦॥ નાહી કરીને ખાણું મંગાવ્યું : ખરચ કર્યું તાંહે રે : અઢાર બેટા સાથે પોતે જમ્યા જી ॥૬૧॥ શાહા મહંમદ હનીફાને નજરે જુવે : તેમ તેમ ખુસીથાય રે : શુકરાનો કરે ખુદજી ઉપરે જી ॥૬૨॥ મહંમદ હનીફા પરજોર કેવા : સુરત ઈસુફ જેવી રે : જેમ વાદળમાંથી કીરણ ફુટ્યાં સુરનાં જી ॥૬૩॥ શાહાઅલીનું કદ કેવું : સાડા સાત ગજ ઉંચા રે : તે અલીએ રાવત માર્યા ભલ ભલા જી ॥૬૪॥ કોઈ રાવત સોગજ ઉંચા : કોઈ બસે જાણો રે : અઢીસેં ગજના રે ઉંચા મારીયા જી ॥૬૫॥ જેમ આદમી મચ્છર મારે : એમ મારી નાંખે રે : આદમી તો નજરમાંહે ના આવે જી ॥૬૬॥ શાહાઅલીનું કદનાનું : હનીફાનું કદ મોટું રે : મહંમદ હનીફા ઉંચા કેવા કહીએ જી ॥૬૭॥ સાડા સોળ ગજ ઉંચા પોતે : મહંમદ હનીફા રે : છાતી સાડાચાર ગજ પહોળી કહીએ જી ॥૬૮॥ અઢી ગજની ગરદન હુતી : પંજો સવા ગજનો રે : પહેલવાન મોટા કહીએ હમજા જેવા જી ॥૬૯॥ તે હમજા મહંમદનબીના કાકા કહીએ : એવા પહેલવાન તેહ રે : બીજા પહેલવાન શાહાઅલી આપે તે સહીજી ॥૭૦॥ સાતસોને વીસમણની : સલેબખતર જેહ રે : મહંમદહનીફા પોતે પહેરતાજી ॥૭૧॥ નવસેંને ચાલીસ મણની : સલેબખતર જેહરે : હમજા પોતે પહેરતા જી ॥૭૨॥ તે સલેતો બખતર કહીએ : મહંમદહનીફાએ પહેરી રે : પહેલવાન રાવત એવા કોણ કહીએ જી ॥૭૩॥ જે ગઢ શાહે ફતેહ ના કીધા : તે મહંમદહનીફા એ કીધા રે : જે દાવેદાર આવે તેતો માર્યો જાય જી ॥૭૪॥ જે કોઈ દાવેદાર હોય : અને દીન કરે કબુલ રે : તેને તો જીવતો મહેલે જહાંનમાં જી ॥૭૫॥ કહે ***બુદ્દરદીન*** એવા રાવત : મહંમદ હનીફા રે : કોલ અધુરા હવે પુરા કરે જી ॥૭૬॥ કુલ પટોરાં ૭૧ ૨ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૧૬ મું :

(વેળા પાકીને શાહો કહે છે : તે વાંસ છે :)

બફાત નબીજીની ઢુંકી રે આવી : તો મદીનામાં દુંડી ફીરાવી રે : (આંચલી) : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૧॥ સબલોક મહેજતમે આવે : એસા હુકમ ફીરાવો રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૨॥ ઈયુકરતે સબ જમે હુએ : તાહારે નબીસાહેબ ત્યાં જુવેરે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૩॥ ઉસ વખતમેં નબીસાહેબને : મીમર ઉપર ચઢીયા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૪॥ કુતબા તો બહોત અવાજસે પઢીયા : સબ લોકુએ સુણીયારે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૫॥ નબીસાહેબને કહારે દુજા : તમલોક સર્વે બુજોરે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૬॥ બફાત મેરી નજીક રે આઈ : દેવા ઓર કરજ રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૭॥ મેરી પાસ માગે સો લેવે : નહીતો માફ કરાવે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૮॥ ઉસ વાસતે ખુદાકી દરગાહે : પાકમેં તો હોઉ રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯॥ એસા નબીસાહેબને કહ્યા : જબ કીસીને જવાબના દીયા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૧૦॥ ફીર કર નબીસાહેબને કહા : મેરી પાસ માગે સો લેવે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૧૧॥ ઈસ વખત મેરી પાસ માગે : ખુદાકે વાંહાં છુટકા હોવે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતા*

રોકે રે : *કરજદાર હે સબ ખોટે* ॥૧૨॥ નબીસાહેબકી મીજલસ માંહે : એક અસાબા બેઠા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૧૩॥ અકાસ ઉસકા નામહે જો : યારસુલીલા તમે બુજો રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૧૪॥ ફીરકર તુમને તકરાર જ કીતી : તબહી જાહેર કીતા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમા જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૧૫॥ ના કહુતો ખુદાકા ચોર : ગુના હમપર રહેવે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૧૬॥ ઘોડે પર બેઠે નબીસાહેબ નીકલે : હાથમે કોરડા ચલકે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૧૭॥ ઘોડા ઉપર કોરડો ઉગામ્યો : પુઠે તો લગાવ્યો રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમા જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૧૮॥ પીઠ પછી મેં જાતા થા : વો કોરડા મીજપર લાગ્યા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૧૯॥ વે કોરડા મેરે ખભેપર લાગ્યા : ઉસકા અવેજ મેં માગું રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૨૦॥ નબીસાહેબને તબ ફરમાયા : નેકીકા બદલા દેઉરે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૨૧॥ ભલા હુવા તુંને દુનીયામાં માગ્યા : કરજના ભય ભાગ્યા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૨૨॥ કોરડેકા ઈસકારે ગુના : કઆંમત માં ના રહ્યા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૨૩॥ નબીસાહેબને અકાસકું કહા : ભલા તુમારા હુવા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૨૪॥ તમ બુજો એ કુણસારે કોરડા : અકાસને કહા ઈયા રસુલીલા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમા*

જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૨૫॥ ગુંથા હુઆ સો કોરડા થા : નબી પાસે બેઠા ત્યારે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૨૬॥ સલેમાનકુ કહા રસુલને : તુમ જાઓને ઘેર રે : કરજદાર હે સબ ખોટં : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૨૭॥ બીબી ફાતમાં બેટી મેરી : કોરડા લાવો તમ દોડી રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકં રે : કરજદાર હે સબ ખોટે ॥૨૮॥ બીબી ફાતમાંકે ઘરમેંસે લાવો : લાવી અકાસને આલો રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૨૯॥ સલેમાનતો ત્યાંથીરે ચાલ્યા : બીબી ફાતમાને ઘેર વળીઆ રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૩૦॥ અવાજ જાકર એસારે કહીઆ : ઈનસાફ દેતાહે કુણ રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમા જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૩૧॥ વે દેણાએ આદમીકા : કઆંમતમે યાદ કરે રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૩૨॥ એસા કહેકર સલેમાન પહોંચ્યા : ત્યારે બીબી ફાતમા ચમક્યાં રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૩૩॥ બીબી ફાતમાકે દરવાજે ઠોકે : પુકાર કરને વાં બોલ્યા રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૩૪॥ બીબી ફાતમા સલાંમ આલેકમ : એ નબીકી બેટી રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રં : કરજદાર હે સબ ખોટે ॥૩૫॥ અવાજ સુલેમાન પુકારકર બોલે : બીબી ફાતમાકે કાંને પહોંચ્યા રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હં સબ ખોટે ॥૩૬॥ જવાબ દીયા ક્યાં કામકું આએ : સલેમાનને ઈયુ કર કહારે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૩૭॥ ઈયા બીબી ફાતમાં અરદાસ હમેરી : કોરડા માગ્યા સીતાબી રે : કરજદાર હે સબ

ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૩૮॥ જબ બીબી ફાતમાંને કહા : બાવા મેરા ક્યા લહેરે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતા રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૩૯॥ ઘોડેકી અસવારી કી કૌવત નહી : ફીરકર સલેમાંન બોલ્યા રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૪૦॥ ઈયા બીબી ફાતમાં તુમેરા બાવાને : આદમી ઉકા કરજ દેવે રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૪૧॥ એક દીન ઘોડેપર અસવારી હો કર : કોરડા ઉગામાં આંહી રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૪૨॥ વે કોરડાએ ભુલસે માર્યા : આદમીકે ખબેપર લાગ્યા રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમા જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૪૩॥ વે આદમી અવેજ માગતા હે : નબીસાહેબ દેતેહે રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૪૪॥ સલેમાંનકા બોલ સુણકર : બીબી ફાતમાં રોએ રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૪૫॥ સલેમાંન જાઓ તમે વે આદમી પાસ : જાકર સોગન દોને રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૪૬॥ નબી સાહેબકા જુસા દુખીઆ હે : ખુદાકે વાસતે બકસો રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતા રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૪૭॥ જબ સલેમાન બોલે કોરડા દો હમકું : હુકમ હુઆરે તમકુ રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૪૮॥ જબ બીબી ફાતમે રોતે રોતે : કોરડા દીયા વાં જોતે રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૪૯॥ વહાંસે સુલેમાન વીદાયગી હુએ : કોરડા લેકર ચલીઆ રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૫૦॥ જબ બીબીને મનમાં

મનસુબા કીયા : હસન હુસેનકુ બુલાએ રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમા જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૫૧॥ દોનું ભાઈયુકુ યુકર કહા : કહેકર રોવા દીયા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૫૨॥ એક આદમી આ યાહે સો તુ મારે : નાંનેકુ કોરડા મારે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૫૩॥ તાકીદસે નાંના પાસે જાઓ : જાકર યુ કરો સોહ રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૫૪॥ અમારા નાંનાં બોત કાયલી હે : તાકાત નહી કોરડા ખમે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૫૫॥ એસા બીબી ફાતમાને કહા : દોનું ભાઈકું ભેજે રે : કરજદાર હે સબ ખોટે : ભીસ્તમાં જાતાં રોકે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૫૬॥ હસન હુસેન દોનું ભાઈ સીધા રે : નબી બેઠેતે મેહેજત મેં રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતા રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૫૭॥ પછી સુલેમાન કોરડા લાયા : સારે અસાબે પોકારે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૫૮॥ ફીર નબીસાહેબને ફરમાયા : કરજદાર આદમી ઊઠો રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૫૯॥ અપને હાથુ કોરડા લીજે : જેસા હમને મારા વેસા દીજે રે : *કરજદાર હે સબ ખોટે : તાં ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૬૦॥ એસા કોરડા તુંબી મારો : અકાસ ત્યાંતો બોલ્યા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૬૧॥ ઉસદીન નબી તુમને કોરડા માર્યા થા : મેરા જુસા ખુલાથા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૬૨॥ નબી સાહેબને વિચાર કીયા હે : નેકી બાત કહેતા રે : *કરજદાર હે*

સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૬૩॥ યુંકર જુસા ખોલને માંડા : હસન હુસેન હાથ ઝાલે રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમા જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૬૪॥ હસન હુસેન બહોત રોકર : પોકાર કર કર રોયા રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૬૫॥ ઓર કહાકે નાંના સાહેબ : કોરડાકા દેણા હમ દેવે રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૬૬॥ ઈસ વાસતે હમ આએ હે : ઉસ વાસતે હમકું મારો રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૬૭॥ એક એક કોરડા કે સો સો કોરડા મારો : તુમેરા કરજ મેં દેઉ રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતા રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૬૮॥ કાયલી જુસા તુમેરા : લેણા હમસે વાજબ હે રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૬૯॥ તબ રસુલીલાએ ફરમાઆ : હસન હુસેન દોનું સુણીએ રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૭૦॥ જો કરે સોઈ ભોગવે : ઉસમે કછુ નહી દાવા રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૭૧॥ અપણે હાથસે ગુના કીયા : અપને બદનને ખમીઆ રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૭૨॥ ઉસમે કીસીકા તુમારા નહી ચાહાથા : ગુનેસે નીચા મુખ લાવે રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૭૩॥ એ મેં ને મારાસો મેં ખમુંગા : તુમેરે પર નહી ચાહાવા રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૭૪॥ ઉસ બખત નબી સાહેબને : અકાસકુ ઈસારત કીતી રે : કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૭૫॥ નબી સાહેબને જુસા ખુલારે કીતા : તબ અસાબે

સારે રોણા સરૂ કીતા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૭૬॥ ઓર અસમાનકે ફીરસ્તે રોણે લાગે : સારા લોક રોવા લાગ્યા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૭૭॥ અકાસકી એ નજર પડી હે : મહોરનબુઅત ઉપર તાંહી રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૭૮॥ તબ અકાસને ઈયું કર કીતા : જાકર નબીજીકે પાઉ પડીઆ રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૭૯॥ દોનું ખભે હજરત કે ઉપર : મહોરનબુઅત ઉપર બોસા દીતા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૮૦॥ ઓર કહા કે ઈયા રસુલીલા : મેરી ગરજ મહોર દેખનેકી થઈ રે: *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતા રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૮૧॥ મુરાદ મેરી હાંસલ કીતી : ભીસ્તકી કીલ્લી લીતી રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૮૨॥ દોજગ દાવા મૈને કીયા હે : તુમારી મહોર નબુઅતે મીજે છોડાયા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૮૩॥ અરસસેં ફરમાનરે આયા : નબીકી બદનસેં બદન લગાઓ રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૮૪॥ ઉનકુ દોજગ હરાંમ હે સો : ભીસ્તમાં જાકર પાઉ દેવે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૮૫॥ ગુનાકીયાતા બોત કર કર : કોરડેને ભીસ્ત દીતી રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૮૬॥ દોજગકે ગુને વાં બુઝાએ : અરથસેં અરથ લેણા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૮૭॥ જુવો મુનીવર ગોર બ્રહ્મા : તેમણે દેવાં દીધાં રે : *કરજદાર હે સબ ખોટે : તો*

ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે ॥૮૮॥ સતગોરનું દેવું તમે સર્વે ચૂકાવો : ગર્ભવાસના કોલ પાળીને રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતા રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૮૯॥ આજના મુની શું જાણો છો : સોય દેવે એરણ લેવે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯૦॥ એવાં રે મન આજ તમારાં : તમે સાથી કેમ થાસો અમારા રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯૧॥ હક હલાલની રોટી ના પહોંચી : તમારી હુરાં જાતી રોતી રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯૨॥ લોભ સવારથે કાંઈના સુંઝયું : ભીસ્તે જાવાનો મારગ પોતે રૂંધે રે : શું જોઈ મુંડ મુડાવું રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯૩॥ દેવાદારી કોઈના તરીઆ : ભીસ્તમાં જાતાં પાછા વળીઆ રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯૪॥ આજના મુની તમનેરે કહ્યું છું : દુનીઆં વીસે માફ કરાવો રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯૫॥ દેવનાં દેવાંને બીજા દુનીઆંનાં દેવા : થાપણ ગાળોને ગડદાને પાટુ રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯૬॥ પૈસા ટકાને થાપણ કોઈની : ગડદા ગાળી કોઈની રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯૭॥ દુનીયાં વીસે માફ કરસો : ત્યારે દુનીયામાંથી તરીને સરગે જાસો રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમાં જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯૮॥ બોલ્યા **બુદરદીન** કરજ લુંટે : બેઠા હૈયાં કુટે રે : *કરજદાર હે સબ ખોટે : તો ભીસ્તમા જાતાં રોકે રે : કરજદાર હે સબ ખોટે* ॥૯૯॥ કુલ પટોરાં :૮૧૧:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૧૭ મું :

(સતગોર ભેટ્યા કેમ જાણીએ :તે વાંણ છે :)

એમ કરતા નબીજીની : આવી પહોંચી બફાત : તેની વાતો સાંભળો : તે ગનાંને કહુ સાખીઆત ॥૧॥ નબી સુતા એક રાતે : સપનું લાધ્યું જે : એક ઓરત બુમ પાડતી : રોતી દીઠી તે ॥૨॥ નબીજી પુછવા લાગ્યા : કોણ હે તું નાર : તેરા નામસો કોણ હે જે : રોતી ફીરેસો બાહાર ॥૩॥ તે નાર બોલી સુણો નબીજી : તમે પેગાંબર સો સાચ : મીજે કોઈ કબુલ નહી કરતા : તમ સુણો મેરી વાચ ॥૪॥ મીજે ઝાડને ના કબુલી : ના કબુલે ડુંગર પહાડ : નિરાશ આઈ નિરાશ જાતી : મેરા કોઈના પાડે લાડ ॥૫॥ તબ ખુદાકે રસુલ બોલે : હુએ જો મહેરબાન : તું કોણ રે તેરા નામ કહો રે : મેં કબુલું સો જાણ ॥૬॥ તબ ઓરત બોલી સુણો પેગાંબર : મોત મેરા નામ : દુસરા નામતો તાપ હેસો : એહી મેરા કામ ॥૭॥ એસા કહે કર ગેબ હુઈ : જાગે નબીરસુલ : ઉસ વખત તાપ ચઢકર આઈ : સુધ બુધ ગએ ભુલ ॥૮॥ એસી તાપ કદી ના હોતી : એસી આકરીત જાણ : સુબહ હુઈ સબ જાગે અસાબે : દેખે સબ મુસલમાન ॥૯॥ દેખેતો નબીજી નહી : સબ બેઠે અસાબે બાહાર : એસેમે શાહાઅલી આએ : સબહુએ તૈયાર ॥૧૦॥ અલી બોલ્યા સુણો અસાબે : દીન દુનીયાકા સુલતાંન : બહાર ઈનકું દેખે નહી : સુણો અસાબે કાન ॥૧૧॥ સુણો ભાઈઓ કહુ સાચી : નબી ગએસો કેતી બેર : અસાબે બોલે સુણો અમીરલ : નબી નહી આએ બહાર ॥૧૨॥ અંદર કે અંદર હે : બાહાર નહી ધરીયા પાઉં : કાજાણે કાં હોએગા : તુમસો ઘરમાં જાવ ॥૧૩॥ અલી મુરતુજા ગયે ઘરમાં : બીબી આસાં બેઠાં પાસ : નબી સાહેબકી પીઠ લેકર : સીર દાબેસો સાચ ॥૧૪॥ નબી પેગાંબર સુતે હે : તાપ ચઢીહે બહોત : અપના હાલકી ખબર નાહી : કાજાણે ક્યા હોત ॥૧૫॥ શાહાઅલી પુછણે લાગે : અમાજી સુણો તમ બાત : નબીજી કાનીંદમેં હે કે : જાગતે હેંગે આજ ॥૧૬॥ બીબી આસાં બોલીઆં :

સુણો અલીસાહા આજ : આધી રાતકુ તાપ નબીકું : ચઢીકાં કીજે કાજ ॥૧૭॥ સોતો નબીકું ખબર નહી : અલી બેઠે આપ : અબાબકરભી આવ બેઠે : બાત પુછે કેસી તાપ ॥૧૮॥ યું કરતે ઉમરખીતાબ આએ : આએસો ઉસમાંન : ચારૂ ઈઆરસો આવ બેઠે : તબહુએ ઓઝલ કે સામાન ॥૧૯॥ ઓઝલ હુઆ સબ આવ બેઠે : પલંગ નબીકા જાંહે : તબ પહોર પછી કરવટ ફેરાઈ : નબીજીએ તાંહે ॥૨૦॥ આંખો ખોલી દેખીઆ : ચાર બેઠે યાર : સબને સલાંમ કીયા : ખુસી હુએ મહેરબાન ॥૨૧॥ નબીરસુલ સાચે પેગાંબર : દીયા સલાંમ કા જવાબ : સુણો યારો બાત મેરી : આજ બહોત ચઢી હે તાપ ॥૨૨॥ જે વાત સારી સપના કેરી : નબીએ કહીતી જે : અબાબકરે સુણી વાત ને : બીજી ગુજરાવી તે ॥૨૩॥ સુણો નબીજી સાચા સાહેબ : અસવાર તેત્રીસ હજાર : ચારસો ચુવાલીસ મલકે મદીનાના : સબ સલાંમકુ તૈયાર ॥૨૪॥ સો સબી આએ તે સલાંમકું : અલીને દીયા ઉસે જવાબ :નબીકુતો સુખ નહી : ચઢઆઈ હે તાપ ॥૨૫॥ ગેર મોહોબતી ગએ ઘરકુ : મોહોબતી રહે હજુર : દારૂ દરપણ કરે નબીકુ : પણ દુઃખના હોવે દુર ॥૨૬॥ વે માસ મહીનાં કુણસા : સફરકા મહીના જે : બારમોતે ચાંદ કહીએ : બફાત સુણોને તેહ ॥૨૭॥ સપનું લાધ્યું શાહાઅલીને : તેરમી તે રાત : શાહાઅલીતો વીનવે રે : નબી સાહેબને સાચ ॥૨૮॥ સુણો નબીજી સાસુ મેરી : મોલતી સોજે : સાસુ જમાઈ લડતે દેખે : સુણો નબીજી તે ॥૨૯॥ તાલી પાડેને ગાળ દેતાં : અને ફાલ બોલે તે : એવી તરેહમેં સપનું દીઠું : નબી હસીઆ જે ॥૩૦॥ ત્યારે નબીજી બોલીઆ : અલી સુણોને તમ જાણ : બાત તમારી સાચી સપનેકી : લડેંગી આશાં તુજસે જાણ ॥૩૧॥ ત્યારે નબીજી બોલીઆ : અલી સુણોને વાત : વે સાસુ જમાઈ ગાલી બોલે : તમ લડોંગે સાખીઆત ॥૩૨॥ સાસુ તમારી તુમ લડોંગે : તલવારૂં તલવાર : એક દીન એસા આયેગા : લડાઈ હોવે અપાર ॥૩૩॥ તબ શાહાઅલીને કહ્યા રસુલકું : ક્યા બલા હુઈ આજ : અમાજીસેં મેં લડુંગા : એ નહી

મેરા કાજ ॥૩૪॥ પછી નબીજી બોલીઆ : અલી સુણો સુજાણ : બાંક તુમેરા નહી હોવેગા : જો કરે આશાં જાણ ॥૩૫॥ શાહાઅલી બોલ્યા સુણો નબીજી : આજ મૈને ખાઈ તલાક : મેં આશાંસે નહી લડું : જો કરે હલાક ॥૩૬॥ તબ નબીજી બોલીઆ : અલી સુણોને બાત : જો આશાં તુમસેં લડેતો : આશાં હરામ કી સાચ ॥૩૭॥ દીન ઓર દુનીયાંસે છોડી : આશાંકીતી હરામ : એસા નબીને લીખ દીયા : સુણો અલી ફરમાંન ॥૩૮॥ ઈયઉદ્રકર તે સફરકા મહીના : ગયા સારા માસ : નબીને શીર પાંણીડાલ્યા : ફેર હુએ ઉદાસ ॥૩૯॥ ફેર રબીઅલ મહીના આવીઆ : નબી ચંપાણા સોહ : અશક્તિતો બહોત હુઈ : બોલી ના શકે કાંઈ ॥૪૦॥ વે રાત ગઈને સુબહ હુઈ : નબી બોલે તબ : સુણો બીલાલ મેં તુમસે કહ્યું : અસાબે બોલાવો સબ ॥૪૧॥ સીદીબીલાલ બુલાણે ગયા : આએ અસાબે સબ : હાજર આવ સલાંમ કીયા : નબી બોલે તબ ॥૪૨॥ સબકુ નસીયત કરે : શીખામણ દેવે સાચ : કહ્યા મેરા કીજીઓ : નબી બોલે વાચ ॥૪૩॥ પછે નબીજીને ક્યા કીયા : આપસ જીવતે સોહ : શહેર મુલક સબ બાંટ દીએ : પછી લડાઈના હોવે કોઈ ॥૪૪॥ સારૂં તે બાત સુણકર રોણે લાગે સબ બુમા બુમતો હો રહી : નબી ક્યા કહેતે અબ ॥૪૫॥ સારૂંમે શાહા બોહોત રોવે : ક્યાં પુછું નબીકું બાત : ઓરતો સારી જમે હુઈઆં : નબીકુ દુખ નહી અસાદ ॥૪૬॥ શાહાઅલી કહે સુણો માવીઆ : નબીકુ પુછો આજ : પાદશાહી તુંમારે પછી : કીસકુ હોએગા તાજ ॥૪૭॥ માવીએને જા નબીકું પુછા : કીસીકે શરપર તાજ : તમ પછી પાદશાહી કીસકુ : કહો મહંમદ તમ આજ ॥૪૮॥ નબી બોલ્યા અબાબકર : કરે સો પાદશાહી : માવીઆ બોલ્યા સુણો અલીજી : નબીને કહ્યા સાખીઆત ॥૪૯॥ અબાબકરકી પાદશાહી : ઉસપછી ઉમરખીતાબ : સુણો અલીમહંમદ બોલે : માવીઆ કહે સીતાબ ॥૫૦॥ જાઓ માવીઆ કહો નબીકું : ઉમર પછી કુણ : ગયા માવીઆ પુછે નબીકું : સુણો રસુલ સુજાણ ॥૫૧॥ ઉમર પછી પાદશાહી : કહો કીસકી હોય :

નબી બોલે પાદસાહી : ઉસમાંનકી હે સોએ ॥૫૨॥ માવીઆ આયા અલીપાસે : સુણો અલીશાહા બાત : ઉમર પછી પાદસાહી : ઉસમાંનકી સાખીઆત ॥૫૩॥ ફેરભેજા માવીએ કું : અલીસાહાને તબ : ઉસમાંન પછી પાદસાહી : કુણ કરેગા અબ ॥૫૪॥ ગયા માવીઆ સુણો નબીજી : ઉસમાન પછી કુણસાચ : નબી બોલ્યા સુણો માવીઆ : પુંછણ હારેકી પાદસાત ॥૫૫॥ તબ માવીઆ કરે મનમાં અંદેસા : પુછણ હારા મેં : એતે મેં નબી બહોત ચંપાણે : જવાબ ના વળીઓતે ॥૫૬॥ તેમાટે અલીને ના માંન્યા : સુન્ની એ જમાત : ઘણી કરાંમત કરી અલીએ : અલીને ના માન્યા કજાત ॥૫૭॥ તેવા સાતીઆ પાંચીઆ કહીએ : સુજાણે કરાંમત ખેલ : ત્રણ મુરતના શ્રાપથી તે : કદીના હોવે મેળ ॥૫૮॥ કહે *બુદરદીન* સાંભળો : જેને ગોરસું ના લાગ્યા નેહ : ઉંડા સાગર કાળાં પાંણી : તેનો કદીના આવે છેહ ॥૫૯॥ કુલ પટોરાં ૮૭૦ :

: શ્રી સતગોર સહદેવ વાચા :જ્ઞાન ૧૮ મું :

(વીલાપની વાંણ છે :)

નબીજી ચંપાણા બહોત કરી રે : માવીઓ ખુસીમાં અપાર ॥૧॥ અલીકા નામ ના લઈશકે રે : જાવો પુછણ હારેકી પાદશાહી ॥૨॥ ઉસબતી માવીઆ ખુસી હુવારે : મેં તો પુછ્યા ફેર ફેર જઈ ॥૩॥ ઉસમાંન પછી મુજકુ રે : પાદશાહી દીતી નબીને સાચ ॥૪॥ એતે મેં સબ રોણે લગેરે : ખુદાકા હુવારે ફરમાન ॥૫॥ જબરાઈલ જબરાઈલ ખુદજી કહે રે : બોલ્યા જબરાઈલ ખુદ શું જઈ ॥૬॥ કહો ખુદકાર આજ મુજકુ રે : ફરમાન કરોસો મુજે આજ ॥૭॥ મેરી જો ભીસ્ત સારીઓરે : સમારો મહંમદ આવે આજ ॥૮॥ અમારે સારે ફીરસ્તે રે : કહો એબી સારે સાથ ॥૯॥ હુંરાં સમારો ભીસ્ત કીરે : મહંમદ આતે હે ઈસ બાટ ॥૧૦॥ ફરમાન ખુદાકા ફીર હુવા રે : જાઓ મેરા મહંમદ કેરે પાસ ॥૧૧॥ આએ જબરાઈલ અરસસેં રે : સુણો તમે ખુદાકે રસુલ

॥૧૨॥ તમકુ પેદાયે ના કર્યું રે : ના કર્યું ભીસ્ત મુકામ ॥૧૩॥ અસમાંન જમી પેદા નાકરૂ રે : નાકરૂ ચંદ અને સુર ॥૧૪॥ નબી તુજે પેદા મૈ ના કર્યું રે : નાકરૂં પહાડ ઔર પરવત ॥૧૫॥ નબી મેરા ફરમાંન તુને રાખીયા રે : સબ કુછ સરજ્યા તેરે કાજ ॥૧૬॥ નબીસો નુરઝ હુર હે રે : નુરકા નુર હોરે તમ ॥૧૭॥ અઢાર હજાર આલમ તમ પર રે : કુરબાન કીએ હેંગે સબ ॥૧૮॥ જાવો જબરાઈલ ઈસ તરેહ રે : કહો મહંમદકુ રે આજ ॥૧૯॥ જબરાઈલ આયે સલાંમ કીયા રે : ફરમાન હુવા ખુદાકા આજ ॥૨૦॥ બહોત બડાઈ તમકુ દીઈ રે : ખુશી ખુદા તમ પર અપાર ॥૨૧॥ જબરાઈલ પુછે નબી સુણો રે : તુમારા તાબુત રખીએ કાંઈ ॥૨૨॥ કહોતો લેજાવે અરસમાં રે : કહોતો રખીએ દુનીઆં માંહે ॥૨૩॥ સુણો જબરાઈલ નબી કહે રે : કહુ સો સુણીએ સાચી બાત ॥૨૪॥ મેરી ઉમતને કહાં રખે રે : સોતો મુજકુ કહો સાખીઆત ॥૨૫॥ તમારી ઉમતને જમી ઉપરે રે : તાબુત રખે જમીકે માંહે ॥૨૬॥ તબ નબી બોલે સુણો સાચી કહુ રે : મીજે બી રખો જમીકે માંહે ॥૨૭॥ જબરાઈલ કહે મહંમદ સુણો રે : તાબુત રખતે આસમાંનમાં જબ ॥૨૮॥ જમીકે ભડકે આગ કેરે : ઉઠતે તુમ બીના અપાર ॥૨૯॥ ફેર ફરમાન હુવા ખુદકા રે : જબરાઈલ જાવો મહંમદકે પાસ ॥૩૦॥ કહો નબી અબ આંણા કરો રે : બુલાએ ખુદાને હજુર ॥૩૧॥ નબીબોલે રજા ખુદકી રે : મેં તો હાજર હું તમ પાસ ॥૩૨॥ ઈજરાઈલ જાવો મેરે નબી કને રે : જાકર ખડે રહો હજુર ॥૩૩॥ સંદેસા કહીઓ તમે રબકા રે : જેમ ફકીર માગણે આવે ભીખ ॥૩૪॥ ગમેતો દેવે ગમેતો ના દેવે રે : નહીતો જવાબ દેવે સોહી ॥૩૫॥ દુજા સંદેસા કહીઓ રસુલકુ રે : ગાયકા બછડા જો એક ॥૩૬॥ હાથ ધરે ઉસકી પીઠ ઉપર રે : તુમારે હાથતળે આવે જે બાલ ॥૩૭॥ એતા હજાર વરસકી ઉમર દેઉ રે : ફેર હીસાબના પુછું આજ ॥૩૮॥ ઈજરાઈલ જઈ કહો મહંમદકુ રે : દોનું બાતો કહી સો આજ ॥૩૯॥ આએ ઈજરાઈલ ઘર નબી રે : ઘરકા દરવાજા હલાયા ॥૪૦॥ ઘરમે દેખે

તીન આદમી રે : બેઠેહે નબીકે રે પાસ ॥૪૧॥ બીબીઆશાં બીબીફાતમાં રે : ત્રીજા નબીસો રસુલ ॥૪૨॥ ઈજરાઈલને દરવાજા ઠોકીયા રે : બીબીફાતમાં દેખે તબ ॥૪૩॥ દરવાજા કે અંદરસે દેખીયા રે : બીબી દેખે આરબી બેસ ॥૪૪॥ મરદ ખડાહે બારણે રે : ઈસકા અજબ હેરે સ્વરૂપ ॥૪૫॥ જેતા પરછાંયા પડે જમીન ઉપર રે : તેટલી જમીકંપે અપાર ॥૪૬॥ સારા શહેરતો કંપી રહ્યા રે : ઈસકા એસા હેંગા તાપ ॥૪૭॥ વેષ લીયા હે આદમી રે : તો પણ કંપે જમી અસમાંન ॥૪૮॥ બીબી ઉસે દેખકર ડરે સહી રે : તો પણ જાગ કીયા જીવ ॥૪૯॥ મહંમદકી બેટીએ પુછીઆ રે : ભાઈતું કોણહે સખ્શ ॥૫૦॥ તબ જબરાઈલ બોલીઆ રે : જરાસા કહો મહંમદકુ આજ ॥૫૧॥ એક આરબ હે દુરકા રે : સો તમ મીલને કું રે ચાહત ॥૫૨॥ સુણોરે આરબ બીબી કહે રે : મહંમદ નીંદમે હે આજ ॥૫૩॥ તુમ અભી જાવો ફીર આઈયો રે : જબ નબી આવે યારોં પાસ ॥૫૪॥ તબ ઈજરાઈલને કહા ખુદકારણી રે : જરાસી ખબર કરોને તમ ॥૫૫॥ જો નબી બોલાવે તો મુજે કહો રે : જબ મેં આઉ નબીકે પાસે ॥૫૬॥ ના બોલાવે તો પીછા ફીરૂ રે : બીબી કહો નબીકુ આજ ॥૫૭॥ સુણો રે આરબ બીબી કહે રે : નબી નીંદ કરે અપાર ॥૫૮॥ કહે ઈજરાઈલ સુણો બીબી ફાતમાં રે : નબીતો જાગતે હેંગે આજ ॥૫૯॥ જાઓ ખબર કરો રસુલકુ રે : આયા આરબી ઈસ ઠાંમ ॥૬૦॥ એસે મે નબીને પૂછીયા રે : સુણો ફાતમાં મેરી બાત ॥૬૧॥ કીસીકે સાથ ઝગડા કરો રે : બીબી બોલ્યાંસો ફરમાન ॥૬૨॥ બાવા આરબ આયા દુરકા રે : સો તો ઝગડા મેરે સાથ ॥૬૩॥ ઓર કહેતાહે નબી સુણો રે : મહંમદસેં મીલુગા મેં આજ ॥૬૪॥ પછી નબીજી બોલીઆ રે : પુત તમે ના જાણો ઈસકી બાત ॥૬૫॥ એ આરબી કોણ હે રે : તુમકું કરેંગી નમાઈ ॥૬૬॥ અબ આયા સો ક્યા કરે રે : તમકુ કરે નબાપી આજ ॥૬૭॥સુણો બીબી પુત ફાતમા રે : તમકુ ગરીબ કરસો આજ ॥૬૮॥ તબ બીબીને જાણીઆ રે : એતો આએ ઈજરાઈલ આજ ॥૬૯॥ તબ

કમાડ બંધે બીબી ફાતમાં રે : નબીતો હસે સો અપાર ॥૭૦॥ પુત સુણો બીબી ફાતમા રે : કીસીકા રાખ્યાના રહેવે આજ ॥૭૧॥ મેરી અદબકે કારણે રે : ખડાહે ઘરકે બહાર ॥૭૨॥ રજા માગે પુત માહેરી રે : એ આયેહે મેરે કાજ ॥૭૩॥ પછી નબીજી બોલીઆ રે : ઈજરાઈલ આવો ઘરકે માંહે ॥૭૪॥ ઈજરાઈલ આયે ખડે રહે રે : કરી પાદસાહી સલાંમ ॥૭૫॥ હાથ જોડકર ખડે રહે રે : તબતો મહંમદ પુછે બાત ॥૭૬॥ બોલ્યા ***બુદરદીન*** બાવળા રે : એવા ઈજરાઈલના તાપ ॥૭૭॥ કુલ પટોરાં ૯૪૮ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૧૯ મું :

(દસમા અવતારની વાંણ છે)

નબી પુછે ઈજરાઈલ કહે : મારૂં કામ શું જાણો છો તે ॥૧॥ મારૂં કામતો એવું ખરૂં : જ્યાં જાઉત્યાં વાએ વાએ કર્યું ॥૨॥ મેં જ્યાં જાઉ ત્યાં મુસીબત કર્યું : જીસકે ઘરમે પેઠુ વહાંસે પીછા ના ફરૂં ॥૩॥ સોતો તમ નબીજી જાણતે હો આજ : મેરા કામતો એસા કાજ ॥૪॥ સુણો ઈજરાઈલ મહંમદ કહે : શું છે ફરમાન ખુદાનું તે ॥૫॥ સુણો મહંમદ હમારી બાત : મેરા કામ તમે જાણો સાખીઆત ॥૬॥ ભાઈ ઈજરાઈલ ખુદાકા ફરમાન : હુઆ હોયસો હમકુ કીજે જાણ ॥૭॥ તબ ઈજરાઈલ કહે સુણો સબ બાત : તમારે ખુદાને ફરમાયાસો કહુ સાખીઆત ॥૮॥ ખુદાને ફરમાયાસો કરૂ સબ જાણ : સુણો પેગાંબર નબી સુજાણ ॥૯॥ ગાય કે બછડે પર ધરીએ હાથ : ઉસ હાથકે નીચે બાલ આવે સાખીઆત ॥૧૦॥ એ તે હજાર વરસકી ઉમર તમકું દેઉ : અને હીસાબ પણ ફેર ના પુછું ॥૧૧॥ તબ નબી બોલે ઈજરાઈલ સુણો સુજાણ : એતે બરસ જીવકર પછી મરવું પરમાણ ॥૧૨॥ તબ નબી બોલે ખુદાકા ફરમાન : મેરે સીરપર રખીઓ જાણ ॥૧૩॥ સો બોલ બીબીફાતમાંને સુણા : બીબી મીંતો કરે નબીને ઘણા ॥૧૪॥ અરે બાવા ઈજરાઈલકુ રજાદો આજ : તો અમારા હોવે કાજ ॥૧૫॥ ફિર ખુદાકા ફરમાન

હુવાહે સહી : જો નબીકી રજા હોવે તહી ॥૧૬॥ બીબી ફાતમાં નબીને મીંતો કરે : બાવાજી આજ કહો ઈજરાઈલ પીછા ફરે ॥૧૭॥ બીબી બહોત રૂએને આજીજી કરે : નબીતો હાથ ફાતમાંને સીરધરે ॥૧૮॥ અરે બાવાજી મીજે ગરીબ કાહેકુ કરો : મુજપર હેત અબ કેમ ના ધરો ॥૧૯॥ અરે બાવાજી આજ મેરીમા મુઈ : અબ સારી દુનીયા સુની થઈ ॥૨૦॥ તબ બીબી ફાતમાંકા સીર નબીને સીનેસે લગાઆ : અરે પુત મત રોવે ખુદાને મીજે બોલાયા ॥૨૧॥ સબસગુ પહેલે તુજે બુલાઉ સહી : એ હુકમ બીબીકું કહા તહી ॥૨૨॥ અરે બીબી ઈજરાઈલ આયા કીસીકે ઘરસે પીછા નહી ગયા : પછી મહંમદને પાંણી મંગવાયા ॥૨૩॥ પછી વજુ કરકર ઈજરાઈલકુ કહા આવો : જો તુમારા કામ હોય સો બજાઓ ॥૨૪॥ પછી ઈજરાઈલ આવ પંગતીએ બેઠા સહી : તબ બીબી ફાતમાં બોલે તહી ॥૨૫॥ અરે ઈજરાઈલ મુજે ખરાબ કર જાતેહો તમ : મેરી ગરીબી આજીજીકી રાખો શરમ ॥૨૬॥ પછી નબીકા પાઉં કા અંગુઠા ઈજરાઈલને પકડીઆ : નવનાડો બોતેર કોઠેમેંસે જીવ એકઠા કીયા ॥૨૭॥ તબ મહંમદને ચીસ પાડી ઓર કહે : એ જુલમ ઉમત નહી સહે ॥૨૮॥ તબ ઈજરાઈલ અંગુઠા છોડકર ખડે રહે : ઈજરાઈલ નબીકુ એસા કહે ॥૨૯॥ સુણો નબી ખુદાકે તમ : તુમારી રૂવાંની કબજ કરતે હે હંમ ॥૩૦॥ એતાકાં પોકારો ખુદકાર : મેં તો સબકા જીવ લેણેહાર ॥૩૧॥ જમ બેટેકુ મા દુધ પીલાવે સહી : ચુંચી મુહમેંસે નીકાલે તહી ॥૩૨॥ રખે બેટા જાગે ઈયઉદ્ધ : ખુદકાર તુમારી રૂઆંની કબજકરતાહું તઉ ॥૩૩॥ અરે ઈજરાઈલ તુમ કહેતે હો એકલે : પણ મેં જાણુ જે દોનું ડુંગર એકઠે મીલે ॥૩૪॥ ઓર ઉસકે બીચ મે મેરે તહીબાઆ સહી : એસા હાલ હમારા પહોંચ્યા તહી ॥૩૫॥ અરે ઈજરાઈલ બોલ સુણી મનધરો : ગુનેગારકી રૂઆંની કઉ કબજ કરો ॥૩૬॥ તબ ઈજરાઈલ બોલ્યા સુણો નબી સુજાણ : ગુનેગારકી રૂઆંની કબજ કરૂસો તમે માંનો ॥૩૭॥ બોરડીકે કાંટે પર કપડા ડાલીએ સહી : ઉસકા એક છેડા પકડકર ખેંચીએ

તહી ॥૩૮॥ વે તારતાર જુદા હો જાવે એ : એસા ગુનેગારકા જીવડા થાય ॥૩૯॥ તબ એ બોલ સુણકર નબી બોલે સહી : ઈસ તરહસે મેરી રૂઆંની કબજ કરીઓ અહીં ॥૪૦॥ મેરી ઉમતકા જીવ આસાનસેં લે : એસા નબી ઈજરાઈલકુ કહે ॥૪૧॥ પછી ઈજરાઈલે નબીની રૂવાંની કબજ કરી સહી : લેઈ રૂવાંની ચાલ્યા તહી ॥૪૨॥ કહે ***બુદરદીન*** આપ સવાઈ : ઈજરાઈલની એવી વાતો છે રે ભાઈ ॥૪૩॥ ગોર બ્રહ્માનો જીવ એવે કઠણેથી લીધો જાણ : તો તમે કોણ માત્ર પરમાણ ॥૪૪॥ માટે સીધા ચાલોને તમે આજ : તો ઈમાંમઅલીશા પકડશે હાથ ॥૪૫॥ માટે કાંઈક નેકી કરસો તે આડે આવશે સહી : એતો વાતો ***બુદરદીને*** કહી ॥૪૬॥ કુલ પટોરાં ૯૯૪ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૨૦ મું :

(વીલાપની વાંણ છે :)

નબીજી સધાર્યા જ્યારે સ્વર્ગમાં રે : મદીનામાં પડીઓછેરે ત્રાસ ॥૧॥ ખુબી ગઈ દુનીયાં તણી રે : કુટે પીટે લોક અપાર ॥૨॥ બેટી રૂએ બીબી ફાતમાં રે : બાવા મને કેમ છોડી આજ ॥૩॥ તુમ બીના મેં તો કેમ રહું રે : બાવા મને કશું ના સુઝે કાંઈ ॥૪॥ અસાબે આએ દફન કીએ રે : જારત હુઈ તીસરે દંન ॥૫॥ ખીલાફત હુઈ અબાબકરકુ રે : સબ ગયે અપણે ઘેર ॥૬॥ પણ બીબી ફાતમાં રૂએ બહોત કરી રે : એક દંનમેં વીસવીસ વાર ॥૭॥ એમ કરતાં બીબી દુખીયાં થયાં રે : શાહાઅલી ઘણું સમજાવે ત્યાંય ॥૮॥ બીબી બચડે કુ કેમ વીજોગ પાડો રે : કાતમ બાટમેં રખોંગે આજ ॥૯॥ રૂખદેખો હસન હુસેનકી રે : નબી દેખો પાસહે તંમ ॥૧૦॥ મતજાણો નબી તમસે દુરહે રે : એસા શાહાતો સમજાવે તાંહે ॥૧૧॥ એમ કરતાં માસ ત્રીસ ગયા રે : બીબીને સુખ નહી અસાદ ॥૧૨॥ એક દીવસને કારણે રે : બીબી રોઈ રોઈ થાક્યાં અપાર ॥૧૩॥ રોતાં રોતાં તેતો ઉંઘી ગયાંરે : સમણું વાધ્યું છે રે તાંહે ॥૧૪॥ બીબીએ

 બીબીને કર્યાં રે તૈયાર ॥૪૨॥ સર્વે અસાબા લઈ ચાલીયા રે : બીબીને કર્યાં છે રે દફન ॥૪૩॥ શાહાઅલી સબુરી કરી રહ્યા રે : બીજા હસન હુસેન બે ભાઈ ॥૪૪॥ નુર ખલીફા એમ ચાલીયા રે : માનવી કોણ રે ગુંજાશ ॥૪૫॥ બોલ્યા **બુદરદીન** બાવળા રે : દુનીઆંની મહેલજો તમે આશ ॥૪૬॥ કુલ પટોરા ૧૦૩૯ :

: ફાતીઆની દવા :

બરકત બીસમીલા હીર રહેમાન નરહીમ : હે જબરાઈલ : નજરેરૂ : કસીરલફતું : નેજને : આજે દવાદે : ઈમાંમ ચારદે માસુમ : પાંચેતન પાક : અલખસુરવાએલ : વ જબરાઈલ પાક ઈમાંમ હુસેનકા ફાતહે કલમો : જેમના નામનો ફાતીઓ પડવો હોય તેમનું નામ લેવું : દવા પાંચવાર ભણવી :

: વિદાયગીરીનું જ્ઞાન પ્રથમ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

વીરા સર્વે એતો વાધીયારે : તેના સુણોરે વીચાર :(આંચલી): *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧॥ વીરા દાદા આદમતો વાધીયા રે : દાદી હવાં કહીએ એ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨॥ વીરા બીજો માફો વાધીયો રે : તેના સુણોને વીચાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૩॥ તેમાં નોહનબીએ વાધીયા રે : આલે સલાંમાએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૪॥ હવે ત્રીજો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૫॥ હવે મુસાકરીમ આપે વાધીયા રે : બીબી સફુરાં વાધ્યાં જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૬॥ વળી ચોથો માફો હવે વાધીયો રે : મધ્યે બીબીમરીયમ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૭॥ હવે મીત્ર રોહીલા વાધીયા રે : બીબી પારસાંએ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે*

॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૯॥ તેમાં ઈબ્રાહીમખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૧॥ વીરા તરણસેંને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૫॥ ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીંત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે : કરણ કલફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૨॥ વીરા તીરથ સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને ફરમાંન : *વીરા*

॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૯॥ તેમાં ઈભરાંમખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૧॥ વીરા તરણસેંને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૫॥ ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીંત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે : કરણ કલફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૨॥ વીરા તીરથ સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને ફરમાંન : *વીરા*

વજરહૈયાં તમ તણાં રે ॥૨૭॥ વીરા પીર બુદ્દરદીન બોલીઆ રે : હવે સર્વે આવ્યો અંત : વીરા વજરહૈયાં તમ તણાં રે ॥૨૮॥

: વીદાયગીરીનું જ્ઞાન બીજુ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

(ઉઠબંદા ક્યા નીંદે સુતા તે વાંસ છે :)

ઈમાંમના એ માફા વાધ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાધ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યા સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વે બેઠા : તેને અંતે પડસે શોક ॥૨॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાની માંહે : આ જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહોને અમને ॥૩॥ ત્યારે ઈમાંમની એ મીજલસ માંહે : ખુદાનું ફરમાંન આવ્યું : જબરાઈલને લઈ મોકલીઆ : સર્વે ઉપર કહાવ્યું ॥૪॥ આ દસુરાંના દસ દનમાં : જે કોઈ દીલગીર થાસે : નયણા માંથી આંસુ પાડસે : હીસાબ વેળા બકસ્યા જાસે ॥૫॥ વળી બીજાં ફરમાંન આવ્યાં : ખુદજીનાં તે લાવ્યા : જબરાઈલ તો કહેવા લાગ્યા : તે ઈમાંમને મન ભાવ્યા ॥૬॥ દુનીયાં વીસે લોક થયા છે : હીંદુને મુસલમાન : તેના ઘરમાં ક્રોધ વ્યાપે : વળી દુખ મોટુ અસમાંન ॥૭॥ તે દુખે વળી આંસુ પાડે : નરને વળી નારી : અસુરાનાં દસ દનમાં : તે બકસો સુધાંમ ॥૮॥ વળી ઈમામની એ માહાતમ માંહે : શોક ધરીને ચાલે : દસ દન સુધી ક્રીયા પાળે : સર્વે દેવતા તેને નીહાળે ॥૯॥ દસ દનનો છલ્લો કરીએ : અસુરાનો કરસે : સર્વે જનસથી મન મારીને ચાલે : તે ટોળી ઈમાંમનીમાં ભળસે ॥૧૦॥ બોલ્યારે બાકરશાહા બળીઆ : જે કોઈના થાસો ગળીઆ : કહેર ક્યામત આવી પહોંચી : વેળાને આવ્યાં પરીઆં ॥૧૧॥

* * *

: શ્રી દરૂદ :

અલ્લાહોમે શ્રીઅલ્લા સૈયદના વલીઅલ્લા સૈયદના મહંમદદીન મુબારક નુરઅલી (દુવા પાંચ વખત ભણી ગાદીપર બેસવું : તથા દરેકે ભણી બેસવું :)

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - પહેલું

: શ્રી સતગોર સહદેવ વાચા :

પરથમ પહેલા સુણીએ મહારા : પુરવની એ વાત રે : સુરતા રાખીને સુણજો મારા મુનીવરોજી ॥૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : હસન મોટા ભાઈ રે : ફાતમા તોમાજી તેતો તેહુનાંજી ॥૨॥ નબીસાહેબતોનાંના કહીએ : સાહા અલીબાવા સોહી રે : પાંચેતન નો પરવેસ તે સહીજી ॥૩॥ તેમના તો એ વીચક સુણીએ : તેના કહું વીચાર રે : તેની સાંભળો તમે વારતાજી ॥૪॥ આદે તોનીપાવ્યા જ્યારે : નુરે નુર પઠાઆંરે : નુરમાંથી નુરએતો પરગટ્યાંજી ॥૫॥ જે દન નહોતા સ્વર્ગ પાતાળ : જે દન નહોતા તારારે : જે દન નહોતારે ચંદ્ર સુરજ સહીજી ॥૬॥ જે દન નહોતા પવન પાણી : જે દન નહોતો સંસાર રે : જે દન નોહોતારે પીર પેગાંબર ઓલીઆજી ॥૭॥ ત્યાર પહેલાં એ પાંચેતન કહીએ : સર્વે એનો આકાર રે : નુરથી નુર એતો પરવર્યા જી ॥૮॥ સર્વે એથી રચના કીધી : પવન પાણી જહરે જમીન આસમાન સરજ્યાં એ થકી જી ॥૯॥ નવસો નવાણું નદીયો કીધીં : સાત સમુદ્ર જેહરે : સર્વે આવેરે એતો તીરથ જી ॥૧૦॥ મુલાએકના તો માફા આવે : કટમ પરીવાર રે : અસુરામાં આવી એતો સાંભળેજી ॥૧૧॥ માટે એતો તમને કહું છું : સર્વે દેવતા આવે રે : અત્તર કસબોઈફુલ લઈ આવે સહીજી ॥૧૨॥ ઈમામની એ માતમ માંહે : સર્વે મુલાએક આવે રે : દરૂદ પઢીને સર્વે

બેસતાજી ॥૧૩॥ પાંચેતનના વીચક સુણીએ : જ્ઞાને સર્વે ભેદરે : અરથ ગ્રંથના એતો સાંભળોજી ॥૧૪॥ હુસેન એતો વીશ્નું કહીએ : હસન શીવ અવતાર રે : નબીના નવાસા એતો જાણજો જી ॥૧૫॥ નબી સાહેબ તો બ્રહ્મા કહીએ : મહા વીષ્ણુ અલી પોતે રે : ફાતમાં તો શક્તી એતો જાણજો જી ॥૧૬॥ તેમના પુત્ર જાણો ભાઈ : તે સીર કહેર રચાઆ રે : આલમનો ભાર લઈ અવતર્યા જી ॥૧૭॥ હુસેનઅલી આલવંશી : તેમણે લીધા કસરે : ઉમતનાં દુઃખ સર્વે ઉઠાવીઆજી ॥૧૮॥ ભુખ્યા તરસ્યા કેવા રાખ્યા : તોયના આવી મહેરરે : એવી જમાત તેતો કાફર સહીજી ॥૧૯॥ એમ કરતાં સાતદિન વીત્યા : અન્ન પાણી નહી રે : જુલમ માડ્યો રે બહુ કાફરેજી ॥૨૦॥ એમ કરતાં દેહા મેલી : ઈમામ હુસેને પોતે રે : દુખડાં પડ્યાં રે ઉમત કારણે જી ॥૨૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : એક ચિત્તે નર નાર રે : તેના ગુના બકસુરે ઉઠ કરોડનાજી ॥૨૨॥ વળી બીજી તમે સાંભળો : સાંભળી દીલગીર થઈએ રે : ત્રણસેંને સાઈઠ દિન તેમાં સહીજી ॥૨૩॥ જેણે ગુનાકર્યા હસે : તેને બકસુ સહી રે : ઈમાંમ હુસેનની ગોસ્ટી સાંભળે જી ॥૨૪॥ અસુરામાં આંસુ પાડે : તેતો બકસ્યો જાય રે : ચિત્ત ધરીને સર્વે સાંભળોજી ॥૨૫॥ ગત ગંગાએ સર્વે સાંભળો : એ સર્વેને ફરમાન રે : લાલચ કાઢીને દસ દિન આવજોજી ॥૨૬॥ બોલ્યા રે ***બુદરદીન*** બાવા : ઈમાંમ હુસેનનાં મંડાણ રે : પરથમ બોલો ઈમાંમની વારતા જી ॥૨૭॥

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - બીજું

: શ્રી સતગોર સહદેવ વાચા :

(: કહે બુદરદીન સત્ય વાતો : તે વાંણ છે :)

પરથમ ઈમાંમની ગોસ્ટી સુણીએ : સાંભળોને દલ ધરી : સભા ભરીને બેસતાને : બેસોને તમે મન ગળી ॥૧॥ પીર પેગાંબર ઓલીઆ ને : તેતો આવે છે અરસથી :

 ઈમાંમની એ મહાતમ માંહે : તેતો સુણે સુરતથી ॥૨॥ સર્વે તીરથ આવી પોહોચે : કરણ કલફ જુગ ચારના : અડસઠ તીરથ આવી બેસે : ઈમાંમની મહાતમ માંહાં ॥૩॥ તરેહ તરેહની કસબોઈ સારી : અત્તર ફુલ તે લાવતા : તબાકોની છાબો ભરીને : તે તો સર્વે જામતા ॥૪॥ દુમે દુમે માફા સર્વે : વખત વેળાએ આવતા : દેવ સભાની સભા ભરીને : વીચક સર્વે સાંભળતા ॥૫॥ આજના મુનિ સર્વે આવો : અસુરાના દિનમાં : આળપંપાળને કાઢી કરીને : તમે ભળો દેવ જનમાં ॥૬॥ નર નારી આવી સાંચરો : સભામાં આવી દાખસો : આંસુ પાડે ગોષ્ટિ સુણીને : તેના સાતે પરીયાં જાય બકસ્યાં ॥૭॥ આગેવાન થઈને તેને બકસાવે : સર્વે ઉપર હુકમ કરે : અસુરાંના આંસુ માટે : તેને બકસુ એ તરેહ ॥૮॥ બોલ્યા બાકરશાહા છેલ્લી વેળા :ચિત્ત ઠેકાણે રાખીએ : ઈમાંમના હવે સૈન્ય જાગે : લોભ લલુતા મહેલીએ ॥૯॥

* * *

ત્રીજા દિવસની કથા

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૨૧ મું :

(બુધા અવતારની વાંણ છે :)

ત્યાર પછી શું થયું કામ : તેનું તમે સાંભળો ફરમાન ॥૧॥ અબાબકરની ખીલાફત જે : એક વરસ કરી છે તે ॥૨॥ આખર એમની આવી જાણ : અબાબકરે કર્યું ફરમાન ॥૩॥ સૌ અસાબા તેડ્યા સહી : સૌને સીખામણ કહી ॥૪॥ હમારે પછી ખીલાફત જે : ઉમરખીતાબ તો કરસેતે ॥૫॥ અબાબકર તો ચાલ્યા સુધાંમ : તેતો સર્વે જાણે ગાંમ ॥૬॥ નબી સાહેબની જમણી પાસ : દફનાવી અબાબકરની લાસ ॥૭॥ કરે ખીલાફત ઉમર ખીતાબ : જેસા નબી મહંમદકા તાપ ॥૮॥ એસી અદલ ચલાવે સહી : કોઈ કીસીકુ દુખભી નહી ॥૯॥ ત્રણ વરસ ખીલાફત જે : ઉમરખીતાબે કરી તે ॥૧૦॥ એક દીન એવો આવ્યો જે : એક અસાબાનો ગુલાંમ તે ॥૧૧॥ બદફેલી કરતોતો જે : ઉમર ખીતાબે વાર્યો તે ॥૧૨॥ કહ્યું ના માન્યું ત્યારે જાણ : તેને બહુમાર્યો પરમાણ ॥૧૩॥ તે ગુલાંમે દંશ રાખ્યો સહી : જુમાંનો દહાડો આવ્યો તહી ॥૧૪॥ ઉમર ગયા નીમાજ ને કાજ : નીમાજ કરતાં માર્યા આજ ॥૧૫॥ ઉપાડી ઉમરને લાવ્યા ઘેર : સહું અસાબા મલીઆ ઘેર ॥૧૬॥ ઉમર નસીઅત કરે અપાર : તેતો સઉ સાંભળે યાર ॥૧૭॥ સબ યાર બોલે ખીલાફત જે : તુમેરા બેટાકુ દેવે તે ॥૧૮॥ ઉમરખીતાબ બોલે શું જાણ : જીસકા નામ લીખા પરમાણ ॥૧૯॥ ઉસે ખીલાફત દેજો સહી : એવી વાતો ઉમરખીતાબે કહી ॥૨૦॥ પછી ઉમરખીતાબ ચાલ્યા સુધાંમ : પાંચ જણનાં નામ લખ્યાં પરમાણ ॥૨૧॥ નબીની ડાબી પાસ દફનાવ્યા સહી : એવી વાતો ત્યાંતે થઈ ॥૨૨॥ હવે ખીલાફતની જુવોને પેર : કાગળ ખોલી જુવે ઘેર ॥૨૩॥ ખોલી કાગળને વાંચે નામ : પાંચ જણ લખ્યા પરમાણ ॥૨૪॥ પરથમતો લખ્યા ઉસમાંન : બીજા

શાહાઅલી જાણ ॥૨૫॥ ત્રીજુ નામ માવીઆનું સહી : ચોથુંનામ મુસે અસરીર કહી ॥૨૬॥ પાચમું નામ દેહકલબી ખરૂ : એટલામાં એ કોણજ ખરૂ ॥૨૭॥ દોસદાર અલીના જે : તે કહે અલીને ખીલાફત આપો તે ॥૨૮॥ પછી શાહઅલી બોલે સુજાણ : જ્યાં સુધી જીવે ઉસમાંન ॥૨૯॥ ત્યાં સુધી ખીલાફત ઉસમાંનની ખરી : શાહાઅલીએ વાત જ કહી ॥૩૦॥ ઉસમાંનને તખતે બેસાડે શાહા : કોણ કહે હા ને કોણ કહે ના ॥૩૧॥ આપ અલીને કીયા સલામ : પછી સબને માન્યા ફરમાંન ॥૩૨॥ ઉસમાનકી પાદસાહી બહોત સખ્ત : લોકો ને માથે પડે વિપત ॥૩૩॥ ઉસમાનકા એક વજીરસો જાણ : ઉસકા નામ મરવા પરમાણ ॥૩૪॥ સો મરવા વજીર જુલમ કરે સહી : ઉસમાનકી બાત માંને નહી ॥૩૫॥ ઉસમાનતો કુછ જાણે નહી : રાતદંન ઘરમે પડ્યા રહે સો સહી ॥૩૬॥ અવરદુજી બાતના જાણે : મરવા કહે સો સહી પરમાણે ॥૩૭॥ એક દીન ઈદકા આયા જાણ : ઉસમાન બહાર નીકળે પરમાણ ॥૩૮॥ ખલક સારી કરે ફરીઆદ : ઉસમાન દીલના ધરેસાદ ॥૩૯॥ મરવાન વજીરની રાહેત કરી : ખલકની ફરીઆદ દલના ધરી ॥૪૦॥ સો ખલક ખુદાકી ઉલટી કેસી : ઉસમાન પર જુલમ કરે કેસી ॥૪૧॥ બહોત તસદી ઉસમાનકુ થવા લાગી : જૈસી જાંન નીકલકર ભાગી ॥૪૨॥ ઉસમાન ફસાયા બહોત અપાર : એસેમે શાહાઅલી આયે નીરધાર ॥૪૩॥ અઠારૂ બેટે શાહકે સાથ : સબ ખલકકુ દુર કરે સો આપ ॥૪૪॥ ઉસમાન મુખ સુકાઈ ગયા : ઉસમાન શાહાકે પાસ આવી ખડા રહ્યા ॥૪૫॥ ઉસમાન કહે અલી મેરે પ્યારે : એ ખલક મને શાથી મારે ॥૪૬॥ પછી શાહાઅલી કહે ખલક તુમ સુણો : ઉસમાનકુ તુમ કાઅકુ હણો ॥૪૭॥ ત્યારે ખલક બોલી અલી સુણજો સહી : એતા જુલમ નબીને નહી કીયા તહી ॥૪૮॥ નહી કીયા અબાબક્કરને ઉમરખીતાબ : બહોત જુલમ ઉસમાનકે રાજ ॥૪૯॥ વજીરકી મુરવત રખતે હે સહી : કીસીકી ફરીયાદી માંને નહી ॥૫૦॥ પછી શાહાઅલીએ ખલકકુ સમજાઈ : પણ ઉસમાને વજીરને દુરના

કર્યા ભાઈ ॥૫૧॥ શાહાકે ડરસે ખલક દુર થઈ : ખલક ઉસમાન પર રાજી નહી ॥૫૨॥ ઘરમે ઉસમાન પેઠે સુતે સારે : રાતકુ ઉસમાનકુ કીસીને મારે ॥૫૩॥ સારે શહેરમાં પડીઆ પોકાર : ઉસમાનકું કીસીને મારે નીરધાર ॥૫૪॥ સો મરવા વજીર સો નાઠાસહી : ગયા દમેશક માવીઆ હે તહી ॥૫૫॥ ત્યાં જઈને રોયા અપાર : અલીએ માર્યા ઉસમાન નીરધાર ॥૫૬॥ ઉસમાનકુ ગરીબ કરકર માર્યા સહી : તીનદીન ઉસમાંન પડી રહ્યા તહીં ॥૫૭॥ પાદશાહા માવીઆ સુણો સુજાણ : આપણે અલીસે લડીએ પરમાણ ॥૫૮॥ ખુન લેવે ઉસમાનકા સહી : મરવા વજીર એમ કહેછે તહી ॥૫૯॥ કહે માવીઓ સુણો વજીર : અલીસે લડ્યાના જાવે ધીર ॥૬૦॥ તબ કહે વજીર સુણો એકબાત : બીબી આસાં પેગાંબરકી જાત ॥૬૧॥ ઉસે મદીને સે બુલાને ભેજો તમ : લડાઈકા સામાન કરીએ હમ ॥૬૨॥ સો શાહાઅલીને જાણી બાત : પછી શાહાઅલીને સુણ્યા સાખીઆત ॥૬૩॥ ઉસમાનને બીજાએ માર્યા નામ તુમારા હુવા : એસા મરવાન વજીરને કહા ॥૬૪॥ પછી શાહાઅલી બોલ્યા સુજાણ : ખુદા હક્કકા રાજી પરમાણ ॥૬૫॥ પછી શાહાઅલી સો આએ : તીસરે દંન ઉસમાંન ઉઠાએ ॥૬૬॥ નબીકે હજીરેમેં લઈ ગયા સહી : પણ હજીરે કે દુવાર ખોલે નહી ॥૬૭॥ જબ આએ અબાબકરને ઉમરખીતાબ : તબ દુવાર આપસે ખુલે સીતાબ ॥૬૮॥ તબ મહંમદને ખુદાકે આગે અરજકીયા : અરે પરવરદીગાર એસા કઉ હુઆ ॥૬૯॥ ઉસમાન આયે દરવાજે ખુલે નહી : તબ ખુદાકા ફરમાન હુવાતહી ॥૭૦॥ અરે મેરે નબી સુણો તમ : ઉસમાનકી પાદશાહીમાં બહોત જુલમ ॥૭૧॥ મૈ ઉસમાનકુ પુછુંગા સહી : તબ તુમારે ટોળેમેં લાઉગા તહી ॥૭૨॥ પછી ઉસમાંનકુ બાહાર રખે સહી : ગરીબુકે પાસમે તહી ॥૭૩॥ કહે ***બુદરદીન*** આપ સવાઈ : જુલમ કર્યા તેને પુછસેભાઈ ॥૭૪॥ માટે ખબરદારીથી ધરમ રાખોભાઈ : ખરાખોટા પરખી લેઈશું ભાઈ ॥૭૫॥ માટે મમતા મમતી મેલો જાણ : નહી મેલોતો થાસે હાંણ ॥૭૬॥ લાલચ મોહ-મત્સર

મેલો તમો : ત્યારે તમારૂં સુધરસે ને રીઝીસુ અમો ।।૭૭।। ભણે **બુદરદીન** ભાવઠ કહાડો : પાકી વેળામાં દલ ઓછાં ના આંણો ।।૭૮।। કુલ પટોરાં ૧૧૧૭ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૨૨ મું :

(ઈલમની વાંણ છે :)

ઉસમાન પછી શાહાઅલી દેખો : આપ કરે પાદસાહી : નબી મહંમદને જૈસી કીતી : અલીને ઐસી ચલાઈ ।।૧।। કેતેક દીન ગએ સોજાણો : અબ હેવે સો કહીએ : મરવા પલીંતને લડાઈ માંડી : દમેશકમેં તહીએ ।।૨।। એક માવીઓને બીબી આસાં : જણ બેને સંભળાવું : માંડી લડાઈ મરવે વજીરે : લશ્કર ટોળે કરાવ્યું ।।૩।। મરવો માવીઓને બીબીઆસાં : મસલત કરવામાંડી : અલીકુ કાગળ લખકર ભેજો : જે બાત માંને સારી ।।૪।। જબતહી કાગળ લીખને માંડે : તબ ગએ વજીરકે પાસે : જુના વજીર માવઈએ કે કેસે : મસલત પૂછી ઉનસે ।।૫।। જુનાવજીરતો કહેવા લાગ્યા : અરે પાદશાહા મેરે : તુમ નહીં જાણો અલીકી લડાઈ : ઈનસેં લડના ભારે ।।૬।। અલીને કોઈ નહી જીતે : છંછેડી શું કાઢો : કહે માવીઆ સુણો વજીરો : અલીકું ભેદસે પાડો ।।૭।। ઉસમાન મેરા ચીચેરાભાઈ : ખુન ઈસકા લેણા : એતો વાજબ હે રે ભાઈ નહી કુછ લેણાને દેણા ।।૮।। વજીર બોલ્યા સુણો પાદશાહા : કેમ ઉસમાંન અલીએ માર્યા : તબ માવીઆ બોલ્યા સુણો વજીરો : કહેતે હે સબ સારા ।।૯।। તબ વજીર બોલે કોણ કહેતા હે : કહો પાદશાહા મારે : માવીઆ કહેતા મરવાંન કહેતાહે : અલીએ ઉસમાંન માર્યા ।।૧૦।। વજીર બોલ્યા અરે પાદશાહા : મરવાંનકી બાત ના સુણીઓ : અલીસે લડના ખુબ નહી : એ બાત નકામી ગણીઓ ।।૧૧।। કહે વજીર અરે પાદશાહા : અલીસેં લડના કૈસા : ફોજો ઉપરતો ફોજો મારે : અલીકા કામ સો તૈસા ।।૧૨।। ફેર અસવાર પર અસવાર મારે : હથીઆર પર હથીઆર : ડુંગરભાંગે સો અલીકા કામ, ઓર ખૈબરકે

કમાડ ॥૧૩॥ એતો કામ અલીકા કહીએ : સુણો પાદશાહા સુજાણ : એતો કોઈ જાણતે નહી : તુમ નહી અજાણ ॥૧૪॥ તુમને અલી એક જગાકે રહેને વાલે સોહી : એક મીજલસ કે બેઠને વાલે વે ના જાણે કોઈ ॥૧૫॥ અરે પાદશાહા તુમતો જાણો : અલીસો કહીએ કેસે : ઘોડેકી પીઠ ખાંડેકીમુઠ સે : એકલાખ એસીહજાર ગઢ ફતેહ કીતે ॥૧૬॥ અરે પાદશાહા સુણો તમ સાચી : અલી જુલફીકાર જબ કહાડે : તે વખત કોઈ એસા મરદ નહી : જે કોઈ આવે આડે ॥૧૭॥ અરે પાદશાહા ફેર કહું : હજરતકા માનીતા : બહોત કરાંમત ઈનકે પાસે : અને જગતમાં જાણીતા ॥૧૮॥ અરે પાદશાહા તુમ જાણો : તુમારા કામ હે : હમ ના જાણે કાંઈ : પાડા સાંઢ જ્યારે મસ્તાની હોવે : સીર ધુળ નાખે સોહી ॥૧૯॥ જબ દેખો બકરા મસ્તાંના હોવે : સો એ એંધાણી દેખો : આપસ કે મુહમે મુતે ભાઈ : એ ઉખાણા સો પેખો ॥૨૦॥ વજીરકા કહ્યાના કર્યા : માવીઆ તખત જા બેઠા : મરવાન વજીરકુ બુલાયા ભાઈ : લડાઈકા અંદેસા પેઠા ॥૨૧॥ મરવા અલી પર હુઆ તઈઆરી : આશાંને માવીઆ સોહી : મસલત કરને બેઠે ભાઈ : ત્યાં અવરના દુજા કોઈ ॥૨૨॥ મરવા કહે સુણો માવીઆ : લશ્કર એતા મિલાઉ : મુઠી મુઠી ધુળ ડાલે તો : અલીકા લશ્કર છુપાઉ ॥૨૩॥ અરે અલી અલી તુમ કેમ પોકારો : એ પાદશાહાની તોલે ના આવે : જીવતા પકડ કર તુજ આગે લાઉ : તબ મેરા નામ કહાવે ॥૨૪॥ મરવા વજીરને ફિર સમજાઆ : માવીઆને કહ્યા એસા : કાગળ લીખકર ભેજો આપણે : કાસદકુ દીજે તેસા ॥૨૫॥ કાગળમેં તો એસા લીખીઆ : અલી તમે સારૂં ના કર્યું : તુમારી પાદશાહીકે કારણ : ઉસમાંનને દગા દીધા ॥૨૬॥ ઉસમાન જેસા આદમી : તુમને માર્યા કેસા : તુમકા મારો હયાતી : બીબીઆસાં કહેવે તેસા ॥૨૭॥ બડી હરમાં મહંમદકી કહીએ : બીબીઆસાં સોહી : વે ઉસમાંનકા ખુન જ માગે : લખીયા કાગળ ઓહી ॥૨૮॥ જો અલી તુમ જીવવા ચહાવોતો : પાદસાહી તુમારી છોડો : પાદસાહીકા લોભ ના કીજે : આપણ જીવ કેમ

મોડો ॥૨૯॥ દમેસક્કા પાદશાહા કહીએ : માવીઆ જીસકા નામ : અલી તેરેપર લશ્કર મીલાયા : એસા કીયાહે કામ ॥૩૦॥ લશ્કર બહોત મીલાયા કેસા : મુઠી મુઠી ધુળડાલે : વે ધુળસું લશ્કરને દાબે : એતા મીલાહે હાલ ॥૩૧॥ એસા કહેકર કાગળ લીખીઆ : દીયા કાસદકે હાથે : એ કાગળ અલીકુ દીજે : તુમ ઢુંઢો તુમારા સાથ ॥૩૨॥ કાસદતો મદીને ચલીઆ : કેટલાક દિન પછી પહોચ્યો : શાહાઅલીકે દરબાર જાકર : ખડા રહ્યાસો તેસા ॥૩૩॥ નામદાર નામદાર કાસદ બોલ્યા : નેકી બીલાલજો આયા : ક્યાંના નામદાર હેરેભાઈ : કાસદને સમજાયા ॥૩૪॥ કાસદ બોલ્યા નામદાર તો : માવીઆને બીબીઆસાં : તબ શાહાઅલીકુ માલમ હુઆ : ક્યા લાયા સંદેશા ॥૩૫॥ સાહાતો આવી બાહાર બેઠા : વજીર સો કહીએ કેસા : નામ તો અબદુલા જાહેદ : કાસદકુ બુલાયા તેસા ॥૩૬॥ કાગળ લેકર સારાં વાંચ્યા : શાહાઅલીને સુણીઆ : જઉ આગમે તેલઘી ડાલે : એસા કાગળ ભણીઆ ॥૩૭॥ કાગળ સુણકર ભડકે લાગે : શાહાઅલી ગુસ્સામાં આએ : ઉસમાનકુ માર્યા હોય તો જાણે : એ કોને સમજાવે ॥૩૮॥ અરે માવીઆ સુણો તમે સાચી : તુમ પાદસાહી મેરી ચહાવે : તીજે લેણીહોય તો આવમેરી પાસે : દેવું તુંજે મન ભાવે ॥૩૯॥ અરે આસાં તું શું કરે જે : બોલ નબીકા જુઠે ના હોવે : રસુલે કહ્યુંને સાચા પડીઆ : કઉ કર સુખસુ સોવે ॥૪૦॥ શાહાઅલીને કાગળ લખીઆ : માવીએકુ બી એસા : કાગળ દે કાસદકુ ચલાયા : દમેસક આયા તેસા ॥૪૧॥ કાગળ લે માવીએકુ દીના : વાંચ્યા અપણે હાથે : મરવા વજીરકુ પાસે બુલાયા : સુણતાહે સબ સાથ ॥૪૨॥ દેખો અલીને જવાબ ભેજાહે : મરવા કહે સો કેસા : અલી મોત અબ આઈ હાજર : મરવા બોલ્યા એસા ॥૪૩॥ મરવા વજીરને લશ્કર મીલાયા : માવીઆ ઓર બીબીઆસાં : અઠારે લાખ અસવાર મીલે હે : અબ જો હોએંગા કેસા ॥૪૪॥ દમેસકથી મદીને આવે : સારા શહેર મુલકજો કંપે : માવીઆ અલી દોનું લડતે હે : સબ રહેવે અજંપે ॥૪૫॥ શાહાકા વજીર અબદુલા જાહેદ :

શાહાકુ કહા સુણાઈ : અસાદ અલી તમ દોનું ગુલામ : અબુતાલબકે બેટે ભાઈ ॥૪૬॥ અઢાર લાખસુ માવીઆ આયા : અબ રજા હોવે તુમારી : આપણભી લશ્કર મીલાઈએ : સામાન કરીએ ભાઈ ॥૪૭॥ તબ શાહઅલી બોલે સુણો અબદુલા : મેરા નામ અલીઅસાદ : માવીઆ સે મેં નહી ડરતા : એજો આવે કદ ॥૪૮॥ ભણે **બુદરદીન** ભાવધરીને : જ્ઞાન ગોષ્ટી જેહ : માવીઆને અલીની લડાઈઓ : હવે કેવી થાય તેહ ॥૪૯॥ કુલ પટોરાં : ૧૧૬૬ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૨૩મું :

(દસમા અવતારની વાંણ છે :)

અઢારલાખ અસવારથી માવીઓ આવ્યો સહી : અરબની વીલાયતમાં પેઠો તહી ॥૧॥ ત્યારે માવીએ સાંભળ્યું જે અલીએ લશ્કર કર્યું નથીલગાર : એતો છોડી બેઠા છે તરત કાળ ॥૨॥ માવીઓ આવી એક નદી છે જ્યાં : તે સોળ કોસને પટે પહોળીછે તાંહે ॥૩॥તેનું નામ સુણોને ભાઈ : નદી રોદનીલ નામે કહેવાઈ ॥૪॥ તેને સામે કાંઠે માવીઆનું લશ્કર ઉતર્યું જાણ : ત્યારે શાહાઅલીએ સાંભળ્યું નીરવાણ ॥૫॥ અઢારલાખથી માવીઓ જાણ : નદી રોદનીલને કીનારે ઉતર્યો પરમાણ ॥૬॥ ત્યારે શાહાઅલીએ એક લાખને એંસી હજાર : અસવાર ઉતાર્યા નદીને કીનાર ॥૭॥ તેથી માવીઆના લશ્કરમાં પડ્યો પોકાર : તેતો સર્વે કંપે અપાર ॥૮॥ અને કહેવા લાગ્યા જે અલીથી કેમ લડાસે સહી : અરે ખુદાવંદ અમારો આસરો નહી ॥૯॥ તે રાત માવીઆનું લશ્કર જે : બીતું રહ્યું સારી રાતજ તે ॥૧૦॥ પછી સુબહ હુઈ સબ કરે નીમાજ : દોનું લશ્કર સબ સજે સાજ ॥૧૧॥ માવીએકા લશ્કરમે દદામે બાજે સહી : લડાઈ શરૂ હોઈ સો તહી ॥૧૨॥ તબ શાહાને હુઆ જાણ : ત્યાં પણ દદાંમે બાજે પરમાણ ॥૧૩॥ સબ લશ્કરમે સોજાણ : ઘોડે પાખર સલે બકતર સો જાણ ॥૧૪॥

ત્યારે માવીઓ તૈયાર થઈ આવ્યો સહી : ઊંટ પર અસવાર બીબીઆસાં તહી ॥૧૫॥ બુરખો નાખી માવીઆની પાસ : બીબીઆસાં કરે અરદાસ ॥૧૬॥ માવીઆના શીરપર છત્ર ફરે : માવીઓ કહે મારી સાથે કોણ વઢે ॥૧૭॥ માવીઆના ઉમરાવનાં નામ : તે સઉ સાંભળો પરમાણ ॥૧૮॥ ઉતબાવલીંદ, અબુહુરેરા : બડે બડે સીરદાર ખડે હે ત્યાં ॥૧૯॥ અબ શાહાઅલીની ફોજના સીરદારોના નામ : સુણોભાઈઓ અબ કહુ પરમાણ ॥૨૦॥ અબદુલાજાહેદ ને સાદવકાસ : અબુલામાજન ને સીઆફ પાસ ॥૨૧॥ માલકઅસ્તર ઓર ખીમરગુલાંમ : એસે સીરદાર શાહાકે જાણ ॥૨૨॥ એવા સરદાર એકલાખને એંસી હજાર : અગર હાથી ઘોડા અસવાર ॥૨૩॥ શાહાકા વજીર અબદુલાજાહેદ જાણ : આવી મેદાનમા ઉભા પરમાણ ॥૨૪॥ પછી શાહાઅલી આવ્યા સુજાણ : સરપર છત્ર ફરે પરમાણ ॥૨૫॥ શાહાના બેટા હસન હુસેન જે : ડાબી જમણી તરફે ઉભાછે તે ॥૨૬॥ પછે પાંચસેં ચેલા સાગરીત સાથ : તે મેદાનમાં ઉભા કરે છે વાત ॥૨૭॥ સર્વે ઉતરી શાહાને સલામ કરી : અરે સાહેબ અમને શું ફરમાવોછો ફરી ॥૨૮॥ પાણીના છંટકાવ છાંટ્યા તહી : નકીબ લશ્કરને બોલ્યા તહી ॥૨૯॥ લાગતી અણીએ જોડતે મેદાંન : કોણ રાંણીના જાયા કરે નામ ॥૩૦॥ અપને બાપ દાદેકા જે રાખે નામ : સો આવેંગા ઈસ મેદાંન ॥૩૧॥ તબ માવીએકી ફોજમેસે એક રાવત આયા : ઉને લેકર મુદાઈકુ બુલાયા ॥૩૨॥ તબ શાહાકી ફોજમેંસે અબુલા માજનને ઘોડા ડાલીયા : ખડે લશ્કરમે હુમલા માગીયા ॥૩૩॥ પછી માવીએકે લશ્કરીને હુમલા કીયા : સો હુમલા અબુલામાજન ને ટાળીયા ॥૩૪॥ અબુલામાજન ને એસા માર્યા જે : માવીએ કે લશ્કરીકે દોટુકડે કીએ તે ॥૩૫॥ શાહાકે લશ્કરી સબ ખુસીયાં કરે : સારે લશ્કરમે સબ તકબીરાં ભણે ॥૩૬॥ માવીઆને દુજા લશ્કરી ભેજીઆ : અબુલા માજનને વેભી મારીઆ ॥૩૭॥ એક એક કહેતાં પારના આવે સહી : અબુમાજનને ચાલીસ આદમી મારે તહી ॥૩૮॥ ફરી મેદાંન મેં કોઈ આવે નહી :

માવીઓ રાવતરાવત કરી પોકારે તહી ॥૩૯॥ મરૂવાવજીર માવીઆ જે : લશ્કરી ઉપર ખીજે તે ॥૪૦॥ પણ કોઇ મેદાંનમાં આવે નહી : માવીઓ કહે સોનાં રૂપાં દેઉ સહી ॥૪૧॥ જે અલીના રાવતને મારે : ઉસે સુનાં રૂપા દેઉ સહી ॥૪૨॥ એ રાવતને મેરે ચાલીસ રાવત મારે : બોતેરા કહેને માવીઆ પોકારે ॥૪૩॥ જે જાવે સો ફેરના આવે : એસા કહે કર માવીઓ પોકારે ॥૪૪॥ જબ અબુમાજનને રાવત માગીયા : કોઈના આવ્યા ત્યારે ઘોડા લશ્કરમેં ડાલીઆ ॥૪૫॥ માવીએ કે છત્રકે નીચે જા ખડે રહે : મારે તલવાર ફેરના જુવે ॥૪૬॥ જબ શાહોને દેખા અબુમાજનને સહી : અઢારે લાખ અસવારમે ઝંપાયા તહી ॥૪૭॥ પછી સાદ વકાસને ચોવીસ સીરદાર : દોનું બેટે ખુદા ના વાઘ ॥૪૮॥ એકલાખ એંસી હજાર ઉડીપડ્યા : તે અઢાર લાખમાં સેળાં ભેળાં થયા ॥૪૯॥ તે લશ્કરમાં હલાહલથાએ : કાંનેપડ્યો શબ્દ ના સુણાએ ॥૫૦॥ અલીશાહા મારે તલવાર જેમ કયામત થઈ : ઈજરાઈલનો બજાર ગરમ સહી ॥૫૧॥ સારાં જંગલ લાલ લાલ હો રહા હે તહી : બહોત મુસલમાંન કટાતે હે સહી ॥૫૨॥ તે લોહી વહે જેમ નદીનું પુર : એવું રણ ખેતર પડીયું સુર ॥૫૩॥ જમી અસમાનના ફીરસ્તા જે : તૌબા તોબા કરવા લાગ્યાતે ॥૫૪॥ પછી માવીઆકા લશ્કર ભાગને લાગ્યા જે : અને શાહાના લશ્કરી મારે તે ॥૫૫॥ બીબીઆસાં ઉનકુ ફીરાવે સહી : પણ ઈનકા બોલ કોઈ ગણે નહી ॥૫૬॥ અરે નામરદો મુઠી લશ્કરકે આગે તમ : કાલેવાલે કરતે કેમ ॥૫૭॥ માવીઆ મરવાને બીબીઆસાં પોકારે : ભાગ્યું લશ્કરતે કોઈ વાહારે ના આવે ॥૫૮॥ આપણે અઢાર લાખને એ એક લાખને એંસીહજાર : એ આગળ તમે શું ભાગો ગમાર ॥૫૯॥ પછી માવીએના લશ્કરે જવાબ દીયા : એમનાથી ભુતદેવ પણ આંટીઆ ॥૬૦॥ માવીએકા લશ્કર માર ડેરે મેં ખાયા : તે સમે રાત પડીને સુરજ ઝંપાયા ॥૬૧॥ પછી શાહાકા લશ્કર પીછા ફીરા : આવી અપને ખીમમે ઉતર્યા ॥૬૨॥ દદાંમે બાજે નફેરીનાદ : ખુશીતો કરે સબ સાથ ॥૬૩॥ સાહે

સલેબકત્તરતો ઉતારીઆ : હાથ મોં ધોવા પાણી મંગાવીયા ॥૬૪॥ નાહી ધોઈ કપડાં પહેર્યાં સાર : ખાણું મંગાવું તે તૈયાર ॥૬૫॥ શાહા જમી કરી બેઠા સુજાણ : વાતો કરવા લાગ્યાતે જાણ ॥૬૬॥ આપણે માવીઆકા લશ્કર બુડાયા સહી : સો માવીઆ અંદેસા કરતાહે તહી ॥૬૭॥ રોતે રોતે ફેફરી બંધહો ગઈ : કછુ બોલનેકી સુધ ના રહી ॥૬૮॥ કોઈ કહેતાહે મેરા યાર ગયા : કોઈ કહેતા હે મેરા ભાઈ મુવા ॥૬૯॥ કોઈ કહેતા હે મેરા ચીચા ને બાપ : શાહાઅલીકા એસા તાપ ॥૭૦॥ સારે લશ્કરમે રોયા પીટ હો રહી : આપણે ક્યું લડનેકુ આએથે અહી ॥૭૧॥ પછી મરવા લશ્કરકુ સમજાને લગા : અલી સુણેગા તો કહેગા લશ્કર કેસા ભાગા ॥૭૨॥ અલી ખુસીકરેને નામોસી અપણને આવે : દેખો ભાઈઓ અલી આપણઆગે ભાગ્યા જાવે ॥૭૩॥ આપણે અલીકે દોસ દારને કાટેગેં સહી : મેરે બાપ અબતમ રૂવો નહી ॥૭૪॥ પછી માવીએને નાહી ધોઈ કપડે પહેને આજ : ખાણા ખા કર વાતોં કરે સબ સાથ ॥૭૫॥ અરે ભાઈઓ અલી હવે હારે : અબ ઈસકુ કોણ કરેગા સારે ॥૭૬॥ આપણકે લશ્કરકી ગીનતી લો ને સમાર : કેટલા કપાયા સવિસ્તાર ॥૭૭॥ ત્રણ લાખ આદમી કટાણે ઉસ દંન : સારા લશ્કર હુઆ રનવન ॥૭૮॥ પછી શાહાને અપને લશ્કરકી ગણતી લીતી : દેખેતો કીસીકી નસકોરી નહી ફુટી ॥૭૯॥ પછી માવીએને શાહાકે પાસ આદમી ભેજે સહી : હમકુ આઠ દીનકી મહેતલ દીજે તહી ॥૮૦॥ જે હમારે આદમી જખમી હુએહે સહી : ઉસકુ પીટીપાટા કરેંગે અહી ॥૮૧॥ ઓર જો મર ગએહે ઉસકી જારત કરે : પછી અપણ સબ લડનેકુ ચડે ॥૮૨॥ પછી શાહને હસન હુસેનકુ બુલાએ જાણ : અપના વજીરને પુછો પરમાણ ॥૮૩॥ માવીઆ આઠ દિનકી રજા માંગતાહે સહી : તબ અબદુલા જાહેદ બોલ્યા તહી ॥૮૪॥ અરે અલીસાહા તુમ ખુદકાર : માવીઆતો ઝખમારે અપાર ॥૮૫॥ અરે અલીસાહા કલ કાટેમે બાકી રહે હે સહી : સો અપણ આજ મારેંગે તહી ॥૮૬॥ તબ અલીસાહા બોલે ખુદકાર : જે હટ જાવે

ઉપર ચઢુ નહી નીરધાર ॥૮૭॥ અસતકા કેડા કદીના લેઉ : ધાઈ આતેકુ જાણે ના દેઉ ॥૮૮॥ જીસ દીન ઓ બાજાં બજાકર મેદાંનમે આવે : ઉસદીન માવીઆકા શીર કટાવે ॥૮૯॥ તબ-ઈસકા લશ્કર સબ માર્યા જાવે : તબ તો મેરા નામ અલીસાહા કહાવે ॥૯૦॥ હુજાબ ચોપદાર તેરા પાદશાહાકુ કહીઓ જઈ : આઠ દીન છોડ દસ દીનકી હે રજાએ ॥૯૧॥ જહાં તઈ સજણા હોઅસો સજીઓ સાજ : અબ નહી રહેવે તેરી લાજ ॥૯૨॥ લશ્કર થોડા હોય તો બહોત મીલાઈઓ : પછી હમારે અહિ આઈયો ॥૯૩॥ કુછ અરમાંન ના રખીઓ તમ : હુજાબ ચોપદારકુ એસા કહા હુકમ ॥૯૪॥ હુજાબે જાકર સારી બાત માવીઆને કહી : સારા લશ્કરમે ખુસીઓ હોવે સહી ॥૯૫॥ બોલ્યા ***બુદરદીન*** આપ સવાઈ : આગળ કાળીંગાથી એથી અદકી થાસેરે ભાઈ ॥૯૬॥ કુલ પટોરાં :૧૨૬૩:

: શ્રી સતગોર સહદેવ વાચા જ્ઞાન ૨૪ મું છે :

(મીઠીવાંણ છે :)

માવીઓ બોલ્યો જે આપણા જે રાવત : આપણા જે રાવત : તોતેથી મસલત કરવા બેઠો જી ॥૧॥ આપણ અલી શું કેમ કરીશું : કેમ કરીશું : જે કદમી વજીરને બોલાવ્યાજી ॥૨॥ હોહો પાદશાહા તમે શું અજાણ્યા :તમેઃ અલીની તરકસ બંદી કેવીજી ॥૩॥ એરે અલીથી કોઈ બર નહી આવે :બરઃ આપણસે લડ્યાનહી જાવે જી ॥૪॥ અરે પાદશાહા સુણો તમે સાચી :સુણોઃ અબ અલી નહી કાહાડે પાછી જી ॥૫॥ નાહક આદમી કાયકુ મરાવો :કાયકુઃ આગે તીનલાખ રાવત મારે જી ॥૬॥ ઓર જખમીકા સુમાર જો નહી :સુમારઃ તો કઉકર લડના આંહી જી ॥૭॥ અલીકે લશ્કરકા દેખો તમાસા :દેખોઃ તો અસવાર પ્યાદા સોહી જી ॥૮॥ કોઈ નહી ઝખમીને કોઈ નહી દરદી :કોઈઃ આપણે લાખ ગણતીના સમારજી ॥૯॥ અલીસે લડના ખુબ જો નહી :ખુબ જોઃ માવીઆ

સુનકર છાંના બેઠા જી ॥૧૦॥ પછી પલીંત મરવાને બોલાવ્યો :મરવા: તેને પુછવા લાગ્યો જી ॥૧૧॥ દેખો મરવા વજીરજ સુણીએ :વજીર: પહેલી લડાઈમાં પછાડ્યા જી ॥૧૨॥ તીન લાખ આદમી અપણે કટાએ :અપણે: મેરે કોણ કોણ રાવત મારે જી ॥૧૩॥ નાહક આદમી કાઅકુ કટાવે :કાઅકુ: એસા માવીઆ બોલે જી ॥૧૪॥ તબ પલીંત મરવો બોલ્યોતે સુણીએ :બોલ્યો: કાં નાદાન પાદશાહા તુહીંજી ॥૧૫॥ પાદસાહી કારણ ઉસમાનકુ મારા :ઉસમાન: તો તુજકુ મારે સો એસા જી ॥૧૬॥ અરે પાદસાહ સુણો તમે સાચી :સુણો: અબ કહાડો પાછી જી ॥૧૭॥ કીસીકે હાથે મરણ કાં માંગો :મરણ: દુશ્મનકુ બડા ના કીજે જી ॥૧૮॥ લશ્કર આપણા પ્યારાના કીજે :પ્યારા: મીઠા જીવથી ક્યાહૈ ભલેરા જી ॥૧૯॥ અરે પાદશાહા સુણો તમે મેરી :સુણો: તો લશ્કરકા પારના આવે જી ॥૨૦॥ અલીકે દોસદાર અલીકુ દેખો :અલી: તેરે આગે પકડકર લેવે જી ॥૨૧॥ બીબીઆસાં આપણીજે કહીએ :આપણી: તો બરકત ઉનકી એસી જી ॥૨૨॥ નબીકી જે જાત ઉનકુ લગીહે :ઉનકુ: તો ઉનસે અપણ જીતેંગે જી ॥૨૩॥ સુણો માવીઆ હૈયે હીમત ના હારો :હૈયે: અપના જીવ ઠેકાંણે રાખીએ જી ॥૨૪॥ મરવા વજીર બોલ્યા સો સુણીએ :બોલ્યા: તુજે પાદશાહા આલમકા બનાવું જી ॥૨૫॥ અરે પાદશાહા સુણો તમે સાચી :સુણો: જ્યાં તહી અલી જીવેગા જી ॥૨૬॥ ત્યાં તહી તેરી ઓલાદકુ મારે :ઓલાદ: તો સુખ સુ રેહેણે ના દેવે જી ॥૨૭॥ એ દુશ્મન હે અગનકી પેટી :અગન: તો ઉસે તોડે તો ભલા જી ॥૨૮॥ અરે માવીઆ અંદેસાના કીજે :અંદેસા: લશ્કર એતા મીલાવું જી ॥૨૯॥ દુનીયામાં આપણા નામજ હોવે :નામજ: તો માવીઆ પાદશાહા એસા જી ॥૩૦॥ લાખ ગીણતી લશ્કર મીલાયા :લશ્કર: એસા દુનીયામાં કહેવે જી ॥૩૧॥ મરવા વજીરના કહ્યાતે ઉપર :કહ્યાતે: માવીએ કમર બાંધી જી ॥૩૨॥ અબ એ અલીકુ મારૂં જો એસા :મારૂં: અબઈસે ના છોડું જી ॥૩૩॥ અરબસ્થાન ખોરાસાન ખાસી :ખોરાસાન: સો મેરે હાથ કરણી જી ॥૩૪॥ મરવાને

માવીઆ બીબીઆસાં :બીબીઃ તોએવે મનસુબે લાગ્યા જી ॥૩૫॥ કહે **બુદરદીન** જે દીનેથી ભુલ્યા :દીનેઃ તો માવીઆ મરૂઆ જાણો જી ॥૩૬॥ દીન છોડી બે દીને થી લાગ્યા :બે દીનેઃ તેનાં વહાંણ અરસનાં ભાગ્યાં જી ॥૩૭॥ કુલ પટોરાં ૧૨૯૯ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૨૫મું

(સુણો સાહેના કહે છે શ્રી ભગવાન તે વાંણ છે :)

હવે શાહાઅલી બોલ્યા તે સાંભળો : બેઠા પોતે ડેરાને મોજાર ॥૧॥ બેઠા તખતેરે મસલત કરે : પાસે બેઠા ચોવીસ સીરદાર ॥૨॥ સુણોભાઈ સાદ વકાસ જે : સુણભાઈ અબુલામાજન ॥૩॥ માવીએ દેખોક્યા કીયા : પેટ મસળી ઉપાડ્યું સુળ ॥૪॥ સુતા રે વાઘ જગાડીઆ : જેમ વસીયર ગાય ચાંપેછે તે તાછ ॥૫॥ તેરે ઉખાંણો કર્યો માવીએ : હજુ કાંઈ સમજે રે ગમાર ॥૬॥ સીખામણ કોઈની માને નહી : જે મહેતલ હુતી આઠ દનની આજ ॥૭॥ તે માવીઓ કહે મરવાંનને : છેલ્લો હવે આવ્યો છે દંન ॥૮॥ આવતી રાતે વઢવું સહી : તે લશ્કરોમાં થઈ રહ્યો હલ હલકાર ॥૯॥ માવીઓ તો વહેંચે લશ્કરને : સોનાં રૂપાં ઘોડા તે અપાર ॥૧૦॥ એવાં ઈનામ આપે માવીઓ : તે વાત સાંભળી શાહાઅલીએ સાર ॥૧૧॥ ત્યારે શાહાઅલી આપે લશ્કરને :માવીઆથી બમણા અપાર ॥૧૨॥ અવલઅલી તો આપતા : જે ઘરમાં કાંઈ રાખે નહી લગાર ॥૧૩॥ સલેખાંન સર્વે વહેંચીઆં : જેવી વીજળી રાતે ચમકે અપાર ॥૧૪॥ પછી રાત પડી રે ઘમઘોરની : સહુ સાથે સુતા રે સરદાર ॥૧૫॥ હાથી ઘોડા સાહેબ નફર સબ સુતે : મુસ્કીન ગરીબ પહાડ પર્વત ॥૧૬॥ ઝાડને બીડ સબ સોઈ ગયે : જાગે આપણા પરવરદીગાર ॥૧૭॥ એમ કરતાં રાત વહીગઈ : સુબહ હુઈ જાગે શાહાસુલતાન ॥૧૮॥ નેકીબ સાહેબ જાગીઆઃ દોનુ લશ્કર પડે સો નીમાજ ॥૧૯॥ નીમાજ કરી સહું પરવારીયા : લશ્કરોમાં હુઈ હલહલકાર ॥૨૦॥ દદાંમાં બાજે લશ્કરમેં : માવીઆ

હુવા ખબરદાર ॥૨૧॥ ફોજો આવે મેદાંનમે : ખડે સબ ભલભલે અસવાર ॥૨૨॥ અઢારલાખ સાથે માવીઓ : સરદારએના ઉતબાવલીંદ ॥૨૩॥ અબુહુરેરા આવીઆ : માવીઆને કરે છે સલાંમ ॥૨૪॥ સાહેબજંગ તે આવીયા : કસરાંનરૂમી આવ્યા છે સઉ સાથ ॥૨૫॥ ઘાસીઆ ફીરંગી આવીઆ : તે આવી કરે છે સલાંમ ॥૨૬॥ બોતેર ઉમરાવ સીતેર ખાંનજાદા : તે સર્વે આવી ઉભા છે મેદાંન ॥૨૭॥ હવે શાહાઅલી આવ્યાતે સાંભળો : જમ ફોજો આવે દરીઆ લહેર ॥૨૮॥ મોજાં મારે સમુદર સહી : એવી ફોજો અલીસાહની જાણ ॥૨૯॥ રજકણ ઉડે અસમાનમાં : તેણે સુરજ ઝંપાએ અપાર ॥૩૦॥ શાહાના સરદાર આવ્યા સાંભળો : પહેલા આવ્યા સાદનેવકાસ ॥૩૧॥ જમણી બાજુ ઉભારે રહ્યા : આવી શાહાને કરે છે સલામ ॥૩૨॥ પછી અબુલામાજનતે આવીયા : ડાબી તરફે ઉભા છે તે તાંહે ॥૩૩॥ સીઆફ સરદારતે આવીઆ : અમુજારક આવ્યા તે અપાર ॥૩૪॥ અબ્દુલાજાહેદતે આવીઆ : શાહાઅલીના ખાસા વજીર ॥૩૫॥ સિત્તેરખાંન ચોવીસ ઉમરાવતે : માવીઆ સામા ઉભા તે તરત કાળ ॥૩૬॥ પછી ખીમર ગુલાંમ શાહાના આવીઆ : શાહાને પાસે ઉભા છે સચીઆર ॥૩૭॥ શાહાના પાલક બેટા તે આવીઆ : સર્વે સામાંન પોતાનો તે લઈ ॥૩૮॥ પહેલા બેટા મુસાહેબ સહી : દુજા બેટા કનાંન સો જાણ ॥૩૯॥ ત્રીજા બેટા તોગાતુર આવીયા : ચોથા બેટા માલકઅસ્તર ॥૪૦॥ પાંચમા તે અબદુલરહેમાંનીઆ આવીયા : સર્વે આવ્યા લશ્કરની માંહે ॥૪૧॥ દોનું બેટા હસન હુસેન છે : દીન દુનીયાં કેરા જે સરદાર ॥૪૨॥ સલે બક્તર પહેરી સજ્જ થયા : બાપ આગળ આવી ઉભા તાંહે ॥૪૩॥ સારે સીરદાર સો ઉતરીઆ : શાહાને કીધી પાદસાહી સલામ ॥૪૪॥ શાહા માવીઆકા રૂખ દેખે સહી : સારા લશ્કર કંપે રે અપાર ॥૪૫॥ શાહાની નજર દીઠી સઉએ જણે : તે સર્વે ધરૂજે છે અપાર ॥૪૬॥ એટલે ઝાડુ બરદારતે આવીઆ : સીખ આપી કરે છે છંટકાવ ॥૪૭॥ ધુળ ગરદ ઉડતી રહી : નકીબ ચાઉસકો મારે તે વાર ॥૪૮॥ રાંણી

જાયા કોણ આવે મેદાનમાં : નામ આપણું કરે જો રોસન ॥૪૯॥ ભણે બુદરદીન ભાવસું : નામ રાખે ધરમ મારગમાંહે ॥૫૦॥ કુલ પટોરાં : ૧૩૪૯ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૨૬મું :

(સાંમી દેદારદો બંદાને રે : તે વાંણ છે :)

ફોજ માવીઆ કેરી માંહેથી રે ॥૧॥ એક મરદ આવ્યો છે ત્યાંથી રે ॥૨॥ ઘોડો નાખ્યો મેદાનની માંહે રે ॥૩॥ તે મુદઈ બોલાવે તાંહે રે ॥૪॥ ત્યારે શાહાના સરદાર બોલ્યા રે ॥૫॥ તેનું નામ શીઆફક કહીએ રે ॥૬॥ તેણે ઉતરી સલામ શાહાને કીધી રે ॥૭॥ ખુદકાર બોલો શાહા મેરે રે ॥૮॥ મને રજા હોય તમારી રે ॥૯॥ પેલો બડાઈ મારે સો કેસીરે ॥૧૦॥ થોડી સીખામણ દેઉ તેને રે ॥૧૧॥ શાહાને સીઆફકકુ રજા દીતી રે ॥૧૨॥ તમકુ સોંપે ખુદાકી પનામાંરે ॥૧૩॥ ઘોડા સીઆફે મેદાંનમાં ડાલ્યા રે ॥૧૪॥ તેને આવી તેને બરાબર ઉભા રે ॥૧૫॥ પુછે છે કહો નામ તુમારે રે ॥૧૬॥ હુમલા સો કીયા ઉને કેસા રે ॥૧૭॥ તે સીઆફે ટાળીને લીધા રે ॥૧૮॥ પછી સીઆફે માર્યા સો કેસા રે ॥૧૯॥ દોનું ટુકડેકીએ સોતે સારે ॥૨૦॥ તબ માવીઆ ઝાંખા પડીઆ રે ॥૨૧॥ મોં શ્યામ હુઆ સોકેસારે ॥૨૨॥ વળી દુજા રાવતસો ભેજજા રે ॥૨૩॥ સીઆફતે વેભી માર્યા રે ॥૨૪॥ વળી તીજા રાવત સો ભેજા રે ॥૨૫॥ ઉસે ઉસકી પાસ પહોંચાયા રે ॥૨૬॥ ઐસે બોતેર રાવત માર્યા રે ॥૨૭॥ માવીએકી આંખે ઝેર આવે રે ॥૨૮॥ સીઆફ ખડે ખડે ગરજે રે ॥૨૯॥ કોઈ આવે નહી કોઈ લરજે રે ॥૩૦॥ માવીએકી આંખે લોહી બરસે રે ॥૩૧॥ સીઆફ માવીએકુ હાંકો મારે રે ॥૩૨॥ તું મજુર કેમ મરાવે રે ॥૩૩॥ કોઈ ભાઈ સરદારકુ ભેજો રે ॥૩૪॥ તુમ મેરે તમાસે દેખો રે ॥૩૫॥ તુક્યા લડતાહે અલીસે રે ॥૩૬॥ તેરા લશ્કર હમકુ ક્યા મારે રે ॥૩૭॥ તું પાદસાહી ચહાવે સો લીજે રે ॥૩૮॥ અરબ અજમકી પાદસાહી રે

॥૩૯॥ તું આવે તુજે દેઉ ભાઈ રે ॥૪૦॥ તું મરદ હોવેતો આવે રે ॥૪૧॥ તેરા નામ હલાલખોર કહાવે રે ॥૪૨॥ તું ના આવેતો મરવાકુ ભેજો રે ॥૪૩॥ સીઆફ એસા કહી કહી પોકારે રે ॥૪૪॥ માવીઆકા કોઈના આવે રે ॥૪૫॥ માવીઆ પોકારે સો કેસા રે ॥૪૬॥ સરદાર કોઈ ના નીકળે તે સારે ॥૪૭॥ જે કોઈ સીઆફકકુ મારે રે ॥૪૮॥ ઉસે મુલક દેઉ જો માગે રે ॥૪૯॥ રખે સીઆફ જીવતા જાવે રે ॥૫૦॥ હલાં કરો અપને પહેલવાંન રે ॥૫૧॥ રખે દાવેદારી જીવતા જાવે રે ॥૫૨॥ એમ કહી માવીઓ પોકા રે ॥૫૩॥ એણે બોતેર આદમી માર્યા રે ॥૫૪॥ તોબી ખડાખડા પોકારે રે ॥૫૫॥ એ સહીસલાંમત જાવે રે ॥૫૬॥ એતો અપણકુ લજાવે રે ॥૫૭॥ માવીઆને મરવા વજીર રે ॥૫૮॥ બીબીઆસાં બહુત પોકારે રે ॥૫૯॥ કોઈ જાવો સીઆફકકુ મારો રે ॥૬૦॥ જીને હાથ સીઆફકકે દેખે રે ॥૬૧॥ સો કોઈના નીકળે બહાર રે ॥૬૨॥ એક એક પછી છુપતા રે ॥૬૩॥ કોઈ ઘોડા મેદાંને ના કહાડે રે ॥૬૪॥ પછી સીઆફકને કીયા સો કેસા રે ॥૬૫॥ ઘોડા ગરમ કીયા સો તૈસા રે ॥૬૬॥ કલમા પઢકર ઘોડા ઉઠાયા રે ॥૬૭॥ અઢારલાખ મે ગોથા ખાઆ રે ॥૬૮॥ જેમ પતંગ દીવામેં જંપલાય રે ॥૬૯॥ શાહાકે સરદારૂને દેખા રે ॥૭૦॥ ઘોડા સીરદાર સબને ઉઠાયા રે ॥૭૧॥ સાદ વકાસને ઘોડાનાખ્યા રે ॥૭૨॥ અબુલામાજનને એસા નાખ્યા રે ॥૭૩॥ ખીમરગુલાંમસો કે સારે ॥૭૪॥ ઈભરાહીમ અસ્તર માહાવ રે ॥૭૫॥ તોગાતુર અગ્રેસર રે ॥૭૬॥ એવા ચાલીસ સરદાર શાહાના રે ॥૭૭॥ આવ્યા હસન હુસેન ઈમાંમ રે ॥૭૮॥ અલી શાહાતો આવ્યા જાણ રે ॥૭૯॥ અબસાહાકે વજીરસો કેસા રે ॥૮૦॥ અબદુલા જાએદ તે સારે ॥૮૧॥ તેના પાંચસે સાગરીત કેવા રે ॥૮૨॥ તે રાવત થયા છે ભેળા રે ॥૮૩॥ માવીઆની ફોજ સેળાંભેળાં રે ॥૮૪॥ તે વળગા વળગીને જુમાજુમી રે ॥૮૫॥ તે વળગ્યા છે કેવા કેવી રે ॥૮૬॥ જાણે કઆંમત આવી રે ॥૮૭॥ ત્યાંતો ગરદ ઉડે છે કેવી રે ॥૮૮॥ સાત અસમાંન આઠમી જમીરે ॥૮૯॥

ના જણાય જે ધરતી ક્યાં છે રે ॥૯૦॥ એવી તળેઉપર ધરતી થાએ રે ॥૯૧॥ બોલ કાંને ન સુણાય રે ॥૯૨॥ કોઈ કોઈની વાહારે ના ધાય રે ॥૯૩॥ જેવી આખરીત આવીને ઉભીરે ॥૯૪॥ સબ ફીરસ્તા પોકારે કૈસે રે ॥૯૫॥ અલા કા દીન તુ એ સાર રે ॥૯૬॥ આ લડાઈ તુજે ભાવે રે ॥૯૭॥ દીનદાર સભીકટાવે રે ॥૯૮॥ પછી ફરમાન ખુદાકા હુવા રે ॥૯૯॥ નાહક ઉસમાનકુ માર્યા રે ॥૧૦૦॥ ઓર અલીકે સીર ચઢાયા રે ॥૧૦૧॥ વે ગજબ હુવાસો એસારે ॥૧૦૨॥ લોથુપર લોથાં પડીઆં રે ॥૧૦૩॥ લોહીની તે નીકો ચાલે રે ॥૧૦૪॥ એવી કેર કરાંમત આવી રે ॥૧૦૫॥ કેર ના તે વરસાદ વરસે રે ॥૧૦૬॥ એવો જુલમ વરતાસે રે ॥૧૦૭॥ કહે **બુદરદીન** આપ સવાઈ રે ॥૧૦૮॥ હવે એવીતે થાસે લડાઈ રે ॥૧૦૯॥ જ્યારે થાય પોતાની ચડાઈ રે ॥૧૧૦॥ હવે કલજુગ અંતે એવું થાસે રે ॥૧૧૧॥ કુલ પટોરાં :૧૪૬૦:

:શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૨૭મું છે :

(દસમા આવતારની વાંણ છે :)

હવે શાહાઅલીને માવીઆનું લશ્કર જે : સેળાં ભેળાં થયું છે તે ॥૧॥ ઈજરાઈલનો બજાર ગરમ થયો છે સહી : એક એક ઘડીમાં લાખ લાખ આદમી કટાવે તહી ॥૨॥ દોનું લશ્કર તોબા તોબા કરે : અરે પરવરદીગાર મુસલમાંન બહુત મરે ॥૩॥ પછીતો માવીઆકા લશ્કર ભાગણે લાગ્યા સહી : માવીઓને બીબીઆસાં પોકારે તહી ॥૪॥ લશ્કરકે ઉપર ગુસા બહોત કરે : પણ કોઈ લશ્કર પીછા ના ફરે ॥૫॥ માવીઆ બહુત જોર કરેને હલાંહલાં કહે : કોઈ મરણકે આગે ખડાના રહે ॥૬॥ માવીઓ ઘોડો ફેરવેને બોતેરા કહે : પણ પીછા નાઠે કોઈ ખડા ના રહે ॥૭॥ માવીઆકા બોલ કાંને ના ધરે : પણ શાહાકે લશ્કરી સબ મારતે ચલે ॥૮॥ માવીઆ ભાગકર અપણે ડેરેમેં આએ : ત્યાં પણ શાહાકા લશ્કર ધાએ ॥૯॥ ત્યાં પણ લડાઈ બોતેરી હુઈ : ડેરેડાંડે છોડે સહી

॥૧૦॥ માવીઆ ભાગ્યા જાવે સહી : તીન કોસ ભાગ્યા સહી ॥૧૧॥ શાહાકા લશ્કરી પાછા વળ્યા : માવીએકે મુકામપર આવી ઉતર્યા ॥૧૨॥ ક્યાં એકલાખને એંસીહજાર : ક્યાં અઢાર લાખ માવીએકે અસવાર ॥૧૩॥ માવીએકે અઢાર લાખ અસવારકી લુંટ : શાહાને આલમ બક્ષીસ કીતા લુંટ ॥૧૪॥ ઘોડા ઓર સોનાં રૂપાં અપાર : મોતીઓર સલેખાંન સાર ॥૧૫॥ સોનાંરૂપાં થી શાહાના લશ્કર ભરાઈ ગયા : લશ્કરમેં કોઈ ફકીરના રહ્યા ॥૧૬॥ એસા માલ લુંટ્યા અપાર : ખુસીઆં કરે સારે સરદાર ॥૧૭॥ હવે આવી માવીઆની વાત : તે તમે સાંભળો સાખીઆત ॥૧૮॥ માવીઓ નાઠો જાય મેદાંન : કોઈની વાતના સુણે કાન ॥૧૯॥ ચારગાઉ સુધી નાઠો સહી : હાથી ઘોડાની ખબરના રહી ॥૨૦॥ આગળ નાસે ને પાછળ જુવે : રખે શાહાઆવીને ધુવે ॥૨૧॥ તેણે કરીને માવીઓ જે : પાંચકોસ ઉપર ઘોડો રાખ્યો તે ॥૨૨॥ માવીઓ જુવે લશ્કરની વાટ : ભાગ્યું લશ્કર આવે અધાટ ॥૨૩॥ નાઠા ભાગ્યા ભુખ્યા પ્યાસા જે : બુરા હાલશું આવે તેહ ॥૨૪॥ બડી રાતકુ ભાગે આવે સહી : માવીઆ આવ બેઠા હે જહી ॥૨૫॥ માવીઆ બોલ્યા અરે ખુદા : અઢારેલાખ અસવાર સબફીદા ॥૨૬॥ એસે સીરદારૂકે સીર એસી પડી : સબ લુંટાઈ ગયા ઉસ ઘડી ॥૨૭॥ કુછ છાંયામે બેઠણકોભી ના રહા : અરે ખુદા યે ક્યા હુઆ ॥૨૮॥ જીવકા લીયા ઐસાનાઠાજાયે : બુરેહાલસુ બેઠાં તાહે ॥૨૯॥ લશ્કરકા અંદેસા કરે મનમાંહે : લશ્કર ભાગ્યા આવે તાંહે ॥૩૦॥ માવીઆ ઝાડકે નીચે બેઠા સહી : લશ્કરકે બુરેહાલ તહીં ॥૩૧॥ લશ્કર આવતા દેખ્યા બુરેહાલ : માવીઆ શાહાકુ દેવે ગાળ ॥૩૨॥ પાસે બીબીઆસાં બેઠાંહે સહી : મરૂવા વજીરભી બેઠા તહી ॥૩૩॥ દુસરે સરદાર જીવતે રહે સોભી બેઠે જાણ : પછી મરવાન વજીરને કહ્યા પરમાણ ॥૩૪॥ સુણો દમેસકકે પાદશાહા મેરી બાત : કા અંદેસા કરતેહો સબ સાથ ॥૩૫॥ લડે સો ભાગે સહી : ચડે તે પડે તહી ॥૩૬॥ લડાઈ ત્રાજવાનું પલ્લું કહીએ : કદી ડાબી જમણી નમે તહીએ ॥૩૭॥ આજ પડી છે

આપણા સીર : કલ પડેગી અલીકે ઘેર ॥૩૮॥ અરે પાદશાહા ચાલો દમેસક જાવે : ફેર લશ્કર લેકર લડનેકુ આવે ॥૩૯॥ મરવા માવીઆ ચાલ્યા શહેરકી તરફ : દુસરે સરદાર ગએ ઘરકી તરફ ॥૪૦॥ મરવા વજીર લશ્કર મીલાણેકુ હુઆ તૈયાર : ઠાંમ ઠાંમ કાગળ લખ્યા અપરંપાર ॥૪૧॥ મુલકે મુલક કાગળ લખી મોકલ્યા સહી : માવીઆના દોસદાર હોયતે આવજો અહી ॥૪૨॥ ઈસ વખત માવીએકુ યારી દેને આવે સહી : અબ ઈસકા દુખભાંગો કોઈ ॥૪૩॥ જે કોઈ આવે ઉસે પાદશાહા મુલક આબાદ દેવે : જે કોઈ લુણ હરામી હોવે ઉસે પાદશાહા દુર કરે ॥૪૪॥ ઘોડે લશ્કરને મુલક દેવે સહી : સલેબકતરને ખરચી તહી ॥૪૫॥ એવાં ચારસો ફરમાન લખ્યાં અપાર : શહેર શહેર ઓર મુલક બજાર ॥૪૬॥ તે કાગળ સાંભળીને સહુ આવે સહી : મુલક મુલકના પાદસાહ તહી ॥૪૭॥ એક વરસમાં લશ્કર મળ્યુંસાર : તે મુલક મુલકના પાંત્રીસલાખ અસવાર ॥૪૮॥ તે ચારસો પાદશાહા વીલાઅતના ધણી : તે નામજાદા આવ્યા માવીઆના ભણી ॥૪૯॥ તે બહુત બડાઈઓ કહે છે તે : અમારી સાથે કોણ વઢનારા તે ॥૫૦॥ ચારસો પાદસાહને પાંત્રીસલાખ અસવાર : માવીઆ મરવાને કરે સલામ ॥૫૧॥ કહે મરવા સુણો પાદશાહા બાત : અબતેરે આગે અલી નાઠા જાવે સાખીઆત ॥૫૨॥ માવીઆને લશ્કરકી ગણત્રી લીધી સહી : તબ માવીઆ ખુબ ખુસી હુવા તહી ॥૫૩॥ અબ અલી પાદશાહાથી કેસે બરઆવે : એ લશ્કર કે આગે અલી માર્યા જાવે ॥૫૪॥ લશ્કર જમે કરીને આપે ચાલે : મહુરત જોઈ મદીને આવે ॥૫૫॥ અરબસ્થાનની વીલાઅત છે જહાં : લશ્કર આવી પેહું ત્યાં ॥૫૬॥ એવા મધે શાહાઅલીના વજીરને ખબર જ થઈ : માવીઆનું લશ્કર આવ્યું સહી ॥૫૭॥ અબદુલા જાહેદ શાહાને આવી સલામ કરે : માવીઆ પેંતીસ લાખ અસવાર સાથે આવી ઉતરે ॥૫૮॥ ચારસો પાદશાહા ખોરાસાંનકે સહી : સબહી અપણે ઉપર આવતે હે અહી ॥૫૯॥ સુણો શાહઅલી આપણાભી લશ્કર બુલા ભેજો સહી : જબ રજા હોવે

તુમારી તહી ॥૬૦॥ તબ અલીશાહાને હસકર કહા : અબદુલા જાહેદ માંનો મેરા કહા ॥૬૧॥ વે અઢારેલાખ આવને મેરા ક્યાકીયા : અબ પેંતીસ લાખ આવેગા તો મેરા ક્યા લીયા ॥૬૨॥ ફેર ઈસેભી ભાગતે દોહલ પડે : અપણે લશ્કરકુ કાઅકુ તસદી કરે ॥૬૩॥ એટલા લશ્કરમેં ભાંગ સકું : અવર સરદારતો મનમે ના ઝંખુ ॥૬૪॥ તબ દુજે સીરદારને આવ શાહાકુ કહા : કુફેકા લશ્કર બુલાભેજો અપણા ॥૬૫॥ પછી શાહાને ડેરે તંબુ ભેજે સહી : નદી ફુરાદકે કીનારે ઉપર તહી ॥૬૬॥ વે એકલાખ ને એંસીહજાર અસવાર : ચુમ્માલીસ સરદાર શાહાકી સાથ ॥૬૭॥ નદી ફુરાદને કીનારે ઉતર્યા જાણ : ત્યાર પછી કેટલેક દહાડે માવીઓ આવ્યો પરમાણ ॥૬૮॥ તે બહુત ગુમાન મગરૂબીથી આવે સહી : અચ્છી જગ્યા જોઈને ડેરા દીધા તહીં ॥૬૯॥ માવીઆ મરૂવા કરે વીચાર : અલીકુ આપણે બુલાઈએ તેવાર ॥૭૦॥ જો અલી આવેતો અચ્છાસાર : જો અલી ના આવે તો મદીનેમે પેઠે મારે તલવાર ॥૭૧॥ એસી બાતોં કરતે આતેહે સહી : દુરસે અલીકે ડેરે દેખે તહી ॥૭૨॥ તબ માંહે માંહે પુછે એ ડેરે કીસકે ખડે : તબ ઉને કહા એ ડેરે તો અલીશાહાકે આવઉતરે ॥૭૩॥ તબ માવીઆ કેહને લાગ્યા જે : હજી તહી અલી મદીનેમેં નહી ગએ ॥૭૪॥ તબ માવીઆ બીબીઆસાંકુ કહેતા હે સહી : હજીતહી અલી પડે રહે હે અહી ॥૭૫॥ પછી માવીઆકા દીલતો ભાગ્યા વહાં : જીસ જોરશું આતાથા વહાં ॥૭૬॥ અનમાન હોકર પાસે ઉતરીઆ સહી : તબ સારે લશ્કરકુ ફિકર હુઈ ॥૭૭॥ અબ અલીસે કૈસી હોંએગી જાણ : એસી ફીકર કદી ન હુઈ પરમાણ ॥૭૮॥ પછી દુસરેદીન તો ક્યાહુઆ : માવીએકે સરદારૂને માવીએકુ કહા ॥૭૯॥ એક કાગળ અલીને ભેજો સહી : જો એ કહ્યા માંનેતો લડાઈ હોવે નહીં ॥૮૦॥ ત્યારે બધાએ કહ્યું કાગળ ભેજો આજ : કાસદ બુલાકર એ કીજે કાજ ॥૮૧॥ કાગળ લખીઆ સો સુણો સબસાથ : પહેલુ લખ્યુંતે સાંભળો વાત ॥૮૨॥ અલી તુમ કાહેકુ લડતેહો આજ : ઉસમાંનકા ખુન દો તો હોવે કાજ ॥૮૩॥ નહીતો પાદસાહી

છોડકર બેઠો દુર : નહીતો અમારે પાસ આવો હજુર ॥૮૪॥ એસા કાગળ લીખીઆ સો સહી : કાસદને હાથ દીયાસો તહી ॥૮૫॥ કાસદ આયા અલીકે દરબાર : નામદાર નામદાર પોકારે સાર ॥૮૬॥ નકીબ શાહાકા આયા પાસ : કહાંકા નામદારને કહાંકી અરદાસ ॥૮૭॥ તબ કાસદને કહ્યા માવીએકા નામદાર : કાગળ ભેજા તમકુ સાર ॥૮૮॥ કાગળ ખોલ અલીએ વાંચ્યા સહી : હસ કર અલી બોલ્યા તહી ॥૮૯॥ અરે માવીઆ લડાઈ તું કરે ઓર મુજકુ કહે : જુઠી તોહમત હમકુ દે ॥૯૦॥ અગર પાદસાહી ચહાવેતો તુજકુ દેઉ : નીકળ મેદાંનમે અવરના કહું ॥૯૧॥ તુમને હમ ભીરૂસો સહી, જીસકુ ખુદા દેવે તહી ॥૯૨॥ શાહાઅલી બોલે કાસદકુ કહો : અલીસાહાતો બોલે સો ॥૯૩॥ પછી કાસદને આવી માવીએકુ કહ્યા : અલીને બોલ કછુએ ના લીઆ ॥૯૪॥ પછી માવીઆ બીબીઆસાંકુ કહે : અલી કીસીકા કહ્યા ના કરે ॥૯૫॥ આસાં કહે અબ ઈસકી ખરાબી હુઈ : અબકી ફેર એ જીતે નહી ॥૯૬॥ એવામાં રાત પડી ઘમઘોર : માવીઆનું લશ્કર કરે શોર બકોર ॥૯૭॥ એ રાત ખરે દોહ્યલી ગઈ : અલી કોપે તો એવી થઈ ॥૯૮॥ સવાર થઈ જાગે સબકોઈ : દોનું લશ્કરમે નીમાજ હુઈ ॥૯૯॥ તસબી કરે અલીસાહ સહી : એટલામાં લડાઈનાં વાજાં વાગ્યા તહી ॥૧૦૦॥ તે વાજાં સુણીને અલીસાહા બેઠા થયા : પોતાના લશ્કરમાં નકીબ ભેજીઆ ॥૧૦૧॥ બાજે આપણે બજાઈઓ રણતુર : માવીઆકા લશ્કર કરે ચકચૂર ॥૧૦૨॥ એટલામાં માવીએકી ફોજો આઈ રહી હજુર : જૈસા કાલા ડુંગર દુર ॥૧૦૩॥ માવીઆ આવી ખડાહે સહી : સીરપર તાજ રખાહે તહી ॥૧૦૪॥ સીતેરખાંન બોતેર ઉમરાવ : પાત્રીસ લાખ સો સબી અસવાર ॥૧૦૫॥ તે સર્વે આવી મેદાનમાં ઉભા સહી : ત્યારે સાહાની આંખે લોહી વરસ્યું તહી ॥૧૦૬॥ જેવું દરીયાનું પાણી આવેછે પુરઃ જૈસા નોહ પેગાંબરકા ફીતુર ॥૧૦૭॥ માવીઆ પાદશાહા માલમ ના પડે : ઐસે તરીકે લશ્કર ચડે ॥૧૦૮॥ માવીઆ જાણે મેરા લશ્કર કૈસા : સારી દુનીયાંકુ લપેટે ઐસા ॥૧૦૯॥

સાહાનું લશ્કર જેમ આવે સુર : કાળાં વાદળ જેમ મેઘનાં પુર ॥૧૧૦॥ પાછળથી સાહાઅલી આવ્યા જાણ : ઉજળાં લુગડાં પહેર્યાં સુજાણ ॥૧૧૧॥ કાળા મોજા પહેર્યાં સુજાણ : જુલફીકાર ખાંધે ધર્યું પરમાણ ॥૧૧૨॥ દુલ દુલની પીઠે અસવાર : કાળાં છત્ર મેઘાડંમર તૈયાર ॥૧૧૩॥ સાથે હસન હુસેન બે ભાઈ : આગળ ઘોડા દોડાવે તહી ॥૧૧૪॥ એકલાખને એંસીહજાર : ચુમ્માલીસ સરદારતે સર્વે સાથ ॥૧૧૫॥ સર્વેને લઈને અલી મેદાંનમેં નીસર્યા : ફુરાદને કીનારે આવી ઉભા રહ્યા ॥૧૧૬॥ જેવા અસમાન માંથી ચંદ્રમા નીસર્યા : અલીસાહા એવા શોભે ઘણા ॥૧૧૭॥ નકીબ આવી હાંકો મારવા લાગ્યો સહી : કોણ રાવત મેંદાનમેં આવે અહી ॥૧૧૮॥ અપને બાપદાદેકા નામ રોશન કરે : લાગતી અણીમે સીર કોણ ધરે ॥૧૧૯॥ કોણ રાણીકા જાયા હાથકા ચમકારા દીખલાવે : એસેમે માવીએકી ફોજમેસે એક રાવત આવે ॥૧૨૦॥ વે રાવતને ઘોડા મેદાનમેં ડાલ્યા સહી : ઉસકાનામ સાહેબજંગ જંગબારકા પાદસાહ તહી ॥૧૨૧॥ માવીએકી મદદ કરણેકુ આયાથા એ : ઉસકીસાથ એંસી હજાર અસવાર તે ॥૧૨૨॥ વે આવ મેદાંનમેં ખડા રહ્યા : સાહાકે લશ્કરીકું હોંકો મારણે લાગીયા ॥૧૨૩॥ તબ માવીઆકા રાવત બોલ્યા સહી : કોણ મરદ હેજો મેરે મેદાંનમે આવે અહી ॥૧૨૪॥ બહુત બડાઈ બોલને લગા ઐસા : પછી સાહાકા સરદાર નીકળીઆ તૈસા ॥૧૨૫॥ ઉસકા નામ ઈસ્માઈલ એરાખી કહીએ : ઉને સાહાકુ સલામ કીએ સો તહીએ ॥૧૨૬॥ અરે સાહાઅલી કહોતો ઈસે સીખામણ દેઉ : દો બાતાં ઈસે સમજાવું ॥૧૨૭॥ તબ સાહાને કહા મેં તમકુ ખદાકુ સોપેં : દો સીખામણ એ પીછાના ભાગે ॥૧૨૮॥ ઈસમાઈલએરાખીને ઘોડા નાખ્યા કૈસા : સાહેબજંગ બરોબર આયા તૈસા ॥૧૨૯॥ તબ સાહેબજંગને પુછા અબ તેરા નામ કહે : એસા મગરૂબી બોલ્યા તે ॥૧૩૦॥ તબ ઈસમાઈલ એરાખી બોલ્યા અબ ક્યા કહેતા હેતું : ઈસમાઈલ એરાખી હું ॥૧૩૧॥ કોઈના મારે ખુદા જીવાડે : મેં ચાકર અલીસેરકા કહલાવે ॥૧૩૨॥

કહે ઈસમાઈલ સુણો સાહેબજંગ : કરો હુમલા હમસે રંગ ॥૧૩૩॥ અરે એરાખી ક્યાં દેખકર હુમલા માગેતું : તબ સાહેબજંગ ખીજકર બોલ્યા ઈઉ ॥૧૩૪॥ સાહેબજંગને નીકાલી તલવાર : ઝાટકા ડાલ્યા ઈસ્માઈલ પર તે વાર ॥૧૩૫॥ વે ઝટકા ઈસ્માઈલને બંચાલીઆ : ઈસ્માઈલને ઝટકા નાખ્યા સો સાહેબજંગને ટાલીઆ ॥૧૩૬॥ પછી દોનું સેલાં ભેલાં હુએ : એક એકકા દાવ ચુકાવે સો સભી જુવે ॥૧૩૭॥ સબી શાબાશ કરતે હે સહી : એક પહોર લડતે હુએ તહી ॥૧૩૮॥ પછી ઈસ્માઈલને કહા એક પહોર તો લડતે હુવા : હવે કાપુ તો કરૂં જુદા ॥૧૩૯॥ પછી ઈસ્માઈલને મહંમદ પર દરૂદ ભેજીયા : ડાલી તલવાર સો સાહેબજંગ મારીયા ॥૧૪૦॥ ચાર ટુકડે સાહેબજંગકે કીએ : સાહાકે લશ્કરમે બાજે બાજીએ ॥૧૪૧॥ સાહાકા લશ્કર ખુસીઆં કરે : માવીઓ લોહીકી ઘુંટાં ભરે ॥૧૪૨॥ પછી માવીઆ કહને લાગ્યા ભાઈ : જે કોઈ એરાખીકુ મારે ઉસે દેઉ વધાઈ ॥૧૪૩॥ તેને હું રાંન તલે કા ઘોડા દેઉ : ઓર મેરે તનકે કપડે સઉ ॥૧૪૪॥ વે ઘોડેકુ બારલાખ અસરૂફી સોનેકી જડી : વે ઘોડેકા મુલભી ભાઈ ॥૧૪૫॥ પછી એક સરદાર મેંદાંનમે નીકલા સહી : ઉસકા નામ મુલાલ મગરૂબી તહી ॥૧૪૬॥ ઉને મુલાલને નીકલ કર સલામ કીયા : માવીઆ દલમેં ખુસી હુવા ॥૧૪૭॥ અબ એરાખીકી મોત આઈહે જાણ : અબ મુલાલ ઉસે મારે પરમાણ ॥૧૪૮॥ ઈસ્માઈલ એરાખી આગળ આયા : કઉ બે મેરે બાપને તુને કઉ મારીઆ ॥૧૪૯॥ તબ એરાખીને કહા એક કુખમે ઉસે બાઆ સહી : દુજી કુખમેં તીજે ડાલુ તહી ॥૧૫૦॥ પછી મુલાલ મગરૂબી ખીજીઆ : હાથમે ગુરજ થા સો ઈસમાઈલ પર ડાલીઆ ॥૧૫૧॥ સો ઈસમાઈલનેતો બચા લીઆ : સો ગુરજ ઈસમાઈલકે ઘોડેકે સીરમે લાગીયા ॥૧૫૨॥ વે ઘોડેકા સીર તો ચકચુર હુવા : તબ એરાખીને રીકાબ મેંસે પગ કહાડીઆ ॥૧૫૩॥ ઈસમાઈલએ રાખી પગપાળા થયા : ઘોડા તરફડીને ત્યાં મુવા ॥૧૫૪॥ ઈસમાઈલને ખીજકર મુલાલના ઘોડા ગુડીઆ :

મુલાલમ્મી પગપાળા થયા ॥૧૫૫॥ દોનું ચોટપર ચોટ ચલાવે સહી : એક એક ઉપર ઝટકા ડાલે તહી ॥૧૫૬॥ પછી ઈસમાઈલને એક ઝટકા એસા ડાલીયા : મુલાલમગરૂબીકા સીર ઉડાદીયા ॥૧૫૭॥ તબ સાહા લશ્કર ખુસ હુવા : માવીઆકા લશ્કર અંદેસવાન હુઆ ॥૧૫૮॥ એક એક કહેતા પારના આવે સહી : ઈસમાઈલને પાંત્રીસ રાવત મારે તહી ॥૧૫૯॥ પછી ઈસમાઈલકે મેદાંનમેં કોઈના આવે : રાવત રાવત કરી માવીઓ પોકારે ॥૧૬૦॥ પછી મરવા વજીર બોલ્યો સહી : અરે પાદશાહા ઈનસે એક એકથી લડીએ નહી ॥૧૬૧॥ અરે તેની સાથે લશ્કરૂ લશ્કર લડાઈએ : તબ ઈનસે બર આઈએ ॥૧૬૨॥ પછી પેંતીસલાખને ઘોડા ઉઠાએ : દોનું લશ્કર સેળાં ભેળાં થાએ ॥૧૬૩॥ જેમ દોનું દરીઆ ઉધાંને ચઢે : સાંમા સાંમી જેમ પાંણી આથડે ॥૧૬૪॥ દોનું લશ્કર મારને લાગે કૈસે : આદમી કે સીર ઉતર પડે તેસે ॥૧૬૫॥ દોનું લશ્કરમે પડી લોથા લોથ : લોહીકી નદીયો વહે ગોતા ગોત ॥૧૬૬॥ સારા જંગલ લાલ લાલ હો રહા : બેટેને બાપકુ યાદ ના કીયા ॥૧૬૭॥ કોઈ કીસીકુ યાદ ના કરે : જેમ મખીઆં મરે તેમ આદમી પડે ॥૧૬૮॥ સારે મુસલમાન તોબા તોબા કરે : દોનુંમે કોઈ પીછા ના ફરે ॥૧૬૯॥ અસમાંન જમીકે ફીરસ્તે સાહેબકુ અરદાસ કરે : અઢાર હજારકે પાલણહાર તુજે ક્યા ગમે ॥૧૭૦॥ અસમાંન જમીકે પરવરદીગાર : સબકુ રજકકે દેણેહાર ॥૧૭૧॥ જીવતેકુ મારેને મુવેકુ ઢાંપે : એ દોનું લશ્કર કાઅકુ ખાંપે ॥૧૭૨॥ પછી બોલ્યા પરવરદીગાર : મુજકુ ભાવે એસા નીરધાર ॥૧૭૩॥ ઉસમાંન નાહક મારે સો લોહી બટાએ : ફેર અલીકે સીર ગજબ ચડાએ ॥૧૭૪॥ કઆંમત આવી ખડી છે સહી : લોહીકા બરસાત બરસે તહી ॥૧૭૫॥ જેસી જંગલમેં લકડીઆં પડી : એસી તરેહસે આદમીયુંકે સીર ચડી ॥૧૭૬॥ હાથી ઘોડા ચલકર જાએ : આદમી ઉકે હાડકે ભાંગકર ટુકડે થાએ ॥૧૭૭॥ જેમ કડબી ભાંગે તેમ સીર ભી ભાંગે : કોઈ કીસીકે હાથ ના લાગે ॥૧૭૮॥ પછી લડતાં લડતાં રાત પડી : પીછા

ફરનેકે દદાંમે બાજે ઉસઘડી ॥૧૭૯॥ દોનું લશ્કર પીછે ફરે : સાહાકા લશ્કર અપને જોરસુ મુકામપર ઉતરે ॥૧૮૦॥ સાહા અપને ડેરે તંબુમે ઉતર્યા સહી : સલે બકતર ઉતાર્યા તહી ॥૧૮૧॥ પાણી મંગાવી સીર નાહ્યા ત્યાં : ખુસીનાં કપડાં પહેર્યાં જ્યાં ॥૧૮૨॥ ખાણું મંગાવી ખાધું આપ : સાહાઅલીના બહુ છે તાપ ॥૧૮૩॥ ઈસ્માઈલ એરાખી આવ્યા સાહાની પાસ : સાહે બહુમાન દીધું શાબાશ ॥૧૮૪॥ ઘણું હેત કરી બેસાડ્યા પાસ : ઈનામી કપડાં દીધાં દાસ ॥૧૮૫॥ એવા જોધા જે રણમાં લડે : તે આગળ કાળીંગો શું કરે ॥૧૮૬॥ ભાઈઓ એવી થાસે રણમાં રોલા રોલ : જ્યારે મેંદી ચઢે સરજોર ॥૧૮૭॥ હવે પાકી વેળામાં કાચાં મન ના કરો તમો : પાસે બેસીને સીખામણ દઈએ છીએ અમો ॥૧૮૮॥ જેમ જેમ વેળા ઢુંકી આવી સહી : તેમ તેમ મુનીવર કઠણ થયા અહી ॥૧૮૯॥ કહે **બુદ્દરદીન** આપ સવાઈ : એથી અદકી હવે થાસે ભાઈ ॥૧૯૦॥ કુલ પટોરાં ૧૬૫૦ :

: ફાતીઆની દવા :

બરકત બીસમીલા હીર રહેમાન નરહીમ : હે જબરાઈલ : નજરેરૂ : કસીરલફતું : નેજને : આજે દવાદે : ઈમાંમ ચારદે માસુમ : પાંચેતન પાક : અલખસુરવાએલ : વ જબરાઈલ પાક ઈમાંમ હુસેનકા ફાતહે કલમો : જેમના નામનો ફાતીઓ પડવો હોય તેમનું નામ લેવું : દવા પાંચવાર ભણવી :

<u>: વિદાયગીરીનું જ્ઞાન પ્રથમ :</u>

: શ્રી સતગોર સહદેવ વાચા :

વીરા સર્વે એતો વાધીયારે : તેના સુણોરે વીચાર :(આંચલી): *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧॥ વીરા દાદા આદમતો વાધીયા રે : દાદી હવાં કહીએ એ : *વીરા વજરહૈયા*

તમ તણાં રે ॥૨॥ વીરા બીજો માફો વાધીયો રે : તેના સુણોને વીચાર : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૩॥ તેમાં નોહનબીએ વાધીયા રે : આલે સલાંમાએ જે : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૪॥ હવે ત્રીજો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૫॥ હવે મુસાકરીમ આપે વાધીયા રે : બીબી સફુરાં વાધ્યાં જે : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૬॥ વળી ચોથો માફો હવે વાધીયો રે : મધ્યે બીબીમરીયમ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૭॥ હવે મીત્ર રોહીલા વાધીયા રે : બીબી પારસાંએ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૯॥ તેમાં ઈભરાંમખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણા* રે ॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૧॥ વીરા તરણસેંને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૫॥ ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણા* રે ॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીંત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે :

કરણ કલફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૨॥ વીરા તીરથ સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને ફરમાંન : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૭॥ વીરા પીર **બુદરદીન** બોલીઆ રે : હવે સર્વે આવ્યો અંત : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૮॥

: વીદાયગીરીનું જ્ઞાન બીજુ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

(ઉઠબંદા ક્યા નીંદે સુતા તે વાંણ છે :)

ઈમાંમના એ માફા વાધ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાધ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યા સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વે બેઠા : તેને અંતે પડસે શોક ॥૨॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાની માંહે : આ જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહોને અમને ॥૩॥ ત્યારે ઈમાંમની એ મીજલસ માંહે : ખુદાનું ફરમાંન આવ્યું : જબરાઈલને લઈ મોકલીઆ : સર્વે ઉપર કહાવ્યું ॥૪॥ આ દસુરાંના દસ દનમાં : જે કોઈ દીલગીર થાસે : નયણા માંથી આંસુ પાડસે : હીસાબ વેળા બકસ્યા જાસે ॥૫॥ વળી બીજાં ફરમાંન આવ્યાં : ખુદજીનાં તે લાવ્યા : જબરાઈલ તો કહેવા લાગ્યા : તે ઈમાંમને મન ભાવ્યા ॥૬॥ દુનીયાં વીસે લોક થયા છે : હીંદુને મુસલમાન : તેના ઘરમાં ક્રોધ વ્યાપે : વળી દુખ મોટુ અસમાંન ॥૭॥ તે દુખે વળી આંસુ પાડે : નરને વળી નારી : અસુરાનાં દસ દનમાં : તે બકસો

સુધાંમ ॥૮॥ વળી ઈમામની એ માહાતમ માંહે : શોક ધરીને ચાલે : દસ દન સુધી ક્રીયા પાળે : સર્વે દેવતા તેને નીહાળે ॥૯॥ દસ દનનો છલ્લો કરીએ : અસુરાનો કરસે : સર્વે જનસથી મન મારીને ચાલે : તે ટોળી ઈમાંમનીમાં ભળસે ॥૧૦॥ બોલ્યાંરે બાકરશાહા બળીઆ : જે કોઈના થાસો ગળીઆ : કહેર ક્યામત આવી પહોંચી : વેળાને આવ્યાં પરીઆં ॥૧૧॥

* * *

[illegible] જુગ ચારના સરદાર : વીરા વજરહેયાં તમ તણાં [illegible]

[illegible] સાથે લાગીને [illegible] : વીરા વજરહેયાં તમ તણાં [illegible]

ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે [illegible] : વીરા વજરહેયાં તમ તણાં [illegible]

॥ર૧॥ વીરા લાલચ કોઈ આવજો રે : નરનારી એ તો સોઈ : વીરા વજરહેયાં તમ

તણાં રે ॥રર॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : [illegible]

વજરહેયાં તમ તણાં રે ॥ર૩॥ વીરા પાયે લાગીને સર્વે વાચજો રે : [illegible]

* * *

ફરમાંન : વીરા વજરહેયાં તમ તણાં રે ॥ર૪॥ વીરા પીર [illegible]

હવે સર્વ આવ્યો અંત : વીરા વજરહેયાં તમ તણાં રે ॥ર૫॥

: વીરાવજરીરીનું ફાગ પોચુ :

[illegible]

(ઉઠળાંદા કથા [illegible] સુતા તે વાંશ જે :)

ઈમાંમના એ માકા વાંચ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાંચ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યાં સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વ [illegible] : તેને અંતે પડસે શોક ॥ર॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાની માંહે : આ જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહાને [illegible] ॥૩॥ ત્યારે ઈમાંમની [illegible] [illegible] માંહે : [illegible] ફરમાન આવ્યું : [illegible] સર્વ ઉપર [illegible] ॥૪॥ આ [illegible] દસ [illegible] : જે કોઈ [illegible] થાશે : નવધા માંથી [illegible] [illegible] જાસે ॥૫॥ વળી બીજાં ફરમાન [illegible] [illegible] ॥૬॥ [illegible] [illegible] [illegible] વળી આસુ પાડે : [illegible] વળી ન્હારી : [illegible]

ચોથો દિવસ

: શ્રી દરૂદ :

અલ્લાહોમે શ્રીઅલ્લા સૈયદના વલીઅલ્લા સૈયદના મહંમદદીન મુબારક નુરઅલી (દુવા પાંચ વખત ભણી ગાદીપર બેસવું : તથા દરેકે ભણી બેસવું :)

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - પહેલું

: શ્રી સતગોર સહદેવ વાચા :

પરથમ પહેલા સુણીએ મહારા : પુરવની એ વાત રે : સુરતા રાખીને સુણજો મારા મુનીવરોજી ॥૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : હસન મોટા ભાઈ રે : ફાતમા તોમાજી તેતો તેહુનાંજી ॥૨॥ નબીસાહેબતોનાંના કહીએ : સાહા અલીબાવા સોહી રે : પાંચેતન નો પરવેસ તે સહીજી ॥૩॥ તેમના તો એ વીચક સુણીએ : તેના કહું વીચાર રે : તેની સાંભળો તમે વારતાજી ॥૪॥ આદે તોનીપાવ્યા જ્યારે : નુરે નુર પઠાઆંરે : નુરમાંથી નુરએતો પરગટ્યાંજી ॥૫॥ જે દન નહોતા સ્વર્ગ પાતાળ : જે દન નહોતા તારારે : જે દન નહોતારે ચંદ્ર સુરજ સહીજી ॥૬॥ જે દન નહોતા પવન પાણી : જે દન નહોતો સંસાર રે : જે દન નોહોતારે પીર પેગાંબર ઓલીઆજી ॥૭॥ ત્યાર પહેલાં એ પાંચેતન કહીએ : સર્વે એનો આકાર રે : નુરથી નુર એતો પરવર્યાં જી ॥૮॥ સર્વે એથી રચના કીધી : પવન પાણી જહરે જમીન આસમાન સરજ્યાં એ થકી જી ॥૯॥ નવસો નવાણું નદીયો કીધીં : સાત સમુદ્ર જેહરે : સર્વે આવેરે એતો તીરથ જી ॥૧૦॥ મુલાએકના તો માફા આવે : કટમ પરીવાર રે : અસુરામાં આવી એતો સાંભળેજી ॥૧૧॥ માટે એતો તમને કહું છું : સર્વે દેવતા આવે રે : અત્તર કસબોઈફુલ લઈ આવે સહીજી ॥૧૨॥ ઈમામની એ માતમ માંહે : સર્વે મુલાએક આવે રે : દરૂદ પઢીને સર્વે

બેસતાજી ॥૧૩॥ પાંચેતનના વીચક સુણીએ : જ્ઞાને સર્વે ભેદરે : અરથ ગ્રંથના એતો સાંભળોજી ॥૧૪॥ હુસેન એતો વીશ્નું કહીએ : હસન શીવ અવતાર રે : નબીના નવાસા એતો જાણજો જી ॥૧૫॥ નબી સાહેબ તો બ્રહ્મા કહીએ : મહા વીષ્ણુ અલી પોતે રે : ફાતમાં તો શક્તી એતો જાણજો જી ॥૧૬॥ તેમના પુત્ર જાણો ભાઈ : તે સીર કહેર રચાઆ રે : આલમનો ભાર લઈ અવતર્યા જી ॥૧૭॥ હુસેનઅલી આલવંશી : તેમણે લીધા કસરે : ઉમતનાં દુઃખ સર્વે ઉઠાવીઆજી ॥૧૮॥ ભુખ્યા તરસ્યા કેવા રાખ્યા : તોયના આવી મહેરરે : એવી જમાત તેતો કાફર સહીજી ॥૧૯॥ એમ કરતાં સાતદિન વીત્યા : અન્ન પાણી નહી રે : જુલમ માડ્યો રે બહુ કાફરેજી ॥૨૦॥ એમ કરતાં દેહા મેલી : ઈમામ હુસેને પોતે રે : દુખડાં પડ્યાં રે ઉમત કારણે જી ॥૨૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : એક ચિત્તે નર નાર રે : તેના ગુના બકસુરે ઉઠ કરોડનાજી ॥૨૨॥ વળી બીજી તમે સાંભળો : સાંભળી દીલગીર થઈએ રે : ત્રણસેંને સાઈઠ દિન તેમાં સહીજી ॥૨૩॥ જેણે ગુનાકર્યા હસે : તેને બકસુ સહી રે : ઈમાંમ હુસેનની ગોસ્ટી સાંભળે જી ॥૨૪॥ અસુરામાં આંસુ પાડે : તેતો બકસ્યો જાય રે : ચિત્ત ધરીને સર્વે સાંભળોજી ॥૨૫॥ ગત ગંગાએ સર્વે સાંભળો : એ સર્વેને ફરમાન રે : લાલચ કાઢીને દસ દિન આવજોજી ॥૨૬॥ બોલ્યા રે બુદરદીન બાવા : ઈમાંમ હુસેનનાં મંડાણ રે : પરથમ બોલો ઈમાંમની વારતા જી ॥૨૭॥

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - બીજું.

: શ્રી સતગોર સહદેવ વાચા :

(: કહે બુદરદીન સત્ય વાતો : તે વાંણ છે :)

પરથમ ઈમાંમની ગોસ્ટી સુણીએ : સાંભળોને દલ ધરી : સભા ભરીને બેસતાને : બેસોને તમે મન ગળી ॥૧॥ પીર પેગાંબર ઓલીઆ ને : તેતો આવે છે અરસથી :

ઈમાંમની એ મહાતમ માંહે : તેતો સુણે સુરતથી ॥૨॥ સર્વે તીરથ આવી પોહોચે : કરણ કલફ જુગ ચારના : અડસઠ તીરથ આવી બેસે : ઈમાંમની મહાતમ માંહાં ॥૩॥ તરેહ તરેહની કસબોઈ સારી : અત્તર ફુલ તે લાવતા : તબાકોની છાબો ભરીને : તે તો સર્વે જામતા ॥૪॥ દુમે દુમે માફા સર્વે : વખત વેળાએ આવતા : દેવ સભાની સભા ભરીને : વીચક સર્વે સાંભળતા ॥૫॥ આજના મુનિ સર્વે આવો : અસુરાના દિનમાં : આળપંપાળને કાઢી કરીને : તમે ભળો દેવ જનમાં ॥૬॥ નર નારી આવી સાંચરો : સભામાં આવી દાખસો : આંસુ પાડે ગોષ્ટિ સુણીને : તેના સાતે પરીયાં જાય બકસ્યાં ॥૭॥ આગેવાન થઈને તેને બકસાવે : સર્વે ઉપર હુકમ કરે : અસુરાંના આંસુ માટે : તેને બકસુ એ તરેહ ॥૮॥ બોલ્યા બાકરશાહા છેલ્લી વેળા :ચિત્ત ઠેકાણે રાખીએ : ઈમાંમના હવે સૈન્ય જાગે : લોભ લલુતા મહેલીએ ॥૯॥

* * *

ચોથા દિવસની કથા શરૂ

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૨૮મું :

(ત્યાંથી તારાદે રાંણી સંચરો : તે વાંણ છે :)

માવીઆનું લશ્કર જઈને ઉતર્યું : તે અંદેસવાન થયું બહુ જાણ રે ॥૧॥ કોઈ કહેછે હોય મારો ભાઈ મુવો : કોઈ કહે છે મારો એ બાપ રે ॥૨॥ રોઆરોઅ પીટાપીટ ત્યાં થાએ : અંદેસવાન માવીઓ ત્યાં થાએ રે ॥૩॥ કપડાં ઉતારી બીજાં પહેરીઆં : ઝુરણ મનમાં લાગી અપાર રે ॥૪॥ સરદાર આવ્યારે સર્વે હજુરમાં : મરવો વજીર આવ્યો છે તાંહે રે ॥૫॥ બીબીઆસાં રે આવ્યાં ત્યાં સહી : મીજલસ કરવા બેઠાં તેણી વાર રે ॥૬॥ કહી હવે કેમ કરીએ આપણે સર્વે મલી : અલીથી તો બર ના આવે કોઈ રે ॥૭॥ મસલત આપણ આજ કીજીએ : અરધો અરધ મુલક વહેંચાઈ રે ॥૮॥ એમ કરીને લડાઈ આપણે ભાંગીએ : જો અલીસાહાને મનમાં આવે તાંહે રે ॥૯॥ સહુએ મલી ભાંજગડીઆ તેડીઆ : તેનું નામ મુસેઅસરીર જાણ રે ॥૧૦॥ સહુએ મલીને તેને મોકલ્યા : તમે જાવો અલી પાસે તેહ રે ॥૧૧॥ અલીને સમજાવી ઝગડો ભાંગજો : ત્યારે મુસેઅસરીર આવ્યા શાહની પાસ રે ॥૧૨॥ આવી ડેરારે આગળ ઉભા રહ્યા : અંદર ખબર કરી છે તાંહે રે ॥૧૩॥ સાહે બોલાવી અંદર તેડીઆ : પોતે પાસે બેસાડ્યા તાંહે રે ॥૧૪॥ તરત રે ખાણું મંગાવીયું : મુસેઅસરીર જમીઆ તેણી વાર રે ॥૧૫॥ સાહાઅલીએ હેતકરી બોલાવીઆ : પછે પુછ્યું સાહાઅલીએ ત્યાં રે ॥૧૬॥ અમકુ કેમ યાદ કીએ તુમને : ક્યા કારણકુ આએ અમારે પાસ રે ॥૧૭॥ પછી મુસેઅસરીર સાહાની સાથે બોલીઆ : માવીએ જે કહી સર્વે વાતરે ॥૧૮॥ પછી સાહાઅલી બોલ્યા તે તમે સાંભળો : સુણો મુસે અમારીએ વાતરે ॥૧૯॥ સર્વે અજાણ્યાતે તો શું જાણે : પણ તમેતો જાણોછો સહુ સાચ રે ॥૨૦॥ અમારે મન સરદાર તમ સહી : સાચા

બોલો ખુદા રાજી હોવે રે ॥૨૧॥ પછી અલીસાહા બોલ્યા મુસે સાંભળો : મહંમદ પછી ખીલાફત કીસકુ હોય રે ॥૨૨॥ અબા બકરકુ દીતી રસુલને : પછી ખીલાફત ઉમરખીતાબ રે ॥૨૩॥ ઉમરખીતાબને દીતી ઉસમાંન રે ॥૨૪॥ અબ મુસેઅસરીર સાચા તમે બોલીઓ : ઉસમાંન પીછે કીસકુ ખીલાફત હોય રે ॥૨૫॥ પછી મુસે અસરીર ત્યારે બોલીઆ : ઉસમાન પછી અલીસાહાકુ હોય રે ॥૨૬॥ તબ માવીઆ કેમ લડે હમસે જોર કરી : ફેરતો હિંમત હમકુ દેવે સોહી રે ॥૨૭॥ મુસેને પઘડી ઉતારી સાહાકે આગે : સાહાને પગે માથુ મુક્યું ત્યાંયરે ॥૨૮॥ પછે સાહાની સફાયત કરવા લાગીયા : અબુતાલબકે બેટે દરકાર રે ॥૨૯॥ અસદનામ તેરા તો જગમાં સહી : શરમ મેરી રાખોતો સાચ રે ॥૩૦॥ માવીઆ આજીજી બહુત કહે : કહેતા હે જે સુણો તમે સાચા રે ॥૩૧॥ અડધો અડધ મુલક આપણે બાંટીએ : લડાઈ આપણે મીટાઈએ તો સાર રે ॥૩૨॥ પછી તો અલીસાહા એમ બોલીઆ : મુલક બતીતો આપુ ચાપુ ધુળ રે ॥૩૩॥ જે દસેક આપી છે મહંમદને : તે તને આપી તે કુરબાંનરે ॥૩૪॥ દુસરી આશારે મત કીજીઓ : નહીતો લઉ દમેસકભી છીન રે ॥૩૫॥ પછે મુસે અસરીર નાગે માથે પડી રહ્યા : સાહાઅલીના બે પગ વચ્ચે ત્યાં હેરે ॥૩૬॥ પછી ઈમાંમ હસન હુસેન બોલીઆ : સુણો બાવા સાચીએ વાત રે ॥૩૭॥ અમારે નાંનારે કેરા મુસેઅસરીર : સો તુમારે પગે પડે છે આજ રે ॥૩૮॥ બાવાજી હુરમત ઈનકી રાખીએ : પછી સાહાઅલીએ ગળે વળગાડ્યા ત્યાં રે ॥૩૯॥ પછી મુસેઅસરીરનું કહ્યું માનીયું : પછી સાહાઅલી બોલ્યા છે તાંહે રે ॥૪૦॥ જો તુમને કહા સો હમને માંનીયા : સો માવીઆ માંનેતો સાર રે ॥૪૧॥ એક બાજુથી મુલક બાંટીએ : બરોબર આવેતો સત્ય રે ॥૪૨॥ આપણ બે જણ મલીને વહેંચીએ : પછી મુસે અસરીર બોલ્યા એ સાચરે ॥૪૩॥ મુસે અસરીર માવીઆ પાસે આવીયા : વાત સર્વે કહી પરકાસ રે ॥૪૪॥ ખુસી થયોરે ત્યાંતો માવીઓ : વચમાંથી ભાગે એ લડાઈ રે ॥૪૫॥ સુલેદાર

એક ઠરાવ્યો માવીએ : સાહા તરફથી સાહે ઠરાવ્યો ત્યાંય રે ॥૪૬॥ પછી બોલ્યા જે કાલે વહેંચીએ : જુમા કેરી નીમાજ પડીને તાંહે રે ॥૪૭॥ પછી માવીએને મરવે ત્યાંતો મસલત કરી : સુલેદાર અલીનો જેહ રે ॥૪૮॥ તેને ફેરવી કાંઈ આપીએ : તેને છાંનો બોલાવ્યો ત્યાંય રે ॥૪૯॥ લાંચ આપીરે તેને તે સમે : દસહજાર અસરૂફીતે તાંહે રે ॥૫૦॥ અને વળી કહ્યું જે બીજી આપીએ : પણ ઉજડ ઉજડ મુલક છે જેહ રે ॥૫૧॥ તે અલીની તરફે રે તું નાખજે : અને વસતો મુલક અમને આપો આજ રે ॥૫૨॥ એમ કહીને વાત ઠેરવી : વીચાર રાખ્યો કાલ કેરો ત્યાં રે ॥૫૩॥ જુમાની નીમાજ કરીને વહેંચીએ : એવો વીચાર રાખ્યોછે તાંહે રે ॥૫૪॥ પછી સવાર થઈને સહુ જાગીઆ : જકર ફકરમાં સહુએ સાવધાન રે ॥૫૫॥ બપોરની નીમાજ કરવા ચાલીયા : માવીઓને સાહા પોતે આપ રે ॥૫૬॥ નીમાજ કરીને પરવારીઆ : સુલેદાર બેને તેડ્યા તાંહે રે ॥૫૭॥ મુલક વહેંચવા બેઠા તે સમે : વહેંચતાં વહેંચતા જુવે સહુ સાર રે ॥૫૮॥ સઉની નજરમાં એવું આવીયું : ઉજડ ઉજડ સાહાઅલીને ત્યાંહે રે ॥૫૯॥ માવીઆની તરફે વસતા આવીયા : ત્યારે સૌએ કહેવા લાગ્યા સાચી વાત રે ॥૬૦॥ ઉજડ પરગણાં આવે સાહાની તરફે : સાહાઅલીતો ખીજી ઉઠ્યા તાંહે રે ॥૬૧॥ એક ઝટકો ત્યાં તો નાખીઓ : સુલેહદાર બેનાં મસ્તક છેદયાં ત્યાંય રે ॥ ૬૨॥ માવીઓતો ત્યાંથી નાઠો તે સમે : દેખો અલી જોર કરે સો આજ રે ॥૬૩॥ પછે સાહાઅલી બોલ્યા સુણો માવીઆ : આપણદોનું બાંટેતો સાર રે ॥૬૪॥ માવીઓ બોલ્યો જે અલી મુજને મારે : એવો ઝગડો થવા લાગ્યો તાંહે રે ॥૬૫॥ સર્વે અસાબા કંપે અતીઘણા : પણ ત્યાં સાહાને ગુસ્સો ચડ્યો અપાર રે ॥૬૬॥ ઘોડા સાથે રે ઘોડા પછાડીઆ : તે સર્વે ચુરે ચુરા થાય રે ॥૬૭॥ હાથી સાથે રે હાથી પછાડીઆ : તેપણ સર્વે ચુરેચુરા થાય રે ॥૬૮॥ સર્વે સરદાર લડવા ઉતર્યા : સાદવકાસને અબુલામાજન તાંહે રે ॥૬૯॥ સીઆફકને અમુજરક ત્યાં લડે : ઈસમાઈલ એરાખી ત્યાંય રે ॥૭૦॥ મહંમદ સકુરઅજરમી ત્યાં

લડે : મીસકાલ મગરેબી ત્યાંય રે ॥૭૧॥ મુસેઅબાબકની ત્યાં લડે : તોગાતુરક લડે ત્યાં અપાર રે ॥૭૨॥ માલક અસ્તર લડતાં પાછા ના ઓસરે : હરેસઅસ્તર લડે છે અપાર રે ॥૭૩॥ આજમ કેવા લડે તે સમે : અબદુલ રહેમાંન કેવા લડે ત્યાંય રે ॥૭૪॥ એક એક કહેતાં પારના આવે આ સમે : એવા ચુમ્માલીસ સરદાર લડે ત્યાંય રે ॥૭૫॥ મોટો ઝગડોરે તેતો ત્યાં થયો : જેવો એ કયામતનો દન રે ॥૭૬॥ વાઢાવાઢ કાટાકાટ હોરહી : બાપ બેટાને યાદના કરે કોઈ રે ॥૭૭॥ લોથ ઉપર લોથ પડે અતી ઘણી : જાણે આવ્યો કયામતનો દિન રે ॥૭૮॥ આદમીનાં મસ્તક ઉડે ત્યાં સહી : લોહીકેરી નદીયો વહે છે પુર રે ॥૭૯॥ ઈજરાઈલનો બજાર ત્યાંતો ગરમ થયો : માવીઓતો ફાંફાં મારે તાંહે રે ॥૮૦॥ માવીઓ બોલ્યો જે અલી જોર કરે : પોતા કેરા લશ્કરને હંકારે રે ॥૮૧॥ જે અલીને મારે તેને મુલક આપું : સોનાં રૂપાં મોતીનો નહી પાર રે ॥૮૨॥ પાદસાહી આપુંરે તેને મુજતણી : બીબીઆસાં લશ્કરને હંકારે રે ॥૮૩॥ પણ લશ્કર શું કરે સર્વે થાકીયું : વાઘ આગળ બકરીનો ચારો રે ॥૮૪॥ માવીઆનું લશ્કર નાહુ તે સમે : ખરે દોહલે નાહું નાહું જાયરે ॥૮૫॥ માવીઓ પોકારે કોઈના સાંભળે : તે બોલ સાહે સુણીઓ ત્યાંય રે ॥૮૬॥ એવું સાંભળી સાહે હલ્લા કરી : માવીઆ ઉપર આવ્યા તેણી વાર રે ॥૮૭॥ માવીએ જો આજે અલી આવીઆ : હવે મોત મારી આવી પહોંચી અહીં રે ॥૮૮॥ એમ કરતાં લશ્કરમાં નાસી ગયો : સાહે ઘોડો દુમે દુમે નાખ્યોરે ॥૮૯॥ પણ માવીઓતો જીવ લઈને નાસી ગયો : એવો નાઠો ના જોઈ કોઈની વાટ રે ॥૯૦॥ લશ્કર ના જોઉ રે સરદારને : ના જોઈ બીબીઆસાં કેરી વાટ રે ॥૯૧॥ પેંતીસલાખ અસવાર મેલી નાસીઓ : દમે સક કેરી પકડી છે વાટ રે ॥૯૨॥ સાહાની નજરેથી માવીઓ નાસી ગયો : તેનો ગુસ્સો લશ્કર ઉપર કાહાડ્યો રે ॥૯૩॥ લશ્કર કાપ્યુંરે જેમ લાકડાં : નાહું નાહું જાયછે અપાર રે ॥૯૪॥ ડેરા ડાંડા હાથી ઘોડા સૌએ મેલી : જીવ લઈને નાઠા નાઠા જાય રે ॥૯૫॥ ત્રણ ગાઉ મારતા

મારતા ચાલીયા : પછે સાહાઅલીતો પાછા ફરીયા તાંહે રે ॥૯૬॥ સરદાર સાથે પોતે પાછા ફર્યા : માવીઆ કેરા મુકામે ઉતરીયા રે ॥૯૭॥ રણક્ષેત્ર આગળ થાસે અતી ઘણા : પોતે ખાંપે કાલીંગાને ત્યાંયે રે ॥૯૮॥ **બુદરદીન** કહે તે વાતો સાંભળો : ઈમાંમ કેરી ગોસ્ટી કેરાંજ્ઞાન રે ॥૯૯॥ કુલ પટોરાં ૧૭૪૯ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૨૯મું :

(ખટદરસનની વાંણ છે :)

સાહે સુકરાનો કર્યો અપાર : ક્યાં ચારસો પાદશાહાનો વીસ્તાર ॥૧॥ સીતેરખાંન બોતેર ઉમરાવ : કાપ્યાં ત્રીસ લાખ કહીએ અસવાર ॥૨॥ ચુમ્માલીસ સરદાર સાહાના જાણ : તેણે સર્વે કર્યું મુકામ ॥૩॥ એક લાખને એંસીહજાર : માવીઆના મુકામે પડીઆ ત્યારે ॥૪॥ ભર્યા ખજાના જે પડી રહ્યા : તે સાહાના લશ્કરને હાથે ગયા ॥૫॥ સોનાં રૂપાં કપડાં સાર : કઈ અનામત ચીજ પડી અપાર ॥૬॥ તે આલમ બક્ષીસ પોતે કર્યું : લશ્કર લુંટે અતી ઘણું ॥૭॥ લુંટતાં લુંટતાં ભરાયું બહું : અમીર જાદા થયા સહુ ॥૮॥ લશ્કર મધે કોઈ ફકીર ના રહ્યું : એવું લશ્કર પોતાનું થયું ॥૯॥ આગળ પાછળનાં ગાંમડાં જે : તેપણ લુંટે ભરાયાં તે ॥૧૦॥ પોતાને મુકામે આવ્યા સાહા : આવીને ઉતરીઆ ત્યાં ॥૧૧॥ પાંણી મંગાવીને નાહ્યા સહી : ખુસીનાં કપડાં પહેર્યાં તહી ॥૧૨॥ આવી તખતે બેઠા જાણ : ઝગડાની વાતો કરે પરમાણ ॥૧૩॥ લશ્કરની ગણત્રી લેવે આપ : પાંચ હજાર કપાયું સાર ॥૧૪॥ તે સઉને દફનાવ્યા સહી : જારત તેની કીધી સહી ॥૧૫॥ હવે આવી માવીઆની વાત : તે તમે સાંભળો સાખીઆત ॥૧૬॥ માવીઓ નાઠો જાય છે જેમ : વાઘ આગળ બકરીઓ તેમ ॥૧૭॥ તખત મુલક ખજાના જે : યાદના કીધું કાંઈ એ તે ॥૧૮॥ બીબીઆસાં ને મરવો વજીર : ચારસો પાદશાહા સહુ સધીર ॥૧૯॥ પાંતરીસ લાખ સબી અસવાર : સબકુ છોડ દીએ ત્યારે ॥૨૦॥ આપણો

જીવ લેઈ ભાગ્યા જાય : કોઈ કોઈની પાછળ ના થાય ॥૨૧॥ તે બાર ગઉ આવી ઉભો રહ્યો : દહેશતનો માર્યો એવો થયો ॥૨૨॥ પાછુ જુવે રખે આવે અલી : એવી દહેશતતો સાહાની ભલી ॥૨૩॥ પાણી તરસે જીભ સુકાય : માવીઓ આકળ વીકળ થાય ॥૨૪॥ જીભ તાળવે વળગી સહી : એવી તરસ લાગી છે તહી ॥૨૫॥ એવે સમે એક આવ્યું ગામ : ત્યાં પાણી પીધું પરમાણ ॥૨૬॥ એક ઝાડતળે બેઠો છે સહી : એકલો પોતાની પાસે કોઈ નહી ॥૨૭॥ જેવો કોઈ ગરીબ જણાય : પાદશાહાતો ના કહેવાએ ॥૨૮॥ એવે હાલે બેઠો સહી : લશ્કર આવવા લાગ્યું તહી ॥૨૯॥ તે કેવે હાલે આવે જાણ : ભાંગ્યુ તૂટ્યું માર્યું પરમાણ ॥૩૦॥ હાર્યુ નાઠું થાક્યું જે : ખોવારી જુવારી તે ॥૩૧॥ ભુખ્યું તરસ્યું હાંફે ઘણું : ભાંગ્યાં મોં લોહી ચુવે તતક્ષણું ॥૩૨॥ બુરાહાલને મોટી રાઅત : ત્યાં લશ્કર આવે સાખીઆત ॥૩૩॥ એવે તરીકે આવે લોક : માવીઓ જોઈને પાડે પોક ॥૩૪॥ સાહાઅલીને ગાળો દે : માવીઓ મનથી એવું કહે ॥૩૫॥ જ્યાં સુધી અલી હોવે સહી : ત્યાં સુધી સુખથી બેઠું નહી ॥૩૬॥ જબ લશ્કરને માવીઆ દેખીઆ : સલામ કરનેકુ સબ આવીઆ ॥૩૭॥ જોડી હાથ સઉ ઉભા રહ્યા : પાદશાહા ઉમરાવ સઉ હજુર થયા ॥૩૮॥ મોટમોટેરા સઉએ વજીર : મરવાને ગાળો દે છે ધીર ॥૩૯॥ મરો મરવા બીબીઆસાંકા ઊંટ : ઈને ભરાઈ લોહીકી ઘુંટ ॥૪૦॥ મરવો બેઠો માવીએ કે પાસ : માવીઓ રોવે ત્યાં શાબાશ ॥૪૧॥ મરવો કહે તમ પાદશાહા સુણો : રોનેકા ગુમ દલના ધરો ॥૪૨॥ માવીઓ કહે અબ ક્યા કીજી એ : અબ અલી માગે સો દીજીએ ॥૪૩॥ મરવો કહે સુણો પાદશાહા સહી : એક વાર લશ્કર મીલાઈએ તહી ॥૪૪॥ તબ સબ સરદાર અંદેસવાન હુએ : એ લડાઈમેં સારેમુવે ॥૪૫॥ અબકી લડાઈ હોવેંગી કૈસી : સબ સરદાર બોલી બોલે ઐસી ॥૪૬॥ એક વાર દમેસક જાવે : પછી લડનેકુ અહીં આવે ॥૪૭॥ તબ માવીએને કહા એ બાત સહી : ચલો દમેસક આપણે તહી ॥૪૮॥ લશ્કર લઈ દમેસક આયે : શહેરમે જાકર બેઠા તાંએ ॥૪૯॥

પણ મહેલમેં બેઠા સહી : શહેરકે મુતાલબ એકઠે હુએ તહી ।।૫૦।। ચાર મુક્તિ આએ સાથ : મળી કાજીને કરે વાત ।।૫૧।। સુણો હજરત આપણા પાદશાહા : બે વાર ભાગ્યા આવ્યા તૈસા ।।૫૨।। ઈસકા કુતબા રવાહે કે નહી : ત્યારે કાજી બોલ્યા તહી ।।૫૩।। સારે મુતાલબ મુગતી ચાર : ચાલે પાદશાહા કે દરબાર ।।૫૪।। તબ માવીએકુ ખબર હુઈ જાણ : શહેર કે મુગતી મુતાબ આવ્યા પરમાણ ।।૫૫।। ઓર શહેરકે કાજી આયે સહી : માવીએને મહેલમેં બુલાએ તહી ।।૫૬।। માવીએને કહા કેમ આયે સબ : પછી કાજી બોલ્યા તબ ।।૫૭।। અરદાસ હમારી સુણો સાચ : હમ કહીએ સો માંનો વાચ ।।૫૮।। બીજી વાર ભાગી આવ્યા તમે : તમારા કુતબા કેમ પઢીએ અમે ।।૫૯।। રવા નહી સરેકે માંહે : નદી ફુરાદ સે ભાગેઆએ તમ ।।૬૦।। તેરા કુતબા નહીહે રવા : તબ માવીએને વજીરને જવાબ દીયા ।।૬૧।। સુણો મુતાલબો મુગતી ચાર : હમ શહેરમેં આયે કુછ વીચાર ।।૬૨।। વે કામ કર કર પછી ચલેંગે સહી : ત્યારે મુક્તી મુતાલબ બોલ્યા તહી ।।૬૩।। તમે શહેરકે બહાર ઉતરોને જઈ : કામ તુમારા કરીઓ તહી ।।૬૪।। પછી માવીઆ શહેરકે બહાર ગયા : મરવા વજીરને ત્યાં બુલાયા ।।૬૫।। કહો અબ ક્યાં કરણી બાત : તબ મરવો બોલ્યો સાખીઆત ।।૬૬।। અરે પાદશાહા અબકા લશ્કર મીલાઉ સહી : અલી ઓર અલીકા લશ્કરકુ મારે તહી ।।૬૭।। પકડકર લેવેને ચુણ ચુણ મારે : એતા લશ્કર મીલાઉ નદી ફુરાદ કીનારે ।।૬૮।। તબ ત્રીજી વાર કાગળ લખીઆ મરવે સહી : ભાઈ માવીઆની મદદ કરવા આવો સહી ।।૬૯।। દોસદારીનો હક પહોંચાડો તમો : આ વખત માં કહાવું છું અમો ।।૭૦।। જે કોઈ આવે તેને દોઢો મહીનો આપું સહી : આજ પાદશાહાકુ કામ પડ્યાહે અહી ।।૭૧।। એવાં ફરમાંન મુલકે મુલકે લખી મોકલ્યાં જાણ : શહેરે શહેરે ગાંમો ગાંમ પરમાંણ ।।૭૨।। પછી ઠાંમો ઠાંમથી લશ્કર આવવા લાગ્યું સહી : લશ્કર એકઠું થયું તહી ।।૭૩।। તે લશ્કરની ગણત્રી લીધી શું જાણ : તે સાઠ લાખ થયું પરમાણ ।।૭૪।। અને સાતસો

પાદશાહા બીજીવીલાયતના ધણી : તે આવી મલ્યા માવીઆ ભણી ॥૭૫॥ તે લશ્કર જોઈને માવીઓ ત્યાં ખુસી થાય : ખુસી આગળ મન ફુલ્યો જાય ॥૭૬॥ બીબીઆસાંને મરવો વજીર : બીજા સરદાર કહીએ રણધીર ॥૭૭॥ કહેવા લાગ્યા એનું લશ્કર મલ્યું છે ઘણું : હવે અલીની ગીરફતારી આવી તતક્ષણું ॥૭૮॥ એવી રીતે માંહે માંહે સરદાર કહે : કોઈ જઈ અલીને ખબર જ દે ॥૭૯॥ તો અલી પણ જાણે જે તેવું લશ્કર મલ્યું છે સહી : તો અલી દલથી ડરસે તહી ॥૮૦॥ જો અલી નહી ડરે તો લશ્કર મનથી સખત થાય : એમ કરતાં અલી સમજી જાય ॥૮૧॥ તો વચમાંથી ઝગડો મટે સહી : એવી મસલત કરે છે તહી ॥૮૨॥ હવે માવીઓ સાહાઅલીને કાગળ લખે : કેવી વાતો દલથી ભખે ॥૮૩॥ અરે અલી અમને લાજ મહંમદકી આવે : બીજી લાજ અબુતાલબકી ભાવે ॥૮૪॥ અબુતાલબ મેરા ચીચા સહી : ઉસકી લાજ મારાથીતે લોપાતી નહી ॥૮૫॥ તે લાજે કરી મૈને કાગળ ભેજીઆ : કંઈ કંઈકા પાદશાહા મેરે અહિં મીલીઆ ॥૮૬॥ બીજીવીલાઅતકે ધણીસો સહી : સાતસો પાદશાહા મીલે હે અહીં ॥૮૭॥ ઓર સાઠ લાખ મીલે અસવાર : સો તેરાં નામ જપે જઉ ચલોને તૈયાર ॥૮૮॥ સો કહેતે જે હમકુ અલીકુ મીલાયો : એસા કુણહે જે હમ પર દેવે ઘાઓ ॥૮૯॥ અમારા હુમલા કોઈ લેઈ ના સકે : એસે રાવત મનમાં ઝંખે ॥૯૦॥ દેખો અલી પછી પસ્તાઈઓ નહી : સો મૈ તીજે લીખતા હું સહી ॥૯૧॥ અરે અલી તુમ ડાહ્યા આદમી સહી : કાગળકા જવાબ ભેજીઓ અહી ॥૯૨॥ અવો કાગળ લખીને કાસદને આપ્યો તહી : કાસદ કાગળ ચાલ્યો લઈ ॥૯૩॥ તે કાસદ રાત દંન ચાલતો મદીને આવ્યો : માવીઆનો કાગળ તમ પર લાવ્યો ॥૯૪॥ અરબ અજમકા પાદશાહા અલી : ઉસકે ડેરે કાસદ આયા ચલી ॥૯૫॥ નામદાર નામદાર પોકારે સહી : નકીબ હુજાબ પુછને લાગ્યા તહી ॥૯૬॥ કહાંકા કાગળને કહાંકા નામદાર : તબ કાસદ બોલ્યા તે વાર ॥૯૭॥ કાગળ માવીઆકા લાવ્યા સહી : સો દમેસકકા પાદશાહ તહી

॥૯૮॥ ઉસકા કાગળ લાયા સોજાણ : તબ હુજાબને દોડકર સાહાકુ કહ્યા પરમાણ ॥૯૯॥ જે માવીઆ સાહાને લુંટીઆ : ઉને કાગળ આપણે અહિં ભેજીઆ ॥૧૦૦॥ સાહાઅલી અપને ડેરેમે આએ : લે કાગળ ઓર બાંચવાએ ॥૧૦૧॥ કાગળ સુણી સાહા બોલ્યા તહી : અરે અબદુલાજાહેદ ક્યા બલા હુઈ ॥૧૦૨॥ અરે વાઘ બુઢા હુઆતો ક્યા આલમ મારે : માવીઆ જાણે અબ અલી હારે ॥૧૦૩॥ સુણો અબદુલામેં ખુદાસુડરૂ : ચહુતો જમી ઓર અસમાન એક કરૂં ॥૧૦૪॥ જો ઈન પર જોરકરૂતો જે ખુદાકે રસુલ : ઉનકુ મોંકા દીખલાઉ હજુર ॥૧૦૫॥ એસા કહે જે આખર બખત : પાદસાહી કારણ અલીને કીતી સખત ॥૧૦૬॥ ફિર કહેંગે મુસલમાંનને હેરાન કીએ : ઐસા જાંનકર હમ બેઠે રહે ॥૧૦૭॥ તોભી મેં કીસીકુ કુછ કહેતા નહી : પણ ઘેર બેઠે આવે ઉસે લડના સહી ॥૧૦૮॥ અબદુલાજાહેદ ઓર માલકઅસતર : તોગાતુરક અલીકુ કહેવે તરત ॥૧૦૯॥ અરે ખુદાકે શેર દામાદ રસુલ : અબકી લડાઈ હે અરસ તુલ ॥૧૧૦॥ અલીકે સરદાર સબ મીતો કરે : બડે બડે સીરદાર ત્યાં મીલે ॥૧૧૧॥ લશ્કર મીલાનેકી રજા લીધી તહી : અપણ ભી લશ્કર મીલાઈએ અહી ॥૧૧૨॥ પછે લશ્કર મીલાનેકી સાહાને રજા દીતી : અબદુલાજાહેદને સો તેવડ કીધી ॥૧૧૩॥ ત્યારે કાગળ લખવામાંડ્યો સહી : પહેલે બનીઆ જંગમાં કોણ છે તહીં ॥૧૧૪॥ સાહાકા બેટા મહંમદ હનીફા જે : રૂમની સાહાજાદીના જાણો તે ॥૧૧૫॥ અલીતો છે ખુદાના સેર : મહંમદહનીફા નબીના તે ॥૧૧૬॥ હસનહુસેનના ખુનના લેવાવાળાએ, : આખર જમાનાના મહેંદી તે ॥૧૧૭॥ તેમને કાગળ લખ્યો તે જાણ : માવીઆ સાથે લડવું પરમાણ ॥૧૧૮॥ બીજો કાગળ બગદાદ લખીઓ જાણ : ત્યાં પણ સાહાના બેટા પરમાણ ॥૧૧૯॥ અબાસ અલી ઉમર અલીજે : બુગદાદની સાહાજાદીના જાણો તે ॥૧૨૦॥ એક કાગળ કુફે લખીઓ જે : જગોજગ કાગળ મોકલીયાતે ॥૧૨૧॥ પછી સાહનું લશ્કર મલવાલાગ્યું સહી : ઠાંમોઠાંમથી એકઠું થયું તહી ॥૧૨૨॥ પછે

સાહેગણત્રીનો લીધો સમાર : એકસોને ચૌદ પાદસાહ મલ્યાતે વાર ॥૧૨૩॥ સાત લાખ એંસીહજાર અસવાર : અઢાર બેટાતે ખુદના સાર ॥૧૨૪॥ ત્યારે સાહાઅલી બોલ્યા સુજાણ : ચાલો નદી ફુરાદ કીનારે ઉતરીએ પરમાણ ॥૧૨૫॥ લશ્કર સાથે નદી કીનારે ડેરા દીધા સહી : માવીઆની વાટ જુવે છે સહી ॥૧૨૬॥ અંતે લશ્કર મલસે અપાર : જ્યારે કાળીંગાને મારે નીરધાર ॥૧૨૭॥ એમ કહે ***બુદરદીન*** સવાઈ : આગળ ભલી લડાઈ થાસે ભાઈ ॥૧૨૮॥ કુલ પટોરાં ૧૮૭૭

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૩૦ મું :

(ચોપાઈની વાંણ છે :)

માવીઆની વાત સુણીએ : કાસદ આવ્યો ત્યાં સહી : કાગળ આપ્યો હાથમાંને : માવીએ વાંચ્યો તહી ॥૧॥ અલીનું લખીયું સાંભળી : સર્વે સીશ ડોલાવીઆં : સીખાંમણભાઈ એને ના લાગે : માવીઓ એમ બોલીઓ ॥૨॥ માવીઓ જે લશ્કર લેઈ : દુમેદુમે ચાલી આવીઓ : ડેરા દીધા નદી કીનારે : જગજાણીતો કહાવીઓ ॥૩॥ ક્યાં સાઠ લાખ અસવાર એના : માવીઆના ત્યાં સહી : અલીના તો સાત લાખ એંસીહજાર ગણત્રી થઈ ॥૪॥ સરદાર છે માવીઆના : જોરમાં ફરે છે તાંહે : અલીના જે જાણીતા છે : તેતો ત્યાં ડરે સહી ॥૫॥ એમ કરતાં ત્રણ દંન વીત્યા : ચોથે દંન શું થયું : લડાઈ કેરા આદર માંડ્યા : માંહેમાંહે કંપે સહુ ॥૬॥ ઢોલ દદાંમાં નફેરીનાં : વાજાં વાજે ત્યાં સહી : સલે બકતર પહેરી કરીને : મેદાંનમાં આવ્યા તહી ॥૭॥ માવીઓ પોતાનું લશ્કર : લઈને ઉભો રહ્યો : સાઠ લાખ અસવાર સાથે : એવી રીતે આવીઓ ॥૮॥ અલી પોતે આવીઆ : લશ્કર સાથે તે સહી : એકસોને ચૌદ પાદશાહા : ચોસઠ સરદારત્યાં સહી ॥૯॥ અઢાર બેટા પોતા તણા : લશ્કર સાથે છે સહી : સાત લાખ એંસી હજાર : તે સર્વે લેઈ આવ્યા તહી ॥૧૦॥ ઝાડુબરદાર આવીઆ : મેદાંન ઝાડે

ત્યાં તહી : સીકાવા આવી પાંણી છાંટે : લડાઈ સરૂત્યાં થઈ ॥૧૧॥ નકીબ આવી હાંકે મારે : કોણ રાણી જાયો આવે સહી : લાગતી અણી કોણ મીલે : આ મેદાંનમાં આવે અહીં ॥૧૨॥ પોતાના જે બાપકેરૂ : નામ રોસન જે કરે : પોતાનો ગુલામ ખીમર : આવી ત્યાં ઉભો રહે ॥૧૩॥ સાહા અલીનું હેત મોટું : બેટાથી અદકુ સહી : તે ખીમર ઘોડેથી ઉતરીને : સાહાને પગે માથું ધર્યું સહી ॥૧૪॥ સાહા બોલ્યા જે સુણો ખીમર : તમકુ સોંપે ખુદકારકુ : ખીમર ચાલ્યા ખરે મેદાંને : મુદાઈ બોલાવે તારકુ ॥૧૫॥ રાવત એક માવીઆનો : ખીમર સામો આવીઓ : ખીમર ઉપર નાખ્યો ઝટકો : ખીમરે ચુકાવીઓ ॥૧૬॥ પછી ખીમરે હાથ વાળો : તે રાવતને મારીઓ : તેના કડકા બે કર્યારે : માવીઓ જાંખો પાડીઓ ॥૧૭॥ સાહાના લશ્કર મેં હુઈ વધાઈ : વાજાં સર્વે વાજીઆં : નફેરીના નાદ મોટા : જાણે વાદળ ગાજીઆં ॥૧૮॥ બીજો આવ્યો તીજો આવ્યો : ચોથાને પણ મારીઓ : એક એક કહેતાં વાર લાગે : એકવીસ રાવત પાડીયા ॥૧૯॥ માવીઆને આંખે લોહી : વરસે છે ત્યાં અતી ઘણું : અરે ભાઈઓ એ ગુલામને : કોઈ મારે આ ક્ષણે ॥૨૦॥ માવીઆના લશ્કરમાંથી : એક મીનાફક આવીઓ : તેનું નામતો અબુલોલ કહીએ : તેણે ઘોડો નાખીઓ ॥૨૧॥ અબુલોલ તો જવાંન કહીએ : ખીમરતો બુઢાસહી : વળી એકવીસ રાવત આગળ માર્યા : બેશુધ્ધ થયા ત્યાં સહી ॥૨૨॥ અબુલોલ તો તરતનો તાજો : પહેલો હુમલો માગીઓ : ખીમર બોલ્યા તુજ કરરે : તેતો મનથી જાગીઓ ॥૨૩॥ તે મીનાફકે શું કર્યુંરે : ખેંચી તલવાર ફેરવી : ખીમર ઉપર નાખી કેવી : ખીમરે ચુકાવવા બહુ કરી ॥૨૪॥ પણ ખીમરની જે આવી પહોંચી : મોત માફક ત્યાં થયા : માથુ તુટી ત્યાં પડ્યુ રે : ખુદા પાસે તે ગયા ॥૨૫॥ સાહાઅલી રોયા બહુ કરે : જ્યારે ખીમર પડતા દેખીઆ : અબ મેદાન મૈબી જાવું : ખીમર નહી આવે ફરી ॥૨૬॥ સુણી સુકન મહંમદ હનીફા : તે વેળા ચાલ્યા તહી : ઘોડો નાખો મેંદાંનમાં : તે અબુલોલ જુવે છે સહી ॥૨૭॥ અબુલોલ બરાબર આવીયા

: દીઠા હનીફા તે સમે : અંગથી કંપારી છુટી : મોત મારૂં એથી ભમે ॥૨૮॥ અબુલોલ કહે આ ડાકીયા આગળ : સલામત જાતો નથી : પછી બોલ્યા મહંમદહનીફા : સાંભળ તું સલામતી ॥૨૯॥ સમાલીએ બે નામરદે : કેતે તેને હુમલે કીએ : મહંમદ હનીફા દાવ ખેલે : આપને બંચાલીઆ ॥૩૦॥ મહંમદ હનીફાએ ઐસા મારા : અબુલોલકે દોટુકડે કીએ : સેરઅકબરકુ ચડ્યા સુરાપણ : જે આવે તેને પટકી દીએ ॥૩૧॥ મા તો બીબી હનીફા : બાપ અલી સેર ખુદકા : અકબર સેર તો મહંમદ કહીએ : એ ખીતાબ તો રસુલકા ॥૩૨॥ કહે **બુદરદીન** સુણો ભાઈઓ : એ આખરકે મહેંદી સહી : જ્યારે કાળીંગાને મારસે : ત્યારે જુધ કરસે તે તહી ॥૩૩॥ કુલ પટોરાં ૧૯૧૦ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૩૧ મું :

(જીતી જુગતસોલ સોકટી : હવડાં કાચી થાંસે રે : તે વાંણ છે :)

સેરઅકબરને સુરાપણ ચડીયું : મુદાઈ બોલાવે ત્યાંહેરે ॥૧॥ જે આવે તેને પટકી મારે : એવા કંઈ કંઈ માર્યા રાવત રે ॥૨॥ એક એક કહેતાં વાર જ લાગે : બોતેર પાડ્યા તાંહે રે ॥૩॥ પછી મેદાંનમાં કોઈ આવે નહી : સેરઅકબર બોલાવે તાંહે રે ॥૪॥ પણ કોઈ મેદાંનમે આવે નહી : એક એક પુંઠે લપાય રે ॥૫॥ માવીઓ હંકારે કેવો : કોઈના જાવે તાંહે રે ॥૬॥ પછે મહંમદ હનીફા રહી ના સકીયા : તલવાર કાઢી તાંહે રે ॥૭॥ સાઠ લાખ અસવાર માંહે : ગોથુ ખાધું ત્યાંહે રે ॥૮॥ જેમ મચ્છી પાણીમાં ગોતું મારે : એમ સેરઅકબરતો તાંહે રે ॥૯॥ તે સાહાઅલીએ નજરે દીઠું : સહુ સરદાર કેડે ધાઆ રે ॥૧૦॥ અલી બોલ્યા મેરે જીગરને : ગોતા ખાયા સોહી રે ॥૧૧॥ લોહી કેરા દરીઆ હુવા કહીએ : ક્યા તમે દેખો સબ રે ॥૧૨॥ ત્યારે સાહાઅલીએ શું કર્યું રે : બે હાથ બગલમાં ઘાલ્યા રે ॥૧૩॥ ગુસ્સો કરી એક ચીસ જ પાડી : યાદ કર્યા ખુદકાર રે ॥૧૪॥ તે ચીસ મોટી કેવી કહીએ : તે સુણી તે સર્વે લોક રે ॥૧૫॥ ચારે તરફ સોળ

સોળ ગાઉ : ત્યાંના લોક કંપ્યા અપાર રે ॥૧૬॥ ત્યારે તે લોકે શું જાણીયું : જમી અસમાન તુટી આજ રે ॥૧૭॥ શું સાતે પાતાળ ફાટી ગયાં રે : શું કઆંમત આવી આજ રે ॥૧૮॥ શું ઈસરાફીલે સુર ફુકી રે : એવો સાહે કર્યો અવાજ રે ॥૧૯॥ તે અવાજ સુણીને અસવાર ઘોડા : પછડાઈ પછડાઈ જાય રે ॥૨૦॥ કંઈ જણાના જીવ નીકળીઆ : કોઈ કાંને બેરા થાય રે ॥૨૧॥ નામરદોની કમરો ટુટી : મરદ થયા હુંસીઆર રે ॥૨૨॥ કરી ઉડવણી લશ્કર માંહે : જમી અસમાંન એક જણાય રે ॥૨૩॥ બે તરફથી ફોજો ચાલી : અને સેળાં ભેળાં થાય રે ॥૨૪॥ મારા માર ત્યાં થાવા લાગી : તીર તલવાર ભાલા સાર રે ॥૨૫॥ નેજા પટાને ગુરજ કહીએ : સેફ ગુપતી કટારી તાંહે રે ॥૨૬॥ વાંકડીઆ જેમ ગઢજાંબુવા કહીએ : તે સહુ હથીઆરે ધાયા રે ॥૨૭॥ મારા મારત્યાં થાવા લાગી : રાણી જાઆ અથડાય રે ॥૨૮॥ બાથો બાથત્યાં આવીયા ને : મેહાવરસે જેમ લોહી રે ॥૨૯॥ લોહી કેરી ત્યાં નદીયો ચાલી : લોથો પર લોથો ત્યાં થાય રે ॥૩૦॥ તેના અંબાર બહુ થયા રે : માથાં બહુ અથડાય રે ॥૩૧॥ જેમ કડબના ઢગલા થાએ : એમ માણસ કેરા તાંહે રે ॥૩૨॥ કોઈ કોઈને યાદ ના કરે : એવી લડાઈઓ થાય રે ॥૩૩॥ જે ઘોડેથી પડી ગયા રે : તે અટારણમાં જાય રે ॥૩૪॥ હાથી ઘોડા ના પગ તળે તે : દળાય તેણી વાર રે ॥૩૫॥ ચારે બાજુ માર માર થઈ છે : જંગલ લાલ ગુલાલ રે ॥૩૬॥ ઘોડા અસવાર લાલ થયા છે : તલવાર બરછી લાલ રે ॥૩૭॥ કાંને પડ્યું સંભળાતું નથી : એવો હાહાકાર થાય રે ॥૩૮॥ જેમ પીંજરામાં જનાવર ઘાલ્યાં : પછી ઉઘાડે તેમ રે ॥૩૯॥ જેમ જનાવર ઉડી ચાલ્યાં : તેમ ઉડ્યા સઉના જીવ રે ॥૪૦॥ એવો કેર ત્યાં વરતી રહ્યો છે : જેમ પાનખર આવ્યો માસ રે ॥૪૧॥ પાંનખરે તેમ માણસ પડે : જેમ કયાંમત કાયમ જાણો રે ॥૪૨॥ દીન દીન મહંમદ બોલે : અને તલવાર મારે ત્યાંહે રે ॥૪૩॥ જેમ દાંડીઆ રાસ રમે છે જુગમાં : એમ તલવાર ઉડે ત્યાંહે રે ॥૪૪॥ લડતાં લડતાં દિન વીત્યો : રાત પડી છે ત્યાંહે રે

॥૪૫॥ એવે રસતે જુમે કેવા : વળગ્યાતે કોઈના છુટે રે ॥૪૬॥ બે તરફથી મસાલો થઈ છે : જેવો દીવસ તાંહે રે ॥૪૭॥ પણ લડતાં કોઈ છુટે નહી : વળી દંન ઉગ્યો તે વાર રે ॥૪૮॥ લડતાં લડતાં ત્રણ દિન વીત્યા : બેમાં ના હારે કોઈ રે ॥૪૯॥ ત્રણ રાતો ને ત્રણ દિન સુધી : લડતાં કોઈના હારે રે ॥૫૦॥ ચોથો દિન જ્યારે થયો રે : ત્યારે માવીઆ કેરૂં લોક રે ॥૫૧॥ શીક્ષા ખાઈ સૌ હારવા લાગ્યા : અને ત્રાસ પડી છે તાંહે રે ॥૫૨॥ માવીઓ સઉને હંકારે : અને આડો પડીને ભાઈરે ॥૫૩॥ જીત્યો ઝગડો કેમ હારો છો : જરાક માટે શું ભાઈઓ રે ॥૫૪॥ પણ લશ્કર હારપામ્યું તે કેવું : પાછુ વળે નહી તાંહે રે ॥૫૫॥ માવીઓ પોકારે કેવો : પણ લશ્કર ભાગ્યું જાય રે ॥૫૬॥ બીબી આસાં બુરખો ઓઢી : અને ઊંટ ઉપર અસવાર રે ॥૫૭॥ વાંસની છડી હાથમાં ને : લશ્કરને મારે ત્યાંહે રે ॥૫૮॥ ગાળો દઈને પાછું વાળે : લશ્કરને લડાવે ત્યાંહે રે ॥૫૯॥ અરે ના મરદો તમે શું નાસો છો : તમે સાઠલાખ અસવાર રે ॥૬૦॥ મુઠી લશ્કરથી ભાગો કેવા : તમને લાજ ના આવે રે ॥૬૧॥ મેરેભાઈ તમ પીછે ફરોને : હીમત ક્યાહારો આજ રે ॥૬૨॥ આપણી હુરમત હારો નહી : ઈમાંન બેચ્યા કેમ રે ॥૬૩॥ તમકુ શરમના આવે ભાઈ : એમ કહે બીબીઆસાં રે ॥૬૪॥ એમ કહેતાં સેરઅકબર આવ્યા : મહંમદ હનીફા તાંહે રે ॥૬૫॥ ઘોડોનાખી તલવાર હાથે : મારતા આવ્યા તાંહે રે ॥૬૬॥ બીબીઆસાં ત્યાં દેખીયાંને : પગ પાળા પોતે થાય રે ॥૬૭॥ બીબીઆસાંના ઊંટના : ચારે પગ કાપ્યા તેણીવાર રે ॥૬૮॥ તે ઊંટ ત્યાં પડી ગયું રે : ઉંધે મોંઢે બીબીઆસાં રે ॥૬૯॥ બુરખો હતોતે ઊડી ચાલ્યો : સેર અકબર ઊગાંમે તાંહે રે ॥૭૦॥ જેવે ઉગાંમે તેવે સાહાઆવ્યા : હનીફાના હાથ ઝાલ્યા રે ॥૭૧॥ સેર અકબરને અલી સાહા પોતે : મુકીચાલ્યા તેણીવાર રે ॥૭૨॥ અલીસાહાતો કહેવા લાગ્યા : રસુલે કહ્યુંતે સાચું રે ॥૭૩॥ તેતો સર્વે નજરે દીઠું : ત્યારે મહંમદ હનીફા બોલ્યા રે ॥૭૪॥ નબી મહંમદે શું કહ્યું હતું : તે અમને કહોને આજ રે ॥૭૫॥ ત્યારે

સાહાઅલી ત્યાં કહેવા બેઠા : એક દંન અમને ત્યાં હે રે ॥૭૬॥ સપનું લાધ્યું તે કહ્યું મહંમદને : ત્યારે નબી બોલ્યા તાંહે રે ॥૭૭॥ સાસુ જમાઈ ગાળોથી લડીયાં : તે કહ્યું રસુલને તાંહે રે ॥૭૮॥ ત્યારે નબી બોલ્યા તમેને આસાં : તલવારથી લડસો ત્યારે રે ॥૭૯॥ તે સર્વે મેં નજરે દીઠું : વળી બીજું કહ્યુંતું તાંહે રે ॥૮૦॥ તે માસમાં તમારી અદલ : આવીપહોંચે સોહી રે ॥૮૧॥ ત્યાંથી લશ્કર પાછું ફર્યું : સૌ ને રજા આપી અલીસાહે રે ॥૮૨॥ સાહાઅલી આવી ઉતર્યા મહોલે : સૌ સૌને ઠાંમ સધાર્યા રે ॥૮૩॥ તે માસ રમજાનનો હતો : સતરમું રોજુ ત્યારે રે ॥૮૪॥ પોતે બપોરે સુઈને ઊઠ્યા : નીમાજ પડીઆ તેણીવાર રે ॥૮૫॥ પોતે ખુસીમાં બહુજો આવ્યા : ત્યારે એક અસાબે પુછ્યુ રે ॥૮૬॥ આટલી ખુસી તમે કેમ કરો છો : એવું શું છે આજ રે ॥૮૭॥ ત્યારે સાહાઅલીત્યાં બોલીયા રે : મને સપનું લાધ્યું આજ રે ॥૮૮॥ નબીસાહેબ મને કહેવા લાગ્યા : તમે આવો મારી પાસ રે ॥૮૯॥ હમારો જીવ તમારી પાસે : વળગી રહ્યો છે સોહી રે ॥૯૦॥ પછી સાહાના જે દોસદાર હતા : અંદેસો કરવા લાગ્યા રે ॥૯૧॥ સાહાનો પાલક બેટો કહીએ : તેનું નામ અબદુલા રહેમાન રે ॥૯૨॥ બીજુનામતો ઈબલમુલજમ : તે અસવાર થઈને જાય રે ॥૯૩॥ એવે એક હવાડો આવ્યો : ત્યાં ઘોડાને પાણી પાય રે ॥૯૪॥ ત્યાં એક હવેલી ઝરૂખો સારો : ત્યાં બેઠી એક નાર રે ॥૯૫॥ મફાજાનની બેટી કહીએ : તેનું નામ કીતામા ત્યાં હે રે ॥૯૬॥ કરી સણગાર તાજો બેઠી : દીઠી અબદુલા રહેમાને રે ॥૯૭॥ તેને જોઈને અસક થયો : કીતાંમાએ તેડાવ્યો તાંહે રે ॥૯૮॥ ડેલીમાંહે ઘોડો બાંધ્યો : મેડી ઉપર ગયો સોહી રે ॥૯૯॥ ત્યાં જઈ પલંગ પર બેઠો : અને આવી કીતાંમા તાહે રે ॥૧૦૦॥ તે આવી જોડે બેઠી : દારૂનો સીસો લઈ રે ॥૧૦૧॥ તેમાથી એક પ્યાલો : કીતાંમાએ પીધો તાંહે રે ॥૧૦૨॥ એક પ્યાલો બીજો ભરીઓ : તે અબદુલા રહેમાનને આપે રે ॥૧૦૩॥ અબદુલા રહેમાન લેતો નથી : મૈને રોજા કીયા હે આજ રે ॥૧૦૪॥ તેરે કાજે ક્યા

રોજા ભાંગુ : અને મીઠા કરૂં હરાંમ રે ॥૧૦૫॥ મીજલસમાં મને બુરા કહેવે : એમ કહે અબદુલા રહેમાન રે ॥૧૦૬॥ કીતાંમા તો કહેવા લાગી : તું દારૂપીવે આજ રે ॥૧૦૭॥ આપણ દોનું તબ જો મલીયે : એમ કહે કીતામાં તાહે રે ॥૧૦૮॥ અબદુલા રહેમાન અસકનો બાંધ્યો : તે દારૂ પીધો તાંહે રે ॥૧૦૯॥ અસકનો બાંધ્યો જઈના સકીયો : લપટાંણો છે તેહ રે ॥૧૧૦॥ દારૂ પીતાં મસ્ત થયો છે : સુધ ના રહી શરીર રે ॥૧૧૧॥ કીતાંમા ને ગળે હાથ જો નાખે : કીતાંમા કહાડી નાખે રે ॥૧૧૨॥ પછી અબદુલા રહેમાન ત્યાંતો બોલ્યો : કીતામાં સુણીએ વાત રે ॥૧૧૩॥ તેરે કાજે મૈને રોજા ભાંગ્યા : અને દારૂ પીધો સોહી રે ॥૧૧૪॥ ઓર મેરા કહ્યા કરતી નહી કાએ : કીતાંમા બોલી સોહી રે ॥૧૧૫॥ તેરી પાસે તો જો આઉ : તેરા બાપકુ મારે તુંહી રે ॥૧૧૬॥ તબ તો તેરા કહ્યા કરૂં : ત્યારે કંપ્યો અબદુલા રહેમાંન રે ॥૧૧૭॥ અરે ભુંડી મેરા બાપકું : કઉ કર માર્યા જાય રે ॥૧૧૮॥ ત્યારે કીતાંમા બોલી એવે : મારી પાસેથી જાને તુઅરે ॥૧૧૯॥ પણ અબદુલા રહેમાંન જઈના સકીયો : અસકનો બાંધ્યો તાંહે રે ॥૧૨૦॥ કીતામાં બોલી સુણો અબદુલા : જબ મારે તેરા બાપ રે ॥૧૨૧॥ તેરે મેરે દોસતી તો : તબજો ચાલે સાચ રે ॥૧૨૨॥ નહીતો તેરી બાટ પકડ રે : મેં બેઠી મેરે ઘેર રે ॥૧૨૩॥ અબદુલા રહેમાને મન વીચાર્યું : એમ લખ્યું હસે ખુદકાર રે ॥૧૨૪॥ મારે હાથે મોત અલીની : ખુદાએ લખ્યું હોય તાંહે રે ॥૧૨૫॥ એમ કહી ખંજર લઈ ચાલ્યો : ઈબલેમુલજમ તાંહે રે ॥૧૨૬॥ જુવો મુનીવર અસકના બાંધ્યા : એવાં ના કીજે કામ રે ॥૧૨૭॥ ભાંગ તમાકુ અફીણ કહીએ : તાડીનો રસ જેહરે ॥૧૨૮॥ તેતો લેવો વ્યાજબી નહી : એતો કહેછે શાહો રે ॥૧૨૯॥ માટે તમે ખાસો જ્યારે : તમ સર હાથ અબદુલા રહેમાંન રે ॥૧૩૦॥ ધરમીને તો વ્યાજબી નહી : સેતાનનું એ કામ રે ॥૧૩૧॥ મોટી લાહી જેકોઈ રાખે : તેનું અન્નના લેસો કોઈ રે ॥૧૩૨॥ શા માટે જે તમને કહીએ : અબદુલાને ભેધ્યો સેતાંન રે ॥૧૩૩॥ તે સેતાંન

ભેદી સાહો ઉપર : ઘાઓ કર્યો છે તે વાર રે ॥૧૩૪॥ મહાવીસનુંતો અલી કહીએ : તેના ઉપર કર્યો ધાવ રે ॥૧૩૫॥ તેનું પ્રાયશ્ચિત તે સર બેઠું : જ્યારે આવ્યો સેતાન રે ॥૧૩૬॥ તે પ્રાયશ્ચિત તે સીર બેસે : અલીને માર્યા જેહ રે ॥૧૩૭॥ મોટી લાહી જ્યારે કરી : સુઝના પડી ખુદ માર્યા રે ॥૧૩૮॥ મોટી લાહી જે કોઈ કરશે : તેને એટલું પ્રાયશ્ચિત થાય રે ॥૧૩૯॥ માટે એટલું તમને કહ્યું છું : બ્રહ્મ હત્યા બેઠી રે ॥૧૪૦॥ માટે તેનું અન્નના લેવું : તેનો સંગ ના કરવો રે ॥૧૪૧॥ ધરમ લીધાંને ધાડો લાવ્યા : મુરખે જનમ ગુમાવ્યા રે ॥૧૪૨॥ કહે *બુદ્દરદીન* સાચી વાતો : આજ કોઈનો નહી વિશ્વાસ રે ॥૧૪૩॥ કુલ પટોરાં : ૨૦૫૩ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૩૨ મું :

(જેવા બોલ્યા બારે વાટકે : જુગમાં જાણીયા હોજી : તે વાંણ છે :)

હવે સાહાઅલીની સુણીઓ વાત કે : વીચક વીતીયાં હોજી ॥૧॥ સપના કેરી કહીતી વાત કે : બે ભાઈએ સાંભળી હોજી ॥૨॥ સાહાને સુના મેલે નહી કે : દુરના નીસરે હોજી ॥૩॥ સાહાજાદા નીંદ કરો તમે આજ કે : સુવો નચીંતસું હોજી ॥૪॥ હસન હુસેન તો સુવે નહી કે : સાહે પુછીયું હોજી ॥૫॥ હસન હુસેને કહી છે વાત કે : બાવા તમ સુવો હોજી ॥૬॥ સાહાઅલી સુતા તખત મોજાર કે : બે ભાઈ વચ્ચે લઈ હોજી ॥૭॥ તોપણ નીંદ ના કરે લગાર કે : સાહાજાદા જાગતા હોજી ॥૮॥ ત્યારે સાહાઅલી કહે છે પુત કે : કેમ નહી નીંદ રે હોજી ॥૯॥ ત્યારે સાહાજાદા બોલ્યા સાર કે : બાવાજી સુણીઓ હોજી ॥૧૦॥ તુમારે વાળ હમારે વાળકે : બાંધો તમે એકઠે હોજી ॥૧૧॥ ત્યારે વાળ બાંધીને સુતા સાર કે : બેઉ ભાઈના હોજી ॥૧૨॥ સાહાજાદા તોય ના સુતા સાર કે : સાહે પુછીયું હોજી ॥૧૩॥ અરે ભાઈઓ સુતે નહી તમ કેમ કે : તમ કહો સો કીજીએ હોજી ॥૧૪॥ બાવાજી કહુ સો કીજે બાત કે : હમારે હાથકી હોજી ॥૧૫॥

 તુમારે મુહમે બાઈએ હંમ કે : ઐસી કીજીએ હોજી ॥૧૬॥ હમારી ઉગલીઆં તુમારે મુહમેં કે : ઈયું કર સોઈએ હોજી ॥૧૭॥ તુમારી ઉગલીઓ હમારે મુહમેં કે : તબ નીંદ લીજીએ હોજી ॥૧૮॥ ત્રણ જણ સુતા, જાગે સાહો કે : બેઉ ભાઈ ઉઘીઆ હોજી ॥૧૯॥ સાહે કેવું કીધું કામ કે : આંગલીઓ બેઉની હોજી ॥૨૦॥ હળવેથી કાઢી પોતે તાંહે કે : બાંધ્યા વાળ છોડીયા હોજી ॥૨૧॥ હળવેથી ઉઠયા પોતે નાથ કે : વજુ કરી સહી હોજી ॥૨૨॥ હંમેશ ભણતા ઘરની માંહે કે : તે રાતે શું કર્યુ હોજી ॥૨૩॥ જાવા લાગ્યા મસીદની માંહે કે : બારણાં બોલીઆં હોજી ॥૨૪॥ ખુદજી જાતેહો તમ આજ કે : પાઉ ચલના આઓગે હોજી ॥૨૫॥ ખાટુ ઘાલી લાવે સબકે : દ્વાર એમ બોલીઆં હોજી ॥૨૬॥ સાહે કાંને સુણી વાત કે : મનમાં ના લાવીયા હોજી ॥૨૭॥ ગયા મસીદની અંદર તાંહે કે : બંદગી આદરી હોજી ॥૨૮॥ કરે છે બંદગી પોતે તાંહે કે : તેવે ત્યાં આવીઓ હોજી ॥૨૯॥ અબદુલા રહેમાંન સોધે તાંહે કે : ઢુંઢતો આવીયો હોજી ॥૩૦॥ દીઠા સાહાતો કરે નીમાજ કે : અબદુલા ત્યાં આવીઓ હોજી ॥૩૧॥ પાછળ આવ્યો જ્યારે તાંહે કે : અસમાંન જમી કંપીયાં હોજી ॥૩૨॥ જમી અસમાંન બોલ્યાં સાર કે : જાલમતો આવીઓ હોજી ॥૩૩॥ અલીકું મારેંગા એ આજ કે : બંદગી તેરી કરે હોજી ॥૩૪॥ સાહાતો પઢતે હોંગે સોહે કે : તે પાપી આવીઓ હોજી ॥૩૫॥ પાછળથી ખંજર માર્યું તાંહે કે : બે તરણ વાળીયાં હોજી ॥૩૬॥ એવાં ખંજર માર્યા સાત કે : સાહા ઉધે મોં પડ્યા હોજી ॥૩૭॥ સાહોજી બોલ્યા તેણી વાર કે : અંધેને ક્યા કીયા હોજી ॥૩૮॥ મને સલાંમ વાળવા દેતો આંહે કે : ખુન હું બકસતો હોજી ॥૩૯॥ તેતો અંધો થયો છે તાંહે કે : સાહા ત્યાં પડી રહ્યા હોજી ॥૪૦॥ લોહીની નીકો ચાલી જાય કે : સાહાજાદા જાગીઆ હોજી ॥૪૧॥ બાવાને દીઠા નહી તાંહે કે : પોકારતા આવીયા હોજી ॥૪૨॥ પેઠા મસીદ કેરે માંહે કે : દીઠા સાહોને હોજી ॥૪૩॥ જુવે તો ડુંગર ઢળ્યા જેમ સાહોકે : સાહાજાદા શું કરે હોજી ॥૪૪॥ બાપ બાપ કરીને રૂવે છે તાંહે કે

: ઉપર પડી ગયા હોજી ॥૪૫॥ ત્યાંતો રૂદન કરે અપાર કે : સાહાજાદા ગરીબ થયા હોજી ॥૪૬॥ સાહે આંખો ખોલી તાંહે કે : પોતે બોલીયા હોજી ॥૪૭॥ રોતા રાખ્યા બે જણ ભાઈ કે : પોતે તે સમે હોજી ॥૪૮॥ સાહાને પૂછવા લાગ્યા તાંહે કે : બાવાજી બોલીએ હોજી ॥૪૯॥ એ ખરાબી કીને કીતી આજ કે : હમસે બોલીએ હોજી ॥૫૦॥ પુત હમારે સુણીએ બાત કે : સેર મૈં ખુદા તણા હોજી ॥૫૧॥ દાંમાદ મહંમદ કેરા સોહે કે : તો મીજસે કોણ કરે હોજી ॥૫૨॥ મેરે મરતી વખત આજ કે : ઉસકી ગીબતના કીજીએ હોજી ॥૫૩॥ જબમેં ભીસ્તમે જાઉ તાંહે કે : પહેલા ઉસે લેઉ હોજી ॥૫૪॥ પછી દીઠો અબદુલા રહેમાંન કે : તેત્યાં ફરે આંધળો હોજી ॥૫૫॥ મસીદમાં ફાંફાં મારે તાંહે કે : જવાનું જડે નહી હોજી ॥૫૬॥ હસન હુસેને દીઠો ત્યાંહે કે : અબદુલા રહેમાંનને હોજી ॥૫૭॥ સાહાજાદા ગયા તેની પાસ કે : મનમાં એમ જાણીયું હોજી ॥૫૮॥ મારીએ આપણ એને આજ કે : ત્યારે સાહા બોલીઆ હોજી ॥૫૯॥ પોકારી ઉઠ્યાતેણી વાર કે : એને જે મારસે હોજી ॥૬૦॥ તે ઉપર અલી કરસે કહેર કે : દુનીયાં દીનથી હોજી ॥૬૧॥ ઈસે કછુનાં કહીઓ આજ કે : સાહાજાદા રોઈ ઉઠ્યા હોજી ॥૬૨॥ કહેવા લાગ્યા તેણી વાર કે : પાપી તે શું કર્યું હોજી ॥૬૩॥ આપણકેરા કેવા બાપ કે : તે તેં મારીયા હોજી ॥૬૪॥ તારે અસકે માર્યા બાપ કે : એવું કોણ કરે હોજી ॥૬૫॥ દુનીયામાં કોઈના કરે લગાર કે : એવું તેં કર્યું હોજી ॥૬૬॥ અરે પાપી અમને આજ કે : મારતો ત્યાં સહી હોજી ॥૬૭॥ અમારી રૂખના દીઠી તેંહ કે : બાપને મારીયા હોજી ॥૬૮॥ અરે પાપી રહેમાન તુંહી કે : બીન્યો નહીં ખુદથી હોજી ॥૬૯॥ શો ગુનો કીધો તારો આજ કે : અમને ગરીબ કર્યા હોજી ॥૭૦॥ પછી સાહાને લીધા તાંહે કે : ચાર જણે મલી હોજી ॥૭૧॥ ઘરમાં લાવ્યા તેણી વાર કે : તે રાત વહી ગઈ હોજી ॥૭૨॥ વહાંણું વાયું ઊગ્યો દંન કે : સાહાજાદા શું કરે હોજી ॥૭૩॥ દુધ ગરમ કર્યું છે તાંહે કે : શાહાને કારણે હોજી ॥૭૪॥ બાવાજી દુધ પીવોને તમકે : શાહાતો ના

પીવે હોજી ॥૭૫॥ શાહાજાદા વિનંતી કરે અપાર કે : જરાસા પીજીએ હોજી ॥૭૬॥ ચમચો એક પીધો તાંહે કે : ત્યારે ત્યાં શું થયું હોજી ॥૭૭॥ ગરદનમાં પંચઘાની વાટ કે : નીસરી ત્યાં ગયું હોજી ॥૭૮॥ ત્યારે શાહાઅલી બોલ્યા તાંહે કે : રજક ઉઠયાં દુનીયાં તણાં હોજી ॥૭૯॥ મેંતો કા કરૂં અબ આજ કે : કઉ દુધ પીએ હોજી ॥૮૦॥ મેરી આખર આઈ આજ કે : પુત તંમ શું કરો હોજી ॥૮૧॥ બાપ તુમારા ખુરબાન આજ કે : દુધ તમે લઈજાવો હોજી ॥૮૨॥ વે અંધા બેઠા મસીદની માંહે કે : પીલાવો દુધ જઈ હોજી ॥૮૩॥ પીવે દુધ હમારા આજ કે : બકસે ખુદા તહીં હોજી ॥૮૪॥ નહીતો દોજગ જલે આબાદ કે : અબદુલા રહેમાંની આ હોજી ॥૮૫॥ જાકર દુધ પીલાવો તમ કે : મેરે એંઠા સહી હોજી ॥૮૬॥ ઈમાંમ હુસેનતો પોતે જાય કે : મસીદે દુધ લઈ હોજી ॥૮૭॥ ઈમાંમ હુસેનતો બોલ્યા તાંહે કે : અંધા ક્યાં ગયા હોજી ॥૮૮॥ અંધા બેઠા મસીદની માંહે કે : તેને ત્યાં કહ્યું હોજી ॥૮૯॥ લે બે અંધા પીતું દુધ કે : જુઠા બાપકા હોજી ॥૯૦॥ બાવા આપણા હે મહેરબાન કે : તુજે ભેજીયા હોજી ॥૯૧॥ દુધ પીવેતો અચ્છા આજ કે : ખુદા બકસસે હોજી ॥૯૨॥ અબદુલા રહેમાંને જાણ્યું તાંહે કે : ઝેરનાખી મોકલ્યું હોજી ॥૯૩॥ અલીને માર્યા તેણે કાજ કે : મને મારવા હોજી ॥૯૪॥ તે ડરને મારે પીધુ નહી કે : ઈમાંમ હુસેને શું કર્યું હોજી ॥૯૫॥ હુસેન ઈમાંમે લીધું દુધ કે : અંધા આગળ ધર્યું હોજી ॥૯૬॥ અંધે વાસણ ઉપર નાંખ્યો હાથ કે : દુધ ઢોળીયું હોજી ॥૯૭॥ થોડુ રહ્યું વાસણની માંહે કે : હુસેન પી ગયા હોજી ॥૯૮॥ દુધ ઢોળાતાં હાથે અડીયું કે : અંધે શું કર્યું હોજી ॥૯૯॥ આંખે લઈ અડાડ્યો હાથ કે : દેખતો ત્યાં થયો હોજી ॥૧૦૦॥ હુસેનને કહેવા લાગ્યો તાંહે કે : મને દુધ આપીએ હોજી ॥૧૦૧॥ જે જગાએ ઢળીયું હુંતું દુધ કે : તે કચરો દુધનો હોજી ॥૧૦૨॥ આંખમાં ઘાલ્યો તેણી વાર કે : દેખતો બહુ થયો હોજી ॥૧૦૩॥ ઉઠી નાઠો તેણી વાર કે : પાછો મગરેબ થયો હોજી ॥૧૦૪॥ શાહાઅલી બહુ થયા હેરાંન કે : કારી ઘાવથી

હોજી ॥૧૦૫॥ પછે હસન હુસેનને ત્યાંહે કે : નસીઅત પોતે કરે હોજી ॥૧૦૬॥ શીખાંમણ દેછે તે ત્યાંહે કે : લોક રૂવે ઘણું હોજી ॥૧૦૭॥ બધુ શહેર રૂવે ભેંકાર કે : શાહાઅલી બોલીયા હોજી ॥૧૦૮॥ પુત હમારી સુણીએ બાત કે : સો કહ્યા કીજીએ હોજી ॥૧૦૯॥ જમીંમે ના ધરીઓ મીજકુ તમ કે : ગુસલ દીજીઓ હોજી ॥૧૧૦॥ કફન પહેરાવી તાબુત તાંહે કે : પેટીમાં ધરો હોજી ॥૧૧૧॥ લઈ જાવો શહેર બહાર કે : કહ્યું તે કરો હોજી ॥૧૧૨॥ એક ઊંટ આવેંગા જંગલ માંહે કે : સફેદ રૂ જૈસા હોજી ॥૧૧૩॥ એસા ઊંટ આવેંગા તાંહે કે : દોડતા રોતા સહી હોજી ॥૧૧૪॥ આરઢતા આવે સોહી ઊંટ કે : તબ તમ જાણીઓ હોજી ॥૧૧૫॥ આવી બેસે તાબુત પાસે કે : ઉસપર લાદીયો હોજી ॥૧૧૬॥ પછી તમતો વળીઓ ઘેર કે : પાછુ ના દેખીઓ હોજી ॥૧૧૭॥ પુત તમકુ કહુ બાત કે : ખુદા હમદો જણે હોજી ॥૧૧૮॥ સોહી જાણે હમારી બાત કે : નસીઅત એવી કરી હોજી ॥૧૧૯॥ પુત હમારી સુણીએ બાત કે : તુમારે નાંના તણી હોજી ॥૧૨૦॥ ઉનકી કબર ના છોડો તમ કે : કહ્યા સો કીજીએ હોજી ॥૧૨૧॥ તમ કીસીસે લડીએ નહી કે : અલી એમ બોલીયા હોજી ॥૧૨૨॥ વજીર પોતાનો તેડ્યો તાંહે કે : અબદુલા જાહેદને હોજી ॥૧૨૩॥ શાહાજાદા ખોળે નાખ્યા તાંહે કે : હસન હુસેનને હોજી ॥૧૨૪॥ શાહાઅલી પહોંચ્યા શહાદત તાંહે કે : નબીને યાદ કર્યા હોજી ॥૧૨૫॥ શાહાજાદા રૂદન અપાર કે : કુટે પીટે ઘણા હોજી ॥૧૨૬॥ શહેર બધામાં પડીઓ પોકાર કે : શહેરમાં બહુ રૂવે હોજી ॥૧૨૭॥ ગીરેવાંન ફાડે દરવાંન તાંહે કે : પીટે અતી ઘણું હોજી ॥૧૨૮॥ હસન હુસેનને કર્યા ગરીબ તાંહે કે : પુસ્તી ઉઠી ગઈ હોજી ॥૧૨૯॥ કુફા માંહે પડી પોકાર કે : મદીના સારા શહેરમાં હોજી ॥૧૩૦॥ જાણ્યું નબી મહંમદ આજ કે : ઉઠી ચાલીયા હોજી ॥૧૩૧॥ ઘેર ઘેર માતમ થઈછે તાંહે કે : રૂએ અતી ઘણું હોજી ॥૧૩૨॥ અલીને ગુસલ દીધું તાંહે કે : કફન પહેરાવીયા હોજી ॥૧૩૩॥ તાબુત મેલ્યું પેટીમાંહે કે : લેઈને ચાલીયા હોજી

॥૧૩૪॥ ગયા જંગલ કેરે તાંહે રે : તે ઊંટ આવીયું હોજી ॥૧૩૫॥ રોતો આવ્યો પોકારતો તાંહે કે : ઉજળોતે સહી હોજી ॥૧૩૬॥ આવી બેઠો તાબુત પાસ કે : તે તાબુત લાદીયું હોજી ॥૧૩૭॥ તે ઊંટને મહેલી છાંડ્યું તાંહે કે : જંગલમાં જતો રહ્યો હોજી ॥૧૩૮॥ તે તાબુત સાથે હુતા લોક કે : સર્વે પાછા ફર્યા હોજી ॥૧૩૯॥ સર્વે આવી બેઠા ઘેર કે : ત્રીજે દંન જારત કરી હોજી ॥૧૪૦॥ નુર ખલીફા એવા તેહ કે : મોતે ના મેલીયા હોજી ॥૧૪૧॥ આલમુરતની એવી વાત કે : જગો જગ એમ છે હોજી ॥૧૪૨॥ મુરતે મુરતે કર્યા મેલાંણ કે : આજ ના ઓસરો હોજી ॥૧૪૩॥ કહે **બુદ્દરદીન** જાણ આજ કે : આગળ શું થયું હોજી ॥૧૪૪॥ કરણ કલફને આદે તાંહે કે : વીસનું શું કરે હોજી ॥૧૪૫॥ સૃષ્ટિ બહુ નીપાવી તાંહે કે : તે દંન મોત નહી હોજી ॥૧૪૬॥ સભરાભર સૃષ્ટિ બહુત્યાં થાય કે : અકળામણ ઉપજે હોજી ॥૧૪૭॥ અગની પ્રજ્વલ કરતા તાંહે કે : કોઈ નવ રહે હોજી ॥૧૪૮॥ વીસનું મનમાં કરે વીચાર કે : થયું તે સર્વે ગયું હોજી ॥૧૪૯॥ એવું આપણ કરીએ સૌહ કે : રહેને જાય સહી હોજી ॥૧૫૦॥ વીસનુએ ધ્યાન ધરીયું તાંહે કે : મોત ઉપજાવીયું હોજી ॥૧૫૧॥ વીસનું છીંક્યા તેણી વાર કે : મોત બહાર આવી પડ્યું હોજી ॥૧૫૨॥ ડાબે નાસકે ઉપજું તાંહે કે : મોત ત્યાં બોલીયું હોજી ॥૧૫૩॥ સ્વામી શામાટે ઉપાયો મુજ કે : વીનતી એ કહે હોજી ॥૧૫૪॥ સ્વામી બોલ્યા સુણીએ તમકે : સૃષ્ટી સંહારને હોજી ॥૧૫૫॥ મારૂં એતો નથી કામ કે : ઘેર ઘેર રૂએ ઘણું હોજી ॥૧૫૬॥ મોત ગયું જંગલની માંહે કે : તપત્યાં આદર્યું હોજી ॥૧૫૭॥ કરેછે તપને કરે છે રૂદન કે : આંસુ આંખના હોજી ॥૧૫૮॥ વીસનુ એ કરમાં લીધાં તાંહે કે : એકસો આઠ ખરાં હોજી ॥૧૫૯॥ દસ હજાર વરસનું કરીયું તપ કે : વીસનુએ ઉઠાડીયું હોજી ॥૧૬૦॥ એકસોઆઠ કીધી વ્યાધી કે : મોતને સોંપીયાં હોજી ॥૧૬૧॥ નહી આવે તમારે માથે તાંહે કે : વ્યાધી કામ કરે હોજી ॥૧૬૨॥ મૃત્યું બોલ્યું તેણી વાર કે : તમથી ઉપજ્યું હોજી ॥૧૬૩॥

તમ વીના મેં કેમ રહેવાય કે : એકલો શું કરૂં હોજી ॥૧૬૪॥ વિષ્ણું બોલ્યા તેણી વાર કે : અવધી અમ તણી હોજી ॥૧૬૫॥ ત્યારે તમે આવો મુજ કે : અમે સહી કરૂં હોજી ॥૧૬૬॥ મરતું એ કોલ લીધો છે તાંહે કે : વીસનુના હાથનો હોજી ॥૧૬૭॥ તેથી આલમુરતને આજ કે : મૃત્યુ આવે સહી હોજી ॥૧૬૮॥ દેહાધારી થયાં જે રૂપ કે : તે સઉને આવે સહી હોજી ॥૧૬૯॥ માટે મનના આંણો ગત કે : ચાલ્યું આવીયું હોજી ॥૧૭૦॥ અલીતો કેવા કહીએ દેવ કે : તે પણ ચાલીઆ હોજી ॥૧૭૧॥ ***બુદરદીન*** કહેછે સાચી વાત કે : દલના ઓસરો હોજી ॥૧૭૨॥ વાત અમારી અવળા ખેલ કે : કોઈ જાણે નહી હોજી ॥૧૭૩॥ કુલ પટોરાં ૨૨૨૬ :

: શ્રી સદગોર સહદેવ વાચા : જ્ઞાન ૩૩ મું :

જીરે ભાઈ શાહારે અલી પછી સુરે થયું છે : તે સુણો મુનીવર ભાઈ ॥૧॥ જીરે ભાઈ હસનઅલીતો તખતે જઈ બેઠા : આંણ તેમની વરતાવી ॥૨॥ જીરે ભાઈ હસનઅલીના નામનો કુતબો જો પડીઓ : તે વાત ચારે ખુંટ ચાલી ॥૩॥ જીરે ભાઈ જે કોઈ એમના દોસ જે હુતા : તે ખુસી થયા બહુત્યારે ॥૪॥ જીરેભાઈ યાદગીરી તો સઉએ મોકલી : પહોંચ હોય જેને જેવી ॥૫॥ જીરેભાઈ માવીએ જાણ્યું હસનઅલીતો : તખતે બેઠા છે પોતે ॥૬॥ જીરેભાઈ માવીએ કંઈ ચીજ તોફો મોકલીઓ : વળી કહ્યું તે સુણીએ ॥૭॥ જીરેભાઈ હસનઅલી મેં તુમારા નોકર હું : ઓર પાદશાહી હેંગી તુમારી ॥૮॥ જીરેભાઈ હસનઅલી પાદશાહી કરે છે : જેવી અલીએ કીધીતી તેવી ॥૯॥ જીરેભાઈ જેવી કીધી નબી મહંમદે : એવી હસનઅલીની પાદશાહી ॥૧૦॥ જીરેભાઈ એવું અદલ તો પોતે ચલાવે : દુખ નહી કોઈને લગાર ॥૧૧॥ જીરેભાઈ એવી સવારી કરસે મહંમદ મેંદી પોતે : ત્યારે સુખ સહાયતા સર્વેને થાસે ॥૧૨॥ જીરેભાઈ એવી પાદસાહી કરે પીર

બુદરદીન : સુખ સહાયતા રાખે સઉને ॥૧૩॥ જીરેભાઈ કહેછે **બુદરદીન** બહુગુણ કથીને : એ આગમ વાતો પુરાંણે ॥૧૪॥ જીરેભાઈ હવે માવીઆ કેરી વાતો : કહીએ તેવળી સુણીએ ॥૧૫॥ કુલ પટોરાં : ૨૨૪૧:

: ફાતીઆની દવા :

બરકત બીસમીલા હીર રહેમાન નરહીમ : હે જબરાઈલ : નજરેરૂ : કસીરલફતું : નેજને : આજે દવાદે : ઈમાંમ ચારદે માસુમ : પાંચેતન પાક : અલખસુરવાએલ : વ જબરાઈલ પાક ઈમાંમ હુસેનકા ફાતહે કલમો : જેમના નામનો ફાતીઓ પડવો હોય તેમનું નામ લેવું : દવા પાંચવાર ભણવી :

: વિદાયગીરીનું જ્ઞાન પ્રથમ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

વીરા સર્વે એતો વાધીયારે : તેના સુણોરે વીચાર :(આંચલી): *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧॥ વીરા દાદા આદમતો વાધીયા રે : દાદી હવાં કહીએ એ : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૨॥ વીરા બીજો માફો વાધીયો રે : તેના સુણોને વીચાર : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૩॥ તેમાં નોહનબીએ વાધીયા રે : આલે સલાંમાએ જે : *વીરા વજરહૈયા તમ તણાં રે* ॥૪॥ હવે ત્રીજો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૫॥ હવે મુસાકરીમ આપે વાધીયા રે : બીબી સફુરાં વાધ્યાં જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૬॥ વળી ચોથો માફો હવે વાધીયો રે : મધ્યે બીબીમરીયમ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૭॥ હવે મીત્ર રોહીલા વાધીયા રે : બીબી પારસાંએ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૯॥ તેમાં

ઈભરામખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણા* રે ॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૧॥ વીરા તરણસેંને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે॥૧૫॥ ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણા* રે॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયા તમ તણાં* રે॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીંત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે : કરણ કલફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૨॥ વીરા તીરથ સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને ફરમાંન : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૭॥ વીરા પીર **બુદરદીન** બોલીઆ રે : હવે સર્વે આવ્યો અંત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૮॥

: વીદાયગીરીનું જ્ઞાન બીજુ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

(ઉઠબંદા ક્યા નીંદે સુતા તે વાંણ છે :)

ઈમાંમના એ માફા વાધ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાધ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યા સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વે બેઠા : તેને અંતે પડસે શોક ॥૨॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાંની માંહે : આ જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહોને અમને ॥૩॥ ત્યારે ઈમાંમની એ મીજલસ માંહે : ખુદાનું ફરમાંન આવ્યું : જબરાઈલને લઈ મોકલીઆ : સર્વે ઉપર કહાવ્યું ॥૪॥ આ દસુરાંના દસ દનમાં : જે કોઈ દીલગીર થાસે : નયણા માંથી આંસુ પાડસે : હીસાબ વેળા બકસ્યા જાસે ॥૫॥ વળી બીજાં ફરમાંન આવ્યાં : ખુદજીનાં તે લાવ્યા : જબરાઈલ તો કહેવા લાગ્યા : તે ઈમાંમને મન ભાવ્યા ॥૬॥ દુનીયાં વીસે લોક થયા છે : હીંદુને મુસલમાન : તેના ઘરમાં ક્રોધ વ્યાપે : વળી દુખ મોટુ અસમાંન ॥૭॥ તે દુખે વળી આંસુ પાડે : નરને વળી નારી : અસુરાનાં દસ દનમાં : તે બકસો સુધાંમ ॥૮॥ વળી ઈમામની એ માહાતમ માંહે : શોક ધરીને ચાલે : દસ દન સુધી ક્રીયા પાળે : સર્વે દેવતા તેને નીહાળે ॥૯॥ દસ દનનો છલ્લો કરીએ : અસુરાનો કરસે : સર્વે જનસથી મન મારીને ચાલે : તે ટોળી ઈમાંમનીમાં ભળસે ॥૧૦॥ બોલ્યારે બાકરશાહા બળીઆ : જે કોઈના થાસો ગળીઆ : કહેર ક્યામત આવી પહોંચી : વેળાને આવ્યાં પરીઆં ॥૧૧॥

* * *

: શ્રી દરૂદ :

અલ્લાહોમે શ્રીઅલ્લા સૈયદના વલીઅલ્લા સૈયદના મહંમદદીન મુબારક નુરઅલી (દુવા પાંચ વખત ભણી ગાદીપર બેસવું : તથા દરેકે ભણી બેસવું :)

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - પહેલું

: શ્રી સતગોર સહદેવ વાચા :

પરથમ પહેલા સુણીએ મહારા : પુરવની એ વાત રે : સુરતા રાખીને સુણજો મારા મુનીવરોજી ॥૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : હસન મોટા ભાઈ રે : ફાતમા તોમાજી તેતો તેહુનાંજી ॥૨॥ નબીસાહેબતોનાંના કહીએ : સાહા અલીબાવા સોહી રે : પાંચેતન નો પરવેસ તે સહીજી ॥૩॥ તેમના તો એ વીચક સુણીએ : તેના કહું વીચાર રે : તેની સાંભળો તમે વારતાજી ॥૪॥ આદે તોનીપાવ્યા જ્યારે : નુરે નુર પઠાઆંરે : નુરમાંથી નુરએતો પરગટ્યાંજી ॥૫॥ જે દન નહોતા સ્વર્ગ પાતાળ : જે દન નહોતા તારારે : જે દન નહોતારે ચંદ્ર સુરજ સહીજી ॥૬॥ જે દન નહોતા પવન પાણી : જે દન નહોતો સંસાર રે : જે દન નોહોતારે પીર પેગાંબર ઓલીઆજી ॥૭॥ ત્યાર પહેલાં એ પાંચેતન કહીએ : સર્વે એનો આકાર રે : નુરથી નુર એતો પરવર્યા જી ॥૮॥ સર્વે એથી રચના કીધી : પવન પાણી જહરે જમીન આસમાન સરજ્યાં એ થકી જી ॥૯॥ નવસો નવાણું નદીયો કીધીં : સાત સમુદ્ર જેહરે : સર્વે આવેરે એતો તીરથ જી ॥૧૦॥ મુલાએકના તો માફ઼ા આવે : કટમ પરીવાર રે : અસુરામાં આવી એતો સાંભળેજી ॥૧૧॥ માટે એતો તમને કહું છું : સર્વે દેવતા આવે રે : અત્તર કસબોઈફુલ લઈ આવે સહીજી ॥૧૨॥ ઈમામની એ માતમ માંહે : સર્વે મુલાએક આવે રે : દરૂદ પઢીને સર્વે

બેસતાજી ॥૧૩॥ પાંચેતનના વીચક સુણીએ : જ્ઞાને સર્વે ભેદરે : અરથ ગ્રંથના એતો સાંભળોજી ॥૧૪॥ હુસેન એતો વીશ્નું કહીએ : હસન શીવ અવતાર રે : નબીના નવાસા એતો જાણજો જી ॥૧૫॥ નબી સાહેબ તો બ્રહ્મા કહીએ : મહા વીષ્ણુ અલી પોતે રે : ફાતમાં તો શક્તી એતો જાણજો જી ॥૧૬॥ તેમના પુત્ર જાણો ભાઈ : તે સીર કહેર રચાઆ રે : આલમનો ભાર લઈ અવતર્યા જી ॥૧૭॥ હુસેનઅલી આલવંશી : તેમણે લીધા કસરે : ઉમતનાં દુઃખ સર્વે ઉઠાવીઆજી ॥૧૮॥ ભુખ્યા તરસ્યા કેવા રાખ્યા : તોયના આવી મહેરરે : એવી જમાત તેતો કાફર સહીજી ॥૧૯॥ એમ કરતાં સાતદિન વીત્યા : અન્ન પાણી નહી રે : જુલમ માડ્યો રે બહુ કાફરેજી ॥૨૦॥ એમ કરતાં દેહા મેલી : ઈમામ હુસેને પોતે રે : દુખડાં પડ્યાં રે ઉમત કારણે જી ॥૨૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : એક ચિત્તે નર નાર રે : તેના ગુના બકસુરે ઉઠ કરોડનાજી ॥૨૨॥ વળી બીજી તમે સાંભળો : સાંભળી દીલગીર થઈએ રે : ત્રણસેંને સાઈઠ દિન તેમાં સહીજી ॥૨૩॥ જેણે ગુનાકર્યા હસે : તેને બકસુ સહી રે : ઈમાંમ હુસેનની ગોસ્ટી સાંભળે જી ॥૨૪॥ અસુરામાં આંસુ પાડે : તેતો બકસ્યો જાય રે : ચિત્ત ધરીને સર્વે સાંભળોજી ॥૨૫॥ ગત ગંગાએ સર્વે સાંભળો : એ સર્વેને ફરમાન રે : લાલચ કાઢીને દસ દિન આવજોજી ॥૨૬॥ બોલ્યા રે ***બુદરદીન*** બાવા : ઈમાંમ હુસેનનાં મંડાણ રે : પરથમ બોલો ઈમાંમની વારતા જી ॥૨૭॥

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - બીજું

: શ્રી સતગોર સહદેવ વાચા :

(: કહે બુદરદીન સત્ય વાતો : તે વાંણ છે :)

પરથમ ઈમાંમની ગોસ્ટી સુણીએ : સાંભળોને દલ ધરી : સભા ભરીને બેસતાને : બેસોને તમે મન ગળી ॥૧॥ પીર પેગાંબર ઓલીઆ ને : તેતો આવે છે અરસથી :

ઈમાંમની એ મહાતમ માંહે : તેતો સુણે સુરતથી ॥૨॥ સર્વે તીરથ આવી પોહોચે : કરણ કલફ જુગ ચારના : અડસઠ તીરથ આવી બેસે : ઈમાંમની મહાતમ માંહાં ॥૩॥ તરેહ તરેહની કસબોઈ સારી : અત્તર ફુલ તે લાવતા : તબાકોની છાબો ભરીને : તે તો સર્વે જામતા ॥૪॥ દુમે દુમે માફા સર્વે : વખત વેળાએ આવતા : દેવ સભાની સભા ભરીને : વીચક સર્વે સાંભળતા ॥૫॥ આજના મુનિ સર્વે આવો : અસુરાના દિનમાં : આળપંપાળને કાઢી કરીને : તમે ભળો દેવ જનમાં ॥૬॥ નર નારી આવી સાંચરો : સભામાં આવી દાખસો : આંસુ પાડે ગોષ્ટિ સુણીને : તેના સાતે પરીયાં જાય બકસ્યાં ॥૭॥ આગેવાન થઈને તેને બકસાવે : સર્વે ઉપર હુકમ કરે : અસુરાંના આંસુ માટે : તેને બકસુ એ તરેહ ॥૮॥ બોલ્યા ***બાકરશાહ*** છેલ્લી વેળા :ચિત્ત ઠેકાણે રાખીએ : ઈમાંમના હવે સૈન્ય જાગે : લોભ લલુતા મહેલીએ ॥૯॥

* * *

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૩૪ મું :

(દસમા અવતારની વાંણ છે :)

માવીઓ ત્યાંથી નાઠો દમેસક જાય : એવે અલીની સાંભળી વારતા એ ॥૧॥ જે લશ્કર હતું તે કર્યું વીદાય : પોતે સુખમાં બેઠો જાએ ॥૨॥ માવીઆનો એક બેટો જે : તેનું નામ અજીદ તે ॥૩॥ તે અજીદ દન દન દુબળો થાએ : ત્યારે માવીએ એક દંન પુછ્યું જાએ ॥૪॥ અરે પુત તને કમી શી છે આજ : તને દુર્બળતા આવી શા માટે ॥૫॥ ત્યારે અજીદ કહે છે વાત : અરે પિતા તમને કહું સાક્ષાત ॥૬॥ અરે બાવા વાત કહું છું એ : અબદુલાજાહેદની ઓરત તે ॥૭॥ તેનો અસક થયો છું જે : તે માટે દુબળો થાઉછું તે ॥૮॥ તે અબદુલાજાહેદ શાહાઅલીનો વજીર : તેની ઓરતનો આસક અજીદ ॥૯॥ તે ઓરતનું નામ બીબીજેનબ જે : અજીદ અસક તેનો તે ॥૧૦॥ ત્યારે માવીઓ બોલ્યો સુણોરે પુત : અબદુલા જાહેદકા ભાંગીએ ઘરસુત ॥૧૧॥ અરે સુણો પુત હમારી વાત : હવે સબુરી કરીએ સાખીઆત ॥૧૨॥ એક પ્રપંચ કરીએ અબદુલા સુજઈ : ઓરત એની મેલાવીએ તહી ॥૧૩॥ અરે પુત પછી તારો નક્કો જો કરૂં : એવો પ્રપંચ લાવી ધરૂં ॥૧૪॥ ત્યારે માવીએ અબદુલાજાહેદને બોલાવ્યો સહી : અબદુલાજાહેદ દમેસક આવ્યો તહી ॥૧૫॥ બહુ હેત પ્યાર કર્યો અપાર : વળી પોતાની પાસે બેસાડ્યા સાર ॥૧૬॥ સુણો અબદુલા મેં તમને કહું : દમેસકકી થાંણેદારીમૈ તમને દેઉ ॥૧૭॥ ઓર મેરી બેટીકે સાથ નીક્કા કરાવું : ઓર જે માગે સો દીલાઉ ॥૧૮॥ ત્યારે અબદુલાજાહેદ ખુશી થયો છે સહી : હવે દમેસકનો પાદશાહા થઈશ અહી ॥૧૯॥ અબદુલાજાહેદે જાણ્યું મોટો થાઉ : અને વળી પાદશાહાનો દામાદ કહેવાઉં ॥૨૦॥ ત્યારે માવીએ બીજે દન કહ્યું છે જે : સુણો અબદુલા વાત કહું તે ॥૨૧॥ મારી બેટી કહે છે સહી :

એની ઓરત જેનબ ને મેલે તહી ॥૨૨॥ ત્યારે હું એથી નીક્કા કરૂં સો જાણ : એની ઓરતને તલાક દે તો પરમાણ ॥૨૩॥ જેનબ આગળ મને એ શું હેત કરે : એને મેલીને મને આગળ કેમ ધરે ॥૨૪॥ સુણો અબદુલા મારી બેટી એૈસા કહે : જેનબકુ છોડે તો મેરી સેજપર રહે ॥૨૫॥ પછી અબદુલાએ જેનબને દીધી તલાક : વગર ગુને ને વગર વાંકે સાખીઆત ॥૨૬॥ પાદશાહીની લાલચે ધણીઆણીને મુકી સહી : જેનબને તલાક દીધી તહી ॥૨૭॥ એતો વાત જેનબે જાણી ખરી : પણ જેનબ બીબી રોઈ રોઈ મરી ॥૨૮॥ જેનબ કહેછે મારો ગુનો નહી લગાર : વગર ગુને મને મેલી નીરધાર ॥૨૯॥ પછી જેનબ મદીના જઈને રહ્યાં : ગુમ ખાઈ ત્યાં આસુદાં થયાં ॥૩૦॥ પછી માવીએ અબદુલાજાહેદને કહ્યું : મારી બેટે કહેછે એ શું થયું ॥૩૧॥ જે મરદે મીસરના લોભે છોડી નાર : જેનબ સરખી રૂપવંતી તેને દવાર ॥૩૨॥ તો તેને મેલતાં ના લાગી વાર : તો હું કોણ ગણત્રીમાં નાર ॥૩૩॥ માટે હુંતો એને કબુલ નહી કરૂં : એનો સો વીશ્વાસ જે દલમાં ધરૂં ॥૩૪॥ માટે મારી બેટી કહે છે એમ : એને કબુલ તો કરૂં કેમ ॥૩૫॥ એ બોલ સુણી અબદુલા થયો નીરાશ : બે તરફની તુટી આશ ॥૩૬॥ તે સાંભળીને દલમાં ઉધ્વેગ આવ્યો સહી : તે ઉદ્વેગનો માર્યો ચાલ્યો કંઈના કંઈ ॥૩૭॥ પછી માવીએ શું કર્યો વીચાર : એક અસાબા તેડ્યાં તેણીવાર ॥૩૮॥ તે મહંમદના યાર હતા સજાત : તેમને તેડ્યાં પોતાની પાસ ॥૩૯॥ તેમનું નામ મુસેઅસરીર સહી : તેને બોલાવી વાત જ કહી ॥૪૦॥ મુસે મદીને જાવો તમે : અજીદનું માગુ મોકલું છું અમે ॥૪૧॥ અજીદની મંગણી જેનબ શું કરો : માવીઆનો બેટો અજીદ તમે દલમાં ધરો ॥૪૨॥ તે મુસે અસરીર દોઢસો વરસના સહી : એવા ઘરડા થયા છે તહી ॥૪૩॥ તે માવીઆનો સંદેસો લઈને મદીને જાય : બહાર નીકળતાં વળી શું થાય ॥૪૪॥ માવીઆનો ચાકર અબદુલાઅબાસ : પોતાની ડેલીએ ઉભો છે પાસ ॥૪૫॥ તેણે પુછ્યું મુસેઅસરીને તહી : ચીચા મુસે તમ જાતે હો કહી ॥૪૬॥ તમે બડે આદમી જુઠના બોલો લગાર :

ત્યારે મુસે બોલ્યા તે વાર ।।૪૭।। અજીદકી મંગણી જેનબ પર લે જાતાહું સહી : ત્યારે અબદુલાઅબાસ બોલ્યા તહી ।।૪૮।। ચીચા મુસે સુણો તમે વાત : જેનબ શાહાજાદાકું કબુલે તો સાખીઆત ।।૪૯।। જો શાહાજાદા ના કબુલે તો મેરી મંગણી કીજીઓ તમ : અબદુલાઅબાસ કહે છે એમ ।।૫૦।। મુસે અસરી ચાલ્યા જાય : રાત દિન તે વાટ કપાય ।।૫૧।। આવ્યા મદીના શહેરની માંહે : જુવેતો હુસેનઅલી ઉભાછે ત્યાંહે ।।૫૨।। હુસેનઅલી પોતાની ડેલીએ ઉભાછે સહી : જેવા મહંમદ રસુલીલા તહી ।।૫૩।। નબી મહંમદને હુસેનમાં તફાવત નહી : અને હસનઅલી સરખા દીસે તહી ।।૫૪।। મુસેઅસરીએ ઈમાંમહુસેનને ઉભા દેખીઆ : મુસે ઊંટ ઉપરથી ઉતરીઆ ।।૫૫।। ઉતરી કરી ઈમાંમહુસેનને પગે જો પડ્યા : ઈમાંમહુસેને બહુ હેત ધર્યા ।।૫૬।। ઈમાંમહુસેન મુસેને કહે : માવીએકી ચાકરી કરતે હો તે ।।૫૭।। ક્યા કામકુ આએહો તમ : સો બાત સાચી કહીએ હમ ।।૫૮।। ત્યારે મુસે અસરી બોલ્યા સાચ : ઈમાંમહુસેન સુણો તમે વાચ ।।૫૯।। માવીએકા બેટા અજીદ સહી : ઉસકી મંગણી લેજાતા હું તહી ।।૬૦।। અબદુલાજાહેદકી ઓરત જેનબ સહી : અજીદકી મંગણી લેજાતા હું તહી ।।૬૧।। ત્યારે ઈમાંમહુસેન બોલ્યા વાચ : અજીદને ના કબુલે તો મેરી મંગણી કરીઓ સાચ ।।૬૨।। ત્યારે મુસેઅસરી બોલ્યા ખુબ : હુસેનઅલી શાહાના મહેબુબ ।।૬૩।। પછી મુસે આવ્યા જેનબને ઘેર : દરવાજો ઠોક્યો ત્યારે બોલ્યા ઘેર ।।૬૪।। કોણ હો ભાઈ હંમારે તમ : અબુમુસે અસરી બોલ્યા હંમ ।।૬૫।। ચીચા હમ તુમસે છુપતે નહી : આવો ઘરમેં બેઠો અહી ।।૬૬।। અબુ મુસે દોઢસો વરસના ડોસા ખરા : તો એ જેનબને દેખીને ચળયા ।।૬૭।। બીબીજેનબ બોલ્યાં તહી : ચીચા મુસે કેમ આવીઆ અહી ।।૬૮।। મુસે બોલ્યા જેનબ કહુ વાત : અમને કબુલ કરોતો સાખીઆત ।।૬૯।। એ કામે હમે આવ્યા છે તમારી પાસ : એવીતો મુજને છે આશ ।।૭૦।। મારે ત્યાં આવીને ખુદાની બંદગી કરો : એવી વાતજો દલમાં ધરો ।।૭૧।। ત્યારે જેનબ હસી

બોલ્યાં જે : ચીચા મુસે વાત કહું તે ॥૭૨॥ નવું બારસાખને જુની ઈંટ : તે કામના આવે પીટા પીટ ॥૭૩॥ તે તમારે હમારે મળવાનો નહી જવાબ : આશામેલી વાત કરીએ સાફ ॥૭૪॥ ત્યારે મુસેઅસરી બોલ્યા નહી : એ વાત દલમાંથી કાઢી તહી ॥૭૫॥ પછી અબુ મુસે બોલ્યા જવાબ : અજીદકુ કબુલ કરતે હો આપ ॥૭૬॥ પાદશાહાકા બેટા અજીદ હે સહી : સારે મુલકકી પાદશાહી તેરે તહી ॥૭૭॥ ત્યારે બીબી જેનબ બોલ્યાં તે વાર : અજીદનું નામ લીધું ત્યારે રોઆં અપાર ॥૭૮॥ રોઈ કરીને બોલ્યા વાચ : ચીચા મુસે અબ કહું સાચ ॥૭૯॥ મેરે મરદકુ ઈને ફારફેર કીયા : ફેર હમારા ઘરભી ભાંગીયા ॥૮૦॥ હમારે દોનું મે નાખુસી ડાલી સહી : ઓર મીસરકી પાદશાહી દીતીભી નહી ॥૮૧॥ ઓર માવીએને બેટી આપી નહિ ને નીરાશ કર્યા : ઈને મેરાતો ઘર ભાંગીયા ॥૮૨॥ ખુદા ન કરે અજીદકુ મેરી જાત લગે નહી : પછી અબુ મુસે બોલ્યા તહી ॥૮૩॥ ભલા ના કબુલેતો એ વાત અહિંથી રહી : અબદુલા અબાસકા બેટા હે તહી ॥૮૪॥ ઉસે કબુલેતો કહો હમ સાચ :પછી બીબીજેનબ બોલ્યા વાચ ॥૮૫॥ જેના સાહેબને મેં કબુલ ના કરૂં : તો તેના નોકરને કેમ દલમાં ધરૂં ॥૮૬॥ ત્યારે મુસેઅસરી બોલ્યા સહી : એ બેનેતો કબુલ્યા નહી ॥૮૭॥ હવે હુસેનઅલી નબીના નવાસા : તેને કબુલે તો સાચા ॥૮૮॥ ત્યાં બીબીજેનબ બોલ્યાં વાચ : ચીચા મુસે વાત કહીએ સાચ ॥૮૯॥ તમે જેને હાથ પકડીને આપસો સહી : તેને ઘેર અમે જઈશું તહી ॥૯૦॥ પછી મુસેઅશરીરે એ કહી સર્વે વાત : સુણો જેનબ કહું સાખીઆત ॥૯૧॥ દુનીઆંનો માલ સોનાં રૂપાં સહી : તો અજીદને ઘેર જાવો તહી ॥૯૨॥ થોડો માલને બંદગી કરો : તો અબદુલાઅબાસને દલમાં ધરો ॥૯૩॥ અગર ફકીરી કબુલ કરોને છોડો ધન માલની આસ : અને વળી બીબીફાતમાંની ઘુંટણ ડાબીને બેસો પાસ ॥૯૪॥ અને વળી ખુદાના શેરઅલી શાહા જે : તેમની વહુ કહેવાસો તે ॥૯૫॥ વળી ભીસ્તની બીબીથયાં ચાહોતો જે : હુસેન અલીને કબુલ કરો તો તે ॥૯૬॥ ત્યારે બીબી

જેનબ કહે તમે કહી સત વાત : હુસેન અલી કબુલું સાખીઆત ॥૯૭॥ જો હુસેન મને બાંદી કરી રાખસે તો સહી : અમેતો એમનું કહ્યું કરીશું અહી ॥૯૮॥ પછી અબુમુસેએ હુસેન અલીને કહ્યું : જેનબનું માગું તમ પર થયું ॥૯૯॥ જેનબ તમ ઘેર આવવા થયાં તૈયાર : ત્યારે હુસેને નીકા કરી આણ્યાં તેવાર ॥૧૦૦॥ ઘરમાં લાવી બેસાડ્યાં સહી : અબુમુસે ચાલ્યા તહી ॥૧૦૧॥ મુસેઅસરી માવીઆ પાસે ગયા : જેનબની વાત કહીને ઉભા રહ્યા ॥૧૦૨॥ જેનબે હુસેન અલીને કબુલ્યા તે જાણ : બીજા કોઈને ના કીધા પરમાણ ॥૧૦૩॥ હુસેનઅલી નીક્કા પડી લઈ ગયા ઘેર : માવીઓ સાંભળીને ચુપ થઈ રહો ઘેર ॥૧૦૪॥ ત્યારે અજીદતો દલમાં બળીજો મરે : મારી માંગતેર હુસેન કઉ ધરે ॥૧૦૫॥ મેં મેલાવીતી મારે કાજ : તે હુસનઅલી કેમ લઈજાએ આજ ॥૧૦૬॥ ત્યારે અજીદ કહે ખુદા કરેતો સહી : જબ મેરે હાથ પાદશાહી આવે તહી ॥૧૦૭॥ પેહેલા હુસેનને મારૂંતો ખરા : અજીદે ઐસા દલમેં ધર્યા ॥૧૦૮॥ પછી જેનબકુ મેરે ઘર રખુ સહી : એસી ચોટ અજીદકુ લાગી તહી ॥૧૦૯॥ એમ કરતાં કંઈ થયા છે દંન : પછી માવીઆનું આવ્યું મરણ ॥૧૧૦॥ ત્યારે અજીદને સીખામણ દેવા લાગ્યો તે વાર : અરે પુત હસન હુસેનથી રાખજે પ્યાર ॥૧૧૧॥ ઈનસે બેશક્તી ના કીજીઓ તમ : પાદશાહી મુલક દીયાહે હંમ ॥૧૧૨॥ ઈનકે નાંના સબકે સરદાર : ઉનકુ મોં દીખાણા પડેગા ત્યાર ॥૧૧૩॥ ઉસ દંન શરમ જાદે હોવેંગી તહી : માવીએને એસી સીખાંમણ દીતી તહી ॥૧૧૪॥ પણ અજીદકે મનમેં ના ઉતરી બાત : મેં હુસેનસે કરૂંગા ઘાત ॥૧૧૫॥ માવીઆ એસી સીખાંમણ દેકર મુવા : પાદશાહી મુલક અજીદકુ હુવા ॥૧૧૬॥ બીજી ઓરત અજીદને દીઠી ના ગમે : એને જેનબની ચોટ લાગી તે સમે ॥૧૧૭॥ ભાઈ આગળ યુધ્ધ થયાં છે સ્ત્રીને કાજ : માટે સ્ત્રી આગળ લાજરાખે મહારાજ ॥૧૧૮॥ કહે ***બુદરદીન*** વાત સવાઈ : વળી અજીદની વાત આગળ કથીશું ભાઈ ॥૧૧૯॥ કુલ પટોરાં ૨૩૬૧ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૩૫ મું :

(ચોપાઈની વાંણ છે :)

અજીદે તેવડ કરવા માંડી : હુસેનને કેમ મારીએ : એવો અંદેશો દલમાં ઘરે છે : લડીએ તો એથી હારીએ ॥૧॥ જ્યાં સુધી મોટાભાઈ એના : હસનઅલી જીવે સહી : તે આગળતો યુધ્ધના થાએ : હુસેનઅલી મરે નહી ॥૨॥ હસનઅલીતો કેવા બળીઆ : જેવા અલીશાહા આપ હે : અજીદથીતો બળ ના ચાલે : હસનનો એવો તાપ છે ॥૩॥ ત્યારે અજીદે તેવડ માંડી : પહેલે હસનને મારીએ : પછી તો હુસેનની તેવડ : ત્યારે તો ના હારીએ ॥૪॥ હસનથી બાંધી ના જાય : કાંઈ છળ ભેદ કરીને મારીએ : અજીદે તે તેવડ માંડી : પરથમ એને કહાડીએ ॥૫॥ અજીદે તો ઝેર મોકલાવ્યું : હસનઅલી જાણે નહી : ખાધું ત્યારે જાણીયું રે : પેલો શીશો જોયો ત્યાં જઈ ॥૬॥ તે શીશામધે માટી હુતી : કરબલા જંગલની : તે માટી જ્યારે લીલી થાએ : એ નીસાંની મોતની ॥૭॥ તે માટી લીલી ના થઈ : હસન અલીતો ત્યાં ગયા : નબીની કબરે વળગ્યા : ઝેર સબ ઉતરીગયાં ॥૮॥ એવી તરેહ તો ઝેર દીધું : ખટવાર તો તે સમે : જઈ નબીની કબરે વળગે : ઝેરતો ભમતું ભમે ॥૯॥ ત્યારે અજીદ તો થાકીયો રે : ઝેરતો લાગે નહી : એને મદીનેથી કહાડીએ તો : ત્યારે કાંઈ ફાવે સહી ॥૧૦॥ નબીની કબરે વળગે : ત્યાં સુધી ઝેર લાગે નહી : તે માટે અહિંથી કાહાડીએ : તે તેવડ કીધી ત્યાં સહી ॥૧૧॥ પછી તો ગામ કુંફા માંહે : ફોજો મોકલે ત્યાં સહી : બુમ પડાવી હાક પાડે : તે હસનઅલી સુણે તહી ॥૧૨॥ હસનઅલી પોતે ચડી : કુંફા માંહે આવીઆ : ફોજો આવે તેને મારી કહાડે : એકે વાતે ના ફાવીઆ ॥૧૩॥ રોજ ફોજો આવે સહી : હસનઅલીતો ત્યાં રહ્યા : ત્યારે અજીદ તો થાકીયો રે : હસન માર્યા ના ગયા ॥૧૪॥ પછી અજીદે શું કર્યું : મીજલસ મેળીતે સમે : તબાક બીડાં પાન કેરાં : લાવીને તે ત્યાં ધરે ॥૧૫॥ એવો છે

કોઈ મરદ મોટો : હસનને મારે સહી : તે ઉપાડે પાનનું બીડું : મીજલસી કોઈ બોલ્યા નહી ॥૧૬॥ એક રાંડકુટણી મકરજાંની : બીડું તેણે ઉપાડીયું : હસનને જઈ હું જ મારૂં : એવું તેણે ધારીયું ॥૧૭॥ એ રાંડકુટણી કેવી છે રે : કંઈક ઘર ઉજ્જડ તેણે કર્યાં : કંઈક ઘર તેણે વાસીઆં રે : માલ જણસ સૌનાં હર્યાં ॥૧૮॥ એવી કુટણી રાંડ ડાકણી : બીડું તેણે ઉપાડીયું : હસનઅલીને હું જ મારૂં : તે સહી મનમાં ધારીયું ॥૧૯॥ પછી અજીદે શું કર્યું રે : જણસનો ડબો એક આપીઓ : તે લાખ ટકાનું મુલ્ય કહીએ : કુટણીને ત્યાં સોંપીઓ ॥૨૦॥ વળી બીજી નગદી આપી : તે રાંડે ત્યાં શું કર્યું : વળી કેટલીક વસ્તુ લીધી : કનારી ગોટા ત્યાં સુધી ॥૨૧॥ કપડાં લીધાં સોગાત સારી : ફળ ફળાદી લાવી ધરી : સર્વે લઈ રાંડ ઘેર આવી : જણસ કપડાં જરજરી ॥૨૨॥ ઘેર આવી અંદેસો માંડ્યો : હસનને કેમ મારીએ : એ કામ જો ના થાએ તો : અજીદ આગળ હારીએ ॥૨૩॥ એવો અંદેસો દલ ધરે છે : ફરમાન જે ખુદા તણું : જબરાઈલને કહે છે પોતે : એક વાત સુણો આક્ષણે ॥૨૪॥ જબરાઈલ કહે ઈઆઈલાહી : ક્યા ફરમાન હે આપકા : ખુદકાર બોલે જાવો જબરાઈલ : બોલ એ સંતાપકા ॥૨૫॥ હસનકુ તો દુનીયાં કેરા : ઝેરકામ આવે નહી : મેરે હજુરકા ઝેર લેકર : જાઓતો તબી મરે ॥૨૬॥ પછી જબરાઈલ ઝેર લેઈ : નવટાંક લેઈને આવીયા : વૈદ કેરો વેષ લીધો : દુનીયાંમાં તે ભાવીયા ॥૨૭॥ પોકાર કરતા ફરતા : પેલીકુટણી પાસે ત્યાં ગયા : તે રાંડે ત્યાં હાંક મારી : જબરાઈલ ઉભા રહ્યા ॥૨૮॥ તે રાંડ કુટણી પુછવા લાગી : ભાઈ તબીબ સુણીએ સહી : કુછ એસી દારૂ હે તમ પાસે : ખાધે જે મરે તહી ॥૨૯॥ ત્યારે તબીબતો બોલીયા : એક દારૂ તું જે દેઉ : આદમી ખાવે મરજાવે : એસી બાતો મૈ કહું ॥૩૦॥ ત્યારે કુટણી બોલી એવું એ દારૂ મુજકુ દીજીએ : ત્યારે તબીબે ઝેર આપ્યું : હવે મનનું માન્યું કીજીએ ॥૩૧॥ ત્યાં તબીબે શું કર્યું : પારખું તેનું દેખાડીયું : તે ઢેફા માંહે સોય તુબાઈ : એવું પારખું કાહાડીયું ॥૩૨॥ તે સોઈ લેઈ ઝાડમધે :

 ડોસી ચાલી તે સમે : પાનડાળાં ખરી પડીઆં : સુકાઈને ભમતું ભમે ॥૩૩॥ પછી કુટણીએ માંગીયું : ભાઈ તબીબ દારૂ એ દીજીએ : જે માગે સો દેઉ તુજકું : એ કહ્યા હમારા કીજીએ ॥૩૪॥ ત્યારે તબીબે ઝેર આપ્યું : રાંડ કુટણીને તે સહી : કુટણી ઘરમાં લેવા ગઈ છે : જબરાઈલ જાતા રહ્યા ॥૩૫॥ જો દુનીયાં કેરા તબીબ હોવે : કુછ લેણે કુ રહેવે સહી : આતો ખુદાકા ફીરસ્તા થા : ઉડ કર જાતા તહીં ॥૩૬॥ વે રાંડ ઘરસે બહાર આઈ : તબીબતો દેખ્યા નહી : પછી રાંડકુટણીએ શું કર્યું રે : એક ઊંટતો લીધું તહી ॥૩૭॥ તે ઊંટ લેઈને શું કર્યું : પેલાં જણસ કપડાં લાદીયાં : ખાવું પીવું સર્વે સાથે : રાંડે સર્વે બાંધીઆં ॥૩૮॥ ત્યાં થકી અસવાર થઈને : કુંફામાં આવી સહી : હસન ગયા હતા શીકાર રમવા : સુની જગ્યા દીઠી તહી ॥૩૯॥ હસનઅલીની ઓરત ઘરમાં : બેટા બેટી ત્યાં તહી : બેટાનું તો નામ કાસમ : બેટીનું નામ ફાતમા સહી ॥૪૦॥ બેટા બેટી ઘરમાં બેઠાં : એવે રાંડકુટણી આવી તહી : હસનઅલીને ઘેર ઉતરી : ઊંટ બેસાડ્યું ત્યાં સહી ॥૪૧॥ ડેલી આગળ ઊંટ બેઠુ : પોતે તો ઘરમાં ગઈ : હસનઅલીની ઓરતે પુછ્યું : કોણ તું આવી અહીં ॥૪૨॥ રાંડકુટણી બોલી એવું : મેરા ઘર મદીના શહેરમાં : મેરી બેટી મુઈ હેસો : જાતી મદીના ઘેર મૈ ॥૪૩॥ તબ હસનઅલીની ઓરતને : મદીને કા નામ સુણા : તબ ઈસેતો બેઠણ દીતી : પટદેવા લાગી ઘણા ॥૪૪॥ વાતો કરતાં ડોસી રાંડે : ડબો જણસનો કહાડીયો : કપડાં કહાડી સર્વે દેખાડ્યા : ટકો પૈસો નજરે પાડીઓ ॥૪૫॥ ત્યારે હસનઅલીની ઓરતે પુછ્યું : તમ એ જરીઆંનકું ક્યા કરો : બેટી તુમારી મુઈ હે સો : કીસીકે આગે લેકર ધરો ॥૪૬॥ ત્યારે કુટણીરાંડ બોલી : તુ આજથી બેટી સહી : મેં અમ્માતો તેરી હું રે : મેરી બેટી વે મર ગઈ ॥૪૭॥ અબ મેં તો કહાં જાઉ : દો કામ તેરા આંહીં કરૂં : તેરે પાસમેં રહા ચાહું : જો કહે મોં આગળ ધરૂં ॥૪૮॥ તેરા બેટા બેટી મૈ રખું : એ ઝરીઆંન તો તુઝે દીયા : એ કપડે પેહેનો સારે : એ ડોસીને ઐસા કહા ॥૪૯॥ પછી હસનઅલીની

ઓરત ને : જણસ કપડે પહેને સહી : પહેનકર સબ નીકાલ ડાલે : ઓરતતો ધ્રુજે સહી ॥૫૦॥ અરે અમાજી કેમ પહેનું : મેરા મરદ આવે સહી : વે કૈસા સેરકા બચડા : મેરા સીર કાટે તહી ॥૫૧॥ તબ રાંડ બોલી સુનો બેટી : એક મંતર મેરે પાસ હે : સોહી પઢકર ફુંક મારૂં : તેરા ધણી તેરા દાસ હે ॥૫૨॥ અરે બેટી કપડે પહેનો : જણસ સબ પહેનો સહી : કપડે જણસ સબ પહેના : ઓરતને તો ત્યાં તહી ॥૫૩॥ સીર ચોટી કંગાઈ ડોસી કરે : તબ બેટા બેટીને પુછીઆ : અમાજી એ ડોસી કોણ હે : એ કપડે જણસ કહાંસે કીયા ॥૫૪॥ ત્યારે ડોસીએ શું કર્યું : બેટા બેટી ના હાથમાં : મેવા બદામો અખરોટ પીસ્તાં : ગોદ ભરી બીડ્યાં બાથમાં ॥૫૫॥ ડોસી બોલી સુણો બેટા : મૈ તુમારી નાંની સહી : ગોદ ભરી સઉ આપીયું રે : બાળક ખુસી થયાં તહી ॥૫૬॥ બેટા કાસમ સાત વરસના : ફાતમાં વરસ પાંચ ની : નાના બાળક ખુસી થાય રે : વાત છે એ ઘાતની ॥૫૭॥ હસનઅલીની ઓરતને : ડોસી પુછે તે સમે : તારો ધણી જ્યારે બહારથી આવે : શું માગે છે તુજ કને ॥૫૮॥ ત્યારે હસનઅલીની ઓરત બોલી : જ્યારે બહારથી આવે સહી : પહેલ વહેલું એ પાણી માંગે : એ એમની તબીયત તહી ॥૫૯॥ પછી ડોસીએ શું કર્યું રે : કુંજો પાણીનો ત્યાં ભર્યો : નવટાંક ઝેર માંહે નાખ્યું : ઢાંકીને તે ત્યાં ધર્યો ॥૬૦॥ સુણો બેટી તેરા મરદકુ : એ પાણી તમ દીજીઓ : એવી મુસીબત અહિં થઈ છે : મેરા કહ્યા કીજીઓ ॥૬૧॥ હવે હસનઅલીની વાત સુણીએ : શીકાર રમવા તે ગયા : બપોરની ત્યાં વખત થઈ છે : સુરજ સીર પર આવીઆ ॥૬૨॥ ફરમાન રબકા એસા હુવા : હસનકુ તો પ્યાસ ને : બહોત જોર કીયા જંગલમેં : પાણીની તો પ્યાસ ને ॥૬૩॥ જીભ સુકી તાળવે વળગી : ગળે કાંટા પડીઆ તે તહી : પાણી પાણી કરતા ફરે : પણ પાણી તો જડે નહી ॥૬૪॥ ઘોડો દોડાવી પોતે ચાલ્યા : પાણી ઢુંઢે ત્યાં જઈ : સરવે જગા સોધીને વળીઆ : પાણી તો પાવે નહી ॥૬૫॥ કુવા વાવો તળાવ સર્વે : તે દિનતો સુકાઈ ગયાં : જ્યાં જુવે ત્યાં ખાલી દેખે : ભર્યાં તે ઠાલાં

થયાં ॥૬૬॥ હસન દલમાં કરે અંદેસો : શું નબીએ કહ્યું તું તે થયું : પુત હસન જબ મોત તેરી : ઉસ દિન આવે એ કહ્યું ॥૬૭॥ એંસી એંસી કોસ તહી : પાણી તમકું નહી મીલે : જ્યાં હસે ત્યાં સુકાઈ જાસે : કાંટા તો ગળે પડે ॥૬૮॥ ઈમાંમહસન ત્યારે બોલ્યા : નબીએ કહ્યુંતું તે થયું : આજતો તે વાત આવી : મોત મારૂં આવીયું ॥૬૯॥ પાણી કાજે ફાંફા મારે : પાણી કંઈ મલે નહી : કુવા તળાવે ધુળ ઉડે : એવી વાતો ત્યાં થઈ ॥૭૦॥ હસનઅલીએ ઘોડો ફેંક્યો : શહેરની તરફે આવીયા : જીભ સુકાઈ તાળવે વળગી : બોલ બોલ્યા ના ગયા ॥૭૧॥ પાણી તરસે તન કેરી : ખબર તો રહી નહી : ઘોડો દોડાવી ઘેર આવ્યા : પેલું ઊંટતો બેઠું તહી ॥૭૨॥ ઘોડો ઘેર આવીને ઉભો : હણ હણીઓ તે સમે : ઘરમાંતો માલમ થયું છે : હસન આવ્યા ડોસી ભમે ॥૭૩॥ ડોસી ડાકણી નાસવા લાગી : કોઠીમેં છપી ગઈ : બેટા બેટી સામા ગયા રે : બાપને મળવા તહી ॥૭૪॥ ત્યારે તે ત્યાં બોલીઆં : બાવાજી સુણીએ બાત એ : નાંની હમારી આઈ હે જો : હસને જાણ્યું ઘાત હે ॥૭૫॥ હસન અલી તો પાણી તરસે : અકળાયાતે બહુ સહી : દોડી પોતે ઘરમાં આવ્યા : ઓરતને દીઠી તહી ॥૭૬॥ જરીઆંન પહેરી કપડાં સારાં : પણ હસનની જીભ ના ઉપડે : તરસેતો તાલાવેલ થાય છે : તે સમે તે શું કરે ॥૭૭॥ પણ જીભતો ઉઠે નહી : આંખ દેખાડે પોતે સહી : ઈસારેથી પાણી માગ્યું : પેલો કુંજો તે આપ્યો તહી ॥૭૮॥ જેમાં નવટાંક ઝેર ઘોળ્યું : તે કુંજો ત્યાં આપીઓ : હસનઅલીએ મોંઢે માંડ્યો : ત્યારે જમી અસમાન કંપીયાં ॥૭૯॥ જમી અસમાંનના ફીરસ્તા સહી : અરદાસ કરવા લાગીઆ : પરવરદીગાર તું તારા નબીની : સમે બુઝાવા કેમ થયા ॥૮૦॥ ત્યારે ખુદકાર બોલ્યા સુણો ફીરસ્તો : મેં જાણું કોઈ જાણે નહી : તમ દેખો બેઠે બેઠે : હુવા ફરમાંન ત્યાં તહી ॥૮૧॥ હસનઅલીએ પાણી પીધું : એક ઘુંટડો ત્યાં સહી : કાળજામાં આગ લાગી : તોએ પાણી પીધું તહી ॥૮૨॥ તરસ લાગી જોર થી : તોય પાણી પીધું તહી : પાણી પીતે કાળજું ફાટ્યું : કકડા થયા બોતેર

સહી ॥૮૩॥ તખત ઉપર પડી ગયાને : અને સુધ તો રહી નહી : પેલી રાંડ ડોશી શું કરે રે : બહારતો નીકળી તહી ॥૮૪॥ હસનઅલીની ઓરત કેરો : હાથ ઝાલી નીસરી : બેટા બેટી વળગે માને : એને કોઈની ના પડી ॥૮૫॥ માજી હમારે બાવાજી કું : ક્યા હુવારે આજ અહીં : તખતપર તો ગીર પડે હે : તમ જાતે હો ક્યાં કહી ॥૮૬॥ ડોસી નીકળી બાળક દોડે : માનેતો વળગી રહે : પેલી રાંડ ડોસી ઝાટકી નાખે : તે બાળકતો રોતાં ફરે ॥૮૭॥ હસનઅલીની ઓરત ને : તે રાંડેચડાવી ઊંટ ઉપર : આપે ચઠી બેઠી પોતે : તે રાંડડોસલી ઊંટ ઉપર ॥૮૮॥ બેટા બેટીને મેલી કરીને : હસનની ઓરત નીસર્યાં : બાળક રોતાં આવ્યાં ત્યાંથી : બાપ પર આવી પડ્યાં ॥૮૯॥ હસનઅલી તો લોટે કૈવા : આકળ વીકળ બહુ થયા : કાળજામાંથી એક કકડો : મોંની વાટે નીકળી ગયો ॥૯૦॥ જાણે કબુતર ઝબેકર્યું છે : એવો કકડો નીસર્યો : કાળજું કપાય એ તરેહનું : એવો માર આવી પડ્યો ॥૯૧॥ કહે ***બુદરદીન*** વાત વસમી : લખ્યા લેખ ટળે નહી : પણ જનમ કાળે જે લખ્યું હતું : તે વાત તે અહિં થઈ ॥૯૨॥ કુલ પટોરાં ૨૪૫૩ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૩૬ મું :

(ગોરસની વાંણ છે :)

હસનઅલીના વીચક સુણીએ : ઝેર કેરા ત્યાંહે ॥૧॥ બેટાબેટી દોડ્યાં આવે : બાપ પાસે ત્યાંહે ॥૨॥ ત્યાંથી દોડ્યાં બહાર આવે : રૂવે તે અપાર ॥૩॥ ઘર મોટું ઢંઢેર કહીએ : બાળક બીએ ત્યાંહે ॥૪॥ બાવાજી બાવાજી કરતાં : પોકારે ઘર માંહે ॥૫॥ ફરમાંન હુવા ખુદજી કેરા : મદીનામાં ત્યાંહે ॥૬॥ હુસેન સુતા નીંદ કરે છે : સપનું દીઠું ત્યાંહે ॥૭॥ જાણે ઝગડો કાફર સાથે : થાયછે અપાર ॥૮॥ એક જણે તો ઝટકો નાખ્યો : હુસેનની ટુટી બાંહે ॥૯॥ પકડી બાંહે ઝબકી જાગ્યા : ઉઠી બેઠા ત્યાંહે ॥૧૦॥ :(આંચલી): *એવું સમણું લાધ્યું હુસેનને : તે કહ્યું નાંનીને ત્યાંહે જી* ॥૧॥ ઉમેકર સુમે

સાંભળીને : વાત કહી ઘર માંહેજી ॥૧૨॥ બાજુ તો ભાઈઓની કહીએ : ત્યારે સીસો જોઓ ત્યાંહે ॥૧॥ દેખે તો માટી લીલી થઈ છે : સર્વે રોવા લાગ્યાં ત્યાંહે ॥૨॥ એલેબેતની બીબીઓ સર્વે રોવે : કુટે છે અપાર ॥૩॥ હુસેન દોડો ભાઈ તમારા : મરણ પડીઆ ત્યાંહે ॥૪॥ મહંમદના ઘરની બાટ પડીરે : હવે સો કરવો ઉપાય ॥૫॥ હુસેન ઘોડે ચઢીને ચાલ્યા : કુંફા કેરી વાટ ॥૬॥ કુફાને મદીના વચ્ચે : એકવીસ દનની રાહ ॥૭॥ હુસેન તો વીમાંસે દલમાં : કેમ જવાસે ત્યાંહે ॥૮॥ ફરમાન હુવાં ખુદજી કેરાં : ફીરસ્તાને ત્યાંહે ॥૯॥ જમી કેરી રગો ખેંચી : હુસેનને પહોંચાડો વહેલા ॥૧૦॥ :(આંચલી): *એક ઘડીમાં કુફે આવ્યા : આવી પહોચ્યા હસનની પાસજી*॥૧॥ દરવાંને ઉઠી સલાંમ કીધી : ખુદ કહાંસે આયે તમ આજજી ॥૨॥ :૨૪: હુસેન પોતે દલમાં જાણે : ખુદાની એવી વાત ॥૧॥ ઘરભણી ઘોડો ચલાવ્યો : આવી ઉભા ત્યાંહે ॥૨॥ જુવે તો ભાઈનો ઘોડો : કેદ ઉભો છે જ્યાંહે ॥૩॥ હુસેન ઉતરી ઘરમાં આવ્યા : બાળક ટળવળે ત્યાંહે ॥૪॥ બાપ ઉપર પડી રહ્યાં છે : બાવા બાવા પોકારે ॥૫॥ હુસેન અલી પોતે જઈને : ભતરીજાને ત્યાંહે ॥૬॥ પોતાને હૈયે વળગાડ્યાં : ભતરીજાં વળગ્યાં બાંહે ॥૭॥ અરે ચીચાજી કહુ સો સુણીએ : હમારી જે માય ॥૮॥ એક ડોસી લેકર ગઈ હે : ક્યા જાણું જે ક્યાંહે ॥૯॥ હમારે બાવાકું ક્યા હોતા હે : ચીચાજી કહો આંહે ॥૧૦॥ :(આંચલી): *પછી હુસેને ભત્રીજાંને : ગળે લગાવ્યાં ત્યાંહેજી*॥૧॥ પુત આપણી વાટપાડી : એ કીને કીયાહે કામજી ॥૨॥ :૩૬: હુસેન ભાઈ પાસે બેઠા : મોં લુએ છે ત્યાંહે ॥૧॥ ભાઈની કમર થકીતો : તરકસ ખોલ્યું પોતે ॥૨॥ તલવાર ખાંધેથી ઉતારીને : ભાઈભાઈ પોકારે ॥૩॥ હસનઅલીએ બોલ સુણ્યા રે : હુસેન કેરા ત્યાંહે ॥૪॥ આંખો ખોલી જોયું હસને : હુસેન દીઠા જ્યાંહે ॥૫॥ હુસેન બાપ તમે જો આએ : ગળે વળગ્યા ત્યાંહે ॥૬॥ કુખો ફાટે રોવા લાગ્યા : હઈયું ફાટી જાએ ॥૭॥ જમીઅસમાંનના ફીરસ્તાતો : સર્વે રૂવે ત્યાંહે ॥૮॥ હસન તો ઓકારી ખાએ : કાળજુ ટુટે ઝાંહે ॥૯॥ કાળજાનો કકડો પડીઓ

: ભોય ઉપર ત્યાંહે ॥૧૦॥ :(આંચલી): *ભતરીજાં પુછે કાકાજીને : કયા હાલ હુઆહે બાપકા* ॥૧॥ ત્યારે હુસેને ભતરીજાંને : હઈએ વળગાડ્યાં તાંહેજી ॥૧૦॥ :૪૮: તે કાળજા કેરા કકડા કહીએ : હુસેન કરે એકઠાએ ॥૧॥ હસનને વળી સુધ આવે : ત્યારે નસીઅત કરે સોહી ॥૨॥ હુસેન તમકું કહેતા હું : કહ્યા માંનો આંહે ॥૩॥ મેરી બેટી ફાતમ કહીએ : તુમારે બેટે શું કરીઓ કાજ ॥૪॥ ભાઈહુસેન એ બેટીહે સો : નમાઈ હેંગી સોહી ॥૫॥ લાડ ઈસકે પુરે નહી પડે : કાસમ ફાતમ સોહી ॥૬॥ ગરીબ હુએ ઓર પ્યાર કરીઓ : તમ ચીચાહે સો બાપ ॥૭॥ ઈનકે સીરપર હાથ ફીરાઈઓ : એ નસીઅત મેરી સોહી ॥૮॥ ભાઈજી મેં તમકું કહું : માંનો સાચી બાત ॥૯॥ નાંના કેરી કબરના છોડો : કહેર આપણા પર હોએ ॥૧૦॥ :(આંચલી): *આપણા નાંનાને માગ લીઆહે : હેત કીયા સૌ કેરજી* ॥૧॥ આપણે પર કુછ આઈ પડેતો : નીસાંની રખી હે ઘેરજી ॥૨॥ ।૬૦। નસલ આપણી રહે સો કરીઓ : સૈયદો કેરી સોહે ॥૧॥ વાત કરતાં ઓકારી આવી : કાળજાનો કકડો ત્યાંહે ॥૨॥ બહાર કાઢીને નાખ્યો ધરતી એ : વળી હુસીયાર થયા ત્યાંહે ॥૩॥ વાત કરતાં એ તરેહ શું : કાળજાના કકડા ત્યાંહે ॥૪॥ બોતેર કકડા ત્યાં જઈ પડીઆ : ઝેર એવું હલાલ ॥૫॥ પછી હુસેને પૂછીયું રે : ભાઈજી કહોને મને વાત ॥૬॥ આ હાલે કોણે પહોચાડ્યા : ખુન પુછું તેને ॥૭॥ પછી હસનભાઈને કહે છે : સુણો હમારી બાત ॥૮॥ મરતી વખત ગીબત તેની : કેમ કરાવો મુજ પાસ ॥૯॥ હુસેન ભાઈ અમારા તમે : સાહેદ રહેજો ત્યાંહે ॥૧૦॥ :(આંચલી): *મને ઝેર દેવા વાળાને : પહેલે લેઈ જાવું ભિસ્ત જી* ॥૧॥ પછી ભીસ્તમાં અમે જઈએ : ખુદા એવી આપે મતજી ॥૨॥ ॥૭૨॥ હસનને તો તાલાવેલ, થાય છે અપાર ॥૧॥ એકવાર કલમો કહ્યો : બીજી વાર તે ત્યાંહે ॥૨॥ ત્રીજે કલમે જીવ દીધો છે : હુસેન રૂવે અપાર ॥૩॥ કરે પોકાર રૂવે અપાર : શહેર મલ્યુ સૌ ત્યાંહે ॥૪॥ લોક સર્વે કહેવા લાગ્યા : શું થયું રે આજ ॥૫॥ લશ્કરથી તો હમણાં આવ્યા : કોણે કીધી ઘાત ॥૬॥

હાલહાલ નવરાવ્યા ત્યાંતો : જનાજે ઘાલ્યા સોહી ॥૭॥ મદીને તો લઈ ચાલ્યા : તે વાત જાણી અજીદે ॥૮॥ પેલી ડોસીકુટણી જઈને : પહોચી અજીદ પાસે ત્યાંહે ॥૯॥ હસનની ઓરતને લેઈને : અજીદ પાસે જાએ ॥૧૦॥ :(આંચલી): *અજીદ પાસે લઇ ગઈ છે : ત્યારે અજીદ બોલ્યો વાતજી* ॥૧॥ એ ઓરત મારે કામ ના આવે : એના ધણીને કરી છે એણે ઘાતજી ॥૨॥ ॥૮૪॥ એને કાળે પાણીએ કાઢો : કોઈના કરસો વહાર ॥૧॥ જેણે ઘાત ઘણીસું કીધી : તે બીજાને તો મારે ॥૨॥ એ ઓરતને દુર દેસાવર : દરીઆ પાર ઉતારો ॥૩॥ ઈમાંમહસન જેવા ખાવંદ : તેની ના થઈ એહ ॥૪॥ તેનેતો કહાડી ને મેલી : તે પસ્તાઈ છે ત્યાંહે ॥૫॥ જનાજો મદીને ચાલ્યો : તેની શી થાએ પેર ॥૬॥ અજીદે તે વાત જાણી : બે સરદાર મોકલ્યા ત્યાંહે ॥૭॥ તે સરદારનું નામ કહીએ : ઉતબા કહીએ તેહ ॥૮॥ બીજાનું નામ વલીંદ કહીએ : તે સાથે અસવાર ॥૯॥ ઊઠ લાખતો ઘોડું સાથે : મદીને આવ્યા તેહ ॥૧૦॥ થાંણુ મોકલી કબજ કીધું : મદીના તો ત્યાંહે ॥૧૧॥ :(આંચલી): *વળી લડાઈ કેરો ઉપાય એતો : આપણું એતાં કામજી* ॥૧॥ હસનને મહંમદની પાસે : ના કરવા દેસો દફનજી ॥૨॥ ॥૯૭॥ અજીદે એવું કહી મોકલીયું : એવું કરજો કામ ॥૧॥ કદી જો હુસેન બોલે તો : એનો કરજો ઠાંમ ॥૨॥ ઉતબા વલીંદ મદીને આવ્યા : થાંણેદારતે ત્યાંહે ॥૩॥ બે દિન પછી તાબુત આવ્યું : હસન કેરૂ ત્યાંહે ॥૪॥ મહંમદને હજીરે આવ્યું : ત્યારે ઉતબા વલીંદ ત્યાંહે ॥૫॥ તૈયાર થઈને ત્યાં આવ્યો છે : કહે છે એવી વાત ॥૬॥ નબીના તો રોજા માંહે : નહી ઘરવા દઈએ આંહે ॥૭॥ ત્યાંતો ઝગડો થાવા લાગ્યો : હુસેન કહે મનમાંહે ॥૮॥ એ તાબુત ઉપર લડીજો મરીએ : એવું ધાર્યું ત્યાંહે ॥૯॥ મહંમદનો એક હુતો અસાબો : તેણે કહ્યું સોહે ॥૧૦॥ :(આંચલી): *હુસેનઅલીને કહ્યું સમજાવી : પગે પડ્યો તં વારજી* ॥૧॥ તેનું નામતો તાહેર તુલસી : તેણે કહી એક વાતજી ॥૨॥ ॥૧૦૯॥ હુસેનઅલી તમે વાત સુણો રે : હસન જેવા ભાઈ ॥૧॥ સોનાની સમે મેડી ઉપર :

મુકીએ જે ત્યાંહે ॥૨॥ તોય ત્યાં અજવાળું થાસે : તે મટી નહી જાએ ॥૩॥ સોનાની સમે ઝુંપડીમાં : મેલીએ જો ત્યાંહે ॥૪॥ તોય પણ અજવાળું થાસે : મટસે નહિં લગાર ॥૫॥ જ્યાં મુકો ત્યાં છે અજવાળું : લડસો નહી લગાર ॥૬॥ મહંમદના ઘરની નસલ તમે : એક રહ્યાછો દીવા ॥૭॥ તાહેર તુલસી એમ સમજાવે : હુસેનઅલીને ત્યાંહે ॥૮॥ પછી ઉસમાંન પાસે રાખીઆરે : હસનનું તાબુત ત્યાંહે ॥૯॥ જારત કરીને વળીઆ સર્વે : પોત પોતાને ઘેર ॥૧૦॥ :(આંચલી): *આલમુરતે મુમત મેલી : તમે ના મેલો નર નારજી*॥૧॥ મુમતે તો કારજ વણસે : તો જીવનું થાસે જાંનજી ॥૨॥ ॥૧૨૧॥ મુમત કરીને કામ કીધાં : તે શું સારૂં થાએ ॥૧॥ મુમતેતો સેતાંનના વારા : મુકામ ભેળે ત્યાંહે ॥૨॥ સેતાંન આવે ઘેરી લેસે : કબુધ્ધિ આવે ભાઈ ॥૩॥ જેણે મમતા મુકી ચાલ્યા : સ્વર્ગે હુઈ વધાઈ ॥૪॥ અદાવત તો કહાડી મહેલે : અને ગોરની રાખે સગાઈ ॥૫॥ ગોર ફરમાંને કહે તે ચાલે : જુઠ ના બોલે વાંણી ॥૬॥ તેને દોજગ દુર કરે છે : હોજકોસરનાં આવે પાણી ॥૭॥ આખર વેળા તેને કાજે : લોક જાણે અજાણી ॥૮॥ નવરાવવા જનાજે ઘાલે : પાણીમાં પાણી નાખે ॥૯॥ હકની કમાઈએ ચાલે : જે કહેતે સાંખે ॥૧૦॥ :(આંચલી): *સાંખ્યાના તો ગુણ મોટા : અવગુણના ગુણકરી ચાલીએ* ॥૧॥ બોલ્યા ***બુદ્દરદીન*** ગુણવંતી : ગુણ છે ગંભીર જી ॥૨॥ ॥૧૩૩॥ કુલ પટોરાં : ૨૫૮૬:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૩૭મું છે :

(સતગોર કહે છે રે વારતા : તે વાંણ છે :)

એવા મધે રે શું થયું : કાગળ આવ્યો રે જે : કુફાકેરા કાસદ છે : તેણે આપ્યો રે તે :(આંચલી): *વાતો સુણીએ ઈમાંમની* ॥૧॥ આપે મનમાંરે વાંચીઓ : વાંચી રાખ્યું મનમાંહે : હવે કોને રે મોકલું : ઈમાંમ જોઈએ રે ત્યાંહે : *વાતો સુણીએ ઈમામની*॥૨॥ ઈમાંમ હુસેને ધારીયું : કર્યો મનમાં વીચાર : વકટી હવે આવી પડી : મનથી ધારૂં રે એહ

: વાતો સુણીએ ઈમાંમની ।।૩।। ભાઈ આપણા મુસલીમ છે : ભણ્યા ગણ્યારે અપાર : તેતો સૌ ને સમજાવસે : જમાત કરસે તૈયાર : *વાતો સુણીએ ઈમામની* ।।૪।। અજીદ દાવેરે લાગ્યો : પુઠે લાગ્યો રે તેહ : તેમાં વાત બીજી થઈ : કુફા કેરીરે જે : *વાતો સુણીએ ઈમામની* ।।૫।। બોલ્યા **બુદ્દરદીન** સાંભળો : મુસલીમ કેરી રે વાત : તેમણે દુખ કેવાં સહ્યાં : એતો દુખ અઘાત : *વાતો સુણીએ ઈમામની* ।।૬।। કુલ પટોરાં : ૨૫૯૨:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૩૮મું :

(ચોપાઈની વાંણ છે :)

મુસલીમ અકીલની સાંભળો : ઈમાંમહુસેનના ભાઈ : કાકા તણા તે બેટા કહીએ : જુવો તેમની સગાઈ ।।૧।। ભાઈ તણા તેણે કહ્યાં કીધાં : જીવ કર્યા કુરબાન : સાચા જાણી જીવ આપ્યા : એવાં રાખ્યાં ઈમાંન ।।૨।। ગાંમ કુફાત્યાં જો કહીએ : ત્યાંની જે જમાત : ઈમાંમ વિના એકલી : તે કોઈને નહી હાથ ।।૩।। ઈમાંમહુસેનને લખી મોકલે : કાગળ આવે નીત નીત : અમારે ઈમાંમ જોઈએ : જો તમે આવો સત ।।૪।। એવા કાગળ તો બહુ આવીઆ : તે કહ્યા નવ જાય : ત્યારે ઈમાંમહુસેને વિચાર કીધો : હવે મોકલીએ સતભાઈ ।।૫।। ત્યારે પોતે કાગળ લખીઓ : તમે લખ્યું તે સત : તમારા કાગળ હમને પહોચ્યા : હવે કરૂ તેની મસલત ।।૬।। મસલત કરીને મોકલું : અમારા ભાઈ મુસલીમ જે : ભણ્યા ગણ્યાતે ભાઈ મારા : તેને હુકમે ચાલો તે ।।૭।। તેને હુકમે તમે ચાલસો તો : અમો આવીશું તમારે ત્યાંય : ભાઈ અમારા લખી મોકલસે : તો જીવ અમારો પતીઆર ।।૮।। તેને જે જેવું હેત દેખાડો : તેવું લખસો અમને અહિં : ત્યારે અમેત્યાં આવીશું એવો કાગળ લખીયો ત્યાંય ।।૯।। એવો કાગળ ત્યાં મોકલ્યો : પહોંચ્યો તેનો જવાબ ત્યાંથી આવ્યા તેડવા માણસ તે સાખીયાત ।।૧૦।। તેની સાથે તૈયાર કીધા : મુસલીમ પોતાના ભાઈ : વીદાય કીધા વારૂ થયે : તો લખજો અમને

સજાઈ ॥૧૧॥ ગામ ચાલતાં સુકન થયા : તે સુણો તેના વીચાર : જમણી તરફથી એક શીકારી આવ્યો : એક હરણ ઘેર્યું તે વાર ॥૧૨॥ તેને પકડી મારીયું : લોહી દીઠું તે વાર : માંન સુકનથી પાછા ફરીયા : ભાઈ પાસે આવ્યા ત્યારે ॥૧૩॥ ત્યારે ભાઈ એ પુછીયું : ઈમાંમહુસેને ત્યાં : શા કારણ તમે આવીઆ : કેમ પાછા આવ્યા આંહે ॥૧૪॥ ત્યારે મુસલીમ બોલીઆ : અમે તેના કહુ વીચાર : રસ્તામાં હરણ માર્યું દીઠું : તે અપસુકન તે સાર ॥૧૫॥ ત્યારે ઈમાંમહુસેન તે બોલીઆ : તમે મોતથી ડરોછો સહી : તમને જાવું ના હોય તો : અમે બીજાને મોકલીએ તહી ॥૧૬॥ ત્યારે મુસલીમ બોલીઆ : જાવું મારે જરૂર : તમ પરજીવ કુરબાન કીધો : હુંતો હાજરાહજુર ॥૧૭॥ પણ મારા દલમાં એવું આવ્યું : ફરી નહી મળીએ ભાઈ : તે જાણી મળવા આવ્યો : છેલે છેલ્લો અહી ॥૧૮॥ દેદાર કરી વીદાય થયા : મુસલીમ રોતા જાય : ત્યારે લોક બોલી એવી બોલે : એ બીએ મોતથી અહીં ॥૧૯॥ ત્યારે મુસલીમે જવાબ દીધો : મને ડર નહી મોતનો આંહી : ઈમાંમહુસેનની જુદાઈમાં : તેહું રોઉ છું દલમાંહે ॥૨૦॥ ત્યારે મક્કેથી મદીને આવીઆ : રાતે ગયા શહેરને માંહે : હજરત કેરા રોજામાં જઈને : જારતનો દુઆઓ પઢીયા ત્યાંહે ॥૨૧॥ પછી પોતાને ઘેર ચાલીયા : થયા આસુદાએ : પછી પોતે નીસર્યા : બે બેટાને લઈને તે ॥૨૨॥ બે બેટા નાંના બાળક કહીએ : તેને હેત મહોબત અપાર : તે કારણ તે સાથે લીધા : સુણો તેના વીસ્તાર ॥૨૩॥ બાકી કબીલાને મદીને મેલ્યો : પોતે થયા વિદાય : બે ભોમીઆ સાથે લીધા : તે આગળ ચાલ્યા જાય ॥૨૪॥ નજીક રાહ જાણી ચાલીયા : જંગલ કેરી વાટ : કુફે વહેલા જઈ પહોંચીએ : એવું દલ વીસે સાખીઆત ॥૨૫॥ જાતાંજાતાં ભુલા પડીઆ : લાગી પાણીની પ્યાસ : તરસેતો તાળવે જીભ ચોટે : થયા પાણીથી નીરાસ ॥૨૬॥ કહે ***બુદ્દરદીન*** વેદમાં : કરમે લખીયા જે : ટાળ્યા તેતો ટળે નહી : ભોગવવાં તેનાં તે ॥૨૭॥ કુલ પટોરાં : ૨૬૧૯ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૩૯ મું :

(એક દહાડાને તેસમે : મહંમદ બેઠા ખુસાલીજી રે : તે વાંણ છે :)

પાણીની તરસ અતી ઘણી : જણ પાંચેને ત્યાંહેજીરે ॥૧॥ મુસલીમ દલમાં કંપીયા : પાણી વિનાતે ત્યાં જીરે ॥૨॥ પાણીવીના બે ભોમીઆ : તેતો મુવા તે વારજી રે ॥૩॥ પાણી વિના બે બાળકો : મુસલીમ રોતા જાયજી રે ॥૪॥ જેમતેમ કરતાં આવી મળ્યા : પાણીની તેડે જીરે ॥૫॥ ત્યાં ધર્મશાળા મુકતારની : ત્યાં જઈને ઉતરીઆ જીરે ॥૬॥ કુફાના લોકને જાણ થઈ : સાંમા આવ્યાતે વારજી રે ॥૭॥ સર્વે એકઠા ત્યાં થયા : પછી મુસલીમ બોલ્યાજી રે ॥૮॥ કાગળ જે હુસેન ઈમાંમનો : વાંચી દેખાડ્યો ત્યાંહે જી રે ॥૯॥ સર્વે જમાતે સાંભળ્યું : ખુસી થયાતે વારજી રે ॥૧૦॥ હેતેં પ્રીતે સર્વે મળ્યા : રાજી જો થાયજી રે ॥૧૧॥ મુસલીમની ચાકરી બહુ કરી : બહુ હેત દેખાડે જી રે ॥૧૨॥ જમાત વાધી અતી ઘણી : મનમાં આનંદના માયજી રે ॥૧૩॥ ત્યારે મુસલીમે કાગળ મોકલ્યો : ઈમાંમહુસેનને ત્યાંહેજી રે ॥૧૪॥ જમાત કુફાની તે સહી : તમ પર રાખે છે હેતજી રે ॥૧૫॥ તમ પર ચહાવો બહુ કરે : તમ પરહેત ઘણેરૂ જીરે ॥૧૬॥ કોલ આપ્યો છે તેમણે : માણસ અઢારહજાર જીરે ॥૧૭॥ ખુસબખતી તો સારી થઈ : વળી તમ આવે ઘણેરી જીરે ॥૧૮॥ જ્યારે આવે તમારા મનમાં : ત્યારે કરજો પ્રયાણ જી રે ॥૧૯॥ વળી વાત શી નીપની : ગાંમ કેરો હાકમ જીરે ॥૨૦॥ નામાન બસીર તેનું નામ છે : અજીદ કેરો તેહજી રે ॥૨૧॥ મુસલીમની વાતો જાણી તેણે : તે આવ્યો મસીદની માંહે જીરે ॥૨૨॥ મીમર પર ચડીને પોકારીઓ : લોક કુફાના સુણજો જીરે ॥૨૩॥ તમે નથી બીતારે અજીદથી : કાલે જાણ સો વાતજીરે ॥૨૪॥ તમે તમારૂં તપાસ જો : વાંક મારો ના કાઢોજીરે ॥૨૫॥ અમે લડાઈ નથી રે ઉપાડતા : માટે મુકો ફીસાદજી રે ॥૨૬॥ તમે હંગામો મુકો રે મનથકી : માથે ક્યાં લો છો ભારજીરે ॥૨૭॥ ગુનો તમારો અમે બકસીએ : નહીતો તલવાર ખેંચું જીરે ॥૨૮॥ મારીને અમે મરીશું

: નામાન એ રીતે કહે છે જીરે ॥૨૯॥ એમ લોકોને બીવરાવતો : પછી ઉતર્યો મીમરથીજીરે ॥૩૦॥ એમ કરીને તે ઘેર ગયો : નામાન બસીરતે ત્યાંહે જીરે ॥૩૧॥ અજીદના જાસુસ ત્યાં હતા : તેણે જાણી તે વાત જીરે ॥૩૨॥ તેણે કુફેથી કાગળ મોકલ્યો : અજીદને ત્યાંહે જીરે ॥૩૩॥ કુફામાં કારણ નીપજ્યું : મુસલીમ આવ્યા છે આંહી જીરે ॥૩૪॥ કુફાના લોક એમને મળ્યા : ભારે કીધી જમાત જીરે ॥૩૫॥ હુસેનને તાબે સર્વે થયા : કોલ દીધા કરારી જીરે ॥૩૬॥ નામાનબસીરનું ચાલે નહી : સર્વે ફર્યા છેત્યાંહે જીરે ॥૩૭॥ જો તમારે દરકાર કુફાતણી : કોઈને મોકલો આંહી જીરે ॥૩૮॥ કોઈ મરદ જોરાવર મોકલસો : ત્યારે કુફા રહેસે હાથ જીરે ॥૩૯॥ કુફાનો હાકમ બીજો મોકલો : તે જે દુશમનને મારે જીરે ॥૪૦॥ એવો કાગળ લખી મોકલ્યો : અજીદને ત્યાંહે જીરે ॥૪૧॥ તે કાગળ અજીદે વાંચીઓ : સર્વે થયું છે જાણ જીરે ॥૪૨॥ વજીર અજીદનો જે કહીએ : તેને પુછીછે વાત જીરે ॥૪૩॥ સરજનરૂમી નામ છે : વજીરનું તાહે જીરે ॥૪૪॥ તેની સાથે મસલત કરી : તેને કહી સર્વે વાત જીરે ॥૪૫॥ કુંફાનો હેવાલ જાહેર કરો : તેને કીધો વીચાર જીરે ॥૪૬॥ અબદુલા જાહેદ આપણો : તેતો કરસે તે કામ જીરે ॥૪૭॥ શેહર બસરાની હાકમી : કરે અબદુલા રાજ જીરે ॥૪૮॥ તે કાગળ લખી મોકલ્યો : અજીદે ત્યાંહે જીરે ॥૪૯॥ કુંફાનું ફરમાન મોકલ્યું : ત્યાંનો હાકમ તુંએ જીરે ॥૫૦॥ એવું કહાવી ત્યાં મોકલ્યું : અબદુલાને ત્યાં જીરે ॥૫૧॥ તમારો નાયબ તમે મુકજો : શહેર બસરાને માંહે જીરે ॥૫૨॥ તમે કુફામાં જઈને જેરકરો : એની ફીસાદ મીટાવો જીરે ॥૫૩॥ એ વાત અજીદે કબુલ કરી : સરજનરૂમીની ત્યાંહે જીરે ॥૫૪॥ એવો કાગળ લખી મોકલ્યો : અબદુલાને ત્યાંહે જીરે ॥૫૫॥ મુસલીમ આવ્યા કુંફાભણી : હુસેનને કાજ જીરે ॥૫૬॥ સહુના કોલ સાબુદ કરે : મુસલીમ અકીલજ ત્યાંહે જીરે ॥૫૭॥ તે માટે કુફે જઈ પહોંચો : મુસલીમને બોલાવો જીરે ॥૫૮॥ તમને હાકમ ત્યાંના કર્યા : ત્યાંનું આપ્યું છે રાજ જીરે ॥૫૯॥

મુસલીમને કતલ કરી : માથું મોકલજો આંહે જીરે ॥૬૦॥ ત્યારે હું તુંજને કબુલકરૂં : લખ્યું તે આપુ જીરે ॥૬૧॥ એ કામ કરજો ઉતાવળું : તમે ઢીલ ના કરશો જીરે ॥૬૨॥ જ્યારે કાગળ પહોચ્યો બસરાભણી : અબદુલાને ત્યાંહે જીરે ॥૬૩॥ અબદુલા ખુસી બહુ થયો : સામાન જવાનો કીધો જીરે ॥૬૪॥ કુફાભણી નજર થઈ : મનમાં હરખ અપાર જીરે ॥૬૫॥ એવા મધે ત્યાં શું થયું : તેણે સુણ્યો વીચાર જીરે ॥૬૬॥ અબદુલા જાહેદે એવું સાંભળ્યું : ખત ઈમાંમ હુસેનનાં જીરે ॥૬૭॥ બસરાની જે સરદાર છે તેને લખીયું ઈમાંમે જીરે ॥૬૮॥ ગુલાંમ ઈમાંમ હુસેનનો : સલેમાન તેનું છે નામ જીરે ॥૬૯॥ તે સાથે કાગળ મોકલ્યો : શહેર બસરાને માહે જીરે ॥૭૦॥ તે કાગળમાં એવું લખ્યું : અમને સાચા જો જાણો જીરે ॥૭૧॥ તો તમે કુફે આવજો : જો તમે હકપીછાંણો જીરે ॥૭૨॥ સીધી રાહમાં આવી સરદો કરો : વાંકા મારગ મહેલો જીરે ॥૭૩॥ અમે કુફાભણી સધારી શું : તમેત્યાં આવીને મલજો જીરે ॥૭૪॥ દોસ્ત [illegible]યતો આવજો : અમને સાચા પરમાણી જીરે ॥૭૫॥ એ ખબર અબદુલા જાહેદને : પહોંચી તે વેળાં ત્યાંહે જીરે ॥૭૬॥ આદમી મોકલ્યા કાસદ ભણી : સલેમાંનને ત્યાંહે જીરે ॥૭૭॥ સુલેમાંન આવી હાજર થયા : તેને પુછી છે વાત જીરે ॥૭૮॥ કહો કોના તે નામનો : કાગળ જે લાવ્યા જીરે ॥૭૯॥ તે કાગળ અમને આપીએ : નહીતો પસ્તાવો ખાસો જીરે ॥૮૦॥ સલેમાંને જાણ્યું છુપાવીએ : તેની વગ ના દીઠી જીરે ॥૮૧॥ તે કાગળ હુસેન ઈમાંમનો : તેતો ખુંચીને લીધો જીરે ॥૮૨॥ તે કાગળ અબદુલા જાહેદે : વાંચીને જોયો જીરે ॥૮૩॥ તે સરદારોને તેડાવીઆ : તેતો આવ્યા છે ત્યાંહે જીરે ॥૮૪॥ તેને દબાવા બહુકરી : મને ઓછો ના જાણો જીરે ॥૮૫॥ જુલમ થાસે તમ ઉપર : એવું જાણજો આજ જીરે ॥૮૬॥ કુફાના હાકમ અમે થયા : અજીદે લખીયું ફરમાન જીરે ॥૮૭॥ તે માટે અમે કુફાભણી : જઈએ છે સાચ જીરે ॥૮૮॥ મુસલીમને પકડીએ : કતલ કરૂ તેવેળા જીરે ॥૮૯॥ ઈમાંમ હુસેનના દોસ્તને : પકડીને મારૂં જીરે ॥૯૦॥

કાલે અમે કુફાભણી : અમે થઈએ વીદાય જીરે ॥૯૧॥ મારા ભાઈને મુકી જાઉ છું : તેના કહ્યામાં રહેજો જીરે ॥૯૨॥ જો કહ્યું તેનું તમે નહી કરો : તો હું તેને જો મારૂં જીરે ॥૯૩॥ વળી ઘર બાર તેનાં લુંટીને : તેને ગરદન મારૂં જીરે ॥૯૪॥ એવા સુકન સર્વે સુણ્યા : લોક સર્વે જો ધ્રુજે જીરે ॥૯૫॥ બસરા કેરા લોક બહુબીએ : જુલમ કરે અપાર જીરે ॥૯૬॥ સલેમાંન કાસદને મારીયા : અબદુલાએ ત્યાં જીરે ॥૯૭॥ જે સરદારોનાં નામ લખ્યાં : ઈમાંમ હુસેને ત્યાંહે જીરે ॥૯૮॥ તે સરદારોને સાથે કર્યા : કુફેલઈ ચાલ્યો જીરે ॥૯૯॥ અબદુલા જાહેદ ચાલીઓ : કુફાભણી ત્યાંહે જીરે ॥૧૦૦॥ જ્યારે કુફાની પાસે જઈ પહોચ્યો : ત્યાંતો શું કીધો ઉપાય જીરે ॥૧૦૧॥ છ ઘડી રાત પહેલી ગઈ : ત્યારે કીધું છે પ્રયાણ જીરે ॥૧૦૨॥ જંગલની વાટે ચાલીઓ : શહેર કુફાને માંહે જીરે ॥૧૦૩॥ કાળાં તે વસ્તર પહેરીઆં : માથે કાળી ચાદર ઓઢી જીરે ॥૧૦૪॥ રાત ચાંદરણી જગમગે : આવ્યો કુફામાંહે જીરે ॥૧૦૫॥ આગળ લોક સર્વે જાણતા : આવ્યા હુસેનઈમાંમ જીરે ॥૧૦૬॥ તેથી સૌએ એમ જાણીયું : એતો હુસેનઈમાંમ જીરે ॥૧૦૭॥ ફોજ દેખી સર્વે આવીયા : મલવાને કાજ જીરે ॥૧૦૮॥ ટોળે ટોળાં આવતાં : દેખે અબદુલા ત્યાંહે જીરે ॥૧૦૯॥ લોક સફાઅત બહુ કરે : ભલે આવ્યા ઈમાંમ જીરે ॥૧૧૦॥ સલાંમ કરેતે પાછી વાળે : અબદુલા ત્યાંહે જીરે ॥૧૧૧॥ મુખથી તો સુકન બોલે નહી : પણ મનમાં જો ખીજે જીરે ॥૧૧૨॥ દાંત પીસીને આપે રહ્યો : ચાલ્યો દરબાર ભણી જીરે ॥૧૧૩॥ નામાન બસીર તો શું કરે : કીધા બંધ દરવાજા જીરે ॥૧૧૪॥ બાલ ખાંના ઉપર આવીને : કહ્યુંતે પોકારી જીરે ॥૧૧૫॥ રસુલના ફરજંદ છો તમે : પાછા જાવો સવેળા જીરે ॥૧૧૬॥ એવી રીતે નામાન કહે : ફીતુર કેમ ઉઠાઓ જીરે ॥૧૧૭॥ આ શહેર અજીદ તમને નહી આલે : ઉતરો બીજે ઠેકાંણે જીરે ॥૧૧૮॥ આવો તો કાલે આવજો : નામાંન બસીરજો કહે છે જીરે ॥૧૧૯॥ એણેતો એવું જાણીયું : આવ્યા હુસેનઈમાંમ જીરે ॥૧૨૦॥ અબદુલા જાહેદને જાણ્યો નહી : અજાણ્યો પોકારે જીરે

॥૧૨૧॥ માટે આજના ધરમી સાંભળો : તમને કહું છું તેને કાજ જીરે ॥૧૨૨॥ નાચ ભવાઈ જોવી નહી : જુઠા ના જોવા રંગ જીરે ॥૧૨૩॥ માટે મોંહે માંહે ભુલા પડે : તેના કહીએ તે ઢંગ જીરે ॥૧૨૪॥ આવી કાળીંગો ભુલવે : સત સર્વે ચુકાવે જીરે ॥૧૨૫॥ માટે તમારી ઉપમા : તેતો હવે જણાસે જીરે ॥૧૨૬॥ એવી સીખામણ સાંભળો : કહે છે ***બુદરદીન*** સવાઈ જીરે ॥૧૨૭॥ કુલ પટોરાં : ૨૭૪૬:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૪૦ મું :

(દસમા અવતારની વાંણ છે :)

જ્યારે અબદુલા આવ્યો દરબારને પાસ : લોક હુસેન પર રાખે આસ ॥૧॥ એવા મધે મુસલીમ અકીલે કીધી જાણ : અબદુલા જાહેદ આવ્યો પરમાણ ॥૨॥ ત્યારે અબદુલાજાએદે સીર પરની ચાદર દુર કીધી તે સહી : ત્યારે બીજા આદમીએ ઓળખ્યો તહી ॥૩॥ ત્યારે કુફાના લોક સર્વે વેરાઈ ગયા : અબદુલાને જોઈને સીર બંદા થયા ॥૪॥ ત્યારે નામાંનબસીરે દરવાજો ખોલ્યોતે વાર : સૌ ઉપર ગુસ્સે ભરાયો અપાર ॥૫॥ મહેલમાં જઈને ઉતર્યો સહી : ત્યાં બેઠો મનમાં વીચારે તહી ॥૬॥ હવે સોએનો ઉપાય : એ લોક આપણા કઈ પેરે થાય ॥૭॥ બીજે દહાડે જુમાનો દિન આવ્યો તહી : પોતે મહેજતમે ચાલ્યો સહી ॥૮॥ ત્યાં કુફાના સરદારોને બોલાવ્યા તે વાર : અજીદનાં ફરમાંન દેખાડ્યાં સાર ॥૯॥ કુંફાની હાકમી અમને આપી છે સહી : હકીકત સર્વે વાંચી ને કહી ॥૧૦॥ સહુને બીક અજીદની દેખાડી અપાર : અમારા કહ્યામાં નહી ચાલે તેને મારી શું સાર ॥૧૧॥ તમે હુસેનની તરફે થયા છો જે : પણ અજીદ જાણસે તો મારસે તે ॥૧૨॥ જ્યારે મુસલીમને અબદુલા આવ્યા ની ખબર જ થઈ : ત્યારે મુસલીમ મનમાં બીન્યા સહી ॥૧૩॥ ત્યારે મુસલીમ મુક્તારની સરામાં આવ્યાતે વાર : હાંની બીન ઉરવાને ઘેર ગયાતે સાર ॥૧૪॥ ત્યારે મુસલીમ બોલ્યા ત્યાં જઈ : અરે હાંની અમે મુસાફર છીએ સહી ॥૧૫॥ સર્વેને કહેથી અમે આવ્યા આ શહેરને

માંહે : આ કુફાના લોકનો વિશ્વાસ નથી આવતો ક્યાંય ॥૧૬॥ તે માટે તમારે ત્યાં અમો આવ્યા છું સહી : તે માટે તમે અમને રાખોને અહી ॥૧૭॥ મારી હીંમત તમે કરજો આજ : ત્યારે હાંની બોલ્યા છોડી લાજ ॥૧૮॥ તમે અમારે અહિં સુખેથી રહેજો સહી : જ્યાં સુધી મારૂં ચાલે તહી ॥૧૯॥ કુફાના લોકનો વિશ્વાસ અમને નથી આવતો લગાર : તે માટે તમારે અહિં આવ્યા સાર ॥૨૦॥ મારી હીંમત તમે કરજો દલ દેઈ : ત્યારે હાંની બીન ઉરવાએ કબુલ કરીયું તહી ॥૨૧॥ પોતાના ઘરમાં કોટડી અલાયદી હતી તે સહી : ત્યાં મુસલીમને રાખ્યા તહી ॥૨૨॥ ત્યારે જે લોક ઈમાંમહુસેનં તરફ થયા હતા જે : તેમણે ખબર મુસલીમની જાણી તે ॥૨૩॥ મુસલીમ હાંનીના ઘરમાં છુપી બેઠા છે સહી : એ વાત લોકને માલમ થઈ ॥૨૪॥ તે લોક ટોળેટોળાં આવે તે ઠાર : ત્યાં સર્વે કોલ મુસલીમને આપે નીરધાર ॥૨૫॥ પછી સમખાઈને બોલ્યાએ : અમે તમથી દગો નહી કરીએ તે ॥૨૬॥ એ વીસહજાર આદમીએ કોલ દીધો ત્યારે : ત્યારે મુસલીમે સઉનાં નામ લખ્યાંતે વારે ॥૨૭॥ તે વેળા અબદુલાજાહેદ મુસલીમની સોધ જ કરે : મુસલીમ સોધ્યા કંઈના જડે ॥૨૮॥ ત્યારે પોતાના ગુલામને અબદુલાએ બોલાવ્યો સહી : તેને હકીકત સર્વે કહી ॥૨૯॥ હું તને તરણહજાર દીરમ આપું તે કાજ : તું હુસેનના દીનમાં મલી જાજે આજ ॥૩૦॥ સર્વે મલે છે તેની સાથે જઈને મળો : તેના દોસ થઈને તેમાં ભળો ॥૩૧॥ થોડોક પૈસો મુસલીમના મોં આગળ મેલજો જઈ : સર્વે ચાલ ચલણ જોજો તહી ॥૩૨॥ ત્યારે ગુલાંમ ઘરની બહાર નીસર્યો : મુસલીમ અકીલની ખોળ કરવા સંચર્યો ॥૩૩॥ વળી અબદુલા જાહેદે કહ્યુંતે સહી : તે ખબર લાવી મુજને કહેજો અહીં ॥૩૪॥ ત્યારે હુ તને આઝાદ કરૂંતે વેળા જાણ : મુસલીમની ખબર લાવજો પરમાણ ॥૩૫॥ ત્યારે તે ગુલાંમ સોધ કરવાને જાય : મુસલીમની પેર કઈ રીતે થાય ॥૩૬॥ અબદુલાજાહેદે જરઆપી મોકલ્યો સહી : એક મસીદની અંદર આવ્યો તહી ॥૩૭॥ મહા ફીકરવંત થઈ બેઠો ત્યાં : મુસલીમ અકીલ તે મળસે ક્યાં

॥૩૮॥ ત્યારે ત્યાં એક સખસ મસીદમાં બેઠો છે જે : મહા બુજરક મોટા કહીએ તે ॥૩૯॥ ત્યાં ગુલાંમે જાણું જે આ સખસ ઈમાંમહુસેનના લોકનો સહી : તેની ત્યાં પાસે બેઠો જઈ ॥૪૦॥ તેનાં કપડાં પાકી સફેદ દીઠાં સહી : એ હુસેનના લોકવગર બીજો નહી ॥૪૧॥ તે સખસને નીમાજ પડતાં દ્રષ્ટે જુવે : ગુલાંમને ખરો પતીઆરો આવ્યો તહીએ ॥૪૨॥ તેની પાસે જઈને સલામ કરી : તે શું વાચા કેવી ઓચરી ॥૪૩॥ મેં મરદ આ યાહુ સાંમ સહી : મેરી ઉમેદ પુરી પાડો અહી ॥૪૪॥ મીજે ઈમાંમ હુસેનકી મોહોબત મેરે દીલમેં પડી : મે દીલસેં ના ભુલું એક ઘડી ॥૪૫॥ મેં મલ્યાવીના એક દન જાયતે વરસ દન જાય : ઈમાંમ હુસેનને મલુતો મને આરામ થાય ॥૪૬॥ તે સખસના મોં આગળ વાતો ડાહીડાહી કરે : વળી વાતો બીજી ઓચરે ॥૪૭॥ તરણહજાર દીરમ લાવ્યો છું એમને કાજ : આ શહેરમાં મને કોઈ મેળવે આજ ॥૪૮॥ વળી મારા સોબતી છે તેને લાવું સહી : ભારે જમાત ઈમાંમહુસેનની કરૂં સહી ॥૪૯॥ જો તમે મને મેળવો તો આ માલ તેને આપું જઈ : મને તમે મેળવો અહીં ॥૫૦॥ ત્યારે તે સખસ બોલ્યો સતજ ભાઈ : આ સર્વેને મુકીને મને કેમ ઓળખ્યો આંહી ॥૫૧॥ ત્યારે તે ગુલાંમ બોલ્યો અરદાસ : નેકીની નીસાંની તમ પર છે સાચ ॥૫૨॥ તે માટે મેં તમને ઓળખ્યા સહી : ઈમાંમહુસેનના દોસ દીસે છે અહીં ॥૫૩॥ એવું જાણીને હું આવ્યો તમારી પાસ : હવે મારી તમે સાંભળો અરદાસ ॥૫૪॥ ત્યારે તે સખસે મનમાં ધાર્યું ખરૂ : હવે એને પાછો કેમ ફેરવું ॥૫૫॥ એ સખસ ઈમાંમહુસેનનો દોસ્ત સહી જાણ : વળી તેથી બંધ બાંધ્યા પરમાણ ॥૫૬॥ સાંભળ ભાઈ હું તને મુસલીમને મેળવું સહી : મને ખુદાના નામનો કોલ આપો અહી ॥૫૭॥ જે એ વાત કોઈના આગળ નહી કરૂં તે જાણ : તો તમને મુસલીમ અકીલને મેળવું પરમાણ ॥૫૮॥ ત્યારે તેને પુછ્યું તારૂ નામ જ કહે : ત્યારે મારૂં મન માંનેતે ॥૫૯॥ ત્યારે તે ગુલાંમ કહે મારૂનામ મુસલીમ ઉસજે સહી : હવે તમે મને મેળવો તહી ॥૬૦॥ ત્યારે એ ગુલાંમે સોગન

ખાઈને કરી છે વાત : એના મનની કોણ જાણે ઘાત ॥૬૧॥ ત્યારે ઈમાંમહુસેનના દોસ્ત દારે કહ્યું છે એ : કાલે મારે ઘેર આવજો તે ॥૬૨॥ ત્યારે બીજે દહાડે ગુલાંમ તેને ઘેર ગયો : મુસલીમને મળવાનો સંજોગ તે ત્યાં થયો ॥૬૩॥ ત્યારે મુસલીમ અકીલ પાસે બે જણ ગયા : ત્યારે ગુલાંમને મુસલીમને પગે પડાવીઆ ॥૬૪॥ પેલા ત્રણ હજાર દીરમ હતાં તે મોં આગળ મેલ્યા સહી : મુસલીમે માથે હાથ મેલ્યો તહી ॥૬૫॥ પછી કુરાન લાવીને સોગન ખવરાવ્યા તે જાણ : એ ભેદ કોઈને નહી કહીએ પરમાણ ॥૬૬॥ જો દગો કરૂંતો ખુદા મને પુછે સહી : એવા સોગન ગુલાંમે ખાધા તહી ॥૬૭॥ વળી મુસલીમને હાથે કોલ દીધો સહી : તે રાત ત્યાં વિતાવી તહી ॥૬૮॥ ત્યાં રહીને સર્વે સંચકાર જોયોતે સાર : વહાંણું વાયું ત્યારે નીકળ્યો બહાર ॥૬૯॥ તે વેળા અબદુલા પાસે ગયો તે જાણ : ત્યાંની હકીકત સર્વે કહી પરમાણ ॥૭૦॥ બીજે દહાડે અસમાબીન ખારજે ને મહંમદ અસાબાજે : અબદુલા જાહેદની મીજલસમાં ગયાતે ॥૭૧॥ ત્યારે અબદુલા જાહેદ તેને કહેવા લાગ્યો એ : હાંની બીન ઉરવા કયાં ગયા છે તે ॥૭૨॥ જે અમારી સલાંમને કેમ નથી આવતા અહિં : ત્યારે મહંમદ અસાબા બોલ્યા ત્યાંહે ॥૭૩॥ એતો ઘણા દહાડાના માંદા છે સહી : તે માટે અહિં આવ્યા નહી ॥૭૪॥ ત્યારે અબદુલા જાહેદ બોલ્યોતે વાર : અમે સાંભળું છે જે થયો છે કરાર ॥૭૫॥ ઘરના દરવાજા ઉપર બેસે છે સહી : એવી હકીકત જાણી અહી ॥૭૬॥ ત્યારે મહંમદ અસાબે કહ્યો વીચાર : જો આવી શકે તો કરૂ અસવાર ॥૭૭॥ પછી બે જણ મલીને હાંનીની પાસે ગયા : ઘણુ સમજાવીને તેને તેડી લાવીઆ ॥૭૮॥ હાંની આવ્યા અબદુલા જાહેદની પાસ : ત્યારે હાંની બોલ્યા પરકાસ ॥૭૯॥ સાંભળો મહમદ અસીબા મારી વાત : એ અબદુલા જાહેદ અમને દેસે ઘાત ॥૮૦॥ નથી ભરૂસો આવતો અબદુલાનો અહી : એનો ડર મને આવે છે સહી ॥૮૧॥ ત્યારે મહંમદ અસાબે દીલાસો દીધો તેવાર : તમે એનો ડર ના લાવસો લગાર ॥૮૨॥ ત્યારે અબદુલા જાહેદની મીજલસમાં ગયા : ત્યાં

જઈને તે ઉભા રહ્યા ॥૮૩॥ ત્યારે અબદુલા જાહેદે આડીઆડી વાતો કહી : ત્યારે હાંની કહેવા લાગ્યા તહી ॥૮૪॥ શાને વાતો આડી કરો : મનમાં શંકા શાને ધરો ॥૮૫॥ અમે મુસલીમને ઘેર તેડવા નથી ગયા : આપે આવીને ઉભા રહ્યા ॥૮૬॥ ત્યારે અબદુલા જાહેદ કહેવા લાગ્યો વાત : તમે હુસેનની તરફ લોક ઘણા કીધા સાખીઆત ॥૮૭॥ તે માટે હું તમથી બીતો નથી તે સહી : મુસલીમ અકીલને લાવો અહી ॥૮૮॥ ત્યારે હાંની ત્યાં ફરી બોલીયા : મુસલીમ હતા તે કોણ જાણે ક્યાં ગયા ॥૮૯॥ ત્યારે અબદુલા જાહેદે પેલા ગુલાંમને બોલાવ્યો તહી : ત્યારે હાંની મનમાં લાજ્યા સહી ॥૯૦॥ ત્યારે હાંનીએ જાણ્યું જે અબદુલાનો જાસુસ ખરો : જાસુસી લેવાને આવ્યો તો પુરો ॥૯૧॥ ત્યારે હાંનીએ કહ્યું હું મુસલીમને બોલાવવા નથી ગયો : એક રાત રાખ્યા તેમાં હું સીરબંદો થયો ॥૯૨॥ આવીને મુજને કહ્યું છે સહી : જો તમે મુજને રાખો અહીં ॥૯૩॥ ત્યારે શરમના માર્યા અમે રાખ્યા સહી જાણ : એમને પાછા કેમ ફેરવું નીરવાંણ ॥૯૪॥ માટે અમે ઘેર જઈને એમને વીદાય કરૂતે સહી : એવી વાતો હાંનીએ કહી ॥૯૫॥ ત્યારે અબદુલા જાહેદ બોલ્યો વાંણ : હવે તમને નહી જવા દેઉ જાણ ॥૯૬॥ તમારી પાસે મુસલીમને પેદા કરાવું સહી : નહિતો મુસ્લીમને લાવોને અહિં ॥૯૭॥ મુસલીમને લાવ્યા વિના તમથી જવાતું નથી : તમે મનમાં જોજો મથી ॥૯૮॥ ત્યારે હાંનીએ કહ્યુંજે એ વાત સરેમાં વ્યાજબી નથી લગાર : ઘેર આવે તે ને કહાડી મેલે બહાર ॥૯૯॥ જેઆપણે હાથે દોસને દુશ્મન હાથે આલે નહી લગાર : જો એવું કામ કરેતો સાહેબના દરબારમાં માર ખાએ અપાર ॥૧૦૦॥ બીજા મુસાહેબ અબદુલાના હુતા જે ત્યાં : તે તો કહેવા લાગ્યા અહિં ॥૧૦૧॥ અરે હાંની આપો મુસલીમ અને ઘેર સુખે જઈ રહો : આઘી પાછી વાત શાને કહો ॥૧૦૨॥ મુસલીમને આપવાની વાત હાંનીએ કબુલ ના કરી : ત્યારે અબદુલા જાહેદ ખીજ્યો ફરી ॥૧૦૩॥ અરે હાંનીને કેદ કરો આવાર : એની ફરીઆદ ના કરસો લગાર ॥૧૦૪॥ ત્યારે

અસમાબીનખારજી બોલ્યા તેવાર : સુણો અબદુલા કહું વીચાર ॥૧૦૫॥ જો તમારા દલમાં દગો હતો સહી જાણ : ત્યારે આગળથી કેમ અમને કહ્યું ના નીરવાંણ ॥૧૦૬॥ તમારી સલાહથી હાંનીને લાવ્યા તમારી પાસ : એ સુકન મનથી કેમ ઉથાપો આજ ॥૧૦૭॥ એવી ઉલટી વાતો કરો છો તમો : વાંકી વાતો નહી સાંખુ અમો ॥૧૦૮॥ હાંનીને કબજ કરીને વળી ડર બતાવો જે : અમે તમથી બર આવીશું તે ॥૧૦૯॥ ત્યારે અબદુલા જાહેદ ગુસ્સે થયો અપાર : અરે અસમાખારજીને મારો આ વાર ॥૧૧૦॥ અસમાને સઉએ માર્યા તહી : તેને મુવા બરોબર કીધા તહી ॥૧૧૧॥ ત્યારે અબદુલાજાહેદ હાંનીને બોલ્યા તે વાર : કહો હાંની તમને કહું વીચાર ॥૧૧૨॥ આ તમારા જાંમીનના હાલ થયાતે જુઓ : માટે મુસલીમને આપીને સુખે સુઓ ॥૧૧૩॥ કહે મુસલીમનો જીવ પ્યારો કરો છો કે તમારો સહી જાણ : નહીતો તમારો જાસે પ્રાણ ॥૧૧૪॥ ત્યારે હાંની બોલ્યા તે વાર : તમે હાકમ છો અહિંના ના સંચરાચાર ॥૧૧૫॥ તમે બોલાવો તો કેટલીક વાર : તમારૂં કહ્યું સહુ કરે અપાર ॥૧૧૬॥ ત્યારે અબદુલા કહે અમે મુસલીમને સોધુ છુ સહી : તમારે ઘેર વાત માલમ થઈ ॥૧૧૭॥ તે માટે તમારી પાસે પેદા કરાવું ખરો : નહીતો તમારો થાસે મરો ॥૧૧૮॥ પછી અબદુલા જાહેદે કોરડો મંગાવ્યો તે વાર : હાંની બુઢાઘણા અપાર ॥૧૧૯॥ નેવ્યાસી વરસની ઉમર હાંનીની ખરી : તે ઉપર મુસીબત પડી ॥૧૨૦॥ રસુલીલાના સાથી વળી અલીના સોબતી જે : તે ઉપર કેવો ગજબ પડ્યો છે તે ॥૧૨૧॥ અબદુલાના મનમાં મહેર નથી આવતી લગાર : મહા જુલમી અજીદ તે સંચારા ચાર ॥૧૨૨॥ પછી હાંનીને ઉંચા બાંધ્યા સહી : પાંચસે કોરડાનો હુકમ કીધો તહી ॥૧૨૩॥ વળી હાંનીને કહે છે જે હજુ કહ્યું કરો તો સાર : લાવ્યો મુસલીમને શાને ખાવો છો માર ॥૧૨૪॥ ત્યારે હાંની બોલ્યા કહુ સાચી વાત : હવે મારી પાસે હોયતોય ના આલુ તમારે હાથ ॥૧૨૫॥ અમે ઈમાંમ હુસેનથી દલ બાંધ્યું જે દંન : આ જીવ તાજ કર્યો અમે અમારે મન ॥૧૨૬॥

માટે સાંભળો મારા મુનીજન : આજ રાખો સર્વે એવાં મન ॥૧૨૭॥ એવાં દલ આજ કોઈનાં નહી : સીરપર આવે તો હાથે પકડી આપે અહી ॥૧૨૮॥ સીરપર દુઃખ આવે ત્યારે તાલાવેલી થાય : ઉમઈ ઉમઈને શ્વાન જેવા પલટાએ ॥૧૨૯॥ આજના લોકનો ભરોસો નથી આવતો તે જાણ : પણ હમે હમારે સંભળાવું પરમાણ ॥૧૩૦॥ પણ અંત વેળા આવી પુર : હવે મહંમદ મેદી આવે હજુર ॥૧૩૧॥ ટાંણાં નથીરે હવે થાસે હલહલકાર : હવે દન આવે છે મહા વીકરાળ ॥૧૩૨॥ કહે **બુદ્દરદીન** સાંભળો વાત : અમે મલ્યા ના એવા સંગાથ : હવે રણ ખેત કેવુ ઉડે અઘાત ॥૧૩૩॥ કુલ પટોરાં ૨૮૭૯ :

: ફાતીઆની દવા :

બરકત બીસમીલા હીર રહેમાન નરહીમ : હે જબરાઈલ : નજરેરૂ : કસીરલફતું : નેજને : આજે દવાદે : ઈમાંમ ચારદે માસુમ : પાંચેતન પાક : અલખસુરવાએલ : વ જબરાઈલ પાક ઈમાંમ હુસેનકા ફાતહે કલમો : જેમના નામનો ફાતીઓ પડવો હોય તેમનું નામ લેવું : દવા પાંચવાર ભણવી :

: વિદાયગીરીનું જ્ઞાન પ્રથમ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

વીરા સર્વે એતો વાધીયારે : તેના સુણોરે વીચાર :(આંચલી): *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧॥ વીરા દાદા આદમતો વાધીયા રે : દાદી હવાં કહીએ એ : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૨॥ વીરા બીજો માફો વાધીયો રે : તેના સુણોને વીચાર : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૩॥ તેમાં નોહનબીએ વાધીયા રે : આલે સલાંમાએ જે : *વીરા વજરહૈયા તમ તણાં રે* ॥૪॥ હવે ત્રીજો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૫॥ હવે મુસાકરીમ આપે વાધીયા રે : બીબી સફુરાં વાધ્યાં જે

: *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૬॥ વળી ચોથો માફો હવે વાધીયો રે : મધ્યે બીબીમરીયમ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૭॥ હવે મીત્ર રોહીલા વાધીયા રે : બીબી પારસાંએ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૯॥ તેમાં ઈભરાંમખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૧॥ વીરા તરણસેંને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૫॥ ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે : કરણ કલફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૨॥ વીરા તીરથ સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ*

તણાં રે ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને ફરમાંન : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૭॥ વીરા પીર **બુદરદીન** બોલીઆ રે : હવે સર્વે આવ્યો અંત : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૮॥

: વીદાયગીરીનું જ્ઞાન બીજુ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

(ઉઠબંદા ક્યા નીંદે સુતા તે વાંણ છે :)

ઈમાંમના એ માફા વાધ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાધ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યા સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વે બેઠા : તેને અંતે પડસે શોક ॥૨॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાની માંહે : આ જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહોને અમને ॥૩॥ ત્યારે ઈમાંમની એ મીજલસ માંહે : ખુદાનું ફરમાંન આવ્યું : જબરાઈલને લઈ મોકલીઆ : સર્વે ઉપર કહાવ્યું ॥૪॥ આ દસુરાંના દસ દનમાં : જે કોઈ દીલગીર થાસે : નયણા માંથી આંસુ પાડસે : હીસાબ વેળા બકસ્યા જાસે ॥૫॥ વળી બીજાં ફરમાંન આવ્યાં : ખુદજીનાં તે લાવ્યા : જબરાઈલ તો કહેવા લાગ્યા : તે ઈમાંમને મન ભાવ્યા ॥૬॥ દુનીયાં વીસે લોક થયા છે : હીંદુને મુસલમાન : તેના ઘરમાં ક્રોધ વ્યાપે : વળી દુખ મોટુ અસમાંન ॥૭॥ તે દુખે વળી આંસુ પાડે : નરને વળી નારી : અસુરાનાં દસ દનમાં : તે બકસો સુધાંમ ॥૮॥ વળી ઈમામની એ માહાતમ માંહે : શોક ધરીને ચાલે : દસ દન સુધી ક્રીયા પાળે : સર્વે દેવતા તેને નીહાળે ॥૯॥ દસ દનનો છલ્લો કરીએ : અસુરાનો કરસે : સર્વે જનસથી મન મારીને ચાલે : તે ટોળી ઈમાંમનીમાં ભળસે ॥૧૦॥ બોલ્યારે બાકરશાહા બળીઆ : જે કોઈના થાસો ગળીઆ : કહેર ક્યામત આવી પહોંચી : વેળાને આવ્યાં પરીઆં ॥૧૧॥

* * *

છઠ્ઠો દિવસ

: શ્રી દરૂદ :

અલ્લાહોમે શ્રીઅલ્લા સૈયદના વલીઅલ્લા સૈયદના મહંમદદીન મુબારક નુરઅલી (દુવા પાંચ વખત ભણી ગાદીપર બેસવું : તથા દરેકે ભણી બેસવું :)

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - પહેલું

: શ્રી સતગોર સહદેવ વાચા :

પરથમ પહેલા સુણીએ મહારા : પુરવની એ વાત રે : સુરતા રાખીને સુણજો મારા મુનીવરોજી ॥૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : હસન મોટા ભાઈ રે : ફાતમા તોમાજી તેતો તેહુનાંજી ॥૨॥ નબીસાહેબતોનાંના કહીએ : સાહા અલીબાવા સોહી રે : પાંચેતન નો પરવેસ તે સહીજી ॥૩॥ તેમના તો એ વીચક સુણીએ : તેના કહું વીચાર રે : તેની સાંભળો તમે વારતાજી ॥૪॥ આદે તોનીપાવ્યા જ્યારે : નુરે નુર પઠાઆંરે : નુરમાંથી નુરએતો પરગટ્યાંજી ॥૫॥ જે દન નહોતા સ્વર્ગ પાતાળ : જે દન નહોતા તારારે : જે દન નહોતારે ચંદ્ર સુરજ સહીજી ॥૬॥ જે દન નહોતા પવન પાણી : જે દન નહોતો સંસાર રે : જે દન નોહોતારે પીર પેગાંબર ઓલીઆજી ॥૭॥ ત્યાર પહેલાં એ પાંચેતન કહીએ : સર્વે એનો આકાર રે : નુરથી નુર એતો પરવર્યા જી ॥૮॥ સર્વે એથી રચના કીધી : પવન પાણી જહરે જમીન આસમાન સરજ્યાં એ થકી જી ॥૯॥ નવસો નવાણું નદીયો કીધીં : સાત સમુદ્ર જેહરે : સર્વે આવેરે એતો તીરથ જી ॥૧૦॥ મુલાએકના તો માફા આવે : કટમ પરીવાર રે : અસુરામાં આવી એતો સાંભળેજી ॥૧૧॥ માટે એતો તમને કહું છું : સર્વે દેવતા આવે રે : અત્તર કસબોઈફુલ લઈ આવે સહીજી ॥૧૨॥ ઈમામની એ માતમ માંહે : સર્વે મુલાએક આવે રે : દરૂદ પઢીને સર્વે

બેસતાજી ॥૧૩॥ પાંચેતનના વીચક સુણીએ : જ્ઞાને સર્વે ભેદરે : અરથ ગ્રંથના એતો સાંભળોજી ॥૧૪॥ હુસેન એતો વીશ્નું કહીએ : હસન શીવ અવતાર રે : નબીના નવાસા એતો જાણજો જી ॥૧૫॥ નબી સાહેબ તો બ્રહ્મા કહીએ : મહા વીષ્ણુ અલી પોતે રે : ફાતમાં તો શક્તી એતો જાણજો જી ॥૧૬॥ તેમના પુત્ર જાણો ભાઈ : તે સીર કહેર રચાઆ રે : આલમનો ભાર લઈ અવતર્યા જી ॥૧૭॥ હુસેનઅલી આલવંશી : તેમણે લીધા કસરે : ઉમતનાં દુઃખ સર્વે ઉઠાવીઆજી ॥૧૮॥ ભુખ્યા તરસ્યા કેવા રાખ્યા : તોયના આવી મહેરરે : એવી જમાત તેતો કાફર સહીજી ॥૧૯॥ એમ કરતાં સાતદિન વીત્યા : અન્ન પાણી નહી રે : જુલમ માડ્યો રે બહુ કાફરેજી ॥૨૦॥ એમ કરતાં દેહા મેલી : ઈમામ હુસેને પોતે રે : દુખડાં પડ્યાં રે ઉમત કારણે જી ॥૨૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : એક ચિત્તે નર નાર રે : તેના ગુના બકસુરે ઉઠ કરોડનાજી ॥૨૨॥ વળી બીજી તમે સાંભળો : સાંભળી દીલગીર થઈએ રે : ત્રણસેંને સાઈઠ દિન તેમાં સહીજી ॥૨૩॥ જેણે ગુનાકર્યા હસે : તેને બકસુ સહી રે : ઈમાંમ હુસેનની ગોસ્ટી સાંભળે જી ॥૨૪॥ અસુરામાં આંસુ પાડે : તેતો બકસ્યો જાય રે : ચિત્ત ધરીને સર્વે સાંભળોજી ॥૨૫॥ ગત ગંગાએ સર્વે સાંભળો : એ સર્વેને ફરમાન રે : લાલચ કાઢીને દસ દિન આવજોજી ॥૨૬॥ બોલ્યા રે *બુદરદીન* બાવા : ઈમાંમ હુસેનનાં મંડાણ રે : પરથમ બોલો ઈમાંમની વારતા જી ॥૨૭॥

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - બીજું

: શ્રી સતગોર સહદેવ વાચા :

(: કહે બુદરદીન સત્ય વાતો : તે વાંણ છે :)

પરથમ ઈમાંમની ગોસ્ટી સુણીએ : સાંભળોને દલ ધરી : સભા ભરીને બેસતાને : બેસોને તમે મન ગળી ॥૧॥ પીર પેગાંબર ઓલીઆ ને : તેતો આવે છે અરસથી :

ઈમાંમની એ મહાતમ માંહે : તેતો સુણે સુરતથી ॥૨॥ સર્વે તીરથ આવી પોહોચે : કરણ કલફ જુગ ચારના : અડસઠ તીરથ આવી બેસે : ઈમાંમની મહાતમ માંહાં ॥૩॥ તરેહ તરેહની કસબોઈ સારી : અત્તર ફુલ તે લાવતા : તબાકોની છાબો ભરીને : તે તો સર્વે જામતા ॥૪॥ દુમે દુમે માફા સર્વે : વખત વેળાએ આવતા : દેવ સભાની સભા ભરીને : વીચક સર્વે સાંભળતા ॥૫॥ આજના મુનિ સર્વે આવો : અસુરાના દિનમાં : આળપંપાળને કાઢી કરીને : તમે ભળો દેવ જનમાં ॥૬॥ નર નારી આવી સાંચરો : સભામાં આવી દાખસો : આંસુ પાડે ગોષ્ટિ સુણીને : તેના સાતે પરીયાં જાય બકસ્યાં ॥૭॥ આગેવાન થઈને તેને બકસાવે : સર્વે ઉપર હુકમ કરે : અસુરાંના આંસુ માટે : તેને બકસુ એ તરેહ ॥૮॥ બોલ્યા *બાકરશાહ* છેલ્લી વેળા :ચિત્ત ઠેકાણે રાખીએ : ઈમાંમના હવે સૈન્ય જાગે : લોભ લલુતા મહેલીએ ॥૯॥

* * *

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૪૧ મું :

વીરા ઈમાંન એવાં રાખીએ રે : તો તે સરે જીવનાં કાજ : ત્યારે હાંની મુખએમ ઓચર્યા રે : હવે મેલી દુનીયાં કેરી લાજ : (આંચલી): *વીરા થર થર કંપે મેદની રે* ॥૧॥ વીરા જે દિન મહંમદથી હું મળ્યો રે : તે દિનથી લીધા સીરપર ભાર : હવે જીવ મારો સોંપીયો રે : હુસેનઅલીને તે વાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૨॥ ત્યારે અબદુલાએ હુકમ કર્યો રે : કોરડા પાંચસેનો ત્યાંયે : હાંનીતો બેહોસ થઈ રહ્યા રે : આતો જુલમ વ્યાપ્યો આંહે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩॥ ત્યારે લોકે માંડી વીનતી રે : કરે અબદુલાને જઈ : હવે એને છોડીએ રે : મુવા જેવા થયા છે અહી : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪॥ ત્યારે હાંનીને ત્યાં છોડીયારે : તે વેળા છોડ્યારે પ્રાણ : મારતાં મારતાં મરી ગયા રે : સર્વે લોકમાં થઈ છે જાણ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૫॥ તે ખબર મુસલીમને થઈ રે : સર્વે લોક કર્યા તૈયાર : જેણે કોલ કર્યો તે સરવને રે : સર્વે એકઠા થયા અપાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૬॥ તે વીસ હજાર સર્વે મળ્યા રે : આવ્યા હથીઆર બાંધી ત્યાંયે : મુસલીમસાથે આવીયા રે : આવ્યા દરબારને વળી જાંહે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૭॥ ત્યારે અબદુલા પાસે જેલોક હતા રે : તેણે કીલ્લો પકડ્યો ત્યાંયે : ત્યારે મુસલીમ સરવેને ઘેરી વળ્યા રે : ઝગડો થવા લાગ્યો માંહે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૮॥ ત્યાં લડાઈ ચાલી અતી ઘણી રે : તેતો પહોંચી છે વળી ક્યાંય : અબદુલાના મહોલ નેરે : વઢતાં પહોચ્યા છે વળી ત્યાંયે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૯॥ ત્યારે અબદુલા નાસી ગયો રે : કહેવા લાગ્યોછે વળી ત્યાંયે : એ કુફાના લોકને મને કરોરે : જે હોય સારારે સરદાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૧૦॥ ત્યારે સરદાર જે અબદુલા તણા રે : તે ચઢ્યા મહોલ ઉપર ત્યાંયે : તેણે ડર

બતાવ્યો અજીદનો રે : તે તમને મારસે વળી આંહે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૧૧॥ તેનું નામ ઈબનેકસીર છે રે : તે તો બોલ્યો એવું ત્યાંયે : જ્યારે સૈન્ય આવસે સામનું રે : તેતો મારી કરસે મેદાંન : *વીરા થર થર કંપે મેદની રે* ॥૧૨॥ વળી કટમ કબીલા તમ તણા રે : તે આવી કરસે તમારા બંધ : ત્યારે કોણ તમારો સરીખ છે રે : તેતો આવી કરસે ધંધ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૧૩॥ એવો ડર બતાવ્યો તેહુંને રે : ત્યારે નાઠા કુંફીલોક : તે લડતા લડતા પાછા ફર્યા રે : મનમાં ઉપન્યો છે શોક : *વીરા થર થર કંપે મેદની રે* ॥૧૪॥ વળી અબદુલા જાહેદ બોલીઓ રે : સાહેબ રાખે મારી લાજ : જો જીવું છું તો જાણસો રે : તે દિન કરૂં તમારૂં કાજ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૧૫॥ વળી ગુને બેગુને સરવને રે : મારી કરૂં મુસીબત : તે દિન તમે જાણસો રે : માટે પાછા વળો સાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૧૬॥ એ વાત જાણીને પાછા ફર્યા રે : તે બેદલ થયા તેણી વાર : નબીની મુરવતના ગણી રે : બે કોલ થયા તેરે અપાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૧૭॥ તેણે આંણ ભાગી ખુદા તણીરે : એવા કુફી કજાતિ લોક : ત્યારે સાંજની વખત થઈ રે : જેના લાગ્યા કરમના ભોગ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૧૮॥ તે વેળા સર્વે નાસી ગયા રે : મુસલીમ રહ્યા એકલા ત્યાંયે : વળી મસીદમાં આવીયા રે : પાસે ત્રણ આદમી જાંહે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૧૯॥ ત્યાં સાંજની નીમાજ પડી રે : પછી બહાર નીસર્યા તે : પાસે કોઈ ના મલે રે : હવે જઈસું તે વળી ક્યાં : *વીરા થર થર કંપે મેદની રે* ॥૨૦॥ વળી હેબત ખાધી અતી ઘણી રે : મનમાં આપે કરે વીચાર : આ વાત તે શી નીપની રે : એવે થયા મુસલીમ અસવાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૨૧॥ મનમાં વિચારે દલ થકી રે : હવે જઈએ કુફા બહાર : એવામાં શું નીપન્યું રે : સાદબીન અનફા મળ્યા રે ત્યાંય : *વીરા થર થર કંપે મેદની રે* ॥૨૨॥ તેણે પુછ્યું મુસલીમને રે : સઈઅદ ક્યાં જવાની મુમ : ત્યારે મુસલીમ બોલીયારે : જાવું કુફા બહાર ભોમ : *વીરા થર થર કંપે મેદની રે*

॥૨૩॥ ત્યારે સાદ અનફા બોલીયા રે : નથી બહાર જવાનો લાગ : દરવાજે દરવાજે આદમીરે : તેતો બેઠા જાગો જાગ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૨૪॥ વળી નાકાં સર્વે બંધ કર્યાં રે : તે તો ઢુંઢે તમને ત્યાંયે : માટે મારી સાથે આવીએ રે : તમને મેલું એકાંતે ક્યાંય : *વીરા થર થર કંપે મેદની રે* ॥૨૫॥ પછી મુસલીમને સાદ લઈ ગયા રે : મહંમદ કસીર કેરે દવાર : ત્યાં જઈને ઉભા રહ્યારે : ઠોક્યો દરવાજો તે વાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૨૬॥ ત્યારે મહમદકસીર બહાર આવીયા રે : મુસલીમ આવ્યા છે તમારી પાસ : ત્યારે ઉઘાડે પગે દોડીયા રે : તે વેળા પગે પડીયા ત્યાંય : *વીરા થર થર કંપે મેદની રે* ॥૨૭॥ વળી ભાગ્ય મારૂ ભવતણું રે : ભલે આવ્યા મારે ઘેર : આજ જનમ સફળ અમ તણો રે : ભલે આવ્યા હમારે દવાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૨૮॥ મુસલીમ ને તે લઈ ગયા રે : ઘાલ્યા ભોંયરાની માંહે : તે ખબર જાહેર બહાર થઈ રે : લોકે ચાડી ખાધી ત્યાંયે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૨૯॥ અબદુલા જાહેદને જઈ કહ્યું રે : ત્યારે તેણે સો કર્યો વીચાર : પોતાનો જે બેટડો રે : તેને આદમી આપ્યા સાથ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩૦॥ મહંમદકસીરને પકડીએ રે : વળી કસીર કેરા તન : એ બેને પકડી લાવીએ રે : તે તો તેને કરો પતન : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩૧॥ તેના ઘરમાં મુસલીમને સોધીયા રે : ત્યાં તો જડ્યા નહી રે લગાર : ત્યારે મહંમદકસીરને પુછીયું રે : તમે એવા કામ કરોછો સાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩૨॥ વળી ગાળો દીધી અતી ઘણી રે : ત્યારે મહંમદકસીર બોલ્યા પોકાર : હું તને તારા બાપને રે : હું જાણું છું તે સાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩૩॥ તું અમથી બેઅદબી કરે રે : એવો બોલ કહ્યો છે ત્યાંયે : એવે વાગ્યું નગારૂ દુરથી રે : આવી મહંમદકસીરની બાંએ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩૪॥ વળી કેસકબીલા બહુ હતા રે : તેણે સાંભળી વઠવાડ : મહંમદકસીરને ભીડ છે રે : અબદુલા જાહેદથી તે રાહાડ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩૫॥ એવી વાત સુણીને આવીયા

રે : મહંમદકસીરને પકડ્યા છે ત્યાંયે : વળી એમના તનને રે : તે બેને કર્યા બંધ હાથ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩૬॥ તે દસહજારથી આવીયા રે : સર્વે હથીઆર બંધ સરદાર : તે અબદુલા ઉપર આવીયા રે : હંગામો કર્યો તેણે અપાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩૭॥ તે લડતાં લડતાં બહુ લડ્યા રે : અબદુલા હાર પામ્યો છે ત્યાંયે : તે વીચાર કીધો દલ થકી રે : કરૂં બીજાનેફરમાન : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩૮॥ મહંમદકસીરને લાવો મહોલ પર રે : વળીએના બેટાને ત્યાંયે :દેખાડો એના પરિવારને રે : જાણે ક્ષેમકુશળ છે આંહે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૩૯॥ તે પરિવાર દલમાં જાણતા રે : બેને મારીનાખ્યા છે સહી : એવું જાણી તેતો લડ્યા બહુરે : ત્યારે દેખાડ્યા છે ત્યાંયે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪૦॥ ત્યારે લડતાં પાછા ફર્યા રે : ત્યારે અબદુલા એ કહ્યું છે તહી : મહંમદ કસીરને બહાર મોકલો રે : સઉને દે દીલાસો આંહે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪૧॥ ત્યારે બેટાને છોડી બહાર આવીયારે : આદમી પાછા ફેરવ્યા જાંહે : પછી રાત પડી છે તે સમે રે : મુસલીમની ખબર લીધી ત્યાંયે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪૨॥ ત્યાં સુલેમાન તે આવીયા રે : બાપનું નામ જરાદ જે : વળી મુક્તાર ઉબેદ આવીયા રે : વળીજગાદને અજીબ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪૩॥ વીરા તેણે કહીએ વાતડી રે : કાલે જાવો દરબાર માંહે : વળી બેટા તમારાને લાવીએ રે : પછી મુસલીમને કહો આંહે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪૪॥ તમે કુફા બહાર નીસરો રે : જાઓ કબીલાને માંહે : ત્યાં જઈને લશ્કર ટોળે કરો રે : જાઓ ઈમાંમહુસેનને ત્યાંયે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪૫॥ પછી લડાઈ માંડો દુશ્મનથી રે : એવી વાત ઠરાવી ત્યાંયે : પછી એવામાંતો શું થયું રે : કરવું સાહેબનું જે જાંહે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪૬॥ ત્યાં દસ હજારથી આવીયો રે : ગાફીરતુફેલ તે વળીજેહ : તે સાંમમાંથી આવીયો રે : કુમક અબદુલાની તે : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪૭॥ તે આવી મળ્યો અબદુલાને રે : મનમાં ખુસી થયો છે તે : ત્યારે મહંમદ

કસીરને તેડીઆ રે : તમે વાત સુણોને એ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪૮॥ મહંમદ કસીર સાથે આદમી રે : પોતાના કબીલાના સાથ : પછી અબ્દુલ્લા જાહેદે તૈયાર કર્યા રે : પોતાના આદમી સર્વે સાથ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૪૯॥ પછી દરબાર માંહે આવીયા રે : મહંમદકસીર પોતે આપ : પછી દરબાર પાછળ આદમી રે : તેના પુરા છે એ તાપ : *વીરા થર થર કંપે મેદની રે* ॥૫૦॥ એતો બોલ્યા ***બુદરદીન*** સાંભળો રે : એવા રાખો હમારા તાપ : તો અમરમાં જઈ ભળો રે : આજ તમને કહે છે હાજરાહજુર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૫૧॥ બોલ્યા ***બુદરદીન*** બહુ ઘણું રે : કુફીનો ના કરવો વિશ્વાસ : વિશ્વાસઘાતી તર્યા નથી રે : તરસે સતવાદી નિર્ધાર : *વીરા થર થર કંપે મેદની રે* ॥૫૨॥ કુલ પટોરાં ૨૯૩૧ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૪૨ મું છે :

દસમા અવતારની વાંણ છે :

જ્યારે મહંમદ કસીર આવ્યા દરબારની માંહે : પછી કીલ્લો ઘેર્યો છે અબદુલાએ ત્યાંયે ॥૧॥ તે કીલ્લા પાછળ પોતાના આદમી ફરી વળ્યા છે જે : મહંમદ કસીર ના જાણે તે ॥૨॥ પછી મહંમદ કસીર મીજલસમાં આવ્યા જદા : ત્યારે અબદુલા જાહેદ કહેવા લાગ્યો તદા ॥૩॥ કહે તમે તમારો જાંન દોસ રાખોછો કે નહી : કે મુસલીમનો જાંન દોસ રાખો છો અહી ॥૪॥ ત્યારે મહંમદ કસીર બોલ્યાએ : ફરી વાત માંડી છે તે ॥૫॥ મુસલીમના જાંનને સાહેબ પનામાં રાખે સહી : મારો જાંન દસહજાર તલવાર સાથે અહી ॥૬॥ ત્યારે અબદુલા જાહેદ બોલ્યો એ : મુસલીમને મારે આંહી લાવો ને તે ॥૭॥ નહી લાવો તો ગરદન મારીસ તેવાર : અમો કહું તે સાચું માનો નીરધાર ॥૮॥ ત્યારે મહંમદ કસીરે કહ્યું શી તાકાત રાખેછે આજ : હજુ સુધી હું તારી રાખું છું લાજ ॥૯॥ ત્યારે અબદુલા જાહેદ સરબંદો થયો : મનમાં ગુસ્સો બહોત જ થયો ॥૧૦॥

ત્યારે અબદુલાજાહેદે કલમ લીધી હાથ : મહંમદકસીરની પેસાંનીમાં મારી અઘાદ ॥૧૧॥ ત્યારે મહંમદ કસીરે તલવાર ખેંચી સહી : અબદુલાજાહેદને મારવાને તહી ॥૧૨॥ ત્યારે કુંફાના સરદાર હતા અબદુલાની પાસ : તેણે તલવાર છીની લીધીતે વાર ॥૧૩॥ અબદુલા નાઠો ગયો મહોલ મોજાર : બીજાને કહ્યું એને મારોને ઠાર ॥૧૪॥ ત્યારે મહંમદ કસીરને મારવાનું કર્યું : ત્યારે મહંમદકસીરને સુરાપણ ચઢ્યું ॥૧૫॥ જ્યારે અબદુલા જાહેદને મારવા જાઅ : ત્યારે બીજા આવીને હાથ જ સાહાએ ॥૧૬॥ મહંમદ કસીરના હાથમાંથી તલવાર છીની લીધી સહી : ત્યારે બીજાની તલવાર હાથે ધરી ॥૧૭॥ અબદુલાજાહેદ ઘરમાં નાસીને ગયો : બીજા સરદાર ઉપર સોરજ થયો ॥૧૮॥ અરે મારો એને જુઓ છો શું : હવે કસીરને ના મેલું હું ॥૧૯॥ ત્યારે મહંમદકસીર બહુલડ્યા અપાર : દસઆદમીને માર્યા તે વાર ॥૨૦॥ એવે સમે મહંમદકસીરનો પગ પીઆદા સાથે અથડાયો સહી : મહંમદકસીર પડી ગયા તહી ॥૨૧॥ એવા મધે ગુલાંમે ઘેર્યાતે વાર : મહંમદકસીરને સૈયદ કર્યા તે સાર ॥૨૨॥ ત્યાર પછી મહંમદ કસીરનો બેટો આવ્યો તહી : તલવાર ખેંચીને લડીઓ સહી ॥૨૩॥ લડતાં લડતાં વીસ આદમી માર્યાતે વાર : તો પણ તે ના આવે હાર ॥૨૪॥ એવા મધે ગુલાંમે બરછી મારી પીઠને માંહે : તે બરછી પેટ બહાર કાઢી છે ત્યાંયે ॥૨૫॥ તે પણ સૈયદ થયાતે સાચ : મુખથી ના બોલ્યા એકવાચ ॥૨૬॥ પછી મહેલમાંથી લશ્કર બહાર કાઢ્યું સહી : મહંમદ કસીરના કબીલા સાથે વઢે છે તહી ॥૨૭॥ તે લડતાં લડતાં હારે નહી લગાર : અબદુલા જાહેદ કહે હજી ના આવ્યો પાર ॥૨૮॥ ત્યારે અબદુલા જાહેદ કહે આ લડાઈ મહંમદ કસીરને કાજે થાય : હવે એનો કરો ઉપાય ॥૨૯॥ બાપ બેટાનાં સીસ લાવીને નાખો એના કબીલાની માંહે : તે સીસ દેખીને હાર પાંમસે ત્યાંયે ॥૩૦॥ એવી રીતે કર્યું તે વાર : ત્યારે કુફાના લોક નાઠા અપાર ॥૩૧॥ જ્યારે રાત પડી ત્યારે નાસી ગયા : લડતા હતા તે ઉભા કોઈ ના રહ્યા ॥૩૨॥ ત્યારે

મુક્તારે કહ્યું એ કામ તો ખોટું થયું : લડતાં લડતાં કોઈના રહ્યું ॥૩૩॥ પોતાના લોક લઈને નાઠા તે વાર : બનીસાદના કબીલામાં ગયા નિર્ધાર ॥૩૪॥ સુલેમાન જરાદના મહોલમાં બીજા લોક છપ્યાતા તહી : તેને ત્યાં પણ ખબર જ થઈ ॥૩૫॥ વળી રકાત બીનગારબકાજી સુરેના મહોલમાં છપ્યાતાતે વાર : તે મહોલમાં ઈમાંમહુસેનના લોક અપાર ॥૩૬॥ જ્યારે એ વાત મુસલીમઅકીલે જાણી સહી : મહંમદ કસીરને માર્યા તહી ॥૩૭॥ ત્યારે મુસલીમ દીલગીર બહુ થયા : હવે આપણે એકલા રહ્યા ॥૩૮॥ અરે ખુદા આ ગજબ કેમ આવ્યો આજ : હવે હમારી કેમ રહેસે લાજ ॥૩૯॥ ત્યારે મુસલીમ રાત પડી ત્યારે બહાર નીસર્યા : દરવાજાની રાહ ઢુંઢતા નીકળ્યા ॥૪૦॥ ત્યારે તેવેળા અબદુલા જાહેદની ચોકી ફરે છે તહી : તે ચોકી મધે પડ્યા સહી ॥૪૧॥ તે બારહજાર આદમીની ચોકી હતી જે : તેનો સરદાર કહુ વળી તેહ ॥૪૨॥ હાકમ બીનતુફેલ તેનું નામ : તે માંથી એક જણે ઓળખ્યા તે જાણ ॥૪૩॥ ત્યારે તેણે પુછ્યું તે સહી : ત્યારે મુસલીમ બોલ્યા તહી ॥૪૪॥ હું એક મરદ મહમદકસીરના કબીલાનો છું સહી જાણ : હું મારા કોમમાં જાઉતે પરમાણ ॥૪૫॥ ત્યારે તે સખસે કહ્યું કે અહિંથી પાછાફરો : આ વાટને તમે પરહરો ॥૪૬॥ ત્યારે મુસલીમ ત્યાંથી પાછા ફર્યા : બીજે રસ્તે જઈ સંચર્યા ॥૪૭॥ જ્યારે કુનાસના મહોલ આગળ ગયા તહી : ત્યાં એક સાંમનો સરદાર દીઠો તહી ॥૪૮॥ તે દસહજાર આદમીથી મહોલમાં ઉતર્યા છે જાણ : ત્યાંથી પાર પડ્યા નીરવાંણ ॥૪૯॥ ત્યાંથી સુથારીના બજારમાં આવ્યા સહી : ત્યારે વાંણું વાયાની તક જ થઈ ॥૫૦॥ ત્યારે હરેસે મુસલીમને દીઠા તેવાર : ત્યારે તેને ઓળખ્યા સાર ॥૫૧॥ ત્યારે હરેસ અબદુલા પાસે ગયો : ત્યાં જઈને તે સરખરૂં થયો ॥૫૨॥ મેં દીઠા મુસલીમને સુથારીના બજાર માંહી : દરવાજાની તરફે જાતા હતા તહી ॥૫૩॥ ત્યારે અબદુલાજાહેદે નામાંનબસીરહુજાબને કહ્યું છે એ : મુસલીમની પાછળ જાઓ તમે તે ॥૫૪॥ ત્યારે પચાસ આદમી આલ્યા તેની સાથ : તે લઈ ચાલ્યો પોતાને હાથ

॥૫૫॥ તે આદમી લઈ ચાલ્યો જાય : નજીક પોતાની તકજ થાયે ॥૫૬॥ એવા મધે મુસલીમ પાછુ વળીને જુવે : અસવાર દેખીને મનમાં રૂએ ॥૫૭॥ ત્યારે મુસલીમ ઘોડા ઉપરથી ઉતર્યા તેવાર : પગપાળા ચાલ્યાતે સાર ॥૫૮॥ ઘોડાને વહેતો મેલ્યો સહી : પોતાની મેળે ચાલ્યા કહી ॥૫૯॥ ત્યારે મુસલીમ એક ગલીમાં ગયા : ત્યાં જઈને તે ઉભા રહ્યા ॥૬૦॥ ત્યાં એક મસીદ ઉજડ દીઠી સહી : ત્યાં જઈને બેઠા મુસલીમ તહી ॥૬૧॥ ત્યારે નામાંન ઘોડાને પગલે પગલે ચાલ્યો જાય : પીજારાના બજારમાં આવ્યો ત્યાંય ॥૬૨॥ ઘોડાને દીઠો પણ અસવાર ના જણાય : ઘોડાને પકડી અબદુલા પાસે જાએ ॥૬૩॥ સર્વે હેવાલ જાહેર કર્યો તે વાર : ત્યારે અબદુલાએ કર્યો વીચાર ॥૬૪॥ શહેરના દરવાજા બંધ કરોને આજ : ત્યારે આપણું થાસે કાજ ॥૬૫॥ રસ્તે રસ્તે ઢંઢેરો ફેરવોને સહી : તે ઢંઢેરાવાળાને વાંણી કહી ॥૬૬॥ જે મુસલીમના સીસની ખબર લાવે તેને આપું દામ : વળી બીજાં આપું ગામ ॥૬૭॥ ત્યારે મુસલીમ ભુખ્યાને તરસ્યા ઉજડ મસીદમાં છપ્યાછે જઈ : જ્યારે રાત પડી ત્યારે બહાર નીસર્યા તહીં ॥૬૮॥ જાણે અજાણે ચાલ્યા જાય : તે શેરીમધે ફરતા તાંય ॥૬૯॥ એકા એક ઘરને દરવાજે પહોચ્યાતે ઠાર : ત્યાં જુવેતો એક ડોસી બેઠી છે સાર ॥૭૦॥ તેના હાથમાં માળા ફરતી દીઠી તહી : ત્યારે ત્યાં તો પુછ્યું સહી ॥૭૧॥ અરે ડોસી તારૂનામ અમને કહે અહિં : ત્યારે ડોસી બોલી ત્યાંયે ॥૭૨॥ મારૂંનામતો હવેર છે સહી : ત્યારે મુસલીમ બોલ્યા તહી ॥૭૩॥ જો તમથી થઈ શકેતો એક ઘુંટ પાંણી પાઓ : ત્યારે ડોશી પાણી લાવી સતભાવ ॥૭૪॥ તે પાણી મુસલીમે પીધું તે વાર : ત્યારે મુસલીમ બેઠા તેણે ઠાર ॥૭૫॥ હાર્યા થાક્યા બેઠા છે સહી : મનમાં અંદેસો કરે છે તહી ॥૭૬॥ એકહજાર આદમી મુસલીમને શોધવા નીકળ્યા છે શહેરની માંહે : ત્યારે ડોસી બોલી ત્યાંયે ॥૭૭॥ બહાર બેઠા છો તે સારૂં નહી લગાર : શહેરમાં હંગામો સંચરાચાર ॥૭૮॥ અહિંથી ઉઠી એક ઘરમાં જાવો : અહિં તમારે બેઠાનો નથી દાવ ॥૭૯॥ ત્યારે

મુસલીમ બોલ્યા હું એક મરદ છું સહી : તે મોટા ઘરનો જાણો અહી ॥૮૦॥ હું મુસાફરછું ને પડ્યો વતનથી દુર : મારા યાર સર્વે નહી હજુર ॥૮૧॥ અરે આ શહેરમાં મારૂ ઘર નથીને નથી રહેવાની જગ્યા : હવે મારે ક્યાં રહાનો લાગ ॥૮૨॥ જો તારા ઘરમાં મને રહેવાદે તો સહી : તને ભીસ્તની જગા ખુદા આપસે તહી ॥૮૩॥ ત્યારે ડોસી બોલી તમારૂ શું છે નામ : કોણ કબીલામાં તમારૂં ઠાંમ ॥૮૪॥ ત્યારે મુસલીમ બોલ્યા તહી : દુખનો માર્યો હું આવ્યો છું અહી ॥૮૫॥ શું નામ પુછો છો ને શું છે કામ : ત્યારે હવેર બોલી કહોને નામ ॥૮૬॥ ત્યારે મુસલીમે લાચાર થઈને નામ જાહેર કર્યું : કુફીએ બેવફા થઈ મારૂ સર્વે પરહર્યું ॥૮૭॥ મને એકલો મહેલ્યો સરવથી આજ : અને પોતાનો જીવ સંભાળ્યો સાથ ॥૮૮॥ હવે હું આ ઘરમાં આવી પડ્યો છું સહી : મરવા ઉપર દલ રાખું છું તહી ॥૮૯॥ ત્યારે તો હવેરે જાણ્યું જે આ મુસલીમ ખરા સહી જાણ : મુસલીમને પગે પડી નીરવાંણ ॥૯૦॥ ઘર પોતાનું ચોખ્ખું કરીને મુસલીમને બેસાડ્યા ખરા : ખાવા પીવાને હાજર ધર્યા ॥૯૧॥ ત્યારે મુસલીમે ખાંણુ ખાઈને નીમાજ ગુજારી સહી : એવા મધે રાત થોડી સી ગઈ ॥૯૨॥ ત્યારે ડોસીનો બેટો બહારથી આવ્યો તે વાર : માનું ચલણ જુવે છે અપાર ॥૯૩॥ ડોસી ઘરને બહાર આવ જા કરે : ત્યારે બેટો મા શું ઓચરે ॥૯૪॥ અરે મા તુમારા જીવને શો છે સંતાપ : ઘરમાંથી બહાર આવજા કરો છો અપાર ॥૯૫॥ ત્યારે ડોસીએ દીધો જવાબ : તું તારૂં કામ કરને આપ ॥૯૬॥ ત્યારે બેટો કહે મને કહોને સાર : ત્યારે ડોસી બોલી તે વાર ॥૯૭॥ તું સોગન ખાયતો કહુ તુજને વાત : કોઈની આગળ કહેવું નહી સાખીઆત ॥૯૮॥ ત્યારે બેટે સોગન ખાધી સહી : એ ભેદ કોઈની આગળ કહીશું નહી ॥૯૯॥ સાંભળો બેટા આપણે ઘેર મુસલીમ આવ્યા છે જાણ : તે આવીને છપ્યા પરમાણ ॥૧૦૦॥ તે મેં એમને રાખ્યા છે સહી : એ વાત કોઈને કહેવી નહી ॥૧૦૧॥ ત્યારે બેટો બોલ્યો નહી લગાર : જઈને સુતો પોતાના ઘરને ઠાર ॥૧૦૨॥ ત્યારે મુસલીમે સપનું દીઠું તે જાગ : એકાએક ઉઠી

બેઠા થયા આપ ॥૧૦૩॥ ઈમાંમહુસેનની જુદાઈથી રોયા અપાર : બીજા દીકરાની જુદાઈથી તેવાર ॥૧૦૪॥ જ્યારે વહાંણુ વાયુ તે સમે સાર : ડોસીનો દીકરો ગયો નીરધાર ॥૧૦૫॥ અબદુલાજાહેદને સર્વે વાત કહી : મુસલીમ અકીલ મારે અહિં આવી છપ્યા છે અહી ॥૧૦૬॥ ત્યારે અબદુલાજાહેદે ઢંઢેરો તે મહોલ્લામાં ફેરવ્યો તેવાર : જે કોઈ મુસલીમ અકીલને અહિં આંણે સાર ॥૧૦૭॥ વળી તેનું કામ કરૂંતે સહી : હજાર દીનાર સોનાના આપુ તહી ॥૧૦૮॥ જે કોઈ મુસલીમને છપાડે જે : તેનાં ઘરબાર લુંટી લેઉતે ॥૧૦૯॥ વળી તે ઘરના ખાવંદને કતલ કરૂંતે વાર : ત્યારે ડોસીનો બેટો બીન્યો અપાર ॥૧૧૦॥ ત્યારે ડોસીને દીકરે મહંમદઅસાબાને કહ્યું તે સાચ : મુસલીમ મારા ઘરમાં છે સાખીઆત ॥૧૧૧॥ મહમદઅસાબા અબદુલા પાસે ગયો : આવીને ત્યાં સરખરૂ થયો ॥૧૧૨॥ મુસલીમઅકીલ જડ્યા છે સહી : એક ડોસીના ઘરમાં છપ્યાછે તહી ॥૧૧૩॥ ત્યારે અબદુલાજાહેદ ખુસી થયો અપાર : ત્યારે તેણે શો કર્યોં વીચાર ॥૧૧૪॥ ત્યારે અબદુલાજાહેદે ઉમરબીન હરેસને કહ્યુંતે જાણ : ત્રણસો આદમી ખાસાં લઈ જાવો પરમાણ ॥૧૧૫॥ તે આદમી મહમદઅસાબાને આપ્યાં સહી : જઈને કહેજો મુસલીમને પકડી લાવો અહી ॥૧૧૬॥ ત્યારે મહંમદ અસાબા અસવાર લઈને તહી : પેલી ડોસીના ઘરમાં છપ્યા છે જહી ॥૧૧૭॥ તે ડોસીનું ઘર ઘેરી લીધું તે વાર : મુસલીમ નીમાજ પડીને બેઠાહતા સાર ॥૧૧૮॥ એવામધે ઘોડાના પગનો અવાજ સુણ્યોતે સહી : મને બોલાવવા આવ્યા દરબારના લોક તહી ॥૧૧૯॥ પછી પોતે ઉઠીને હથીઆર બાંધી કરીતે વાર : પોતે ઘરની બહાર નીકળ્યા તે સાર ॥૧૨૦॥ વળી પેલા લોકોએ એમના ઉપર હુમલો કર્યો છે સહી : તે હુમલા મધે સો આદમી મુસલીમે માર્યા તહી ॥૧૨૧॥ એ ખબર અબદુલાજાહેદને પહોંચી તે વાર : મહંમદ અસબાને એણે કહાવ્યું તે સાર ॥૧૨૨॥ તમને ત્રણસો આદમી આપ્યા પકડવાને કાજ : તમે એક આદમીથી થાક્યા આજ

॥૧૨૩॥ એક આદમીએ સો આદમી માર્યા જે એ શું થયું : એના આગળ કહો કેમ ઉભું ના રહ્યું ॥૧૨૪॥ મુસલીમ એક આદમી જમા મરદ હતા : પણ તમે ત્રણસેં જમા મરદ કોઈ ના પડીઆ છતા ॥૧૨૫॥ ત્યારે મહમદ અસાબે કહાવ્યું તહી : સુણો અબદુલા વાત અમારી સહી ॥૧૨૬॥ મને શું લઈ પીજારાને પકડવા મોકલે છે આજ : એતો પેગાંબર ના ફરજન છે સીરના તાજ ॥૧૨૭॥ એક તલવાર ખેંચે છે તેથી કોઈ ઉભુ ના રહે : એની તલવારની આંચ કોઈના સહે ॥૧૨૮॥ એક હુમલે અસવાર માર્યા છે અતી ઘણા : જેમ વાઘથી બકરાં નાસે તમ તણાં ॥૧૨૯॥ ત્યારે અબદુલાજાહેદે કહાવ્યું સહી : એમને કોલ આપો એ મારસે નહી ॥૧૩૦॥ એને મારી પાસે બોલાવી લાવોને આજ : એને કોલ દીધા વીના નહી થાયે કાજ ॥૧૩૧॥ ત્યારે મહંમદ અસાબા બોલ્યા મુસલીમ શું જઈ : તમે તલવાર નાખી દોને અહી ॥૧૩૨॥ તમને હાકમ કોલ દેછે તે માંનોને આજ : તો રહેસે મુસલીમ તમારી લાજ ॥૧૩૩॥ ત્યારે મુસલીમ બોલ્યા તહી : એના કોલની અમને ગરજ નહી ॥૧૩૪॥ વળી તમારો ભરોસો અમને નહી લગાર : તમારે હમારે હવે શી દરકાર ॥૧૩૫॥ કુફીલોકે બેવફાદારી કીધી સહી : તે વફાદારી હવે કરે નહી ॥૧૩૬॥ વળી બીજી વાર મુસલીમે હુમલો કર્યોતે વાર : તે હુમલે આદમી માર્યા અપાર ॥૧૩૭॥ મહંમદઅસાબા મુસલીમ સુ આજીજી આવે સહી : ત્યારે ઘોડા ઉપરથી આદમી ઉતાર્યા તહી ॥૧૩૮॥ એ પગપાળા થયા તે વાર : તે ઘરની મેડી ઉપર ચડ્યાસાર ॥૧૩૯॥ ઉપર ચઢી પથર માર્યા અપાર : મુસલીમને જખમી કીધા સાર ॥૧૪૦॥ ત્યારે મુસલીમે મક્કાની તરફે મોં ફેરવ્યું તહી : ત્યાં ઈમાંમહુસેનને સંભાર્યા સહી ॥૧૪૧॥ સાંભળો ઈમાંમહુસેન તમારા ભાઈ ઉપર સો ગજબ થાય છે અપાર : પથ્થરના માર પડે છે યાર ॥૧૪૨॥ હવે ખુદાની રાહ ઉપર સઈઅદ થાઉછું તે સાચ : આ છેલી સાંભળો મારી અરદાસ ॥૧૪૩॥ એવા મધે બીજો પથ્થર આવ્યો તે વાર : તે હોઠદાંત પર લાગ્યો તે સાર ॥૧૪૪॥ તે લોહી

નીકળીને દાઢી ઉપર આવ્યું તહી : ત્યારે મુસલીમ અકળાયા સહી ॥૧૪૫॥ ત્યારે મુસલીમ પીઠ દઈ ઉભા રહ્યા : ત્યાં પણ મારવાના મનસુબા થયા ॥૧૪૬॥ તે બકરબીનજમરાંનની ભીંત હતી તે સહી : તે તલવાર કાઢીને આવ્યો તહી ॥૧૪૭॥ તેણે તલવાર મુસલીમના માથા પર નાખીતે વાર : તે મુસલીમના હોઠ ઉપર લાગીતે સાર ॥૧૪૮॥ તે ઉપલો હોઠ કપાયો સહી : ત્યારે મુસલીમે તલવાર ખેંચી તહી ॥૧૪૯॥ તે બકરના ઉપર નાખી તલવાર : તેનું માથું દસગજ વેગળું પડ્યું તે સાર ॥૧૫૦॥ ત્યારે ફરી પીઠ મુસલીમે ભીતે લગાવી તહી : ત્યાં હાથે તલવારને ઉભા સહી ॥૧૫૧॥ ત્યારે મુસલીમ કહે છે ઈયા પરવરદીગાર : એક ઘુંટ પાણીની કોઈ પાએતો સાર ॥૧૫૨॥ ત્યારે કુફી બેવફા ઉભા ઉભા જુવે તે વાર : કોઈ એક ઘુંટ પાણીની ના પાતા સાર ॥૧૫૩॥ ત્યારે તેવેળા એક ડોસી પાણીનો કટોરો ભરી લાવી તહી : મુસલીમના હાથમાં આલ્યો સહી ॥૧૫૪॥ ત્યારે મુસલીમે પાણી પીવા માંડ્યું તે વાર : તે મોંના લૌહીથી પાણી લોહીભર્યું થયુંતે સાર ॥૧૫૫॥ તે પાણી મુસલીમે નાખી દીધુ તેવાર : વળી ડોસી પાણી લાવી તહી ॥૧૫૬॥ તે પાણી વળી લોહી ભર્યું થયું : તે પાણી વળી પીધું ના ગયું ॥૧૫૭॥ ત્રીજીવાર પાણી પીવે જ્યારે : મોંના દાંત પાણીમાં નીકળી પડ્યા તે વારે ॥૧૫૮॥ ત્યારે મુસલીમે હાથમાંથી પ્યાલો નાખી દીધો તે વાર : અમારે પાણી પીવું કઆંમતને દિન છે સાર ॥૧૫૯॥ પછી આદમી ચારેતરફ ઘેરીને વળ્યા : પકડીને અબદુલા પાસે લઈ ગયા ॥૧૬૦॥ ત્યારે ત્યાં અબદુલાને મુસલીમે સલાંમ ના કરી : ત્યારે તે વેળા લોક બોલ્યા ફરી ॥૧૬૧॥ ત્યારે મુસલીમ બોલ્યા સાર : એની સલાંમનો મને સો વીચાર ॥૧૬૨॥ નહી સલાંમતી દુનીયાંની હાંસલ થાયે : નહી સલાંમતી આખરનીપાય ॥૧૬૩॥ એની સલાંમની મને શી છે ગરજ : જે થનાર હશે તે થાસે તરત ॥૧૬૪॥ ત્યાં સુધી અબદુલાજાહેદ નીચુ જોઈ રહ્યો : પછી ઉચુ જોઈને જવાબ કર્યો ॥૧૬૫॥ અરે મુસલીમ તમે એફીતુર કાં

ઉઠાવો આ જાગ : ત્યારે મુસલીમ બોલ્યા બેભાગ ॥૧૬૬॥ મુસલમાંનના ઈમાંમહુસેન છે જાણ : તેને હુકમે હું આવ્યો પરમાણ ॥૧૬૭॥ તેને હુકમે ખુદા રાજીછે સહી : પણ કમબખત લોકે માન્યા નહી ॥૧૬૮॥ તે હક્કના રાજી ના થયા જાણ : હવેતું મુજને મારીસ પરમાણ ॥૧૬૯॥ તે વાત મને નીશ્ચે છે સહી : તું વાત મારી સાંભળ જે અહી ॥૧૭૦॥ મારા કબીલા માંથી કોઈને બોલાવો અહી : તેને વસીએત કહેવીહોયતે કહું સહી ॥૧૭૧॥ તેવા મધે ઉમરસાદને દીઠાતે સાર : સાંભળો ઉમરસાદ કહુ વીચાર ॥૧૭૨॥ તમારે અમારે નજીકની છે સગાઈ : તમને ત્રણ વસીઅત કહું છું ભાઈ ॥૧૭૩॥ પહેલી વસીઅતનો એ છે વીચાર : ત્રણહજાર દીરમ કરજ મારે છે સંચરાચાર ॥૧૭૪॥ મારો ઘોડો નામાંન હુજાબને ત્યાં છે સહી : બીજાં મારાં હથીઆર લેજો અહી ॥૧૭૫॥ તે સર્વે વેચીને મારૂં કરજ આપજો સાર : ત્યારે ઉમરસાદે માન્યું નીરધાર ॥૧૭૬॥ ત્યારે અબદુલાજાહેદ બોલ્યો કરીશું સહી : તમારા માલથી તમારૂં કરજ અદા કરીશું સહી ॥૧૭૭॥ તે વાતની અમે મનાઈ નથી કરતા લગાર : વળી વસીઅત બીજી કહોને સાર ॥૧૭૮॥ ત્યારે મુસલીમ બોલ્યા વાત : મારૂ માથું તમે સાંમમાં મોકલસો સાખીઆત ॥૧૭૯॥ ત્યારે મારા જુસાને અબદુલા પાસેથી માગી લેજો સહી : અવલ જગાએ દફન કરજો તહી ॥૧૮૦॥ ત્યારે અબદુલા જાહેદ બોલ્યો સાર : તમારા જુસાને તમે કહી જાવો આવાર ॥૧૮૧॥ જે ચહાવે સો અબદુલા કરે : બોલ અમારા પાછા ના ફરે ॥૧૮૨॥ ત્રીજી વસીઅત કરજો એ : ઈમાંમહુસેનને ખત લખજો એ ॥૧૮૩॥ તમારા કાકાનો બેટો માર્યો ગયો તે જાણ : આ તરફ તમે ના આવસો પરમાણ ॥૧૮૪॥ ત્યારે અબદુલાજાહેદ બોલ્યો વાચ : હુસેન અમ ઉપર આવેતો અમે લડીએ સાચ ॥૧૮૫॥ ખીલાફતનો દાવો મેલી દેસે સહી : તો અમે એમને મારીશું નહી ॥૧૮૬॥ પછી અબદુલાજાહેદ બોલ્યો એ : કોઈ મીજલસમાંથી આવો તે ॥૧૮૭॥ મુસલીમને બાલખાંના ઉપર લઈને જાઓ : ગરદન મારવાને તૈયાર થાઓ

॥૧૮૮॥ ત્યારે બકરબીનજમરાંનનો બેટો હાજર હતો તે વાર : તે વેળા તે બોલ્યો સાર ॥૧૮૯॥ એ કામ મારૂં છે સહી જાણ : મારો બાપ એણે માર્યો છે પરમાણ ॥૧૯૦॥ ત્યારે બક્કરનો બેટો મુસલીમનો હાથ પકડીને લઈ ગયો : મેડી ઉપર ચડતો થયો ॥૧૯૧॥ ત્યારે મુસલીમ ખુદા પાસે દુવા માગે છે એ : સાચું કહીને જુઠું માન્યું તે ॥૧૯૨॥ તે લોકોને તમે પુછી લેજો આખરીત માહે : પછી મેડી ઉપર ચઢ્યાછે ત્યાંયે ॥૧૯૩॥ મુસલીમે મક્કાની તરફ મોં કર્યું છે સહી : ઈમાંમહુસેનથી અરજી માંડી તહી ॥૧૯૪॥ તમારી ઉમતે મને બફા ના કરી : તમારો દેદાર કઆંમત કરીશું ફરી ॥૧૯૫॥ પછી મુસલીમે નીચું જોયું તે વાર : બહુ ખલક મલી છે સમાર ॥૧૯૬॥ ત્યારે તે લોકોને કહેવા લાગ્યા એ : મારૂં પહેરણ લોહી ભર્યું કરીને મોકલજો તે ॥૧૯૭॥ ઈમાંમહુસેનને કહેજો જઈ : તમારા કાકાના બેટાની આ હકીકત થઈ ॥૧૯૮॥ વળી મારા બેટાને મારો સલામ કહેજો સાર : ત્યારે તેલોક રોવા લાગ્યા અપાર ॥૧૯૯॥ પછી મુસલીમ ઉભા રહીને : કલમો કહીને કતલની રાહજુવે : ખુદાને સંભારેને દલમાં રૂએ ॥૨૦૦॥ પછી બકરનો બેટો ઉઠ્યોતે વાર : મુસલીમ ઉપર તલવાર ચલાવે સાર ॥૨૦૧॥ જેવી ચલાવે તેવે હાથ સુકાઈ ગયો : એવી ખુદરત ખુદાએ કરી તહીએ ॥૨૦૨॥ ત્યારે અબદુલાજાહેદે તેને તેડ્યોતે વાર : મુજને ખબર કહે એ વાતની સાર ॥૨૦૩॥ તે આવીને ઉભો રહ્યો : અબદુલાજાહેદથી તે ઓચર્યો ॥૨૦૪॥ મેં એક મરદ દીઠો વીકરાળ : તેણે મારો હાથ પકડ્યો તે વાર ॥૨૦૫॥ મારી આંગળીઓ ભચરડી નાખી સહી : વળી દાંતે ચાવી તહી ॥૨૦૬॥ તે માટે હું બીન્યો અપાર : તે થકી હાથ સુકાયો નીરધાર ॥૨૦૭॥ મારી ઉમર મધે હું કદી નથી બીન્યો કહી : એવો હું મુસલીમને મારતાં બીન્યો અહી ॥૨૦૮॥ ત્યારે અબદુલા બોલ્યો સાર : એની બીક તને લાગી આવાર ॥૨૦૯॥ ત્યારે અબદુલા જાહેદે બીજાને મોકલ્યો તહી : મુસલીમને સઈઅદ કરવા સહી ॥૨૧૦॥ ત્યારે તે મહોલની મેડી ઉપર આવ્યો તે

વાર : ત્યારે તેણે નબીસાહેબને દીઠા સાર ॥૨૧૧॥ નબી રસુલીલા ઉભા સરજોર : જાણે અજવાળું ખરા બપોર ॥૨૧૨॥ તે દેખીને તેનું કાળજું ફાટીને ગયું : તેનું મોત તો ત્યાં આવીયું ॥૨૧૩॥ વળી તે વાત અબદુલાએ જાણી સહી : ત્યારે વળી સાંમનો આદમી બીજો મોકલ્યો તહી ॥૨૧૪॥ મુસલીમને સઈઅદ કર્યાતે વાર : માથું કાપી લાવ્યો અબદુલા પાસે સાર ॥૨૧૫॥ અને ધડ હતું તે મહોલની નીચે નાખી દીધું બહાર : બધા શહેરમાં પડ્યો હલહલકાર ॥૨૧૬॥ બોલ્યા **બુદરદીન** કરમ કથાની વાત : અમને નડસે તે ખાસે ઘાત ॥૨૧૭॥ કુલ પટોરાં : ૩૧૪૯:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૪૩ મું :

વીલાપની વાંણ છે :

મુસલીમને માર્યા મુસકેલથી રે : શહેરમાં પડ્યોરે પોકાર ॥૧॥ હાહાકાર વરત્યો શહેર માં રે : જે હતા હુસેન કેરા દોસ્ત ॥૨॥ પછી અબદુલાજાહેદ બોલીઓ રે : એમના ધડનો કરોને ઉપાય ॥૩॥ મુસલીમનું ધડવળી લાઈએ રે : બીજુ હાંનીનું તેવાર ॥૪॥ બેના જુસાને ત્યાં ટાંગીઆંરે : જ્યાં છે કસાઈનો બજાર ॥૫॥ એવી અદાવત ધરમની રે : આજ એવું નહીરે લગાર ॥૬॥ આજ શરમ રાખેછે સાહોજી રે : તે **બુદરદીન** કીરતાર ॥૭॥ આજ આકરીત કરૂ તમ ઉપર રે : તો ભાગ્યા નાઠા એતો જાય ॥૮॥ અમે નજર રાખુછું રહેમની રે : અમો તમો મલુછું એક જાગ ॥૯॥ બેજણના માથાં મોકલ્યાં રે : દમેસક શહેરને વળી માંહે ॥૧૦॥ તેની હકીકત લખી અજીદને રે : અબદુલાજાહેદે વળી ત્યાંય ॥૧૧॥ તે ખત પહોંચ્યા અજીદને રે : તેણે વાંચીજોયા ત્યાંય ॥૧૨॥ ત્યારે અજીદત્યાં બોલીઓ રે : એ માથાં ટાંગો દરવાજાને માંહે ॥૧૩॥ તે ખતનો જવાબ લખી મોકલો રે : ભલું સારૂં કીધુ કામ ॥૧૪॥ વળી હુસેન આવે છે ઈરાકમાં રે : તેને સંભાળજોને ત્યાંયે ॥૧૫॥ તેને આવવાની રાહ બંધ

કરજો રે : બીજીવાત કહું તે સાર ॥૧૬॥ વળી હુસેનના સરીખ જેથાય રે : તેને કતલ કરજો સહી ॥૧૭॥ તે કાગળ આવ્યો અજીદનો રે : અબદુલાજાહેદ પાસે ત્યાંયે ॥૧૮॥ કાગળ વાંચીને ખુશી થયો રે : મનમાં હરખ્યોરે અપાર ॥૧૯॥ એવા મધે ત્યાં શું થયું રે : ચુંગલીએ ચાડીખાધી તહી ॥૨૦॥ અબદુલા જાહેદ પાસે આવીયો રે : તેને કર્યું જાણ ॥૨૧॥ મુસલીમ કેરા બેટા બે હતા રે : તે આ શહેરમાં છપીઆ આજ ॥૨૨॥ ત્યારે અબદુલાજાહેદે સાંભળ્યું રે : તેણે ફેરવી દુંડી તેતો સાચ ॥૨૩॥ મુસલીમના બેટા જેણે રાખીઆ રે : તેને લાવી કરોને હજુર ॥૨૪॥ એવા મધે અમે જાણીશું રે : તેનાં ઘરબાર લુંટું સાર ॥૨૫॥ વળી હું તેને કતલ કરૂં રે : એવું જાણજો નીરધાર ॥૨૬॥ એવો ઢંઢોરો ફેરવ્યો રે : વળી શહેરને ચોકને બજાર ॥૨૭॥ વળી ગલીએ તેને ફેરવ્યો રે : શહેરમાં પડ્યોછે રે ત્રાસ ॥૨૮॥ ત્યારે મુસલીમના બેટા ક્યાં હતા રે : શહેરના કાજીને વળી ત્યાંયે ॥૨૯॥ ત્યાં શહેરના કાજી શું કરે રે : છોકરા તેડ્યા પોતાની પાસ ॥૩૦॥ પાસે બોલાવીને હેત કર્યું રે : કાજી રોઆ રે અપાર ॥૩૧॥ રોતા રોતા બેહોશ થયા રે : છોકરે જાણી કારણ વાત ॥૩૨॥ બાપની ખબરો તેમને નહી રે : વીમાસણ પડીઆ તેણી વાર ॥૩૩॥ કહે બાવાની ખબરો ખોટી હસે રે : આવડા રૂએ હજરત આજ ॥૩૪॥ ત્યારે બે ભાઈ એ ત્યાં પુછીયું રે : અમને જોઈ કેમ રૂઓછો આજ ॥૩૫॥ કાજીએ જાણ્યું છાંનું રાખીએ રે : છાનું રહ્યું નહીં તે વાર ॥૩૬॥ કહે તમારા બાપતો સઈઅદ થયા રે : તેથી રોઆ અમે અપાર ॥૩૭॥ સબુરી માંગો તમે ખુદા કનેરે : ત્યારે બે ભાઈ રોઆ રે અપાર ॥૩૮॥ બે ભાઈ મુરછા પડ્યા રે : સુધસાંન ગઈ તેણી વાર ॥૩૯॥ મુરછા વળી ત્યારે ઉઠીઆ રે : રોવા લાગ્યારે અપાર ॥૪૦॥ અરે બાવાજી અમને એકલા રે : કેમ મુકી ગયા તમે આજ ॥૪૧॥ અતીમ કરી અમને ક્યાં ગયા રે : આ સો થયો રે ઉતપાત ॥૪૨॥ સુખને કાજે સાથે આવીયા રે : દુઃખતો લખ્યાંરે લલાટ ॥૪૩॥ વકરે પંથે અમે આવીયા રે : ત્યાં અમને પાણી પાઆં

સાર ॥૪૪॥ અમારી બરદાસ તે કોણ કરે રે : બાવા અમને તેડો સાથ ॥૪૫॥ એવો વીલાપ કરે બે જણા રે : રોઈ રોઈ રૂદન કરેરે અપાર ॥૪૬॥ વળી તે કાજી બોલીઆ રે : શું તમે રૂઓછો કૈ અપાર ॥૪૭॥ તમારી સોધને નીકળ્યાં રે : માણસ અબદુલાનાં સાર ॥૪૮॥ માટે છાંના રહો તમે છોકરા રે : આ શહેરમાં જાણે મુજને સઉ ॥૪૯॥ જે એ ઈમાંમહુસેનના દોસ્ત છે રે : એવું જાણે સારી જાન ॥૫૦॥ માટે છાંના રહો તમે આ સમેરે : નહીતો જાણે સઘળા લોક ॥૫૧॥ દુશ્મન સોધે છે તમને રે : હું તમારો તરસખાઉછું આજ ॥૫૨॥ અમે વીચાર કર્યો છે આ સમેરે : તમને સોપું કોઈને જઈ ॥૫૩॥ તે મદીને પહોંચાડી મેલસે રે : એવો સોધુછું સંગાથ ॥૫૪॥ બે ભાઈ બીન્યા અબદુલા થકી રે : ભુલી ગયા બાવાને તે ત્યાંય ॥૫૫॥ કાજીએ માણસ બે સોધીઆ રે : દીનાર તેને આલ્યા પાંચ હજાર ॥૫૬॥ ત્યારે કાજીના બેટા આવીયા રે : તેનું નામ અસાદ એ જાણ ॥૫૭॥ તેણે ઈરાકનો કાફલો સોધીઓ રે : તે જાય મદીનાતે ત્યાંય ॥૫૮॥ ત્યારે કાજીએ બેટાને કહ્યું રે : આ બેને લઈ જાઓ બહાર ॥૫૯॥ કોઈ સારા આદમી તેને સોંપજો રે : જે પહોંચાડે મદીનાને માંહે ॥૬૦॥ અસાદ અંધારી રાતે નીકળ્યા રે : સાથે લીધા બેને સાથ ॥૬૧॥ બે ભાઈને આગળ કર્યા રે : નીકળ્યા દરવાજાની બહાર ॥૬૨॥ એવા મધેત્યાં શું થયું રે : કાફલો ઉઠ્યો તરત તે વાર ॥૬૩॥ દુરથી દીઠી રજકણ ઉડતી રે : ઉતાવળા ચાલ્યા તેણી વાર ॥૬૪॥ તે તો કાફલા પાછળ દોડીઆ રે : થોડે દુર ગયા છે વળી તાહે ॥૬૫॥ તે કાફલો આગળ નીકળી ગયો રે : તે પછી માલમ ના પડીઓ કાંઈ ॥૬૬॥ કોઈ નજરે ત્યાં તો ના પડ્યું રે : વાટે ભુલા પડીઆ ત્યાંયે ॥૬૭॥ બહાર ચોકી ફરે અબદુલા તણી રે : તે ચોકીમાં પડીયારે તે વાર ॥૬૮॥ તે ચોકીએ જાણીતે વારતા રે : એ મુસલીમ કેરા બેટા સહી ॥૬૯॥ તેરે વખત તેણે પકડીઆ રે : બેના હાથ બાંધ્યા તે વાર ॥૭૦॥ તે ચોકીના સરદાર ને સોંપીઆ રે : તે દુશ્મન ઈમાંમહુસેનનો સહી ॥૭૧॥ તે રાતની વેળા લઈ ગયો રે :

અબદુલાજાહેદ કેરે પાસ ॥૭૨॥ બંદીખાંને તેને મોકલ્યા રે : ખત લખ્યા અજીદને વળી ત્યાંયે ॥૭૩॥ મુસલીમના બેટા બે હતા રે : તેને પકડ્યા છે અમે આંહે ॥૭૪॥ નવદસ વરસની ઉંમરમાં રે : બેટા મુસલીમના છે એ ॥૭૫॥ એમના બાપને માર્યા પછી પકડીઆ રે : બંધીખાંને રાખ્યાછે અમે આંહે ॥૭૬॥ તમારો હુકમ જ્યારે આવસે રે : તે અમે કરી શું રે કામ ॥૭૭॥ એવો કાગળત્યાં મોકલ્યો રે : દમેસક અજીદને ત્યાંયે ॥૭૮॥ બંદીખાંને જ્યારે નાખીઆ રે : ત્યાં તો ચોકી મેલી સાર ॥૭૯॥ ત્યાં ચોકીદારનું નામ છે રે : મસકુર તેનો છે સરદાર ॥૮૦॥ તે મુરતુજાઅલીનો દોસ્ત છે રે : તેણે કીધી છે બરદાસ ॥૮૧॥ જ્યારે શાહાજાદાને બંદીખાંને લાવીઆ રે : તેમને પગે પડ્યા છે ત્યાંયે ॥૮૨॥ સારી જગાએ બેસાડીયા રે : ખાંણુ હાજર કીધું ત્યાંયે ॥૮૩॥ સારી પેઠે ચાકરી તેણે કરી રે : જ્યારે પડીછેરે રાત ॥૮૪॥ જ્યારે શહેર નગર સરવે સુઈ રહ્યાં રે : તેને બંદીખાનેથી કહાડ્યા બહાર ॥૮૫॥ કાસદીયા ગામ ઉપર કાઢીઆ રે : બીજી આપી નીસાંની ત્યાંયે ॥૮૬॥ આ અંગુઠી મારા ભાઈને આપજો રે : તે તમને પોચાડસેરે ત્યાંયે ॥૮૭॥ અમનની રાહે ચાલજો રે : ત્યાંથી પહોંચો કાસદીએ જાણ ॥૮૮॥ તે ભાઈ અમારાને બોલાવજો રે : આ અંગુઠી આલો તેને હાથ ॥૮૯॥ તે તમને મદીને પહોંચાડશે રે : એમ કહી કર્યા છે વીદાય ॥૯૦॥ ત્યારે શાહાજાદા એ તેને દુવા કરી રે : રાહ મધે ચાલ્યા ચાલ્યા જાય ॥૯૧॥ પણ તકદીર આગળ તદબીર શું કરે રે : ત્યાં કોઈનું ચાલે નહી લગાર ॥૯૨॥ ખુદા આગળ કોઈનો ચારો નહી રે : તેને કરી મેલ્યો ઠરઠાંમ ॥૯૩॥ એમના બાવા પાસે જ્યારે જાવું લખ્યું રે : ત્યારે બીજીવાર ભુલા પડ્યારે ત્યાંયે ॥૯૪॥ બધી રાત ફરતાં ગઈ રે : ઉદીયાચળ ઉગવા માંડ્યો જાણ ॥૯૫॥ સુરતા રાખી ત્યારેતે જુવે રે : ત્યારે ત્યાં શહેરના દરવાજાને પાસ ॥૯૬॥ મોટા ભાઈ નાના ભાઈને પ્રીછવે રે : હજુસુધી શહેર કેરે પાસ ॥૯૭॥ હવે વહાણું વાઆની તક થઈ રે : દુશમન લોક આવસે આંહે ॥૯૮॥ વળી આપણને પકડી કેદ કરે રે : માટે

કરીએ એક વીચાર ॥૯૯॥ શહેરની ડાબી તરફે એક વન છે રે : તે વન ખજુરીનું ત્યાંયે ॥૧૦૦॥ તે ડાબી તરફે ચાલીઆ રે : ત્યાં એક પાણીનું તલાવ ॥૧૦૧॥ તેની તેડે એક ઝાડ હતું રે : તે તો પોલું હતું તે વાર ॥૧૦૨॥ પોલારમાં પેસી છપી રહ્યા રે : તે ત્યાં બપોર વીતી જાણ ॥૧૦૩॥ બોલ્યા ***બુદરદીન*** સાંભળો રે : એવાં દુ:ખતમને નહી ॥૧૦૪॥ જરાક આવે થાય કાંગલા રે : તેતો વેઠ્યું તમથી ના રહેવાય ॥૧૦૫॥ પણ કંચન હસેતે કામ આવસે રે : નહીતો નાખું ધમણની માંહે ॥૧૦૬॥ ધમણ ધમીને કંચન કાઢીએ રે : કહે છે ***બુદરદીન*** બલીહાર ॥૧૦૭॥ કુલ પટોરાં : ૩૨૫૫:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૪૪ મું :

સતગોર શંભુ એણી પેરે બોલ્યા : તે વાંણ છે :

મોટ મોટેરા નુર ખલીફા :વિપતો એવી વેઠી : વનમાં રહી વીમાંસે કેવા : દહેશત મનમાં પેઠી ॥૧॥ બપોરની જ્યારે વેળા થઈ છે : ત્યાં પાંણી ભરવા એક આવી : તે હબસાંણી મોટા ઘરની : હાથમાં અસ્તાવો લાવી ॥૨॥ તે જ્યારે પાણી ભરવા જાએ : તે પાણીમાં સુરતા દીઠી : ત્યારે તેતો અજબ થઈ છે : દહેશત દલમાં પેઠી ॥૩॥ એવા મધ્યે ઉંચું જોયું : ત્યારે બેને જોયા : અસ્તાવાને હેઠો મેલ્યો : ત્યારે બે ભાઈત્યાં રોયા ॥૪॥ તે હબસાંણી આવી પાસે બેઠી : બેને પુછે વાત : શા માટે તમે છુપી રહ્યા છો : તે વાત કહો સાખીઆત ॥૫॥ ત્યારે શાહાજાદા વાણી બોલ્યા : અમે અતીમ થયા છું આજ : અમે બાવાથી દુરપડ્યા છું : કેમ રહેસે અમારી લાજ ॥૬॥ વળી અમે રાહ ભુલ્યા છું : તે માટે અમે છપીઆ : ત્યારે હબસાંણી વાત પુછે છે : કોણ બાવા કેમ લાવીઆ ॥૭॥ જ્યારે બાપનું નામ લીધુ છે : ત્યારે રોવા લાગ્યા અપાર : ત્યારે હબસાંણી કહેવા લાગી : હું જાણું છું તમને સાર ॥૮॥ તમે છો મુસલીમના બેટા : અકીલદાદાનું નામ : ત્યારે શાહાજાદા કહેવાલાગ્યા : તું દોસ્ત કે દુશ્મન ॥૯॥ ત્યારે લુંડીસાચું બોલી

: હુ દોસ્ત તમારી સાચી : મારી બીબી દોસ્ત તમારી : એમાં નહી આધીને પાછી ॥૧૦॥ ત્યારે લુંડી કહે સાંભળો શાહાજાદા : તમે આવો મારી સાથે : મારી બીબીપાસે તમને મહેલું : તમે આવો મારી સંગાથે ॥૧૧॥ રખે અંદેસો મનમાં કરતા : ખતરો કાંઈ ના રાખો : સાથે આવો સારૂં થાસે : દલમાં બીજુ ના ભાખો ॥૧૨॥ પછી શાહાજાદા તેની પાછળ ચાલ્યા : ઘેર લેઈ બેસાડ્યા : પછી બીબી ને જઈને કહ્યું : મુસલીમના બેટા સારા ॥૧૩॥ તેને લઈ હું તમકને આવી : બીબી ખુસીથયાં : લુંડાઈને વધાઈઓ આપી : બીબીઅચંબે થયાં ॥૧૪॥ આ શી વાત જે મુસલીમના બેટા : આપણા ઘેર આવ્યા : લુડીને આઝાદ કીધી : તે મારે મન ભાવ્યા ॥૧૫॥ ઉઘાડે પગે ઉઘાડે માથે : ચાલી આવી ત્યાંયે : જ્યાં બેઠા મુસલીમના બેટા : હરખ ભરી મનમાંહે ॥૧૬॥ ત્યાં આવીને પગે પડી છે : ગળે વળગીને રોઆં : માની પેઠે હેત કરીને : દલ હુસીઆરી જોયાં ॥૧૭॥ પછી તે બીબી એવું બોલી : જેણે તમને દુખ દીધાં : બાવાથી વીજોગ પાડ્યા : તેણે વિષના પ્યાલા પીધા ॥૧૮॥ પછી ઘરમાં જઈ બેસાડ્યા : અને ખાણું ખાવા લાવ્યાં : ખવરાવી આસીષ લીધી : દીલાસા બહુ દીધા ॥૧૯॥ બીબીએ લુંડીને વારી : એ ભેદ કોઈને ના કહેસો : મારો ખાવંદ ઘેર આવેતો : જવાબ જરાના દેસો ॥૨૦॥ મારો ખાવંદ દુશ્મન એમનો : જાણેતો ના મુકે : તે માટે હું તુજને વારૂ : મારૂં હઈડુ સુકે ॥૨૧॥ જ્યારે મસકુરે મુકી દીધા : તે સુણો ને વાત : ખુદાવાસતે તેને મેલ્યા : બંદીખાનાની ઘાત ॥૨૨॥ ત્યારે અબદુલાજાહેદે જાણ્યું : મશકુરને બોલાવ્યા : મુસલીમના બેટાને લાવો : ક્યાં રાખ્યા છે છુપાવી ॥૨૩॥ ત્યારે મસકુર વાણી બોલ્યા : ખુદાવાસતે મેં મેલ્યા : ત્યારે અબદુલાજાહેદ બોલ્યો : તે મારી બીકના આંણી ઘેલા ॥૨૪॥ ત્યારે મસકુર બોલ્યા પોતે : ખુદાથી જે ડરતા : તે બંદાથી સીદ ડરે રે : મન ભાવે સો કરતા ॥૨૫॥ ત્યારે અબદુલા કહે શા માટે : મુક્યા તેં બે બાળ : ત્યારે મશકુર કહેવા લાગ્યા : તારાં જનમો જનમનાં કાળાં ॥૨૬॥ એમના બાપને મારી

નાખ્યા : ગુનો નહી તકસીર : જોર કરી જુલમે માર્યા : એવોતું દુષ્ટ અમીર ॥૨૭॥ બે બેટા મુસલીમના કહીએ : તેનો ગુનો નહી તકસીર : હવે તેને ના મારે તો : તેનો નથી ચારો ॥૨૮॥ અતીમ થયા તેને શું મારે : બંદીખાંને તેને દીધા : મારા શરણે આવ્યા જ્યારે : તેને મેં મુક્યા ત્યારે ॥૨૯॥ હજરત જે મહંમદ નબીજી : તેના દેદારને ચાહું : તે માટે તેને મેં મુક્યા : હુ સારા મારગને ધાઉ ॥૩૦॥ તું દેદારથી બેનસીબ થયોછું : નથી સફાઅતની આશ : રોજ કયામત સો જવાબ દેસો : તમારી કોણ કરસે બરદાસ ॥૩૧॥ ત્યારે અબદુલા ગુસ્સે થઈ બોલ્યો : મસકુરથી તે વેળા : હવડે તજારક તને દેઉછું : સઉથી મારૂં પહેલા ॥૩૨॥ ત્યારે મશકુર ત્યાં તો બોલ્યા : મારોજીવ એ ઉપર વારી : ત્યારે અબદુલાએ જોર કર્યું રે : એને બાંધો મારી ॥૩૩॥ જલાદે આવી બાંધી દીધા : કોરડા પાંચસે માર્યા : પહેલે કોરડે બીસમીલા બોલ્યા : બીજે રસુલીલા સંભાર્યા ॥૩૪॥ તીજે કોરડે ખુદને સંભાર્યા : ચોથે કીધી બરદાસ : પછી પોતે બોલ્યા નહી : મરવાની કીધી આસ ॥૩૫॥ જ્યારે પાંચસે કોરડા માર્યા : પછી આંખ ઉઘાડી : આંખો ખોલીને પાણી માગ્યું : તે કોઈએ ના આલ્યું ॥૩૬॥ ગરદન માર્યાનો હુકમ થયો છે : તે વેળા શું થાય : ઉમરબીનહરેસે માગી લીધા : લઈ પોતાને ઘેરજાએ ॥૩૭॥ પછી અબદુલાએ તેને આપ્યા : ઉમર લાવ્યા ઘેર : આસના વાસના કરવા લાગ્યા : ત્યારે મસકુર બોલ્યા ઘેર ॥૩૮॥ મને પાણી હોજકોસરનું : પીવું છે તે સાચું : મને જીવવાની આશા નહી : એમાં કોંઈ નહી કાચું ॥૩૯॥ એટલે થોડીવાર વીતી : મસકુરે મેલ્યા પ્રાણ : એવો જુલમ અબદુલાએ કીધો : તે સઉમાં થયું છે જાણ ॥૪૦॥ બે બેટા મુસલીમના કહીએ : બીબીએ ઘરમાં રાખ્યા : રાત પડી બીજે ઘેર સુવાડ્યા : શાહાજાદાત્યાં જાગ્યા ॥૪૧॥ બીબી આવી ઘરમાં બેઠી : ત્યારે ખાવંદ આવ્યો ત્યાંયે : હાર્યો થાક્યો આવી બેઠો : પોતાના ઘર માંહે ॥૪૨॥ ત્યારે ઓરતે તેને પુછ્યું : ક્યાં ગયા હતા આજ : ત્યારે ખાવંદ તેથી બોલ્યો : આપણનું હતું કાજ ॥૪૩॥ સવારે ઉઠી

અમીર પાસે : અમે ગયા હતા ત્યાંયે : તેણે દુંડી ફેરવી એવી : શહેર ચૌટાને માંહે ॥૪૪॥ મસકુરે મુક્યા મુસલીમના બેટા : બંદીખાનેથી જેહ : જે કોઈ તેને ખોળીલાવે તેને માલ મત્તા દઉં ત્યાંય ॥૪૫॥ ઘોડા આપું, દામ આપું, ન્યાલ કરૂં તે વેળા : તેને ઢુંઢવા આદમી નીકળ્યા છે : હુ ગયો હતો સર્વે પહેલો ॥૪૬॥ સરવે તરફ હું ફરીવળ્યો : મને સોધ ના લાગી : ફરતાં ફરતાં ઘોડો થાક્યો : તેની મોત આવી લાગી ॥૪૭॥વળી થોડે પગે ચાલ્યો : કંઈ સોધ્યા ના જડીઆ : એવી વાતો સાંભળીને : બીબી મનમાં ડરીઆં ॥૪૮॥ ત્યારે બીબી કહેવા લાગી : ખુદાની કોપ તમે આંણો : નબીરસુલના ફરજંદ સાથે : તે શું કામ છે જાણો ॥૪૯॥ ત્યારે ખાવંદ એવું બોલ્યો : છાંની રહે તું શું જાણે : અબદુલાજાહેદે વાઅદો કીધો : ઘોડો આપે આ ટાંણે ॥૫૦॥ અરે બેશરમી બેજબાની : અતીમ છે બૈ બાલા : દુસમન કેરે હાથ આપે તો : તારાં પેલા ભવનાં કાળાં ॥૫૧॥ ત્યારે ખાવંદ એવું બોલ્યો : એવડી ગરજ શી તારે : ઉઠ બેઠીથા ખાણું લાવ ને : એ કામ છે મારે ॥૫૨॥ ખાણું ખાઈને ખાવંદ સુતો : થોડી વાર થઈ ત્યાંય : મોટા ભાઈ ઈબ્રાહીમ કહીએ : નાંનાને જગાડે જ્યાંય ॥૫૩॥ નીંદમાંથી બેભાઈ જાગ્યા : તે કરે છે વાત : મોટાભાઈ કહેવાને લાગ્યા : આપણને મારી કરશે ઘાત ॥૫૪॥ હમણાં બાવાને મેં દીઠા છે, નબી મહંમદ સાથે મુરતુજાઅલી પોતે આવ્યા છે : બીબીફાતમાં સંગાથે ॥૫૫॥ ઈમાંમહસન પોતે સાથે : ભીસ્તમાંથી આવે : બાવા સાથે નબીમહંમદ બોલે : તે મારે દલભાવે ॥૫૬॥ અરે મુસલીમ તમારા બેટા : દુશમનમાં તમે મેલ્યા : તમારો જીવ ઈઆરી કેમ દે છે : એવું બોલ્યાતે વેળા ॥૫૭॥ ત્યારે મુસલીમ કહેવા લાગ્યા : તે મારી પાછળ આવે : કાલે આપણે એકઠા મલીસું : તે તમારે મન ભાવે ॥૫૮॥ સપનું એવું મોટાભાઈ એ દીઠું : ત્યારે નાંનાભાઈ ત્યાં બોલ્યા : મને સપનું એવું લાધ્યું : ત્યાં બેનાં હઈડાં ખોલ્યાં ॥૫૯॥ બંનેભાઈ ગળેવળગીને : રોવા લાગ્યા ત્યાંયે : રોવાનો અવાજ સુણી રે : હરેસ જાગ્યો જાંહે ॥૬૦॥ પોકાર કરીને કહેવા

લાગ્યો : સો સોર છે ઘર માંહે : આ ઘરમાં કોણ રૂએ છે : ઉઘાડો કહે તાંહે ॥૬૧॥ ત્યારે ઓરતને કહેછે દીવો કરને : તે બેહાલ થઈ ત્યાંયે : દીવો કરવાની હોંસ ના રહી રે : સથળ વથળ થઈ જાંહે ॥૬૨॥ ફરી હરેસ તો કહેવા લાગ્યો : જવાબના દીધો જેહ : આપે ઉઠીને દીવો કીધો : બે બાલકને દીઠા તેહ ॥૬૩॥ બે ભાઈઓ તો ગળે વળગી : રૂએ છે અપાર : હરેસ ત્યાં તો કહેવા લાગ્યો : તમે કોના બાળક સાર ॥૬૪॥ શાહાજાદાએ મનમાં જાણ્યું : એ આપણનો છે જેહ : તે માટે અમને પુછે છે : એવી વાત વીચારી તેહ ॥૬૫॥ તે માટે એમ કહીને દીધું : અમે મુસલીમના છું તન : ત્યારે હરેસ કહેવા લાગ્યો : તમને સોધુછુ આ દન ॥૬૬॥ તમે મારા ઘરમાં આવી બેઠા : મેં સોધું જંગલ વન : મને સોધ કંઈએ ના લાગી : સુણો મુસલીમના તન ॥૬૭॥ એવી વાત સાંભળીને છાંના રહ્યા : તમાચા બેને માર્યા : બેના વાળ એકઠા કરી બાંધ્યા : સુતા ત્યાંથી કાઢ્યા ॥૬૮॥ બાંધી કરીને ઘર બહાર આવ્યો : ઘરને દીધું તાળું : જુલમ કરવાને દલમાં વીચારે : એનું નીશ્ચે થાસે કાળું ॥૬૯॥ ત્યારે ઓરત તેને પગે પડી છે : રોઈ રોઈ કહેવા લાગી : એ અતીમ ઉપર જુલમ ના કરીએ : એ આલો અમને માગી ॥૭૦॥ જો એમના ઉપર મહેર કરોતો : સાહેબ તમપર રીઝે : કહેરની વાતો દલમાં આંણો તો : ખુદા તમપર ખીજે ॥૭૧॥ વળી બાવાથી જુદા પડ્યા છે : કોઈ નહી પરદેસમાં એનું : એનો ખ્યાલ તમે જો મેલો : મને દુખ લાગે છે તેનું ॥૭૨॥ એના હાલથી તમે બીઓતો : સાહેબ તમપર રાજી : એનો ખ્યાલ તમે નહી મેલો તો : સાહેબ તમપર કરસે બાજી ॥૭૩॥ ઓરત એવું કહેવા લાગી : ત્યારે ખીજ્યો તે ઉપર ત્યાંયે : છાંની રહે તું શું જાણે છે : મારે ઈનામ લેવું જાંહે ॥૭૪॥ માટે કાલા વાલા મેલી છાંડો : નહીતો તુજને મારૂં : એની વતીની રીસ બધીતે : તારી ઉપર કાઢું ॥૭૫॥ ત્યારે ઓરત છાંની રહી છે : થયો પરભાત કાળ : હરેશે ઉઠીને તલવાર લીધી : અને આગળ કીધા બે બાળ ॥૭૬॥ નદી ફુરાદ કીનારે ચાલ્યો : ઓરતે જાણી વાત : એ

બાળકને મારી નાખસે : તેં ઉપર કરસે ઘાત ॥૭૭॥ નાગે પગે ઉઘાડે માથે :ઓરત દોડી ત્યાંયે : રોતી રોતી બાળકને વળગે : હરેસ ઓરત ઉપર ઘાએ ॥૭૮॥ તલવાર લઈ સાંમો ઘાઓ : ત્યારે ઓરત નાસી જાય : વળી દોડીને બાળકને વળગે : એમ વારોવારે ઘાએ ॥૭૯॥ એમ કરતાં નદી કીનારે : પહોંચ્યો વળી ત્યાંયે : ગુલાંમ પોતાનો સાથે આવ્યો : તેને ફરમાવ્યું જાંહે ॥૮૦॥ આ તલવાર લઈ બેને ગરદન મારો : ત્યારે ગુલાંમ ત્યાં બોલ્યો : અરે મીયાં તમને દુરમત આવી : એળે તમારૂં ખોળો ॥૮૧॥ એને મારતાં હાથ અમારો : ચાલે નહી લગાર : ત્યારે ગુલાંમને ગાળો દીધી : હુ તુજને મારીસ સાર ॥૮૨॥ ત્યારે ગુલાંમ કહે સાંભળ તું સાહેબ : હજરત આપ રસુલ : તેને જઈ હું મોં શું દેખાડું : પછી મારી ઉડે ધુળ ॥૮૩॥ ત્યારે હરેસ ત્યાંતો બોલ્યો : જો એને નહી મારે : એ પહેલો હુ તુજને મારૂં : તુ એવી વાત સાંભળે ॥૮૪॥ ત્યારે ગુલાંમ કહે સુણો સાહેબજી : બેગુને નહી મારૂં : એ અતીમ હજરતના સગા : કરી કમાઈ સર્વે હારૂં ॥૮૫॥ ત્યારે હરેસ કહે કેમ મોત આવી છે : માથું મેદાંનમેં રોળું : ત્યારે ગુલાંમ કહે શું મુજને મારે : ત્યાર પહેલાં તને ઢોળું ॥૮૬॥ ત્યારે હરેસ ત્યાંથી ઉઠ્યો : માથાના વાળ ઝાલ્યા : ત્યારે ગુલાંમે હાથ લાંબો કરીને : હાથ દાઢીમાં ઘાલ્યા ॥૮૭॥ દાઢી પકડી ખેંચી રહ્યો છે : હરેસને હેઠો પાડ્યો : ગુલાંમે તો મનમાં વીચાર્યું : એને મારી પાડું પહેલો ॥૮૮॥ પછી હરેસે જોર કરીને : ગુલાંમને ખેંચી લીધો : ગુલાંમને હાથેથી તલવાર લીધી : એક ઝખમ તેને દીધો ॥૮૯॥ ત્યારે ગુલાંમે હુમલો કીધો : મીયાંની ઉપર નાખ્યો : મીયાંએ બચાવી ઢાલ પર લીધો : તેનો હુમલો રદ કીધો ॥૯૦॥ ગુલાંમ ઉપર તલવાર નાખી : તેનો હાથ હેઠો પાડ્યો : ત્યારે બીજે હાથે ગીરેવાંન પકડી : ઝુમા ઝુમીનો દહાડો ॥૯૧॥ એવા મધ્યે હરેસનો બેટો : ત્યાં ગુલાંમને ખેંચી લીધો : બાપને ત્યાં કહેવા લાગ્યો : મારા ભાઈને જખમ દીધો ॥૯૨॥ મારી માનું દુધ પીધું છે : ભાઈથી ભાઈ અનેરો : એ શરમ તમને ના આવી : તું બેમરૂઅતી બહોતેરો

॥૯૩॥ ત્યારે વળી વળગી સાંમો આયો છે : ગુલાંમને ત્યાં માર્યો : બેટા ઓરતનું કાંઈના ચાલ્યું : ગુલાંમને ઠાંમ પહોંચાડ્યો ॥૯૪॥ ત્યારે બેટો કહેવા લાગ્યો : બાપને વળી ત્યાંયે : આવો શખ્સ દુનીયાંમે ના દીઠો : આ તુંજ સરીખો કાંહે ॥૯૫॥ ત્યારે હરેસ કહેવા લાગ્યો : બેટા પર તે સારો : આ તલવાર લઈ હાથે ને : આ બેને ગરદન મારો ॥૯૬॥ ત્યારે બેટો ત્યાંતો બોલ્યો : એ કામ નહી મારૂં : ઘણું જોરજો મુજપર કરસો : તો મારૂ બળ દેખાડું ॥૯૭॥ વળી ઓરત રોતી પાસે આવી : હરેસને કહે છે વાત : એ બેને જીવતા તમે લઈ જાવો : અબદુલા પાસે સાખીઆત ॥૯૮॥ તેને ભાવે તેજ કરસે : તમે કાં લો સરભાર : તમારી ઉમેદપુરી પાડે : તમને જે આલે સાર ॥૯૯॥ ત્યારે હરેસ કહેવા લાગ્યો : કુફામાં લોક અપાર : તે એમના દોસદાર કહીએ : તે છીની લે તે સાર ॥૧૦૦॥ મારી મહેનત અકારત જાએ : મારૂં કાંઈ ના ચાલે : પોતે આપે તલવાર લઈને : બાલક સાંમો ધાએ ॥૧૦૧॥ બોલ્યા **બુદરદીન** કહે વીસતારી : લાલચ કોઈ ના કરસો : લાલચ કરીને કામ કીધાં : આગળ જાતાં મરસો ॥૧૦૨॥ કુલ પટોરાં :૩૩૫૭:

: શ્રી સતગોર સહદેવ વાચા :જ્ઞાન ૪૫ મું :

સત વેણીની વાંણ છે :

બાલક બે તો બહુ રૂવે રે : તે કહેવા લાગ્યા ત્યાંયે રે ॥૧॥ અમે ગરીબ મહા રાંક છુરે : અતીમ થયાછું આજ રે ॥૨॥ અમ ઉપર દયા કરો રે : તો સરે તમારૂ કાજ રે ॥૩॥ હરેસ કાંને ના ધરે રે : છોકરાંને મારવા જાય રે ॥૪॥ એક બાળકને પકડવા રે : ઘાઓ તેણી વાર રે ॥૫॥ ઓરત જઈ વળગી પડી રે : એને શું મારો આજ રે ॥૬॥ ખુદાનો ડર કાંઈ આંણીએ રે : તો સરે તમારાં કાજ રે ॥૭॥ કયામતને યાદ કરો રે : તે દન સો દેસો જવાબ રે ॥૮॥ તું ખુની ખાવંદ માહરો રે : તને રોજ પરમેશ્વરની આંણ રે ॥૯॥

ઓરત ઉપર ગુસ્સો કર્યો રે : એક મારી તલવાર ત્યાંયે રે ॥૧૦॥ હાથ તેનો પાડીઓ રે : ત્યારે બેટે દીઠું ત્યાંય રે ॥૧૧॥ માને દીઠી જખમથી રે : ત્યારે બીજો જખમ થાય રે ॥૧૨॥ એવા મધે શું કર્યું રે : બેટાએ પકડ્યા હાથ રે ॥૧૩॥ બાપને કહેવા લાગીઓ રે : એવો ગુસ્સો ના કરીએ તાત રે ॥૧૪॥ ત્યારે હરેસે તો શું કર્યું રે : બેટા ઉપર નાખ્યો ઘાવરે ॥૧૫॥ તેને ત્યાં જખમી કર્યો રે : તેની માતા જુવે છે ત્યાં હે રે ॥૧૬॥ પોતે જખમી શું કરે રે : પોકારે ફરીયાદ રે ॥૧૭॥ જંગલમાં કોણ સાંભળે રે : કોણ કોની લે સંભાળ રે ॥૧૮॥ પછી હરેસે શું કર્યું રે : આવ્યો બે બાળકની પાસ રે ॥૧૯॥ ત્યારે બાળક બોલીઆ રે : અમને લઈ જાઓ અમીરની પાસરે ॥૨૦॥ જીવતા લઈ આગળ ધરો રે : તે કરસેતે સાચ રે ॥૨૧॥ શાને અમને મારીએ રે : તમે માંનો અમારી વાત રે ॥૨૨॥ ત્યારે હરેસ બોલીઓ રે : તમને લઈ જાવું શહેરને માહે રે ॥૨૩॥ દોસ તમારા જે હોય રે : તે છીની લે મુજ પાસ રે ॥૨૪॥ વળી અબદુલાનો વાયદો રે : તેણે આપવા કીધું ધન રે ॥૨૫॥ તે મને આપે નહી રે : મારી ઉમેદ પુરી ના થાય રે ॥૨૬॥ ત્યારે બાળક બોલીઆ રે : અમને વેચી લોને દાંમ રે ॥૨૭॥ ચાહવ એટલાં આવસે રે : અમને મારી શું કરસો કામ રે ॥૨૮॥ ત્યારે હરેસ પડ્યો વીચારમાં રે : મન નિશ્ચય કરી વાત રે ॥૨૯॥ એને માર્યા વીના નહી છુટકો રે : ત્યારે બોલ્યો જવાબ રે ॥૩૦॥ હું તમને સઈઅદ કરૂં રે : તમે નિશ્ચય જાણો નીરધાર રે ॥૩૧॥ ત્યારે બાળક બોલીઓ રે : અમ પર આંણો મહેર રે ॥૩૨॥ ત્યારે હરેસ કહે તમે સાંભળો રે : મને મહેર નહી દલમાં આજ રે ॥૩૩॥ ત્યારે બાળક કહે તમે સાંભળો રે : અમે વજુ કરીએ સાર રે ॥૩૪॥ અમે નીમાજ પડીએ બે જણા રે : પછી કરો તમારાં કાજ રે ॥૩૫॥ હરેસ કહે મુકુ નહી રે : ખુદાની સોગન સાચરે ॥૩૬॥ ત્યારે બાળક કહે સાંભળો રે : તેં જે ખુદાનું લીધું નામ રે ॥૩૭॥ તેને કાજે છોડીએ રે : અમે સરદો કરીએ સાચ રે ॥૩૮॥ તોય હરેસ માંને નહી રે : છોડું નહી લગાર રે ॥૩૯॥ ત્યારે બાળક બોલ્યા તે થકી રે

: અમે દુશ્મન આવ્યા કેમ રે ॥૪૦॥ તમથી તો અમે નથી કરી રે : તમને ના આવે શરમ રે ॥૪૧॥ ત્યારે બે જણ મુખથી બોલીઆ રે : અમને મારસો સાચરે ॥૪૨॥ મોટા ભાઈ ત્યાં બોલીઆ રે : પહેલા અમને મારો સાર રે ॥૪૩॥ નાંનાને દેખી નહી ખમુ રે : તે માટે અમને મારો આજ રે ॥૪૪॥ ત્યારે નાંના ભાઈ ત્યાં બોલીઆ રે : પહેલો મુજને મારો સાર રે ॥૪૫॥ હુંતો દેખી નહી ખમુ રે : મોટા ભાઈનું દુખ રે ॥૪૬॥ પહેલો મોટાને મારીઓ રે : કાપ્યું તેનુ સીર રે ॥૪૭॥ તેનુ ધડ નદીમાં નાખીયું રે : તે ફુરાદ કેરે માંહે રે ॥૪૮॥ નાંનાભાઈ વળગી પડ્યા રે : મોટાભાઈની પકડી બાંય રે ॥૪૯॥ ભાઈ મુજને કેમ વીસરો રે : હું આવું તમારી સાથ રે ॥૫૦॥ એમ કરી માથું હાથે ધર્યું રે : મોટાભાઈનું ત્યાં હેરે ॥૫૧॥ તે માથું હરેસે છીનીયું રે : પછી નાંનાનું કાપ્યું સીસ રે ॥૫૨॥ તેનું ધડ નદીમાં નાખીયું રે : એ બેનાં લીધા સીસ રે ॥૫૩॥ ત્યાંથી હરેસ ચાલીઓ રે : આવ્યો અબદુલાને પાસ રે ॥૫૪॥ પહોર દિન ચઢતાં આવીયો રે : કચેરી કાયમ ત્યાંયે રે ॥૫૫॥ મીજલસ માંહે આવીયો રે : કચેરી વચ્ચે ત્યાંયે રે ॥૫૬॥ અબદુલા જાહેદે પુછીયું રે : કોંનાં લાવ્યો સીસ રે ॥૫૭॥ ત્યારે હરેસ બોલીઓ રે : તમારા દુશ્મન કેરાં સીસ રે ॥૫૮॥ જે મુસલીમના બેટા ભાગીઆ રે : તેનાં લાવ્યો સીસ રે ॥૫૯॥ જરની લાલચ મેં કરી રે : બહુ ફર્યો જંગલ માંહે રે ॥૬૦॥ મારે ઘેર મુજને જડ્યા રે : પછી કાપી લાવ્યો સીસ રે ॥૬૧॥ અબદુલા જાહેદ બોલીઓ રે : એ માથાં ધુઓ તમે આજ રે ॥૬૨॥ ગુલાબ ને અત્તર ભરો રે : એમ કરી લાવો કચેરી માંહે રે ॥૬૩॥ ચંદરમા સરખાં ઝળકતાં રે : અને કેશ કાળા સોઅ રે ॥૬૪॥ ત્યારે અબદુલાજાહેદ એમ કહે રે : આ કોના સીર લાવ્યો તું રે ॥૬૫॥ ત્યારે હરેસ બોલીઓ રે : મુસલીમના બેટા જે હરે ॥૬૬॥ ત્યારે અબદુલા કહે સાંભળો રે : તમને ક્યાંથી જડીઆ એ હરે ॥૬૭॥ મારે ઘેરથી મુજને જડ્યા રે :હું લઈ ગયો નદીને ત્યાંયે રે ॥૬૮॥ બે જણ રોયા બહુ કરી રે : મેં મહેરના આંણી લગાર રે ॥૬૯॥ તે બેને

મેં મારીઆ રે : અને ધડ નાખ્યાં નદીની માંહે રે ॥૭૦॥ ત્યારે અબદુલા બોલીઓ રે : તું કમબખત મહાઝેર રે : તને ત્રાસ ખુદાનો ના પડ્યો રે : હવે અજીદને સો દેઉ જવાબ રે ॥૭૨॥ તેને લખ્યું છે એ તરેહ રે : મેં તેમને પકડ્યા છે આંહી રે ॥૭૩॥ કહો તો જીવતા મોકલું રે : જે હુકમ હોય તમારો આજ રે ॥૭૪॥ જ્યારે જવાબ આવસે આ સમેરે : તો તેને શું કહાવું આજ રે ॥૭૫॥ તું જીવતા મુજને સોંપતો રે : ત્યારે હરેસ બોલ્યો ત્યાંય રે ॥૭૬॥ મને ડર આવ્યો લોકો તણો રે : મુજ પાસેથી છીની લઈ જાય રે ॥૭૭॥ ઈનામ મારૂં ના મલે રે : હું બેઉમેદી થાઉ રે ॥૭૮॥ ત્યારે અબદુલા કહે સાંભળો રે : કાંઈ કરી આવતો બંધ રે ॥૭૯॥ પછી માણસ મારા લઈ જતો રે : તે લાવતા મારી પાસ રે ॥૮૦॥ ત્યારે હરેસ બોલ્યો નહી રે : પછી અબદુલાએ કર્યો વીચાર રે ॥૮૧॥ પોતાના જે મીજલસી રે : તે સામું જુવે છે આપ રે ॥૮૨॥ ત્યારે મુકાતીલ નામે બોલીઆ રે : તે અલીના ઘરના દોસ રે ॥૮૩॥ અબદુલાજાહેદ તેને જાણતો રે : પણ છાંના રહ્યા હતા ત્યાંય રે ॥૮૪॥ તે કાબેલ માણસ બહુ હતા રે : તે માટે રહ્યા હતા ત્યાંય રે ॥૮૫॥ તેને હેત કરીને રાખીઆ રે : અબદુલાએ આપ રે ॥૮૬॥ તેણે પાસે તેડીઆ રે : કહી અબદુલાએ વાત રે ॥૮૭॥ હરેસને તમે પકડજો રે : લઈ જાઓ ફુરાદ કીનાર રે ॥૮૮॥ જ્યાં શાહાજાદાને મારીયા રે : ત્યાં એને મારો ઠાર રે ॥૮૯॥ આ બેના માથા લઈ જાઓ રે : નાખો ફુરાદને માંહે રે ॥૯૦॥ જ્યાં તેનાં તન નાખીઆ રે : ત્યાં માથાં નાખજો સાચ રે ॥૯૧॥ મુકાતીલને સોંપીઓ રે : હરેસને પકડ્યો ત્યાંયે રે ॥૯૨॥ બહાર ખેંચીને કાઢીઓ રે : ખુસી થયા મુકાતીલ ત્યાંયે રે ॥૯૩॥ ત્યારે મુકાતીલ બોલીઆ રે : સાંભળો સઉકોઈ સરદાર રે ॥૯૪॥ જો અબદુલાજાએદ મુજને આપતો રે : બધી પાદશાહી ફરમાન રે ॥૯૫॥ તોય ખુસી આવડી ના થતો રે : એવો ખુસી થયો હું આજ રે ॥૯૬॥ હરેસને માર્યાની મને હોંસ હતી રે : તે પહોંચી મારી આજ રે ॥૯૭॥ હરેસને મુશકે બાંધીઓ રે : લાવ્યા શહેર

વચ્ચે ત્યાંહે રે ॥૯૮॥ જે કોઈ દેખે તે મારતા રે : ફટફટ કરે શહેર બજાર રે ॥૯૯॥ વળી બાળકના માથા દેખતા રે : નાલતી દેતા તે સર્વે સાથ રે ॥૧૦૦॥ એમ કરતાં નદી કીનારે લઈ ગયા રે : જ્યાં માર્યા શાહાજાદા ત્યાંય રે ॥૧૦૧॥ ત્યાં દેખે મુકાતીલ નજરથી રે : એક ઓરત જખમી પડીછે ત્યાંય રે ॥૧૦૨॥ વળી એક મરદ મુવો નજરે પડ્યો રે : વળી એક ગુલાંમ પડ્યો છે ત્યાંય રે ॥૧૦૩॥ પેલી જખમી ઓરત રોતી રહે નહી રે : મુકાતીલ પુછે તેને ત્યાંય રે ॥૧૦૪॥ તું કોણ છે જખમી પડી રે : ત્યાં ઓરતે દીધો જવાબ રે ॥૧૦૫॥ અમો ઓરત છું એ તણી રે : અમે એને વાળતા અહિં રે ॥૧૦૬॥ અમારો બેટો એને વારતો રે : વળી આ ગુલાંમ તો સાચ રે ॥૧૦૭॥ એણે કોઈનું વાર્યુંના કર્યું રે : આ બેને માર્યા એવી વાત રે ॥૧૦૮॥ વળી મુજને જખમી કરી રે : તે ખુદાએ સાંભળી અરદાસ રે ॥૧૦૯॥ આ બાળક અતીમ ને મારીઆ રે : બદદુવા લાગી એની આંહે રે ॥૧૧૦॥ પછી ખાવંદ સાંમુ જોઈ રહી રે : કહેવા લાગી છે ત્યાંયે રે ॥૧૧૧॥ દુનીયાની લાલચ તુજને રે : માર્યા મુસલીમના બે તન રે ॥૧૧૨॥ તે ઉમેદ તારી ના થઈ રે : દીનનો થયો છે ચોર રે ॥૧૧૩॥ અમારૂં વાર્યું તે ના કર્યું રે : જેવું કર્યું તેવું પામ્યો આજ રે ॥૧૧૪॥ દુનીઆ ખરાબી હાથે કરી રે : અને દીનનો ખોયો લાભ રે ॥૧૧૫॥ વળતો હરેસ બોલીઓ રે : સુણો મુકાતીલ વાત રે ॥૧૧૬॥ મને મુકો આસમે રે : છપુ ઘેર જઈ ત્યાંય રે ॥૧૧૭॥ જે માંગો તે આપીએ રે : દીનાર સોનાના જેહરે ॥૧૧૮॥ બેહજાર સુધી આપીએ રે : અને મુકો આજ રે ॥૧૧૯॥ ત્યારે મુકાતીલ બોલીઆ રે : જો દુનીયાં સારી જાંણ રે ॥૧૨૦॥ તે બધી હોય તાહરી રે : તેતું બકસે મુજને અહિં રે ॥૧૨૧॥ તોય ના મુકુ તુજને રે : એવાં કર્યાં છે કામ રે ॥૧૨૨॥ પછી ઘોડેથી મુકાતીલ ઉતર્યા રે : પેલાં માથાં લીધાં ત્યાંય રે ॥૧૨૩॥ તે લેઈ પાણીમાં મુકીયાં રે : ફુરાદ નદીને માંહે રે ॥૧૨૪॥ જે જગાએ સઈઅદ કર્યો રે : શાહાજાદાતે ત્યાંય રે ॥૧૨૫॥ પાણીમાં માથાં મુકીયાં રે : એવે ઘડ આવ્યાં ઉપર

 ત્યાંય રે ॥૧૨૬॥ તે માથાં ધડને ચોટીઆં રે : પોત પોતાના જેહ રે ॥૧૨૭॥ એક એકને ગળે હાથ નાખીઓ રે : પછી ગેબ થયાં પાણી માંહે રે ॥૧૨૮॥ પછી મુકાતીલે શું કર્યું રે : અજબ થયા છે ત્યાંયે રે ॥૧૨૯॥ એવા નુરખલીફા નુર તણા રે : તે સર પડીઆં દુખ રે ॥૧૩૦॥ કરણ કલફથી જોઈ વળો રે : વળી ચારે જુગની વાત રે ॥૧૩૧॥ બાર સદીમાં બહુ થઈ રે : સુખ સાહ્યતા નહી કોઈ રે ॥૧૩૨॥ જે નર આલે આવીયા રે : તેણે લીધા સરપર ભાર રે ॥૧૩૩॥ તે કસણીમાં પુરા કસ્યારે : આલમુરત અવતાર રે ॥૧૩૪॥ આદે અંતે એમ છે રે : કસણીના સરદાર રે ॥૧૩૫॥ પછી મુકાતીલે શું કર્યું રે : ફરમાવે ગુલાંમને ત્યાંય રે ॥૧૩૬॥ તે ગુલાંમે શું કર્યું રે : હરેસના કાપ્યા હાથ રે ॥૧૩૭॥ જે હાથે માથાં કાપીઆં રે : તે કાપ્યા ત્યાં હાથ રે ॥૧૩૮॥ પછી પગને કાપીઆ રે : ચાલીને ગયોછે ત્યાંય રે ॥૧૩૯॥ પછી નાક કાનને કાપીઆં રે : પછી આંખો કાઢી ત્યાંયે રે ॥૧૪૦॥ તાર પછી પેટ ચીરીયું રે : સર્વે ઘાલ્યું પેટને માંહે રે ॥૧૪૧॥ પછી પાણીમાં નાખીઓ રે : કાઢી નાખ્યો બહાર રે ॥૧૪૨॥ તે પાણીએ ના સંઘરીઓ રે : ઉથલો દીધો ત્યાંય રે ॥૧૪૩॥ વળી પાણીમાં નાખીઓ રે : કાઢી નાખ્યો ત્યાંયે રે ॥૧૪૪॥ ત્રણ વાર પાણીમાં નાખીઓ રે : તોએના સંઘર્યો ત્યાંય રે ॥૧૪૫॥ વળી કુવામાં નાખીઓ રે : ત્યાંથી કાઢ્યું બહાર રે ॥૧૪૬॥ ત્રણ વાર કુવામાં નાખીયું રે : કુવેના સંઘર્યું ત્યાંય રે ॥૧૪૭॥ વળી આગ લાવીને બાળીયું રે : તે બળી ગયો તે ત્યાંયે રે ॥૧૪૮॥ તેની રાખ ઉડાડી ધુળ કરી રે : મુકાતીલની ઓલાઈ દાઝ રે ॥૧૪૯॥ એવે હાલે પહોંચીઓ રે : જેવાં કીધાં એવાં આવ્યાં હાથ રે ॥૧૫૦॥ જાણી જોઈને જેવાં કરે રે : તેવાં ફળ પાંમો આજ રે ॥૧૫૧॥ કર્યાં કરમ તે ભોગવે રે : તે નહી થાય દુર રે ॥૧૫૨॥ ધરમી તમે સાંભળો રે : કુડીઆ થાસે દુર રે ॥૧૫૩॥ જેને ગોરના નેહ લાગીઆ રે : નીરમળ કરીએ દેહ રે ॥૧૫૪॥ ગોર કહે તે પાળીએ રે : સરપર લેજો વેણ રે ॥૧૫૫॥ પણ કુડીઆ કથન કરે કુડનું રે : અંતે તેની

ઉડસે ધુળ રે ॥૧૫૬॥ સાચા જાણી ભુલીઆ રે : પાછળ આલના માંની કાંઈ રે ॥૧૫૭॥ આલ વીના તે આંધળા રે : જ્ઞાન ભણે તે સોઅરે ॥૧૫૮॥ મુખથી આલ વાંચતા રે : તે જુઠી કરી ચાલે ચાલ રે ॥૧૫૯॥ અદાવત અતી ઘણી રે : આઠીઆને દેસે ગાળ રે ॥૧૬૦॥ હરેસ તેને કહીએ સહી રે : તે તો ખેતા જાણ રે ॥૧૬૧॥ સેદખાંનને માન્યા નહી રે : ભોરીંગ થયા સર્પ રે ॥૧૬૨॥ માટે આલે આલે પરખજો રે : મુમતના કરસો વીવાદ રે ॥૧૬૩॥ મુમતેતો મુવા જાણજો રે : દોજગ લાંબે ધાટ રે ॥૧૬૪॥ ઘાટ છે ઘમ ઘોરના રે : કોણ કાઢે બહાર રે ॥૧૬૫॥ ધણી વિનાતે આંધળા રે : કોણ કરે દીપક રે ॥૧૬૬॥ નરનારી મુખ ઓચરે રે : આઠીઆની લાગી ટેવ રે ॥૧૬૭॥ નાહીનાહીને મરીગયા રે : તોયના આવ્યો પાર રે ॥૧૬૮॥ જળખાલી એમણે કર્યા રે : આઠીઆનો એવો ધરમ રે ॥૧૬૯॥ બેટા બેટી કેમ આપીએ રે : સુખના પાંમે કોઈએ ઘેર રે ॥૧૭૦॥ એવા ધરમી ઓચરે રે : તે ખેતાના છે વેણ રે ॥૧૭૧॥ જ્ઞાને ગુજો બહુ કરી રે : ના માંને તેના ભોગ રે ॥૧૭૨॥ બોલ્યા ***બુદરદીન*** વીનવું રે : જેના આવે જોગ રે ॥૧૭૩॥ સતગોર સાથે જે દગો રાખસે રે : તે તો અજીદમાવીઆની તોલ રે ॥૧૭૪॥ કુલ પટોરાં ૩૫૩૧ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૪૬ મું :

વીરા થરથર ધ્રુજે મેદનીરે તે વાંણ છે :

હવે અબદુલો કાગળ મોકલે રે : અજીદને દમેસક મોજાર : (આંચલી) : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૧॥ વીરા કાગળ એવો લખ્યો સહી રે : મુસલીમના બેટા કહીએ જે : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૨॥ અમે અંતે તો ઝાલીઆ રે : બંદીખાને નાખ્યા સહી : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૩॥ વીરા તેમાંથી નાસી ગયા રે : ચોકી મસકુર કેરી માંહે : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૪॥ વીરા મસકુરને

અમે મારીયા રે : કોરડા પાંચસેં તેને તન : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૫॥ વીરા મારતાં મારતાં તે મરી ગયા રે : તેણે મુકી દીધા જે : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૬॥ વીરા ત્યાર પછી પકડીયા રે : ચાકર હરેસ આપણો જેહ : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૭॥ તેણે ત્યાંતો ઝાલીઆ રે : તેણે કીધી જરની આસ : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૮॥ મુસલીમના બેટા તેણે મારીઆ રે : માથાં કાપ્યાં તેણે આંઈ : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૯॥ ત્યારે માથાં અમારી પાસે લાવીઓ રે : ત્યારે અમે કંપ્યારે અપાર : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૧૦॥ ત્યારે વીચાર કીધો મન થકી રે : શું દેઉ પાદશાહા કેરો જવાબ : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૧૧॥ ત્યારે હરેસને અમે મારીઓ રે : કતલ કર્યો તેણી વાર : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૧૨॥ વીરા મુસલીમના બેટા સહી રે : તે નાં મુસ્તક વળી જેહ : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૧૩॥ તે મુસ્તક નાખ્યાં ફુરાદ વીસે રે : હરેસ માર્યો તેણી વાર : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૧૪॥ એવાં બાંણ આપણાં મારીઆં રે : હુંતો જાણું નહીરે લગાર : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૧૫॥ એવો કાગળ મોકલ્યો રે : અજીદ કેરે એ તો ત્યાંયે : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૧૭॥ તે કાગળ અજીદને પહોંચીયો રે : અજીદે વાંચ્યો તેની વાર : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૧૮॥ વીરા અજીદ મનમાં કલપીઓ રે : જીવતા આવતાએ સહી : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૧૯॥ હવે થનાર હતું તે થઈ રહ્યું રે : હવે બીજી કરવી પેર : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૨૦॥ એતો મુસલીમની વારતા પુરી થઈ રે : ભારથ છે ભરપુર : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૨૧॥ તો એ અજીદે ડસ ના મેલીઓ રે : કાગળ લખ્યો હાજરા હજુર : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૨૨॥ વીરા કાગળ એવો મોકલ્યો રે : તેની લખીછે એ પેર : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે*॥૨૩॥ વીરા હુસેનને તમે પકડજો રે :

નહીતો કતલ કરજો તહી : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૨૪॥ વીરા કટમ કબીલા તે સહી રે : તેને બાંધી કરજો બંધ : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૨૫॥ વીરા બંધ કરીને મોકલો રે : એતો તમારૂં એતો કામ : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૨૬॥ તે કાગળ અબદુલાને પહોંચીયો રે : કાગળ ખોલી વાંચ્યો ત્યાંયે : *વીરા અબદુલો કલપે અતી ઘણો રે* ॥૨૭॥ વીરા વાંચીને ખુસી થયો રે : એતો કરવું કહે કામ : *વીરા ભય હતો તે ભાંગીઓ રે* ॥૨૮॥ વીરા મુસલીમના બેટા મારીઆ રે : મારો સાહેબ કરસે રીસ : *વીરા ભય હતો તે ભાંગીઓ રે* ॥૨૯॥ વીરા અજીદે મન ચીતવ્યું રે : લશ્કર દુજા ભેજુ સહી : *વીરા અજીદ દલથી ચમકીયો* ॥૩૦॥ વીરા અજીદે પછી શું કર્યું રે : લશ્કર કર્યું એકઠું ત્યાંયે : *વીરા અજીદ દલથી ચમકીયો* ॥૩૧॥વીરા મરવા વજીરને ત્યાં મોકલ્યો રે : મરવો આવ્યો કુંફા માંહે : *વીરા અબદુલો ત્યારે હરખીઓ* ॥૩૨॥ વીરા સાતલાખ અસવારથી રે : મરવો વજીર આવ્યો સહી : *વીરા અબદુલો ત્યારે હરખીઓ* ॥૩૩॥ વીરા અબદુલો મરવો આવીયો રે : લશ્કર સાત લાખ અસવાર : *વીરા અબદુલો ત્યારે હરખીઓ* ॥૩૪॥ વીરા પીર **બુદરદીન** બોલીઆ રે : જે થયા બેઈમાંની લોક : *વીરા અજીદ તેને જાણીએ રે* ॥૩૫॥ કુલ પટોરાં :૩૫૬ ૬:

શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૪૭ મું :

(જીતી જુગત સોલસો કરી તે વાંણ છે :)

મરવો અબદુલો ચાલ્યા આવે : અસવાર સાત લાખ સાથે રે ॥૧॥ સુસભર્યો ચાલ્યો આવે : મદીના લેવા ધાએ રે ॥૨॥ આવીને ત્યાં ઝુમાઝુંમી : કરે છે અપાર રે ॥૩॥ જ્યારે મનમાં એવું ધાર્યું : મદીના મેલે સોહી રે ॥૪॥ તરણ વાર હુસેને મારી કાઢ્યા : ઉતબાવલીદને ત્યાંયે રે ॥૫॥ અજીદના એ સરદાર બોલ્યા : હુસેનને ત્યાંયે રે ॥૬॥ કાંઈ કરતાં મદીના મહેલે : એને કાઢો બહાર રે ॥૭॥ નબીસાહેબની કબર નહી મેલે

: ત્યાં સુધી મદીના નહી મહેલે રે ॥૮॥ અબદુલાજાહેદને તેડ્યો : અજીદના લશ્કરે ત્યાંયે રે ॥૯॥ તેને ફેરવી વાત કરી છે : દગો કર્યો છે ત્યાંયે રે ॥૧૦॥ ઈમાંમહુસેને એમ જાણ્યું : બાપ કેરો વજીર રે ॥૧૧॥ એને ખોળે અમને જો નાખ્યા : મરતી વખત સોહી રે ॥૧૨॥ એ મને યારી જો દેવે : મારૂં અજીદને ત્યાંયે રે ॥૧૩॥ અબદુલા જાહેદે કહ્યું : અજીદ શું લડીએ આજ રે ॥૧૪॥ એમ કરીને મદીનેથી : હુસેનને કાઢ્યા બહાર રે ॥૧૫॥ ભોળાપણમાં ભોળાઈ ગયા રે : બહાર જવાની કીધી તૈયારી રે ॥૧૬॥ ત્યારે બીબીજેનબ બોલ્યાં : મુજને લીજે સાથે રે ॥૧૭॥ અમે એકલાં નહી જો રહીએ : તમ સાથે આવું આજ રે ॥૧૮॥ ત્યારે ઈમાંમહુસેન બોલ્યા : તમને સાથે કેમ લેવાય રે ॥૧૯॥ તમને સાથે લેઈ જાઉતો : પગ થાય મારો બંધ રે ॥૨૦॥ ત્યારે બીબીજેનબ બોલ્યાં : જ્યાં તમે ત્યાં અમે રે ॥૨૨॥ અમે એકલાં કંઈ ના રહીએ : તમ સાથે સધારૂં રે ॥૨૨॥ આલમુરતને દુઃખ પડ્યાં છે : લાલ માગી લીધા રંગ રે ॥૨૩॥ માટે ધરમી દુઃખ જાણો તો : સીધા ચાલો આજ રે ॥૨૪॥ બોલ્યા *બુદ્દરદીન* બાર સદીમાં : હવે થાસે જંગ રે ॥૨૫॥ કુલ પટોરાં :૩૫૯૧:

: ફાતીઆની દવા :

બરકત બીસમીલા હીર રહેમાન નરહીમ : હે જબરાઈલ : નજરેરૂ : કસીરલફતું : નેજને : આજે દવાદે : ઈમાંમ ચારદે માસુમ : પાંચેતન પાક : અલખસુરવાએલ : વ જબરાઈલ પાક ઈમાંમ હુસેનકા ફાતહે કલમો : જેમના નામનો ફાતીઓ પડવો હોય તેમનું નામ લેવું : દવા પાંચવાર ભણવી :

: શ્રી સતગોર સહદેવ વાચા :

વીરા સર્વે એતો વાધીયારે : તેના સુણોરે વીચાર :(આંચલી): *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧॥ વીરા દાદા આદમતો વાધીયા રે : દાદી હવાં કહીએ એ : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૨॥ વીરા બીજો માફો વાધીયો રે : તેના સુણોને વીચાર : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૩॥ તેમાં નોહનબીએ વાધીયા રે : આલે સલાંમાએ જે : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૪॥ હવે ત્રીજો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૫॥ હવે મુસાકરીમ આપે વાધીયા રે : બીબી સફુરાં વાધ્યાં જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૬॥ વળી ચોથો માફો હવે વાધીયો રે : મધ્યે બીબીમરીયમ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૭॥ હવે મીત્ર રોહીલા વાધીયા રે : બીબી પારસાંએ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૯॥ તેમાં ઈભરાંમખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણા રે*॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧૧॥ વીરા તરણસેંને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧૫॥ ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણા રે*॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયા*

 તમ તણાં રે ॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે : કરણ કલફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૨॥ વીરા તીરથ સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને ફરમાંન : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૭॥ વીરા પીર **બુદ્દરદીન** બોલીઆ રે : હવે સર્વે આવ્યો અંત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૮॥

: વીદાયગીરીનું જ્ઞાન બીજુ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

(ઉઠબંદા ક્યા નીંદે સુતા તે વાંણ છે :)

ઈમાંમના એ માફા વાધ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાધ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યા સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વે બેઠા : તેને અંતે પડસે શોક ॥૨॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાની માંહે : આ જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહોને અમને ॥૩॥ ત્યારે ઈમાંમની એ મીજલસ માંહે : ખુદાનું ફરમાંન આવ્યું : જબરાઈલને લઈ મોકલીઆ : સર્વે ઉપર કહાવ્યું ॥૪॥ આ દસુરાંના દસ દનમાં : જે કોઈ દીલગીર થાસે : નયણા માંથી આંસુ

પાડસે : હીસાબ વેળા બકસ્યા જાસે ॥૫॥ વળી બીજાં ફરમાંન આવ્યાં : ખુદજીનાં તે લાવ્યા : જબરાઈલ તો કહેવા લાગ્યા : તે ઈમાંમને મન ભાવ્યા ॥૬॥ દુનીયાં વીસે લોક થયા છે : હીંદુને મુસલમાન : તેના ઘરમાં ક્રોધ વ્યાપે : વળી દુખ મોટુ અસમાંન ॥૭॥ તે દુખે વળી આંસુ પાડે : નરને વળી નારી : અસુરાનાં દસ દનમાં : તે બકસો સુધાંમ ॥૮॥ વળી ઈમામની એ માહાતમ માંહે : શોક ધરીને ચાલે : દસ દન સુધી ક્રીયા પાળે : સર્વે દેવતા તેને નીહાળે ॥૯॥ દસ દનનો છલ્લો કરીએ : અસુરાનો કરસે : સર્વે જનસથી મન મારીને ચાલે : તે ટોળી ઈમાંમનીમાં ભળસે ॥૧૦॥ બોલ્યારે ***બાકરશાહ*** બળીઆ : જે કોઈના થાસો ગળીઆ : કહેર ક્યામત આવી પહોંચી : તે વેળાને આવ્યાં પરીઆં ॥૧૧॥

* * *

: શ્રી દરૂદ :

અલ્લાહોમે શ્રીઅલ્લા સૈયદના વલીઅલ્લા સૈયદના મહંમદદીન મુબારક નુરઅલી (દુવા પાંચ વખત ભણી ગાદીપર બેસવું : તથા દરેકે ભણી બેસવું :)

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - પહેલું

: શ્રી સતગોર સહદેવ વાચા :

પરથમ પહેલા સુણીએ મહારા : પુરવની એ વાત રે : સુરતા રાખીને સુણજો મારા મુનીવરોજી ॥૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : હસન મોટા ભાઈ રે : ફાતમા તોમાજી તેતો તેહુનાંજી ॥૨॥ નબીસાહેબતોનાંના કહીએ : સાહા અલીબાવા સોહી રે : પાંચેતન નો પરવેસ તે સહીજી ॥૩॥ તેમના તો એ વીચક સુણીએ : તેના કહું વીચાર રે : તેની સાંભળો તમે વારતાજી ॥૪॥ આદે તોનીપાવ્યા જ્યારે : નુરે નુર પઠાઆંરે : નુરમાંથી નુરએતો પરગટ્યાંજી ॥૫॥ જે દન નહોતા સ્વર્ગ પાતાળ : જે દન નહોતા તારારે : જે દન નહોતારે ચંદ્ર સુરજ સહીજી ॥૬॥ જે દન નહોતા પવન પાણી : જે દન નહોતો સંસાર રે : જે દન નોહોતારે પીર પેગાંબર ઓલીઆજી ॥૭॥ ત્યાર પહેલાં એ પાંચેતન કહીએ : સર્વે એનો આકાર રે : નુરથી નુર એતો પરવર્યા જી ॥૮॥ સર્વે એથી રચના કીધી : પવન પાણી જહરે જમીન આસમાન સરજ્યાં એ થકી જી ॥૯॥ નવસો નવાણું નદીયો કીધીં : સાત સમુદ્ર જેહરે : સર્વે આવેરે એતો તીરથ જી ॥૧૦॥ મુલાએકના તો માફા આવે : કટમ પરીવાર રે : અસુરામાં આવી એતો સાંભળેજી ॥૧૧॥ માટે એતો તમને કહું છું : સર્વે દેવતા આવે રે : અત્તર કસબોઈફુલ લઈ આવે સહીજી ॥૧૨॥ ઈમામની એ માતમ માંહે : સર્વે મુલાએક આવે રે : દરૂદ પઢીને સર્વે

બેસતાજી ॥૧૩॥ પાંચેતનના વીચક સુણીએ : જ્ઞાને સર્વે ભેદરે : અરથ ગ્રંથના એતો સાંભળોજી ॥૧૪॥ હુસેન એતો વીશ્નું કહીએ : હસન શીવ અવતાર રે : નબીના નવાસા એતો જાણજો જી ॥૧૫॥ નબી સાહેબ તો બ્રહ્મા કહીએ : મહા વીષ્ણુ અલી પોતે રે : ફાતમાં તો શક્તી એતો જાણજો જી ॥૧૬॥ તેમના પુત્ર જાણો ભાઈ : તે સીર કહેર રચાઆ રે : આલમનો ભાર લઈ અવતર્યા જી ॥૧૭॥ હુસેનઅલી આલવંશી : તેમણે લીધા કસરે : ઉમતનાં દુઃખ સર્વે ઉઠાવીઆજી ॥૧૮॥ ભુખ્યા તરસ્યા કેવા રાખ્યા : તોયના આવી મહેરરે : એવી જમાત તેતો કાફર સહીજી ॥૧૯॥ એમ કરતાં સાતદિન વીત્યા : અન્ન પાણી નહી રે : જુલમ માડ્યો રે બહુ કાફરેજી ॥૨૦॥ એમ કરતાં દેહા મેલી : ઈમામ હુસેને પોતે રે : દુખડાં પડ્યાં રે ઉમત કારણે જી ॥૨૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : એક ચિત્તે નર નાર રે : તેના ગુના બકસુરે ઉઠ કરોડનાજી ॥૨૨॥ વળી બીજી તમે સાંભળો : સાંભળી દીલગીર થઈએ રે : ત્રણસેંને સાઈઠ દિન તેમાં સહીજી ॥૨૩॥ જેણે ગુનાકર્યા હસે : તેને બકસુ સહી રે : ઈમાંમ હુસેનની ગોસ્ટી સાંભળે જી ॥૨૪॥ અસુરામાં આંસુ પાડે : તેતો બકસ્યો જાય રે : ચિત્ત ધરીને સર્વે સાંભળોજી ॥૨૫॥ ગત ગંગાએ સર્વે સાંભળો : એ સર્વેને ફરમાન રે : લાલચ કાઢીને દસ દિન આવજોજી ॥૨૬॥ બોલ્યા રે ***બુદરદીન*** બાવા : ઈમાંમ હુસેનનાં મંડાણ રે : પરથમ બોલો ઈમાંમની વારતા જી ॥૨૭॥

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - બીજું

: શ્રી સતગોર સહદેવ વાચા :

(: કહે બુદરદીન સત્ય વાતો : તે વાંણ છે :)

પરથમ ઈમાંમની ગોસ્ટી સુણીએ : સાંભળોને દલ ધરી : સભા ભરીને બેસતાને : બેસોને તમે મન ગળી ॥૧॥ પીર પેગાંબર ઓલીઆ ને : તેતો આવે છે અરસથી :

ઈમાંમની એ મહાતમ માંહે : તેતો સુણે સુરતથી ॥૨॥ સર્વે તીરથ આવી પોહોચે : કરણ કલફ જુગ ચારના : અડસઠ તીરથ આવી બેસે : ઈમાંમની મહાતમ માંહાં ॥૩॥ તરેહ તરેહની કસબોઈ સારી : અત્તર ફુલ તે લાવતા : તબાકોની છાબો ભરીને : તે તો સર્વે જામતા ॥૪॥ દુમે દુમે માફા સર્વે : વખત વેળાએ આવતા : દેવ સભાની સભા ભરીને : વીચક સર્વે સાંભળતા ॥૫॥ આજના મુનિ સર્વે આવો : અસુરાના દિનમાં : આળપંપાળને કાઢી કરીને : તમે ભળો દેવ જનમાં ॥૬॥ નર નારી આવી સાંચરો : સભામાં આવી દાખસો : આંસુ પાડે ગોષ્ટિ સુણીને : તેના સાતે પરીયાં જાય બકસ્યાં ॥૭॥ આગેવાન થઈને તેને બકસાવે : સર્વે ઉપર હુકમ કરે : અસુરાંના આંસુ માટે : તેને બકસુ એ તરેહ ॥૮॥ બોલ્યા બાકરશાહા છેલ્લી વેળા :ચિત્ત ઠેકાણે રાખીએ : ઈમાંમના હવે સૈન્ય જાગે : લોભ લલુતા મહેલીએ ॥૯॥

* * *

સાતમા દિવસની કથા શરૂ

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૪૮ મું :

(ગોરસની વાંણ છે :)

હવે ઈમાંમહુસેને મનમાં ધાર્યું : હવે સો કરીએ ઉપાય ॥૧॥ બીબીને તો એમ સમજાવે : અમે વેહેલા આવું ॥૨॥ તોય બીબી સમજે નહી : આવું તમારી સાથે ॥૩॥ બીબીજેનબને સાથે લીધાં : ત્યારે સૌએ રોવા લાગ્યાં ॥૪॥ મહંમદના કબીલા ચારે : બીજાં સહુ સાથ ॥૫॥ તેતો સર્વે રોવા લાગ્યાં : અહિં અમથી ના રહેવાએ ॥૬॥ ત્યારે ઈમાંમ હુસેને છાંના રાખ્યાં : પછી સૌને લીધાં સાથે ॥૭॥ ઊંટને કજાવે બેસાડ્યા : ઘરનો સહુ સાથ ॥૮॥ ઈમાંમહુસેનની સાથે : અસવાર તાંહે ॥૯॥ રાતો રાત બહાર નીકળીઆ : કુફે જાવા સોહી ॥૧૦॥ :(આંચલી): *સાહેબનુ કરવું જે એવું : કુફાનો ભુલ્યા વાટજી ॥૧॥ કરબલા ને જંગલે પડીઆ : કાંઈના સુજે વાટજી* ॥૨॥ ॥૧૨॥ બેદન સુધી બહુ અથડાયા : વાટના સુજે કાંઈ ॥૧॥ પાણી તરસે પ્રાણ તલખે : ભુખ પણ અપાર ॥૨॥ ભુખ્યા તરસ્યા વાટ સોધે : ત્યારે વીચાર્યું છે મન ॥૩॥ તે માસ તો મહોરમનો હતો : પોતે જાણી વાત ॥૪॥ એમ કરતાં એક જગ્યા આવી : ત્યાં જુવેતો પાણી ॥૫॥ પાણી ઉપર લશ્કર ચાલ્યું : ઈમાંમહુસેનનું તાંહે ॥૬॥ ત્યાં જુવેતો એક ફોજ ઉભી છે : પાણી ઘેરી તાંહે ॥૭॥ ઈમાંમહુસેનના લશ્કરીતો : તરણદનના તરસ્યા ॥૮॥ લશ્કર લડવા તૈયાર થઉ છે : પોતે વીચારી વાત ॥૯॥ ઈમાંમહુસેને ડેરા તંબુ : ઉભા કીધા તાંહે ॥૧૦॥ :(આંચલી): *ઈમાંમહુસેને નાંનીને પુછ્યું : ઉમેકરસુમાન પાસ જી ॥૧॥ તમારી પાસે સીસો છે તે : લાવ્વો જોઈએ આજજી* ॥૨॥ ॥૨૪॥ લાવી સીસો જોયો જ્યારે : તે માટી થઈ છે લાલ ॥૧॥ ત્યારે હુસેન વાણી બોલ્યા : નાંનીજી સુણીએ બાત ॥૨॥ મોતની મીજલસ મારી : ચલકર આઈએ આંહે ॥૩॥

ઈમાંમહુસેનના લશ્કરીતો : તૈયાર થાય તાંહે ॥૪॥ લશ્કરી અજીદના બોલ્યા : એ બોતેર છે વીકરાળ ॥૫॥ સાતલાખ અસવાર અજીદના : તે બીએ છે અપાર ॥૬॥ એ બોતેર અસવાર કેમ મરાસે : એવું બોલે તાંહે ॥૭॥ અજીદના તો લશ્કરી રે : મસલત માંડી એક ॥૮॥ એમને ફોસલાવી રાખો : ત્રણ દિન સુધી છેક ॥૯॥ તો એથી લડ્યું જાએ : એ વાઘ કેરા પુત ॥૧૦॥ :(આંચલી): *હમણાં લડીએ તો ફાવે નહી : એ પાણી મુકાવે આજજી ॥૧॥ એમણે આજ પાણી પીધું : તોકોયથી નહી મરાયજી* ॥૨॥ :૩૯: મસલતે અબદુલાજાહેદ : હુસેન પાસે આવે ॥૧॥ દલમાં જુઠું મોંઢે મીઠું : પગે પડ્યાં છે તાંહે ॥૨॥ જુઠી સોગન ખાવા લાગ્યો : કુરાન કેરી તે સોહી ॥૩॥ ઈમાંમજી તમે મત લડોરે : કહુ એક સાચી વાત ॥૪॥ તીસરે દન લશ્કરમાંથી : દસહજાર ગુણો સોહે ॥૫॥ નાંનપાક તૈયાર કરકર : લાવુંગા મેં આંહે ॥૬॥ દસહજાર પાણીકી મસકો : ભરી મંગાવું સોહી ॥૭॥ તે લેઈ કરી આવું તમ પાસે : તમ લડીઓ નહી લગાર ॥૮॥ મહંમદકી ઘરકી ઈસ મેદાંની : હુસેન તમ હો આજ ॥૯॥ તમસેં અજવાળા હેંગા : લડીઓ નહી તમે આજ ॥૧૦॥ :(આંચલી): *આજ સે તીસરે દંન મેં : મૈ તુમકુ મીલુંગા સોહેજી ॥૧॥ તમ ઉત્યારે પર રહો મુકામે : મૈ પરસું મીલુંગા આવજી* ॥૨॥ :૪૮: ત્યારે હુંસેને સાચું જાણ્યું : અલી કેરા પુત ॥૧॥ મહંમદના નવાસા કહીએ સાચી જાણી વાત ॥૨॥ ઈમાંમ હુસેને જાણ્યું : મુસલમાન ના બોલે જુઠું ॥૩॥ જુઠી સોગન કઉકર ખાવે : ક્યાં ખુદા વેચ્યા આજ ॥૪॥ હુસેને લશ્કરને કહ્યું : પોતાનું છે જેહ ॥૫॥ સલે બકતર ઉતારો હમણાં : અબદુલા કહે છે વાત ॥૬॥ લશ્કરી પોતાના બોલ્યા : ઈમાંમ સુણીએ આજ ॥૭॥ અબદુલાજાહેદ છે જુઠો : સોગંદ જુઠી ખાય ॥૮॥ એ મીનાફક હરામ જાદો : જુઠા કહે સબ ॥૯॥ આજ હમકું જો લડાવો : સબકુ પાણી પાવું ॥૧૦॥ એ જુઠાનો ઈતબાર ના ગણસો : એ ખુદાનો છે ચોર ॥૧૧॥ બેઈમાંનીનો વીશ્વાસ નહી રે : એ છેતરશે સાખીઆત ॥૧૨॥ :(આંચલી): *હુસેન મીંતો કરે લશ્કરકુ*

: અબદુલાને સોગંદ ખાઈ જી ॥૧॥ પછી ઈઆરૂને કહા હુસેનકુ : દુનીઆં સાટે વેચ્યા એણે દીનજી ॥૨॥ ॥૬૨॥ એની સોગંદ કામ ના આવે : એનો સો ઈતબાર ॥૧॥ લશ્કરી બોતેરા કહેવે : હુસેન માંને નહી ॥૨॥ અબદુલાની સોગંદ ઉપર : પોતે કાયમ સોહી ॥૩॥ લશ્કરી ઉતરીઆ ત્યાંતો : પાણી વીના પસ્તાય ॥૪॥ મરદ ઓરત બાળક સર્વે : ટળવળે છે તાંહે ॥૫॥ અબદુલા જઈ હસવા લાગ્યો : પોતાના લશ્કર માંહે ॥૬॥ મેં જઈ બોલી કેવી કીધી : લશ્કર ઉતાર્યું તાંહે ॥૭॥ સૌના હથીઆર છોડાવ્યા: કહે છે એવી વાત ॥૮॥ પણ તેં ના જાણ્યું ઈમાંન વેચ્યું : દુનીયાં કેરે કાજ ॥૯॥ ઈમાંમ હુસેનની છઠ્ઠી માંહે : એવું લખ્યું તું ત્યારે ॥૧૦॥ :(આંચલી): *સાત દંનકા ભુખ્યાનં તરસ્યા : એવું લખ્યું તું ત્યારે ॥૧॥ તું શું છેતરી કારણ કાઢે : મોત કેરી એજાગજી* ॥૨॥ ॥૭૪॥ અજીદના તો લશ્કર મેં નહી : ભુખ્યું તરસ્યું કોઈ ॥૧॥ ઈમાંમ કેરા લશ્કર માંહે : ટળવળે અપાર ॥૨॥ પાણી વિના તરફડે છે : નાંના બાળક સોહી ॥૩॥ જેમ મચ્છી પાણીથી કાઢે : એમ તરફડે છે તાંહે ॥૫॥ એવો કહેર મહંમદના ઘરપર : થાઅ છે અપાર ॥૬॥ અરે કોઈ કરતું નથી : મારમાર કરે છે તાંહે ॥૭॥ હુસેનને હુસેનના માણસને : એવો દન તે જાઅ ॥૮॥ રખે એવો દહાડો કોઈને : આવે નહી લગાર ॥૯॥ ભુખ તો સહી જો જાવે : પાણી તરસે ના રહેવાય ॥૧૦॥ :(આંચલી): *કેટલાંક માણસ પાણી તરસે : મરી ગયાં છે તાંહે જી ॥૧॥ કેટલાકના તો હાલ ખોટા છે : ઊંટ ઘોડા જીભો કરડે ત્યાંયજી* ॥૨॥ ॥૮૬॥ ઘુંટણ ઘસેને જીભો કરડે : એવો જાઅ છે દંન ॥૧॥ એવી તરે બે દીન વીત્યા : ત્રીજી રાતે તાંહે ॥૨॥ ઈમાંમ હુસેન ત્યારે બોલ્યા : અબદુલજાહેદ સો હી ॥૩॥ કાલે પાણી લઈ આવસે : વાટ જુવે છે તાંહે ॥૪॥ એવામાં અંધારી રાતે : અહદુલાજાહેદ સો હે ॥૫॥ આવીને પોકારી ઓ રે : ત્યારે સુણ્યો અવાજ ॥૬॥ ઈમાંમને લશ્કરે જાણ્યું : અબદુલાનો અવાજ ॥૭॥ આવીને કહે છે હુસેનને : મારૂં કાંઈના ચાલે ॥૮॥ લશ્કરના તો લોક સર્વે : માંને નહી લગાર

॥૯॥ મેં કહ્યુ હુસેનને પાણી : આપીએ તો સારૂં ॥૧૦॥ :(આંચલી): *લશ્કરી કોઇ બોલ્યું નહી : મારો ચારો નહી લગારજી ॥૧॥ જ્યારે એવી વાત હુસેને જાણી : ત્યારે નીચું જોયું તેણી વારજી*॥૨॥ ॥૯૮॥ હુસેન સાંમુ જોવા લાગ્યા : લશ્કરી સઉ ત્યાંય ॥૧॥ હુસેન તો શરમાયા સઉથી : આંખે ભરીઆં નીર ॥૨॥ ઈમાંમ હુસેન વાણી બોલ્યા : શું કહ્યું છે તાંહે ॥૩॥ પાણીથી ના ઉમેદ કીધા : એમનેના ઉમેદી સોહી ॥૪॥ ખુદાના દેદારથી તો : નાઉમેદી થાય ॥૫॥ મારે તો લખ્યું હતું જે : થયું તેવું આજ ॥૬॥ તે રાત તો જ્યારે ગુજરી : વાણુંવાયું સોહી ॥૭॥ ધુળથી વજુ જો કીધું : નીમાજ કીધી ત્યાંય ॥૮॥ તે દન તો મોહરમની તારીખ : દસમી હુતી જેહ ॥૯॥ વાર તો જુમાંનો કહીએ : હુસેન તૈયાર થાએ ॥૧૦॥ :(આંચલી): *સલે બકતર પહેરી કરીને : બોતેર અસવાર ત્યાંયજી ॥૧॥ પોતાના કબીલા સાથે : સઉએ થાએ તૈયારજી*॥૨॥ ॥૧૧૦॥ પણ શું કરે જે પાણી નહી : ભુખ તરસ અપાર ॥૧॥ ખાંડુ ઉપાડે કેમ કરીને : કૌવત નહી લગાર ॥૨॥ તો સેરખુદાનાં બચડાં : આપ સંભાળ્યું તાંહે ॥૩॥ બહાર નીકળી મેદાંને ઉભા : અજીદનું લશ્કર જાંહે ॥૪॥ તે પણ તૈયાર થઈ રહ્યું છે : હુસેનના ડેરા જ્યાંય ॥૫॥ ત્યાં આવી ઉભું રહ્યું છે : સાંમાસાંમી તાંહે ॥૬॥ કબીલાના આદમી જે : તેના સુણોને વીચાર ॥૭॥ સાત તો રાંડેલીઓ કહીએ : દુધ પીતાં બાળક ત્રણ ॥૮॥ પાંચ તો સોહાગણ કહીએ : તે કોણ કોણ કહેવાઅ ॥૯॥ ખીમર કેરો બેટો કહીએ : તેની વહુ છે જેહ ॥૧૦॥ ખોળે બેટો વરસ કેરો : એક સોહાગણ તેહ ॥૧૧॥ :(આંચલી): *બીજી અકીલની ઓરત સોહાગણ : તીજી જુબેર અલીની ઓરત જી ॥૧॥ ચોથી સોહાગણ તાહેર અલીની : પાંચમી હુસેન અલીની ઓરત જી* ॥૨॥ ॥૧૨૩॥ બાકી સર્વે રાંડેલીઓ કહીએ : કબીલામાં તાંહે ॥૧॥ ઈમાંમ હુસેન પોતે : ખવડાવીને ખાય ॥૨॥ પછી તો લશ્કરી નીકળ્યા : લડવા લાગ્યા તાંહે ॥૩॥ એક યાર આવી પગે જો પડીઓ : ઈમાંમ હુસેનને જેહ ॥૪॥ ઈમાંમજી મુઝે ફરમાઈઓ : રજા

દો બીજે આજ ॥૫॥ ઈમાંમ હુસેને રજા આપી : કામ કરો સુધકાજ ॥૬॥ તેનું નામ તો તાહેર ગુલતાંન : તેણે ઘોડો નાખ્યો તાંહે ॥૭॥ જઈ ઉભા અબદુલા પાસે : ગાળો દે છે તાંહે ॥૮॥ કહે રે અબદુલા જાહેદ : મેં ભુખ્યા તરસ્યા સોહી ॥૯॥ સાત દનકી પ્યાસ લગી હે : તું તરતના તાજા હોય ॥૧૦॥ :(આંચલી): *હુંને તું તો દોનું લડીએ : અબદુલા છુપ કર જાઅજી ॥૧॥ બીજા નીકળી મારવા લાગ્યા : તાહેર ગુલતાંને માર્યા એકવીસજી* ॥૨॥ ॥૧૩૫॥ પાછળથી એક ઝટકો નાખ્યો : તાહેર ગુલતાંન પડીઆ તાંહે ॥૧॥ માથુ તુટી જો પડ્યું રે : ભાલે બાંધ્યું તાંહે ॥૨॥ ઈમાંમહુસેન રૂએ કેવા : રોણાનો નહી પાર ॥૩॥ યાર તો પોતાના કહીએ : લડતાં મરે અપાર ॥૪॥ રોજ કયામત દહાડો કહીએ : આવ્યો છે એ તાંહે ॥૫॥ તે જંગલ કેરૂ ઝાડ કાપીએ : તેમાંથી નીકળે લોહી ॥૬॥ અસવાર લડેને પાણી પોકારે : કોઈ નહી ત્યાં પાય ॥૭॥ વાદળ એક લાલ થઈ આવ્યું : જાણે વરસે લોહી ॥૮॥ જેવા જે અંગારા વરસે : એવું વાદળ તેહ ॥૯॥ જંગલ કેરૂં નામ કરબલા : વે જંગલ એ સોહે ॥૧૦॥ :(આંચલી): *મહંમદના તો ઘર ઉપર : ઈજા કેરૂ જંગલ જી ॥૧॥ એવો કહેર થાઅ કોઈ આડે ના આવે : વહારે કોઈના ધાઅજી* ॥૨॥ ॥૧૪૭॥ મહંમદના ફરજંદનેતો : તરસાવીને મારે ॥૧॥ અરે કોઈ કરતું નથી : કલમા કેણે હાર ॥૨॥ મહંમદની મીજલસે બેસતાને : તેની શરમ નહી લગાર ॥૩॥ શું કરેતે દુનીઆં સાટે : દીન વેચ્યો તેણે ॥૪॥ નાલતી તો એમના સરપર : પડસે તેને દહાડે ॥૫॥ મસકો ભરી ભરીને : કુતાંને પાણી પાએ ॥૬॥ મોરાતબાના આદમી તે : સબુરી કરીને જાઅ ॥૭॥ નાના બાળક હુસેન કેરે : ગળે વળગે ત્યાંય ॥૮॥ કહે જે બાવાજી પાણી : કુતે પીતે આંહે ॥૯॥ અરે બાવાજી કુતેકા જુઠા : પાણી પીલાયો તો સાર ॥૧૦॥ :(આંચલી): *હમારા જીવ બોત તલખે : પ્યાસે ના રહેવાઅજી ॥૧॥ બાળક ટળવળે પાણીવીના : હુસેન રૂએ અપારજી* ॥૨॥ ॥૧૫૯॥ બાળકને તો હુસેન પોને : ગળે લગાવે તાંહે ॥૧॥ અરે પુત દુનીઆકા પાણી : લખીઆ નહી લગાર

॥૨॥ અરે પુત રોતે હો કાએ : લોહી હુઆ હલાલ ॥૩॥ પાણીતો હરામ કહીએ : દુનીયાં કેરૂ જેહ ॥૪॥ અબ મેરા લોહી તમકુ પીલાઉ : સબુર કરો તમ સોહે ॥૫॥ અબતો હુરાંકે હાથુ : સરબત પીઓ તાંહે ॥૬॥ આપણાતો આદમી રે : સબમરણે લાગે સોહે ॥૭॥ જેમ દીવા ઉપર પતંગીઆં રે : પડતાં વાર ના લાગે ॥૮॥ એમ તે ઝંપલાવે ત્યાંતો : જીવ દેતે નહીવાર ॥૯॥ હુસેન કેરી દોસતી તો : મીઠો જીવ ના કરે લગાર ॥૧૦॥ :(આંચલી): *જીવ દેતાં કોઈના ઓસરે : તબીયત હુસેનની નહી હાથજી ॥૧॥ અરે ખાવંદ ખુદ હમારા : ક્યા કહેર હોતાહૈ આજજી*॥૨॥ ॥૧૭૧॥ એક બેટા અલીખુદાકા : નામ હૈદર જેહ ॥૧॥ ` દોડીને આવ્યા પાસે : હુસેનઅલીની તાંહે ॥૨॥ ગળે વળગી રોવા લાગ્યા : બંધવ બેજણ તાંહે ॥૩॥ હુસેન કહે મેં નહી સંભાળ્યા : હસન મુઆ જ્યારે ॥૪॥ ત્યારે હૈદર કહેવા લાગ્યા : જે હુકમ રબકા જેહ ॥૫॥ હુસેન તમને સોંપ્યા ખુદાને : હૈદર પડ્યા રણકાજ ॥૬॥ ઘોડો તો મેદાંને નાખ્યો : રાવત માર્યા તાંહે ॥૭॥ પીસતાલીસને પુરા કીધા : હૈદરે તો તેહ ॥૮॥ એકે આવી ઝટકો નાખ્યો : હૈદર રહ્યા રણમાંહે ॥૯॥ હુસેનના ડેરાની બાઈઓ : રોવા લાગી જેહ ॥૧૦॥ :(આંચલી): *કહેવા લાગી હુસેન કેરી : પુસ્તી ભાગી આજજી ॥૧॥ બીજા લડતા બહુ મરે છે : હુસેન એકલા થાઅજી*॥૨॥ ॥૧૮૩॥ હસનઅલીના બેટા કાસમ : રજા માગે સોહી ॥૧॥ કાકા મુજને રજા જો આપો : રણ જીતું અપાર ॥૨॥ ભતરીજાને ગળે વળગાડી : રજા આપી તાંહે ॥૩॥ પછી કાસમે ઘોડો નાખ્યો : મેદાંનમાં જેહ ॥૪॥ કાસમ બોલ્યા અરે ખવારજી : મને જાણો છો કે નહી ॥૫॥ ત્યારે તો ખવારજી બોલ્યા : અમે જાણું એહ ॥૬॥ હસનઅલીના પુત તમે છો : જાણું છુ અમે આજ ॥૭॥ ત્યારે કાસમ બોલ્યા સુણો ખવારજી : પાણીની એક ઘુંટ ॥૮॥ મુજને આપો સારૂં થાસે : મારા કાકાને જઈને પાઉ ॥૯॥ પાણી આપોતો ખુન મારૂ : બકસું છું અમ આજ ॥૧૦॥ :(આંચલી): *ત્યારે કહ્યું જે હમણાં આપીશું : એમ કહી હસવા લાગ્યા તાહેજી*

॥૧॥ કાસમ પોતે દસ વરસના : પણ તલવાર મારે જોર જી ॥૨॥ ॥૧૯૫॥ ડાબે જમણે ફોજો મારી : ખવારજી નાઠા જાય ॥૧॥ કાસમનેતો ઘાવ ઘણા છે : આવ્યા કાકા પાસે ॥૨॥ કહેવાલાગ્યા અરે ચીચાજી : પાણીની એક ઘુંટ ॥૩॥ જો આપોતો દુશ્મન સર્વે : ઠાર મારૂં તાંહે ॥૪॥ પછી હુસેન બોલ્યા સુણો કાસમ : દુનીઆંનું પાણી જેહ ॥૫॥ આપણનાતો રજક ઉઠ્યા છે : ક્યાંથી પાએ તેહ ॥૬॥ ત્યારે તો કાસમ બોલ્યા : કાકા મુજને તમ ॥૭॥ જરાક થુંક તમારૂં મુંજને : મારા મોંમોં નાખો જેહ ॥૮॥ તો મારો જીવ ધારણ રહેવે : જમીઅત પકડે તેહ ॥૯॥ સાહેબનું કરવું જે એવું : હુસેનનું મુખ જેહ ॥૧૦॥ :(આંચલી): *થુંક અમીતો સુકાઈ ગયું છે : જેવો કોરો કુંભ જી ॥૧॥ ત્યારે કાસમ કહેવા લાગ્યા : કાકાને વળી તાંહેજી*॥૨॥ ॥૨૦૭॥ તમારી તો જીભ મુજને : ચુંસાડોને આજ ॥૧॥ પછી ઈમાંમહુસેને પોતે : પોતાકેરી જીભ ॥૨॥ ભતરીજાના મોંમાં મેલી : જીભે જીભ ઘસાય ॥૩॥ બેમાંથી કોઈની જીભે : અમી નહી લગાર ॥૪॥ હુસેનઅલીના બેટા અકબર : ટળવળે છે અપાર ॥૫॥ બાવાજી મીજે જીભ તમારી : મુખમાં ધરોતો આજ ॥૬॥ બેટાને ટળવળતા મેલી : ભતરીજાનું રાખ્યું મન ॥૭॥ રખે એતો ઓછું માંને : દલરાખ્યું છે તાંહે ॥૮॥ પછી કાસમ ચઢ્યા રણમાં : ઘોડો નાંખ્યો જેહ ॥૯॥ દુશ્મનની ફોજોમાં પડીયા : તલવાર મારે તાંહે ॥૧૦॥ :(આંચલી): *એમ કરતાં બોતેર આદમી : કાસમે માર્યા તાંહેજી ॥૧॥ એવામાં એક તીરમાર્યું : પેસાંનીની માંહેજી*॥૨॥ ॥૨૧૯॥ પેસાંનીમાં તીર માર્યું : નીકળ્યું ગરદન બહાર ॥૧॥ ચીસ પાડી પોકારે કાસમ : ચીચા સુણીઓ આજ ॥૨॥ દાદાજીકા હાથકા : મેને પાણી પીઆ સોહી ॥૩॥ આયોતો તમકુ પીલાઉ : હોજ કોસરકા જેહ ॥૪॥ એમ કહીને કાસમ પડીઆ : માથું કાપ્યું તેહ ॥૫॥ દુશ્મન કાપી લઈ ચાલ્યા : નેજે ચડાવ્યું તાંહે ॥૬॥ અલીને મહંમદ પોતે : ટળવળે અપાર ॥૭॥ જેમજેમ મારે તેમતેમ લરજે : ખુદનું લખીયું જેહ ॥૮॥ એવામાં હુસેનઅલીને : સાંભળ્યું ભાઈનું વચન

॥૯॥ સંભારીને શું કરે છે : યાદ આવ્યું તેહ ॥૧૦॥ :(આંચલી): *ભાઈ પાસે જઈશું જ્યારે : ત્યારે શું દેઈશું જવાબજી ॥૧॥ ઘોડેથી ઉતરી આવ્યા ડેરામાં : નાનીથી બોલ્યા સુકનજી*॥૨॥ ॥૨૩૧॥ ફાતમાંને સમારો તમે : અમે કહું છું આજ ॥૧॥ ત્યારે નાંની બોલ્યાં ત્યાંતો : શું કરોછો આજ ॥૨॥ હુસેન બોલ્યા સુણો નાંનીજી : ભાઈ કેરૂં વચન ॥૩॥ અલી અકબરથી વીવાહ કરજો : ફાતમકેરૂં કાજ ॥૪॥ ત્યારે સર્વે કહેવા લાગ્યા : આ વખત એ કાજ ॥૫॥ ફાતમાંને સમારી કરીને : લુગડાં પહેરાવ્યાં તાંહે ॥૬॥ અલીઅકબરને પોસાક પહેરાવી : તૈયાર કીધા તાંહે ॥૭॥ એક ઘુંટણે ભતરીજીને : બેસાડ્યાં છે જેહ ॥૮॥ બીજે ઘુંટણે અલી અકબર : બેસાડ્યા છે જેહ ॥૯॥ ત્યારેતો ભતરીજી બોલ્યાં : ક્યા વિવાહ અમારા આજ ॥૧૦॥ :(આંચલી): *ત્યારે કાકા બોલ્યા હાં ભતરીજી : વીવાહ હોતાહે આજ જી ॥૧॥ ત્યારે ભતરીજી બોલ્યા વિવાહ હોતા હં : તબ પાણી પીલાયોતો ખુબજી*॥૨॥ ॥૨૪૩॥ બેટી પાણી ક્યા તમે માગો : જલા દેઉમેં આજ ॥૧॥ મરતી વેળા સુખ તમારાં : જરાસા દેખું કાજ ॥૨॥ પોતાના લશ્કર માંહે : સરઘસ ફેરવો તાંહે ॥૩॥ પછી અલી અકબર બોલ્યા : બાવા સુણો વચન ॥૪॥ જુઠા સરઘસ ક્યા ફીરાણા : બાવાજી કહું આજ ॥૫॥ દેખો સાચા સરઘસ ફીરાણે : જાતાહું જુધ કાજ ॥૬॥ ભલે જોરે ભલે તોરે : જેવા ખુદાના વાઘ ॥૭॥ ઘોડો નાખી ગયા મેદાંને : ખવારજી નાઠા જાય ॥૮॥ જેમ વાઘ આગળ બકરીઓ નાસે : એમ નાસે તાંએ ॥૯॥ અલીઅકબર તલવાર મારે : કાંઈ કહ્યુંના જાએ ॥૧૦॥ :(આંચલી): *એવામાં એક ખવારજીએ : ઝટકો માર્યો ત્યાંય જી ॥૧॥ અલીઅકબરનુ સીર પડીયું : ધરણી ઉપર સોહેજી*॥૨॥ ॥૨૫૫॥ ઈમાંમહુસેન પોતે ચઢીઆ : રણ કેરે કાજ ॥૧॥ ઘોડો નાખીગયા મેદાંને : સાથે કોઈનહી તાંહે ॥૨॥ સર્વેતો રણખેત પડીઆ : આપે એકલા શાહ ॥૩॥ પોતે ઘોડો નાખ્યો કેવો : જેમ ભોજન ઉપર ભુખ ॥૪॥ જેમ વાઘ પડે બકરીઓ ઉપર : દરૂદ ભણતા જાય ॥૫॥ મારતી તલવારે ચાલ્યા

: કોઈના વહારે ઘાય ॥૬॥ હુસેન પોતે એકલા : ખુદ વિના નહી દુજા કોઈ ॥૭॥ હુસેન તલવાર કેવી મારે : લશ્કરને પેલે પાર ॥૮॥ સાતલાખ લશ્કરને ચીરી : ગયા છે પેલે પાર ॥૯॥ તે પારતો નદી ચાલે : વહેછે તે ભરપુર ॥૧૦॥ :(આંચલી): *સાતકોસનં પટે વહે છે : ઈમાંમહુસેન ઉભા તાંહેજી ॥૧॥ સર્વે ખવારજી કહેવા લાગ્યા : પસતાવો કરે અપારજી*॥૨॥ ॥૨૬૭॥ ઈમાંમહુસેન જો પાણી પીસે : તો આપણો આવ્યો કાળ ॥૧॥ એક એક ગણીને મારે : એવી છે જંજાળ ॥૨॥ હુસેનતો હાથ ઘોઈને : પોસભરી છે તાંહે ॥૩॥ એવે પોતે ઉંચું : જો દીઠું પોતે તેહ ॥૪॥ પોતાના જે બોતેર આદમી : મુવા છે તે જેહ ॥૫॥ તેની રૂવાંની અંતરીક્ષ જુવે : હુસેન પાણી પીએ ॥૬॥ ઉંચું જોયું લાજ આવી : પાણી નાખી દીધું ॥૭॥ ઈમાંમહુસેનનો ઘોડો કહીએ : તેપણ તરસ્યો તાંહી ॥૮॥ સાતદનનો તરસ્યો કહીએ : તેણે જોયું ઉચું જેહ ॥૯॥ ધણીએ પાણી ના પીધું તો : હું કેમ પીવું આજ ॥૧૦॥ :(આંચલી): *ઈમાંમહુસેને મસક કાઢી : પાણી ભરીયું માંહેજી ॥૧॥ મનમાં જાણ્યું જે મારાં બાળકને : જઈને આપુ નીરજી*॥૨॥ ॥૨૭૯॥ એવું જાણી મસક ભરી છે : બાળક પીએ તાંહે ॥૧॥ પછી પાણી અમે પીશું : એવું દલમાં આવ્યું ॥૨॥ હાલ હાલ મસક ભરીને : ઘોડે લાદી સોઅ ॥૩॥ એક હાથે તો મસક પકડી : બીજે હાથે તલવાર મારે ॥૪॥ મારતાં મારતાં પોતે ચાલ્યા : ખવારજી કરે અંદેસા ॥૫॥ જો હુસેને પાણી પીધું : તો ગણી ગણીને મારે ॥૬॥ આપણો ચારો નહી ચાલે : એવું મનમાં ધારે ॥૭॥ પછી ખવારજી એ તીર માર્યું : મશકમાં જઈ લાગ્યું ॥૮॥પાણી માંહેથી જતું રહ્યું હુસેન ગાભરા થાય ॥૯॥ મશક પોતે નાખી દીધી : બે હાથે તલવાર મારે ॥૧૦॥ :(આંચલી): *મારે તલવાર દરૂદ ભણતા : લડે છે અપારજી ॥૧॥ એક દુશ્મન મહંમદ કેરો : તેણે તીર કાઢ્યું બહારજી*॥૨॥ ॥૨૯૧॥ કમાન ખેંચી તીર માર્યું : હુસેનના ગળામાંહે ॥૧॥ તે આરપાર નીકળીને ચાલ્યું : ઘોડેથી પડીઆ તાંહે ॥૨॥ હુસેનતો તરફડવા લાગ્યા : ધુળમાં તે લોટે ॥૩॥ એવા મધે

અજીદ કેરા : સીરદાર બોલ્યા તાંહે ॥૪॥ ઘોડેથી ઉતરી કરીને : સીસ કાપીએ સોહે ॥૫॥ પછી બીજા રાવત બોલ્યા : એટલું કર્યું આપણે ॥૬॥ હુસેન મારી સીસ કાપીએ : એ નહી આપણું કામ ॥૭॥ એવામાંતો રાત પડી છે : જંગલ ઘાવા જાએ ॥૮॥ સરદાર બીજા સઉ પોકારે : કોઈ ઉતરી કાપો શીસ ॥૯॥ પણ તે વેળા કોઈ ઉતરે નહી : જંગલ એવું દીસે ॥૧૦॥ :(આંચલી): *પછી બે મીનાફક ઉતર્યા ઘોડેથી : તેનાં નામ સુણોને આજજી ॥૧॥ એકનું નામતો સીનાંન કહીએ : બીજો સીમરજલ જોસનજી ॥૨॥* ॥૩૦૩॥ બે જણ ઉતરી ચાલ્યા આવે : પગલી વાગી તાંહે ॥૧॥ ઈમાંમહુસેને આંખો ખોલી : તેનું મોં દીઠું સોહે ॥૨॥ સીનાંનને તો લાજ આવી : હુસેન કેરી સોહ ॥૩॥ ત્યારે ત્યાંતો સીનાંન બોલ્યો : આ દુનીયાં કેરે કાજ ॥૪॥ કાળું મોં આ દુનીયાં કેરૂ : એવી આવી લાજ ॥૫॥ હુસેનને એવું લખ્યું તું : સૈયદ હોને આજ ॥૬॥ પણ સીશ કાપવું નહીરે વાજબ : સાહેબને દેવો જવાબ ॥૭॥ એવું સમજી પાછો વળીઓ : સીનાંન તેણે ઠાર ॥૮॥ સાતે સરદાર કરે પોકાર : જે કાપે હુસેનનું સીસ ॥૯॥ તેને તો અજીદ આપણો : જે માગે તે આલે ॥૧૦॥ :(આંચલી): *પછીતો સીમર બોલ્યો : સુણો મરવા વજીરજી ॥૧॥ અબદુલા જાહેદ ઉતબા વલીદ : અબુહુરેરા સોહીજી ॥૨॥* ॥૩૧૫॥ સીમર કહે સરદાર સુણો રે : કહુસો સુણીએ આજ ॥૧॥ હુસેનકા સીર તો જો કાટું : મેરા કહ્યા જો કીજે ॥૨॥ જંગબારકા દો પરગણા :તો સીસ કાટું મેં આજ ॥૩॥ સઉએ મળીને હા પાડી છે : તુજને આપુ તેહ ॥૪॥ વહેલા થાઓ વાર ના કરસો : કામ કરો સવેળા ॥૫॥ પછી સીમરપલીંત પાસે આવ્યો : હુસેન પાસે તાંહે ॥૬॥ હુસેનનીતો છાતી ઉપર : ઘુંટણ દીધી જેહ ॥૭॥ હુસેન કેરા વાળ લોહીમાં : ભીના છે અપાર ॥૮॥ સીમરે ખંજર કાઢી કરીને : ગળા ઉપર મુક્યું ત્યાંય ॥૯॥ હુસેન કેરી દાઢી પકડી : ખંજર ચાંપે જે ॥૧૦॥ :(આંચલી): *ગળા ઉપરતો ઘસ ઘસ કરે : એક વાળના કપાએ તાંહેજી ॥૧॥ તે ખંજર તો કેવું કહીએ : પથ્થર કાપે સોહજી*

॥૨॥ ॥૩૨૭॥ ખંજર એવું જલાદ કહીએ : પણ ગળા ઉપરના ચાલે ॥૧॥ પણ સીમરતો ઘણું જોર કરીને : ખંજર ચાંપે અપાર ॥૨॥ ખંજર ચાંપતાં આંખો ખોલી : ઈમાંમહુસેને તાંહે ॥૩॥ સીમર ઉતર્યો સીના ઉપરથી : દુર ઉભો છે ત્યાં ॥૪॥ ત્યારે ઈમાંમહુસેને પુછ્યું તેને : તું કોણ છેરે આંહે ॥૫॥ તું તો મુજને શું કરે છે : ત્યારે સીમર બોલ્યો ત્યાંય ॥૬॥ સીર તમારૂં કાપવાને : આવ્યો છું આંહે ॥૭॥ ત્યારેતો હુસેન બોલ્યા : તારૂં શું છે નામ ॥૮॥ ત્યારેતો સીમર બોલ્યો : સીમરજલજોસન નામ ॥૯॥ પછીતો સીમર બોલ્યો : ઈમાંમ સુણો તમ વાત ॥૧૦॥ :(આંચલી): *તુમારા હલક તો નહી કટાતા : ત્યારે હુસેન બોલ્યા વચનજી ॥૧॥ અરે પલીત એ હલકતો મેરી : નહી કાટી જાઅજી* ॥૨॥ ॥૩૩૯॥ એ હલક તો કેમ કટાવે : ઈસકા કહુ વિચાર ॥૧॥ ઈસ જગે નબીકી લબજો : લગીહે અપાર ॥૨॥ એ જગાસે નહી કટાવે : ગળાનાજુક હોય ॥૩॥ જીસદીન આએ મીત્ર જબરાઈલ : ફરમાન લાએ સોહ ॥૪॥ હુસેનઅલીના ગળા કેરી : લકીરી છે એહ ॥૫॥ એ જગાએ ખંજર જો ફરસે : એવું કહ્યું વચન ॥૬॥ ત્યાર પછી નબીમહંમદ દિનમાં હજારવાર ॥૭॥ ગળું ચુમેને ખુરબાંન જાએ : નબી મહંમદ તાંહે ॥૮॥ આ નાજુક ગળા હુસેન કેરા : કેમ સહેસે છુરીઆં વાંહે ॥૯॥ અરે પલીત તું નહી જાણતા : નહી કટાવે આંહે ॥૧૦॥ :(આંચલી): *નબી મહંમદકી લબ લગીહે : તેરા ખંજર ટુટ કરજાઅજી ॥૧॥ તબ સીમરને કહા ઈમાંમજી : અજીદકા હુકમહે આજજી* ॥૨॥ ॥૩૫૧॥ સીસ કાપીને મારી પાસે : લાવજોરે આંહે ॥૧॥ ત્યારે હુસેન બોલ્યા સીમર સાથે : કહું તુજને એક વાત ॥૨॥ તેરા સીના ખોલ કર રે : મુજકુ દેખાવતું આજ ॥૩॥ પછી મેરે હલક કેરી : કટાંણેકી જાગ ॥૪॥ સો બતાવુંરે તહી : સાચી કહી વાત ॥૫॥ પછી સીમરે સીના ખોલી : દેખાડ્યા છે તાંહે ॥૬॥ ઈમાંમજીએ પોતે જોયું : કોઢના તેણે દાગ ॥૭॥ અને આઠથાંન કુતરાના જેવાં : હારો હાર કીતાર ॥૮॥ તે થાંનને બે છેદ કહીએ : સોય જેવાં ત્યાંય ॥૯॥ તે છેદનીવાટે કરીને : ધુઆનીકલે માંહે ॥૧૦॥

:(આંચલી): *એ નીસાંની જ્યારે દીઠી : ઈમાંમ હુસેને તાંહેજી ॥૧॥ મારે નાંને કહ્યુંતં મલીયું : તે વચન ખાલી ના જાઅજી* ॥૨॥ ॥૩૬૩॥ મારા નાંના ત્યારે બોલ્યા : પુત સુણોને બાત ॥૧॥ મોત તમારી તેને હાથે : એ નીસાંની તાંહે ॥૨॥ પછીતો હુસેન ઉઠ્યા બેઠ્યા કીબલા રૂખે ॥૩॥ જેમ બેસે નીમાજ કરવા : તેમ બેઠા ત્યાંય ॥૪॥ પછી બોલ્યા ઈમાંમ પોતે : સુણ પલીતતું બાત ॥૫॥ બોચીકી રૂખસે ખંજર ધરીઓ : ગળા કાપ્યા જાએ ॥૬॥ પછી સીમરે ખંજર મેલ્યું : ગળું કાપ્યું તાંહે ॥૭॥ ઈમાંમહુસેને હાથ પસારી : લોહી ઝીલ્યું તે હાથે ॥૮॥ ભરી ખોબો અસમાંને નાખ્યું : એક બોલ બોલ્યા તે ઠાર ॥૯॥ અઢારહજાર આલમના રાજા : સુણો પરવરદીગાર ॥૧૦॥ :(આંચલી): *જો મેરે નાંનાકા ઉમત મુજકુ : મારતી હે આજ જી ॥૧॥ જો હકપર રાજી હોકર મારે : તો ભલા કીયા એણે કામજી* ॥૨॥ ॥૩૭૫॥ અગર જો નાહક મારે : તો મહંમદકે ગુનેગાર ॥૧॥ એમ કહીને લોહી ઉછાળ્યું : શ્રાપ દીધો તાંહે ॥૨॥ ખુદાજી ઈસકે હાથ કટાઈઓ : અબદુલા આબાદ ॥૩॥ દો જગમેં આબાદ જલીઓ : જે ખુસી હુએ પલીંત ॥૪॥ ખુસી હુએ સઉ ખવારજી : સીમરને દે શાબાશી ॥૫॥ પછી હુસેન કેરા ડેરા ડાંડા : લુંટ્યા તેણી વાર ॥૬॥ હુસેનના કબીલા સર્વે : પકડ્યા તેણી વાર ॥૭॥ ચાર ઓરત મહંમદ કેરી : તે પણ પકડી તાંહે ॥૮॥ સર્વેને બાંધીને ચાલ્યા : ખુસી કરે છે તાંહે ॥૯॥ એવી વીતક આલમુરતને : વીતી છે અપાર ॥૧૦॥ :(આંચલી): *કહે* **બુદરદીન** *સુણો સલોદા : એ દુખ પડ્યાં અપારજી ॥૧॥ તે દન સુખીઆ કોઈ ના હોતા : તો આજ ક્યાંથી હોઅજી* ॥૨॥ ॥૩૮૭॥ કુલ પટોરાં ॥૩૯૭૮॥

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૪૯ મું :

હાએ હાએ હુસેન રણ પડીઆ : કબીલા રૂએ અપાર રે :(આંચલી): *હુસેન રણ પડીઆ* ॥૧॥ હાએ હાએ સકીના બોલ બોલીઆં : બાવા મીજકુ બોલાવો તમરે :

હુસેન રણ પડીઆ ॥૨॥ બાવા દુખડાં પડ્યાંરે અતીઘણાં : હાથે સીરકુટે તાંહીરે : *હુસેન રણ પડીઆ* ॥૩॥ હાએ હાએ ફાતમા રૂદન કરે : મેરા ચીચા બોલાવો અમને રે : *હુસેન રણ પડીઆ* ॥૪॥ હાએ હાએ સકીના રૂદન કરે : ત્યાંતો કુટેપીટે અપાર રે : *હુસેન રણ પડીઆ* ॥૫॥ હાએ હાએ સકીના એમ બોલીઆં : આ તો ગેબની વાગી ગોળી રે : *હુસેન રણ પડીઆ* ॥૬॥ ત્યાંતો માથાના કેશ રે ટુંપતી : ત્યાંતો રૂદન કરે અપાર રે : *હુસેન રણ પડીઆ* ॥૭॥ ત્યાંતો બાવા બાવારે પોકારતી : દોડવાને ત્યાંતો જાએ રે : *હુસેન રણ પડીઆ* ॥૮॥ ત્યારે ત્યાંતો ખવારજી આવીઓ : સકીનાનો પકડ્યો હાથ રે : *હુસેન રણ પડીઆ* ॥૯॥ ત્યારે ત્યાંતો ખવારજીએ શું કર્યું : એક માર્યો તમાચો તાંહે રે : *હુસેન રણ પડીઆ* ॥૧૦॥ ત્યારે સકીના બોલ્યાંરે બોલશું : તુંતો કાફર જલાદ બહુ રે : *હુસેન રણ પડીઆ* ॥૧૧॥ મેરે બાવાને તુને મારીઆ : દોજગ તેરા વાસરે : *હુસેન રણ પડીઆ* ॥૧૨॥ હવે રોણાં રૂએ રે અતી ઘણાં : બીબી જેનબ રૂએ અપાર રે : *હુસેન રણ પડીઆ* ॥૧૩॥ હાએ હાએ અસવાર મેરા મારીઆ : તેરી વાસ દોજગમાં હોએ રે : *હુસેન રણ પડીઆ* ॥૧૪॥ હાએ હાએ જેનબ વાણી બોલીઆં : મુજને આવ્યો રંડાપો પુર રે : *હુસેન રણ પડીઆ* ॥૧૫॥ હાએ હાએ દાવાદારીએ ક્યા કીયા : મેરે પુગડેકું માર્યા આંહીરે : *હુસેન રણ પડીઆ* ॥૧૬॥ હાએ હાએ અસવાર મારા રણ પડ્યા : હુસેનકા મુખ દેખણેકુ જાઉંરે : *હુસેન રણ પડીઆ* ॥૧૭॥ એમ કુટેપીટેરે અતી ઘણું : જેનબ બીબી એતો તાંહે રે : *હુસેન રણ પડીઆ* ॥૧૮॥ બીબી જેનબ ત્યાંતો રૂદન કરે : મીજે જાણેદો ઈનકે પાસ રે : *હુસેન રણ પડીઆ* ॥૧૯॥ અબ ઈનકા મુખમેં કબ દેખું : એમ કરે વીલાપ તાંહે રે : *હુસેન રણ પડીઆ* ॥૨૦॥ હાએ હાએ દુસમનને ક્યા કીયા : હમકુ પાડે વીજોગી આંહે રે : *હુસેન રણ પડીઆ* ॥૨૧॥ અરે અલીકે બેટે તુમ સહી : સીતાબી મુજકુ બોલાવોરે : *હુસેન રણ પડીઆ* ॥૨૨॥ એમ રૂદન કરે બહુ જોરમાં : કુટેપીટે ત્યાંતો અપાર રે : *હુસેન રણ*

પડીઆ ॥૨૩॥ ત્યાંતો જેનઅલાબદીન રૂદન કરે : હાએ હાએ બાવા તમરે : *હુસેન રણ પડીઆ* ॥૨૪॥ બાવા મીજકુ એકલા છોડકર : એતો તમ ગએ સોહી રે : *હુસેન રણ પડીઆ* ॥૨૫॥ બાવા તમારી જુદાઈમાં કબીલા : સબ રોતેહે અબ આજ રે : *હુસેન રણ પડીઆ* ॥૨૬॥ ફેર દુસરી એતો બાતડી : સબકુ કીએ હે કેદરે : *હુસેન રણ પડીઆ* ॥૨૭॥ હાએ હાએ બાવાતુમ મેરા : અબ કાફર સાથે હાથ રે : *હુસેન રણ પડીઆ* ॥૨૮॥ એમ કેસકબીલા રે બહુરૂએ : રોઆ પીટાપીટી થાએરે : *હુસેન રણ પડીઆ* ॥૨૯॥ ત્યાંતો પીર પેગાંબર રૂદન કરે : આ શો નબીના ઘર ઉપર કેર રે : *હુસેન રણ પડીઆ* ॥૩૦॥ જેનઅલાબદીન ગરીબ કીએ : દીન દુનીઆં કેરા તાજરે : *હુસેન રણ પડીઆ* ॥૩૧॥ એતો બોલ્યા **બુદ્દરદીન** સાંભળો : હવે કાફર રોસે અપાર રે : ધરમી તમે સાંભળો : ॥૩૨॥ કુલ પટોરાં :૪૦૧૦:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૫૦ મું :

(વિલાપની વાંણ છે :)

વીરા સર્વેને બાંધી ચાલીઓ રે : વાજે ઢોલ દદાંમો અપાર ॥૧॥ તે સાતે સરદાર અજીદને રે : અરદાસ લખે છે તે તાંહે ॥૨॥ હુસેનને જેમ મારીઆ રે : તે સહુ લખે છે રે સમાર ॥૩॥ તે ખત લખીને મોકલું રે : કાસદ ગયો દમેસક ત્યાંય ॥૪॥ તે કાગળ આપ્યો અજીદને રે : વાંચી જોઓ અજીદે સોહી ॥૫॥ કાગળમાં લખ્યું વાંચીયુંરે : કાપ્યું હુસેન કેરૂં સીસ ॥૬॥ હરમાં બાળક સરવને રે : બાંધી લાવુંછુ તુજ પાસ ॥૭॥ તે કાગળ વાંચી ખુસી થયો રે : અજીદ માવીઓ ઉલાસ ॥૮॥ ત્યાં કાસદને વધાવીઓ રે : હીરામાણેક મોતી સાથ ॥૯॥ ખુસીનાં દદાંમાં વગાડીઆં રે : અજીદ ખુસી કરે અપાર ॥૧૦॥ હવે લશ્કરની જે વાત છે રે : તેતો સાંભળો સાખીઆત ॥૧૧॥ લશ્કર ત્યાંથી ચાલીયું રે : સીસ હુસેનનું તે લેઈ ॥૧૨॥ અને ઘડતે ત્યાં પડ્યું રે : તે પર વીચક

શું રે થાય ॥૧૩॥ હુસેન કેરી ઈજારનારે : તેના નાડાના છેડા માહે ॥૧૪॥ રતન બે છે તેમ ઘેરે : તે એક સખસે દીઠાં હતાં ત્યાંય ॥૧૫॥ તે પલીતતો છપી રહ્યો રે : કંથાર જાળા કેરી માહે ॥૧૬॥ તે જાણે છે આ સમયે રે : કોઈ નથી જંગલ માહે ॥૧૭॥ પછી જાળા માંહેથી નીસર્યો રે : આવ્યો હુસેનના ધડ પાસ ॥૧૮॥ એણે મનમાં એવું ધારીયું રે : નાડું ઈજાર કેરૂ જેહ ॥૧૯॥ કાઢી લઉતો ખુબ છે રે : ત્યારે ઈમાંમને ઘડે વિચાર્યું એ ॥૨૦॥ એ પલીંત નાડું કાઢસે રે : પવને શરીર નાગુ થાએ ॥૨૧॥ જે આવે ઉપાડવા મુજને રે : મુજને નાગો દેખે તાંહે ॥૨૨॥ ત્યારે ઘડેતે ત્યાં શું કર્યું રે : એક હાથે નાડું પકડ્યું સોહી ॥૨૩॥ ત્યારે ધડ બોલ્યું તે ત્યાંથકી રે : જો જીવતો માગતો રતન ॥૨૪॥ તો હું એ આપતો રે : પલીતે ધારી નઈઅત એ ॥૨૫॥ હુસેન ના હોય ધરતી વીસે રે : તો હું રતન લેઉ આજ ॥૨૬॥ પછી નાડું લેવા આવીઓ રે : નાડા પર હાથ ધર્યો છે જે ॥૨૭॥ તે પલીતે મનમેં ધારીયું રે : એતો હાથ કાપું જે ॥૨૮॥ ત્યારે નાડું છુટસે રે : દલમાં કંપ્યો નહી લગાર ॥૨૯॥ છરી કાઢી હાથ કાપીઓ રે : જાણ્યું નાડું કાઢીલેઉ તે ॥૩૦॥ ત્યારે તે સમે તે શું થઉરે : ઈમાંમને ઘડે બીજો હાથ ॥૩૧॥ નાડાપર વળી મુકીયો રે : નાડુ પકડ્યું તેણીવાર ॥૩૨॥ ત્યારે વળી પલીંતે ધારીયું રે : એનો કાપું બીજો હાથ ॥૩૩॥ એવા મધે આકાસથી રે : સબદ થયો છે આઘાદ ॥૩૪॥ કહે રે દોજગી જાલમી રે : એ હાથે નાંમત ખાધી અપાર ॥૩૫॥ તેં એક હાથ કાપીઓ રે : વળી બીજાનો કરે મન વીચાર ॥૩૬॥ એમના તન કેરાં લુગડાં રે : તો તું નાંમત ખાતો અપાર ॥૩૭॥ તે અવાજ સુણીને ઉઠીઓ રે : આકાશ વાણી સુણીતે સાચ ॥૩૮॥ તે શબ્દમાંતે શું કહ્યું રે : જાલમ ખુદાથીતું ડર ॥૩૯॥ જે કાપ્યું ઘડતે સીસથી રે : તે પર જુલમ કેમ કરી થાય આજ ॥૪૦॥ જેનો તું કલમો પડે રે : મહંમદને મોં કેમ દેખાડ્યું જાય ॥૪૧॥ તે અવાજ સુણીને દલથી ડર્યો રે : ત્યાંથી પાછો નાઠો તે ॥૪૨॥ લથડતો કંથારના રે : પડીઓ જાળાકેરેમાંહે ॥૪૩॥ ત્યાં જાતાં વપતા બહુ પડી રે : ખબર નહી

દુનીયાં કેરી તાંહે ॥૪૪॥ એવી વીપતા ઘડને પડીરે : મુવા પછી તે અપાર ॥૪૫॥ કહે **બુદરદીન** સાંભળો રે : જે કાંઈ લખીઆ લેખ લલાટ ॥૪૬॥ વળી વાતો સાંભળો રે : કહીએ જ્ઞાને કથી અપાર ॥૪૭॥ કુલ પટોરાં :૪૦૫૭:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૫૧મું :

(દસમા અવતારની વાંણ છે :)

જે દીવસે ઈમાંમ હુસેન જે : કરબલાના જંગલમાં આવ્યાતે ॥૧॥ તે જંગલની પાસે એક શહેર જો વસે : ત્યાં લશ્કર કોઈનું ના ધસે ॥૨॥ તે ગામનું નામ ખવારજંગ શહેર : તેના જંગલમાં મોટો પડીઓ કહેર ॥૩॥ તે શહેરમાં મહંમદશા ખો આરજંગ પાદસાહી કરે છે જે : તે શાહાઅલીના પાલક બેટા કહીએ તે ॥૪॥ તે બેટાનો બેટો તેપણ પાદશાહ કેવાય : તે મહંમદસા ખોઆરજંગે સાંભળ્યું તાહે ॥૫॥ ઈમાંમ હુસેનને અજીદના લશ્કરે ઘેર્યા છે જે : કરબલાના જંગલમાં તે ॥૬॥ તે મહંમદ શાહા તૈયાર થઈને આવ્યા તાંહે : સાથે એંસીહજાર અસવાર સોહે ॥૭॥ તે આવી જુવે તો લોથ પડી છે જે : હુસેનને મારી લીધા તે ॥૮॥ ત્યારે ખોઆરજંગ બોલ્યા જે : પરવરદીગારે લખીયું તે ॥૯॥ જે હુસેનને માથે એવી પડસે જદા : સાહેબનું લખ્યું કોણ ટાળે સદા ॥૧૦॥ ત્યારે ત્યાં રાત પડીને અસમાંનની ખડકીયો જે : ફીરસ્તા સર્વે ઉતર્યા તે ॥૧૧॥ તે ફીરસ્તાએ જંગલમાં ઝાડું દીધી સહી : હજરતના ચલીંચા ઉતરીયા તહી ॥૧૨॥ તે બિછાંણાં હજરતનાં બિછાંવ્યાં જે : ત્યાં બીજા મુલાએક આવ્યા તે ॥૧૩॥ તેણે આવીને હુસેનની લોથ ઉપાડી સહી : ગુલાબને પાણીએ લોથને ધોઈ તહી ॥૧૪॥ તે પાક કરીને લોથને બિછાંણા પર ધરી : પછી કસબોઈ ભીસ્તની ભરી ॥૧૫॥ પછી તબાકોમાં ફુલ ભરીને મુક્યાં છે જ્યાં : જણસ જણસની કસબોઈઓ ત્યાં ॥૧૬॥ તે તબાકો ભરીને મુકી છે જે : પેલો સખસ છપ્યો છે તે દેખે છે તે ॥૧૭॥ તે ધરૂજે છે ને કંપે છે અપાર : આ કોણ

આવે છેને જાયછે સરદાર ॥૧૮॥ તે દુમેદુમે માફામુલાએક આવે છે જે : અસમાંન ઉપરથી ઉતરીઆતે ॥૧૯॥ તેમધે દાદા આદમસફીઉલા જે : દાદી હવાંતો કહીએ તે ॥૨૦॥ તે દરૂદ ફાતીઓ પડતા જાએ : ફુલ લઈને બેઠા તાંહે ॥૨૧॥ વળી બીજો માફો ઉતરીઓ જાણ : તેમાં પણ મુલાએક બીજા પરમાંણ ॥૨૨॥ તે નોહોનબીઆલે સલાંમ : તે આવી બેઠા સાહેબને ફરમાંન ॥૨૩॥ વળી માફો ઉતર્યો છે જે : તેમાં કોણ મુલાએક કહીએ તે ॥૨૪॥ તે મધે ખુદાના લાડીલા મુસાકરીમ : બહુ હેત તેપર કરે રહીમ ॥૨૫॥ તે ત્યાં આવી બેઠા સહી : બીબી સફુરાં ફાતીઓ પડીઆં તહી ॥૨૬॥ વળી એક માફો ઉતરી ઓજે : તે મધે બીબીમરીઆંમ બેઠાં છે તે ॥૨૭॥ વળી મીત્ર ઈસેરોહીલા જે : બીબી પારસાં કહીએ તે ॥૨૮॥ તે દરૂદ પઠીને બેઠાં જઈ : સર્વે સભા મળીછે તઈ ॥૨૯॥ મુલાએકોનો નહી સમાર : ફીરસ્તા આવ્યા અપરમ પાર ॥૩૦॥ વળી એક માફામાં બહુમુલાએક ઉતર્યાતે ઠાર : તેમાં કોણ કોણ છે અપાર ॥૩૧॥ મીત્ર ઈબ્રાહીમખલીઉલા જે : બીબી સારાં આવ્યાંતે ॥૩૨॥ ફાતીઓ દરૂદ પડીઆં જઈ : ફુલ લઈને બેઠાં તહી ॥૩૩॥ એક એક કહેતાં પાર ના આવે : બહુ મુલા એક કહ્યા ના જાવે ॥૩૪॥ એક લાખને એંસીહજાર : તે સર્વે આવ્યા ત્યારે ॥૩૫॥ ત્રણસોનેતેર મુરસદ જે : પેગાંબર સાથે આવ્યાતે ॥૩૬॥ બીજા મુલાએક ચાલ્યા ચાલ્યા આવે સહી : તેની સાથે ચકડોળ માણેકમોતીનો તહી ॥૩૭॥ તે મધે બીબીખતીજાં દીન દુનીઆંનાં સરદાર : નબી મહંમદઆપે ખુદકાર ॥૩૮॥ તે માફેથી ઉતરીને દોડીઆવ્યાં ધડને પાસ : તે ધડ સાથે સીસ લગાવી કરે અરદાસ ॥૩૯॥ અરે પુત ખુરબાંન નાંના તમપર કીયા : એ કહેર મૈને તમપર માગ લીઆ ॥૪૦॥ સો માગ્યા સોહુઆ અબ સહી : મહંમદ જારજાર રોવે તહી ॥૪૧॥ જે એક લાખએંસીહજાર પેગાંબર જે સબસાથ : ઓરતો મરદ રૂવે અઘાદ ॥૪૨॥ મહંમદ રોઆ ત્યારે સર્વે રોએ જે : આદમ સફીઈબ્રાહીમ તે ॥૪૩॥ તે મહંમદનો હાથ પકડીને પોતાની પાસે

બેસાડ્યા તહી : ત્યાર પછી અમીરલમોમની આવ્યા સહી ॥૪૪॥ પોતાના યાર અબાબકરજીઉલા જે : ફાતીઓ પડીને બેઠા તે ॥૪૫॥ પછી ઉમરખીતાબજી ઉલાજાણ : આવી ફાતીઓ પડીઆ પરમાંણ ॥૪૬॥ પછી ઉસમાંન આવ્યા બેઠે સહી : ઉનુને ફાતીઓ પડીઆ તહી ॥૪૭॥ પછી સબમાતમ મેં આએ સહી : જીસકા કલેજા કટાંણાહે જહી ॥૪૮॥ સો માફેમેં ભી સતકી બીબી દીન દુનીઆંકી સરદાર : બીબી ફાતમાં આપે ગુલજાર ॥૪૯॥ સાથે અમીરલ મોમની મુરતુજાઅલી સો આપ : તે ધડ પાસે આવી બેઠા સાખીઆત ॥૫૦॥ તે ધડને સીને લગાવીને રૂએ અપાર : પછી પોતે બોલ્યા ત્યારે ॥૫૧॥ અરે પુત જોકુછ વાયદા લખ્યાથા સોએ : સો સબ પહોંચે પુરા હોય ॥૫૨॥ અરે પુત તુમારી મોત આગમ ઉઠીસો સહી : અનાજ પાણી સાત દન તહી નહી ॥૫૩॥ અરે પુત દુશ્મનમેં તુજે એકલા છોડા : તેરા સીરફુટા તુને મુખના મોડ્યા ॥૫૪॥ બીબીફાતમાં ધડને વળગી રૂએ અપાર : હુસેન તમને પાળ્યા હતા આવેળાને કાજ ॥૫૫॥ અરે હુસેન સાતદનકા ભુખ્યા પ્યાસા જે : કઉ કરબલાના જંગલમેં પડીઆ તે ॥૫૬॥ ઈસ મરણકે આગે મેં ખુરબાન જાઉ : પાણી માગતા તો દુધ પીલાઉ ॥૫૭॥ અરે પુત મહંમદને તુજે હાથ પર રખીઆ સહી : સો આજ દનકે વાસતે તહી ॥૫૮॥ સોએ જગે તું પડીઆ શું જાણ : કરબલાકા જંગલ પરમાણ ॥૫૯॥ બીબીફાતમાં જાર જાર રોવે સહી : મુરતુજાઅલી આપે સહી ॥૬૦॥ તે રોઆના આગળ ઝાડ બીડને પર્વત પહાડ : પંખી પંખેરૂ બહુ સમાર ॥૬૧॥ બીજા મુલાએક સર્વે જે : કુખો ફાટતાં રોવે તે ॥૬૨॥ દાદીહવાંને બીબીસારાં જે : બીબીફાતમાંનો હાથ પકડી બેસાડ્યાંતે ॥૬૩॥ એક અસવાર ભીસ્તમાંથી આવ્યા જે : બુરાખ ઉપર બેઠા હતા તે ॥૬૪॥ ભીસ્તનાં લુગડાં પહેરી કરી આવ્યા સહી : જરીઆંન અનુપમ દીસે તહી ॥૬૫॥ તે ઈમાંમહસનઅલી માનાજાયા જે : ભાઈની લોથ ઉપર પડીયા તે ॥૬૬॥ ભાઈ ભાઈ કરી ને રોવા લાગ્યાતે વાર : રૂએ રૂએ પણ દલના સમજે નીરધાર

॥૬૭॥ પછી દરૂદ ફાતીઓ પડી ઉભાછે જયાં : ભાઈની લોથ પાસેત્યાં ॥૬૮॥ પછી શાહાઅલી બોલ્યા અરે પુતશુંજાણ : અરે હુસેન એ કહેર તુમેરે નાંનાને માગ્યા પરમાંણ ॥૬૯॥ સો તો ખુદાકા લીખા હુઆ સો સહી : અરેપુત વેકોણ જાલમ જે તુમારા હાથ કાટીઆ અહી ॥૭૦॥ કહે **બુદરદીન** આપ સવાઈ : મુવા પછી એવી વીપતા પડીછેરે ભાઈ ॥૭૧॥ તે આલમુરત નુરખલીફાજે : તો તમે કોણ માંનવીતે ॥૭૨॥ એવાતનું ના કરીએ અભીમાન : પણ સાહેબે લખ્યુંતે સઉ પરમાંણ ॥૭૩॥ આજના ધરમી એવું જાણે જદા : પણ અમારો તોર રહેસે તદા ॥૭૪॥ બોલે ચાલેને એકઠા રહે : દુખ પડે ત્યારે અમને કહે ॥૭૫॥ દસુંદકાચીને સમરણ કાચું જે : મનનો મેલના કાઢતે ॥૭૬॥ જ્ઞાન વેદની ચર્ચા કરે : નર નારી એમ માંહે માંહે ઓચરે ॥૭૭॥ તમે તમારી કરજો પેર : પણ ખરા હસેતે આવસે અમારે ઘેર ॥૭૮॥ બોલ્યા **બુદરદીન** ગુણવંતી સાર : ભાગ્યાં મનને ઉતરસે માર ॥૭૯॥ કુલ પટોરાં :૪૧૩૬:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન પર મું :

(વીલાપની વાંણ છે :)

બાવાજી સુણો તમે બાતડીરે : ધડ કહે છે હુસેનનું તે સાચ ॥૧॥ બાવા જાલમ છે જાળા મધ્યે રે : કંથાર કેરાતે વળીમાં હે ॥૨॥ છુપી બેઠોછે ત્યાં જઈ રે : મેરા રકેબદાર એ સહી ॥૩॥ ઉને હાથ મેરા કાટીઆ રે : ગુસ્સામાં આવ્યા અલીશાહા અપાર ॥૪॥ ત્યારે અલી દોડ્યા તે પાછળ સહી રે : રકેબદાર સામો આવ્યો તે વાર ॥૫॥ તે સામો આવી વિનંતી કરે રે શાહઅલી સૂણો મારી વાત ॥૬॥ મૈને ગુનાકર્યા અપણે હાથશું રે : આપણે પાઉસે ચલકર જાઉ દોજગ ॥૭॥ જે ના કરે સો મૈને કીયારે : વાસો વસીઆ દોજગમાંહે ॥૮॥ પછી શાહાઅલીત્યાં બોલીઆ રે : ખુદા ના કરે રહેમત તુજપર ॥૯॥ અરે પલીત તુને કામ કીયા રે : ખુદા કહેર

કરે તુજ પર અપાર ॥૧૦॥ તેરા નસીબ દોજગ માંહે રે : વળી બોલ્યા સાચી વાત ॥૧૧॥ એટલું કહીને એક તમાચો મારીઓ રે : એના મોં ઉપરતે સાર ॥૧૨॥ તે ખુદાકેરા ફરમાનથી રે : અડધું મોં કાળું થયું તે વાર ॥૧૩॥ એક આંખ મંજાર જેવી થઈ ગઈ રે : જે દેખેતે બીએ છે અપાર ॥૧૪॥ આજ માંજરા ખુદાકેરા ચોર છે રે : તેનો ના કરીએ વીસવાસ ॥૧૫॥ તે ગુના થકી થાય માંજરા રે : **બુદરદીન** કહે છે સાચી વાત ॥૧૬॥ પછી શાહાઅલી આવી બેસીઆરે : લોથ પાસે તે વળી તાંહે ॥૧૭॥ પોતે રૂએ રૂદન કરે રે : એમ કરતાં થયો સવારનો પહોર ॥૧૮॥ સર્વે મુલાએક વાઘીઆ રે : ગયા પોત પોતાને ઠાંમ ॥૧૯॥ પછી ત્યાં તો શું થયું રે : તે વાત સુણોને સાખીઆત ॥૨૦॥ ખોઆર જંગનો જે પાદશાહા રે : મહંમદ શાહા કહીએ તેનું નામ ॥૨૧॥ તે આવી ઉભા રહ્યા રે : હવે સો કરીએ ઉપાય ॥૨૨॥ જે થનાર હતું તે થઈ રહ્યું રે : મહંમદશાહા રૂએ છે અપાર ॥૨૩॥ ઈમાંમહુસેનની લોથને રે : ઉપાડી મેલી સારે ઠાંમ ॥૨૪॥ અંદેસો કરે છે દલથકી રે : સીસ વિના કેમ કરીએ દફન ॥૨૫॥ એવો અંદેસો કરે છે દલથકી રે : કરે છે મહંમદશાહાતે ઠાંમ ॥૨૬॥ તે ખોઆર જમીનનો પાદશાહા રે : રોણું રૂએછેરે અપાર ॥૨૭॥ અંદેસો કરતાં આવી નીંદડી રે : ત્યાં એક શબ્દ થયોતે ઠાર ॥૨૮॥ જરાએક રાહ તમે દેખીઓરે : સાંસતે રહે તમ આજ ॥૨૯॥ હુસેનકા સીસ કલકુ આએગા રે : ઐસા હુઆરે અવાજ ॥૩૦॥ પછી મહંમદશાહા ઉઠી બેઠીઆ રે : કોઈના દેખે અપણે પાસ ॥૩૧॥ પછી મહંમદશાહાત્યાં બેસી રહ્યા રે : જુવે છે સીસકેરી વાટ ॥૩૨॥ કહે **બુદરદીન** સાંભળો રે : હવે કહીએ લશ્કર કેરી વાત ॥૩૩॥ કુલ પટોરાં ॥૪૧૬૯॥

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૫૩ મું :

(મીઠી વાંણ છે :)

લશ્કર કેરી વાતો સુણીએ ચંત રાખીરે : વીરા : તો આગળ કર્યાછે કેવાં કામજી ॥૧॥ ઈમાંમ કેરા સીસની વાતો જો સુણીએ રે : વીરા : તો કાળજું ફાટીને કડકા થાઅ જી ॥૨॥ અજીદ કેરૂ લશ્કર સીસ લઈ ચાલ્યું રે : વીરા : તો ઓરત કબીલા સર્વે સાથજી ॥૩॥ વાટે જાતાંરે એક ગામ જો આવ્યું રે : વીરા : તો સાંજ પડીને ઉતર્યા ત્યાંય જી ॥૪॥ ત્યાં રાઅબ જાતે બ્રાહ્મણ હિન્દુ જો હતા રે : વીરા : તો તેણે દીઠું રે કૌતક ત્યાંહે જી ॥૫॥ કેટલાંક માથાં ત્યાંતો નેજે ચઢાવ્યાં રે : વીરા : તો રાઅબ દેખીને મનમાં કંપ્યાજી ॥૬॥ તેમાંથી એક સીસ ઝળકે અપાર રે : વીરા : તો તેનું નુર અસમાંને જઈને વળગ્યું જી ॥૭॥ પછી રાઅબે પુછ્યું એતો લશ્કર કીસકા રે : વીરા : તો એતો સીસ કીસકે કાટેજી ॥૮॥ રાઅબ મોટા માણસ માગ મેલાવે રે : વીરા : તો તેણે પુછ્યું છે તરતીપેજી ॥૯॥ ત્યારે લશ્કરી બોલ્યા અમે અજીદના સરદાર રે : વીરા : તો હુસેનઅલીનું સીસ લઈ આવ્યા જી ॥૧૦॥ ત્યારે રાઅબ બોલ્યા તેતો કોંણ હતા રે : વીરા : તો હુસેન અલી કોંણ છે જાતજી ॥૧૧॥ ક્યાંથી માર્યાને તમે ક્યાં લઈ જાસો રે : વીરા : ત્યારે એક સખસરે બોલ્યો માંહેથી વાણી જી ॥૧૨॥ હુસેનઅલીતો કહીએ અલીના પુત રે : વીરા : તો મહંમદના કહીએ તેતો નવાસાજી ॥૧૩॥ ત્યારે રાઅબ બોલ્યા તમે સુણજો સઉ સાથે રે : વીરા : તો મહંમદ કોણ તમારા હોઅજી ॥૧૪॥ એરે મહંમદનો અમે કલમો જો પડીએ રે : વીરા : તો અમે તેમની ઉમત કહેવાઈએ જી ॥૧૫॥ તેમના ઉપર અમે ઈમાંન લાવ્યા રે : વીરા : પછી રાઅબ બોલ્યા એવી વાણી જી ॥૧૬॥ ભલી ઉમતને ભલા ઈમાંની ખાસા રે : વીરા : તો ભલા દીનદાર કહીએ સાચા જી ॥૧૭॥ મોંઢે પેગાંબર દલમાં દાટાજો દીધારે : વીરા : તેની હુરમત ના રાખી કોઈએ જી ॥૧૮॥ તેમના ફરજનને મારી સીસ જે લાવ્યા રે : વીરા : તો કઆંમતમાં

મુખ શું દેખાડો જી ॥૧૯॥ તે પેગાંબરની આશા તમે કેમ કરી કરસો રે : વીરા : તો એટલું કહીને રાઅબ ચાલ્યા જી ॥૨૦॥ પોતાના ગામ મધે રાઅબ આવ્યા રે : વીરા : તો બધા લશકરને વાસો રાખ્યા જી ॥૨૧॥ ખાવા પીવાને ચારો સઉને જો આપ્યો રે : વીરા : તો રાત રાખ્યારે સરવને તાંહી જી ॥૨૨॥ સાંભળો લશ્કરી ભાઈ રાઅબ કહે છે રે : વીરા : કોઈ દોસદાર એમનો આવેજી ॥૨૩॥ તે સીસ લઈને જાસે શું તમે કરસો રે : વીરા : પછી અમે શું કરીએ અમથી ના ચાલે જી ॥૨૪॥ માટે આજની રાત વાસો આંહી જો રહીએ રે : વીરા : તો આ શીસ આપોતો ઘરમાં મેલું જી ॥૨૫॥ પછી કરારે તમે રહોને સરવેરે : વીરા : તો નચીતે સુવો તમે સાથી જી ॥૨૬॥ સવારે ચાલો ત્યારે લઈને જાજો રે : વીરા : ત્યારે લશ્કરી બોલ્યા વાત સાચીજી ॥૨૭॥ હુસેનઅલીનું સીશ રાઅબને સોંપ્યું રે : વીરા : તો સીસ લઈને રાઅબ આવ્યાજી ॥૨૮॥ તે સીશ લઈને પોતે ઘરમાં જો મેલ્યું રે : વીરા : ત્યારે ઘરમાં થયું છે અજવાળું જી ॥૨૯॥ ત્યારે રાઅબ ને પેટે સાત બેટાજો કહીએ રે : વીરા : તો આઠમા પોતે ખબરદારજી ॥૩૦॥ પછી હુસેનઅલીનું સીસ પોતે જો ધોયું રે : વીરા : તો થાળીમાં મુકી તદબીર કીધી જી ॥૩૧॥ પાણી ગુલાબ ચુવાચંદન સારાં રે : વીરા : તો માથાના વાળ દાઢી સુધાં જી ॥૩૨॥ સર્વે ધોઈને પાકસાક જો કીધાં રે : વીરા : તો સોનાના થાળમાં સીસ મેલ્યું જી ॥૩૩॥ ફુલ ચંબેલી કસબોઈ સર્વે જો મેલી રે : વીરા : એક ઉંચી જગાએ તબાક મેલ્યો જી ॥૩૪॥ પછી રાઅબ નાહી ધોઈ પાક જો થઈને રે : વીરા : પછી લુંગડાં પાક રે સર્વે પહેર્યા જી ॥૩૫॥ સાત બેટારે તેના તૈયાર થઈને રે : વીરા : તો આવી ઉભારે સીસ પાસે જી ॥૩૬॥ પછી આઠ મલીને બોલ્યા સીસને કહે છે રે : વીરા : એક વીનંતી સુણોને અમારી જી ॥૩૭॥ ખુદાની દોસતીને મહંમદની દોસતી રે : વીરા : તો જેનાછો તમે નવાસા જી ॥૩૮॥ તેની દોસતીરે તમે અમથી જો બોલો રે : વીરા : તો વાતો કરીએ અમારી સાથે જી ॥૩૯॥ તમારે માથે ગુજર્યુંતે અમને કહીએ ઈમાંમ રે : વીરા

: તો સો હાલ થયો છે તમારો જી ॥૪૦॥ સાહેબનું ફરમાંન થયું ઈમાંમને રે : વીરા : પછી ઈમાંમહુસેને આંખો ખોલીજી ॥૪૧॥ મસકીન થઈને પોતે ગરીબ જો થઈને રે : વીરા : તો ધીમા થઈને પોતે બોલ્યાજી ॥૪૨॥ સુણો રાઅબજી હુસેન સૈયદ હુઆરે : વીરા : તો કરબલા કેરે મેદાંને જી ॥૪૩॥ સાત દીવસ કા પ્યાસા ભુખ્યા ઔર તરસ્યા રે : વીરા : તો મેરા કબીલા જણ બચે સર્વેજી ॥૪૪॥ મારા લોક રે સર્વે તરસાવી માર્યા રે : વીરા : તો બે રે ગુને નાહક સઉને જી ॥૪૫॥ નાહક મેરે પર જુલમ જો કીતા રે : ભાઈ : એ ઉમત હમારે નાંનાકીજી ॥૪૬॥ અમારા કલમા કહેને હમકુ જો મારે રે : વીરા : તો કયામતકુ ક્યા મોં દિખલાવે જી ॥૪૭॥ બોલ્યા **બુદરદીન** બાવા એ ઉમત કેવી રે : વીરા : તો દોજગ કેરા છે સંગાથીજી ॥૪૮॥ આદે અંતેરે એતો ચાલ્યાંરે આવે રે : વીરા : તો દાવેદારીરે અમ પુઠે લાગ્યાજી ॥૪૯॥ તેરે દહાડે રે ઉમત તેમની જો કહીએ રે : વીરા : તો આજ ઉમત અમારી જી ॥૫૦॥ તેરે દહાડે રે ઉમત હતી તેમના નાંના નીરે : વીરા : તો આજ ઉમત અમારા નાંના બાવાની સોહીજી ॥૫૧॥ અમારા નાંના-નીને અમારા દાદાની રે : વીરા : તો કેવા લાગ્યા છે દાવેદારી જી ॥૫૨॥ સાતીઆ પાંચીઆ દાવે જો લાગ્યા રે : વીરા : તો ઈમાંમ શાહી મોટા રોજા વાળા જી ॥૫૩॥ તેરે દહાડાના અમે સુખીઆજો નહી રે : વીરા : તો આદે અંતે જાણો જી ॥૫૪॥ તે રાઅબની વંસના હુસેની બ્રાહ્મણ કહેવાય રે : વીરા : તો હીંદુનું અન્નપાણી તે ના લેતા જી ॥૫૫॥ જેરે નબીનો કલમો કોઈના પડે રે : વીરા : તો તેનું અન્નના લેવેજી ॥૫૬॥ એવી અટક વીરા તેતો જો રાખે રે : વીરા : તો તમેતો કાંઈના રાખી જાણી જી ॥૫૭॥ આજના ધરમી તમે આઠીઆ કહેવાઆ રે : વીરા : પણ બે રે ઈમાંનીનું અન્ન ના જમવું જી ॥૫૮॥ મકર્યાનું અન્ન વીરા જે કોઈ ખાસે રે : વીરા : તો તેની બુધ્ધિતો ભ્રસ્ટ જાણો જી ॥૫૯॥ બીજાં સાલરે વીરા તેમ ને રે થાસે રે : વીરા : તો અમે ના રાખ્યા તેને તમે રાખ્યાજી ॥૬૦॥ તેના સાલની વાતો તમને બતાવું રે : વીરા

: તો વૈકુંઠ જાતાંરે લફરાં લાગ્યાંજી ॥૬૧॥ તેને તો હુકમે લેઈ જસે દોજગની થડમાંરે : વીરા : તો અગનીની ઝાળા લાગે અતી ઘણીજી ॥૬૨॥ એરે રસ્તેરે તેને ભીસ્ત જાવાં રે : વીરા : ત્યારે પ્રાયશ્ચિત તેનાં ઉતરસે જી ॥૬૩॥ તેનો પરચો રે વીરા તમને બતાવું રે : વીરા : તો તેની સુણો ને વાતો જી ॥૬૪॥ કસાઈ બ્રાહ્મણ બેઉ દોસ્ત રે હતા રે : વીરા : તો બ્રાહ્મણની બંદગી પુરી જી ॥૬૫॥ રાત દીવસ ખુદને જપે છે રે : વીરા : તો બંદગીમાં બાકી નહી જી ॥૬૬॥ કસાઈ કરમ કરી દલથીતો ડરતો રે : વીરા : તો ઉંધે મસ્તકે રાતે તપ કરતા જી ॥૬૭॥ એમ કરીને તેતો ખુદાને જપતારે : વીરા : તો કરમ કરીને છોડવતા જી ॥૬૮॥ હૈયામાં દેસત હવે વલે શી થાસે રે : વીરા : તેમ કરીને આજીજી કરતા જી ॥૬૯॥ એમ કરતાં રે વરસ ત્રણસો ગયાંરે : વીરા : પછી બે રે જણની અદલ આવી જી ॥૭૦॥ ખરો ઈમાંની એતો બ્રાહ્મણ કહીએ રે : વીરા : પણ તપ કરતાં અભીમાન આવ્યું જી ॥૭૧॥ મારો સાહેબ હવે કંઈ નહી પુછે રે : વીરા : તો ભીસ્તમાં જાતાં કંઈના પુછે જી ॥૭૨॥ અભિમાન એવું દિલમાં આવ્યું રે : વીરા : તો ફીરસ્તા બે છુટ્યાજી ॥૭૩॥ ખુદને હુકમે ફીરસ્તા આવ્યા રે : વીરા : તો ખુદાનો હુકમ કેવો લાવ્યાજી ॥૭૪॥ કસાઈને લાવો ત્યારે ભીસ્તમાં લાવો રે : વીરા : તો કશી ઈજાએ તેને ના લાવો જી ॥૭૫॥ બ્રાહ્મણને લાવો ત્યારે દોજગની પાસ રે : વીરા : તો લાવીને ભીસ્તે લઈ જાવો જી ॥૭૬॥ એવો હુકમ વીરા ફીરસ્તા લાવ્યા રે : વીરા : તો બ્રાહ્મણને લઈ ચાલ્યાજી ॥૭૭॥ આવતાં આવતાં અગની જો લાગી રે : વીરા : તો પાણીની તરસ કેવી જાગી જી ॥૭૮॥ પાણી આપે રે તેને માગે તે આપું રે : વીરા : તો એતો દલ તેનું લાગ્યું જી ॥૭૯॥ એવા મધે રે ફીરસ્તા પાણી લઈ આવ્યા રે : વીરા : તો લઈ કરીને ત્યાં આવ્યાજી ॥૮૦॥ ત્યારે ફીરસ્તા બોલ્યા ત્યાં વાણી રે : વીરા : જો કાંઈ આપો તો પાઉ પાણીજી ॥૮૧॥ ત્યારે બ્રાહ્મણ બોલ્યા અમે તમને રે આપું રે : વીરા : તો તરણસે વરસની બંદગી બસેં વરસની આપીજી ॥૮૨॥ બંદગી આપીને

ત્યાંતો પાણી જો પીધું રે : વીરા : તો તરસ ત્યાંતો ભાગી જી ॥૮૩॥ એવા મધે આગળ જાતાં શું થયું રે : વીરા : તો દોજગના થડમાં જઈને પહોંચ્યા જી ॥૮૪॥ તેમ તેમરે અગની બહુજો લાગીરે : વીરા : તો પાણી લઈને ફીરસ્તા આવ્યાજી ॥૮૫॥ પાણી લઈને મોં આગળ ધરીયું રે : વીરા : તો અમને આપીને તમે પાણી પીઓ જી ॥૮૬॥ ત્યારે બ્રાહ્મણ બોલ્યારે વાણી રે : વીરા : તો સો વરસની બંદગી મારી પાસે જી ॥૮૭॥ સો વરસની બંદગી તમને આપી રે : વીરા : તો પાણી આપોતો અમે પીવું જી ॥૮૮॥ આપી બંદગીને પાણી જો પીધું રે : વીરા : તો નીરાશ થઈને ત્યારે ચાલ્યાજી ॥૮૯॥ હવે અમોરે વીરા નકુચ થયાછુ રે : વીરા : તો સ્વામી તમ પ્રતાપે અમને તારોજી ॥૯૦॥ નકુચ નાદાંન અમે આજ રેથયારે : વીરા : તો ત્યારે તો ભીસ્ત જઈ પહોંચ્યા જી ॥૯૧॥ ખરૂં ઈમાંન વીરા તેનું જો હતું રે : વીરા : તો તેને એટલું વીત્યું તાંહે જી ॥૯૨॥ તો આજતો તમને કેમરે મહેલું રે : વીરા : તો બેઈમાંનીને છેડે ના રાખું જી ॥૯૩॥ હમણાં તો તમને મીઠું જો લાગે રે : વીરા : તો આગળતો ઝેરના ઝગડા લાગે જી ॥૯૪॥ અમે અમારા તો માથે ના રાખ્યું રે : વીરા : કથતાં એક તલના કાઢું પાછું જી ॥૯૫॥ બોલ્યા ***બુદરદીન*** અરસના સાથી રે : વીરા : તો બે રે ઈમાંનીની વેળા માઠીજી ॥૯૬॥ કુલ પટોરાં : ૪૨૬૫:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૫૪ મું :

રાઅબ બોલ્યા તમે સુણો ઈમાંમજી : તો હુસેન અલી નામ તમારૂં :(આંચલી): *એક તું દયાળજી*॥૧॥ તમારા નાંના કેરા દીનમાં શું કહે છે : ત્યાં સુરેભણે છે વેદ પુરાંણે : *એક તું દયાળજી*॥૨॥ ત્યારે હુસેનઅલી બોલ્યા સુણો રાઅબજી : હવે કુરાંન કીતાબે છે વાતો : *એક તું દયાળજી*॥૩॥ ત્યારે રાઅબ બોલ્યા તમે મુજને કહેવરાવો : ત્યારે સીસ બોલું રે ઈમાંમ કેરૂં : *એક તું દયાળજી*॥૪॥ કલમો કહીને તેને ધરમી જો કીધા

: સાત બેટાને આઠમા પોતે : *કહે છે દયાળજી*॥૫॥ ચાર પહોર સર્વે રાહ બતાવી : તો રોજા નીમાજ કેરી તાંહે : *કહે છે દયાળજી*॥૬॥ પછી સવાર કેરી વેળા જો થઈ છે : તો ખવારજીનું લશ્કર સર્વે જાગ્યું : *કહે છે દયાળજી*॥૭॥ ચાલવા કેરો સર્વે સામાંન કીધો : તો સીસ માગવા ત્યાંતો લાગ્યા : *કહે છે દયાળજી*॥૮॥ પછી રાઅબના બેટા સાત કેવા જો કહીએ : તો પોતાનાં સીસ કાપી આલે : *કહે છે દયાળજી*॥૯॥ એવા ઈમાંની તેતો બ્રાહ્મણ કહીએ : તેણે ધરમી થયાનાં નામ રાખ્યાં : *કહે છે દયાળજી*॥૧૦॥ પોતાના દીકરાને રાઅબ કહે છે : તો સીસ હુસેનનું એતો માગે : *સુણો પુત મારા* ॥૧૧॥ આપણે ધરમી થયા એમના કહેવાઆ : કેમ આપીએ સીસ એને : *સુણો પુત મારા*॥૧૨॥ એરે માથાને એતો શુંરે જો કરસે : તે ગુનો બેસે છે આપણને : *સુણો પુત મારા*॥૧૩॥ પછી બેટા બોલ્યારે સુણો પીતાજી : તો એ શીશ કેમ રાખ્યું જાય આપણથી : *સુણીએ પીતાજી*॥૧૪॥ આપણ સાથે નથી લશકર જે લડીએ : આપણથી બર એતો ના આવે : *સુણીએ પીતાજી*॥૧૫॥ પછી રાઅબ બોલ્યા સુણો પુત મહારા : તો સીસ સાટે રે સીસ દઈએ : *સુણો પુત મારા*॥૧૬॥ ત્યારે પુત્ર બોલ્યા સીસ આપો કાપીને : ત્યારે મોટા બેટાનું સીસ કાપ્યું : *સુણો મુનીવરો*॥૧૭॥ લોહી લુછી સીસ મોકલાવી દીધું : ત્યારે ખવારજી ત્યાંતો બોલ્યા : *સુણો મુનીવરો*॥૧૮॥ હુસેન કેરૂ સીસ એતો જો નહી : જો સીસ દીયાહે તુજકુ દેને : *સુણો રાઅબજી*॥૧૯॥ ત્યારે બીજા બેટાનું સીસ કાપીને આપ્યું : ત્યારે ખવારજી સોર કરવા લાગ્યા : *રાએબતે ઉપર*॥૨૦॥ એવી તરીખે છએ બેટાનાં મસ્તક : હાથે કાપીને મોકલાવી દીધાં : *સુણો મુનીવરો* ॥૨૧॥ છોએ માથાંરે તેણે પાછાં જો વાળ્યાં : તો ખવારજી ઘણા ખીજવા લાગ્યા : *સુણો મુનીવરો*॥૨૨॥ ત્યારે ખવારજી ઝગડો કરવા ઉભા જો રહ્યા : ત્યારે સાતમા બેટાને રાઅબ કહે છે : *સુણો પુત તમારા*॥૨૩॥ હવે તો મારૂં સીસ કાપીને આલું : ત્યારે નાંનો બેટો ત્યાંતો બોલ્યો : *સુણો પીતાજી*॥૨૪॥ ના રે પીતાજી મુજબેઠાં કેમદીજે

:મારૂ મસ્તક તમે આલો : *સુણો ચંત ધરી*॥૨૫॥ ત્યારે નાંનો બેટોરે પીતાસાથે જો કહે છે : સુણો પીતા વાત અમારી : *સુણો ચંત ધરી*॥૨૬॥ છએ ભાઈનાં મસ્તક પાછાં જો વાળ્યાં : વળી મારૂ મસ્તક પાછું વાળે : *સુણો ચંત ધરી*॥૨૭॥ ત્યારે તમારો જીવ જાસે પછી શું કરસો : વળી ઈમાંમનું સીસ તેતો લેસે : *સુણો ચંત ધરી*॥૨૮॥ એતો વાત કાંઈ ખુબ જો નહી : પછી રાઅબે ત્યાં શું કીધું : *સુણો મુનીવરો*॥૨૯॥ પછી રાઅબ સાતમા બેટાને લઈને : ઈમાંમ હુસેન પાસે ગયા : *સુણો મુનીવરો*॥૩૦॥ ઈમાંમના મસ્તક આગળ ઉભાજો રહ્યા : વીનતી કરે રે બેકર જોડી : *સુણો ઈમાંમજી*॥૩૧॥ હુંતો ખુરબાંન તમપર વારીને નાખ્યા : તો સાતમો બેટો ખુરબાંન તમપર : *સુણો ઈમાંમજી*॥૩૨॥ છએ બેટાનાં સીસ કાપીને આલ્યાં : તો ખવારજીએ પાછાં વાળ્યાં : *સુણો ઈમાંમજી*॥૩૩॥ હવે સાતમા બેટાને ઝભે કરીને : તેનું મસ્તક વળીઆપું : *સુણો ઈમાંમજી*॥૩૪॥ વળીતે મસ્તક પાછું આવે ત્યારે શું કરીએ : કહોતો મારૂં સીસ કાપીને આલું : *સુણો ઈમાંમજી*॥૩૫॥ મારીતો અરજ એ છે વીનતી સુણીએ : તો મહંમદ અલીને ખુદ પરતાપે : *સુણો ઈમાંમજી*॥૩૬॥ મારા બેટાનું મોંને સુરત સર્વે : તો ઈમાંમ જેવી સરવે થાએ : *સુણો ઈમાંમજી*॥૩૭॥ ત્યારે તો ઈમાંમ કેરૂં મસ્તક બોલ્યું : સુણો રાઅબ વાત સાચી : *કહે છે ઈમાંમજી*॥૩૮॥ તારા બેટાનું મોં મારા મુખને અડાડો : તો મારા જેવીરે સુરતા થાસે : *કહે છે ઈમાંમજી*॥૩૯॥ પછી રાઅબે નાંના બેટાનું મુખ : ઈમાંમના મુખ સાથે અડાડ્યું : *સુણો મુનીવરો*॥૪૦॥ સાહેબને ફરમાંને સુરતા થઈ છે ઈમાંમની : ત્યારે રાઅબ ખુસી પુરા થયા : *સુણો મુનીવરો*॥૪૧॥ વળી બેટો જો ખુસી થઈને પગે જો પડીઓ : ત્યારે હરખ થયો છે અપાર : *સુણો મુનીવરો*॥૪૨॥ ત્યારે બેટો બોલ્યોરે પીતા મારૂં સીસ કાપો : તો ખવારજી માગે તેને આલો : *સુણો મુનીવરો*॥૪૩॥ ત્યારે રાઅબના બેટાનું મસ્તક : કાપીને ખવારજી ને આલ્યું : *સુણો મુનીવરો*॥૪૪॥ ત્યારે ખવારજી બોલ્યા એ સીસ હુસેનનું

સહી : લેઈ ચાલ્યા તેણી વેળા : *સુણો મુનીવરો* ॥૪૫॥ સીસ સાટે રે તેને સીસજો આપ્યાં : પણ મુખના મોડ્યાંરે લગાર : *સુણો ચંત ધરી* ॥૪૬॥ આજ તમારી પાસે સીશ ના માગું : તો તમે કહો છો બાંણ અમને લાગ્યું : *કહે છે બાવાજી* ॥૪૭॥ માથાં મેલીને અમે દાંમજો માગ્યાં : તો તેણે પ્રાંણ ચાલવા લાગ્યા : *કહે છે બાવાજી* ॥૪૮॥ બાવા **બુદરદીન** બોલ્યા વાત વીસતારી કહે છે : તો જમલી સુણીને ચુપ થઈ રહે છે : *સુણો મુનીવરો* ॥૪૯॥ વળી વીસતારી કહીશું જ્ઞાને સંભળાવી : તો સત રાખ્યારે કેવાં તેનાં : *સુણો મુનીવરો* ॥૫૦॥ કુલ પટોરાં ॥૪૩૧૫॥

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૫૫ મું :

(સતગોર ભેટ્યા ક્યાં જાણીએ તે વાંણ છે :)

રાઅબ ધરમી એવા કહીએ : સીસ આલ્યાં સાત સહી : સાત બેટા તેણે વારીનાખ્યા : આજ એવા કોઈ નહી ॥૧॥ પછી ઈમાંમના મસ્તક પાસે : રાઅબ ઉભા તહી : સુણો ઈમાંમજી વાત અમારી : એ છએ મસ્તક સહી ॥૨॥ કાપીનાખ્યાં એનું કેમ કરીએ : સજીવન એતો થાએ : કરી દુવા ત્યાં ઈમાંમ હુસેને : તે ઉઠી લાગ્યા પાએ ॥૩॥ સાતમા બેટાનું શીસ નહી : તેની સી કરીએ પેર : ઈમાંમ બોલ્યા કાસ્ટ કેરૂ : શીસ ઘડાવો ઘેર ॥૪॥ તે કાસ્ટ કેરૂ સીસ ઘડાવ્યું : મેલ્યું ધડ ઉપર તાંહે : કરી દુઆ ઈમાંમે પોતે : ઉઠી બેઠા જ્યાંય ॥૫॥ પોતાને આવીને પગે પડીઆ : ખીતાબ આલ્યો સહી : કાસ્ટ બ્રાહ્મણ હુસેની કીધા : કલજુગ માંહી ॥૬॥ એતો વાત પુરી થઈ : હવે ઈમાંમ કેરૂં સીસ : રાઅબ લઈ થયા અસવાર : ઊંટ ઉપર તજવીજ ॥૭॥ દોડ્યા દોડ્યા ચાલીઆ : કરબલા કેરે વન : ત્યાં જઈ ઉભા રહ્યા : જુવેતો બહુ જન ॥૮॥ એંસીહજાર અસવાર સાથે : એક પાદશાહા કહેવાઅ : તે આવીત્યાં ઉતરી રહ્યા છે : લોથની કરે સંભાળ ॥૯॥ તે ઈમાંમ હુસેનના સોકથી તે : કાળાં લુગડાં પહેર્યાં છે

તાંહે : કાળા તંબુ તેણે કર્યા છે : સર્વે લશ્કર માહે ॥૧૦॥ ખોઆર જમીનનો પાદશાહા : મહંમદ શાહા તેનું નામ : તે ઉમેદગારી થઈ રહ્યા છે : હુસેનના સીરની જુવે છે રાહ ॥૧૧॥ તેવામાં રાઅબ દોડતા : આવ્યા જંગલ માંહે : ઊંટ દોડ્યું ચાલ્યું આવે છે : સીસ લઈને તાંહે ॥૧૨॥ મહંમદ શાહાના અસવાર સર્વે : દોડી આવ્યા તહી : રાઅબજી તો ડરવા લાગ્યા : આ કોણ છે વળી અહી ॥૧૩॥ તે અસવારે ઊંટ પકડી : લાવ્યા મહંમદસાની પાસઃ ત્યાં રાઅબને પુછીયું રે : મેં કરતા હું અરદાસ ॥૧૪॥ ઈમાંમહુસેનકા સીર ક્યાં હે : સો અમકુ દો અમપાસ : ત્યારે સાહેબના હુકમ થકી : રાઅબ બોલ્યા સાચ ॥૧૫॥ સીર અમારે પાસ હે : તમે લો મહંમદ શાહા હાથ : તે સીસ લઈને પગે પડીઆ : સર્વે લશ્કર સાથ ॥૧૬॥ વળી મહંમદ શાહાત્યાં વીનવે : રાઅબને અરદાસ : હાથી ઘોડા માલ ખજાંના : જો માગે દેઉ આજ ॥૧૭॥ ત્યારે રાઅબજી ત્યાં બોલીઆ : દોસતી ખુદાકી જેહ : દોસતી અલીમહંમદકી : મેરા જીવ દેઉ તેહ ॥૧૮॥ પછી રાઅબ બોલીઆ : સુણો પાદશાહા સુજાણ : મેં ક્યા ભાડા લેઉંગા : તેને મીજે કીયા અજાણ ॥૧૯॥ પછી હાલ હાલ કબર ખોદી : હુસેનકુ ત્યાં કીએ દફન : સીર ધડને મળીત્યાં ગયું : એવી ખુદરત સર્વેએ જોઈ તહી ॥૨૦॥ તીસરે દિન ત્યાં જારત કીતી : હુસેન સૈયદહુએ ઉસદીન : જે અસુરાના દિનમાં સાંભળીને : દિલગીર થઈ રૂવે અહી ॥૨૧॥ ઈમાંમ હસન હુસેનની વાત સાંભળીને : ગમ રાખી રોણાં રૂવે અહી : હજારો ગુના કર્યા હોય દુનીયાં માંહે : તે બકસ્યો જાસે સાખીઆત ॥૨૨॥ વળી સાહેબ કેરી દરગા માહે : પુછે નહી લગાર : એવો મહીમા સાંભળ્યાનો : એ વાતનો આવ્યો પાર ॥૨૩॥ એ વાત તો પુરી થઈ : હવે આવી લશ્કરની વાત : રાઅબ પાસેથી સીસ લઈ : લશ્કર ચાલ્યું સાખીઆત ॥૨૪॥ કહે ***બુદરદીન*** સાંભળો : હવે આવી અજીદની વાત : વળી મુવા પછી વીતક ત્યાં : તે કહુ સાખીઆત ॥૨૫॥ કુલ પટોરાં :૪૩૪૦:

: ફાતીઆની દવા :

બરકત બીસમીલા હીર રહેમાન નરહીમ : હે જબરાઈલ : નજરેરૂ : કસીરલફતું : નેજને : આજે દવાદે : ઈમાંમ ચારદે માસુમ : પાંચેતન પાક : અલખસુરવાએલ : વ જબરાઈલ પાક ઈમાંમ હુસેનકા ફાતહે કલમો : જેમના નામનો ફાતીઓ પડવો હોય તેમનું નામ લેવું : દવા પાંચવાર ભણવી :

: <u>વિદાયગીરીનું જ્ઞાન પ્રથમ</u> :

: શ્રી સતગોર સહદેવ વાચા :

વીરા સર્વે એતો વાધીયારે : તેના સુણોરે વીચાર :(આંચલી): *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧॥ વીરા દાદા આદમતો વાધીયા રે : દાદી હવાં કહીએ એ : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૨॥ વીરા બીજો માફો વાધીયો રે : તેના સુણોને વીચાર : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૩॥ તેમાં નોહનબીએ વાધીયા રે : આલે સલાંમાએ જે : *વીરા વજરહૈયા તમ તણાં રે* ॥૪॥ હવે ત્રીજો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૫॥ હવે મુસાકરીમ આપે વાધીયા રે : બીબી સફુરાં વાધ્યાં જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૬॥ વળી ચોથો માફો હવે વાધીયો રે : મધ્યે બીબીમરીયમ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૭॥ હવે મીત્ર રોહીલા વાધીયા રે : બીબી પારસાંએ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૯॥ તેમાં ઈભરાંમખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણા રે*॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૧॥ વીરા તરણસેંને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે

વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે॥૧૫॥ ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણા* રે ॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીંત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે : કરણ કલફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૨॥ વીરા તીરથ સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને ફરમાંન : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૭॥ વીરા પીર **બુદરદીન** બોલીઆ રે : હવે સર્વે આવ્યો અંત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૮॥

: વીદાયગીરીનું જ્ઞાન બીજુ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

(ઉઠબંદા ક્યા નીંદે સુતા તે વાંણ છે :)

ઈમાંમના એ માફા વાધ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાધ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યા સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વે બેઠા : તેને અંતે પડસે શોક ॥૨॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાની માંહે : આ જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહોને અમને ॥૩॥ ત્યારે ઈમાંમની એ મીજલસ માંહે : ખુદાનું ફરમાંન આવ્યું : જબરાઈલને લઈ મોકલીઆ : સર્વે ઉપર કહાવ્યું ॥૪॥ આ દસુરાંના દસ દનમાં : જે કોઈ દીલગીર થાસે : નયણા માંથી આંસુ પાડસે : હીસાબ વેળા બકસ્યા જાસે ॥૫॥ વળી બીજાં ફરમાંન આવ્યાં : ખુદજીનાં તે લાવ્યા : જબરાઈલ તો કહેવા લાગ્યા : તે ઈમાંમને મન ભાવ્યા ॥૬॥ દુનીયાં વીસે લોક થયા છે : હીદુને મુસલમાન : તેના ઘરમાં ક્રોધ વ્યાપે : વળી દુખ મોટુ અસમાંન ॥૭॥ તે દુખે વળી આંસુ પાડે : નરને વળી નારી : અસુરાનાં દસ દનમાં : તે બકસો સુધાંમ ॥૮॥ વળી ઈમામની એ માહાતમ માંહે : શોક ધરીને ચાલે : દસ દન સુધી ક્રીયા પાળે : સર્વે દેવતા તેને નીહાળે ॥૯॥ દસ દનનો છલ્લો કરીએ : અસુરાનો કરસે : સર્વે જનસથી મન મારીને ચાલે : તે ટોળી ઈમાંમનીમાં ભળસે ॥૧૦॥ બોલ્યારે **બાકરશાહ** બળીઆ : જે કોઈના થાસો ગળીઆ : કહેર ક્યામત આવી પહોંચી : વેળાને આવ્યાં પરીઆં ॥૧૧॥

* * *

આઠમો દિવસ

: શ્રી દરૂદ :

અલ્લાહોમે શ્રીઅલ્લા સૈયદના વલીઅલ્લા સૈયદના મહંમદદીન મુબારક નુરઅલી (દુવા પાંચ વખત ભણી ગાદીપર બેસવું : તથા દરેકે ભણી બેસવું :)

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - પહેલું

: શ્રી સતગોર સહદેવ વાચા :

પરથમ પહેલા સુણીએ મહારા : પુરવની એ વાત રે : સુરતા રાખીને સુણજો મારા મુનીવરોજી ॥૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : હસન મોટા ભાઈ રે : ફાતમા તોમાજી તેતો તેહુનાંજી ॥૨॥ નબીસાહેબતોનાંના કહીએ : સાહા અલીબાવા સોહી રે : પાંચેતન નો પરવેસ તે સહીજી ॥૩॥ તેમના તો એ વીચક સુણીએ : તેના કહું વીચાર રે : તેની સાંભળો તમે વારતાજી ॥૪॥ આદે તોનીપાવ્યા જ્યારે : નુરે નુર પઠાઆંરે : નુરમાંથી નુરએતો પરગટ્યાંજી ॥૫॥ જે દન નહોતા સ્વર્ગ પાતાળ : જે દન નહોતા તારારે : જે દન નહોતારે ચંદ્ર સુરજ સહીજી ॥૬॥ જે દન નહોતા પવન પાણી : જે દન નહોતો સંસાર રે : જે દન નોહોતારે પીર પેગાંબર ઓલીઆજી ॥૭॥ ત્યાર પહેલાં એ પાંચેતન કહીએ : સર્વે એનો આકાર રે : નુરથી નુર એતો પરવર્યાં જી ॥૮॥ સર્વે એથી રચના કીધી : પવન પાણી જહરે જમીન આસમાન સરજ્યાં એ થકી જી ॥૯॥ નવસો નવાણું નદીયો કીધીં : સાત સમુદ્ર જેહરે : સર્વે આવેરે એતો તીરથ જી ॥૧૦॥ મુલાએકના તો માફા આવે : કટમ પરીવાર રે : અસુરામાં આવી એતો સાંભળેજી ॥૧૧॥ માટે એતો તમને કહું છું : સર્વે દેવતા આવે રે : અત્તર કસબોઈફુલ લઈ આવે સહીજી ॥૧૨॥ ઈમામની એ માતમ માંહે : સર્વે મુલાએક આવે રે : દરૂદ પઢીને સર્વે

બેસતાજી ॥૧૩॥ પાંચેતનના વીચક સુણીએ : જ્ઞાને સર્વે ભેદરે : અરથ ગ્રંથના એતો સાંભળોજી ॥૧૪॥ હુસેન એતો વીશ્નું કહીએ : હસન શીવ અવતાર રે : નબીના નવાસા એતો જાણજો જી ॥૧૫॥ નબી સાહેબ તો બ્રહ્મા કહીએ : મહા વીષ્ણુ અલી પોતે રે : ફાતમાં તો શક્તી એતો જાણજો જી ॥૧૬॥ તેમના પુત્ર જાણો ભાઈ : તે સીર કહેર રચાઆ રે : આલમનો ભાર લઈ અવતર્યા જી ॥૧૭॥ હુસેનઅલી આલવંશી : તેમણે લીધા કસરે : ઉમતનાં દુઃખ સર્વે ઉઠાવીઆજી ॥૧૮॥ ભુખ્યા તરસ્યા કેવા રાખ્યા : તોયના આવી મહેરરે : એવી જમાત તેતો કાફર સહીજી ॥૧૯॥ એમ કરતાં સાતદિન વીત્યા : અન્ન પાણી નહી રે : જુલમ માડ્યો રે બહુ કાફરેજી ॥૨૦॥ એમ કરતાં દેહા મેલી : ઈમામ હુસેને પોતે રે : દુખડાં પડ્યાં રે ઉમત કારણે જી ॥૨૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : એક ચિત્તે નર નાર રે : તેના ગુના બકસુરે ઉઠ કરોડનાજી ॥૨૨॥ વળી બીજી તમે સાંભળો : સાંભળી દીલગીર થઈએ રે : ત્રણસેંને સાઈઠ દિન તેમાં સહીજી ॥૨૩॥ જેણે ગુનાકર્યા હસે : તેને બકસુ સહી રે : ઈમાંમ હુસેનની ગોસ્ટી સાંભળે જી ॥૨૪॥ અસુરામાં આંસુ પાડે : તેતો બકસ્યો જાય રે : ચિત્ત ધરીને સર્વે સાંભળોજી ॥૨૫॥ ગત ગંગાએ સર્વે સાંભળો : એ સર્વેને ફરમાન રે : લાલચ કાઢીને દસ દિન આવજોજી ॥૨૬॥ બોલ્યા રે **બુદરદીન** બાવા : ઈમાંમ હુસેનનાં મંડાણ રે : પરથમ બોલો ઈમાંમની વારતા જી ॥૨૭॥

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - બીજું

: શ્રી સતગોર સહદેવ વાચા :

(: કહે બુદરદીન સત્ય વાતો : તે વાંણ છે :)

પરથમ ઈમાંમની ગોસ્ટી સુણીએ : સાંભળોને દલ ધરી : સભા ભરીને બેસતાને : બેસોને તમે મન ગળી ॥૧॥ પીર પેગાંબર ઓલીઆ ને : તેતો આવે છે અરસથી :

ઈમાંમની એ મહાતમ માંહે : તેતો સુણે સુરતથી ॥૨॥ સર્વે તીરથ આવી પોહોચે : કરણ કલક જુગ ચારના : અડસઠ તીરથ આવી બેસે : ઈમાંમની મહાતમ માંહાં ॥૩॥ તરેહ તરેહની કસબોઈ સારી : અત્તર ફુલ તે લાવતા : તબાકોની છાબો ભરીને : તે તો સર્વે જામતા ॥૪॥ દુમે દુમે માફા સર્વે : વખત વેળાએ આવતા : દેવ સભાની સભા ભરીને : વીચક સર્વે સાંભળતા ॥૫॥ આજના મુનિ સર્વે આવો : અસુરાના દિનમાં : આળપંપાળને કાઢી કરીને : તમે ભળો દેવ જનમાં ॥૬॥ નર નારી આવી સાંચરો : સભામાં આવી દાખસો : આંસુ પાડે ગોષ્ટિ સુણીને : તેના સાતે પરીયાં જાય બકસ્યાં ॥૭॥ આગેવાન થઈને તેને બકસાવે : સર્વે ઉપર હુકમ કરે : અસુરાંના આંસુ માટે : તેને બકસુ એ તરેહ ॥૮॥ બોલ્યા ***બાકરશાહ*** છેલ્લી વેળા :ચિત્ત ઠેકાણે રાખીએ : ઈમાંમના હવે સૈન્ય જાગે : લોભ લલુતા મહેલીએ ॥૯॥

* * *

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૫૬ મું :

(દસમા અવતારની વાંણ છે :)

રાઅબ પાસેથી સીર લઈ લશ્કર ગયું : તે પોતાની વાટે ચાલતું થયું ॥૧॥ તે લશ્કર દમેસક જાઅછે સહી : અજીદ પોતાનું લશ્કર સમારે છે તહી ॥૨॥ હાથી ઘોડા લશ્કર સમાર્યું ખરૂં : સારા શહેરમાં પોકાર પડ્યો છે ઘણું ॥૩॥ હુસેનઅલીનું સીસને કબીલા સમેત : લઈ આવે છે અબદુલા જાહેદ ॥૪॥ જે સાચા દીનદાર હુતા જેહ : છાંના છાંના માતમ કરી તે ॥૫॥ છાંના છાંના ત્યાં રોયા કરે : ખવારજી જાણેતો ઝુરી મરે ॥૬॥ બીજા ખવારજી ખુસીઓ કરે : અજીદ પલીત તો મનમાં ધરે ॥૭॥ બીબીજેનબ સેરબાંનો જે : તે ઉપર અસક અજીદ થયો તે ॥૮॥ ઈમાંમહુસેનની તે હરમાં જો ખરી : તેમના અસકથી આટલી વાત નીપની ॥૯॥ બીબીજેનબ એમનું નામ : ખીતાબ ધર્યો શેરબાંનો પરમાણ ॥૧૦॥ તેના અસકથી અજીદ મહોલ સમારે છે સહી : અજીદ નાલતી ખુસી કરે છે તહી ॥૧૧॥ સોના રૂપાનાં તખત બિછાવ્યાં છે ઘણાં : મોતી માણેક હીરા તણાં ॥૧૨॥ તેથકી અજીદ ખુસીમાં ઘણો : બીજા દીનદાર રૂએ તે ક્ષણો ॥૧૩॥ બીજા દીનદાર કહે છે અરે પરવરદીગાર : આ જુલમ થાઅ છે અપાર ॥૧૪॥ કહે મહંમદના ફરજન ઉપર આ શો કહેર : સર્વે છાંના રૂએ છે ઘેર ॥૧૫॥ એવામાં નાપાક અબદુલા જાહેદ જે : પાક જાતને લઈ આવે છે તે ॥૧૬॥ તે આવ્યો ત્યારે શહેરમાં પડ્યો પોકાર : દીનદાર લોક રૂએ અપાર ॥૧૭॥ તે મધે તરણ હરમાં મહંમદ મુસતફાની ખરી : તેનાં નામ સુણોને દલ ધરી ॥૧૮॥ એકતો બીબી ઉમેસલાંમા જે : બીજી ઉમેકરસુમા તે ॥૧૯॥ તીજી બીબીખતીમાં સહી : એ તરણ હરમાં મહંમદની તહી ॥૨૦॥ વળી તે ત્રીસ આદમી કબીલા સમેત : છોરૂ બાલક સર્વે સમેત ॥૨૨॥ તે

મધ્યે છે વીસ ઓરતો ને તેર પુગડાં સહી : સર્વેને ઘેરી લાવ્યો તહી ॥૨૨॥ તે અજીદના આગળ લાવી ઉભાં કર્યા : સાતે સરદાર હરખે ઘણા ॥૨૩॥ મરવા ઉતબાવલીદ ઉમરસાદ મોસુકસનાંન : સીમર જલજોસન સાથે સર્વે પલીંત ॥૨૪॥ અબદુલાજાહેદ એ સાતે સરદાર : પચાસ લાખ સાથે અસવાર ॥૨૫॥ એ સર્વે ઈમાંમ હુસેનના સીસ નેજે બાંધી લાવે છે સહી : સર્વે ખુસીઓ કરે છે તહી ॥૨૬॥ આવી પાદશાહાને સલામ કરી : સર્વે સરદારને બોલાવ્યા દલ ભરી ॥૨૭॥ ઘણુ સરપાવ આપ્યાં સોના રૂપાં સમેત : એવું અજીદે કરીયું હેત ॥૨૮॥ સાતે સરદાર ખુસીતે થયા : પછી અજીદે પેલાં બાંન મંગાવીઆં ॥૨૯॥ તે સાતે સરદારે અજીદ આગળ લાવી ઉભાંકર્યાં : ત્યારે બીબી જેનબ ઘુંઘટો કહાડી ઉભાં રહ્યાં ॥૩૦॥ ત્યારે અજીદે કહ્યું છે જે : અજીદ જાણે છે પણ પુછે છે તે ॥૩૧॥ સાતે સરદારે કહ્યું સુણો ખુદકાર : જેને કાજે આપણે લડ્યા અપાર ॥૩૨॥ એ હુસેનઅલીની ઓરત સહી : એને કાજે આટલી લડાઈ થઈ ॥૩૩॥ પછી અજીદે હુકમ કર્યો હોરાં આવો : એને ને એના બેટાને ભદરપર લઈ જાવો ॥૩૪॥ પછી બીબી જેનબને સુલતાંન જેન અલાબદીન જે : ઈમાંમ હુસેનઅલીના બેટા તે ॥૩૫॥ અને બીબીફાતમાં હસનઅલીની બેટી જે : એ બે બાલકને લેઈને બીબીજેનબ જાવા લાગ્યાં તે ॥૩૬॥ ત્યારે બીબી ઉમેસલાંમાએ કહ્યું : બીબીજેનબ તુ હમસે આગે જાતીહે તું ॥૩૭॥ પછી બીબી જેનબ બોલ્યાં વાચ : અરે અમાજી હુ તુમારે પાસ દીનદુનીઆંમે સાથ ॥૩૮॥ અરે અમાજી તુમારા જીવ જગાએ રખો : તુમારી બહુ નહી ચુકે સો દીલમે લીખો ॥૩૯॥ પછી બીબી શેરબાંનોને અજીદના તખત આગળ ઉભાં કર્યાં : પછી અજીદ કુડાં વચન બોલ્યો ઘણાં ॥૪૦॥ અજીદ કહે છે જેનબ એકલી તું : તુજકું બોલાકર રખું સો હું ॥૪૧॥ અરે જેનબ એ બાબુમે તુંને ક્યા દેખીયા : ફકીરકા વાસતા તુંને ક્યા કીયા ॥૪૨॥ અરે જેનબ મેરે બાપને તેરે મરદસુ છોડાઈ : તુંને હુસેનઅલી કેમ સંઘર્યાં જાય ॥૪૩॥ સો મેરી મંગત હુસેન કઉ

લે : સુણો રે જેનબ અબ ક્યા કહે ॥૪૪॥ અરે ભુંડી પાદશાહી છોડ ફકીરકુ કબુલીયા : અબ વે ફકીરસો ક્યાં જાતા રહ્યા ॥૪૫॥ તબ બીબી જેનબ નીચી મુડી કર કર રોઆ કરે : વે પલીંત અજીદ બોલીઆં ધરે ॥૪૬॥ અજીદ કહે છે હજી મુજ પર રાજી નહી : મેંતો બીબીકા આસક સહી ॥૪૭॥ જેનબ મુજકુ કબુલ કરેતો સાચ : તખત પાટ આલું એને હાથ ॥૪૮॥ સર્વે ઓરતોની સરદાર કરૂં : જે માગે તે મોં આગળ ધરૂં ॥૪૯॥ અસક કા માર્યા બીબીકું બોલાવે સહી : અરે જેનબતું બોલતી કેમ નહી ॥૫૦॥ અરે જેનબ તેરે કપડે મેલે કઉ હુએ : ફકીર બાબુ સે તુમ કેમ પડે જુદે ॥૫૧॥ પછી જેનબ બોલ્યાં ધીરાં રહી : રંડાપો ભુંડો પડસો નહી ॥૫૨॥ તે કાજે રાંડનાં કપડાં મેલાં સહી : ત્યારે અજીદ બોલ્યો મુજકુ કબુલ કરતીહે કે નહી ॥૫૩॥ અરે જેનબ તેરે બેટેકુ અરબકી પાદશાહી દેઉ સહી : મેરી પાદશાહી તીજે લીખ દેઉ અહી ॥૫૪॥ સારે મુલકકી ધણીઆંણી તું : તું જો દેવે સો ખાઉં હું ॥૫૫॥ જેતા મીજે પાણી પીલાવે સહી : એતા પાણી મેં પીવું અહી ॥૫૬॥ જો મીજે કબુલેતો એસા કરૂં : વળી જો માગે સો સીર પરધરૂં ॥૫૭॥ પછી બીબી જેનબને ચોટ લાગી તનની માંહે : તે દાઝે બોલી ઉઠ્યાં તાંહે ॥૫૮॥ તું ક્યા કરે ઈનુ પર લીખા સો હુવા : પણ તીજે લીખાહે ઉંડા કુવા ॥૫૯॥ ત્યાંથી કોઈ ના કાઢે બહાર : બહોત રોણાં રૂએ જારજાર ॥૬૦॥ ભુંડે મોંઢે શું બોલે તું : હુસેનઅલીની વહુતે હું ॥૬૧॥ તેની જાત મને લાગી છે સહી : એ જાત ઘોરમાં જાસે તહી ॥૬૨॥ ત્યાં સુધી બીજાને નહી લાગે લગાર : હવે શરમ રાખે પરવરદીગાર ॥૬૩॥ બીજા મરદને ભાઈ ઓર બાપ : ઘણું બોલીશ તો લાગે સંતાપ ॥૬૪॥ એ સુકન જેનબે કહ્યો : ત્યારે અજીદ સહુ વચ્ચે ફજેત થયો ॥૬૫॥ તે વજીરોને ખાંન મલકોમાં ફજેત થયો : એ ઓરતે એને ના કબુલીઓ ॥૬૬॥ વળી અજીદ બોલ્યો તાંહે : અરે જેનબ તેરે પુંગડે રોતે હે આંહે ॥૬૭॥ ત્યારે બીબી જેનબ બોલ્યાં તાંહે : જને માથેથી બાપ જાવે તે રોવે આંહે ॥૬૮॥ ગરીબ અતીમ હુવે સો ક્યા કરે :

બાપ નહી તેઝુરી મરે ॥૬૯॥ વળી અજીદે પુછ્યું એ : જેનબ તેરે પુંગડે કુછ ખાવેગે તે ॥૭૦॥ ત્યારે બીબી જેનબે કહ્યું દલ સાચ : મેરે પુંગડે ભુખે હેંગે આજ॥૭૧॥ જો કુછ ખાંણા દીલાવે તો દે : નહીતો તું તેરે ઘર બેઠા રહે ॥૭૨॥ એ બચડેકુ સબુરી ખુદાને દીતી સહી : અજીદ મનમાં બોલ્યો નહી ॥૭૩॥ ત્યારે અજીદે મહોલ દારોને સીખવી કરી : હું ખાંણું મંગાવું ત્યારે લાવજો સજ્જ કરી ॥૭૪॥ તમે તબાકમાં હુસેનનું માથું મુકી કરી : હું મંગાવું ત્યારે લાવજો તે ઘડી ॥૭૫॥ એવી રીતે મહોલદારને કહ્યું : તે પછી તે ત્યાં શું થયું ॥૭૬॥ અજીદ કહે મહોલદારોને જે : ખાંણેકા ખુમચા લાવો ને તે ॥૭૭॥ ત્યારે ખુમચો લાવ્યાતે સહી : છોકરાં ભુખે રહેવાએ નહી ॥૭૮॥ તે તબાક લાવી મોં આગળ ધર્યો : ઉપર રૂમાલ ઢાંક્યો હતો તે દુર કર્યો ॥૭૯॥ ત્યારે જેન અલાબદીને પોતાના બાપનું મસ્તક દીઠું તહીં : ત્યારે પોતાની માને વળગ્યા જઈ ॥૮૦॥ રોઈ રોઈને કહેવાલાગ્યા જે : અરે અમાજી એ સીસ મેરે બાપકા તે ॥૮૧॥ એમ કહીને જેનએલાબદીન રૂએ છે ઘણું : સીસને હઈઆ સરસે ચાંપે તેક્ષણું ॥૮૨॥ જેન અલાબદીન સાત વરસના નાંના તહી : અને બેન છો વરસનાં નાંના તહી ॥૮૩॥ તેનું નામ બીબીફાતમાં જે : તે ફાતમાં ઘણું ગાભરી થઈ છે તે ॥૮૪॥ દીન દુનીયાંના શાહાજાદા જેનઅલાબદીન જાણ : તેતો બહુ રૂએ પરમાણ ॥૮૫॥ તેમના રોયાથી જમીઅસમાંનના ફીરસ્તા રૂએ : એ બાળકની ગરીબી સઉએ જુએ ॥૮૬॥ એમની ભુખ તરસ દેખી સાતે અસમાંનના મુલાએક જે : સાતે પાતાળના બીજા મુલાએક તે ॥૮૭॥ સાતે ભીસ્ત અરસ કુરસીના મુલાએક જે : લોહો કલમના મુલાએક તે ॥૮૮॥ હુરાં ગલમાં વલે દાંન : સાતે આસમાંન પર રોઆ રોઅ થઈ છે પરમાંણ ॥૮૯॥ સર્વે મુલાઅક ખુદાને હાજર થયા : જેનઅલાબદીનની ફરીઆદે ગયા ॥૯૦॥ અરે પરવરદીગાર પાદશાહાના પાદશાહાતું : એ અતીમ ગરીબોની સકતી મુલાએક કહે છે તે ॥૯૧॥ એ સર્વેની ફરીઆદના સાંભળનાર : સર્વે પાદશાહાને તજારક દેતા ત્યાર

॥૯૨॥ તેરા જોરજુલમ કીસી પર નહી : એતા જુલમ મહંમદ કા ફરજન પર સહી ॥૯૩॥ પછી ફરમાન હુવા ખુદાકા એ : સુણો મુલા એક દેખોતે ॥૯૪॥ જો કોઈ સબુરી કરે ઉસે મે દોસ્ત રખું : દુસરી બાત દીલમેં ના લીખું ॥૯૫॥ કહે **બુદરદીન** આપ સવાઈ : સબુરીનું ભાડું આપીશું ભાઈ ॥૯૬॥ એવી વાતો આલમુરતને થઈ : તમે શું અકળાઓ છો અહી ॥૯૭॥ ખાઓ પીઓને કરો આનંદ : તેમાં અકળાવો તે દુનીઆંના ફંદ ॥૯૮॥ અસવારી અસવારી કરો છે આજ : અસવારી આગળ લાજરાખે માહારાજ ॥૯૯॥ મોંની લવરી કરો છો તમો : પણ ફુલી ફુલીને મરો છે તમો પણ લાજુ છું અમો ॥૧૦૦॥ હવે ખેતર ભેળાયાં સહી : પણ ગમ તો હવે કોઈને પડી નહી ॥૧૦૧॥ દિન દિન વણજ વેપાર ગયા : ખાલી પરજા થાવા લાગીયા ॥૧૦૨॥ તોય ના ચેત્યારે ગમાર : હવે સૃષ્ટિનો આવ્યો સમાર ॥૧૦૩॥ માંહેમાંહે ધરમી એમ વદે : કહેતા આવ્યા આદેઆદે ॥૧૦૪॥ શું બાળપણાનો કાઢું વાંક : પણ ઘરડા ધરમીએ દીધી ધાત ॥૧૦૫॥ વૃધ્ધ થઈને એમ બોલે : હમારી કીરતી કરે તે પાપે ધરતી ડોલે ॥૧૦૬॥ ભાગ્યાં મનને લેવે દેવ : તેને ના જડ્યા સતગોરના ભેદ ॥૧૦૭॥ ખાલી આવ્યા ખાલી ગયા : હાજરી ખાઈ પાપ ગાંઠે લઈવળ્યા ॥૧૦૮॥ આવ્યા તમે છુટવાને કાજ : શાહા કહે છે એ અવાજ ॥૧૦૯॥ બોલ્યા **બુદરદીન** છેડા છોડી કહ્યું : હમારે તમારે હળેતો વૈકુંઠમાં લેઉ ॥૧૧૦॥ કુલ પટોરાં : ૪૪૫૦ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૫૭ મું :

(સાચાતું મેરા સાંઈ : તે વાંણ છે :)

જેનઅલાબદીન કેવા : સર્વે દુનીઆંના દીવા ॥૧॥ તેમનું રોણું તો કેવું : સાગર દરીઆરે જેવું ॥૨॥ અજીદના લોક રે જાગ્યા : સર્વે રોવારે લાગ્યા ॥૩॥ પલીત મરવો વજીર : દુશ્મન હુસેનનો સધીર ॥૪॥ તેણે ઉઠી અજીદને કહ્યું : તજથી સારૂં ના થઉ ॥૫॥

કાહેકુ ફીતુર ઉઠાવે : તેરા લશ્કર સબ આવે ॥૬॥ લોહીકી ઘુંટો રે ભરીઆં : સબ તેરે પર ધરીઆં ॥૭॥ લાજ તેરી જો લોપે : લશ્કર સાંમી તું દેખે ॥૮॥ અજીદને કહા અંદેસા : અબ એ કરણા રે કેસા ॥૯॥ સબકી નજરાં રે એસી : લોહી બરસે રે તેસી ॥૧૦॥ લીલી પીલી જો દેખા : સારા લશ્કર એસા ॥૧૧॥ લશ્કરકી નજર પિછાંણી : એ વાત દલમાં રે આંણી ॥૧૨॥ જેનઅલાબદીન તહી : બીબીફાતમાં સહી ॥૧૩॥ બીબી જેનબ સાથે : પાછાં મોકલ્યાં તે વાતે ॥૧૪॥ સર્વે બીબીને બચડાં : ત્યાં જઈ ભેળાંરે થાએ ॥૧૫॥ બીબી ઉમેસલાંમા : કહેવા લાગ્યાંરે કેવાં ॥૧૬॥ હવે મારો જીવ ઠેકાંણે : આવ્યો તે સઉ જાણે ॥૧૭॥ અજીદ ઉઠ્યો તખતથી : લાકડી હાથમાં લીધી ॥૧૮॥ ચાલી આવ્યો રે જાંહે : હુસેનનું મુસતક જાંહે ॥૧૯॥ લાકડી હોઠ પર મારે : એવું બોલ્યોરે ત્યારે ॥૨૦॥ એ મોં થી મુજને ના કહ્યું : અમીરલ મોમની સોહી ॥૨૧॥ એમ કહીને ગોદા જો મારે : મુવા મુસતકને ત્યારે ॥૨૨॥ અજીદ બોલ્યોરે બીજું : એ સીર મુજને ના નમીયું ॥૨૩॥ એમ કહીને ગોદા તો મારે : હુસેનના સીસને ત્યારે ॥૨૪॥ મુસલમાંન સર્વે રે દેખે : પોતાની છાતીઓ સેકે ॥૨૫॥ લોહીની ઘુટો જો ભરીઆં : પણ કોઈના બોલ્યા સાખીઆત ॥૨૬॥ પછી અજીદનો એક ગુલાંમ : જરખરીદ તે જાણો ॥૨૭॥ એંસીહજાર ગુલાંમ : લીધા તે જરખરચી દાંમ ॥૨૮॥ તેમાંથી એકજ બોલ્યો : મનથી જરા ના ડોલ્યો ॥૨૯॥ પલીંત પાદશાહાતું કૈસા : મુવે પર કરતા તું એસા ॥૩૦॥ એ સીર ધડપર હોતા : પછી તું મરદાંમી કરતા ॥૩૧॥ મરદ તબ તુજકું રે જાણું : તબ હું મરદ પીછાંણું ॥૩૨॥ કાટે સીરપર એતી : રાવતીનાં કરે બોતેરી ॥૩૩॥ ત્યારે ત્યાં બીજા એ કહ્યું : એતો સારૂં ના થયું ॥૩૪॥ પાદશાહાએ દીનદુનીઆંના : ઉમત સર્વે બધીના ॥૩૫॥ એ હોઠપર બોસા તો દેતા : મહંમદ નબીજી તો તાંહે ॥૩૬॥ તે પર ઢુંસા ક્યો મારે : એવું બોલ્યો રે ત્યારે ॥૩૭॥ પછી અજીદ બોલ્યો છે તાંહે : મારો ગુલાંમ છે તું આંહે ॥૩૮॥ ક્યા તેરી મોત જો આઈ :

કેમ તું બોલ્યો સભા માંહી ॥૩૯॥ ત્યારે ગુલાંમ બોલ્યોરે સહી : મોત તેરી જો આઈ ॥૪૦॥ અબ તું એ શીરકુ જો મારે : તબ તેરા સીરરે જાવે ॥૪૧॥ ત્યારે અજીદે શું રે કીધું : વળી મુસતક પાસે રે લીધું ॥૪૨॥ વળી ઢુંસા મારવા રે લાગ્યો : પછી ગુલાંમે તે જાગો ॥૪૩॥ કહાડી તલવાર ધાઓ : અજીદ સાંમો તે જાએ ॥૪૪॥ અજીદપર નાખીરે પુરી : હયાતી હતી અજીદની અધુરી ॥૪૫॥ તેથી વંચાવીને નાઠો : નીચું જોઈને ત્રાઠો ॥૪૬॥ તે ગુલાંમને મારી જો લીધો : તેનો કુટો જો કીધો ॥૪૭॥ કહે *બુદરદીન* સમજાવી : એવીછે પ્રીત અમારી ॥૪૮॥ અમપર ધરજોને ભાવ : કહે છે સમજાવીને શાહો ॥૪૯॥ પરખ જો પ્રીત અમારી : દલમાં ઉતરે તમારી ॥૫૦॥ કુલ પટોરાં ૪૫૦૦:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૫૮ મું :

(ભીતુ હીતુની વાંણ છે :

મરવોવજીર બોલ્યો સુણોરે પાદશાહા : નવી ફીસાત કાહે ઉઠાવો : (આંચલી): ભીતુહીતું ॥૧॥ સબ લશ્કર નહીરે કાફીર : તો મુસલમાંન સબ દેખે : સુણોરે પાદશાહા ॥૨॥ એ મુસલમાન તેરા પગારજો ખાવે : સો લોહીકી ઘુંટ ભરભર રહેવે : સુણોરે પાદશાહા ॥૩॥ અબ લગી તો કોઈ ફરીઆ જો નહી : જો ફરેતો લડાઈ ફરીજાગે : સુણોરે ॥૪॥ અબ ફીરે તો કેટલી વારજો લાગે : તારૂં લશ્કર તને પણ મારે : સુણો ॥૫॥ એવી સીખાંમણ મરવે વજીરે જો દીધી : ત્યારે અજીદે મન વીચાર્યું : કહેએ સાચી ॥૬॥ પછીતો અજીદે માણસ મોકલીયું : બીબી જેનબને તમે સમજાવો : કહેતે સુણીએ ॥૭॥ પછી આદમી આવ્યા જેનબ બીબીની પાસે : સમજાવવા તેતો લાગ્યા : કહેતે સુણીએ ॥૮॥ બીબી સુણોરે દોલત કેમ રે ઠેલો : એ સાહેબીકુ લાત કાએકુ મારો : કહુસો સુણીએ ॥૯॥ બીબી સુણોરે અજીદ બડા હે પાદશાહા : તો પાટકી રાણી તમકુ કીજે : કહુસો ॥૧૦॥ સારી રે પાદશાહી તમકુ જો સોંપે : એસા તે પ્યારહે ઉસકા :

કહુસો ॥૧૧॥ બીબી સુણોરે તમે દુજીરે બાતો : તુમેરે બેટેકુ પાદશાહી દેવે : કહુસો ॥૧૨॥ અરબકી પાદશાહી તુમારા જો બેટા : કરે તો જો એ બાતમાંનો : કહુસો ॥૧૩॥ સુણો બીબી જીતના પાણી પીલાવો : તેટલા તો અજીદ પાણી પીવે : કહુસો ॥૧૪॥ બીબી પાદશાહ તેરે પર રાજી : દીલમેં તો બાત માનો સાચી : કહુસો ॥૧૫॥ કેમ રે બીબી એટલા રે તાંણો : તો પાદશાહકુ દીલમાં આંણો : કહુસો ॥૧૬॥ સુણોરે બીબી સારા કબીલા છુટે : તો બંધ સબકા ટુટે : કહુસો ॥૧૭॥ ઉસપછી પાદશાહા કેહ સો કરે : બીબી સમજો તો વાત સાચી : કહુસો ॥૧૮॥ એમ કહીને સર્વે સમજાવવા લાગ્યા : પણ બીબી ના સમજે કાંઈ : કહુસો ॥૧૯॥ ત્યારે બીબી બોલ્યાં રે બાત તમકુ જો પુછું : જો તમે સાચા બોલો : કહુસો ॥૨૦॥ ત્યારે મસલતદાર બોલ્યા સાચા બોલેંગે : ત્યારે બીબી બોલ્યાંરે વાત સાચી : કહુસો ॥૨૧॥ કહોરે ભાઈ કોઈ હાથીપર ચઢે તે : સો ગધેડે પર કઉકર ચઢે : કહુસો ॥૨૨॥ તબ મસલતદારને કહ્યા રે ના જી : એ બાત કઉકર હોવે : કહુસો ॥૨૩॥ વળી બીબી બોલ્યાંરે વાત સુણોએ હમારી : મીસરી ખાઈ સો મૈને ખાઈ : કહુસો સાચી ॥૨૪॥ મીસરી ખાકર ઉપર ચીરકન કુણખાવે : સુણોરે મસલતદાર એ કૈસી : કહુસો સાચી ॥૨૫॥ ત્યારે મસતલતદાર કહે નહીરે વ્યાજબ : એવી એવી વાત બીબી એ કહી : કહુસો સાચી ॥૨૬॥ વળી બીબી બોલ્યાં રે સુણો રે મસલતી : મેરે નસીબમે હુસેનઅલી લીખીઆ : કહુસો સાચી ॥૨૭॥ હુસેનઅલી જૈસે મુશ્ક અત્તર હે : અજીદ ચીરકન કીતો વાસાં : કહુસો ॥૨૮॥ અજીદકુતો કબુલુ ભલા હોઅ આદમી : ભલાહોઅ સો ચીરકન ના ખાવે : કહુસો ॥૨૯॥ અજીદકુ કેમ કબુલુ જે કુતા જેસા મુંહ હૈ : એવી એવી વાત બીબી બોલ્યાં : કહુસો ॥૩૦॥ મેરી જાત હુસેનઅલીકુ લગીહે : સો અજીદકું કઉકર લાગે : કહુસો ॥૩૧॥ અજીદ નાપાક જાત કઉકર બોલે : એ પલીંતકું સમજણ નહી પડતી : કહુસો ॥૩૨॥ એ અજીદ કુત્તાકા દીવાના હુવા હે : તો દુનીયાંકે ભાઈ બાપ મેરે :

કહુસો ॥૩૩॥ ભાઈ સગાને વળી બાપજો મેરા : તો કીસકુ હલાલ એ કરેગા : કહુસો ॥૩૪॥ એવી વાતો રે બીબી જેનબે કહીછે : તેતો સુણીને પાછા વળીઆ : કહુસો ॥૩૫॥ મસલતદાર આવ્યા અજીદની પાસે : તો ખીજતા કકળતા પાછા આવ્યા : કહુસો ॥૩૬॥ અજીદ પુછવા લાગ્યો સુણો મસલતી : મુજકુ કબુલે કે નહી : કહોને સાચી ॥૩૭॥ ત્યારે મસલતદાર બોલ્યા સુણોરે પાદશાહા : એ ઓરત ભારે બેશક્તી : સુણોને પાદશાહા ॥૩૮॥ એ બે શક્તી બોલજો બોલે : અને ગાલીઆં તમકું દેવે : સુણો ॥૩૯॥ બોત બુરા બોલણે લાગી : પછી હમતો ઉઠકર આએ : સુણો ॥૪૦॥ અજીદ બોલ્યો તમે સુણો મસલતી : એની ગાલીઆં મુજને પીઆરી : સુણોને સાચી ॥૪૧॥ દિન એકમાંરે સો સો રે જુતી : મારે તો કબુલ એની કરૂં : કહુસો સાચી ॥૪૨॥ જો મુજકુ કબુલે તો એ સહી ખમું : તો એવી એવી વાત કહેવા લાગ્યો : સુણો ॥૪૩॥ ખાન વજીરો સઉમાંરે વાતો : અજીદતો કહેવા લાગ્યો : સુણો ॥૪૪॥ ગુણ સુણોરે ભાઈ ઈસ ઓરતકા : અસક મીજે ઈસકા નકી દીલમેં પડીઆ : સુણોને ॥૪૫॥ આઠ પહોર મારી નજર તળેથી : જાતી નહીરે લગાર : સુણોને ॥૪૬॥ મેરાતો જીવ ઈસકી પાસે જો ભમતા : મેરાતો દીલ થર નહી : સુણો ॥૪૭॥ સુણો અમીરો બાતજો મેરી : મીજે લાજ તમારી તો આવે : સુણો ॥૪૮॥ મેરા તો જીવ એસા હોતાહે : ઈસ બીબીકે પાઉ જાકર પડું : સુણો ॥૪૯॥ જો પાઉ પડુને કબુલ કરેતો : ભાઈ તમથી ભી ના લાજુ : સુણો ॥૫૦॥ પણ પાઉ પડનેકુ જો જાઉ : તો લાતએ મીજે મારે : સુણો ॥૫૧॥ જો મુજકુ કબુલેતો લાતોરે સહુ : દીનમાં સો સો લાત મારે : સુણો ॥૫૨॥ વેભી લાતો મૈ કબુલજો કરૂં : મેરે પાટકી રાણી હોવે : સુણો ॥૫૩॥ એવી એવી વાત અજીદ કહે છે : પણ અમીરોમાં તે ના લાજે : સુણો ॥૫૪॥ કહે ***બુદરદીન*** અસકના બાંધ્યા : નરકે જાસેરે જીવ તેના : કહુસો સાચી ॥૫૫॥ કુલ પટોરાં :૪૫૫૫ઃ

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૫૯ મું :

(હેજી ની વાંણ છે :)

હેજી અજીદતો કહે છે મારા રે દલમાં : બીબીજેનબ આવીને બેઠાં ॥૧॥ હેજી ખાવું પીવું તો સુજે નહી : ના ઉઠવું બેસવું સુજે ॥૨॥ હેજી ખાંન વજીર આવે ઉસે ભેજે : બીબી જેનબકુ સમજાણે ॥૩॥ હેજી અજીદ બોલ્યો સુણો તમે ભાઈઓ : જે કોઈ બીબીકુ સમજાવે ॥૪॥ હેજી ઉસેતો તેજી સો સો દેઉ : અને સોનુ પચીસમણ આપું ॥૫॥ ચાલીસ લાખ ટકા રોકડા આપું : જે કોઈ બીબીકુ સમજાવે ॥૬॥ તેને તો એટલાં દાંમ જો આપું : જે કોઈ બીબીજેનબને સમજાવે ॥૭॥ ત્યારે ખાંનવજીર બોલ્યાતે સુણીએ : કોણ સમજાણેકુ જાવે ॥૮॥ જે જાવે ઉસકુ બીબી : ગધેડે કે પેટ બાવે ॥૯॥ ત્યાર પછી વળી એક દીવસે : અજીદ તખતપર બેઠો ॥૧૦॥ હુકમ કર્યો જાવો જેનબને લાવો : એના પુંગડા સાથે તેડીલાવો ॥૧૧॥ પછી છડીદાર જઈને પહોંચ્યા : અને બીબી ઉપરતે ખીજ્યા ॥૧૨॥ સોર કરતાને બહોત જો બકતા : બીબી જેનબને ગાળો દેતા ॥૧૩॥ ઉઠ રે દીવાંની બોલાવે પાદશાહા : ચલતું હમારી સાથે ॥૧૪॥ બીબી ઉમેસલાંમાતો જંખવાણાં પડીઆં : બીબી જેનબની રૂખ દેખે ॥૧૫॥ ત્યારે બીબીજેનબ તો કહેવા લાગ્યાં : તમે સુણોરે અમાજી મેરી ॥૧૬॥ તુમારા જીવ તુમજાગે રખીઓ : મને તમે ખુદા ને સોંપો ॥૧૭॥ ખુદાએ કીધી વહુ હુસેનઅલીની : અને ફાતમા સાસુ મેરી ॥૧૮॥ સો દુજેકી વહુ કદી ના હોવે : એતો શરમ રાખે ખુદ મેરી ॥૧૯॥ દીન દુનીયાંકા પાદશાહા હુસેન : ઉસકી બાંદી નહી છુટે ॥૨૦॥ અરે અમાજી ખુદા આપણા : દોસ્તત આપણ પર રાજી ॥૨૧॥ નબીમહંમદ રસુલખુદા કે : ઉનકી હુરમત કેમ નહી રાખે ॥૨૨॥ બીબીજેનબ ઉઠ્યાંતે વેળા : પાસે બેનને ભાઈ સંગાથે ॥૨૩॥ તે સાથે તેડીને આવ્યાં અજીદની પાસે : તે આવીને ઉભાં તાંહે ॥૨૪॥ બીબીજેનબની ખુબી એવી : તેજે સુરજ તો જંપાણે ॥૨૫॥ અજીદતો મનમાં એમ જાણે છે : એ

બીબીને પગે પડીએ ॥૨૬॥ પછી અજીદે બીબીને પાસે જો તેડ્યાં : તેતો કાંઈ કાંઈ કહેવા લાગ્યો ॥૨૭॥ જેનબ બીબી શક્તી બોલ્યાં : અજીદ નીચું જોવા લાગ્યો ॥૨૮॥ તે રાત તો જુમાની હતી : સવારે જુમાં થાઅ ॥૨૯॥ ત્યારે અજીદતો બોલ્યો મેરા કુતબા : પડોને સારી જાહાંન ॥૩૦॥ પછી મુતાલબ બોલ્યા એવું : છોટા જેન અલાબદીન સો હે ॥૩૧॥ વે પડે તો અમેબી પઢીએ : બાકી હમસે ના પઢાય ॥૩૨॥ ત્યારે અજીદ પોતે અસવારી સજીને : આવ્યો મસીદની માંહે ॥૩૩॥ મીમર સમારી સજ્જ કરીને : અજીદ બોલ્યો તાંહે ॥૩૪॥ મરવા વજીર તમકહું સો કરો : જાઓ હુસેન કે બેટેકુ લાવો ॥૩૫॥ મરવો વજીર ગયો બાંનની પાસે : સર્વે બાંન ઉઠી બેઠાં થયાં ॥૩૬॥ મરવો વજીરતો ખેચવા લાગ્યો : જેન અલાબદીનને તાંહે ॥૩૭॥ બાંઅ પકડીને તાંણવા લાગ્યો : પોતે જેનઅલાબદીન ના ઉઠે ॥૩૮॥ બીબી ઉમેસલાંમાતો સાથે ચાલ્યાં : જેનઅલાબદીનને લઈ ॥૩૯॥ લઈ કરી મસીદમાં ચાલ્યાં : ત્યારે અજીદ કહેવા લાગ્યો ॥૪૦॥ સુણરે પુંગડે તું મીમરપર ચઢ રે : મેરે નામકા કુતબા પડીઓ ॥૪૧॥ પુગડાતો હઠ કરે સો કેસા : પણ મીમર પર ના ચઢે ॥૪૨॥ સર્વે જેન અલાબદીનને કહેવા રે લાગ્યા : તમે ચઢો મીમર પર સહી ॥૪૩॥ તો પણ હઠકરીને ઉભા : જેનઅલાબદીન પોતે ॥૪૪॥ પછી બીબી ઉમેસલમા કહેવા લાગ્યાં : પોતે બીન્યાં જે રખે મારે ॥૪૫॥ જેનઅલાબદીન દુનીયાંના દીવા : અને દીનના છે સરદાર ॥૪૬॥ એમને મારેતો મહંમદની નસલો : દુનીયાંમાંથી જાએ ॥૪૭॥ તે બીકે કરી ઉમેસલાંમા બોલ્યાં : બેટા ચડીએ મીમર પર સહી ॥૪૮॥ કુતબો પડો અજીદકા નાંમકા : એબી ચીચા આપણા સહી ॥૪૯॥ એમ કરીને ફોસલાવ્યા લાગ્યાં : બીબી ઉમેસલાંમા પોતે ॥૫૦॥ એમ કહીને કુતબો પડાવ્યો : અજીદના નામનો તાંહે ॥૫૧॥ પછી પલીત અજીદે શું કર્યું છે : બીબી જેનબને ડસે કેવું ॥૫૨॥ તેત્રીસ માણસને કુવામાં ઉતાર્યાં : એવો ડસ અજીદને આવ્યો ॥૫૩॥ સર્વેને કુવામાં બંધ જ કીધાં : ત્યાં પવન જઈ ના સકે ॥૫૪॥ એક એક

રોટીને એક એક પાણીનો કુંજો : તે આપીને કુવામાં ઉતાર્યા ॥૫૫॥ ત્યાં રાત દિવસ માલુમ નથી પડતી : એવા અંધારા કુવામાં નાખ્યાં ॥૫૬॥ જ્યારે રોટી આપવાની વખત જ થાએ : ત્યારે ઢાંકણું કુવાનું ઉઘાડે ॥૫૭॥ તે ઢાંકણું પથર કેરૂંજો કહીએ : મોટી સલા ભારે તેહ ॥૫૮॥ જ્યારે ઉઘાડે રોટી દેવા : ત્યારે જરાક અજવાળું થાએ ॥૫૯॥ ત્યાં રાત દિવસ સરખી જણાય : પણ વહારે કોઈના ધાયે ॥૬૦॥ કહે ***બુદરદીન*** સુણોને કસાલા : એવું આજે કોઈથી ના વેઠાએ ॥૬૧॥ આજ એવું જાણે તો સઉનાં દલ ભાગે : પણ મહેર કરી છે માહારાજે ॥૬૨॥ કુલ પટોરાં ૪૬૧૭ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૬૦ મું :

(વેળા વાઘણ છે વહેતાલ : તે વાંણ છે :)

તેત્રીસ તન ઈમાંમ હુસેનનાં : તે મુક્યાં કુવાની માંહે : હુસેન કેરા લશકરમાંથી : બે જણ ઉગર્યા તાંહે : (આંચલી): *સુણીએ ચંતધરી* ॥૧॥ એક પલીત રકેબદાર : જેણે કાપ્યા હુસેનના હાથ : રતન લેવા સારૂં તેણે : કર્યા દોજગના સંગાથ : *સુણીએ ચંતધરી* ॥૨॥ બીજો આલમદાર હુસેનઅલીનો : તેનું નામ અબદુલા રહેમાન : તે ઈમાંમ હુસેનને વરસે હતો : તે ભણતા એકઠા જાણ : *સુણીએ ચંતધરી* ॥૩॥ તે લશ્કરમાંથી જીવતો ઉગર્યા : પોતે અબદુલા રહેમાન : ગલીએ ગલીએ રોતો ફરતો : ખબર લેતો તે જાણ : *સુણીએ ચંતધરી* ॥૪॥ જે બાબત થાય તે સુણે સુરતથી : અને રોતો ફરે જાણ : ફરતાં ફરતાં એવું સુણીયું : તેને પડીયું એ કાંન : *સુણીએ ચંતધરી* ॥૫॥ ખબર સુણી હુસેનના કબીલા :અને પુગડા સર્વે સમેત : તે કુવામાંહે બંધ કીધા : એવું ઉડ્યું રણખેત : *સુણીએ ચંતધરી* ॥૬॥ અબદુલા રહેમાન રોતો ફરે છે : એનું કાંઈ ચાલે નહી : મસીદમાંહે પડી રહેતો : અજાણે રહેતો ત્યાંય : *સુણીએ ચંતધરી* ॥૭॥ કુવામાંહે જેનઅલાબ દીન : નાંની ને પુછે તાંહે : અરે

અમાજી હવે આપણકુ : ક્યા ખુદા મારેગા આંહે : *સુણીએ ચંતધરી* ॥૮॥ કદી આપણકુ ખુદા આપણા : અસમાન દેખાવેગેં નહી : આપણકા સબ અહિં મરેંગે : એવું બોલ્યા અલાબદીન તાંહે : *સુણીએ ચંતધરી* ॥૯॥ એમ કરતાં કંઈ દીવસે : ઉમેસલાંમાને લાધ્યું સપનું : નબી સાહેબે આવીને કીધું : ક્યા અંદેસા કરતે હો તમ : *સુણીએ ચંતધરી* ॥૧૦॥ તે ઉમેસલાંમ નબીની ધણીયાણી : તેને પોતે કીધુ જાણ : અંદેસા સર્વે કાઢી મહેલો : હું કહુતે કરો પરમાણ : *સુણીએ ચંતધરી* ॥૧૧॥ બનીઆ જંગ શહેર મધે : ત્યાં મહંમદ હનીફા છે જ્યાંહે : તેને ખબર કરોને વહેલી : તે તમને છોડાવે અહિ : *સુણીએ ચંતધરી* ॥૧૨॥ પછી ઉમેસલાંમ બોલ્યાં : સુણોને ખુદકાર : અહિં પવન સરખી આ નહી શકતી : કેમ આવે અમારા પાર : *સુણીએ ચંતધરી* ॥૧૩॥ પછી નબી મહંમદ બોલ્યા : ઉમેસલાંમા સુણોને વાત : હુસેનનો એક આલમદાર હે : વે જીવતા હે સાખીઆત : *સુણીએ ચંતધરી* ॥૧૪॥ કાલની રાતે તેનેં હું લાવું : અને લખો કાગળ તમે : મહંમદે કોરો કાગળ આપ્યો : દવાત કલમ જેમ : *સુણીએ ચંતધરી* ॥૧૫॥ ઉમેસલાંમા તમે કાગળ લખીઓ : કાલે આવે અબદુલ રહેમાન : ઉસે કાગળ દેકર ભેજો : વે કરેંગા જાણ : *સુણીએ ચંતધરી* ॥૧૬॥ નબી સાહેબ ત્યાંથી ચાલ્યા : જ્યાં હતા અબદુલા રહેમાન : તે સુતા નીંદ કરે રે : તેને સપનું આપ્યું જાણ : *સુણીએ ચંતધરી* ॥૧૭॥ અબદુલા રહેમાન ને જઈને કહ્યું : કાલે જાવું છે ત્યાંય : જેનઆલાબદીન પાસે લઈ જાવું : તમે ચેતી રહેજો એ : *સુણીએ ચંતધરી* ॥૧૮॥ બીબીસલાંમા પાસે લઈ જાવું : કાગળ આપે તેહ : તે કાગળ લઈને જા જો વેગે : ખબર કહેજો એહ : *સુણીએ ચંતધરી* ॥૧૯॥ બનીઆ જંગ શહેરમાંહે : જહાં છે મહંમદ હનીફ : કાગળ તેને હાથે દેજો : કરે હુસેનની જીત : *સુણીએ ચંતધરી* ॥૨૦॥ એવું સપનું નબીએ દીધું : અબદુલા રહેમાનને તાંહે : અબદુલા રહેમાન પગે પડીને ઉઠ્યા : સુણો નબી શું જાણ : *સુણીએ*

ચંતધરી ॥૨૧॥રોવા લાગીને કરે વાતો : અરે ખુદકાર રસુલ : એ પલીતે તમારા ફરજનને : દીધું છે મહાદુઃખ : *સુણીએ ચંતધરી* ॥૨૨॥ જુલમ જોર બહોત કીયાહે : કોઈનાં કરે કાફર ઉપર : એસા જુલમ તમારા ફરજનને : દીયાહૈ તરત : *સુણીએ ચંતધરી* ॥૨૩॥ ત્યારે નબી સાહેબ બોલ્યાં ત્યાં તો : મત રોઈઓ અબદુલ રહેમાન : ઈનકુ કાગળ દીજે જાકર : કરો હનીફાકુ જાણ : *સુણીએ ચંતધરી* ॥૨૪॥ પછી અબદુલારહેમાંન બોલ્યા નબીથી : સુણો સાચે નબી રસુલ : વે તો કુવામાં બંધ કીએહે : કીડીના સંચરે સુરજ : *સુણીએ ચંતધરી* ॥૨૫॥ પવન સરખી જા નહી શકતી : મેં ગરીબ કેમ કરી જાઉ : ચાકર નફરતો બહોત પડે હે : કેમ કરી મેં ત્યાં આવું : *સુણીએ ચંતધરી* ॥૨૬॥ વે કુવા મૈને કદી નહી દેખા : કીસ તરહે મેં જાઉ : કાગળ લેણા કઉકર હોવે : કેમ કરી મેં તો આઉ : *સુણીએ ચંતધરી* ॥૨૭॥ પછી નબીમહંમદ બોલ્યા : સુણો અબદુલારહેમાન : મેં તુમારે સાથ ચલુંગા : તમ કરો ઉનકું જાણ : *સુણીએ ચંતધરી* ॥૨૮॥ એટલી વાતો સપનામાં થઈ છે : જાગી ઉઠ્યા અબદુલા રહેમાન : અત્તર કસબોઈની વાસના મહેકે : નબી એ કરી જાણ : *સુણીએ ચંતધરી* ॥૨૯॥ અબદુલા રહેમાંને ત્યારે જાણ્યું : જે આવ્યા તે નબીરસુલ : ખુસી કરવા બહુ જો માંડી : વળીનીંદ આવી ડોલું : *સુણીએ ચંતધરી* ॥૩૦॥ વળી નબીએ આવી જગાડ્યા : સીખાંમણ દેવે સાચ : તેજ રાતે ત્રણ વાર કહ્યું : નબીએ દીધી વાચ : *સુણીએ ચંતધરી* ॥૩૧॥ એટલામાં વાંણુ વાયું : જાગ્યા અબદુલારહેમાંન : નબી સાહેબ આવ્યા તે સાચું : મુજને કીધી જાણ : *સુણીએ ચંતધરી* ॥૩૨॥ ત્યારે અબદુલારહેમાન મજુરી કરતા : તે કરતા જોડી દામ : તેની બે ત્રણ ચાદર લીધી : એવું કર્યું તેણે કામ : *સુણીએ ચંતધરી* ॥૩૩॥ ચાર પાંચ દાવન લીધાં : કપડાં સારાં જેહ : તે જેન અલાબદીનને કાજે લીધાં : બોરા બીછાણાં જેહ : *સુણીએ ચંતધરી* ॥૩૪॥ વળી ખાવા પીવાનું ઘણું લીધું છે : મસકો પાણીની

સાથ : એટલા માંહે રાત પડી છે : તૈયારી સર્વે સાથ : *સુણીએ ચંતધરી* ॥૩૫॥ રાત પડી અબદુલા રહેમાન જાગે : તે સમે અરધી રાત : અબદુલા રહેમાન ડોલાં મારે : કોણથી કરેએ વાત : *સુણીએ ચંતધરી* ॥૩૬॥ એવે સમે એક ઉછાળો દીધો : જાગ્યા અબદુલારહેમાંન : નબી બોલ્યા સુણરે ભાઈ : તૈયારી હોતું જાણ : *સુણીએ ચંતધરી* ॥૩૭॥ ચલરે ભાઈ કલકા વાયદા : કીયા હેંગા જાંહે : અબદુલારહેમાંન ઉઠી ચાલ્યા : પોતાને પડછાંએ ત્યાંહે : *સુણીએ ચંતધરી* ॥૩૮॥ નબી સાહેબને પડછાયે ચાલ્યા : ચાલ્યા જાય અબદુલારહેમાન : શેરી કુંચી ગલીઓ છોડી : ગયા દરબાર તમામ : *સુણીએ ચંતધરી* ॥૩૯॥ ક્યા દેખો જે દરબાર સારા : ખુલ્લા પડ્યા છે તમામ : પાસેવાન સારે સુતે પડે હે : કોઈના જાણે અજાણ : *સુણીએ ચંતધરી* ॥૪૦॥ દરવાજા સર્વે પડ્યા ઉઘાડ્યા : પીઆદા સુતા છે માંહે : પીઆદા વચ્ચે ચાલ્યા જાય છે : કોઈના જાણે કાંઈ : *સુણીએ ચંતધરી* ॥૪૧॥ એવા સુતા જાણે મારી નાખ્યા : વળી મહોલ છે રે જાંહે : તાંહે સર્વે સુતા પડ્યા છે : તે મહોલ પાસે કુવો તાંહે : *સુણીએ ચંતધરી* ॥૪૨॥ ત્યાં પણ પાસેવાન સુતા પડ્યા છે : ગયા કુવાની પાસ : નબીએ સલા ઉઘેડી નાખી : ત્યાં કબીલાનો વાસ : *સુણીએ ચંતધરી* ॥૪૩॥ નબી બોલ્યા અબદુલા સાથે : ઉતરો કુવાની માંહે : હું તમારી સાથે છું રે : બીસો નહી તમે કાંહે : *સુણીએ ચંતધરી* ॥૪૪॥ ઉમે સલાંમાએ કાગળ લખીઓ : બાટ દેખે હે સોહે : જાકર કાગળ લેકર આવો : જાણે નહી કોઈ : *સુણીએ ચંતધરી* ॥૪૫॥ કાગળમાં લખીયું સર્વે : જે ગુજરી સર્વે વાત : હુસેનનુ શીસ નેજે ચડાવ્યું : તે લખીયું સાખીઆત : *સુણીએ ચંતધરી* ॥૪૬॥ બાળક ઓરત સર્વે કુવામાં : ઉતર્યાં છે જે : તે હકીકત સર્વે લખી રે : પરાંણે કુતબો પડાવ્યો તેહ : *સુણીએ ચંતધરી* ॥૪૭॥ અરે પુત મહમદહનીફા : અમે ગરીબ આજ : તેરા ભતીજા જેનઅલાબદીન : સબ દુનીયાંકા દીન : *સુણીએ ચંતધરી* ॥૪૮॥ તમે નહી આવો

તો સૈયદની નસલત : કટાવેંગી સહી : એસા કાગળ લખીઆ સલમાને : રાહ દેખે તહી : *સુણીએ ચંતધરી* ॥૪૯॥ એવા માંહે અબદુલારહેમાંને : રસી નાખી કુવાને માંહે : એક છેડો થંભે બાંધ્યો : ઉતરવાને જાય : *સુણીએ ચંતધરી* ॥૫૦॥ બીજે છેડે પાણીની મસકો : અને ખાવાનું લીધું તું જે : લુગડાં સર્વે બાંધી કરીને : આસતે આસતે ઉતરીઆ તાંહે : *સુણીએ ચંતધરી* ॥૫૧॥ બીબી સલાંમા પાસે જઈ ઉતર્યા : વાટ જોતાંતાં તાંહે : બીબી બોલ્યાં અબદુલારહેમાંન : ભલે આવ્યા આંહે : *સુણીએં ચંતધરી* ॥૫૨॥ અબદુલા બોલ્યા સુણો ખુદકારણી : આયા તુમ્હારે કાજ : નબી સાહેબ તો સાથે આએ હે : બહાર ખડેહે આજ : *સુણીએ ચંતધરી* ॥૫૩॥ પાઉ પડે બીબીકુ જાકર : આપે અબદુલારહેમાન : જેનઅલાબદીનને હૈયે ચાંપ્યા : સુધ ના રહી સાંન : *સુણીએ ચંતધરી* ॥૫૪॥ એવા દુખમાં થયા ગાભરતા : રોણુ રૂએ અપાર : ત્યારે જેનઅલાબદીન બોલ્યા : અમને ક્યારે કાઢસો બહાર : *સુણીએં ચંતધરી* ॥૫૫॥ અરે ચીચા અબદુલારહેમાંન : મેરા ચીચા કુ કહીઓ સલાંમ : જે ગુજરી સો સબ કહીઓ : સારી બાત તમામ : *સુણીએ ચંતધરી* ॥૫૬॥ સર્વે મલીને કહેવાલાગ્યાં : બીબી સલાંમા બોલ્યાં જેહ : અરે પુત અબદુલરહેમાંન : રાત થોડી હે તેહ : *સુણીએ ચંતધરી* ॥૫૭॥ પછી અબદુલ રહેમાને ખાવા પીવાનું : લુગડાં લીધાં હતાં જેહ : તે તો સર્વે આપી કરીને : પાછા વળીઆ એહ : *સુણીએં ચંતધરી* ॥૫૮॥ કુવામાંહેથી બહાર આવ્યા : પથર મુક્યો તે ઠામ : પછી નબીને પડછાંએ જાવા લાગ્યા : એવું કર્યું એમણે કામ : *સુણીએ ચંતધરી* ॥૫૯॥ આજ એવા નહી યાર કોઈ : જીવ કરે ખુરબાંન : મરવું માથે લેઈને ચાલ્યા : સમર્યા સુભાને સુભાન : *સુણીએ ચંતધરી* ॥૬૦॥ ભણે **બુદરદીન** ભાવ કરીને : એવાં રાખો ઈમાંન : આવી પડે ઓસરીએ નહી : લાજ રાખે ભગવાન : *સુણીએ ચંતધરી* ॥૬૧॥ કુલ પટોરાં ૪૬૭૮ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૬૧ મું :

(જીરે ભાઈ સાચા મારગ સાંમીના સરજ્યા : તે વાંણ છે :)

જીરે ભાઈ એવીતો સાચી પ્રીત અમારી : કરી સકો તો કરજો ॥૧॥ પછી અબદુલારહેમાંન પડછાંએ ચાલ્યા : સરવને સુતા મેલી ॥૨॥ જીરે ભાઈ પીઆદા દવારે સર્વે સુતા છે : ઘોરેછે ઘુંઘટ વાળી ॥૩॥ જીરેભાઈ અબદુલારહેમાંનને નબીજી જાય છે : જઈ રહ્યા અજીદને મહોલે ॥૪॥ અજીદને ખજાંને જઈને મેલ્યા : ત્યાં આપે બોલ્યારે રસુલ ॥૫॥ સુણરે અબદુલા ખરચી લોને : વાટે જવાની તાંહે ॥૬॥ અબદુલારહેમાંને ખરચી લીધી : સોનાની અસરફીઓ તાંહે ॥૭॥ જીરેભાઈ એક અમીઆંણી ભરીને લીધી : જેમ ગયા તેમ આવ્યા ॥૮॥ જીરેભાઈ બેપહોર રાતમાં જઈને આવ્યા : એવું કામકર્યું પોતાનું ॥૯॥ જીરેભાઈ જ્યાં રે સુતાતા ત્યાં આવ્યા : તે વાત કોઈના જાણે ॥૧૦॥ જીરેભાઈ આપ જાણે કે ખુદાવંદ જાણે : તે સાહેબને ફરમાંને ॥૧૧॥ જીરેભઈ તીસરી રાતે ઉઠીને ચાલ્યા : તે આપે અબદુલારહેમાંન ॥૧૨॥ વાંણું વાયુ ત્યારે ઉઠીને ચાલ્યા : તે નીમાજ કરી આગળ જઈ ॥૧૩॥ નીમાજ કરી ખુસી થાવા લાગ્યા : સુકર્યાનો સાહેબને ભેજે ॥૧૪॥ ધન ધન દીવસ આજની રાત ને : મારો સાહજાદો નયણે નીરખ્યા ॥૧૫॥ જીરેભાઈ સહી સલાંમત નજર દીઠા : વળી ખુદકારણી સરવ સાથે ॥૧૬॥ જીરેભાઈ એવી ખુસીતો દલમાં કરે છે : પછી કમર બાંધીને ચાલ્યા ॥૧૭॥ જીરેભાઈ પોતાના ખુદાને યાદ કરતા : તેતો ચાલ્યા જાય છે કેવા ॥૧૮॥ તે રાત પડીને દિન ઉગે છે : તે નથી જાણતા જે શું છે ॥૧૯॥ તે તો રાત દીવસ બંને એક ગણે છે : તે તો ધુપ ટાઢને ના જાણે ॥૨૦॥ તે અંધારૂં-અજવાળું કાંઈના જાણે : અને ભુખ તરસને વેઠે ॥૨૧॥ જીરેભાઈ એવી રીતે તો ચાલ્યા જાય છે : તે જંગલમાંહે જોરે ॥૨૨॥ જીરેભાઈ શું કરે જે બન્યા આદમ પોતે : ભુખ ઘણી જ્યારે લાગે ॥૨૩॥ ત્યારે સુકો પાકો કકડો રોટી : મોંમાં નાખી પાણી પીએ ॥૨૪॥ તે

તો એમ કરતાં એમ ચાલ્યા જાય : તે નથી કહેતા ભુખ પ્યાસ ॥૨૫॥ જીરેભાઈ રાંધ્યા સીધ્યાની ખબરના જાણે : તો ઘી ખાવું તેને નહી ॥૨૬॥ જ્યાં જગા આવે ત્યાં ઉતરી બેસે : યાદ કરે શાહાજાદા ॥૨૭॥ સુકો પાકો જ્યાં ખાવાને બેસે : તેતો રોતા રોતા ખાય ॥૨૮॥ જેનઅલાબદીન દીનના દીવા : તેમણે ખાધું હસે કે નહી ॥૨૯॥ જીરેભાઈ એમ સમરીને ખાવા બેસે : તે અબદુલારહેમાંન પોતે ॥૩૦॥ એમ કરતાં ચાલ્યા જાય : શહેર આવે તે ના જાણે ॥૩૧॥ જીરેભાઈ શહેર આવે તે જંગલ કરી બુજે : તો ખાવું પીવું ના સુજે ॥૩૨॥ ઉજડ રણમાં ચાલ્યા જાય છે : નહી કાંઈ લેવું ને દેવું ॥૩૩॥ જીરેભાઈ ભુખ તરસની ખબર નથી પડતી : તે એવું દલમાં તેને લાગ્યું ॥૩૪॥ જીરેભાઈ ખાવું જોઈએ તો સાથવો લઈ ખાએ : એમ તે ચાલ્યા જાએ ॥૩૫॥ એક પાણીની છાગલ ખરીદ કરીને : ભરીને પાસે રાખે ॥૩૬॥ પોતાના સાહેબને યાદ કરતા : તેતો રાત દીવસ ચાલ્યા જાએ ॥૩૭॥ શહેર બનીઆજંગ દુર દેસંતર : તેર મહીનાની તે વાટ ॥૩૮॥ ત્યાં મહંમદ હનીફા કાંઈના જાણે : ભાઈ કેરી જે ખબરો ॥૩૯॥ જ્યારે કાફલો આવે સોદાગરનો : તે પાંચમ કે છઠે વરસે ॥૪૦॥ જીરેભાઈ ત્યારે ખબર માલમ થાય : મક્કા મદીનાની તાંહે ॥૪૧॥ વળી કોઈ સાહેબ કાસળ ભેજે : ત્યારે ખબર તે માલમ થાએ ॥૪૨॥ પછી અબદુલા રાત દીવસમાં : ચાલ્યા છે તે કેવા ॥૪૩॥ જીરેભાઈ તેર મહીનાની વાટ કહેવાએ : તે આઠમે મહીને પહોંચ્યા ॥૪૪॥ બનીઆજંગનો કોટ જો દીઠો : ત્યારે અબદુલારહેમાંને ત્યાં પુછ્યું ॥૪૫॥ ત્યાં નો ઘસીઆરો કહેવા લાગ્યો : તું અમારા મુલકકા નહી ॥૪૬॥ ત્યારે અબદુલા રહેમાંન તેથી બોલ્યા : મેં દુરદેસકા સહી ॥૪૭॥ ત્યારે અબદુલારહેમાંને પુછ્યું તેને : સુણરેભાઈ ઘસીઆરે ॥૪૮॥ શહેર બનીઆજંગકા કોણ પાદશાહા : ત્યારે ઘસીઆરો ત્યાં બોલ્યો ॥૪૯॥ શહેર કા પાદશાહા બડા હે આદમી : ઉસકા બાપ તો ખુદકાસેર ॥૫૦॥ ઉસકા બેટેકા નામ કહુસો સુણીઓ : મેદીઆખર જમાંનેકા સહી ॥૫૧॥ ઉસકા નામતો

મહંમદહનીફા : બેટા અલીકા સોહી ॥૫૨॥ ઓહી પાદશાહા શહેરકા કહીએ : ત્યારે અબદુલારહેમાંને જાણ્યું ॥૫૩॥ સુકર સાહેબને કરવા લાગ્યા : ભલે શહેર દીઠું જંગબનીઆ ॥૫૪॥ શહેરના લોક તો રાજી રજાવંદ : મહંમદહનીફા સુસોહી ॥૫૫॥ ત્યારે અબદુલારહેમાંનનું દલ થયુંરાજી : ભલુ સુખ સાહ્યતા છે સઉને ॥૫૬॥ જેના જેવા તેના તેવા : બાપનું નામ જે કોઈ રાખે ॥૫૭॥ રૈયત લોકને લશ્કરી સર્વે : વજીર દીવાંન સઉ સુખીઆ ॥૫૮॥ સાજગરૂખાન મુલકના ઉમરાવો : વજેદાર મહોલદાર સર્વે ॥૫૯॥ સલુરદાર સમેરદાર પીઆદા દવાદા : સઉ સુખીઆ તે દીઠા ॥૬૦॥ ત્યારે અબદુલારહેમાન શહેરમાં આવ્યા : તેતો ચાલ્યા જાઅ છે દરબારે ॥૬૧॥ એવી રીતે તન તોડ્યાં : આજ ધરમી નહી કોઈ એવા ॥૬૨॥ પોત પોતાનાં ઘર સંભાળી : સર્વે જુવે છે શાહા નીહાળી ॥૬૩॥ મદભરેલા માંહે માંહે થયા છે : તેને મહેલું હવે ટાળી ॥૬૪॥ ગતમાં આવીને ડહાપણ ડોળે : તે પાપ પોતાનાં ના ખોલે ॥૬૫॥ ગતમાં આવીને ફુલાસો મારે : તેતો ખરને તોલે ॥૬૬॥ જે ગુણ અવગુણ ત્યાગ કરીને ચાલે : તે તો મુખથી કડવું ના બોલે ॥૬૭॥ પણ શું કરૂં જે વેળા પાકી : તેથી હમે રહીએ છીએ સાંખી ॥૬૮॥ હવે મમતે મમતે સર્વે વાધ્યા : પણ જ્ઞાન ગુણ ના લીધા ॥૬૯॥ દુખપડ્યાં તેને તનસોંપ્યાં : તેને જીવની ચીંતા ના જાણી ॥૭૦॥ કહે **બુદરદીન** એવા થઈ ખેલો : તે નમુના દલ આંણો ॥૭૧॥ કુલ પટોરાં :૪૭૪૯:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૬૨ મું :

(દસમા અવતારની વાંણ છે :)

ત્યારે અબદુલારહેમાંન શહેરમાં જોતા ચાલ્યા જાય : દરબાર ભણી વળ્યા છે તાંહે ॥૧॥ આવ્યું દરબારનું ઠેકાણું જ્યાં : સર્વે પુછવા લાગ્યા ત્યાં ॥૨॥ સાચા કહે રે ભાઈતું કહાંસે આવ્યા સહી : ત્યારે અબદુલા રહેમાન બોલ્યા તહી ॥૩॥ ભાઈઓ

મદીના મહંમદકા જ્યાં : ત્યાંથી મેં તો આયા અહિં ॥૪॥ જ્યારે હુજાબે મદીનેકા નામ સુણ્યા : ત્યારે અબદુલારહેમાંને મનમાં ગણ્યા ॥૫॥ પાણીપાઈને વાત પુછવા લાગ્યા સહી : અરે પરદેસી સાચું કહેને તું અહી ॥૬॥ ત્યારે અબદુલા કહે હું હુસેનનો માણસ છું : મહમદહનીફા પાસે લઈ જાવો તમે ॥૭॥ ત્યારે મહંમદહનીફા મહોલ મધે છે સહી : પણ મહંમદહનીફાને કાંઈ ફરજંદ નહી ॥૮॥ ત્યારે મહંમદહનીફા મહોલ મધે વાતો કરેં : અમારા પાદશાહા અમકુ યાદ ના કરે ॥૯॥ કેતેક વરસ હુઆ કાગળ આયા નહી : ક્યા જાણે કૈસી ખબર હોંએગી તહી ॥૧૦॥ ત્યારે ખાંન વજીર બોલ્યાએ : હુસેનઅલી જવાન હસે તે ॥૧૧॥ પણ અમથી પ્યાર બહોત રખતે હે સહી : ત્યાં બેઠે ખબર કરતે અહીં ॥૧૨॥ મહંમદહનીફાને ફરજંદ નહી કોઈ : તેથી ચાર બેટા પાલક પાળ્યાસોઈ ॥૧૩॥ તે ચાર બેટાને વજીરાત આપી સહી : તે ચારે નામ સુણોને તમે અહી ॥૧૪॥ પ્રથમ બેટાનું નામ સાદજે : બીજાનું નામ સઈઅદતે ॥૧૫॥ ત્રીજાનું નામ મસઉદ સહી : ચોથાનું નામ મનસુદ તહી ॥૧૬॥ પાદશાહે ચાર બેટાને વજીરાત આપી ખરી : તેતો અમલ કરે છે દલભરી ॥૧૭॥ મનસુરને ખાસી વજીરાત આપી સહી : મસુદને અરજીનું કામ આપ્યું તહી ॥૧૮॥ તીજા સાદને તો સીલનું કામ આપ્યુંતે : સઈઅદને ખજાનદાર કર્યાએ ॥૧૯॥ ચાર બેટાને ચાર કામ આપ્યાં છે સહી : બનીઆજંગને પેટે ચોરાસી મુલક છે ત્યાંહી ॥૨૦॥ ત્યાં રાવત રજવાંન તરકસ બંદી સાર : દીવાંન સર્વે પાદશાહા પાસે બેઠા અપાર ॥૨૧॥ ખાંણુ ખાઈને પાન ખાતાતા જે : ઉઠીને તખત પર બેઠા તે ॥૨૨॥ ત્યાં મહંમદ હનીફા આસુદા થયા : એટલામાં મનસુર બહાર આવીઆ ॥૨૩॥ તે ભદર પર આવી ઉભા જે : સર્વે કચેરી ઉઠી ઉભી થઈતે ॥૨૪॥ ત્યારે મનસુર સર્વેને પુછે છે એ : આ ભીડ સાંની થઈ છે તે ॥૨૫॥ ત્યારે હુજાબે આવી વજીરને સલામ કરી : અરે ખુદકાર મે બાત કહ્યું દલભરી ॥૨૬॥ મદીનેથી નામદાર

આદમી આયાહે સહી : ઈમાંમહુસેનઅલીને કાગળ ભેજાહે અહી ॥૨૭॥ સો કાગળ લાયાહે ઉસકીહે ભીડ : ઉનકી બધાઈ મૈં લાયાહું અહીં ॥૨૮॥ ત્યારે મનસુર ઘેર વળતીતે પાછા ફર્યા : બાપને આવી સલાંમ કરી ॥૨૯॥ ત્યારે બાપે પુછ્યું જે કુછ કરો અરદાસ : ત્યારે મનસુર બોલ્યા છે સાચ ॥૩૦॥ અરે ખુદકાર મદીનેથી નામદાર આએહે સહી : ત્યારે પગપીઆદા મહંમદહનીફા ધાઈને આવ્યા તહી ॥૩૧॥ તે દોડી કરી ભદર પર આવીયા : ત્યારે સર્વે દીવાંન ઉઠી બેઠાથયા ॥૩૨॥ સર્વેએ ઉઠીને સલામ કરી જે : હુજાબે કાસદને દેખાડ્યો તે ॥૩૩॥ અરે ખુદકાર મદીનેથી નામદાર આએ સહી : ત્યારે પાદશાહે તેમને બોલાવ્યા તહી ॥૩૪॥ આવી પાદશાહાને સલામ જો કરી : ત્યારે અબદુલારહેમાંનને ઓળખ્યા દલભરી ॥૩૫॥ ત્યારે દોડીને પાદશાહા મલ્યાતે વાર : અરે અબદુલારહેમાંન તુ આયાતો બહુત હુઆ સાર ॥૩૬॥ હુસેનકા આલમદાર તું સહી : ત્યારે અબદુલારહેમાંન પગે પડ્યા તહી ॥૩૭॥ વળી અબદુલારહેમાંનને ફરી જો મલ્યા : વાટનાં કપડાં મેલાં હતાં ધુળ ભર્યાં ॥૩૮॥ ત્યારે અબદુલા રહેમાંન પોકારે છે એ : અરે ખુદકાર મેરે કપડે મેલે હેંગે તે ॥૩૯॥ અરે ખુદકાર મેરી જાત ગંધાતી હે સહી : તો પણ પાદશાહે ગળે વલગાડ્યા તહી ॥૪૦॥ ગળે વળગાડીને મહેલમાં લઈગયા : નાહવાને કાજે મરદાનિયા બોલાવીઆ ॥૪૧॥ ત્યાં નવરાવી કરીને સારાં કપડાં આપ્યાં તહી : ત્યારે અબદુલા રહેમાંન પહેરી બેઠા સહી ॥૪૨॥ ખાણું મંગાવીને ખવરાવ્યું સાર : પાનનાં બીડાં આપ્યાં અપાર ॥૪૩॥ પછી પુછવા લાગ્યા અબદુલારહેમાંનને ત્યાં : કાગળ લાવ્યાતે આપ્યો અહિં ॥૪૪॥ ત્યારે મહંમદ હનીફાએ કાગળ લઈ ચડાવ્યો સીસ : વાજીંત્ર વગડાવ્યાં તેને દીસ ॥૪૫॥ ત્યારે પાદશાહાને ખુસી વાધી ઘણી : મારે સાહેબે કાગળ મોકલ્યો મુજ ભણી ॥૪૬॥ પછી અબદુલા રહેમનને પુછે છેએ : કહો સો મેરે ભાઈઓને યાદ કીયાતે ॥૪૭॥ ક્યા ઈમામહસન હુસેન દોનુંભાઈ : ભલે ચંગેહે સજાઈ ॥૪૮॥ ત્યારે

અબદુલારહેમાંન હાજી હાજી કરે : જો વાત કહે તો ખુસી આગળ નાખુસી ઘરે ॥૪૯॥ મહંમદહનીફાની ખુસી આગળ વાત કહી ના સકે : એવી ખુસીમાં બીજુ શું ભખે ॥૫૦॥ પછી અબદુલા રહેમાંને કાગળ આપ્યો તહી : તે કાગળ મહંમદ હનીફાએ સરપર ચડાવ્યો તહી ॥૫૧॥ આંખો પર ચડાવી ભાઈઓનાં વારણાં લે : એવી ખુસી મહંમદ હનીફા દીલમાં ધરે ॥૫૨॥ કેટલાક લાખ ટકા ફકીરોને ખેરાદ કર્યા : તે કાગળ ઉપર વારી આપે હરખે ભર્યા ॥૫૩॥ અરેભાઈઓ મેરે પાદશાહા કા ફરમાંન આજ નહી પઢું : પરસુ જુમાહે ઉસદીન ભેગા કરૂં ॥૫૪॥ વજીર મનસુર જે અરજીના ધણી : તેને ફરમાવ્યું સઉને કહો આવે મુજભણી ॥૫૫॥ ખાંન મલેક ઉમરાવ મેરા દીયા દાંમ ખાએ : તે સઉ જુમાને દીન ભેળા થાએ ॥૫૬॥ તે સર્વે આવેતો મેરા પાદશાહાનું ફરમાન પઢું : ત્યારે સરવે સૈન્ય એકઠું થયું છે ઘણું ॥૫૭॥ તે સરવે જાણે છે જે દીનના પાદશાહા છે ત્યાં : મે ઉનકા નોકર હું અહિ ॥૫૮॥ જે કોઈ કલમા કહે ઉસે વાજબ હે સહી : ઉનકા ફરમાંન સર ચડાવે અહી ॥૫૯॥ હસન હુસેનકા જેણે બોલ ઠેલીઆ : ઉને મહંમદ રસુલીલાના કલમા ના કહ્યા ॥૬૦॥ ઉને ફરમાંન ખુદાકા રદ કીયા : સો તો અપણે પાઉ ચલકર દો જગ ગયા ॥૬૧॥ આજ હુસેની ગાદીમાં આલવંસી ખાવંદ જેહે : તેનાં ફરમાંન સઉ માંનજો તેહ ॥૬૨॥ કહે છે *બુદરદીન* આપ સવાઈ : સીખાંમણ દેતા આવ્યા જુગો જુગે ભાઈ ॥૬૩॥ સાચી સીખાંમણ ગોરની માનોખરી : ખરા સ્વર્ગે જાસેને કુડીઆ નરકે જાસે તહી ॥૬૪॥ કુલ પટોરાં :૪૮૧૩ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન : ૬૩ મું :

(દસમા અવતારની વાંણ છે :)

હસન હુસેન જેણે જાણ્યા નહી : તે દીન દુનીઆંથી ટળીઆ તહી ॥૧॥ મહંમદ હનીફા આપે જે : ફરી ફરી સદખે જાવે તે ॥૨॥ ફરી અબદુલારહેમાનને પુછે છે એ : અમને

બે ભાઈ યાદ કરે છે તે ॥૩॥ ત્યારે અબદુલારહેમાન હાજી હાજી કરે : બીજો જવાબ કહ્યુ ના ધરે ॥૪॥ વળી ફરી અબદુલાને પુછે છે એ : કાંઈ બાળક ભાઈઓને છે તે ॥૫॥ ત્યારે અબદુલારહેમાન કહે સુણો સુજાણ : હસનઅલીને બે બાળક પરમાણ ॥૬॥ બેટાનું નામતો કાસમ સહી : બેટીનું નામ ફાતમા તહી ॥૭॥ ત્યારે ફરી બોલ્યા મહંમદહનીફ : વાત પુછુ એક તમને દીપ ॥૮॥ હુસેનઅલીને શું ફરજંદ છે : તે વિસ્તારી અમને કહે ॥૯॥ ત્યારે અબદુલા રહેમાંન બોલ્યા એ : ત્રણ બેટા હુસેનને તે ॥૧૦॥ એકનું નામ અલીઅકબર સહી : બીજાનું નામ અલીઅસકર તહી ॥૧૧॥ તીજાનું નામ જેનઅલાબદીન જેહ : દીન દુનીઆના બાદશાહા તે ॥૧૨॥ સુણી વાત ભાઈઓની જેમ : ઉલટ અંગે ના માએ તેમ ॥૧૩॥ અબદુલા રહેમાંન અંદેસા કરે : કાગળ વાંચે ત્યારે ઝુરી મરે ॥૧૪॥ એમ કરતાં આવ્યો જુમાનો દિન : મહંમદ હનીફાને મનમાં આનંદ ॥૧૫॥ હાથી ઘોડા સમારો સબ : લશ્કર સમારી આવો સબ અબ ॥૧૬॥ ચાર વજીરોની સર્વે બેલ : ઉમરાવખાંન મલેક સબ ભેલ ॥૧૭॥ મહંમદહનીફા પાદશાહા જે : જરજરી પોસાક પહેર્યો ત્યાં તે ॥૧૮॥ જડાવનો તાજ સિરપર ધર્યો : કરોડ ટકાના મુલનો ખરો ॥૧૯॥ કમરપટો જડાવનો જે : પગની મોજડી જડાવની તે ॥૨૦॥ એવા બન્યા જે સુરતેજ : એ બે નીકળ્યાતે એક ॥૨૧॥ ગળામાં બંધી નાખી છે જે : બધી દુનીઆંનું મુલ જ તે ॥૨૨॥ એવા બન્યા જે સેર જવાન : મરદ અલીના બેટા પહેલવાન ॥૨૩॥ મા રોમની શાહજાદીજે : નામ હનીફા કહીએ તે ॥૨૪॥ મહંમદ હનીફા તેમના છે પુત : રણખેતના રાખણ હારાતે સુત ॥૨૫॥ તૈયાર થઈને મસીદમાં જાએ : સરવની સાથે આવ્યા ત્યાં ॥૨૬॥ ચડી મીમર પરને કુતબો પઢ્યા : નીમાજ કરી ત્યારે હરખે ચઢ્યા ॥૨૭॥ પછી વજીરને કહ્યુંએ : મારા પાદશાહાનું ફરમાંન લાવ્યો ને તે ॥૨૮॥ બીજા દીવાન ના આવતા જે : તે દિન સર્વે આવ્યા તે ॥૨૯॥ ઓરતો બેટા સર્વે આવ્યાં : મસીદમાં ઓજલ કરાવ્યાં ॥૩૦॥ મહંમદહનીફાએ કાગળ

લઈ : સીસ ચડાવીને ચુમ્યો તહી ॥૩૧॥ મહોર કાપીને પઢવા લાગ્યા : પહેલે બોલે ગાત્ર ભાગ્યાં ॥૩૨॥ કાગળની વાત સુણી જે : બાપ હનીફા સુણ જો તે ॥૩૩॥ કહે **બુદરદીન** આપે જે : હેત ભાઈઓના કહીએ તે ॥૩૪॥ વડા લોઢાની અદબ જે રાખે : કહે **બુદરદીન** એવું ભાંખે ॥૩૫॥ કુલ પટોરાં :૪૮૪૮:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૬૪ મું :

(વીલાપની વાંણ છે :)

કાગળ માંની વીનતી રે : વાંચે મહંમદહનીફ ॥૧॥ હસનઅલીકુ તો ઝેર દીયા રે : તેણે કાળજુ ફાટીને કકડા થાએ ॥૨॥ કાળજાના કકડા બોતેર થયારે : પુત હનીફા સુણીએ આંહે ॥૩॥ એવો કેહેર થયો અમ ઉપરે : વળી બીજી સુણોને તમે વાત ॥૪॥ નબીના હજીરામાં હસનને રે : રાખવા નથી દીધા સાખીઆત ॥૫॥ પછી જઈને ગરીબોમાં કબર કરી રે : એવો થયો કહેર અપાર ॥૬॥ વળીહુસેન અલીની સુણો વાતડી રે : ભુખ્યા તરસ્યા માર્યા જે ॥૭॥ સાત દીવસના ભુખ્યા પ્યાસા મારીઆરે : એક ઘુંટ પાણી ના આપ્યું ત્યાં ॥૮॥ બહુ ટળવળ્યા પાણી વીના રે : તરસાવી માર્યા રે અપાર ॥૯॥ મરઘાં બકરાં જેમ જબે કરે રે : હુસેન માર્યા એવી રીત ॥૧૦॥ સરવે કબીલા સાથસુરે : બંધતો કીયા કુવાને માંહે ॥૧૧॥ કોઈ કાફર કુ બંધ ના કરે રે : એવો જુલમ કર્યો રે અપાર ॥૧૨॥ મહંમદના ઘર ઉપર બહુ કરી રે : અજીદે એવું કર્યું છે કામ ॥૧૩॥ એવો જુલમ કરી અમને રે : વળી કુવામાં ઉતાર્યા છે સરવે ॥૧૪॥ વળી વગર ગુને હુસેનના રે : બે બેટા માર્યા તાંહે ॥૧૫॥ વળી દસબાર વરસના નાંના સહી રે : માર્યા કુંફીએ ઘેરીને તાંહે ॥૧૬॥ એક બેટા હસનકા રે : બાર બરસકા સો તાંહે ॥૧૭॥ તેને પાણી વિના તરસાવી મારીઆ રે : એવો જુલમ કીધો જાણ ॥૧૮॥ વળી તીજા બેટા હુસેનના રે : જેનઅલાબદીન તે

જાણ ॥૧૯॥ તે સાત વરસના બાળકને રે : મારી કુતબો પઢાવ્યો જાણ ॥૨૦॥ તેને જોર જુલમે કુતબો પઢાવીઓ રે : મારી કુતબો પઢાવ્યો ત્યાંય ॥૨૧॥ અંધારા કુવામાં અમને નાખીઆં રે : આઠ દીવસે રોટી આપે એક એક ॥૨૨॥ પાણીનો એક એક કુંજો સહી રે : એવાં દુઃખ અમને છે અપાર ॥૨૩॥ તરણ ઓરતો મહંમદની જાણજો રે : તેનાં નામ સુણોને એ ॥૨૪॥ એકનું નામ બીબીઉમેસલમા સહી રે : બીજી ઉમેકરસુમ જાણ ॥૨૫॥ તીજીતો બીબીમરીયમ સહી રે : એ ત્રણ મહંમદની ઓરત ॥૨૬॥ વળી બીજી તમારી ભોજાઈઓ સહી રે : વળી ઓરતો ભાઈઓની જાણ ॥૨૭॥ અરે પુત હનીફા તમે સુણો રે : અમે રાંડી મુઈ એ તો કાંઈ નહી ॥૨૮॥ પણ તેરા ભતીજા જેનઅલાબદીન રે : ઉનકુ જલદી છોડાવોને સીતાબ ॥૨૯॥ નહીતો મહંમદની નસલ ગઈ જાણજો રે : જાશે સૈયદોની ઓલાદ ॥૩૦॥ એવો કાગળ હનીફાએ વાંચીયો રે : ગીરેવાંન ફાડીનાખ્યાં તહી ॥૩૧॥ એક ચીસ પાડી પોતે પાદશાહા રે : મહંમદહનીફાએ તાંહે ॥૩૨॥ તે ચીસે કરી શહેર કંપીયું રે : હાએ હાએ કરી પડીઆ તાંહે ॥૩૩॥ મીમર પરથી ઢળીપડ્યા રે : ઉમરાવ વજીર થયા બેસુધ ॥૩૪॥ સર્વે ગાભરા ત્યાં થયા રે : ખુદાવંદ આ સો થયોરે કહેર ॥૩૫॥ પછી જે કોઈ કાગળ વાંચી જુવે રે : તે તો રૂવે છે જાર જાર ॥૩૬॥ મહંમદહનીફા બેસુધ થયારે : ખબર નહી રાત દીવસ સુધસાંન ॥૩૭॥ દુનીઆંની ખબરતો ના રહી રે : એવી ગુમ ખાધી અપાર ॥૩૮॥ પાલખીમાં ઘાલીને ઘેર લેઈ ગયા રે : લાવ્યા મહોલને માંહે ॥૩૯॥ પણ શુધબુધ્ધ તો સર્વે વીસર્યા રે : ભાઈઓની ગુમ ખાધીરે અપાર ॥૪૦॥ તરણ દીવસ પછી સુધ વળી રે : ઉઠ્યા ભાઈ ભાઈ કરતા પોકાર ॥૪૧॥ હસન હુસેન કરતા ઉઠીઆ રે : જાગીને કુરબાંન ગએ અપાર ॥૪૨॥ એ કાગળ અમકુ ક્યા લીખા રે : જેમ ગરીબ ઉપર લખે તેસા સમાર ॥૪૩॥ એમ કહી કહી રોણું રોવે રે : માથું પટકે છે અપાર ॥૪૪॥મેરા પાદશાહકુ ઈને મારીયા રે :

હું પણ મારૂ કરીને બેહાલ ॥૪૫॥એમ કરી કલ્પાંત કરે રે : વજીર સર્વે સમજાવે અપાર ॥૪૬॥ અરે ખુદકાર સાહેબ અમ તણા રે : એ કામ રોનેકા અબ નહી ॥૪૭॥ રોણા પીટણા ઓરત તણા રે : વજીરો સર્વે સમજાવે તહી ॥૪૮॥ ત્રણ દીવસ પછી જારત કરી રે : પાંન ફુલ વહેચ્યાંરે અપાર ॥૪૯॥ નાળીએર સરબત સાકર સહીરે : સર્વે વહેંચ્યારે અપાર ॥૫૦॥ દસમા વીસમાનું ખાણું કર્યું રે : ખેરાદ કરીરે અપાર ॥૫૧॥ અબદુલારહેમાંનને બોલાવીઆ રે : ગળે વળગી રૂએ છે જાર જાર ॥૫૨॥ એવી તસદી કાફરે કરીરે : મુજને ના લખ્યું રે લગાર ॥૫૩॥ એ અજીદ કાફરે શું કર્યું રે : બે હક માર્યારે બે ભાઈ ॥૫૪॥ જુવો મારા જીવમાં જીવ છે રે : અજીદને મારૂં કટમ સમેત ॥૫૫॥ મેરા બાપતો સેર ખુદકા રે : મેં શેર મહંમદકા સહી જાણ ॥૫૬॥ મેરાભાઈઓકુ નાહક મારીઆ રે : અજીદકુતો મારૂં સહી જાણ ॥૫૭॥ ઉતબાવલીંદ ઉમરસાદકુ રે : મોસુમ સનાંન સીમર જાણ ॥૫૮॥ એ પાદશાહા સમેત મારૂં સહી રે : એસી હજાર તે ઉમરાવ ॥૫૯॥ સાઠલાખ અસવારતે સહી રે : સર્વે ને મારૂં તેણીવાર ॥૬૦॥ કાપતાં કાપતાં લોહી ચઢે રે : જ્યાં સુધી મારો ઘોડો તરે તે સહી ॥૬૧॥ એવી લોહીની નદીયો વહેવડાવશું રે : તો મૈં મહંમદહનીફા જાણ ॥૬૨॥ અજીદ કુતા તું : ના જાણતા રે : મહંમદહનીફા ભાઈનાં લેશે વેર ॥૬૩॥ હજી સુધી દુનીઆંમે મે રહુ રે : મૈ તો જીવતા હુંગા સહી ॥૬૪॥ હજી સુધી મૈ તો જીવતા રે : મૈ તો તેરા લઉગા જીવ ॥૬૫॥ એમ કહી કહીને રૂદન કરે રે : મહંમદહનીફા અપાર ॥૬૬॥ રોણુ તો એવું રૂવે રે : રોતાં લુગડાં ભીજી જાએ ॥૬૭॥ ભાઈ વીના તો વહારે કોણ ચઢે રે : ભાઈ બંધવની એ જોડ ॥૬૮॥ પછી બીજા ભાઈઓને કાગળ લખ્યા રે : મહંમદહનીફાએ તહી ॥૬૯॥ બગદાદમાં બે ભાઈ છે રે : તેનાં નામ સુણોને આજ ॥૭૦॥ એક ભાઈ અબાસઅલી રે : બીજા ઉમરઅલીતે જાણ ॥૭૧॥ એક કાગળ લખીઓ તેમને રે : બીજુ નાણું મોકલ્યું

અપાર ॥૭૨॥ તે નાણાનું ખાણું કરી રે : વીસમા ચાલીસમાને કાજ ॥૭૩॥ કહે **બુદરદીન** સાંભળો રે : એવી બંધવ કેરી બેલ ॥૭૪॥ એવી બેલ કરો આજ અમતણીરે : આખર આવે તમારે કાજ ॥૭૫॥ કાળીંગો દાવાદારી તમ તણો રે : તમને ભુલાવે તે વાર ॥૭૬॥ તે માટે બેલી અમને કરો રે : આજ કહે છે **બુદરદીન** મહારાજ ॥૭૭॥ કુલ પટોરાં :૪૯૨૫:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૬૫ મું :

(ભીતુહીતુંની વાંણ છે :)

અબાસઅલીને ઉમરઅલીને જો ત્યાંહે : તો મહંમદ હનીફાએ કાગળ લખીઓ : ભીતુહીતું ॥૧॥ પહેલી સફાએત સાહેબની લખી છે : બીજી લખીરે મહંમદ કેરી : ભીતુહીતું ॥૨॥ તેની તળેરે લખીયું સુણોરે ભાઈ જી : એ બદબખતે કામ કીધું : ભીતુહીતું ॥૩॥ અજીદ કાફરે કામ કેવું કર્યું છે : હસન હુસેનભાઈ માર્યા : ભીતુહીતું ॥૪॥ એને પરવરદીગારની શરમ ના આવી : અને મહંમદ સાંમુના જોયું : ભીતુહીતું ॥૫॥ સુણો રે અબાસઅલી ઉમર જો અલી : મેરે ભાઈઓકા ખુન મેંતો લેઉ : ભીતુહીતું ॥૬॥ જે મેરા તમાસા દેખા જો ચહાવો : તો તૈયાર હોકર તમે આઈઓ : ભીતુહીતું ॥૭॥ મદીને આવો મેરી વાટના દેખો : તો મેરા તો ચલણા હેંગા આંહે : ભીતુહીતું ॥૮॥ તીજારે બેટા રે પાલક શાહોઅલીના : તો ઉસેભી કાગળ એક લખીઆ : ભીતુહીતું ॥૯॥ તેનું નામ સુણોરે સઉ સાથી : તો સાહેબ કંક નામ તેનું : ભીતુહીતું ॥૧૦॥ ઈરાકના શાહાજાદા તેતો રે કહીએ : તો તેને કાગળ એક લખીઓ : ભીતુહીતું ॥૧૧॥ અબાસ અલીને લખ્યો તેવો જો લખીઓ : તો મદીને આવજો સરવે સાથી : ભીતુહીતું ॥૧૨॥ ચોથા બેટારે પાલક શાહા અલીકા : તેનું નામ સુણો સઉ સાથ : ભીતુહીતું ॥૧૩॥ મલેક તોગાતુર નામ જો કહીએ : તુરકાંનના શાહજાદા તેહ : ભીતુહીતું ॥૧૪॥

એક કાગળ તેને જો લખીઓ : તો મદીને આવજો સરવે સાથ : ભીતુહીતું ॥૧૫॥ પાંચમા બેટારે ખોવારજંગ કહીએ : તે તો પણ અલી કેરા બેટા : ભીતુહીતું ॥૧૬॥ખોવાર જમીકા શાહજાદા ઓહી : તો પાલક બેટા તો સોહી: ભીતુહીતું ॥૧૭॥ એક કાગળ તેને જો લખીઓ : તો મદીને આવજો સરવે સાથ : ભીતુહીતું ॥૧૮॥ સરવેને મદીનાનો વાયદો કર્યો છે : તો મહંમદ હનીફાએ તાંહે : ભીતુહીતું ॥૧૯॥ પોતે તૈયારી ચાલવાની કીધી : એવી કીધી જે સારી રીતે : ભીતુહીતું ॥૨૦॥ સાતલાખ એંસીહજાર અસવાર : તો તેમાંથી ટાળી ટાળી કાઢ્યા : ભીતુહીતું ॥૨૧॥ મરદ મરદાંના લસકરી સારા : તો એંસીહજાર વીણી કાઢ્યા : ભીતુહીતું ॥૨૨॥ તેને તરણ તરણ વરસનાં દામજો આપ્યાં : તો ઉપર વળી બીજું આપ્યું : ભીતુહીતું ॥૨૩॥ ચારચાર ચોરસાં સોનાનાં જો આપ્યાં : બારબાર ચોરસાં રૂપાનાં : ભીતુહીતું ॥૨૪॥ વળી મહંમદ હનીફાએ કહ્યું સમજાવી : સુણોરે લશકરી બાત સાચી : ભીતુહીતું ॥૨૫॥ એ રે ખરચીરે તમે તમારે ઘેર મહેલો : અને બીજી ખરચીરે માસો માસ આલું : ભીતુહીતું ॥૨૬॥ એવું આપીને સઉને તૈયાર જો કીધા : હવે મુરત જુવે છે ડેરા દેવા : ભીતુહીતું ॥૨૭॥ સારૂં મુરત જોઈ ડેરાજો દીધા : અને લશકર તૈયાર થઈ થઈ આવે : ભીતુહીતું ॥૨૮॥ ત્યાં મહંમદ હનીફા આપે જો બોલ્યા : તો સુણો રે ઉમરાવ વાત સાચી : ભીતુહીતું ॥૨૯॥ મેરે પાદસાહા જેન અલાબદીન : મૈ વજીર ઉનકા સોહી : ભીતુહીતું ॥૩૦॥ ત્યારે વળી ઉમરાવ બોલ્યા સુણોરે ખુદ કારજી : તમે પાદસાહી બેઠો અભી સહી : ભીતુહીતું ॥૩૧॥ તુમ્હારે સીરપર છતર જો કીજે : પછી તો બાત દુજી કીજે : ભીતુહીતું ॥૩૨॥ અમકુ ફરમાવો અમ લડનેકુ જાવે : તુંમારે પાદસાહો કાજે : ભીતુહીતું ॥૩૩॥જેન અલાબદીન આપણે હાથ જો આવે : તો ઉનકુ પાદસાહી બીઠાવે : ભીતુહીતું ॥૩૪॥ ખુદકાર વજીર તુમ અબી સાહારે પાદસાહા : પણ અબી તો તખત પર તમે બેસો : ભીતુહીતું ॥૩૫॥ પછી મહંમદ હનીફા ઓર સારે લશકર : સબ એકઠે બેઠે

: ભીતુહીતું ॥૩૬॥ સેદાંણે દદાંમે બાજણે લાગે : નકીબ હુજાબ હાંકો મારે :ભીતુહીતું ॥૩૭॥ ઉમર સાહેઆલમ બરકતસાહેઆલમ : તો એમ કહીને ત્યાં પોકારે : ભીતુહીતું ॥૩૮॥વજીરોને ખાંન મલેકને સીરપાવ આપ્યા : તો ખવાસ મોહોલદાર સહુને : ભીતુહીતું ॥૩૯॥ સઉ લશકરને સરપાવ આપ્યા : સોનારૂપાના ટકા આપ્યા : ભીતુહીતું ॥૪૦॥ બધું લશકર પૈસે ભરી જો કાઢ્યું : તો ખુસ થયારે સૌ સાર : ભીતુહીતું ॥૪૧॥ મહંમદ હનીફાની સફાએત કરે છે : તો રાજી રજાવંદ પુરા થયા : ભીતુહીતું ॥૪૨॥ અમારા ખલીફા તમે કહો સો કરીએ : તો તુમ પહેલે હમ ઝંપલાઈએ : ભીતુહીતું ॥૪૩॥ તુમ્હારા ફરમાન પર જીવ હમારા : તો કુરબાંન કર્યા સહી જાણો : ભીતુહીતું ॥૪૪॥ બધું લશકર એવું ખુસીજો થયું ॥ તો સફાએત કરે બહુ ઝાઝી : ભીતુહીતું ॥૪૫॥ કોણ બાપકા બેટા જો કહીએ : તો ખુદાકાશેર અલી કહીએ : ભીતુહીતું ॥૪૬॥ મા તો રોમની શાહાજાદી કહીએ : તો ઉનકા નામ હનીફા : ભીતુહીતું ॥૪૭॥ બીબી હનીફા નેક જો કહીએ : તે ઓરત મરદ મરદાંની : ભીતુહીતું ॥૪૮॥ તે લશકરી રાવત કહીએ : અને કબુલ સુરત સારી : ભીતુહીતું ॥૪૯॥ કેવી સુરત હુરાંપરી જો કહીએ : એવી ખુબી ખુદાએ આપી : ભીતુહીતું ॥૫૦॥ પરવર દીગારે એવી ખુબીજો આપી : તો કોણ બાપ તેના કહીએ : ભીતુહીતું ॥૫૧॥ કસરાંન રૂમી રોમનો પાદસાહા : તો નવલાખ અસવાર તેની સાથે : ભીતુહીતું ॥૫૨॥ એવો પાદસાહા કસરાંન રૂમી : તો તેની બેટી રે હનીફા : ભીતુહીતું ॥૫૩॥ઘોડે ચડેને વળી સલેહાં જો પહેરે : તો તરકસ બંદી તે કેવી : ભીતુહીતું ॥૫૪॥ મરદથી લડે કોઈથી બર ના આવે : ભલભલા લશકરી તેથી હાર્યા : ભીતુહીતું ॥૫૫॥ભલભલા રાવતનાં માથાં જો લાવે : લડતાં લડતાં સીર કાપી લાવે : ભીતુહીતું ॥૫૬॥ શીકાર તો એવો ખેલે મરદ શું ખેલે : તો ભાલાની સાધના પુરી : ભીતુહીતું ॥૫૭॥ તલવારની સાધના ને ગુરજની સાધના : તો તીરની સાધના પુરી : ભીતુહીતું ॥૫૮॥ જેને તાકે તેને મારી જો નાખે : તો સર્વે

હથીઆરે તેતો પુરી : ભીતુહીતું ॥૫૯॥ સુરત કેવી જે સર્વે જંપાઈ જીવ દેવે : એવી કબુલ સુરત તે જે :ભીતુહીતું ॥૬૦॥ પછી બાપે કહ્યું જે પુત બેટી અમારી : તો તેરા વીવાહ અમ કી જે : ભીતુહીતું ॥૬૧॥ તેરા તો સુખદેખુ મીજે એસા હે ચહાવા : ત્યારે બેટી બોલી જે સુણીએ બાવા : ભીતુહીતું ॥૬૨॥ ઉસ મરદકુ કબુલ જો કરૂં : સો પીઠ મેરી ભુમિકુ લગાવે : ભીતુહીતું ॥૬૩॥ તરકસ બંદીમાં મીજે નીચા દીખલાવે : તો ઓહી મરદ મેરા કહીએ : ભીતુહીતું ॥૬૪॥ મેરી લાલચકુ કહી કહી કા શાહાજાદા : મુલક મુલકથી આવે : ભીતુહીતું ॥૬૫॥ સબકુ માર માર કામ કીયા હે : એ સાહાજાદીકુ કોઈ ના જીતે : ભીતુહીતું ॥૬૬॥ શાહાજાદી કે સાથે ચારસો બાંદી : તો અસવારી સાથે સહુ ચઢે : ભીતુહીતું ॥૬૭॥ તે બાંદીયોના ઘોડાને સાજ રૂપાના : જીન લગાંમ રૂપાની : ભીતુહીતું ॥૬૮॥ પાખર રૂપાની ઘોડાના પગની મેખો : નાલ રૂપાના સહી જાણો : ભીતુહીતું ॥૬૯॥ સઉ બાંદીને લીંબાસ સોનાના : એવી રીતે શીકાર રમવા જાએ : ભીતુહીતું ॥૭૦॥ પારકા મુલક વીલાયતો સઉની : ચઢી ચઢી જઈને મારે : ભીતુહીતું ॥૭૧॥ ખીજમતી લેવે ઓર મરદ મરદાંની : એવી ઓરત તેતો કહીએ : ભીતુહીતું ॥૭૨॥ કહે છે હનીફા સુણો સહુસાથી : મરદ કોઈ એવો હોસે : ભીતુહીતું ॥૭૩॥ એક બે ચોટો ઘાવથી લડે : અને સહી સલાંમત જાવે : ભીતુહીતું ॥૭૪॥ એવો મરદ મેં તો કોઈએ ના દીઠો : એવી ઓરત તે મરદાંની : ભીતુહીતું ॥૭૫॥ એ રે ઓરત વળી સહી સલાંમત : માના ઓદરથી નીકળી તેવી : ભીતુહીતું ॥૭૬॥ તેના બેટા રે મહંમદહનીફા : તો રણખેત પુરૂં ઉડાડું : ભીતુહીતું ॥૭૭॥ તો આદે થયાંરે તે તો હવે રે થાસે : તો મહંમદમેદી નામ ધરાસે : ભીતુહીતું ॥૭૮॥ આખર જમાનાના મેદી જો કહીએ : તો ધરમી સુણો રે સીખાં દેઈએ : ભીતુહીતું ॥૭૯॥ પાકી ખેતી રે હવે વાઢ મેલીસું : તો કાચાં પાકાંરે સર્વે ખાંપુ : ભીતુહીતું ॥૮૦॥ બોલ્યા **બુદરદીન** વેળારે પાકી : તો હવે આવે છે કેવી માઠી : ભીતુહીતું ॥૮૧॥ કુલ પટોરાં :૫૦૦૬:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૬૬ મું :

(મીઠી વાંણ છે :)

મહંમદહનીફા પોતે પહેલવાન એવા રે : વીરા : તો જેને મારે તેના બે ભાગ જી ॥૧॥ એક પાદશાહા હતો તેનું નામજ સુણીએ રે : વીરા : સાહેરમ બંદી સફા નામ જી ॥૨॥ તેને જો લશ્કર મોટું જો કહીએ રે : વીરા : તો અઢાર લાખ અસવાર તેની સાથે જી ॥૩॥ તે મહંમદહનીફા સેર અકબર કેવા રે : વીરા : તો આપે એકલા પોતે ચડીઆ જી ॥૪॥ અઢારલાખ અસવાર પોતાના જો કહીએ : વીરા : તો સર્વેને મુકીને પોતે લડીઆ જી ॥૫॥ અઢારલાખ અસવાર ધુળ ધાંણી જો કીધા રે : વીરા : તો મોટા મોટા રાવત માર્યા જી ॥૬॥ તેને ઉપાડી લીધા જેમ ફુલ પાંખડીઓ રે : વીરા : તે એવા રાવત પોતે આપે જી ॥૭॥ સાડાસોલનું કદ પોતાનું કહીએ : વીરા : તો એવા તો નાંના મહંમદહનીફાજી ॥૮॥ સાઠસાઠ ગજના એેસી જો ગજના રે : વીરા : તો સો સો ગજના ઉંચા માર્યા જી ॥૯॥ કેવા ઉપાડ્યા જેમ નાંના બાળકને રે : વીરા : તો લઈને પટકી પટકી દીધા જી ॥૧૦॥ મહંમદહનીફા એવા તરકસ બંદી રે : વીરા : તો લડાઈ લખતાં તો પાર ના આવે જી ॥૧૧॥ લખતાં લખતાં રે વાત મોટી જો થાએ રે : વીરા : તો થોડામાં લખી સંભળાવું જી ॥૧૨॥ એવા તો શેર અકબરહનીફાના જાઆ રે : વીરા : તો બીબી ફાતમાં ના પાલક કહીએ જી ॥૧૩॥ હસન હુસેનના ખુનના લેનારા રે : વીરા : તો નબીના વાઘ મહંમદહનીફા જી ॥૧૪॥ હવેતો વાત આવી રૂમસાંમની રે : વીરા : તો જ્યાં વસે છે મહંમદહનીફા જી ॥૧૫॥ પોતાના યાર ભાઈઓને કાગળ લખીઆ રે : વીરા : તો વાયદા કર્યા હતા મદીના કેરી જી ॥૧૬॥ મારો તમાસો તમે દેખો સઉ સાથે રે : વીરા : તો કઆંમત સુધી વાત રહેસે જી ॥૧૭॥ મોટાભાઈઓનાં ખુન કઈ રીતે લીધાં રે : વીરા : તો જગત જાણીતી વાતો થઈ છે જી ॥૧૮॥ આપેતો

પાદશાહી બેઠા મહંમદહનીફારે : વીરા : તો કાળા મેધાડમર છતર છાંઆ જી ॥૧૯॥ સફેદ નીશાન વીરા નબીજી કેરૂ રે : વીરા : તેતો પોતે સાથે લીધું જી ॥૨૦॥ નવલાખ અસવાર પોતાના કહીએ રે : વીરા : તો તેમાંથી વીણી વીણી કાઢ્યા જી ॥૨૧॥ એંસી હજાર અસવાર વીણી જો કાઢ્યા રે : વીરા : તો તેને સોના રૂપાનાં દાંમ આલ્યાં જી ॥૨૨॥ બધું લશ્કર એક દલ થયું છે રે : વીરા : તો ચારવજીર ચુંવાલીસખાંન જી ॥૨૩॥મોટા ઉમરાવ એંસીહજાર ઘોડા રે : વીરા : તે કાળાં છતર મેઘા ડમર સાથે જી ॥૨૪॥ જેનઅલાબદીનને કાજે જો રાખ્યાં રે : વીરા : તો પોતાને સીરપર છત્ર સફેદ જી ॥૨૫॥ નફેરી ઢોલ દદાંમો વાજંતાં ચાલ્યા રે : વીરા : તો મદીના કેરે મારગ ચાલ્યા જી ॥૨૬॥ મજલ પર મજલ ચાલે કુચ પર કુચ રે : વીરા : તો રાત દિનરે સર્વે ચાલે જી ॥૨૭॥ શેરઅકબર પોતે ગુસ્સે ભરાયા રે : વીરા : તો ચાલ્યા મદીના સર્વે જોતાં જી ॥૨૮॥ શેરઅકબરે પોતે સોગન ખાધી રે : વીરા : તો અજીદને મારૂં જોતાં જોતાં જી ॥૨૯॥ એવો મારૂં જે ઘોડો મારો જે તરે રે : વીરા : તો લોહીની નદીયો પુરી વહેવડાવું જી ॥૩૦॥ એવી રીતે રે કાપું અજીદ સો તરે : વીરા : તો કોઈને ના રાખું તલ નીસાંની જી ॥૩૧॥ તેને મારીને મારા પાદશાહાને કાઢુ રે : વીરા : તો જેનઅલાબદીનને કુવા માંહેથી જી ॥૩૨॥ ત્યારે તો ખાણું અમે પેટ ભરી ખાવું રે : વીરા : તો ત્યારે તો પેટ ભરીને પાણી પીશું જી ॥૩૩॥ મારો સાહેબ પોતે જેનઅલાબદીન રે : વીરા : તો બંધમાંથી કાઢુ પાટ બેસાડું જી ॥૩૪॥ એવી રીતે રે મહંમદહનીફા કહે છે રે : વીરા : તો ખાણું ના ખાએ રોજ તાંહે જી ॥૩૫॥ વજીર ચારે પાલક બેટા રે : વીરા : તો વિનંતી કરી કરી ખવડાવે જી ॥૩૬॥ અરે ખુદકાર પાદશાહા વાતજો સુણીએ રે : વીરા : તે ખોરાસાંનની વીલાઅતમાં પેસી શું જી ॥૩૭॥ ત્યારે અજીદજાણસે તેતો ખુસી જો થાસે રે : વીરા : તો ખાણું ખાઓ તો સઉથી સારૂં જી ॥૩૮॥ ત્યારે શેર અકબર બોલ્યા સુણો રે ફરંજદો રે : વીરા : હું સીરે હવાલે ખાણું ખાઉ જી ॥૩૯॥ શું જાણું મારે સાહેબે

ખાધું કે નહી રે : વીરા : તો બંધીમાં ખાણું ક્યાંથી ખાતા જી ॥૪૦॥ એમ કરીને રોવે મહંમદ હનીફા રે : વીરા : છાંના રાખે પણ મન ના સમજે જી ॥૪૧॥ ચાલતાં ચાલતાં આઠ માસ જો થયા રે : વીરા : તો અરબસથાંનની સરહદમાં પેઠા જી ॥૪૨॥ મદીના શહેરમાં તો બુમ પડી છે રે : વીરા : તો મહંમદહનીફા આવ્યા જાણો જી ॥૪૩॥ મદીના શહેરમાં સરદાર બે છે રે : વીરા : તો હસન હુસેનને માર્યા માંહેના જી ॥૪૪॥ જે સાતે સરદાર મલી માર્યા હુસેનને રે : વીરા : તો તેમાંના બે સરદાર જાણોજી ॥૪૫॥ તે બાપને બેટા બે સરદાર રે : વીરા : તો ઉતબા વલીંદ બાપ બેટા જી ॥૪૬॥ બે સરદારતેતો અજીદના કહીએ રે : વીરા : તેની સાથે અસવાર કેવા જી ॥૪૭॥ એક લાખ એંસીહજાર કહીએ રે : વીરા : તો અસવાર મદીનામાં મેલ્યા છે જી ॥૪૮॥ તેના સરદાર ઉતબાવલીંદ કહીએ રે : વીરા : તો તેમણે સુણીરે વાત સાચી જી ॥૪૯॥ તેતો તૈયાર થઈ બેઠાતે વેળા રે : વીરા : તો શું રે સંભળાય છે વાતો જી ॥૫૦॥ પછી વલીંદે એક માણસ મોકલીયું રે : વીરા : તો સાચીવાતો જોઈ આવો જી ॥૫૧॥ તેરે માણસ ઘોડે ચઢીને ચાલ્યું રે : વીરા : તો જ્યાં મહંમદહનીફા આવે છે જી ॥૫૨॥ લીધા સમાચાર જાણ્યું અસવારે રે : વીરા : તો આખરીતના મેંદી સહી આવે જી ॥૫૩॥ મહંમદહનીફા સહી પોતે જોઆવે રે : વીરા : તો એ ખબર લઈને પાછો વળીઓ જી ॥૫૪॥ પાછો વળીને આવ્યો મદીના માંહે રે : વીરા : તો વલીંદને કહ્યું સહી જાણો જી ॥૫૫॥ અરે કમબખતો તમને શુંજ કહીએ રે : વીરા : તો હસન હુસેનને મારી સારૂં શું કીધું જી ॥૫૬॥ મહંમદહનીફા તમને યાદ ના આવ્યા રે : વીરા : તો એ આવે છે કારણ તે શું જાણો જી ॥૫૭॥ પોતાના ભાઈઓનાં ખુનજ લેવા રે : વીરા : તો આવે છે આપણે મદીને જી ॥૫૮॥ એવો સરદાર આજ કોઈના દેખું રે : વીરા : તો સેર અકબરથી સાંમો લડસે જી ॥૫૯॥ ઉતબા વલીંદ ની તો કમર બેઠી રે : વીરા : તો કાગળ લખી દમેસક ભેજ્યો જી ॥૬૦॥ તેરે કાગળમાં લખીયું અજીદ માવીઆ રે : વીરા : તો

હુસીઆર હુઈએ સહી જાણો જી ॥૬૧॥ જે હુસેન હસન મારે ઉનકે સીર કાટે રે : વીરા : તો ઉનકા વેર લેણેકુ આએ જાણો જી ॥૬૨॥ મહંમદહનીફા આયા આપણી સરહદમાં રે : વીરા : અબ મરદાંની હો સકે એટલી હુઈઓ જી ॥૬૩॥ અરે પાદશાહા તુંતો દુર પડ્યાહે રે ભાઈ : તો શેરઅકબર અહિંતો આવ્યા જી ॥૬૪॥ થોડાસા લશ્કર મીજે ભેજોતો અચ્છારે પાદશાહા : તો એક લડાઈતો એથી લઉજી ॥૬૫॥ તે શહેરના કોટમાં બેઠાતો લડીએ રે : વીરા : નહીતો મદીના મેલી નાસી જઈએ જી ॥૬૬॥ એવો કાગળ લખી મોકલ્યો છે તાંહે રે : વીરા : તો કાગળ અજીદે સાંભળીઓ જી ॥૬૭॥ શેર એકબરનું તેતો નામ સુણીને રે : વીરા : તો કંપારો છુટ્યો અજીદને તાંહે જી ॥૬૮॥ એ શેરઅકબરને મેંતો ના જાણતો રે : વીરા : તો સર્વે પાદશાહા કહેવાલાગ્યા જી ॥૬૯॥ સુણરે અજીદ પલીંત વાત હમારી રે : વીરા : ગરીબ કરીને તેમને માર્યાજી ॥૭૦॥ હવે શેરઅકબરને કોણ જવાબ દેસે રે : ભાઈ : તો સર્વે ઉમરાવોને કંપણી છુટી જી ॥૭૧॥ સર્વે પાદશાહા ઉમરાવ કહેવા જો લાગ્યા રે : વીરા : તો મહંમદહનીફા કૈસા જાણો જી ॥૭૨॥ જેવા અલીશાહા તેથી અદકા જો કહીએ રે : વીરા : તો શેરઅકબર એવા જાણો જી ॥૭૩॥ કહે ***બુદરદીન*** આખરના મેંદી રે : વીરા : તો એરે સાંમુ કોણ થાય જી ॥૭૪॥ કુલ પટોરાં :૫૦૮૦ :

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૬૭ મું :

(ત્રણ જુગ વરત્યા રૂખેસરો તે વાંણ છે :)

મહંમદનીફા જાણો સહી : બીજા અલીશાહો હેજી ॥૧॥ તેથી અદકાએ જાણજો : મહંમદહનીફા આપે હે જી ॥૨॥ અજીદના ઉમરાવ એમ કહે : એવો કોણ મરદ છે આજ હેજી ॥૩॥ શેરઅકબરથી જે લડે : જીવતો પાછો ના આવે હેજી ॥૪॥ સર્વે એકઠા રહે ત્યાં સહી : તે માલમ છે સઉને હેજી ॥૫॥ વરજોર શેરઅકબર કહીએ : તમે પાદશાહા કોણ ગુંજાસ હેજી ॥૬॥ સાહેરમ બદી સફા કહીએ : તેનું લશ્કરે કેવું

હેજી ॥૭॥ અઢારલાખ અસવારને : કીધુ ધુળ ધાણી હેજી ॥૮॥ તે દનતો આપે એકલા : હવે પાદશાહા પોતે હેજી ॥૯॥ હવે લશ્કરના ધણી થયા છે : હવે કોઈથી ના જીતાએ હેજી ॥૧૦॥ બધી દુનીઆનું લશ્કર મલે : તો બળ ના આવે હેજી ॥૧૧॥ મહંમદહનીફા એવા કહીએ : કોઈથી બળ ના જાએ હેજી ॥૧૨॥ પસ્તાવો અજીદે માંડીઓ : અબ એ કરણા સો કાએ હૈજી ॥૧૩॥ ઈસેમેં જીવતા જાણતા : હુસેનકુ કદી ના મારૂં હેજી ॥૧૪॥ પહેલે હનીફાકુ મારતા : પછી હસન હુસેનકું હેજી ॥૧૫॥ એવો મનસુબો પોતે કેરે : અજીદ પલીંત આપે હેજી ॥૧૬॥ પછી બદ બખત મરૂઓ : બોલી ઉઠચો તાંહે હેજી ॥૧૭॥ નાલતી દુશ્મન તે થયો : મુસતફાના ઘરનો હેજી ॥૧૮॥ કહી ઉઠી ઉભો રહ્યો : અજીદને કરી સલામ હેજી ॥૧૯॥ બોલી ઉઠચો સુણો પાદશાહા : ઉગે સો આથમે સોહી હેજી ॥૨૦॥ મહંમદ હનીફાકું મેં મારૂં : એ કુણ ગણતીને આયા હેજી ॥૨૧॥ નવાસા મહંમદના બે કહીએ : તેનાં સીસજ કાપ્યાં હેજી ॥૨૨॥ ઈસકા મારણા ક્યા કહીએ : તમાસા દેખોને મેરા હેજી ॥૨૩॥ જેમ હુસેન અંલીકા સીર કાટીઆ : એમ ઉસકા ભી કાટું હેજી ॥૨૪॥ એ બોલતાં ખુસી થયો : અજીદ માવીઓ તાંહે હેજી ॥૨૫॥ પછી અજીદ બોલીઓ : ચીચા મરવા તમકુ હેજી ॥૨૬॥ જેટલા લશ્કર તમકુ ચહીએ : એટલા લીજે તમ હેજી ॥૨૭॥ ખજાંના જેટલા તમકુ ચહીએ : એટલા લેને જાઓ હેજી ॥૨૮॥ પછી મરવો ત્યાંથી ચાલીઓ : સરદાર પાંચે સાથે હેજી ॥૨૯॥ હુસેનને જેણે મારીઆ : તે તો સરદાર સાથે હેજી ॥૩૦॥ અબદુલાજાએદ ઉમરસાદ : મોસુમ ખાલાદ ઓહી હેજી ॥૩૧॥ સીમર સનાંન નાલતી : એ પાંચે સરદાર સાથે હેજી ॥૩૨॥ ઉતબા વલીદ મદીના માંહે : એ સાતે સરદાર સાથે હેજી ॥૩૩॥ મરવો દસલાખ અસવારથી : મદીને તે આવ્યો હેજી ॥૩૪॥ મદીના બુમારોળ થઈ રહી : મરવો આવ્યો છે તાંહે હેજી ॥૩૫॥ શહેરને પાદરે ઉતર્યો : પછી મસલત કીધી હેજી ॥૩૬॥ ચાલો આપણે સાંમા જઈએ : લડાઈ કરીએ તાંહે જી ॥૩૭॥ મદીને અસવાર મેલીઆ : બે લાખ ત્યાંહે હેજી ॥૩૮॥ આઠ લાખ એંસી હજાર :

અસવાર સાંમા ચાલ્યા હેજી ॥૩૯॥ તે વાટ બાંધીને ઉતર્યા : મહંમદ હનીફાની તાંહે હેજી ॥૪૦॥ તે વાત સુણી શેર અકબરે :મરવા વજીર સોહી હેજી ॥૪૧॥ અજીદને ભેજી કુમક અહી : ઉતબાવલીંદ કુ આંહી હેજી ॥૪૨॥ આઠ લાખ એંસી હજાર : અસવાર લેકર આયા હેજી ॥૪૩॥ મરૂએ ને બાટજો ઘેરી હે : સો તો ઉતરીઆ તાંહે હેજી ॥૪૪॥ તે તો રાત ગુજરી ગઈ : વહાણું વાયું તાંહે હેજી ॥૪૫॥ લડાઈનાં સેદાંણાં વાજીઆં : ત્યારે મરવો બોલ્યો છે તાંહે હેજી ॥૪૬॥ એંસીહજાર અસવાર ને : તેનું મારવું શું છે હેજી ॥૪૭॥ મારી પાસે રે લશ્કર : આઠ લાખ અસવાર હેજી ॥૪૮॥ ગર્વ બોલ મરવો બોલ્યો : જોતાં જોતાં માં મારૂં હેજી ॥૪૯॥ બે બાજુ લશ્કર તૈયાર થઈ : સામા સામી આવી ઉભા હેજી ॥૫૧॥ શેર અકબર તૈયાર થઈ : ચાર વજીર સાથે હેજી ॥૫૨॥ ચુવાલીસ ઉમરાવ સાથ સું : એંસી હજાર અસવાર હેજી ॥૫૩॥ સફેદ છત્ર છાજે સહી : લાલ નીશાન નબીનું હેજી ॥૫૪॥ સર્વે લઈ સાથે ચઢ્યા : સેરઅકબર તાંહે હેજી ॥૫૫॥ ઢોલ દદાંમો નફેરીઓ : બે તરફ વાજાં વાગ્યાં હેજી ॥૫૬॥ મેદાંન જડાવી સજ કર્યું : છંટકાવ છંટાવ્યા તાંહે હેજી ॥૫૭॥ હુજાબનકીબ બોલીઆ : હાંકો મારે છે ત્યાંહે હેજી ॥૫૮॥ લાગતી અણીએ મેદાંનમાં : આવે રાંણીના જાયા હેજી ॥૫૯॥ મેદાંને આવી આપણ કેરૂ : નામ કરે પોતાનું હેજી ॥૬૦॥ એવામાં એક ખવારજી : મરવાને કરી સલાંમ હેજી ॥૬૧॥ દેખો અજીદકી દોસતી : જીવ પ્યારા નહી કરતા હેજી ॥૬૨॥ એમ કહીને મેદાંનમાં : ઘોડો નાખ્યો છે તાંહે હેજી ॥૬૩॥ સાંમો આવી ઉભો રહ્યો : મહંમદહનીફાની તાંહે હેજી ॥૬૪॥ તેતો વાતો કરવા લાગ્યો : સુણરે હનીફા તુહી હેજી ॥૬૫॥ મુઠી લશ્કર શું લાવીઓ : તેથી લડુ નહી જાઅ હેજી ॥૬૬॥ અજીદ બીન માવીઓ પાદશાહા : ઈસકા કહ્યા ના કીતા હેજી ॥૬૭॥ તેને તરસાવી મારીઆ : એસા પાદશાહા સોહી હેજી ॥૬૮॥ હનીફાતું ભલા રહાવે : અજીદકું તું નમીએ હેજી ॥૬૯॥ પછી શેરઅકબર બોલીઆ : એને કોઈ

સમજાવો હેજી ॥૭૦॥ હાથનો ચારો દેખાડીએ : એને અહિં સમજાવો હેજી ॥૭૧॥ લશ્કરી એક બનીઆ જંગનો : ઘોડો નાખ્યો છે ત્યાંહે જી ॥૭૨॥ ખવારજી લડવારે લાગીઓ : તેતો વરજોર કેવો હેજી ॥૭૩॥ હુસેની કમજોર મારીઓ : તેતો સૈયદ થયા હેજી ॥૭૪॥ બોલ્યા **બુદરદીન** બહુ કથી : લડાઈ અસંખ્ય અપાર હેજી ॥૭૫॥ વળી કથીએ બહુ કરી : સુણીએ સાચા ચારો હેજી ॥૭૬॥ કુલ પટોરાં :૫૧૫૫:

: ફાતીઆની દવા :

બરકત બીસમીલા હીર રહેમાન નરહીમ : હે જબરાઈલ : નજરેરૂ : કસીરલફતું : નેજને : આજે દવાદે : ઈમાંમ ચારદે માસુમ : પાંચેતન પાક : અલખસુરવાએલ : વ જબરાઈલ પાક ઈમાંમ હુસેનકા ફાતહે કલમો : જેમના નામનો ફાતીઓ પડવો હોય તેમનું નામ લેવું : દવા પાંચવાર ભણવી :

<u>: વિદાયગીરીનું જ્ઞાન પ્રથમ :</u>

: શ્રી સતગોર સહદેવ વાચા :

વીરા સર્વે એતો વાધીયારે : તેના સુણોરે વીચાર :(આંચલી): *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧॥ વીરા દાદા આદમતો વાધીયા રે : દાદી હવાં કહીએ એ : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૨॥ વીરા બીજો માફો વાધીયો રે : તેના સુણોને વીચાર : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૩॥ તેમાં નોહનબીએ વાધીયા રે : આલે સલાંમાએ જે : *વીરા વજરહૈયા તમ તણાં રે* ॥૪॥ હવે ત્રીજો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૫॥ હવે મુસાકરીમ આપે વાધીયા રે : બીબી સફુરાં વાધ્યાં જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૬॥ વળી ચોથો માફો હવે વાધીયો રે : મધ્યે બીબીમરીયમ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૭॥ હવે મીત્ર રોહીલા વાધીયા રે

: બીબી પારસાંએ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૯॥ તેમાં ઈભરાંમખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણા* રે॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૧॥ વીરા તરણસેંને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે॥૧૫॥ ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણા* રે॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયા તમ તણાં* રે॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે : કરણ કલફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૨॥ વીરા તીરથ સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને

ફરમાંન : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૭॥ વીરા પીર **બુદરદીન** બોલીઆ રે : હવે સર્વે આવ્યો અંત : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૮॥

: વીદાયગીરીનું જ્ઞાન બીજુ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

(ઉઠબંદા ક્યા નીંદે સુતા તે વાંણ છે :)

ઈમાંમના એ માફા વાધ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાધ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યા સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વે બેઠા : તેને અંતે પડસે શોક ॥૨॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાની માંહે : આ જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહોને અમને ॥૩॥ ત્યારે ઈમાંમની એ મીજલસ માંહે : ખુદાનું ફરમાંન આવ્યું : જબરાઈલને લઈ મોકલીઆ : સર્વે ઉપર કહાવ્યું ॥૪॥ આ દસુરાંના દસ દનમાં : જે કોઈ દીલગીર થાસે : નયણા માંથી આંસુ પાડસે : હીસાબ વેળા બકસ્યા જાસે ॥૫॥ વળી બીજાં ફરમાંન આવ્યાં : ખુદજીનાં તે લાવ્યા : જબરાઈલ તો કહેવા લાગ્યા : તે ઈમાંમને મન ભાવ્યા ॥૬॥ દુનીયાં વીસે લોક થયા છે : હીંદુને મુસલમાન : તેના ઘરમાં ક્રોધ વ્યાપે : વળી દુખ મોટુ અસમાંન ॥૭॥ તે દુખે વળી આંસુ પાડે : નરને વળી નારી : અસુરાનાં દસ દનમાં : તે બકસો સુધાંમ ॥૮॥ વળી ઈમામની એ માહાતમ માંહે : શોક ધરીને ચાલે : દસ દન સુધી ક્રીયા પાળે : સર્વે દેવતા તેને નીહાળે ॥૯॥ દસ દનનો છલ્લો કરીએ : અસુરાનો કરસે : સર્વે જનસથી મન મારીને ચાલે : તે ટોળી ઈમાંમનીમાં ભળસે ॥૧૦॥ બોલ્યારે **બાકરશાહ** બળીઆ : જે કોઈના થાસો ગળીઆ : કહેર ક્યામત આવી પહોંચી : વેળાને આવ્યાં પરીઆં ॥૧૧॥

* * *

નવમો દિવસ

: શ્રી દરૂદ :

અલ્લાહોમે શ્રીઅલ્લા સૈયદના વલીઅલ્લા સૈયદના મહંમદદીન મુબારક નુરઅલી (દુવા પાંચ વખત ભણી ગાદીપર બેસવું : તથા દરેકે ભણી બેસવું :)

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - પહેલું

: શ્રી સતગોર સહદેવ વાચા :

પરથમ પહેલા સુણીએ મહારા : પુરવની એ વાત રે : સુરતા રાખીને સુણજો મારા મુનીવરોજી ॥૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : હસન મોટા ભાઈ રે : ફાતમા તોમાજી તેતો તેહુનાંજી ॥૨॥ નબીસાહેબતોનાંના કહીએ : સાહા અલીબાવા સોહી રે : પાંચેતન નો પરવેસ તે સહીજી ॥૩॥ તેમના તો એ વીચક સુણીએ : તેના કહું વીચાર રે : તેની સાંભળો તમે વારતાજી ॥૪॥ આદે તોનીપાવ્યા જ્યારે : નુરે નુર પઠાઆરે : નુરમાંથી નુરએતો પરગટ્યાંજી ॥૫॥ જે દન નહોતા સ્વર્ગ પાતાળ : જે દન નહોતા તારારે : જે દન નહોતારે ચંદ્ર સુરજ સહીજી ॥૬॥ જે દન નહોતા પવન પાણી : જે દન નહોતો સંસાર રે : જે દન નોહોતારે પીર પેગાંબર ઓલીઆજી ॥૭॥ ત્યાર પહેલાં એ પાંચેતન કહીએ : સર્વે એનો આકાર રે : નુરથી નુર એતો પરવર્યાં જી ॥૮॥ સર્વે એથી રચના કીધી : પવન પાણી જહરે જમીન આસમાન સરજ્યાં એ થકી જી ॥૯॥ નવસો નવાણું નદીયો કીધીં : સાત સમુદ્ર જેહરે : સર્વે આવેરે એતો તીરથ જી ॥૧૦॥ મુલાએકના તો માફા આવે : કટમ પરીવાર રે : અસુરામાં આવી એતો સાંભળેજી ॥૧૧॥ માટે એતો તમને કહું છું : સર્વે દેવતા આવે રે : અત્તર કસબોઈફુલ લઈ આવે સહીજી ॥૧૨॥ ઈમામની એ માતમ માંહે : સર્વે મુલાએક આવે રે : દરૂદ પઢીને સર્વે

બેસતાજી ॥૧૩॥ પાંચેતનના વીચક સુણીએ : જ્ઞાને સર્વે ભેદરે : અરથ ગ્રંથના એતો સાંભળોજી ॥૧૪॥ હુસેન એતો વીશ્નું કહીએ : હસન શીવ અવતાર રે : નબીના નવાસા એતો જાણજો જી ॥૧૫॥ નબી સાહેબ તો બ્રહ્મા કહીએ : મહા વીષ્ણુ અલી પોતે રે : ફાતમાં તો શક્તી એતો જાણજો જી ॥૧૬॥ તેમના પુત્ર જાણો ભાઈ : તે સીર કહેર રચાઆ રે : આલમનો ભાર લઈ અવતર્યા જી ॥૧૭॥ હુસેનઅલી આલવંશી : તેમણે લીધા કસરે : ઉમતનાં દુ:ખ સર્વે ઉઠાવીઆજી ॥૧૮॥ ભુખ્યા તરસ્યા કેવા રાખ્યા : તોયના આવી મહેરરે : એવી જમાત તેતો કાફર સહીજી ॥૧૯॥ એમ કરતાં સાતદિન વીત્યા : અન્ન પાણી નહી રે : જુલમ માડ્યો રે બહુ કાફરેજી ॥૨૦॥ એમ કરતાં દેહા મેલી : ઈમામ હુસેને પોતે રે : દુખડાં પડ્યાં રે ઉમત કારણે જી ॥૨૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : એક ચિત્તે નર નાર રે : તેના ગુના બકસુરે ઉઠ કરોડનાજી ॥૨૨॥ વળી બીજી તમે સાંભળો : સાંભળી દીલગીર થઈએ રે : ત્રણસેંને સાઈઠ દિન તેમાં સહીજી ॥૨૩॥ જેણે ગુનાકર્યા હસે : તેને બકસુ સહી રે : ઈમાંમ હુસેનની ગોસ્ટી સાંભળે જી ॥૨૪॥ અસુરામાં આંસુ પાડે : તેતો બકસ્યો જાય રે : ચિત્ત ધરીને સર્વે સાંભળોજી ॥૨૫॥ ગત ગંગાએ સર્વે સાંભળો : એ સર્વેને ફરમાન રે : લાલચ કાઢીને દસ દિન આવજોજી ॥૨૬॥ બોલ્યા રે ***બુદરદીન*** બાવા : ઈમાંમ હુસેનનાં મંડાણ રે : પરથમ બોલો ઈમાંમની વારતા જી ॥૨૭॥

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - બીજું

: શ્રી સતગોર સહદેવ વાચા :

(: કહે બુદરદીન સત્ય વાતો : તે વાંણ છે :)

પરથમ ઈમાંમની ગોસ્ટી સુણીએ : સાંભળોને દલ ધરી : સભા ભરીને બેસતાને : બેસોને તમે મન ગળી ॥૧॥ પીર પેગાંબર ઓલીઆ ને : તેતો આવે છે અરસથી :

ઈમાંમની એ મહાતમ માંહે : તેતો સુણે સુરતથી ॥૨॥ સર્વે તીરથ આવી પોહોચે : કરણ કલફ જુગ ચારના : અડસઠ તીરથ આવી બેસે : ઈમાંમની મહાતમ માંહાં ॥૩॥ તરેહ તરેહની કસબોઈ સારી : અત્તર ફુલ તે લાવતા : તબાકોની છાબો ભરીને : તે તો સર્વે જામતા ॥૪॥ દુમે દુમે માફા સર્વે : વખત વેળાએ આવતા : દેવ સભાની સભા ભરીને : વીચક સર્વે સાંભળતા ॥૫॥ આજના મુનિ સર્વે આવો : અસુરાના દિનમાં : આળપંપાળને કાઢી કરીને : તમે ભળો દેવ જનમાં ॥૬॥ નર નારી આવી સાંચરો : સભામાં આવી દાખસો : આંસુ પાડે ગોષ્ટિ સુણીને : તેના સાતે પરીયાં જાય બકસ્યાં ॥૭॥ આગેવાન થઈને તેને બકસાવે : સર્વે ઉપર હુકમ કરે : અસુરાંના આંસુ માટે : તેને બકસુ એ તરેહ ॥૮॥ બોલ્યા ***બાકરશાહ*** છેલ્લી વેળા :ચિત્ત ઠેકાણે રાખીએ : ઈમાંમના હવે સૈન્ય જાગે : લોભ લલુતા મહેલીએ ॥૯॥

* * *

નવમા દિવસની કથા શરૂં

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૬૮ મું :

(સતગોર ભેટ્યા કેમ જાણીએ : તે વાંણ છે :)

હુસેનીસઈઅદ હુએ : દુજા આયા દોડ : જઈ ખવારજી શું લડાઈ માંડી : ત્યાં કેવી પડી છે હોડ ॥૧॥ ખવારજીને અજીદની પુસ્તી : તેથી લડે છે એ : હુસેનીને હુસેનની પુસ્તી : કેવા લડે છે તે ॥૨॥ તે ખવારજીએ શું કર્યું : હુસેની માર્યા પાંચ : પછી મલેક અગરેસે દીઠુ ના ગયું : ઘોડો નાખો ત્યાં સાચ ॥૩॥ મહંમદહનીફા મનાઈ કરે : અગરેસ તમે ના જાઓ : તમે અમારા નાંનાના સાગરીત : તમેતો પીછા આવો ॥૪॥ અલીના તમે સાગરીત : ખવારજી બેઈમાંન : એખવારજી જોરમાં છે : મગરૂબી તમાંમ ॥૫॥ ખવારજીએ અગરેસને દીઠા : દેખાડે જોર અપાર : પાંચ સાત તીસ ચાલીસ ગજના : ઉંચા તે વીસતાર ॥૬॥ અગરેસ ઉંચા ચઉદ ગજના : અને ચૌદ હાથીનું જોર : ત્યારે ખવારજી કહેવા લાગ્યો : અગરેસ હુમલો કર ॥૭॥ ત્યારે અગરેસ બોલીઆ : તું હુમલો પહેલો કર : ત્યારે ખવારજી વઢવા લાગ્યો : તલવાર મારી સાર ॥૮॥ તે હુમલો અગરેસે ટાળીઓ : સાગરીત અલીના જે : અગરેસે એસા મારીઆ : બે ટુકડા કર્યા તે ॥૯॥ એક માર્યો બીજો માર્યો : ખવારજી માર્યા ચાલીસ : જે આવે તેના બે ભાગ કરે : અગરેસને ચઢી એવી રીસ ॥૧૦॥ તે વખત તો નબીજીને : ભેજે સલાવંત જે : અગરેસ મારે તેને મોકલે : ખવારજી મારે એહ ॥૧૧॥ પછી અગરેસ કેરા મેદાનમાં : કોઈનાં આવે તાંહે : અગેરસ બોલાવે નાલતીઓને : પણ કોઈ ના આવેતાંહે ॥૧૨॥ ઉભા ઉભા જોઆ કરે છે : મેદાંને ના આવે કોઈ : પછી નાલતી મરવોબોલ્યો : વલીંદ બોલાવો તહી ॥૧૩॥ સુણો વલીંદ મરવા કહેવે : તમ પાદસાહા કે પહેલવાંન : ખડે ખડે તમે ક્યા દેખતે : તુમ લાયો એક એજાણ ॥૧૪॥ એ અગરેસકુ તુજ મારે :

તમ સુણોને વલીંદ : મેરા ઘોડા તમકુદેઉ : હોય તુમારી જીત ॥૧૫॥ સાજ ઘોડેકા જડાવ ભરીઆ : માણેક મોતી અપાર : એ ઘોડામેં તમકુ બક્સ્યા : વળી જો માગે સો તૈયાર ॥૧૬॥ ત્યારે વલીંદ બોલીઓ : એ મજાુરક્યા મારે ઘાએ : વલીંદે ઘોડો નાખ્યો મેદાંને : ત્યારે અંગેરસ તૈયાર થાઅ ॥૧૭॥ અગરેસ બરોબર આવીઓ : વલીંદ કાફર જે : ત્યારે અગેરસ બોલીઆ : સુણ વલીંદ કહું તે ॥૧૮॥ ક્યાબલા હુઈ તમકુ : હસન હુસેન માર્યા જે : તમને મહેર તેની ના આવી : અગેરસ બોલ્યાએ ॥૧૯॥ વળી ખુદા કેરા રસુલ કેરી : શરમ ના આવી તમ : જેનો તમે કલમો કહો છો : એ જવાબ દોને હમ ॥૨૦॥ વળી પેગાંબરની મીજલસ માંહી : બેઠણહારા તુહી : વળી નબીકે મુખથી સુણાથા : એબાત કહુ મેં અહી ॥૨૧॥ ઈમાંમ હસનહુસેન દોનું : સો ખુદાકા ફરમાન : અરસકેએ દોનું ચસમે : તું કહીંનો અજાણ ॥૨૨॥ વળી દુનીઆ કે છોડાવણહારે : ઉસકા બટવાઆ લોહી : અલેબેતકુ બંદકી એહે : વળીદ સુણને ઓહી ॥૨૩॥ એવા એવા સુકન કીધા : અગરેસે પોતે તાંહે : ત્યારે વલીંદ તો બહુ ખીજ્યો : ત્યારે બોલ્યો વલીંદ આંહે ॥૨૪॥ સુણો અગરેસ અજીદે હમકુ : બહોત દીયા હે દાંમ : સારી પાદશાહી હમકુ દીતીહે : હમ ઈસકા કરેંગા કામ ॥૨૫॥ જે અજીદકાં દુશ્મન હોવે : હમ ઉસકા કાટે શીસ : સબ દુનીયાંકા માલ હમકુ : કી આહે બક્ષીસ ॥૨૬॥ પછી અગેરસ બોલીઆ વલીંદ દોજગી તું, એક હુમલા કર મીજસે મેં ભી દેખું હું ॥૨૭॥ કૈસા સીસ તું કાટતા હે : હોણે લાગી તું તા : દોનું લડને લાગે કેસે : જેસે મસ્ત હાથી આંહાં ॥૨૮॥ બેજણ રાવત ભલા કહીએ : ભલા લશકરીએ : એક એકનો ઘાવ ટાળે : બે મધ્યે ના હારે તે ॥૨૯॥ લડતાં લડતાં બહુ લડ્યા : અગેરસ થાક્યા જે : આગળ ચાલીસ મારીઆ તેથી હાર પાંમે તે ॥૩૦॥ તેથી જોર ચાલે નહી : અગરેસ હારી જાએ : ત્રણસેને સાઠ હુમલા લીધા : તેથી બળના ચાલે કાંઈ ॥૩૧॥ લડે પણ બે સહીસલાંમત : અગરેસ થાક્યા બહુ : વલીંદતો તરતનો તાજો : લશકર જાુએ સહુ

॥૩૨॥ વલીંદ તાજો આવીઓ : અગરેસ લડ્યા અપાર : લડતાં બે પહોર વહી ગયા : અગરેસ થાક્યા ત્યાર ॥૩૩॥ વલીંદતો ચાંપવાલાગ્યો : કરે ઘાવ ઉપર ઘાવ : સમજણતો પડે નહી : અગરેસ ભુલે દાવ ॥૩૪॥ ત્યારે મહંમદ હનીફાએ સામું જોયું : ત્યારે પોતે જાણ્યું એ : અગરેસ હવે લોચા વાળે : પોતે ઘોડો નાખ્યો તે ॥૩૫॥ અગરેસ પાસે જઈ ઉભા : વલીંદસું બોલ્યા આપ : એ દાવેદાર તેરા નહી : અબ ક્યાકરે વિલાપ ॥૩૬॥ મે મુદાઈ તેરા સહી : સુણ કુતા વલીંદ : જબ મહંમદ હનીફા દેખીઆ : તબ હાર પામ્યાજીત ॥૩૭॥ વલીંદનીતો કમર બેઠી : વલીંદ બોલ્યોએ : આ ઈજરાઈલ ક્યાંથી આવ્યો : જીવ લેવાતે ॥૩૮॥ પછી વલીંદ બોલ્યો શાહાને સુણો હનીફા બાત : એ તો તુને ક્યા કીયા : પરાઈ લીધી સીર ઘાત ॥૩૯॥ અરે હનીફા તુ ક્યાં જાણે : મે ભલા પહેલવાંન : તેરા બાપકા દાવેદાર હું : સો બાત નહી અજાણ ॥૪૦॥ પછી મહંમદ હનીફા ખીજીયા : વલીંદકુતા પલીંત : સડે મુખસે મેરા બાપકા : અલીકા નામ કેમ લીઆ ॥૪૧॥ સો ગજ કપડા લીજીએ : તેરા મોં કર પાક : સોસો વાર જો મોં ધોવે : તો પણ તું ના પાક ॥૪૨॥ પછી મહંમદ હનીફા બોલીઆ : એબે કુતે વલીંદ : એક હુમલા હમસે લડીએ : દેખ તમાસા જીત ॥૪૩॥ પછી વલીંદતો શું કરે : નાસીના સકે કોંઈ : હનીફાસું હુમલો કીધો : તે પોતે ટાળ્યો તાંહે ॥૪૪॥ પછી મહંમદ હનીફાએ સુંકર્યું : તલવાર કાઢી ત્યાંય : વલીંદ ઉપર નાંખી કેવી : તે વલીંદે ટાળી આંહે ॥૪૫॥ બે જણ પોતે લડવા લાગ્યા : જેવા શું લડે પહેલવાંન : વલીંદ ઉચો સાઠગજનો : એવો ઉચો જાણ ॥૪૬॥ હનીફા સાડા સોલગજના : જે નબીના સેર : વલીંદે મનમાં વીચાર્યું : એથી લડે નહી જાઉ ઘેર ॥૪૭॥ પછી વલીંદે ફંદ કર્યો : સુણો હનીફા સુલતાન : તેરા મુલક રામ સાંમ એમ કરી તલવાર નાખી ભુલવણી કીધી જાણ ॥૪૮॥ પછી મહંમદ હનીફાની ફોજ સર્વે : એસી હજાર અસવાર : તે [illegible]ળા તે ઉડી પડીઆ : ઢોલ દદાંમાં વાગ્યાં ત્યાર ॥૪૯॥ નફેરીના ઝણકાર વાગે :

બેઉ લશ્કર વળગ્યાં જે : કોઈ કોઈના સરદારને ના બુજે : એવી લડાઈ લડે છે તે ॥૫૦॥ કોઈ કોઈના સરદારને ના જાણે ॥ થઈ ગયા સેળાં ભેલ ॥ એવી તરીકે લડવા લાગ્યા : કોઈ કોઈનીના જાણે બેલ ॥૫૧॥ શેર અકબરને હાથે ખાંડુ : દો ધારૂતે જાણ : જેને મારે તેના બે ભાગ કરે : બોલ્યુંના સંભળા કાંન ॥૫૨॥ ખવારજી બહુ માર્યા પડ્યા છે લોથોનો અંબાર : મહંમદ હનીફાની પાસે ના આવે તે નાઠા ફરે ગમાર ॥૫૩॥ જેમ વાઘ આગળ બકરીઓ નાસે : સૈન્ય નાસે એમ : ખવારજીતો નાઠા ફરે છે : હવે શું થાસે કેમ ॥૫૪॥ હુસેની પોકારે કેવા : કલમો પઢ્યો સહુ જાંન : હસન હુસેન બેને પોકારે : અજીદ લડે તમામ ॥૫૫॥ અજીદનાતો લશકરી સર્વે : અજીદને દે છે ગાળ : મહંમદ હનીફાની તરકસ બંદી : કોઈના સકે સંભાળ ॥૫૬॥ અજીદના સર્વે લોક કહે છે : હસન હુસેન માર્યા સહી : એને મારી ભલું સું કીધું : શેર અકબર આવ્યા અહીં ॥૫૭॥ શેર અકબર એવા પાદસાહા : એને જવાબ દેસે કોણ : મરવો લશકરી ફરી ફરી વાળે : તે સરના સાંધે આંણે ॥૫૮॥ લશકરને તો દાંમ આલે : લોભ દેખાડે અપાર : હલાં કરો મેરે લશ્કરી : જો માગે સો તૈયાર ॥૫૯॥ એક મુઠી લશકર હેંગા : શેર અકબરકા સહી : ઈસકા મારણા ક્યા તુમ દેખો : અબ હલાં કરો અહીં ॥૬૦॥ કહે **બુદરદીન** સાંભળો : લડાઈ કથી અપાર : વળી આગળ તમને સંભળાવું : તે સુણો મારા યાર ॥૬૧॥ પટોળા :૫૨૧૬:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાનઃ ૬૯ મું :

(દસમા અવતારની વાંણ છે :)

મરવો લશકરને વાળે છે સહી : પણ હાર પાંમ્યા તેથી કોઈ લડે નહી ॥૧॥ જે મહંમદ હનીફા ઉઠવણી કરે : ખવારજી સર્વે નાઠા ફરે ॥૨॥ જેમ સાપ પેટવરાંણીએ ચાલ્યો જાએ : ખવારજી નાઠા એમ પલાએ ॥૩॥ મરવા ઉતબા વલીદ જે : અબદુલા જાહેદ

સીમર સનાંનતે ॥૪॥ સાતે સરદાર પોકારે ઘણું : પણ બળના ચાલે પોતા તણું ॥૫॥ મહંમદ હનીફા થી કોઈ પહોંચે નહી : તે નાઠા નાઠા જાએ સહી ॥૬॥ એમની ચોટ કોઈ લેઈના સકે : મરવો વજીરતો દલમાં ધખે ॥૭॥લશકર નાઠું ચાલ્યું જાએ : સાતે સરદાર વાળે પણ કોઈના ધાએ ॥૮॥ હાર ખાધી એવી સહી : લશકરી કોઈ વળે નહી ॥૯॥ મહંમદ હનીફા પાછળથઈ મારતા મારતા આવે છે સહી : ખવારજી નાઠા જાઅછે તહી ॥૧૦॥ તેણે મેંદીનાની વાટ પકડી જાણ : સાતે સરદાર નાઠા પરમાણ ॥૧૧॥ ડેરા ડાંડા ખજાનાં મેલીને ગયા : ઘોડાની પાઅગા લેવા ના રહ્યા ॥૧૨॥ પછી મહંમદ હનીફા પાછા વળ્યા : હરામખોરકા લશકરકા ખજાના લુંટાવી દીયા ॥૧૩॥ માલ ખજાંના ઘોડા સમેત : આલમ બક્ષીસ કર્યું રણખેત ॥૧૪॥ શેર અકબર પોતાને ડેરે આવી ઉતરીયા સહી : સલેબકતર ઉતારી તહી ॥૧૫॥ પોતે નાહી કરી લુગડાં પહેર્યાં સહી : ખાણું મંગાવી ખરચકીધું તહી ॥૧૬॥ પછી બેઠા વાતો કરે છે તહી : પહેલી ફતેહ આપણી થઈ છે સહી ॥૧૭॥ શુકર ખુદાનો કરે છે અપાર : પોતે ખુસી થયા નીર્ધાર ॥૧૮॥ મહંમદ હનીફાનું લશકર જર જરાર થયું : સોને રૂપે ભરાઈ ગયું ॥૧૯॥ આઠ લાખ અસવારનો સર્વે માલ : તે સર્વે બક્ષીશ કર્યો તે તાલ ॥૨૦॥ એંસીહજાર અસવાર શેર અકબરના જાણ : તે લુંટે કેટલું પરમાણ ॥૨૧॥ એવાત તો અહીંથી રહી : હવે મરવા વજીરની વાતો કહી ॥૨૨॥ એ સાતે સરદાર નાઠા જાઅ : જઈ મદીનામાં ઝંપાય ॥૨૩॥ ત્યાં જઈને ગણત્રી લીધી સહી : ભલભલા રાવત મરાંણા તહી ॥૨૪॥ એક લાખ અસવાર અજીદના મુઆ : મરવો બોલ્યો એક્યા હુઆ ॥૨૫॥ મદીનેથી મરવે અજીદને લખ્યું તે વાર : લશ્કર મરણ ગયું અપાર ॥૨૬॥ એ હુસેન નહી જે માર્યા જાએ : મહંમદહનીફા સાથે કેમ લડાએ ॥૨૭॥ એની તરકસ બંદી હું જાણું છું સહી : નવલાખ માંહેથી એક લાખ મરણ ગયું તહી ॥૨૮॥ અમે દોહ્યલેથી અમારો જીવ લઈ નાઠા તે વાર : એ ડાકીયા આગળ ના ચાલ્યું લગાર

॥૩૦॥ અજીદ પાદશાહા તું દુજા લશ્કર ભેજે તો સહી : નહીતો જીવ અમારો જાવે અહી ॥૩૧॥ કેટલાક પહેલવાંન દાવેદાર ભેજીઓ સહી : અરે પાદશાહા તું નચીંત ના રહીઓ તહી ॥૩૨॥ તમે તમારી તૈયારીથી રહેજો આંહીં : એવો કાગળ લખી મોકલો ત્યાં ॥૩૩॥ તે કાગળ લઈને કાસદ ગયો : દમેસકની વાટે ચાલતો થયો ॥૩૪॥ તે કાસદ દમેસક ગયો તે વાર : અજીદને કાગળ આપ્યો નીરધાર ॥૩૫॥ તે કાગળ અજીદે વાંચ્યો સહી : વાંચતાં વાંચતાં ઘાભરો થયો તહી ॥૩૬॥ અજીદની તો કમર બેસી ગઈ : અરે અલાતાલા મેં હુસેનને માર્યા કંઈ ॥૩૭॥ મારે માથે ફીરસ્તા મરણના આવ્યા સહી : હવે એ કેમ દફે થાસે તહી ॥૩૮॥ કાસદ કાગળ લાવ્યો તો જે : તેને અજીદ પુછવા લાગ્યો તે ॥૩૯॥ અરે કાસદ હનીફાકે પાસ કેતા લશ્કર હૈંગા સહી : પછી તે કાસદે વાતજ કહી ॥૪૦॥ અરે પાદશાહા સુણો વાત જે તમો : હનીફાકે પાસ એંસીહજાર અસવાર દીઠું અમો ॥૪૧॥ ત્યારે અજીદ બોલ્યો એ વાત : એંસીહજાર અસવારે નવલાખને દીધી ઘાત ॥૪૨॥ પછી સેરઅકબરની વાત જાણતા હતા જે : તેણે અજીદને વાત કહી તે ॥૪૩॥ અરે પાદશાહા તું અજાણ્યો નથી : એથી બર નહી આવો મથી ॥૪૪॥ એને કટકની પરવા નથી તે જાણ : એણે એકલે બાવીસ લાખ અસવાર માર્યા પરમાણ ॥૪૫॥ તે સર્વેને ધુળધાંણી એણે કર્યા : તો એને કટકની સીપરવાએ ॥૪૬॥ એની સાથે લશ્કર નહી હોએ લગાર : એકલો ભાઈઓનું વેર લેશે તદા ॥૪૭॥ પછી અજીદ કાલાવાલા કરવા લાગ્યો જે : અરેભાઈઓ એને જીવતો ના જાણતો તે ॥૪૮॥ જો એને હુ જાણુ જીવતો : તો પહેલો હું એને મારતો ॥૪૯॥ જો હું જીવતો જાણતો આજ : તો હસન હુસેનને ના કરતો તાજ ॥૫૦॥ એવી રીતે અજીદ પસ્તાવા લાગ્યો સહી : એવી હેબતતો ખાધી તહી ॥૫૧॥ પછી અજીદ કહેવા લાગ્યો એ : અરેભાઈઓ હનીફા શું મેળ કરાવો તે ॥૫૨॥ જે વીલાઅત પરગણું માગે સહી : જો મેળ કરે તો એને આપું સહી ॥૫૩॥ પછી બધા ઉમરાવ વજીર કહેવા લાગ્યાએ

: અરે પાદશાહા તું ઘેલો થયો છે તે ॥૫૪॥ તે આપણા ભાઈઓનું ખુનલેવા આવ્યા છે અહી : ક્યાં બનીઆજંગખુરાસાંનની તહી ॥૫૫॥ તે સતર મહીનાની વાટ ચાલી આવ્યા છે અહી : તે તો મુલક લેસે નહી ॥૫૬॥ પછી અજીદે લશ્કર વીણીવીણી કાઢ્યું તે વાર : બારલાખ અસવાર કર્યા તૈયાર ॥૫૭॥ તેને સોનાં રૂપાં આપીને દેખાડ્યો લોભ : અરે ભાઈઓ ઢીલના કરસો થોભ ॥૫૮॥ એ કામ તમારૂં છે સહી આજ : અજીદ કહે છે હવે મારી રાખો લાજ ॥૫૯॥ તે લશ્કરને સલેબક્તર આપીને વીદાય કર્યું : મદીનાની વાટે ચાલતું થયું ॥૬૦॥ તે જઈ મરવા વજીરને સલામ જો કરી : ત્યારે સાતે સરદારે મરદાંની ધરી ॥૬૧॥ ત્યારે સાતે સરદાર અજીદના જે : તે હવે શું કહેછે તે ॥૬૨॥ વીસ પાદશાહાને વીસલાખ અસવાર : એટલા લશ્કરનો આપણો થયો સમાર ॥૬૩॥ એટલા લશ્કર મધે સેર અકબર માલમ ના થાય : હવે એથી વઢ્યું ના જાઅ ॥૬૪॥ અરે મરવા વજીર આપ ચાલો જઈએ જ્યાં : મહંમદહનીફાને સાંમા ત્યાં ॥૬૫॥ ત્યારે મરવો વજીર કહે છે એ : આપણે કોટમાં રહીને લડીએ તે ॥૬૬॥ મહંમદહનીફા સાંમા ના થવાય : એતો આપણથી માર્યા ના જાઅ ॥૬૭॥ પછી મદીનાનો કોટ પકડીઓ જે : લડાઈનો સામાન કરવા માંડ્યો તે ॥૬૮॥ જ્યાં કોટમાં આવવાની ગલીઓ હસે જે : તે સર્વે બંધ કરી તે ॥૬૯॥ પછી કોટની આગળ પાછળ જે : ત્યાં અગનીના ભડકા લગાડ્યા તે ॥૭૦॥ મહંમદ હનીફાના લશ્કરી જે હોઅ : તે કોટ આગળ ના આવી શકે સોહે ॥૭૧॥ એવી રીતે બાંધી કરી બેઠો સહી : હવે શેર અકબરની વાત આવી અહીં ॥૭૨॥ મહંમદહનીફા પોતાને મુકામે ઉતરી રહ્યા : જે જખમી હતા તે સાજા થયા ॥૭૩॥ તેણે સર્વે માથે પાણી નાખ્યું તે વાર : મેદી આખરના થયા તૈયાર ॥૭૪॥ તે મદીનાની રૂખે ચાલ્યા સહી : બધા શહેરમાં સોર પડ્યો છે તહી ॥૭૫॥ મહંમદહનીફા મદીના ઉપર હલાં કરે : એવું લોક બહાર ઓચરે ॥૭૬॥ મહંમદહનીફાને આવતા જાણ્યા સહી : પાંચ પાદશાહાને બારલાખ અસવાર તૈયાર

કર્યા તહી ॥૭૭॥ તે પાંચે પાદશાહા મરવાને સલામ જો કરી : અમ કુ રજા દો તો ઈસે મારૂં દલભરી ॥૭૮॥ અજીદના લશ્કરી કહે છે એ : હનીફાનું મારવું સું છે તે ॥૭૯॥ ત્યારે મરવો વજીર કહે છે સહી : એ બાર લાખ અસવારમાંથી ટાળી કાઢો અહી ॥૮૦॥ તેને દામ આપીને તૈયાર કરે : હનીફાના એંસી હજાર તે માર્યા પડે ॥૮૧॥ જો એકદલ કરી હીંમત રાખસો સહી : તો એકઘડીમાં મારીસું અહી ॥૮૨॥ મહંમદહનીફા જો આપણા સાંમા થાઅ જે : તો એનું સીસ કાપી લઈએ તે ॥૮૩॥ જો આપણને દેખીને નાસી જાએ : તો આપણે દમે સક જાવે સતભાવ ॥૮૪॥ કહે **બુદરદીન** સત્ય જ વાંણ : વળી આગળ કથીશું નીંર્વાણ ॥૮૫॥ કુલ પટોરાં : ૫૩૦૭:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૭૦ મું છે :

(બુધા અવતારની વાંણ છે :)

વીસ લાખ ફોજમાંથી જેહ : એક લાખ કાપી નાખ્યું તેહ ॥૧॥ ઓગણીસ લાખ અસવાર છે સહી : સાતે સરદાર મોહોલમાં તહી ॥૨॥ મરવો વજીર કહે છે આપણે જે : આપણી સાથે વઢેતોએ ॥૩॥ આપણે મહંમદહનીફાને મારી લઈએ સહી : એનું સીસ કાપી લઈએ અહી ॥૪॥ જો આપણનેદેખીને નાસી જાઅ : તો આપણ દમેસક જઈએ સતભાવ ॥૫॥ એટલે મહંમદહનીફા બીજી લડાઈ કરવાનો સામાન કરે છે : એટલે ફોજ પહેલી આવી રહી છે ॥૬॥ મહંમદહનીફાના બેટા છે ચાર : પાલક બેટા છે તેના તાર ॥૭॥ તે પહેલી ફોજતો આવી છે જે : શહેર બુગદાદના પાદશાહા તે ॥૮॥ અબાસઅલી બીજા ઉમરઅલી : તે સાથે અસવાર બાર લાખ આવ્યું છે ચઢી ॥૯॥ પાંચસો ઉમરાવ સાથે સહી : એવી ધુમે ચઢી આવ્યું અહી ॥૧૦॥ તે તો એમ કહે છે જે : અજીદને જીવતો પકડી લેઉતે ॥૧૧॥ ત્યાર પછી સાંણસીએ બોચી ખેચવાઉ : બધા અસવાર એમ બોલ્યાજે વિષભર્યું ॥૧૨॥ અમારે હાથ આવે તો તીરમ બાજી

કરીએ : એને અમે બાળી નાખીએ ॥૧૩॥ સરવે અસવાર એમ જંખી રહ્યા : જો અમારે હાથ આવે તો અમને ગમે ॥૧૪॥ જે અમારે હાથ આવે તો એટલું કરીએ : અમારા પાદશાહાની મરૂવત રાખીએ ॥૧૫॥ એ ખુદા તાલાનો ચોર છે સહી : સર્વે વાણી ઓચરે અહી ॥૧૬॥ મહંમદ હનીફાને અબાસ અલી : ઉમરઅલીમીલે દોનું ભાઈ ॥૧૭॥ પાયે પડ્યા અને કહ્યું કે : બાવાજીએ કીને કામ કીયા ॥૧૮॥ એ કાફરને કન્નાખોર કામ કીયા : એમ કહી આંસુ ઢાળીઆં ॥૧૯॥ લાંબે રાગે બહુ રોઆ : મહંમદહનીફાએ બેને છાંના રાખીઆ ॥૨૦॥ ત્યારે મહંમદે કહ્યું જે : અરે પુત સુણોને એ ॥૨૧॥ આપણ એ કાફરકુ મારેંગે : તુમરે ચીચેકા ખુન લેંગે ॥૨૨॥ એમ કહ્યું ત્યારે બે ભાઈ છાંના રહ્યા : અઢાર લાખ અસવાર દાંત કરડી રહ્યા ॥૨૩॥ એટલે દીન તરણ હુએ : એવા મધે ફોજ બીજી આવીને જીુએ ॥૨૪॥ શહેર ઈરાકના શાહજાદા આવ્યા : તેનું નામ તો સાહેબ કંક કહાવીઆ ॥૨૫॥ તેમની સાથે અસવાર પંદર લાખ : મહંમદહનીફા પાસે આવ્યું દાખ ॥૨૬॥ શાહજાદાએ આવીને બાપને સલામ કરી : મહંમદહનીફા બાવાની સાથે મલી ॥૨૭॥ મલીને ઘણું રોઆ જે : એ કામ ફાકરનેકીયા સો તે ॥૨૮॥ સો મેરેચીચેકા ખુનમેં લેઉ : ત્યારે મહંમદહનીફાએ કહ્યું ॥૨૯॥ ત્યારે મહંમદ હનીફાએ કહ્યું જે : અરે પુત મરવાંન જીવતા નહી રહે તે ॥૩૦॥ અબ ઈસકુ જીવતો જવા દેવો નહી : એમ કહીને સાહેબ કંકને છાંના રાખ્યા તહી ॥૩૧॥ એના મધે ફોજ બીજી આવી સહી : ખોવાર જમીનના પાદશાહા તહી ॥૩૨॥ તેનું નામ મલેક તોગાતુર : તેની સાથે નવલાખ અસવાર ॥૩૩॥ શાહજાદા આવીને બાપને મલ્યા : એ સર્વે છતરીસ લાખને એંસી હજાર અસવાર થયા ॥૩૪॥ મહંમદહનીફા જે : ચાર શાહજાદા પોતાના તે ॥૩૫॥ એસર્વે બેઠા છે જદા : સરવે મલીને મસલત કરે તદા ॥૩૬॥ એવા મધે મદીનામાંથી જે : એક મીનાફક આવ્યો તે ॥૩૭॥ તે કહેવા લાગ્યો જે : મારા સાહેબ એમ કહેતા તે ॥૩૮॥ અબ લડાઈ છોડીએ હંમ : અબાસ

અલીએ સાંભળું તેમ ॥૩૯॥ એટલે લઈ તલવારને ઉભા થયા : અરે કાફર ક્યા દગા કરતા હે આજ ॥૪૦॥ એમ કહી ને માથામાં દીધી સહી : તેને ધરણી ઉપર ઢાળ્યો તહી ॥૪૧॥ એવા મધે મરવાંન વજીરે જાણ્યું : મહંમદ હનીફાથી આપણે લડવાનું ચાલું ॥૪૨॥ એસે મે લડાઈ કે દદાંમે સરૂ હુએ : પણ મરવો વજીર તો નજરે જુવે ॥૪૩॥ શ્વાસ ભર્યો થયો તૈયાર : એમ કહે છે મરવો આ તાલ ॥૪૪॥ તબ શાહાકે લશ્કરમેં દદાંમે શરૂ હુએ : પણ મરવો વજીરતો હવે રૂએ ॥૪૫॥ સાંમા સાંમી લડાઈતો થવા લાગી : મરવાંનને તો અગનની જાળો લાગી ॥૪૬॥ સાહાના લશ્કરમાંથી એક અસવાર નીકળ્યા, જા મેદાનમાં ખડા રહ્યા ॥૪૭॥ ત્યારે મરવા વજીરનો એક અસવાર આવ્યો જદા : તે સાંમો આવીને ઉભો રહ્યો તદા ॥૪૮॥ સાહાકે લશકરીને હુમલા કીયા : સાંમાસાંમી ચોટા લીયાં ॥૪૯॥ એમ કરતાં બોતેર આદમી ખવારજીકે પડે : મરવા વજીરે સાંભળ્યું ત્યારે ॥૫૦॥ અરે ભાઈઓ એ અસવારકુ જાકર મારો જઈ : એવો બોલ બોલે તહી ॥૫૧॥ સાંમા સાંમી ચોંટ લાગીઆં : જેસી ફુટે જુવારકી ધાણીઆં ॥૫૨॥ એક એક કહેતાં પાર ના આવે : જે આવે સો પીછા ના જાવે ॥૫૩॥ તબ મરવાને કહાકેજે : અરેનામરદોએ અસવારકુ મારોને તે ॥૫૪॥ તબ શાહકા અસવાર થાકી ગયા : તે ખુદાની રાહ પર પહોચાડીયા ॥૫૫॥ જબ મહંમદ હનીફાએ દેખા સહી : આંખોમાં લોહી વરસ્યું તહીં ॥૫૬॥ તબ શાહાકા લશકરમાંથી એક આયા : ઈને જાકર હુમલા માગીઆ ॥૫૭॥ ઈને કહાકે મુજીતું : અબ મેરા હાથકા તમાસા કરતા હું ॥૫૮॥ તલવાર લેકર ધાઆ સહી : ચોટાં પર ચોટાં ચાલીઆં તહી ॥૫૯॥ એમ કરતે કેટલાક હુમલે કીએ : એકસો ને બાર હાંમલે લીએ ॥૬૦॥ પછી ઉસકુ ભી મારીઆ : ફીર દુજા અસવાર આવીઆ ॥૬૧॥ ફીર ઉસકુ ભી મારીઆ : વે ખવારજી હારીઆ ॥૬૧॥ ઉસકી સાથ ભી બહોત લડે : જે આવે તે પીછાના ફરે ॥૬૩॥ મરવાનને અસવાર ઉપર અસવાર ભેજા : જે આવે ઉસકા કાઢે ભેચા ॥૬૪॥ ઉકરતે

કરતે શાહાકે લશ્કરીએ જે : એકસોને આઠ આદમી માર્યા તે ॥૬૫॥ તબ મરવા વજીરે સાંભળ્યું તહી : અરે નામરદો કોઈ ધાઓ જઈ ॥૬૬॥ એટલે સર્વે લશ્કરે સાંભળ્યું : સાંભળીને ધ્રુજવા લાગ્યું ॥૬૭॥ ઈનકે અસવાર બહોત જુલમી હે : ઈનકે સાંમી કુણ ધાએ ॥૬૮॥ જબ ઉમરસાદને કહા કે : ભાઈઓ તુમ હારીઓ નહીતે ॥૬૯॥ તબ ઉમરસાદકે લડકે દો થે : ઉસકે બેટેકા નામ એથે ॥૭૦॥ મોટાભાઈનું નામ જલાદજે : નાંના ભાઈનું નામ હુરેખાંન તે ॥૭૧॥ જલાદ કહે છે ભાઈ હુરેખાંન તમે અસવાર થાઓ : આપણ લડનેકુ સાંમી ધાઓ ॥૭૨॥ ત્યારે હુરેખાંન કહે છે જે : ભાઈઆપણું કામ નહી તે ॥૭૩॥ એ તો કાફર કા કામ હે સહી : આપણ ઈનકે સાથ લડીએ નહી ॥૭૪॥ તબ જલાદે કહ્યાકે સૂણોએ : બાવા ભાઈ કહતા હૈ તે ॥૭૫॥ ઉમરસાદને હકીકત સાંભળી સહી : ક્યા હુરેખાંન નીમકહરામ કરતા હે અહીં ॥૭૬॥ તબ હુરેખાંને કહા કે જે : બાવા ઈનસે લડના વાજબ નહી તે ॥૭૭॥ ઈનકુ કા બુજતે હો તંમ : ઈનસે નહી લડીએ હમ ॥૭૮॥ એ મુરતુજાઅલીકે બેટે, ખુદારસુલકે શેર : ઈનસે બર નહી આવે તતખેવ ॥૭૯॥ઈયું કરને ચુપ રહે : દલમાં બાજી રાખેને રૂએ ॥૮૦॥ જુવો મુનીવરો પુરવેની વાત ॥ તેણે અમરાપુરની ઝાલી વાટ ॥૮૧॥ આદે અંતે પુરવે સંચે આવી મલે : કરમે કાળાંતે કદીના જુએ ॥૮૨॥ બોલ્યા ***બુદરદીન*** દીનના દીન : હવે ભાગુ મોટી ચીન ॥૮૩॥ આજબાવા ***બુદરદીન*** જેને સોધ્યા જડ્યા : તે અવતારી મલ્યા તેના આવા ગવનના ફેરા ટળ્યા ॥૮૪॥ કુલ પટોરાં : ૫૩૮૪:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૭૧ મું :

(જીતી જુગતે સોળ સોગટી : તે વાણ છે)

ઉમરસાદને ગુસ્સો ચડીઓ : તલવાર કાઢી તાંહરે ॥૧॥ એસેમેં શાહાકી ફોજે : હલાં કીતી સો સોઅરે ॥૨॥ તલવાર મારતા ચાલ્યા જાએ : ત્યાં વરત્યો હાહાકાર રે ॥૩॥

જેમ દાંડીઆ રાસ રમે છે : એમ જુમા જુમી થાઅરે ॥૪॥ કાંને પડ્યું સંભળાતું નથી : એવો વરત્યો કહેર રે ॥૫॥ મારતા મારતા મોહોલે પેઠા : સર્વેને પડીને ઠાર રે ॥૬॥ લોહીનીતો નીકો ચાલી : જાણે કઆંમત આવી રે ॥૭॥ ફીરસ્તાતો પોકારે કેવા : હવે આખરીત આવી રે ॥૮॥ અરે ખુદાએ ક્યા ગમતા હે : મુસલમાંન કટાવે રે ॥૯॥ આદમીકે શીર કાટે : જેસી લકડી કાટે રે ॥૧૦॥ તીસ હજાર જીવતે પકડે : આંખે લોહી બરસે રે ॥૧૧॥ વળી પાછા બીજા ઝાલ્યા : તેના સુણોને વીચાર રે ॥૧૨॥ તીસ હજાર વળી બીજા કહીએ : તેનાં માથાં સોહીરે ॥૧૩॥ માથાં તો એ નેજે ચઢાવ્યાં : કંપે સારા લોકરે ॥૧૪॥ માંહે માંહે વાતો કરે છે : આપણા કરમના ભોગ રે ॥૧૫॥માંહે માંહે એવું બોલે : આપણ નાસી જઈએ રે ॥૧૬॥ પણ શું કરે જે ઘેરાઈ ગયા છે : કાંઈ ના આવે લાગરે ॥૧૭॥ એવે સમે શું થયું છે : આવ્યા શાહાના અસવાર રે ॥૧૮॥ તીસ હજાર બીજા પકડ્યા : તેની શી થાય પેર રે ॥૧૯॥ કર્યાં કરમ ભોગવે રે : તેવું તે તો પાંમેરે ॥૨૦॥ તીસ હજાર પકડી બાંધ્યા : તેના સુણો વીચારરે ॥૨૧॥ પછવાડે તેના તો હાથ : એવો કેર વરતાઅરે ॥૨૨॥ ત્રીસ હજારને કેડ બરોબર : ખોદીને દાટ્યા તાંહે રે ॥૨૩॥ તેને માથે સલ્લાઓ મેલી : ચોવીસ મણની તાંહે રે ॥૨૪॥ વળી એતો બીજા જાણો : બાવીસ હજાર જેહ રે ॥૨૫॥ તેનાતો એ હાથપગ બાધ્યા : બાંધીને કુબડા વાળ્યા રે ॥૨૬॥ તેનેતો ત્યાં ટાંગી દીધા છે : એવો જુલમ થાઅ રે ॥૨૭॥ આઠ હજાર બીજા કહીએ : તેને પકડી લીધારે ॥૨૮॥ અબદુલા જાએદની પાસે : મરવો છે વજીર રે ॥૨૯॥ તેની સાથે જુમે કેવા : જાણે મારીને લેઉરે ॥૩૦॥ તેને ત્યાંતો પકડી લીધા : તે સરકેર વરતાઅરે ॥૩૧॥ આઠ હજારના નાક કાન કાપ્યા : એક હાથને એક પગ રે ॥૩૨॥ એવી તરીકે કેદ કર્યાં છે : નજરે ભાળે તાંહે રે ॥૩૩॥ હવે બીજી વાત સાંભળો : સરદાર કેરી સોહીરે ॥૩૪॥ તેનાતો એ વીચક જાણો : અબદુલ્લા વજીર રે ॥૩૫॥ અબદુલાને પકડી લીધો : ઉમરસાદને સહીરે ॥૩૬॥ મરવા વજીરને જાલીઓરે

: ઉતબાવલીદ સોહીરે ॥૩૭॥ સીમર ગુલાંમને પકડી લીધોઃ એ પાંચેને પકડ્યા સોહી રે ॥૩૮॥ એ સર્વે સરદારોને પકડી લીધા : એપાંચેના બાંધ્યા હાથ રે ॥૩૯॥ મહંમદ હનીફા ચોદસ ફરે છે : મદીના શહેરની માંહીરે ॥૪૦॥ જો કોઈ માણસ રાખે : મરવા વજીરનું તાંહેરે ॥૪૧॥ તેને અહીંતો મારી નાખું : ઘાંણીમાં ઘાલી પીલું રે ॥૪૨॥ એવી એતો આંણ વરતાવી : મહંમદહનીફાએ પોતે રે ॥૪૩॥ ત્યાર પછીતો સુએ થયું છે : તેની સુણોને વાત રે ॥૪૪॥ મહંમદહનીફા કહીએ : શાહજાદા પોતાના રે ॥૪૫॥ નબીસાહેબના રોજામાં રે : આવીને બેઠા પોતે રે ॥૪૬॥ પોક મેલીને રોવા લાગ્યા : લાંબે ઘાંટે તાંહે રે ॥૪૭॥ જુવો મુનીવરો ભાઈ કેરાં : વેર લીધા કેવાં રે ॥૪૮॥ બોલ્યા ***બુદ્દરદીન*** કહે વીસતારી : વેર લીધાં ભાઈ કેરાં રે ॥૪૯॥ કુલ પટોરાં :૫૪૩૪:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૭૨ મું :

(વીલાપની વાંણ છે :)

અરે નાંનાએ કાફરે રે : જુલમ કીયારે એ બોત ॥૧॥ અરે માજી તમે ફાતમાંરે : મેરે ભાઈ ઉપર કીયારે જુલમ ॥૨॥ એમ કહી કહી રૂદન કરે રે : અરે નાંના સુણોને બાત ॥૩॥ એવા મધેત્યાં સુથયું રે : જવાબ થયો તેણી વાર ॥૪॥ અરે પુત હનીફા તુમ સહીરે : ખુદાકા લીખા હુઆ સો સાચ ॥૫॥ અબ રોણેકા દિન નહીરે : કામ કરોને સધ ॥૬॥ એટલે મહંમદહનીફા છાંના રહ્યારે : ફાતીઓ પઢીઆ તેણીવાર ॥૭॥ બોલ્યા ***બુદ્દરદીન*** સાંભળો રે : એ આખરના મેદી કહીએ સહી ॥૮॥ કુલ પટોરાં :૫૪૪૨:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૭૩ મું :

(દસમા અવતારની વાંણ છે :)

બહાર નીકળ્યા મહંમદહનીફા સહી : ત્યારે કુંફીલોકે જોઆ તહી ॥૧॥ મરવો અબદુલા કહીએ જે : ઉમર સાદતો ભણીએ તે ॥૨॥ ઉતબા વળીદ સહી જાણ : સીમર ગુલાંમ

પરમાણ ॥૩॥એસર્વે ને ટાંગ્યા છે સહી : દરવાજા તળે તે તો તહી ॥૪॥ તીરંમદારી કરીને ત્યાંમારીયા : સર્વે સરદારએવે હવાલે ચાલીઆ ॥૫॥ ત્યાર પછી શુ કીધું જાણ : બાળીને કીધા સર્વેને પાર ॥૬॥ પેલા બાવીસ હજાર કહીએતે : કુબડાવાળીને રાખ્યા છે જે ॥૭॥ તેને તીરંમદારી કરી સહી : તેને બાળી નાખ્યા તહી ॥૮॥ પછી આઠ હજાર હતા તે સહી : તેની તજવીજ કરી છે તહી ॥૯॥ તેને બરછીઓ ભાલા માર્યા સહી : તેમ કરીને જીવ કાઢ્યા તહી ॥૧૦॥ પછી તીસ હજાર હતા સહી : તેની શી પેર થઈ છે તહી ॥૧૧॥ સલા માથેથી કાઢી નાખી તે વાર : તેના માથામાં મેચકાં ઠોક્યાં નીરધાર ॥૧૨॥ તીસ હજાર એ રીતે મુવા : સાઠ હજાર એમ પુરા થયા ॥૧૩॥ અઢાર લાખને ચાલીસ હજાર કતલ થયું : મદીના શહેરમાં કોઈ દુશ્મન ના રહ્યું ॥૧૪॥ હવે મહંમદહનીફા શાહજાદાજે : અલી અકબર કહીએ તે ॥૧૫॥ અલી અકબરને તખતે બેસાડ્યા સહી : મહંમદહનીફા કહે છે તહીં ॥૧૬॥ અરે પુત તમે મદીના શહેરની પાદસાહી કરો : મેં જાતા હું અજીદકી લોહી કી ઘુંટો ભરૂં ॥૧૭॥ અજીદકી ખબરો લેવાને સહી : અલી અકબર બાર લાખ અસવારે રહ્યા તહી ॥૧૮॥ મહંમદહનીફાએ તૈયારી કરી : ચોવીસ લાખને એંસી હજારે ચઢી ॥૧૯॥ એક મજલે જઈને રહ્યા : ખવારજમીનનો પાદશાહા ત્યાં આવી વસ્યા ॥૨૦॥ મદીને તે આવીઆ : મહંમદ શાહા સાથે અઢાર લાખ કહાવીઆ ॥૨૧॥ અબાસ અલીને તે મળ્યા : સગા ભાઈથી આલેખરા ॥૨૨॥ તે પણ શાહાઅલીના પાલક બેટા : નબીસાહેબના રોજામાં ફાતીઓ પઢ્યા ॥૨૩॥ ફાતીઓ પઢીને નીકળ્યા સહી : અબાસઅલીએ વાત જ કહી ॥૨૪॥ બાવા કલ વિદાય હુએ સો જાણ : તબ હાલ હાલ મહંમદશાહાકા લશ્કર તૈયાર ॥૨૫॥ તબ એક મજલ જાકર રહા : તબ દોનું ભાઈ કા લશ્કર ભેલી હુઆ ॥૨૬॥ મહંમદહનીફા મહંમદ શાહા જે : બે ભાઈ મલીને રોઆતે ॥૨૭॥ ઈમાંમ હુસેનકુ મારે અમકુ ખબર નહી : જો હમકુ ખબર હોતી તો હમ મારતે તહી ॥૨૮॥ માર્યા

પછી જાણ્યા હમ : એંસી હજાર અસવાર લેકરઆયા તબ ॥૨૯॥ દેખે તો લોથ પડી હે જેમ : સીર મરવાંન લેઈ ગયા હે તબ ॥૩૦॥ જબ ખુદા તાલાકા હુકમ હુઆ : નેકી આદમીએ અચ્છા કીયા ॥૩૧॥ આપે ઈમાંમ હુસેન કા સીર લીઆ : આપકે બેટેકે સીર દીયા ॥૩૨॥ એસે મૈને બાટ બોત દેખીઆ : તબ ઈમાંમ હુસેનકાં સીર મેરે પાસ આવીઆ ॥૩૩॥ તબ ભાઈકુ દફન કીએ : ઈસકા સીર તો કાફર લેઈ વીદાય હુએ ॥૩૪॥ તે સીર દમેસક લે ગયા : જારત કર કર હમ ઠેકાંણે હુઆ ॥૩૫॥ ત્યારે મહંમદહનીફાએ કહ્યું જે : હવે આપણ ચાલોને તે ॥૩૬॥ ત્યાંથી લશ્કર કુચ થયું : લશ્કર સર્વે ચાલતું થયું ॥૩૭॥ જુવો મુનીવરો ભાઈઓનાં લે છે વેર : હવે ચીન ઉપર લશ્કરનું સેન ॥૩૮॥ બોલ્યા *બુદરદીન* બાકી રહી : હવે લશ્કરની તૈયારી થઈ ॥૩૯॥ કુલ પટોરાં :૫૪૮૧:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૭૪ મું :

(સાંમીદોને દેદાર બંદાને રે : તે વાંણ છે :)

સર્વે લશ્કર કુચ થયું રે ॥૧॥ જાતાં જાતાં ગામ જે આવે રે ॥૨॥ તે ગામનું થાણું ઉઠાવે રે ॥૩॥ થાણું ઉઠાવી પોતે બેસાડે રે ॥૪॥ જે ના નીકળે તેને શાહા મારે રે ॥૫॥ મહંમદહનીફા ત્યાંય રે ॥૬॥ એવા મધે કુફે જાણ્યું રે ॥૭॥ તે કુફામાં કુફીઓ રહે છે રે ॥૮॥ તેનું નામ તે સર્વે કહીએ રે ॥૯॥ જર જોસન નામ લઈએ રે ॥૧૦॥ તેના મુકાતીલ કામદાર રે ॥૧૧॥ તેણે કાગળ લખ્યો છે તાંહે રે ॥૧૨॥ હાલ હાલ રે કાગળ ભેજા રે ॥૧૩॥ દમેસક અજીદની પાસે રે ॥૧૪॥ કહાવ્યું જે હનીફા આવ્યા રે ॥૧૫॥ હવે આપણી કુફા લેસે રે ॥૧૬॥ કુફાની દરકાર રાખો રે ॥૧૭॥ તો દુજા લશ્કર તમ ભેજો રે ॥૧૮॥ નહીતો કુફા છોડ કર ભાગું રે ॥૧૯॥ હમારે આંતો ફોજો રે ॥૨૦॥ છો લાખને ચાર હજાર રે ॥૨૧॥ તે તો કામ હમારે ના આવે

રે ॥૨૨॥ તમે તો દુજા લશ્કર ભેજો રે ॥૨૩॥ દુમે દુમે કાસદ આયા રે ॥૨૪॥ તેતો ત્યાં જઈને ઉભા રે ॥૨૫॥ નામદાર નામદાર કહે છે રે ॥૨૬॥ એ કહાંકા નામદાર આયા રે ॥૨૭॥ ત્યારે ચાઉસ ત્યાંતો બોલ્યા રે ॥૨૮॥ એ તો કુફા કેરા કહીએ રે ॥૨૯॥ ત્યારે અજીદને ખબર થઈ રે ॥૩૦॥ ત્યારે અજીદે કહ્યું ત્યાંહે રે ॥૩૧॥ અરે નામદાર લાવો આંહીરે ॥૩૨॥ વે ખત લેકર આયો રે ॥૩૩॥ અજીદે કાગળ વાંચ્યા રે ॥૩૪॥ હવે લેતા મુલક સર્વે આવે રે ॥૩૫॥ આજ દોસદાર કોઈ મેરા રે ॥૩૬॥ હાલ હાલ લશ્કર તૈયાર કરાવે રે ॥૩૭॥ સાત લાખને પાંચસે ઉમરાવ રે ॥૩૮॥ તૈયાર થઈને આવ્યું રે ॥૩૯॥ ત્યારે અજીદ ખુશી થયો રે ॥૪૦॥ ત્યારે રજા આપી ભાઈ રે ॥૪૧॥ જીતી બાજી કર કર આવો રે ॥૪૨॥ લશ્કરના ડેરા બહાર દીધા રે ॥૪૩॥ નીસાંન ઉભાં કરાવ્યાં રે ॥૪૪॥ ત્યારે નીસાંન ઉંધુ પડીયું રે ॥૪૫॥ ત્યારે લોક કહેવા લાગ્યા રે ॥૪૬॥ માંનસુકન થયા આજ રે ॥૪૭॥ ત્યારે અજીદે કહ્યું એહ રે ॥૪૮॥ એ તો પવનકા ઝોલા આયા રે ॥૪૯॥ ત્યારે લોકે મનના આંણ્યું રે ॥૫૦॥ ત્યાંથી લશ્કર કુચ થયું રે ॥૫૧॥ ચાલ્યું ચાલ્યું કુફામધે રે ॥૫૨॥ આવી પહોંચ્યુ સર્વે તાંહેરે ॥૫૩॥ સાત લાખને પાંચસે ઉમરાવરે ॥૫૪॥ કુંફામાં તે તો આવ્યા રે ॥૫૫॥ મહંમદહનીફાનું લશ્કર રે ॥૫૬॥ એટલે મહંમદહનીફાએ જાણ્યું રે ॥૫૭॥ બીજી ફોજ કુંફામાં આવીરે ॥૫૮॥ ત્યારે મહંમદ હનીફા બોલ્યા રે ॥૫૯॥ સારા મુલક એના ઉલટે રે ॥૬૦॥ તોએ મારૂંમન ના ફટકે રે ॥૬૧॥ મજલ પર મજલ આવે રે ॥૬૨॥ હનીફાએ ડેરા દીધારે ॥૬૩॥ કુંફાની બહાર વસીઆરે ॥૬૪॥ હવે લડાઈનો સામાન થાય રે ॥૬૫॥ કુંફાનો હાકમ કહીએ રે ॥૬૬॥ નામાંનબશીર છે તાહીએ ॥૬૭॥ એટલે મુકાતીલે જાણ્યું રે ॥૬૮॥ તેતાલીસ લાખે આવ્યો રે ॥૬૯॥ મહંમદહનીફા સાંમા થાઅ રે ॥૭૦॥ નામાંને કીધી તૈયારી રે ॥૭૧॥ સાંમા સાંમી દદાંમાં બાજે રે ॥૭૨॥ તેમ કરી તે હુમલા કીયા રે ॥૭૩॥

કુફાકા અસવાર આયા રે ॥૭૪॥ શાહાનો અસવાર સમો થાય રે ॥૭૫॥ ઉસકા નામ તોગાતુર કહીએ રે ॥૭૬॥ તોગાતુર હાંકો મારે રે ॥૭૭॥ ત્યારે ખવારજી સામો આવ્યો રે ॥૭૮॥ સાંમા સાંમી ચોટા હોણે લાગી રે ॥૭૯॥ દાવ ભુલેને દો જગ ચાલે રે ॥૮૦॥ ફીર દુસરા રાવત આયા રે ॥૮૧॥ ફીર ઉસકુ ત્યાં પહોંચાડ્યા રે ॥૮૨॥ એમ કરતાં પાંતરીસ માર્યા રે ॥૮૩॥ તોગાતુર થયા છે ગાભરારે ॥૮૪॥ તેતો થયા છે નેવુ વરસના રે ॥૮૫॥ તોગાતુર રણમાં પડીઆ રે ॥૮૬॥ હનીફાએ નજરે જુએ રે ॥૮૭॥ સુરાપણ મહંમદને આવ્યું રે ॥૮૮॥ અબ કાફરકુ મૈં મારૂં રે ॥૮૯॥ અબ મેરા તમાસા દેખો રે ॥૯૦॥ આપણ સારા લશ્કર ઉઠાવો રે ॥૯૧॥ ખાંડુ નગ્ન કરીને ધાઆ રે ॥૯૨॥ સાંમા જઈને જવાબ લીઆ રે ॥૯૩॥ ત્યારે તેતાલીસ લાખ ઉડી પડીઆરે ॥૯૪॥ મારતા મારતા ચાલ્યા જાય રે ॥૯૫॥ સેળાં ભેળાં ત્યાં તો થાય રે ॥૯૬॥ જાણે ક્યામત આવીને ઊભી રે ॥૯૭॥ ત્યાં તો લોથ ઉપર લોથ થાય રે ॥૯૮॥ મહંમદ દરૂદ ભણતા જાઅરે ॥૯૯॥ એમ કરતાં દિન ગુમાવ્યો રે ॥૧૦૦॥ રાત પડીને ઘોર અંધારૂં રે ॥૧૦૧॥ સાંમા સાંમી મસાલો થઈ રે ॥૧૦૨॥ એમ કરતાં દિન ઊગ્યો રે ॥૧૦૩॥ સાંમા સામી રણતુર વાજે રે ॥૧૦૪॥ મુકાતીલ એમ બોલે રે ॥૧૦૫॥ ભાઈ જીતી બાજી ના હારો રે ॥૧૦૬॥ એમ કરીને લશ્કરને મરાવે રે ॥૧૦૭॥ પણ વહારે કોઈના ધાઅરે ॥૧૦૮॥ સારી દુનીઆ કહેવા લાગી રે ॥૧૦૯॥ હવે લુંટા લુંટી માંડી રે ॥૧૧૦॥ હવે મોત હમારી આવી રે ॥૧૧૧॥ મહંમદ મારતા ચાલ્યા રે ॥૧૧૨॥ મુકાતીલનું લશ્કર ભાગ્યું રે ॥૧૧૩॥ ભાંગ્યું ને શહેરમાં પેઠું રે ॥૧૧૪॥ શહેરના દરવાજા બંધ કરી બેઠો રે ॥૧૧૫॥ શાહાનું લશ્કર આવી ધસીયુંરે ॥૧૧૬॥ દરવાજાના થડમાં વસીયું રે ॥૧૧૭॥ એ તો બોલ્યા ***બુદરદીન*** હસીયા રે ॥૧૧૮॥ હવે કામ કરવા ધસીઆ રે ॥૧૧૯॥ કુલ પટોરાં :૫૬૦૦:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૭૫ મું :

(દસમા આવતારની વાંણ છે :)

એવામધે મહંમદહનીફાનું લશ્કર આવીને ઉભું રહ્યું : દરવાજા આગળ આવી ઉતર્યું ॥૧॥ તે મધે મુકાતીલનો ખાસ દાર હતો : તેનો છોકરો આવીને વદયો ॥૨॥ તે છોકરાના બાપને મુકાતીલે માર્યો છે ખરો : તે ડશ રાખીને ત્યાં આવીને રહ્યો ॥૩॥ તે આવીને દરવાજા આગળ આવ્યો છે જઈ : તેના હાથમાં કીલી બનાવીને રાખી છે અહીં ॥૪॥ એવા મધે દરવાજો ઉઘાડ્યો ભાઈ : કોઈ જાણતુરે નથી રે સજઈ ॥૫॥ ત્યારે મહંમદહનીફાનું લશ્કર ધસ્યું : મુકાતીલે જાણ્યું ક્યાંજઈ લપટું ॥૬॥ ત્યારે મુકાતીલ બોલ્યોએ : આપણ સર્વે કોટમાં વઢીશું તે ॥૭॥ સાંમા સાંમી વાજાં વાગ્યાં : મુકાતીલના ગરણ ભાગ્યા ॥૮॥ મારા માર ત્યાં થઈ રહી : મુકાતીલની ફેફરી બંધાઈ ગઈ ॥૯॥ એમ કરતાં મહંમદહનીફાનું લશ્કર મારતું ચાલ્યું જાય : અને મારતાં શંખા ના થાય ॥૧૦॥ બેની ફોજમાં રોળા રોળ થઈ રહી : લોહી કેરી નદીયો ચાલી ગઈ ॥૧૧॥ એવા મધે મુકાતીલનું લશ્કર નાસી ગયું : મોહોલમાં જઈને પેસી ગયું ॥૧૨॥ તે દરબાર મધે ગણત્રી કરી : બે લાખની અવધી મલી ॥૧૩॥ હવે દરબારની વાતો સાંભળો ભાઈ : દરબારમાંતો હાહાકાર થયો છે તહી ॥૧૪॥ ત્યારે મહંમદહનીફાએ શું કર્યું : દરવાજો પાડ્યો તતખણું ॥૧૫॥ ત્યારે વેલદાર આવ્યાતે વાર : પાડવા માંડ્યોતે દવાર ॥૧૬॥ પાડ્યો દરવાજો હલાંકરી : લશ્કર ગયું સુસે ભરી ॥૧૭॥ મારતાં મારતાં ચાલ્યા જાયે : કેટલાક આદમી હથીઆર નાખી પાછા પલાએ ॥૧૮॥ કેટલાક આદમી કતલહુએ : કેટલાક આદમી જખમી જુએ ॥૧૯॥ ઓર કેટલાક આદમી પકડકર એકઠે બાંધે : ઓર કેટલાક આદમી નમણી કરી સાંમા આવે ॥૨૦॥ ચાર ચાર એકઠા બાંધ્યા જાણ : કાસ્ટનો ભારો બાંધ્યો પરમાણ ॥૨૧॥ એ સર્વેને પકડી લીધા : મુકાતીલને

નાસવા ના દીધા ॥૨૨॥ મુકાતીલને જીવતો પકડ્યો સહી : હાથપગ બાંધીને તોકો નાંખી છે તહીં ॥૨૩॥ સરવને પકડી મારે છે જદા : સાંણસીએ જીભો ખેંચે છે તદા ॥૨૪॥ મુકાતીલ નજરે જુવેછે જે : થરથર ધરૂજે કાયાતે ॥૨૫॥ મહંમદ હનીફા કુફે ફરે છે જદા : એવા મધે નામાંન હાથે આવ્યો તદા ॥૨૬॥ નામાંનને પકડ્યો ખરો : ખાંડું માર્યું ત્યારે ધરણીઢળ્યો ॥૨૭॥ એવા મધે મહંમદહનીફા આવ્યા જહાં : અરે મુકાતીલ તેરા લોહી પીવું આંહાં ॥૨૮॥ મુકાતીલને દરવાજા નીચે ટાંગ્યો સહી : સર્વે મલીને ઈજા કરે છે તહી ॥૨૯॥ જે જાઅતેને ભાલાના ગોદા મારીઆ : સાંણસીએ માંસ ચુંટીઆ ॥૩૦॥ તબ મુકાતીલ બોલ્યા સહી : મેરા સીર કાટો અહીં ॥૩૧॥ અરે ભાઈઓ એ ઈજા ખમી નહી જાતા : મેરા જીવ નહી ચલજાતા ॥૩૨॥ ત્યાર પછી મહમદનું ફરમાંન આવ્યું : મુકાતીલને બાળીદોને કહાવ્યું ॥૩૩॥ સર્વે મલી લાકડાં લાવ્યા સહી : બાળીનાખ્યો તેને તહી ॥૩૪॥ પછી મહંમદહનીફાએ આંણ વરતાવી : ડુડી ફેરવી વળી શહેરમાં વળી ॥૩૫॥ જે કોઈ માણસ હસે કુફીલોક : તેને મારી કરસે સોક ॥૩૬॥ સર્વે મારી મેદાંન કર્યા : કુફીલોક કોઈ દુશમનના રહ્યા ॥૩૭॥ હવે મહંમદહનીફાના બેટા જે : અબાસઅલીતો કહીએ તે ॥૩૮॥ તખતે બેસાડીને બારલાખ સોંપ્યા સહી : અને કહ્યું જે કુંફી લોકનો વીશ્વાસ ગણસો નહી ॥૩૯॥ ત્યારે અબાસઅલી બોલ્યા જે : અરે બાવા તમે સુખે સધારો તે ॥૪૦॥ ઓર મેરે ભાઈકુ ચીચાંણીકુ કબીલાકુ જઈ : બંદીખાંનેથી કાઢો સહી ॥૪૧॥ મહંમદહનીફા વીદાયગી થયા : અસવાર તેત્રીસલાખ રહ્યા ॥૪૨॥ બહાર જાકર ડેરા દીયા : અબાસ અલીને આકર હયા ॥૪૩॥ દુસરા લશ્કર તમે મંગાઈઓ સહી : પછી દમેસકકુ જાઓ તહી ॥૪૪॥ દમેસક લેણાહે ભાઈ સહી : અજીદ કાફર હે તહી ॥૪૫॥ ઈતના જુલમ કુફેને કીયા : ઈસકા પાદશાહા અજીદકીલાયા ॥૪૬॥ ત્યારે મહંમદહનીફાએ કહ્યું જે : બધાને હું એ[illegible] મારૂંતે ॥૪૭॥ ત્યારે અબાસઅલી બોલ્યા બાપથી : ઈતના કહ્યા કરોતો મેં રહુ

કુફેથી ॥૪૮॥ ત્યારે મહંમદે કહ્યુંજે કાસદ ભેજો ભાઈ : મદીને જાવે તે જાવે સહી ॥૪૯॥ મદીને જાકર એમ કહો : આપણા ભાઈકા લશ્કર હૈ સો ભેજીઓ ॥૫૦॥ પછી કાસદ ભેજા સહી : સો મદીને આયા તહી ॥૫૧॥ અલી અકબર બોલ્યાતે : કાંહાંકા નામદાર આયાએ ॥૫૨॥ અલીઅકબરે કાગળ વાંચ્યો એ : સાંભળીને તૈયાર થયા તે ॥૫૩॥ ઠાંમ ઠાંમ કાગળ લખ્યા સહી : તેનાં વખાણ સાંભળો અહી ॥૫૪॥ પહેલો કાગળ ખવારજંગે લખ્યો : કુફે લશ્કર આવીને ભખો ॥૫૫॥ હાલહાલ જલદીસે ભેજીઓ : એ બાવાકા કહા માંનીઓ ॥૫૬॥ બાવા કુંફે દેખતે હે બાટ : જેમ જાણો તેમ ચાલો તમે ઘાટ ॥૫૭॥ ફીરદુસરા કાગળ લીખીયા આપ : શહેર બદદાદ ઉપર સાચ ॥૫૮॥ જેમ જાણો તમે આઈયો : એ સર્વે કુફે આઈઓ ॥૫૯॥ એવા મધે ફોજ આવી ખરી : ખવાર જમીના પાદશાહા ધણી ॥૬૦॥ બાવીસલાખને અસવાર તરણસે : સતરહજાર ઉમરાવે ॥૬૧॥ તે કુફે ગયા જે : એવા મધે આવ્યાતે ॥૬૨॥ બુગદાદની ફોજ આવી સજી : ઓગણીસલાખ દસહજાર ઉમરાવ ભણી ॥૬૩॥ એ સર્વે મલીને ફોજ આવી મલી : એકતાલીસ લાખને સતરહજાર તરણસેં ઉમરાવ ભણી ॥૬૪॥ એ સર્વે મલીને મહંમદને સલામ કરી : લશ્કર જમે થયુંને શાહાખુસીમાં બહુ વળી ॥૬૫॥ તેતરીસ લાખને એકતાલીસ લાખએ : બધુ મળી ચુંવોતેર લાખને સત્તરહજાર તે ॥૬૬॥ હવે લશ્કર કુચ થાએ : મહંમદહનીફા હવે સાંમા પલાએ ॥૬૭॥ સાંમાં થાએતેને મારે સહી : ના થાય તેને રાખે તહી ॥૬૮॥ મહંમદહનીફા ચાલ્યા જાએ : મુલકે મુલક વાતો પલાએ ॥૬૯॥ એવા મધે દમેસકે જાણ્યું સહી : મહંમદહનીફા આવ્યા અહી ॥૭૦॥ ત્યારે અજીદ કલ્પાંત કરે : હનીફાનું સાંભળ્યું ત્યારે ઝુરી મરે ॥૭૧॥ હવે લશ્કર તૈયારી કરો : આજ વેળામાં સામા જઈને આંતરો ॥૭૨॥ એવા મધે શું થાએ : સરદાર સાંમો આવીને પલાએ ॥૭૩॥ અજીદ સાંમો બોલ્યો એ : સરજન રૂમી મારૂં નામતે ॥૭૪॥ અઠાવીસલાખને આઠહજાર જે : મારે તાલુકે છે એ ॥૭૫॥ રજા આપો

મારા સરદાર : મારૂં જાકર દો ભાગ ॥૭૬॥ ત્યારે અજીદ ખુસી થયો : હવે વીલમના કરસો તમો ॥૭૭॥ સરજન રૂમીને આપી વીદાયગીરી જે : લશ્કર કુચ થઈ તે ॥૭૮॥ ચાલતા ચાલતા આવે જદા : વાટેમલ્યું મહંમદહનીફાનું લસ્કર તદા ॥૭૯॥ એ સાંમા સાંમી થઈ તૈયારી : સરજન રૂમી મહા અહંકારી ॥૮૦॥ અહંકાર આગે હરિનાસે : નમણી રાખે તેને પાસે રાખે ॥૮૧॥ માટે મુનીવરો અહંકાર મેલો આજ : ત્યારે તમારી રહેસે લાજ ॥૮૨॥ સાંમા સાંમી લશ્કર ટોળે મલ્યું : મહંમદને સુરાપણ ચઢ્યું ॥૮૩॥ ત્યારે પોતે કહ્યું છે જેહ : એ ખવારજીનું લશ્કર ખાવું તેહ ॥૮૪॥ સરજન રૂમીનો અસવાર સાંમો આવ્યો ખરો : શાહાનો અસવાર સામો ગયો ॥૮૫॥ વઢતાં વઢતાં બહુ વઢ્યો : સરજન રૂમીનો અસવાર પડ્યો ॥૮૬॥ વળી બીજો આવ્યો અસવાર : તેતો સાંમો થયો તઈઆર ॥૮૭॥ ચોટો ઉપર ચોટો લેવે સહી : માર ખાઈને જાવે તહી ॥૮૮॥ એવા મધે મહંમદહનીફાનો અસવાર પડ્યો : જોયું ત્યારે ધરણીએ ઢળ્યો ॥૮૯॥ ત્યારે મહંમદે નજરે જોયુ જદા : ત્યારે સુરાપણ ચઢ્યું તદા ॥૯૦॥ મહંમદહનીફાએ કહ્યું જે : હલાંકરો મેરે ભાઈઓ તે ॥૯૧॥ ત્યારે લશ્કર ઉડી પડ્યું તે વાર : મહંમદહનીફાએ ઝાલી તલવાર ॥૯૨॥ મારે તલવારને દરૂદ ભણે : સાંમો આવેતેના બે ભાગ ગણે ॥૯૩॥ મારા માર ત્યાં થઈ રહી : લોહીની નદીયો વહી ગઈ ॥૯૪॥ ત્યારે મહંમદ મારે પુર : રણખેતર ઉડાડે ઝુરાઝુર ॥૯૫॥ એવા મધે મહંમદહનીફા રણ ખેતર ઉડાડે : જેમ ભુખ્યા વાઘને શિકાર જડ્યા ॥૯૬॥ સાંમા સાંમી સેળાં ભેલાં થયું : મારા મારત્યાં બહુ થઈ રહ્યું ॥૯૭॥ એવા મધે ખવારજીએ ઝટકો નાખ્યો ખરો : તે ઝટકો આપે કોઈના લહો ॥૯૮॥ જ્યારે આપે પોતે જોઉ સહી : મહંમદહનીફાનો હાથ પડ્યો દીઠો તહી ॥૯૯॥ ત્યારે ખુદાસુઅરજી કરી : અતી હાથમાં ક્યાં ખોળે વળી ॥૧૦૦॥ એમ કરતાં કરતાં મારે જે : હવે પોતાના હાથની અરજી કરી છે તે ॥૧૦૧॥ ત્યારે ખુદાના

હુકમે ફીરસ્તા આવ્યા સહી : હાથ લઈને ચોંટાડ્યો તહી ॥૧૦૨॥ મહંમદનો હાથ સાજો થયો : મનમાં મનસુબો એવોઘણો ॥૧૦૩॥ એવા મધેખવારજીએ ઝટકો નાખ્યો ખરો : તો ઝટકો મહંમદ બચાવીને નીકળ્યા પરા ॥૯૮॥ ત્યારે ખુદાને અરજ કરી તે વાર : મહંમદે અસમાંને જોયું તેણીવાર ॥૯૯॥ અરજી કરી ખુદ અલીનબીને તહી : મહંમદહનીફાની અરજી સાંભળી તહી ॥૧૦૦॥ દરૂદભણી મારતા જાય : ખુદા આગળ લાચારી કરી છે તાંહે ॥૧૦૧॥ ત્યારે ખુદાને હુકમે ફીરસ્તો આવ્યો તહી : મહંમદનો પંજો પકડીને કહ્યું તહી ॥૧૦૨॥ મહંમદનો હાથ સાહીને કર્યું ખુદનું ફરમાંન : કુછ ફીકર મત રખીઓ તમ આંણેઠાંમ ॥૧૦૩॥ તમને ખુદાનો હુકમ છે ખરો : દમેસક પર તમે હલો કરો ॥૧૦૪॥ સરજન રૂમી તેરાપાદસાહા સહી : ઉસકુ પકડકર મેં મારૂંગાઅહી ॥૧૦૫॥ અબ તેરીને તેરા પાદશાહેની ખરાબી હેં જાણ : પછી મેરે પાદશાહા કુ મૈ નીકાલુ જાણને પરમાંણ ॥૧૦૬॥ હવે તો ખુદાનો હુકમ એવો ખરો : દમેસક જઈને મારૂંતતખણો ॥૧૦૪॥ તેરા પાદશાહા હે સહી : ઉસકુ પકડી લેઉ તહી ॥૧૦૫॥ પછી સારે કી ખબરો લેઉ : પછી મેરે પાદશાહાકુ નીકાલું ॥૧૦૬॥ અરે સરજનરૂમી તું મુજી સહી : તેરા પાદશાહા કુતા દીવાના હુવા તહી ॥૧૦૭॥ એવા મધે સાંમાથયા : મહંમદહનીફા રણ ખેત ચઢ્યા ॥૧૦૮॥ મારે તલવાર દરૂદભણે : ખાંડાતળે આવે તેના બે ભાગ કરે ॥૧૦૯॥ અસમાંનના ફીરસ્તા બહુ કંપે : સારી ખલકતો રોવે અજંપે ॥૧૧૦॥ તરાહે તરાહે થાએ સર્વે : કઆમત આવી આ દહાડે ॥૧૧૧॥ ઈજરાઈલનો બેજાર ગરમ થયો : લોહીનો વરસાદ આવી રહ્યો ॥૧૧૨॥ હવે રણ ખેત ઉડે પુર : કાળીંગા સાંમી જુરાજુર ॥૧૧૩॥ બોલ્યા ***બુદરદીન*** અહંકાર મેલો ભાઈ : ત્યારે રહેસે અમારી સગાઈ ॥૧૧૪॥ બાપના બોલના કોલ પાળો : સાસ્તર વેદ કહે તે રીતે ચાલો ॥૧૧૫॥ કુલ પટોરાં ૫૭૧૫:

: શ્રી સતગોર સહદેવ વાચા : ગ્નાન ૭૬ મું :

(જીતી જુગતે સોળ સોગટી : હવડે કાચી થાસે રે : તે વાંસ છે :)

સાંમા સાંમી લશ્કર મલીઆં : મહંમદ રોસે ભરાંણા રે ॥૧॥ સરજન રૂમી આવ્યો પુરે : જાણે કોટી કાળ રે ॥૨॥ સરજન રોમી તરતનો તાજો : નથી જોઆ હાથ રે ॥૩॥ દોનું લશ્કરમેં દદાંમો બાજે : મહંમદ કરે તૈયારી રે ॥૪॥ એક કાફર અસવાર આયા : ખવારજી કેરા સોહી રે ॥૫॥ ત્યારે શાહાનો અસવાર બોલ્યો : હજરત તમારી રજા હોઅ રે ॥૬॥ ઉનકુ જવાબ જાકર દેઉ : ત્યારે મહંમદે રજા આપી રે ॥૭॥ તે અસવારનું નામ સુણો : અમીર બાકર સોહી રે ॥૮॥ અમીર બાકરને ઘોડો નાખ્યો : સાંમા સાંમી હોઅ રે : એક એક ઉપર ઝટકો નાખે : બંચાવી લેવે સોહી રે ॥૧૦॥ એમ કરતે અમીર બાકરને : તે અસવારકુ માર્યા રે ॥૧૧॥ પછી દુજા અસવાર આયા : બહોત લડ્યા ઓ ભાઈ રે ॥૧૨॥ અમીરબાકરને ઉસકુ માર્યા : એક એક પારના આવે રે ॥૧૩॥ વઢતાં વઢતાં મારે કેવા : પીસતાલીસ પુરા કીધા રે ॥૧૪॥ સરજન રૂમી એમ બોલ્યો : જાય તે પાછો ના આવે રે ॥૧૫॥ એમ કરતે દુજા અસવાર : બહોત લડા ઓ ભાઈ રે ॥૧૬॥ સાંમા સાંમી લડતાં લડતાં : અમીર થાક્યા સોહી રે ॥૧૭॥ ઝટકો નાખ્યોને ખબર ના રહી : અમીર સાહાદત પહોંચ્યા રે ॥૧૮॥ મહંમદ હનીફાએ નજરે જોયું : સુરાપણ ચઢયું તાંહે રે ॥૧૯॥ ભાઈ આપણા સારા લશ્કર : હલાં કરો મેરે ભાઈ રે ॥૨૦॥ એકે દલે સર્વે થયા : ઉડી પડ્યા તે વેળા રે ॥૨૧॥ મહંમદહનીફા પોતે ચડીઆ : દરૂદ ભણતા જાઅરે ॥૨૨॥ સર્વે ઉમરાવો ઉડીપડ્યા છે : મારા માર થાઅ રે ॥૨૩॥ મારા માર ત્યાં થઈ રહી છે : બે લશ્કરમાં રોળા રોળ રે ॥૨૪॥ કઆંમતનો દિન આવ્યો છે : મુસલમાંન કટાવે રે ॥૨૫॥ લાલ નીસાંનને લાલ જ હાથી : લાલ ઘોડો સોહી રે ॥૨૬॥ લાલ હથીઆર ને લાલ જ કપડાં : જંગલ લાલ ગુલાલ રે ॥૨૭॥ ત્રાહે ત્રાહે ત્યાં થઈ રહી છે : તોબા તોબા પોકારે છે ॥૨૮॥ સર્વે

ફીરસ્તા રોવા લાગ્યા : આ સો કહેર અપાર રે ॥૨૯॥ પરવરદીગાર એ ક્યા હોતા હે : એ મુસલમાન કટાવે રે ॥૩૦॥ ખુદા કેરા હુકમ આવ્યા : વ્યાજબી હેરે ભાઈ રે ॥૩૧॥ દીન દુનીયાંના સરદાર કહીએ : વળી કબીલો સોહી રે ॥૩૨॥ તેતો મુજીએ બંધ કર્યા છે : તેને કાઢવા ભાઈ રે ॥૩૩॥ મારા મારત્યાં થઈ રહી છે : ભલા ઘુમે તાંહી રે ॥૩૪॥ જાણે ડાંડીઆ રાસ રમે છે : એવા ઘુમે માંહી રે ॥૩૫॥ એવા મધે અજીદનું લશ્કર : વજીર સરજન રૂમી રે ॥૩૬॥ એતો સર્વે નાઠા નાઠા : ખવારજી સર્વે ભાગ્યા રે ॥૩૭॥ જેમ નાઠા તેમ ધાઆ પોતે : મહંમદ પાછળ જાએ રે ॥૩૮॥ તે વેળા ત્યાં શું થયું છે : સર્વે બોલ્યા લોક રે ॥૩૯॥ સરજન રૂમી લડવાડ મેલો : આજ નથી રહ્યા નો ઠાર રે ॥૪૦॥ મહંમદહનીફા મારતા જાય : તલવાર તરે બે ભાગ રે ॥૪૧॥ એમ કરતાં રાત પડી છે : મહંમદ બોલ્યા ભાઈ રે ॥૪૨॥ નીસાં થઈ હવે વઢવું નહી : કાલે લેવો એનો અંત રે ॥૪૩॥ સરજન રૂમી નાઠો નાઠો : અગીઆર ગાઉ જઈ ઉભો રે ॥૪૪॥ એવી દહેશતે ચાલ્યો જાય : ત્યાં જઈ મન વીચારે રે ॥૪૫॥ એમ કરતાં વહાંણું વાયું : સર્વેની ગણતી લીધી રે ॥૪૬॥ સરજન રૂમીએ ગણત્રી લીધી : કેટલા રહ્યા બાકી રે ॥૪૭॥ બાર લાખની ગણતી રહી છે : તે સાંભળી અજંપે થાએ રે ॥૪૮॥ એવો વીચાર કરતો તો ત્યાંતો : મહંમદ પાછળ ધાઅ રે ॥૪૯॥ લશ્કર સર્વે કુચ થયું છે : મહંમદ પોતે સોહી રે ॥૫૦॥ સરજન રૂમી વીચાર કરે છે : એવે મનસુબે ધાએ રે ॥૫૧॥ દમેસક કાસદ ભેજો : અને કરો સબકુ જાણ રે ॥૫૨॥ દુજા લશ્કર ભેજા ભાઈ : મદીના કુફા લીધા રે ॥૫૩॥ મહંમદહનીફા બાટુ મીલે હે : હમ ઉપર જુલમ કીતા રે ॥૫૪॥ કાગળ લખી કાસદ ભેજ્યા : ગયા દમેસક સોહી રે ॥૫૫॥ એવા મધે શું થયું છે : મહંમદહનીફા આવ્યા રે ॥૫૬॥ સરજન રૂમીએ જાણ્યું ભાઈ : મહંમદની ફોજ આવી રે ॥૫૭॥ સરજન રૂમી સજવા લાગ્યો : આવ્યા મહંમદ પોતે રે ॥૫૮॥ માંહે હલાહલ થઈ રહી છે : લશ્કરે જાણ્યું ભાઈ રે ॥૫૯॥ અદલ

અમારી આવી પહોંચી : દહેશતે નાઠા જાઅ રે ॥૬૦॥ દોડ્યા દોડ્યા જાએ કેવા : ખવારજી નાઠા સોહી રે ॥૬૧॥ જીવ લઈને ભાગે કેવા : પાછળથી મહંમદ ધાએ રે ॥૬૨॥ એવા નાઠા ખવારજી ભાઈ : દમેસક પહોંચ્યા રે ॥૬૩॥ સરજન રૂમી એ ગણતરી કરી છે : એક લાખ એંસીહજાર રે ॥૬૪॥ ત્યારે અજીદે કહ્યું ભાઈ : તમે નાઠા આવ્યા કેમ રે ॥૬૫॥ ત્યારે સરજન રૂમી બોલ્યો : ખુદા રાખે શરમ રે ॥૬૬॥ ત્યારે અજીદ એવું બોલ્યો : શું લશ્કર આવ્યું ભાઈ રે ॥૬૭॥ એમ કરતાં મહંમદહનીફાનું લશ્કર આવ્યું ધાઈ રે ॥૬૮॥ ત્યારે અજીદે જાણ્યું ભાઈ : થર થર કંપે સરીર રે ॥૬૯॥ દમેસક હવે છીની લેસે : અને મુજને બાંધી જાય રે ॥૭૦॥ લસ્કર આવીને ઉતરીયું : દમેસકથી ખટગાઉ રે ॥૭૧॥ તે વેળા અજીદે ભાઈ : કાગળ લખી ભેજ્યા રે ॥૭૨॥ મુલકે મુલકે કાગળ લખીઆ : સીતાબી આવો ભાઈ રે ॥૭૩॥ અજીદની પાસે લશ્કરજે હતું તે : તેનો કાઢ્યો સમાર રે ॥૭૪॥ બાવીસ લાખને તીસ હજાર : આપસકે પાસે સોહી રે ॥૭૫॥ મહંમદનું લસ્કર ત્યાં ઉતર્યું : અને ખવારજીને કહાવ્યું રે ॥૭૬॥ તેરે સજના હોઅતો સજીઓ ભાઈ : કુછ અરમાન ના રખીઓ રે ॥૭૭॥ એમ કરતાં દિન થયા છે : અજીદનો વાળવો દાટ રે ॥૭૮॥ ઠાંમો ઠાંમથી લશકર આવ્યું : અજીદની પુસ્તી થાય રે ॥૭૯॥ દમેસકમે આવી ઉતર્યા : જમે હુઆ ત્યાંય રે ॥૮૦॥ તબ અજીદને ક્યા કહાહે : લશ્કરની ગણત્રી લોને ભાઈ રે ॥૮૧॥ બેંતાલીસ લાખ અસવાર કહીએ : પાંતરીસ હજાર અસવાર રે ॥૮૨॥ એ સર્વે મલીને ગણત્રી કરી છે : બોતેર લાખને પાંસઠ હજાર રે ॥૮૩॥ હવે સાંમા સાંમી દદાંમે બાજે : નફેરીના નાદ રે ॥૮૪॥ ગુરજ કટારી ભાલા બરછી : તલવારનાં હથીયાર રે ॥૮૫॥ બખતર પહેરી સજ થયા છે : લશ્કરમાં હલ હલકાર રે ॥૮૬॥ એક અસવાર અજીદકા આયા : દુજા સાહાકા સોહી રે ॥૮૭॥ સાંમા સાંમી ચોટો લાગી : દાવ પર દાવ ખેલે રે ॥૮૮॥ એવા મધે ખવારજી કેરો અસવારને ઢાળ્યો રે ॥૮૯॥ એવા મધે દુજા આયા : ઉસકુ વાં પહોંચાયા રે

॥૯૦॥ બીજો માર્યો તીજો માર્યો : ગણત્રીનો નહી પાર રે ॥૯૧॥ શાહાના તો અસવારે કહીએ : આદમી બાસઠ માર્યા રે ॥૯૨॥ એક અસવાર જાલમ આયા : એતો તાજા સોહી રે ॥૯૩॥ શાહાકા અસવાર મારીયા રે : ફીર દુજા આયા સોહી રે ॥૯૪॥ સાંમા સાંમી વઢતાં વઢતાં : શાહાના માર્યા સાત રે ॥૯૫॥ મહંમદહનીફાએ સાંમુ જોયું : પોતાને આવ્યો રોષ રે ॥૯૬॥ એમકર તે મહંમદહનીફા : લશ્કર સારા સોહી રે ॥૯૭॥ મહંમદને સુરાપણ ચઢીયું : દરૂદ ભણતા જાઅ રે ॥૯૮॥ મારા મારત્યાં થઈ રહી છે : કાંને શબ્દના આવે રે ॥૯૯॥ ઈજરાઈલનો બેજાર સર્વે : ગરમ થયો છે અપાર રે ॥૧૦૦॥ ડાબા જમણી મારતા મારતા : ચાલ્યા શેર પોતે રે ॥૧૦૧॥ લોહી કેરી નદીયો ચાલી : કઆંમત આવી ઉભી રે ॥૧૦૨॥ એમ કરતાં રાત પડી છે : મસાલ થઈ છે બે મોર રે ॥૧૦૩॥ વઢતાં વઢતાં તરણ દિન વીત્યા : શેર અકબરની થઈ છે ચઢાઈ રે ॥૧૦૪॥ તે દહાડે લીંદ ચઢી છે : સવા ગજ ત્યાંહી રે ॥૧૦૫॥ તે દંન લોહી પુરૂ ચાલ્યું : જ્યારે મહંમદે કહ્યું હતું રે ॥૧૦૬॥ મહંમદહનીફાએ ત્યારે કહ્યું તું : એને મારૂં ઠાર રે ॥૧૦૭॥ લોહી કેરી નદીયો ચાલે : મારા ઘોડાની ઘુંટી ભરાઅ રે ॥૧૦૮॥ તે દહાડાના કોલ કર્યા છે : તે તો આવ્યા દન રે ॥૧૦૯॥ જ્યારે અલીએ હાથ ઝાલ્યો તો : તે દહાડે કોલ કર્યા છે રે ॥૧૧૦॥ તેતો મેં નજરે દીઠું : હવે ના કરૂં વીલંબ રે ॥૧૧૧॥ મારા માર ત્યાં થઈ રહી છે : જંગલ લાલ ગુલાલ રે ॥૧૧૨॥ હાથી લાલ ને ઘોડા લાલ : લાલ બરછી ભાલા રે ॥૧૧૩॥ લાલ નીસાંનને લાલ વસતર : લાલે લાલ પુર ચાલે રે ॥૧૧૪॥ લોહી કેરી નદીયો ચાલી : ત્યાં ખુદાનું આવ્યું ફરમાંન રે ॥૧૧૫॥ મેઘને તો રજા આપી : વરસો મુસળ ધાર રે ॥૧૧૬॥ ગરજનાતો પુરી લાગી : વૃષ્ટી ત્યાંતો પુર રે ॥૧૧૭॥ મહંમદહનીફાનો ઘોડો તરે છે : કાંનની બુટીએ આવ્યું લોહી રે ॥૧૧૮॥ કોલ કર્યાતે દહાડા આવ્યા : મહંમદે જાણ્યું સોહી રે ॥૧૧૯॥ કોલ પોતાના પુરા થયા છે : હવે અજીદની લેઉ સંભાળ રે ॥૧૨૦॥

મારા માર ત્યાં થઈ રહી છે : લશ્કર ખાંપ્યું રે ॥૧૨૧॥ ત્યાંતો તલવાર કેવી મારે : જુમા જુમી ભારે રે ॥૧૨૨॥ કહેર કરાંમત પુરી આવી : ફીરસ્તા રૂએ તાંહે રે ॥૧૨૩॥ તરાહે તરાહે બહુ થઈ છે : અજીદ કાયર થાય રે ॥૧૨૪॥ એવા મધે શું થઉ છે : જે દરબાર માંહે કુવો રે ॥૧૨૫॥ ઈમાંમહુસેનનો કબીલો સર્વે : તે બંધ કરો છે તાંહે રે ॥૧૨૬॥ તે કુવામાં આઠમે દિને : એક રોટીને એક કુજો રે ॥૧૨૭॥ એવી તરેહથી દુખ દીધાં છે : આલ મુરતને ભાઈ રે ॥૧૨૮॥ સુખ સાહ્યતાએ તમે બેઠા છો : દુઃખ નહી લગાર રે ॥૧૨૯॥ આદે અંતે ઈમાંમના ઘરમાં : દોહલ ફકીરી વાત રે ॥૧૩૦॥ આજ અવલમાં તમે ફરો છો : આગળ ભાઈઓનાં હતાં દુઃખ રે ॥૧૩૧॥ તે કુવા ઉપર ઢાંકણું કહીએ : પથ્થર કેરૂ સોહી રે ॥૧૩૨॥ જે કોઈ માણસ જનાવર પંખી : સંચરે નહી લગાર રે ॥૧૩૩॥ એવા મધે જેનઅલાબદીનને : સમણું લાધ્યુંતે વાર રે ॥૧૩૪॥ નબીમહંમદ આવ્યા તહી : મુરતુજાઅલી દાદા રે ॥૧૩૫॥ બીબીફાતમાં દાદી કહીએ : ઈમાંમહુસેન બાપ રે ॥૧૩૬॥ ઈમાંમ હસનતો ચીચા બાવા : એ પાંચે આવી ખુસી કરે રે ॥૧૩૭॥ હવે દુખ તમારૂં પુરૂ થયું છે હવેતો આવ્યો આરો રે ॥૧૩૮॥ તુમેરા ચીચા મહંમદહનીફા : તેતો આવ્યા સોહી રે ॥૧૩૯॥ એવું તેતો સુપનામાં કીધું : ત્યારે જેનઅલાબદીન જાગ્યા રે ॥૧૪૦॥ ત્યારે તે જાગીને રોવા લાગ્યા : ત્યારે નાંની એ પુછ્યું રે ॥૧૪૧॥ અરે પુત કેમ કરી રૂઓ : એ બાત કહોને હમકુ રે ॥૧૪૨॥ ત્યારે સપના કેરી વાત કરી છે : ત્યારે સર્વે જાણ્યું રે ॥૧૪૩॥ એવા મધે લશ્કર ત્યાંતો : મારતાં શહેરમાં આવ્યું રે ॥૧૪૪॥ મહંમદહનીફા ભલા ઘુમે : લશ્કર પોતે ખાંપે રે ॥૧૪૫॥ કાપતાં ભલા એ છુટે : પાંનખર જેવો માસ રે ॥૧૪૬॥ ઉપરા ઉપરી લોથ પડી છે : કડબીના જેવા ઢગ રે ॥૧૪૭॥ એવી તરેહથી લશ્કર કાપ્યું : હવે અજીદ નાસે મોહોલે રે ॥૧૪૮॥ અજીદનોતે વજીર કહીએ : સરજન રૂમી જેહ રે ॥૧૪૯॥ સર્વે સરદાર નાસી ગયા છે : મોહોલમાં આવી પેઠા રે ॥૧૫૦॥

મોહોલ મધે પેઠા છે કેવા : સરજન રૂમી જોર રે ॥૧૫૧॥ એવા મમત કરે છે કેવો : પણ અજીદ થર થર ધરૂજે રે ॥૧૫૨॥ એવા મધે મહંમદહનીફા : પેઠા અસવાર લઈને રે ॥૧૫૩॥ તેતો મારતા ચાલ્યા જાએ : એવો રોલ વરતાઅ રે ॥૧૫૪॥ મહેલ કેરા દરબાર કહીએ : લાલે લાલ થાઅ રે ॥૧૫૫॥ માલ ખજાના લુંટી લીધા : સર્વે હથીઆરે ધાઅ રે ॥૧૫૬॥ એવા મધે વજીરને ઝાલ્યો : સરજન રૂમીને બાધ્યો રે ॥૧૫૭॥ સર્વે અસવાર મહંમદ કેરા : તેતો બોલે વાણી રે ॥૧૫૮॥ અરે ઈસકુ માર્યા ચહીએ : ત્યારે મહંમદ બોલ્યા રે ॥૧૫૯॥ એને હવે ટાંગી મારો : પછી બાળો સોહી રે ॥૧૬૦॥ દરવાજા નીચે ટાંગ્યો છે : જે આવે તે ભાલો મારે રે ॥૧૬૧॥ એમ કરીને જીવ કાઢ્યો છે : પછી બાળી નાખ્યો રે ॥૧૬૨॥ હવે અજીદની વાત સુણીએ : દસ હજાર અસવાર સાથે રે ॥૧૬૩॥ તેતો હવે હથીયાર મુકે : અરે પરવરદીગાર તુહી રે ॥૧૬૪॥ અરે હમારા ગુના બકસો : મહંમદહનીફાને કહે છે રે ॥૧૬૫॥ અમારા ખાવંદ મહેલકી કોટડી : જાકર છપીઆ સોહી રે ॥૧૬૬॥ મહંમદહનીફા ત્યારે બોલ્યા : તેરા ગુના બકસ્યા મેને રે ॥૧૬૭॥ બંધ કર્યા તેને સીખાં દીધી : એવી મુસીબત વીતી રે ॥૧૬૮॥ તેનીતો એક એક બાજુ : કાપી છે તે તાંહે રે ॥૧૬૯॥ બાજુ કાપીને કહાડી મેલ્યા : પણ જીવતા કાઢ્યા સોહી રે ॥૧૭૦॥ એટલી સીખાં તેને દીધી : સાંમા થાતાતો જીવ જાતા રે ॥૧૭૧॥ એમ કરતાં કોટડી આગળ : મહંમદ ગયા સોહી રે ॥૧૭૨॥ અજીદતો બંધ કરી બેઠો : મહંમદે હડસેલો મેલ્યો રે ॥૧૭૩॥ એમ કરતાં દરવાજો ભાંગ્યો : પોતે અંદર જાય રે ॥૧૭૪॥ ત્યારે અજીદ સામો આવ્યો : મનમાં ધારી વાત રે ॥૧૭૫॥ હવે એને કતલ કરૂ રે : મનમાં ધારૂ છે એમ રે ॥૧૭૬॥ ગોર ***બુદરદીને*** ભારથ લખાવ્યું : આજ ગુનેગાર સર્વે માંનો રે ॥૧૭૭॥ બોલ્યારે ***બુદરદીન*** બાવા : આજ ગનાંન સર્વે માનો રે ॥૧૭૮॥ ગુના તમારા ગોરગતમાં કહે જો : દેવે હાલ ગુજારી કહેજો રે ॥૧૭૯॥ તેના સરવે ગુના બકસી કરી ને : ચોખ્ખા કરૂ નીરધાર રે ॥૧૮૦॥ કુલ પટોરાં ૫૮૯૫:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૭૭ મું :

(દસમા અવતારની વાંણ છે :)

અજીદને મારવા જાએ : ત્યાં અલી હાથ આવી શાહાઅ ॥૧॥ અરે પુત આખર વખત હે બાકી : તબ નહી રહેજો સાંખી ॥૨॥ જબ બારમી પુરી હોય સહી : તુમેરા તેરમીમાં રૂપ જોવે સહી ॥૩॥ એમ કરતાં અજીદ જાતો રહ્યો : કોટડી ચીણકરમાં છુપી ગયો ॥૪॥ મહંમદહનીફાની દહેશતથી જે : ચીન કરમાં ઉતરી ગયો તે ॥૫॥ ત્યારે શાહે ખોળ કરી સહી : ચીણ કરની કોટડી માંથી જડીઓ નહી ॥૬॥ ત્યારે પોતે જાણ્યું એ : એતો ઉતરી પડ્યો માંહી તે ॥૭॥ ત્યારે સારા લોકોને કહ્યું સહી : આ પથરા નાખોને મહી ॥૮॥ પછી લોક મલ્યા સહી : પથરે ખાડો ભર્યો તહી ॥૯॥ જે કુદ્રષ્ટી પરનારી ઉપર કરે : તેતો જીવતા નરક દુનીયામાં પડે ॥૧૦॥ હવે કબીલાની ખોળ કરે : તેતો મન સરવે લાવે ॥૧૧॥ અરે મહંમદ તમે કબીલાકુ ઢુંઢો સહી : તબ એક ખવારજી આયા તહી ॥૧૨॥ ઉને આકર પાઉ પડ્યા : અરે ખુદજી મેરા ગુના માફ કરો ॥૧૩॥ તબ મહંમદ હનીફા બોલ્યા જબ : તેરા ગુના બકસ્યા સબ ॥૧૪॥ અરે ખવારજી તીજે કહેતાહું એ : મેરા કબીલા કહાં હે તે ॥૧૫॥ ત્યારે ખવારજી બોલ્યો એ : અરે તમકુ દીખલાઉ જે ॥૧૬॥ ત્યારે મહંમદહનીફા જઈને રહ્યા : ખોળ કરવાને ગયા ॥૧૭॥ તે કુવામધે પથ્થરનું ઢાંકણું છે જે : તેતો પરૂકર્યુ છે તે ॥૧૮॥ ત્યારે મહંમદનો અસવાર એક : તેને કહ્યું છે નેક ॥૧૯॥ તુમ અંદર જાકર કહીઓ અમારી સલામ : તમેરા હનીફા આયા હે સોજાણ ॥૨૦॥ ત્યારે જાકર કહા સહી : તબ સબ ખુસીઆં કરને લાગે તહી ॥૨૧॥ અરે મહંમદહનીફા બહાર ખડેહે સો સહી : અબ તુમ ચલોને તહી ॥૨૨॥ તબ સબકે વાસતે ઉપરથી એક ખાટ બાંધી સહી : વે કુવેમેં ઉતારી તહી ॥૨૩॥ ઓર સારે કબીલો એમ કરતે

 મીકાલે બહાર : પછી મહંમદહનીફા રૂએ જાર જાર ॥૨૪॥ બોલ્યા **બુદરદીન** એ સહી : એમ ધરમી પાછળ ફરીસુ ભાઈ ॥૨૫॥ જો સુધા રહેસો તો વહારે ધાઉ : આડા ચાલોતો દો જગ દીલાઉ ॥૨૭॥ કુલ પટોરાં :૫૯૨૧:

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૭૮ મું :

(વીલાપની વાંણ છે :)

સર્વે કબીલા બહાર આવીઆ રે : રોણુ રોવે રે જાર જાર ॥૧॥ બાળક રૂએ બહુ જોરમાં રે : વળી ઓરતો મહમદનીતે ॥૨॥ જેનઅલાબદીન વળગીયા રે : મહંમદહનીફાને ત્યાંય ॥૩॥ ગળે વળગી રોઆ કરે રે : મહંમદ રૂદન કરે રે અપાર ॥૪॥ ઘણા દહાડાના દુખડાં રે : યાદ આવે રે અપાર ॥૫॥ રોતા રોતા બેહોસ થયા રે : પણ મહંમદ જાણે સર્વે વાત ॥૬॥ અરે મેરે પુત તમે અતીમ હુએ રે : એ કાફરને કીયા એતો કામ ॥૭॥ જો આગુસે મીજે કહાવતા રે : તબમે ખબર લેતા સહી ॥૮॥ અરે મેરે પુત તમે ક્યા કરો રે : તમ સર લીખાથા સો સહી ॥૯॥ એમ કહી છાંના રહ્યા રે : કબીલા સર્વેરે સમેત ॥૧૦॥ ખવારજી સર્વે મારીઆ રે : કુફીનો વાળ્યોરે એ દાટ ॥૧૧॥ મહોબતી હતાતે આવીઆ રે : તેણે કીધી સર્વે જાણ ॥૧૨॥ કાલા વાલા તેતો બહુ કરે રે : અરે મેરે મહંમદ હનીફા સોહી ॥૧૩॥ ભલા હુઆ અજીદકુ મારીઆ રે : એતો હક કી હે બાત ॥૧૪॥ હમભી ઈસ મુજીસે ડરતે સહી રે : ભલા હુઆ આએરે મેરે બાપ ॥૧૫॥ કબીલા સર્વે છુટીઆ રે : સર્વે ઈમાંમના હતા જે ॥૧૬॥ સર્વે મલી એમ બોલીઆ રે : તેણે કરો છેરે ઠરાવ ॥૧૭॥ જેનઅલાબદીન સાહેબ સહી રે : મહંમદશાહા સુણોને ખુદકાર ॥૧૮॥ તમે ઈનકુ તખતે બેસાડજો રે : તો હમ સોવે રે નચીંત ॥૧૯॥ ત્યારે મહંમદહનીફા બોલીઆરે : તમને કહું એક વાત ॥૨૦॥ ઢંઢેરો ફેરવો શહેરમાં રે : મહંમદે કીધી સર્વે જાણ ॥૨૧॥ જે કોઈ અજીદનો દોસ્ત હોએ રે : ઉસકુ રખે સો કોઈ

અહી ॥૨૩॥ ઉસકા ઘરબાર લુંટુ સહી રે : ઉસકુ જલા દેઉ તહી ॥૨૪॥ આણ વરતાવી ભતરીજા તણી રે : શાહાજાદા હુસેનના એ તન ॥૨૪॥ **ભલે જોરે ભલે તોરે તખતે બેસાડીઆ રે : જેનઅલાબદીનને સહી** ॥૨૫॥ દોસ્ત હતાતે ખુસી થયા રે : સરવેના બંધ થયારે ખુલાસ ॥૨૭॥ સુખ સાહ્યતા સઉને થઈ રે : શહેરમાં વરત્યોરે આનંદ ॥૨૮॥ દાંડી ફેરવી દુનીઆ વીસે રે : પરસુ જુમેં હેંગી સહી ॥૨૯॥ સર્વે આઈઓ મહેજત માંહે રે : કોઈના રહેવે રે ઘરમાંહે ॥૩૦॥ જુમાનો દિન આવીઓ રે : સર્વે આવ્યારે લોક ॥૩૧॥ જેનઅલાબદીનનો કુતબો પઢાવીઓ રે : સર્વે થયારે એક મન ॥૩૨॥ સુખ સાહ્યતા સર્વે થયા રે : ત્યાર પછી એ શું થાય ॥૩૩॥ એવા મધે મહંમદહનીફા વિચાર કરે રે : હવે આપણ કરીએ એક વાત ॥૩૪॥ મનથી એમ જાણીયું રે : હવે આવી પહોંચ્યા દિન ॥૩૫॥ મહંમદહનીફા એમ ઉઠીઆ રે : ચાલ્યા ચાલ્યા જાય છે વન ॥૩૬॥ એવા મધે એક પહાડ આવીઓ રે : ત્યાં શું કારણ એતો થાએ ॥૩૭॥ પહાડનું કોતર અતી ઘણું રે : સળંગ ઉંડીરે અપાર ॥૩૮॥ મહંમદહનીફાનું લશકર સહી રે : તેતો પાછળ એતો ધાએ ॥૩૯॥ મહંમદ હનીફા પહાડમાં પેસી ગયા રે : તે પહાડ બંધ થયો તેણી વાર ॥૪૦॥ ત્યારે લશ્કરે વીચારીયું રે : આપણ શું દેઈસુરે જવાબ ॥૪૧॥ જેનઅલાબદીન ખીજસે રે : ત્યારે આવે આપણનો કાળ ॥૪૨॥ ત્યારે લશકરે શું કર્યું રે : વેલદાર વળગાડ્યા તેણીવાર ॥૪૩॥ પહાડ ખોદવા માંડીઓ રે : ત્યાંતો શું રે એતો થાય ॥૪૪॥ આપે વીચાર્યું હવે શું કરૂં રે : ત્યારે ત્યાં રૂપ પરકાસ્યું સહી ॥૪૫॥ મહંમદે શેરનું રૂપ લીધું સહી રે : વાઘ થઈધાયા તેણીવાર ॥૪૬॥ લશકર સર્વે પાછુ વળ્યું રે : સર્વે થયારે અજબ ॥૪૭॥ મહંમદહનીફા પહાડ મધે સમાઈ ગયા રે : હઆતી મહંમદ મેંદી સહી ॥૪૮॥ આખર જમાનાના મેંદી સહી રે : મહંમદહનીફા તે સહી ॥૪૯॥ સર્વે લશ્તર પાછું ફર્યું રે : આવ્યું જેનઅલાબદીન પાસ ॥૫૦॥ સર્વે હકીકત કહી વળ્યા રે : શાહાને ખબર થઈ જાણ

॥૫૧॥ નસીઅત સર્વે કરી ગયા રે : મહંમદહનીફાએ સહી ॥૫૨॥ ત્યારે પોતે વાધીઆ રે : ત્યારે ધીરજ કરી સહી ॥૫૩॥ જેનઅલાબદીન સમજીઆ રે : મુજને હતી સર્વે જાણ ॥૫૪॥ સંક્ષેપમાં કહી વળ્યા રે : લખતાં કહેતાં ભારથ ભારે થાએ ॥૫૫॥ કરમ કથા એ અમ તણી રે : કહેતા ના આવે એનો તાગ ॥૫૬॥ કહે ***બુદરદીન*** સાંભળો રે : આગળ પડતાં આવ્યા ભાગ્ય ॥૫૭॥ ભાગ્યે મળ્યા વીઠલા રે : તમને કહે છે રે નીસતાર ॥૫૮॥ ભારત સંપૂરણ થઈ રહ્યું રે : કહેતા ના આવે રે એ પાર ॥૫૯॥ આ પુરાણ સાંભળવાનો લાભ અતી ઘણો રે : તેના ગુના કહીએ જે ॥૬૦॥ માત પીતા પેઢીઓ રે : ગુના બકસાસે એ સબ ॥૬૧॥ નર નારી જે સાંભળે રે : દસ દિન સુધી એતો અહી ॥૬૨॥ સાંભળીને દીલગીર થસે રે : તેને પુછણું નહી કાંઈ ॥૬૩॥ બોલ્યા ***બુદરદીન*** કહી વળ્યા રે : ભારથ કથારે અપાર ॥૬૪॥ કુલ પટોરાં ૫૯૮૪:

: ફાતીઆની દવા :

બરકત બીસમીલા હીર રહેમાન નરહીમ : હે જબરાઈલ : નજરેરૂ : કસીરલફતું : નેજને : આજે દવાદે : ઈમાંમ ચારદે માસુમ : પાંચેતન પાક : અલખસુરવાએલ : વ જબરાઈલ પાક ઈમાંમ હુસેનકા ફાતહે કલમો : જેમના નામનો ફાતીઓ પડવો હોય તેમનું નામ લેવું : દવા પાંચવાર ભણવી :

<u>: વિદાયગીરીનું જ્ઞાન પ્રથમ :</u>

: શ્રી સતગોર સહદેવ વાચા :

વીરા સર્વે એતો વાધીયારે : તેના સુણોરે વીચાર :(આંચલી): *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧॥ વીરા દાદા આદમતો વાધીયા રે : દાદી હવાં કહીએ એ : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૨॥ વીરા બીજો માફો વાધીયો રે : તેના સુણોને વીચાર : *વીરા વજરહૈયા*

તમ તણાં રે ॥૩॥ તેમાં નોહનબીએ વાધીયા રે : આલે સલાંમાએ જે : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૪॥ હવે ત્રીજો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૫॥ હવે મુસાકરીમ આપે વાધીયા રે : બીબી સફુરાં વાધ્યાં જે : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૬॥ વળી ચોથો માફો હવે વાધીયો રે : મધ્યે બીબીમરીયમ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૭॥ હવે મીત્ર રોહીલા વાધીયા રે : બીબી પારસાંએ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૯॥ તેમાં ઈભરાંમખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણા* રે ॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૧॥ વીરા તરણસેને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૫॥ ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણા* રે ॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયા તમ તણાં* રે ॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે : કર[illegible] ક્લફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં* રે ॥૨૨॥ વીરા તીરથ

સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને ફરમાંન : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૭॥ વીરા પીર **બુદ્દરદીન** બોલીઆ રે : હવે સર્વે આવ્યો અંત : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૮॥

: વીદાયગીરીનું જ્ઞાન બીજુ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

(ઉઠબંદા ક્યા નીંદે સુતા તે વાંણ છે :)

ઈમાંમના એ માફા વાધ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાધ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યા સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વે બેઠા : તેને અંતે પડસે શોક ॥૨॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાની માંહે : આ જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહોને અમને ॥૩॥ ત્યારે ઈમાંમની એ મીજલસ માંહે : ખુદાનું ફરમાંન આવ્યું : જબરાઈલને લઈ મોકલીઆ : સર્વે ઉપર કહાવ્યું ॥૪॥ આ દસુરાંના દસ દનમાં : જે કોઈ દીલગીર થાસે : નયણા માંથી આંસુ પાડસે : હીસાબ વેળા બકસ્યા જાસે ॥૫॥ વળી બીજાં ફરમાંન આવ્યાં : ખુદજીનાં તે લાવ્યા : જબરાઈલ તો કહેવા લાગ્યા : તે ઈમાંમને મન ભાવ્યા ॥૬॥ દુનીયાં વીસે લોક થયા છે : હીંદુને મુસલમાન : તેના ઘરમાં ક્રોધ વ્યાપે : વળી દુખ મોટુ અસમાંન ॥૭॥ તે દુખે વળી આંસુ પાડે : નરને વળી નારી : અસુરાનાં દસ દનમાં : તે બકસો સુધાંમ ॥૮॥ વળી ઈમામની એ માહાતમ માંહે : શોક ધરીને ચાલે : દસ દન સુધી

ક્રીયા પાળે : સર્વે દેવતા તેને નીહાળે ॥૯॥ દસ દનનો છલ્લો કરીએ : અસુરાનો કરસે : સર્વે જનસથી મન મારીને ચાલે : તે ટોળી ઈમાંમનીમાં ભળસે ॥૧૦॥ બોલ્યારે **બાકરશાહ** બળીઆ : જે કોઈના થાસો ગળીઆ : કહેર ક્યામત આવી પહોંચી : વેળાને આવ્યાં પરીઆં ॥૧૧॥

* * *

દશમો દિવસ

: શ્રી દરૂદ :

અલ્લાહોમે શ્રીઅલ્લા સૈયદના વલીઅલ્લા સૈયદના મહંમદદીન મુબારક નુરઅલી (દુવા પાંચ વખત ભણી ગાદીપર બેસવું : તથા દરેકે ભણી બેસવું :)

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - પહેલું

: શ્રી સતગોર સહદેવ વાચા :

પરથમ પહેલા સુણીએ મહારા : પુરવની એ વાત રે : સુરતા રાખીને સુણજો મારા મુનીવરોજી ॥૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : હસન મોટા ભાઈ રે : ફાતમા તોમાજી તેતો તેહુનાંજી ॥૨॥ નબીસાહેબતોનાંના કહીએ : સાહા અલીબાવા સોહી રે : પાંચેતન નો પરવેસ તે સહીજી ॥૩॥ તેમના તો એ વીચક સુણીએ : તેના કહું વીચાર રે : તેની સાંભળો તમે વારતાજી ॥૪॥ આદે તોનીપાવ્યા જ્યારે : નુરે નુર પઠાઆંરે : નુરમાંથી નુરએતો પરગટ્યાંજી ॥૫॥ જે દન નહોતા સ્વર્ગ પાતાળ : જે દન નહોતા તારારે : જે દન નહોતારે ચંદ્ર સુરજ સહીજી ॥૬॥ જે દન નહોતા પવન પાણી : જે દન નહોતો સંસાર રે : જે દન નોહોતારે પીર પેગાંબર ઓલીઆજી ॥૭॥ ત્યાર પહેલાં એ પાંચેતન કહીએ : સર્વે એનો આકાર રે : નુરથી નુર એતો પરવર્યાં જી ॥૮॥ સર્વે એથી રચના કીધી : પવન પાણી જહરે જમીન આસમાન સરજ્યાં એ થકી જી ॥૯॥ નવસો નવાણું નદીયો કીધીં : સાત સમુદ્ર જેહરે : સર્વે આવેરે એતો તીરથ જી ॥૧૦॥ મુલાએકના તો માફા આવે : કટમ પરીવાર રે : અસુરામાં આવી એતો સાંભળેજી ॥૧૧॥ માટે એતો તમને કહું છું : સર્વે દેવતા આવે રે : અત્તર કસબોઈફુલ લઈ આવે સહીજી ॥૧૨॥ ઈમામની એ માતમ માંહે : સર્વે મુલાએક આવે રે : દરૂદ પઢીને સર્વે

બેસતાજી ॥૧૩॥ પાંચેતનના વીચક સુણીએ : જ્ઞાને સર્વે ભેદરે : અરથ ગ્રંથના એતો સાંભળોજી ॥૧૪॥ હુસેન એતો વીશ્નું કહીએ : હસન શીવ અવતાર રે : નબીના નવાસા એતો જાણજો જી ॥૧૫॥ નબી સાહેબ તો બ્રહ્મા કહીએ : મહા વીષ્ણુ અલી પોતે રે : ફાતમાં તો શક્તી એતો જાણજો જી ॥૧૬॥ તેમના પુત્ર જાણો ભાઈ : તે સીર કહેર રચાઆ રે : આલમનો ભાર લઈ અવતર્યા જી ॥૧૭॥ હુસેનઅલી આલવંશી : તેમણે લીધા કસરે : ઉમતનાં દુઃખ સર્વે ઉઠાવીઆજી ॥૧૮॥ ભુખ્યા તરસ્યા કેવા રાખ્યા : તોયના આવી મહેરરે : એવી જમાત તેતો કાફર સહીજી ॥૧૯॥ એમ કરતાં સાતદિન વીત્યા : અન્ન પાણી નહી રે : જુલમ માડ્યો રે બહુ કાફરેજી ॥૨૦॥ એમ કરતાં દેહા મેલી : ઈમામ હુસેને પોતે રે : દુખડાં પડ્યાં રે ઉમત કારણે જી ॥૨૧॥ ઈમાંમ હુસેનની ગોસ્ટી સુણીએ : એક ચિત્તે નર નાર રે : તેના ગુના બકસુરે ઉઠ કરોડનાજી ॥૨૨॥ વળી બીજી તમે સાંભળો : સાંભળી દીલગીર થઈએ રે : ત્રણસેંને સાઈઠ દિન તેમાં સહીજી ॥૨૩॥ જેણે ગુનાકર્યા હસે : તેને બકસુ સહી રે : ઈમાંમ હુસેનની ગોસ્ટી સાંભળે જી ॥૨૪॥ અસુરામાં આંસુ પાડે : તેતો બકસ્યો જાય રે : ચિત્ત ધરીને સર્વે સાંભળોજી ॥૨૫॥ ગત ગંગાએ સર્વે સાંભળો : એ સર્વેને ફરમાન રે : લાલચ કાઢીને દસ દિન આવજોજી ॥૨૬॥ બોલ્યા રે ***બુદરદીન*** બાવા : ઈમાંમ હુસેનનાં મંડાણ રે : પરથમ બોલો ઈમાંમની વારતા જી ॥૨૭॥

ઈમાંમની ગોસ્ટીનું મંગળા ચરણ : જ્ઞાન - બીજું

: શ્રી સતગોર સહદેવ વાચા :

(: કહે બુદરદીન સત્ય વાતો : તે વાંણ છે :)

પરથમ ઈમાંમની ગોસ્ટી સુણીએ : સાંભળોને દલ ધરી : સભા ભરીને બેસતાને : બેસોને તમે મન ગળી ॥૧॥ પીર પેગાંબર ઓલીઆ ને : તેતો આવે છે અરસથી :

ઈમાંમની એ મહાતમ માંહે : તેતો સુણે સુરતથી ॥૨॥ સર્વે તીરથ આવી પોહોચે : કરણ કલફ જુગ ચારના : અડસઠ તીરથ આવી બેસે : ઈમાંમની મહાતમ માંહાં ॥૩॥ તરેહ તરેહની કસબોઈ સારી : અત્તર ફુલ તે લાવતા : તબાકોની છાબો ભરીને : તે તો સર્વે જામતા ॥૪॥ દુમે દુમે માફ઼ા સર્વે : વખત વેળાએ આવતા : દેવ સભાની સભા ભરીને : વીચક સર્વે સાંભળતા ॥૫॥ આજના મુનિ સર્વે આવો : અસુરાના દિનમાં : આળપંપાળને કાઢી કરીને : તમે ભળો દેવ જનમાં ॥૬॥ નર નારી આવી સાંચરો : સભામાં આવી દાખસો : આંસુ પાડે ગોષ્ટિ સુણીને : તેના સાતે પરીયાં જાય બકસ્યાં ॥૭॥ આગેવાન થઈને તેને બકસાવે : સર્વે ઉપર હુકમ કરે : અસુરાંના આંસુ માટે : તેને બકસુ એ તરેહ ॥૮॥ બોલ્યા ***બાકરશાહ*** છેલ્લી વેળા :ચિત્ત ઠેકાણે રાખીએ : ઈમાંમના હવે સૈન્ય જાગે : લોભ લલુતા મહેલીએ ॥૯॥

* * *

દશમા દિવસની કથા શરૂ

: શ્રી સતગોર સહદેવ વાચા : જ્ઞાન ૭૯ મું :

(ધોળની વાંણ છે :)

જેનઅલાબદીન તખતે બેઠા : રાજ રૂડાં અપાર રે : દમેસકમાં રાજ કરે હરખે ભરીરે ॥૧॥ દમેસકના કાફર ઝાઝા : દીન કર્યો કબુલ રે : હરખ આવેરે ત્યાંતો અતી ઘણારે ॥૨॥ ગાંમો ગામના ધરમી આવે : દેશ વીદેશના ભાઈ રે : ઉલાસી આવેરે ત્યાંતો મોહોભરી રે ॥૩॥ મોહભરી વધાઈઓ આપે : સાંમા સાંમી મલે રે : સલાંમતી લાવે રે જેનઅલાબદીનની રે ॥૪॥ સાંમા સાંમી ભેટા ભેટી : અને બોસા બોસી લેવે રે : હરખનાં નીર નયણે ચાલીઆં રે ॥૫॥ આપણા સાહાને દુખડાં પડીઆં : કાફરે કીધી ઘાત રે : સારૂ થયું કબીલા છુટીઆ રે ॥૬॥ શાહા આપણા તખતે બેઠા : વેગે ચાલો જોવા રે : હરખે ચાલીને સરદો કીજીએ રે ॥૭॥ શાહાની પાસે સર્વે મલીઆ : હરખ વાધ્યો અપાર રે : તરેહ તરેહની ભેટો લાવીઆ રે ॥૮॥ ગતગંગા સર્વે બેઠી : શાહા થયા રળીઆત રે : ધન્ય ધન્યરે ધરમી માહેરા રે ॥૯॥ ધોળગાય વાજીંત્ર વાગે : નફેરીના નાદરે : છતરીસ વાજાંરે વાજે અતી ઘણાં રે ॥૧૦॥ નોબતને નગારાં વાગે : કરણાટકનો નહી પાર રે : ભુગળ વાજે નફેરી બહુ ધમેરે ॥૧૧॥ જાણે નવસા પરણવા ચઢીઆ : જાન મળી જુગ ચાર રે : જાનડીઓ ગાય રે ત્યાંતો અતી ઘણી રે ॥૧૨॥ કાંનેતો સંભળાતું નથી : સોર પડ્યો ઘમઘોર રે : ઘેર ઘેર ઓછ્વ સર્વે ગાય સહી રે ॥૧૩॥ રાતાને રંગીલા પોતે : નાંના બાળ કુંવાર રે : દુખડાં પડ્યાંરે ઉમત કારણે રે ॥૧૪॥ તે દિનને તે ઘડી છે : ચાલી આવ્યું ઘેર રે : કોને કહીએ રે દુખની વારતા રે ॥૧૫॥ જે દહાડાની ડબકી મારી : લીલા કીધી જેહ રે : કોને કહીએરે તેતો ઓપમા રે ॥૧૬॥ ડબકી મારી કેવા જાગ્યા : અલીકુળ મહેરબાન રે : સવાલાખ મારીને મુસલમાન

કર્યા રે ॥૧૭॥ કલેમો કહીને દીનમાં લાવ્યા : દીન કર્યો કબુલ રે : બાકી રહ્યારે તેતો પુરા કરૂં રે ॥૧૮॥ હવે છેલ્લા છેલ્લી વાતો : આવી પહોંચી જેહ રે : ઢુંકા તગાજા હવે જાણજો રે ॥૧૯॥ વાડ ભાગીને ખેતર ભેળ્યાં : શેળાંભેળાં થાય રે : પગરણ માંડ્યાંરે હવે જાણજો રે ॥૨૦॥ ધોળ બોલ્યા ધમ ધમ કારે : વધાવોને સર્વે રે : બંધીખાનેથી મુકાવ્યાના ધરમ થસે રે ॥૨૧॥ ભણે બાવાજી જેનઅલાબદીન : **બુદરદીન** સવાઈ રે : એક ધણીએ જામા અનંત ધર્યા રે ॥૨૨॥ :સંપૂર્ણ:

: ફાતીઆની દવા :

બરકત બીસમીલા હીર રહેમાન નરહીમ : હે જબરાઈલ : નજરેરૂ : કસીરલફતું : નેજને : આજે દવાદે : ઈમાંમ ચારદે માસુમ : પાંચેતન પાક : અલખસુરવાએલ : વ જબરાઈલ પાક ઈમાંમ હુસેનકા ફાતદે કલમો : જેમના નામનો ફાતીઓ પડવો હોય તેમનું નામ લેવું : દવા પાંચવાર ભણવી :

: વિદાયગીરીનું જ્ઞાન પ્રથમ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

વીરા સર્વે એતો વાધીયારે : તેના સુણોરે વીચાર :(આંચલી): *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૧॥ વીરા દાદા આદમતો વાધીયા રે : દાદી હવાં કહીએ એ : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૨॥ વીરા બીજો માફો વાધીયો રે : તેના સુણોને વીચાર : *વીરા વજરહૈયા તમ તણાં રે*॥૩॥ તેમાં નોહનબીએ વાધીયા રે : આલે સલાંમાએ જે : *વીરા વજરહૈયા તમ તણાં રે* ॥૪॥ હવે ત્રીજો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ કહીએ જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે*॥૫॥ હવે મુસાકરીમ આપે વાધીયા રે : બીબી સફુરાં વાધ્યાં જે : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૬॥ વળી ચોથો માફો હવે વાધીયો રે : મધ્યે

બીબીમરીયમ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૭॥ હવે મીત્ર રોહીલા વાધીયા રે : બીબી પારસાંએ સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૮॥ વળી પાંચમો માફો વાધીયો રે : તેમાં કોણ કોણ અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૯॥ તેમાં ઈભરાંમખલીઉલ્લા વાધીયા રે : બીબી સારાં એતો સહી : *વીરા વજરહૈયાં તમ તણા રે* ॥૧૦॥ વીરા એક એક કહેતાં પાર આવે નહી રે : એક લાખ એંસીરે હજાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૧॥ વીરા તરણસેંને તેર મુરસદ સહી રે : પેગાંબર સાથે વાધ્યા એ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૨॥ હવે બીજા મુલાએક વાધીયા રે : ચકડોળ હીરા મોતી જડીત : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૩॥ તેમાં બીબીખતીજાં વાધીયા રે : દીન દુનીયાંનાં સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૪॥ નબી સાહેબ મહંમદ વાધીયારે : વળી આપેતે ખુદકાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૫॥ ત્યાર પછી વળી વાધીયારે : અમીરલ મોમની તે સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૬॥ પોતાના યારતે વાધીયા રે : તેતો વાધ્યા સર્વે જન : *વીરા વજરહૈયાં તમ તણા રે* ॥૧૭॥ ત્યાર પછી માફો વાધીયો રે : બીબી ફાતમાં કહીએ જે : *વીરા વજરહૈયા તમ તણાં રે* ॥૧૮॥ પણ દીન દુનીયાનાં તે સહીરે : સાથે અમીરલમોમની સહી : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૧૯॥ ત્યાર પછી પોતે વાધીયા રે : કસબોઈ જડીત્ર અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૦॥ ઈમાંમહુસેન હસન વાધીયા રે : તેતો વાધ્યા પોતાને ઠાંમ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૧॥ વીરા સર્વે મુલાએક વાધીયા રે : કરણ કલફ જુગ ચારના સરદાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૨॥ વીરા તીરથ સર્વે વાધીયાં રે : પાયે લાગીને નિર્વાણ : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૩॥ વીરા ગત લોક તમે સાંભળો રે : અનંતના આવે છે રે અપાર : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૪॥ વીરા લાલચ કાઢી આવજો રે : નરનારી એ તો સહી : *વીરા વજરહૈયાં તમ તણાં* ॥૨૫॥ વીરા તેના લાભ તો અતી ઘણા રે : તમને આપું રે નરવાણ : *વીરા*

વજરહૈયાં તમ તણાં રે ॥૨૬॥ વીરા પાયે લાગીને સર્વે વાધજો રે : એ છે ગત સર્વે ને ફરમાંન : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૭॥ વીરા પીર ***બુદ્દરદીન*** બોલીઆ રે : હવે સર્વે આવ્યો અંત : *વીરા વજરહૈયાં તમ તણાં રે* ॥૨૮॥

: વીદાયગીરીનું જ્ઞાન બીજુ :

: શ્રી સતગોર સહદેવ વાચા :

(ઉઠબંદા ક્યા નીંદે સુતા તે વાંણ છે :)

ઈમાંમના એ માફા વાધ્યા : સર્વે કુરસી સાથે : તીરથ જાતરા સર્વે વાધ્યાં : તે ઈમાંમની સંગાથે ॥૧॥ ગુંજો કરતા ચાલ્યા સર્વે : કળીજુગના એ લોક : હદ તોડીને સર્વે બેઠા : તેને અંતે પડસે શોક ॥૨॥ માંહે માંહે વાતો કહેવા લાગ્યા : દેવ સભાની માંહે : આ જમલી જમાત કેમ પાર પડસે : તેના અરથ કહોને અમને ॥૩॥ ત્યારે ઈમાંમની એ મીજલસ માંહે : ખુદાનું ફરમાંન આવ્યું : જબરાઈલને લઈ મોકલીઆ : સર્વે ઉપર કહાવ્યું ॥૪॥ આ દસુરાંના દસ દનમાં : જે કોઈ દીલગીર થાસે : નયણા માંથી આંસુ પાડસે : હીસાબ વેળા બકસ્યા જાસે ॥૫॥ વળી બીજાં ફરમાંન આવ્યાં : ખુદજીનાં તે લાવ્યા : જબરાઈલ તો કહેવા લાગ્યા : તે ઈમાંમને મન ભાવ્યા ॥૬॥ દુનીયાં વીસે લોક થયા છે : હીંદુને મુસલમાન : તેના ઘરમાં ક્રોધ વ્યાપે : વળી દુખ મોટુ અસમાંન ॥૭॥ તે દુખે વળી આંસુ પાડે : નરને વળી નારી : અસુરાનાં દસ દનમાં : તે બકસો સુધાંમ ॥૮॥ વળી ઈમામની એ માહાતમ માંહે : શોક ધરીને ચાલે : દસ દન સુધી ક્રીયા પાળે : સર્વે દેવતા તેને નીહાળે ॥૯॥ દસ દનનો છલ્લો કરીએ : અસુરાનો કરસે : સર્વે જનસથી મન મારીને ચાલે : તે ટોળી ઈમાંમનીમાં ભળસે ॥૧૦॥ બોલ્યારે ***બાકરશાહ*** બળીઆ : જે કોઈના થાસો ગળીઆ : કહેર ક્યામત આવી પહોંચી : વેળાને આવ્યાં પરીઆં ॥૧૧॥

કથાની દસમે દિવસે વીદાગીનું જ્ઞાન : છેલ્લે દિવસે જ વાંચવાનું છે :

: શ્રી સતગોર સહદેવ વાચા :

આદ ઉનાદે પરખી લેજો મુનીવર મારા ભાઈરે : પીર પેગાંબર સર્વે સરજ્યા : અંતે તેતો જાવા : (આંચલી) : *મહોરમ હુએ વીદાય* ॥૧॥ પીર પેગાંબર સર્વે આવ્યા : કસણી સીરપર લાવ્યા રે : ખુદકેરા ડર આંણીને : પુરી વિમાસણમાં પેઠા : *મહોરમ હુએ વીદાય* ॥૨॥ ચંદ્ર વીદાયગી સુરજ વીદાયગી : તારા મંડળ સર્વે રે : પવન પાણી સર્વે વીદાયગી : અગન સર્વે વીદાય : *મહોરમ હુએ વીદાય* ॥૩॥ પશુ પંખી વનસ્પતી : સૌએ જન્મારા ધરીયા રે : મોહ ધરીને કરણી કીધી : મોટી વાટ લીધી : *મહોરમ હુએ વીદાય* ॥૪॥ જે જેનાં નામ ધરાવ્યાં : નામ નવેસી કહાવ્યાં રે : ભુમી ઉપર ઉતર્યા રે : અંતે તેતો સહુ જાવા : *મહોરમ હુએ વીદાય* ॥૫॥ આળ પંપાળને જુઠ ચોરી : એમ કરી દમડા જોડ્યા રે : નીશ્ચે તેતો મેલી જાવું : અમરના ભારે વરઘોડા : *મહોરમ હુએ વીદાય* ॥૬॥ આવ્યા જાવ્યા નામ ધરાવ્યાં : જણસ કપડાં જાવા રે : મહોલ મંદીર સર્વે જાવા : અંતે આવ્યા તેતો જાવા : *મહોરમ હુએ વીદાય* ॥૭॥ અવસ્થા આવી સરવને રે : કોઈ નહી રાખણ હારા રે : લખીઆ લેખ કોઈ નહી ટળસે : સરજ્યા તેતો જાવા : *મહોરમ હુએ વીદાય* ॥૮॥ જે જેના નામ ધરાવ્યાં : તેતો સર્વે પલટાય રે : આવ્યાં તેને આદર દીધાં : પછી કર્યા વીદાય : *મહોરમ હુએ વીદાય* ॥૯॥ નેકી બદી તેતો સર્વે જાવા : ફકીરી સરપર લીધી રે : અંતે તો વીદાય કરવા : જુઠા ફેરા દીધા : *મહોરમ હુએ વીદાય* ॥૧૦॥ જુઠ સાચા મરમ જાણ્યા : આલના પરમાણી રે : આદે જુઠા અંતે જુઠા : પડીઆ મોટે ફેરે : *મહોરમ હુએ વીદાય* ॥૧૧॥ આવતાંને જાતામાં : જેણે ઓળખી કાઢ્યા રે : લખ ચોરાસી ફેરો ટાળો : જેને જેવા સંચા : *મહોરમ હુએ વીદાય* ॥૧૨॥ નરનારી સર્વે સરજ્યાં :

જોબનમાં મત વાળા રે : રંગ કરે કેવી ધુમે : અંતે થાય દુરગંધ : *મહોરમ હુએ વીદાય*॥૧૩॥ જવાંની આવી કાંઈએના જાણી : આગળની એધાંણી રે : કોલ કર્યાતે જુઠા કીધા : ફોગટ ફેરા લીધા : *મહોરમ હુએ વીદાય* ॥૧૪॥ તમે તમારૂ ના ચુકાવ્યું : સિરપર દેણાં રાખ્યાં રે : દેણાં દીધાંને સીસ આપ્યાં : નહીતો તમપર આવતી ધીસ : *મહોરમ હુએ વીદાય*॥૧૫॥ ધીસ આવી સઉકોઈ જાણે : ત્રીભોવનમાં જાણે રે : આલ અવળી ઉલટી કીધી : એવી સીરપર લીધી : *મહોરમ હુએ વીદાય* ॥૧૬॥ સીર આપ્યાને મુખના મોડ્યાં : નબીએ માગી લીધાં રે : કહેર કઆંમત સીરપર લીધી : તમપર મહેર કીધી : *મહોરમ હુએ વીદાય* ॥૧૭॥ બાલ બચડાં કબીલા સર્વે : તરસાવીને માર્યાં રે : કબુલ કીધું ત્યારે એવી વીતી : આવી ખુદની ચીઠ્ઠી : *મહોરમ હુએ વીદાય*॥૧૮॥ કરનારા તો કરી ગયા રે : કહેર સરપર લીધો રે : બાલપણામાં હેત કીધાં : પછી બદનપર લીધાં : *મહોરમ હુએ વીદાય*॥૧૯॥ સાચો કોલ અમે માંન્યો : માનવી કોણ જાતો રે : કસણી ખટી કોઈએ ના જાણી : પછી ફેલ કહાડ્યા : *મહોરમ હુએ વીદાય*॥૨૦॥ બોલ્યા **બુદરદીન** વીનવે રે : આવ્યા તેતો જાવારે : આલ મુરતે દેહા મેલી : ત્યારે મોત તમને વળગી : *મહોરમ હુએ વીદાય*॥૨૧॥ :સંપૂર્ણ :

* * *

ક્ષમાયાચના

આ કર્મ લેખમાં પરમાત્માના સ્મરણ
સાથે જો કોઈ શબ્દ વાક્ય અથવા જોડણી વીગેરે
સુધારા થયા હોય અને બીજી કોઈ ભૂલચૂક રહી
ગઈ હોય તો એક અદનાસેવક તરીકે હું આપ
સૌ વાંચકોની ક્ષમા ચાહું છું - ઉદાર દિલથી
માફ કરશો તેવી આશા સાથે આપનો......

અંબાલાલ લાભશંકર પંડયા
જનરલ મેનેજર
ધી આઠીયા ટ્રસ્ટ પીરાણા.

• સૌજન્ય •

ધી આઠીયા ટ્રસ્ટ સમસ્ત પંચ કમીટીના સહકાર સાથે

સ્વર્ગસ્થ મગનભાઈ પરભુભાઈ ભગવાનજી

તથા

સ્વર્ગસ્થ મણીબેન મગનભાઈ ના પરીવાર

કાછીયાવાડી-નવસારી

તરફથી

અમુલ્ય ભેટ

|| ૐ ||

|| શ્રી નિષ્કલંકી ||

|| નારાયણાય ||

|| નમઃ ||